# ગુરુકહાન-દૃષ્ટિમહાન
# (ભાગ-૯)



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

-: પ્રકાશક :-

**નિરૂબેન વિનુભાઈ ભક્ત**

મુ.પો. વાવ, તાલુકો : કામરેજ સુરત

ગુરુકહાન-દૃષ્ટિમહાન ભાગ-૯

सर्वज्ञ वीतरागाय नमः।

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

## (ભાગ–૯)

**આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**


-: સંકલનકાર :-

**જિતુભાઈ નાગરદાસ મોદી**

(નિવૃત્ત સંપાદક : આત્મધર્મ)

**પ્રશમ જિતુભાઈ મોદી**

(સંપાદક : આત્મ-જાગ્રતિ)



-: પ્રકાશક :-

**નિરૂબેન વિનુભાઈ ભક્ત**

ભક્ત ફળિયું, મુ.પો. વાવ, તાલુકો : કામરેજ, સુરત

ફોન : ૦૨૬૨૧-૨૫૨૦૦૪

પ્રથમ આવૃત્તિ

વિ.સં. ૨૦૭૦ વીર સં. ૨૫૪૧ ઈ.સ. ૨૦૧૫

–: **પ્રકાશન તિથિ** :–

પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૬મી મંગલ જન્મજયંતી

તા. ૨૦–૪–૨૦૧૫

## : પ્રાપ્તિસ્થાન :

✻ **હીનાબેન વી. ભક્ત**
G-૧૧૪, આશીર્વાદ પેલેસ
ભટાર રોડ
**સુરત (ગુજરાત)**
ટે. નં. : ૦૨૮૧–૨૨૩૮૭૧૦

✻ **બિપિનભાઈ જે. મોદી**
૩૫/૩૬, ડી.કે. નગર
કતારગામ
**સુરત ૩૯૫૦૦૪**
મો. નં. : ૦૯૪૨૭૧૪૧૦૧૮

✻ **Hiteshbhai Chowatiya**
D/16/205, Yogi Tulsi
Yogi Nagar, Borivali (West)
**Mumbai-400092**
**Ph : (022) 28631155**
**cell : 093228 90089**

✻ **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ–૪૭૦૦૫૬**
ટે.નં. ૦૨૨–૨૬૧૩૦૮૨૦ / ૬૧૦૪૯૧૨

✻ **ચિંતન જિતુભાઈ મોદી**
'ક્રમબદ્ધ નિવાસ'
૪૫, કહાન નગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
મો. નં. : ૦૯૯૨૫૮૬૨૫૬૮
૦૯૮૨૨૮૩૩૧૪૩

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**

ટાઈપ સેટીંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ




# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈનજગતમાં
પ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો
છે; જેઓની શીતળ છત્રછાયામાં ૫૭ વર્ષ સુધી
સોનગઢમાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય
અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ
કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ચૂંટેલાં ૨૫ પ્રવચનનાં
સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'
ભાગ–૯ અર્પણ કરતાં અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

–સંકલનકાર


પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હ્રદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કહાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા.

નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય—'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'—ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે— 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર

શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે–'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫

વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર

ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે....."

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી

એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા ૭ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે

'.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં CD યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા

હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યાં સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી

પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે

તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન–સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી–નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર–ઉદ્દિષ્ટ ભોજન–પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ–વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય— ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. “સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે”—એ “ક્રમબદ્ધપર્યાય”ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ “ક્રમબદ્ધપર્યાય” શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

“તું પરમાત્મા છો—એમ નક્કી કર ! તું પરમાત્મા છો—એમ નક્કી કર !”—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઇતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જે કોઈ થયા હોય તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતાં હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઇત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી

જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના આત્મહિતનું સાધન પ્રદાન કર્યું છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો તેમજ અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં શ્રી જયસુખભાઈ ભાયાણી, શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા, સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશી-પરિવાર, શ્રીમતી પ્રવીણાબેન શશીકાંતભાઈ ખારા–પરિવાર તથા શ્રીમતી ઉષાબેન રમેશચંદ્ર શાહ-પરિવારે પ્રકાશન માટે પ્રમોદ બતાવતા અત્યાર સુધીમાં ભાગ-૧ થી ભાગ-૮ સુધી પ્રકાશિત કરવામાં આવ્યા છે જેનો વ્યકિતગત ઉપરાંત કેટલાક મુમુક્ષુમંડળોમાં સભામાં નિયમિત લાભ લેવામાં આવે છે.

નિરૂબેન વિનુભાઈ ભક્ત-પરિવાર દ્વારા અભ્યાસી મુમુક્ષુઓના દ્રવ્યદૃષ્ટિપ્રધાન પુરુષાર્થની અભિવૃદ્ધિની અનુમોદનાનો લાભ લેવાની ભાવના થતાં 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૯' સીડી સહિત પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીનું દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્યજીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઉછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ—

—સંકલનકાર

❀

# અનુક્રમણિકા

## ગુરુ કહાન : દૃષ્ટિ મહાન (ભાગ–૯)



| ક્રમ | શાસ્ત્ર | ગાથા/શ્લોક | તારીખ | (DVD) પ્રવચન નં. | પેઈજ નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સમયસાર | ગાથા-૬ | ૨૭-૦૯-૬૮ | SS-16/૧૯ | 1 |
| ૨. | શ્રી સમયસાર | ગાથા-૬ | ૨૯-૦૯-૬૮ | SS-6/૨૦ | 14 |
| ૩. | શ્રી પરમાત્મપ્રકાશ | શ્લોક-૧૬૪ | ૧૩-૦૨-૭૭ | PP-76/૨૧૫ | 27 |
| ૪. | શ્રી નિયમસાર | શ્લોક-૧૨૦ | ૨૫-૧૧-૭૯ | NS-SP 79/૯૧ | 39 |
| ૫. | શ્રી કળશટીકા | શ્લોક-૨૫૦ | ૦૯-૧૨-૬૫ | SKT-65/૨૪૪ | 49 |
| ૬. | શ્રી કળશટીકા | શ્લોક-૨૫૧ | ૧૦-૧૨-૬૫ | SKT-65/૨૪૫ | 63 |
| ૭. | શ્રી કળશટીકા | શ્લોક-૨૫૬ | ૧૯-૧૨-૬૫ | SKT-65/૨૫૪ | 78 |
| ૮. | શ્રી સમયસાર | સર્વજ્ઞશક્તિ | ૦૨-૦૯-૬૨ | SS-13/૩૫૪ | 93 |
| ૯. | શ્રી સમાધિતંત્ર | શ્લોક-૩૧-૩૨ | ૧૯-૦૧-૭૫ | SMT/૪૦ | 108 |
| ૧૦. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૫૬ | ૧૬-૦૭-૭૬ | PP-76/૩૬ | 119 |
| ૧૧. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૭૦ | ૩૧-૦૭-૭૬ | PP-76/૪૯ | 133 |
| ૧૨. | શ્રી સમાધિતંત્ર | શ્લોક-૨૦ | ૦૮-૦૧-૭૫ | SMT/૨૯ | 144 |
| ૧૩. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૫૧ | ૧૩-૧૧-૭૬ | PP-76/૧૩૨ | 155 |
| ૧૪. | શ્રી કળશ ટીકા | કળશ-૧ | ૩૧-૦૮-૬૭ | SKT-2/૨ | 169 |
| ૧૫. | શ્રી નાટક સમયસાર | સ્યાદ્વાદ બોલ-૧૯ | ૨૨ ૭-૯-૭૧ | NTS/૧૫૫ | 183 |
| ૧૬. | શ્રી સમયસાર | ગાથા-૧ | ૦૨-૦૮-૬૬ | SS-15/૫ | 196 |
| ૧૭. | શ્રી સમયસાર | ગાથા-૮૭ | ૧૩-૦૬-૬૯ | SS-6/૧૬૪ | 211 |
| ૧૮. | શ્રી સમાધિતંત્ર | શ્લોક-૬૫ | ૦૩-૦૭-૭૫ | SMT/૭૯ | 227 |
| ૧૯. | શ્રી સમયસાર | શ્લોક-૭૧-૭૬ | ૦૫-૧૦-૭૬ | SS-18/૧૯૨ | 238 |
| ૨૦. | શ્રી નિયમસાર | ગાથા-૧૬૭ | ૩૧-૦૭-૮૦ | NS-SP 79/૧૯૮ | 250 |
| ૨૧. | શ્રી સમયસાર | શ્લોક-૨૪૮-૨૫૦ | ૨૩-૦૯-૮૦ | SS-19/૪૭૧ | 260 |
| ૨૨. | શ્રી યોગસાર | શ્લોક-૩૨-૩૪ | ૨૦-૬-૬૬ | YS/૧૩ | 273 |
| ૨૩. | શ્રી સમયસાર | ગાથા-૭૫ | ૧૩-૧૦-૬૧ | SS-13/૧૦૩ | 288 |
| ૨૪. | શ્રી સમયસાર | ગાથા-૩૦૮-૩૧૧ | ૦૩-૦૨-૮૦ | SS-19/૩૮૩ | 302 |
| ૨૫. | શ્રી વચનામૃત | બોલ-૨૩૬-૨૩૭ | ૧૨-૦૯-૭૮ | BV/૯૨ | 312 |

પ્રવચન શરૂ કરતાં પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કરવામાં આવતું

# માંગલિક

॥ णमो लोए सव्व अरिहंताणम् ॥

॥ णमो लोए सव्व सिद्धाणम् ॥

॥ णमो लोए सव्व आयरियाणम् ॥

॥ णमो लोए सव्व उवज्झायाणम् ॥

॥ णमो लोए सव्व त्रिकाळवर्ती साहूणम् ॥

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावायभावाय सर्वभावान्तरच्छिदे॥

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्॥

त्रिकाळ दिव्यध्वनि दातार....

# ગુરુ કહાન-દૃષ્ટિ મહાન

(ભાગ-૯)

**શ્રી સમયસાર, ગાથા-૬,**
**પ્રવચન નં. ૧૯, તા.૨૭-૯-૧૯૬૮**
**[૧]**

છઠ્ઠી ગાથા. જીવનું વાસ્તવિક જ્ઞાયકભાવપણું શું છે એ અહીં સિદ્ધ કરે છે. આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી, એમ કહ્યું ને ! એમાંથી ન્યાય કાઢ્યો 'અમૃતચંદ્રાચાર્યે' કે પ્રમત્ત-અપ્રમત્ત નથી, પ્રમાદ અને અપ્રમાદ એવો ગુણસ્થાન ભેદ નથી, તો કેમ નથી ? કે જે જ્ઞાયકભાવ ત્રિકાળ જ્ઞાયક દ્રવ્યસ્વરૂપ વસ્તુ છે એ શુભ અને અશભુ પરિણામ–વિકલ્પપણે પરિણમ્યો જ નથી. વસ્તુ પોતે દ્રવ્ય જે છે, ધ્રુવ છે, જ્ઞાયકભાવ જે છે **'जाणगो दु जो भावो'** જ્ઞાયક જે ભાવ છે એ પ્રમત્ત-અપ્રમત્ત નથી. કેમ ?–કે શુભ-અશુભપણે પરિણમતો નથી માટે. સમજાણું કાંઈ ? વસ્તુ જે ધ્રુવ જ્ઞાયકભાવ એકરૂપ. એક કીધો ને એક. છે ને ? **'જ્ઞાયક એક 'ભાવ'.'** એમ શબ્દ છે. પાઠમાં એટલું **'जाणगो दु जो भावो'** એમાંથી કાઢ્યું. જ્ઞાયક એક ભાવ. એમ. તે શુભ-અશુભ વિકલ્પો, પરિણામ જે નવા પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર, એ રૂપે દ્રવ્ય થતું નથી. સમજાય છે કાંઈ ?

વસ્તુ જ્ઞાયક એક ભાવ સ્વભાવ, જે દૃષ્ટિનો વિષય (છે). સમજાય છે કાંઈ ? એ પોતે દ્રવ્ય સ્વભાવ. કીધું ને, દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોઈએ તો તે દ્રવ્યસ્વભાવ–જ્ઞાયકભાવ એટલે એક શબ્દ લીધો. એકરૂપ જ્ઞાયકભાવ એ શુભ-અશુભભાવ જે અનેક, શુભ-અશુભભાવ જે અનેક, એવો એકરૂપ જ્ઞાયકભાવ એ શુભ-અશુભ અનેક ભાવરૂપે પરિણમતો નથી. સમજાય છે કાંઈ ? આ ગાથા મુદ્દાની રકમથી ચાલે છે હવે અહીંથી.

**'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** મુનિદશામાં છે એથી મુનિને અપ્રમત્ત ને પ્રમત્ત આમ બે ભાવ પર્યાયમાં થયા કરે છે, કહે છે કે પણ એ જ્ઞાયકભાવ એકરૂપ છે તે આ રૂપે થયો જ નથી. સમજાણું કાંઈ ? એવો જે એક જ્ઞાયક એટલે જ્ઞાનસ્વરૂપ. જ્ઞાનસ્વરૂપ એકલું જ્ઞાનસ્વરૂપ. શુભ-

અશુભ... પછી અર્થમાં તો 'જયચંદ્ર પંડિતે' ત્યાં સુધી લીધું કે એ તો જડ થયો નથી. એટલે કે શુભ-અશુભભાવ એ તો ખરેખર અચેતન છે. જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ, જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ, એ આ વિકલ્પો જે અચેતન છે, એ ચૈતન્યસ્વરૂપ અચેતનપણે થયો જ નથી. જડ થયો જ નથી, થયો નથી એટલે એનામાં પ્રમત્ત-અપ્રમત્તના ભેદો છે નહિ. સમજાણું કાંઈ ?

**'શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે...'** જોયું ! **'તેમના સ્વભાવે પરિણમતો નથી...'** જ્ઞાયકભાવ એ શુભ-અશુભપણે કેમ પરિણમે ? વસ્તુ છે વસ્તુ, ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ (છે). તો જ્ઞાયકભાવનો અર્થ જ્ઞાનસ્વરૂપ. એ ત્રિકાળ જ્ઞાનમૂર્તિ વસ્તુ છે એ જ્ઞાનસ્વરૂપ, એ અજ્ઞાન એટલે જ્ઞાનથી વિરૂદ્ધ એવા શુભ-અશુભ પરિણામ, જ્ઞાનસ્વરૂપથી વિરૂદ્ધ જે અચેતન અથવા જ્ઞાનસ્વરૂપથી વિરુદ્ધ એ અજ્ઞાન એ અજ્ઞાન છે. પુણ્ય-પાપના વિકલ્પો એ અજ્ઞાન, અજ્ઞાન એટલે એમાં જ્ઞાન નથી. સમજાણું કાંઈ ? એ જ્ઞાયક સ્વરૂપ આત્મા પ્રમત્ત-અપ્રમત્તના ભેદવાળો નથી. કેમકે શુભ-અશુભવાળા વિકલ્પરૂપે પરિણમતો નથી માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. કહો, સમજાય છે કાંઈ ?

વસ્તુ-વસ્તુ સ્તંભ, વજ્રનો સ્તંભ, ધ્રુવ સ્તંભ અને તે પણ જ્ઞાનસ્વરૂપ સ્તંભ, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ, એમ. ન્યાં તેથી લીધું ઓલું પરમપારિણામિકભાવ એકલો લે તો એ પારિણામિક .. એ તો બીજા જડમાં પણ હોય છે. સમજાય છે ? આ જ્ઞાયકસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ. જ્ઞાનસ્વરૂપ તે એકરૂપ ભાવ, એમ. જ્ઞાનસ્વરૂપ એકરૂપ ભાવ, એ અનેક એવા પુણ્ય-પાપના વિકલ્પો જ્ઞાનસ્વરૂપથી વિરૂદ્ધ ભાવ એવા અચેતન અથવા જ્ઞાનની જાતથી વિરૂદ્ધ એવા.. સમજાય છે કાંઈ ? અજ્ઞાનભાવ. એ જ્ઞાનરૂપ સ્વરૂપ એ અજ્ઞાનભાવપણે પરિણમતો નથી. સમજાણું કાંઈ ? 'ઈશ્વરચંદજી' ! લ્યો, આ .... છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વ્યવહારનો વિષય છે ને ઇ ? વ્યવહાર અભૂતાર્થ છે. ભૂતાર્થ તો આ જ વસ્તુ છે. સમજાણું કાંઈ ? લ્યો !

એક હતું ને ? જ્ઞાયક એક ભાવ. અહીં લીધું કે **'સમસ્ત અનેકરૂપ...'** એમ. **'અનેકરૂપ શુભ-અશુભભાવો તેમના સ્વભાવે...'** તેના સ્વરૂપે, તેની સ્થિતિએ ભગવાન જ્ઞાયકભાવ થતો નથી. ચૈતન્યબિંબ જ્ઞાનસ્વરૂપી સત્ત્વ-તત્ત્વ આખું, એ વિકલ્પની અનેક જાત, અનેક પ્રકાર, જાત તો એક પણ અનેક પ્રકાર, જાત એક એટલે અચેતન, અનેક પ્રકાર એ રૂપે ભગવાન જ્ઞાનસ્વરૂપ ધ્રુવ એ રૂપે થયો નથી. થયો નથી માટે **'તેમના સ્વભાવે પરિણમતો નથી તેથી...'** એમ કહ્યું ને ? એ કારણ આપ્યું. આચાર્યે 'અમૃતચંદ્રાચાર્યે' એમાંથી ન્યાય કાઢ્યો. 'શશીભાઈ' ! **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** એ તો આચાર્યે શબ્દ મૂક્યો. 'અમૃતચંદ્રાચાર્યે' એનો હેતુ કાઢ્યો કે કેમ પ્રમત્ત-અપ્રમત્ત નથી. જ્ઞાયક જે એક ભાવ, એ અનેક ભાવરૂપે તે ભાવ થતો નથી તો અનેકરૂપપણું એવું જે પ્રમત્ત-અપ્રમત્તપણું વસ્તુમાં છે નહિ. એય..! 'વજુભાઈ' !

**શ્રોતા :–** યુક્તિ આપી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** યુક્તિ આપી, ન્યાય આપ્યો. ટીકા તો એનું નામ કહેવાય ને જે વસ્તુ છે એને ન્યાયથી સ્પષ્ટ કરીને સિદ્ધ કરે. સમજાણું કાંઈ ?

ભગવાન જ્ઞાનસ્વરૂપ સ્તંભ, ધ્રુવ સ્તંભ. એકલો ચૈતન્ય સ્વભાવભાવ, એકરૂપ ભાવ એ અનેકરૂપ એની જાતથી વિરૂદ્ધ ભાવ. ચૈતન્યસ્વભાવ જ્ઞાયકભાવથી વિરૂદ્ધ ભાવ. જુઓ ! પછી તો બીજી વાત કરશે, હોં ! અન્ય દ્રવ્યથી ભિન્ન કહેવો છે, પણ અહીં તો કહે છે કે એ દ્રવ્ય એના વિકલ્પના જે ભાવ, એ રૂપે પરિણમ્યો નથી, એમ કહે છે. સેવવામાં બીજી વાત કરશે. સમજાણું કાંઈ ? ત્યાં અન્ય દ્રવ્યના ભાવથી ભિન્ન સેવવો, એમ કહેશે. ત્યાં પછી એના પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન એમ નહિ. કારણ કે એના વિકલ્પથી તદ્દન ભિન્ન થઈ જાય તો તો પર્યાય તદ્દન શુદ્ધ થઈ જાય.

અહીં તો દ્રવ્યને–જ્ઞાયકભાવને શુદ્ધ વર્ણવવો છે અને જ્ઞાયકભાવને શુદ્ધ વર્ણવતા તે જ્ઞાયકભાવ તેની પર્યાયમાં શુદ્ધતા આવતાં, તદ્દન શુદ્ધતાં આવતા એમ નહિ. તદ્દન શુદ્ધતા આવે તો પર્યાય શુદ્ધ થઈ ગઈ તો એ તો દ્રવ્યની શુદ્ધતા દૃષ્ટિમાં લેવી છે એ રહેતી નથી. શું કીધું સમજાણું આમાં ? પર્યાયની તદ્દન જો શુદ્ધતા થઈ એ અહીં વાત નથી. અહીં તો દ્રવ્યનું શુદ્ધપણું છે, એ જ્ઞાયકભાવ જે છે, એ એનાથી વિરૂદ્ધ ભાવે પરિણમ્યો નથી માટે તે પ્રમત્ત-અપ્રમત્ત નથી–તેથી તે પ્રમત્ત નથી. તેને... હવે કહે છે.

'**તે જ...**' હવે તે જ આત્મા. એમ કે તે જ્ઞાયકભાવ. સમજાણું કાંઈ ? બહુ ઊંડી વાત છે. ઊંડો ભગવાન પડ્યો છે ને આખો ! '**તે જ સમસ્ત...**' ઓલો જે હતો એ સમસ્ત અનેકરૂપ શુભ-અશુભભાવ એની પર્યાયમાં. માથે હતું પહેલી લીટીમાં ઇ. આ '**સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્ન...**' છે. શું કહેવું છે ? કે જે અન્ય દ્રવ્ય છે કર્મ અને એનો જે ભાવ, એની સ્થિતિ-દશા, એનો ભાવ, એનાથી ભિન્નપણે સેવતા '**ભિન્નપણે ઉપાસવામાં આવતો...**' એમ. સમજાણું કાંઈ ? '**સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...**' અન્ય વસ્તુ–પદાર્થ, એના ભાવથી. કારણ કે વ્યાખ્યા પાછી એવી છે ને કે શુદ્ધ કીધો એને લીધું ને ! ભાઈ ! આમાં મોક્ષમાર્ગમાં કે પોતાના ભાવથી અભિન્ન, પરભાવથી ભિન્ન. પોતાના ભાવથી અભિન્ન છે. ભલે શુભાશુભ પરિણામ, પણ અંદર શુદ્ધનું ભાનવાળું આમ છે તો એ પર્યાય અહીં આવી છે. ઓલી પર્યાય પર છે એનાથી ભિન્ન પડ્યો છે. પર્યાયમાં તદ્દન શુદ્ધતા થઈ નથી. દ્રવ્યની શુદ્ધતા લક્ષમાં લેતા પર્યાયની તદ્દન શુદ્ધતા થઈ નથી. તેમ પર્યાયની શુદ્ધતા થયા વિના દ્રવ્યની શુદ્ધતા દૃષ્ટિમાં આવતી નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

સૂક્ષ્મ ભાવ છે. 'ચીમનભાઈ' ! આમાં ઝીણું મગજ કરવું પડે એવું છે. આમાં જાડું ચાલે એવું નથી. આહા..હા...! શું પણ વાત કરી છે ને ! અહીં તો પર્યાય અશુદ્ધ છે એ રૂપે તો દ્રવ્ય પરિણમ્યું નથી એટલી વાત પહેલાં કીધી. એ રૂપે દ્રવ્ય તો પરિણમ્યું નથી, દ્રવ્ય તો દ્રવ્ય જ છે. માટે, પ્રમત્ત-

અપ્રમત્ત ભેદ પડતા નથી. હવે તે જ્ઞાયકભાવને **'સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવો...'** એ ઓલા શુભાશુભ પરિણામ નહિ. સમજાણું કાંઈ ? **'સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...'** એટલે કે એ પરદ્રવ્યના ભાવ ઉપર જે આમ અનાદિનું લક્ષ છે, એનું લક્ષ છોડીને—એનાથી લક્ષ છોડીને અહીં દ્રવ્ય ઉપર લક્ષ જતાં, આ દ્રવ્ય ઉપર લક્ષ જતાં પરથી તો ભિન્ન પડ્યો પણ જરી રાગથી પણ ભિન્ન શુદ્ધતા થઈ ત્યારે આ શુદ્ધ છે એમ ભાસમાં આવ્યું. સમજાણું કાંઈ ? એને માટે શુદ્ધ છે, એમ કહે છે. 'વજુભાઈ' !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ તરફ વળ્યો છે. અન્ય દ્રવ્યના ભાવના લક્ષથી પાછો ફર્યો છે, એમ ભિન્ન છે અને પોતાનું જે સ્વરૂપ છે જ્ઞાયકભાવ, તે તરફની સેવામાં એટલે તેનો આશ્રય લીધો—એ તરફ વળ્યો—એ તરફ એકાકાર થયો. એકાકાર થયો ત્યારે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનની પર્યાય તો નિર્મળ થઈ. સમજાય છે કાંઈ ? બધી પર્યાય નિર્મળ નહિ. સમજાય છે કાંઈ ?

એ વસ્તુ જે છે તદ્દન જ્ઞાયકભાવ, એ તરફ વળતાં, અહીંથી ખસતાં, ઉદયના પરની ભાવની શક્તિથી—ભાવથી ખસતા—લક્ષ છોડતા એની જે સેવા હતી, એના ઉપર વલણ હતું એ વલણને છોડીને, તે જ્ઞાયકભાવ તરફ વલણ જતાં જે શુદ્ધતાની દશા અનુભવમાં આવી, એ શુદ્ધતાના અનુભવમાં 'આ શુદ્ધ છે' એમ કહેવામાં આવે છે.

**શ્રોતા :–** પર્યાયની જે ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયની શુદ્ધતામાં દ્રવ્ય જે શુદ્ધતા ભાસ્યું એને આ દ્રવ્ય શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

**'અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...'** ઉપાસવામાં એમ છે ને પાઠ ? **'उपास्यमान:'** ભગવાન જ્ઞાયકભાવ જે છે, ચૈતન્ય દ્રવ્યભાવ છે, એની સેવા થઈ, સેવા થઈ, એ તરફ ઢળ્યો. પર્યાય, પર્યાય ઢળી. સમજાય છે કાંઈ ? દ્રવ્ય તો જે છે તે છે. હવે જે પર્યાય પરના લક્ષવાળી, પરને લક્ષે દોરાતી હતી એ પરનું લક્ષ છોડીને એ પર્યાય આમ દ્રવ્ય તરફ ગઈ, દ્રવ્ય તરફ ગઈ. એક જ્ઞાયકને સેવતા એટલે દ્રવ્ય તરફ ઢળતાં, એની એકાગ્રતા થતા તેને તે દ્રવ્ય શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? આ તો મોટા મંત્રો છે. આહા..હા...!

કહે છે, ભગવાન આત્મા તે જ. ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ, એની સેવા, ઉપાસના. આમ જે ઉપાસના હતી એ અન્ય ભાવ ઉપર વશ થતો હતો ને, અન્ય ભાવના ઉદયમાં વશ થતો હતો ને, એ સેવા અહીંની હતી, એને વશ હતો. એનાથી ભિન્ન પડી **'અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે...'** આમ સેવા કરતાં એકાગ્ર થયો એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા પ્રગટી, બધી શુદ્ધતા નહિ. સમજાય છે ? પર્યાયમાં બધી શુદ્ધતા નહિ. અહીં તો શુદ્ધ દ્રવ્ય દૃષ્ટિમાં કોને આવ્યું ? જેને એ

જાતની દ્રવ્ય તરફની એકાગ્રતાથી શુદ્ધતાની પર્યાયથી દ્રવ્યને સેવવામાં આવ્યું ત્યારે તેને આ દ્રવ્ય શુદ્ધ છે એમ દૃષ્ટિમાં આવ્યું.

**શ્રોતા :–** પર્યાય શુદ્ધ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, નહિ, પર્યાય શુદ્ધ નહિ, દ્રવ્ય શુદ્ધ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! સમજાણું કાંઈ ? અહીંથી હવે સમયસાર શરૂ થાય છે.

ભગવાન આત્મા જે જ્ઞાયકભાવ એકરૂપ સ્વભાવ,... અહીં પુનરુક્તિ લાગતી નથી. એવો જે ભગવાન જ્ઞાયકભાવ એકરૂપ ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનભાવ કીધો છે ને એટલે જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ એકલો પરમપારિણામિકભાવ જ્ઞાનસ્વરૂપ, એ એકરૂપ ભાવ એને શુભાશુભના ભાવો છે એ જ્ઞાયકભાવથી તો વિરૂદ્ધ ભાવ છે–અચેતન ભાવ છે, ચૈતન્યસ્વરૂપથી વિરૂદ્ધ–વિપરીત ભાવ છે. સમજાય છે ? એ રૂપે ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ થતો નથી. તેથી તેને પ્રમત્ત-અપ્રમત્તના ભેદો એટલે ગુણસ્થાનના ભેદો દ્રવ્યને લાગુ પડતા નથી. વ્યવહારનયનો વિષય છે, અભૂતાર્થ છે. વસ્તુ છે તે ભૂતાર્થ છે એમ કહે છે. પણ એ ભૂતાર્થનું ભૂતાર્થપણું ક્યારે એને ખ્યાલમાં આવ્યું ? સમજાય છે કાંઈ ? કે આ અભૂતાર્થ તરફથી લક્ષ છોડી અથવા પરભાવના લક્ષથી છોડી, ત્યાંથી છૂટ્યો એટલે ખરેખર તેના પરભાવ જે હતા એ કેટલાક ત્યાંથી લક્ષમાં છૂટી ગયા (અને) આમ દ્રવ્યમાં આવ્યો, જ્ઞાયકભાવ ઉપર આવ્યો ત્યારે તેની શુદ્ધતા પર્યાયમાં તેટલી પ્રગટી. સમજાય છે ? તદ્દન પૂર્ણ શુદ્ધતા પ્રગટે અ તો સિદ્ધને છે. એટલે અહીંયાં શુદ્ધતા પ્રગટી ત્યાં એકાગ્ર થયો એ શુદ્ધતાની પર્યાયમાં ભિન્નપણે (ઉપાસવામાં આવતાં) શુદ્ધ કહેવાય છે. એને આ આત્મા શુદ્ધ છે એમ કહેવાય છે. એને આ જ્ઞાયકભાવ છે... આ જ્ઞાયકભાવ છે... આ એકરૂપ ભાવ છે... આ શુદ્ધ છે એને માટે આમ કહેવાય છે. સમજાણું કાંઈ ?

કારણ કે જે વસ્તુ છે એ કહે છે કે એ જાતનો અંશ જ્યાં વર્તમાન પ્રગટમાં આવ્યો નથી, પ્રગટમાં આવ્યો નથી તો એ દ્વારા આ આખું શુદ્ધ છે એ શી રીતે દૃષ્ટિ કરશે ? જે વસ્તુ લક્ષમાં આવી નથી (એની દૃષ્ટિ થશે કઈ રીતે ?) વસ્તુ લક્ષમાં આવી ત્યારે તો અંદર પર્યાયમાં શુદ્ધતા આવી છે. એ જાત છે. એ જાતની શુદ્ધતા આવી ત્યારે આ આખો શુદ્ધ છે એમ એને કહેવામાં આવે છે. જાતની શુદ્ધતાનો અનુભવ થયો ત્યારે એને આ શુદ્ધ છે એમ થયું. એમનેમ શુદ્ધ છે એ તો અસ્તિપણું છે શુદ્ધ. અસ્તિપણું છે એ પણું અસ્તિ છે એ સત્તાનો સ્વીકાર, સ્વીકાર પર્યાયમાં ન થાય તો આ શુદ્ધ છે એ શી રીતે એને ખ્યાલમાં આવ્યો ? સમજાણું કાંઈ ?

**'તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.'** એમ છે ને ? તે જ શુદ્ધ કહેવાય છે. તે એટલે ઓલો જે જ્ઞાયકભાવ છે તેને શુદ્ધ જાણવામાં આવે છે એટલે કહેવાય છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના. ઇ નહિ. પરદ્રવ્યોનો ભાવ અને પરદ્રવ્ય એનાથી જુદો પડ્યો. એનાથી જુદો પડ્યો એટલે કેટલાક વિકલ્પથી પણ જુદો પડ્યો, પણ સર્વથા પડે તો તો પર્યાયની શુદ્ધતા થઈ ગઈ. અહીં તો દ્રવ્યની શુદ્ધતા સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ ? પર્યાયની શુદ્ધતા સિદ્ધ કરવી હોય તો તો પર્યાય પૂર્ણ સિદ્ધ છે એ સિદ્ધ થઈ. સમજાણું કાંઈ ? અલૌકિક માર્ગ છે, ભાઈ ! આ તો સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રદેવ પરમાત્માએ કહેલો, પ્રગટેલો અને છે એ વિધિની રીત છે. સમજાણું કાંઈ ?

**'તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે.'** એટલે ?–શુદ્ધ જાણવામાં આવે છે. ત્યારે શુદ્ધ જાણવામાં આવે છે 'આ શુદ્ધ છે' એમ. સમજાણું કાંઈ ? ઝીણું પડે પણ ધ્યાન રાખીને સમજવું. સમજાય છે કાંઈ ? એવી વસ્તુ છે કે આમ વસ્તુ આખી પોતે પડી છે ને આખી ચીજ છે. એકરૂપ સ્વભાવ ભગવાન એકરૂપ સ્વભાવ (છે) કે એ અનેકરૂપ જ છે ? અનેક તો પર્યાય–વ્યવહારનો વિષય છે. સમજાણું ? નિશ્ચય જે છે એકરૂપ-એકરૂપ વસ્તુ નિશ્ચય એકરૂપ, એ અનેકપણે થયું નથી, એની જાતથી વિરૂદ્ધના વિકલ્પ રૂપે (થયું નથી). એથી તેને ભેદ અને ગુણસ્થાન લાગુ પડતા નથી. એવો જે ભાવ એ એક, તેને પરથી ભિન્નપણે પરદ્રવ્યના ભાવથી જુદો સેવવામાં આવતા, જુદો સેવવામાં આવતા, તેની સેવાની પરિણતિમાં તે જણાયો આ શુદ્ધ, એને શુદ્ધ છે એમ જાણ્યું. એને શુદ્ધ છે એમ જાણ્યું. કહેવાય છે એ તો ભાષા લીધી છે. સમજાય છે કાંઈ ? એને શુદ્ધ છે એમ જાણવામાં આવ્યું. કહો, એ વાત ત્રણ લીટીની થઈ.

**'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो'** હવે **'एवं भणंति सुद्धं'** ઓલું **'भणंति'** છે ને ? કહેવું એમ કીધું છે ને શબ્દ તો ? એને કહેવું શુદ્ધ, એને કહેવો શુદ્ધ. આવા જ્ઞાયકભાવને કહેવો શુદ્ધ. એમ ત્રીજી લીટી છે ને ? શું કહેવાય ? ત્રીજું પદ. બીજી લીટી એનું પદ ત્રીજું. સમજાણું કાંઈ ? **'एवं भणंति'** એ જ્ઞાયકભાવને શુદ્ધ કહેવાય છે. ઓલો પ્રશ્ન કર્યો હતો ને કે શુદ્ધ આત્મા કોણ છે કે જેને જાણવો જોઈએ ? એનું સ્વરૂપ શું છે શુદ્ધનું કે જેને જાણવું જોઈએ ? કે આ શુદ્ધ. ? **'एवं'** એવો જે જ્ઞાયક એક ભાવ, જે શુભાશુભરૂપે થયો નથી તેથી પ્રમત્ત–અપ્રમત્ત નથી એવો જે જ્ઞાયકભાવ એને શુદ્ધ કહીએ–એને શુદ્ધ કહીએ. એટલે 'અમૃતચંદ્રાચાર્યે' એમાંથી એમ કાઢ્યું કે એને શુદ્ધ કહીએ, એને શુદ્ધ જાણીએ, એને શુદ્ધ જાણીએ, એને શુદ્ધ જાણવો. એટલે એને શુદ્ધ જાણવો એ માટે કહ્યું. **'भणंति'** તો વાચક શબ્દ થઈ ગયો. સમજાય છે કાંઈ ? એને શુદ્ધ જાણવો. ત્યારે શુદ્ધ જાણવો એટલે એમાંથી કાઢ્યું કે પરથી ભિન્ન પડીને તેની સેવા કરી પર્યાયમાં તેને દૃષ્ટિમાં–લક્ષમાં લીધો ત્યારે તેને શુદ્ધ કહેવામાં આવે છે. દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવે છે.

'અમરચંદભાઈ' ! આ વસ્તુ, આ વસ્તુ.

હવે ચોથા પદની વ્યાખ્યા. ત્રણની થઈ. **'णादो जो सो दु सो चेव'** ચોથું પદ છે હવે. **'વળી દાહ્યના આકારે થવાથી...'** દાહ્ય એટલે **'(-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિ...'** એમ. અગ્નિ જેમ. નીચે ... નાખ્યું છે. પણ **'દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે...'** શું કીધું ? અગ્નિ છે એ દાહ્ય યોગ્ય લાકડાને બાળવાથી તેને અગ્નિ કહેવામાં આવે છે. અગ્નિ છે એને બાળવાયોગ્ય લાકડાથી બાળવાયોગ્ય બળીને તેને અગ્નિ કહેવામાં આવે છે. એટલી અપેક્ષા આવી કહે છે. એ અપેક્ષા અગ્નિમાં છે નહિ.

**'તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...'** એ દાહ્ય–બળવાયોગ્ય પદાર્થ, એને બાળે માટે તેને દહન કહેવામાં આવે છે, પણ બળવાયોગ્ય પદાર્થના કારણે અગ્નિ છે એમ નથી. એ અગ્નિ પોતાથી જ પરિણમી છે. દાહ્યયોગ્ય છે માટે એને આકારે થઈ એમ નથી. પોતે જ પોતાના અગ્નિને આકારે બળવાયોગ્ય પદાર્થને બાળીને પોતાને આકારે થઈ છે. સમજાણું કાંઈ ? દાહ્ય-એને આકારે એટલે બળવાયોગ્ય પદાર્થને આકાર એટલું થયું ને જાણે આમ ? બળવાયોગ્ય પદાર્થને આકારે એમ. **'થવાથી અગ્નિને દહન કહેવાય છે...'** ઓલું જ્ઞાયકને લેવું છે ને ? જાણે છે માટે જ્ઞાયક કહે છે એમ અહીં લઈને પહેલો અગ્નિનો દૃષ્ટાંત આપીને સ્વતંત્રતા સિદ્ધ કરે છે. પર્યાયમાં, હોં ! હવે.

**'દાહ્યના (બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી...'** એના આકારે થવાથી. થઈ કોણ ?–અગ્નિ. સમજાણું કાંઈ ? બળવાયોગ્ય પદાર્થને આકારે થઈ કોણ ?–અગ્નિ. એને **'દહન કહેવાય છે...'** એને બળવાયોગ્યને બાળે માટે દહન કહેવાય છે એવી જે ભાષા છે **'તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,..'** બળવાયોગ્ય પદાર્થને આકારે થઈ માટે તેની કંઈ પણ અપેક્ષા આવી બળવાયોગ્ય પદાર્થની અગ્નિની પર્યાયમાં (અપેક્ષા આવી) એમ નથી. અગ્નિ પોતાને જ કારણે એના આકારે અગ્નિ પોતે પરિણમી છે, અગ્નિની અવસ્થા એ રૂપે થઈ છે, પરના આકારે થઈ છે એમ નથી. અગ્નિની અવસ્થા એરૂપે થઈ છે. સમજાણું કાંઈ ?

શું કહે છે ? દૃષ્ટાંત પહેલો સમજવો જોઈએ. અગ્નિને દહન કેમ કહે છે ? અગ્નિ, દહન-દહન બાળે છે ને ? બાળે છે ને ? બાળે છે. લાકડા આદિને–બળવાયોગ્યને બાળે છે માટે દહન કહે છે. પણ કહે છે જેટલી બાળે છે એટલી અપેક્ષા અહીં આવી કે નહિ ? બળવાયોગ્ય પદાર્થની અપેક્ષા આમાં આવી કે નહિ ?–કે ના. અગ્નિ પોતે જ પોતારૂપે અગ્નિપણે–બાળવાયોગ્ય પદાર્થરૂપે અગ્નિ પોતે પરિણમી છે. સમજાણું કાંઈ ? અગ્નિપણે અગ્નિની પર્યાયમાં બળવાયોગ્ય પદાર્થને આકારે થઈ એટલી અશુદ્ધતા એને નથી. એને આકારે થઈ નથી, એ તો અગ્નિના આકારે અગ્નિ પોતાના રૂપે એ રીતે થઈ છે. સમજાણું કાંઈ ?

**'તોપણ દાહ્યકૃત...'** બળવા યોગ્ય પદાર્થની અપેક્ષાથી તે અગ્નિને પરાશ્રયપણું, અશુદ્ધપણું

આવ્યું નથી. સમજાણું કાંઈ ? તેથી ન્યાય પણ કેટલી રીતે મૂકે છે, જુઓને ! દાખલો આપવામાં પણ. **'તેવી રીતે...'** લ્યો ! એ દૃષ્ટાંત આપીને હવે (કહે છે), તેવી રીતે **'દાહ્યના (-બળવાયોગ્ય પદાર્થના) આકારે...'** અગ્નિ થઈ માટે તેને દહન, બાળનાર... બાળનાર... બાળનાર... કહેવાય છે. પણ બાળનાર કહેવાય છે માટે પરને બાળી એટલી અપેક્ષા એને આવી ?–કે ના. સમજાણું કાંઈ ? એ બાળનાર પોતે અગ્નિરૂપે પરિણમી છે, કાંઈ પરના દાહ્યપણે પરિણમી નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'તેવી રીતે...'** ઓલો દૃષ્ટાંત એને ખ્યાલમાં આવે તો આ સિદ્ધાંત એને ખ્યાલમાં સહેલાઈથી આવે, માટે દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ ? પાઠમાં એટલું કે **'णादो जो सो दु सो चेव'** જાણ્યો તે જાણ્યો. એમાંથી જાણવા કાળે જ્ઞાયક છે. જાણે છે ને ? એટલું તો આવ્યું ને ? જાણે છે ને ? જાણે છે ને ? તો જાણે છે એમાં પરની અપેક્ષા કાંઈક આવી કે નહિ ? એ આપવા માટે અગ્નિનો દાખલો પહેલો આપ્યો. અગ્નિ છે એ દાહ્યયોગ્યને બાળે છે તેથી એને અગ્નિ કહો પણ ખરેખર તે અગ્નિ તો પોતે બળવાને યોગ્ય અગ્નિ પોતે થઈ તે રૂપે. અગ્નિનું રૂપ એ છે, એ કાંઈ દાહ્યકૃતનું રૂપ નથી. પરની અપેક્ષાનું રૂપ આમાં છે જ નહિ. સમજાણું કાંઈ ?

**'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** હવે પર્યાયમાં લે છે, હોં ! આમ તો જ્ઞાયક ત્રિકાળ છે. પણ જ્ઞાયક કીધો ને ? જાણનાર...જાણનાર.. જાણનાર... ત્યારે જાણનાર એની પર્યાયમાં આ રાગને જાણ્યું, આને જાણ્યું એવી અપેક્ષા આવી કે નહિ ? જાણનાર આને જાણે એમ થયું ને ? બાળનાર આને બાળે, બાળનાર આને બાળે. જાણનાર આને જાણે. એટલી અપેક્ષા આવી કે નહિ ?–કે ના. સમજાણું કાંઈ ? **'જ્ઞેયાકાર થવાથી...'** એટલે ? કે જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકભાવ તો ત્રિકાળ છે. હવે જ્યારે એ જ્ઞાનની પર્યાય પ્રગટી છે ને અહીંયાં ! એમાં શુદ્ધનું ભાન થયું છે ને ! હવે પ્રગટ્યું છે જે જ્ઞાન, એમાં રાગનું, વિકલ્પનું જ્ઞાન છે. સમજાય છે ? એને જાણે છે ને ? રાગાદિ, વિકલ્પાદિ પરભાવને એ જાણે છે ને ? જાણે છે ને ? તો પરને જાણે છે એટલી અપેક્ષામાં એની પર્યાયમાં પરાધીન પર અપેક્ષા આવી કે નહિ ? સમજાણું કાંઈ ?

**'જ્ઞેયાકાર થવાથી...'** એ કાંઈ જડાદિ પદાર્થો, રાગાદિ ભાવ એને આકારે, જે રીતે છે તે પ્રકારે જ્ઞાનની પર્યાય પોતામાં પરિણમે છે. જેમ દાહ્ય બળવાયોગ્યને આકારે અગ્નિ પરિણમે છે, એમ રાગાદિ શુભ વિકલ્પ જે છે, એવું જે સ્વરૂપ છે એ રૂપે અહીંયાં જ્ઞાનની પર્યાય જાણનાર છે ને ? પોતાને જાણે છે (અને) એને જાણવારૂપ ત્યાં પરિણમે છે. **'તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** જાણવાની અપેક્ષાએ તેને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. ઓલું દ્રવ્યપણે પ્રસિદ્ધ છે ત્રિકાળ, હવે અહીંયાં રાગાદિ જાણવાની અપેક્ષાએ જ્ઞાયકપણું એનું પ્રસિદ્ધ છે, જેમ દહન બાળવાની અપેક્ષાએ અગ્નિ પ્રસિદ્ધ છે. અગ્નિ તો અગ્નિ છે એકરૂપે. હવે એની પર્યાયમાં વાત કરી. સમજાણું કાંઈ ?

કહે છે કે **'તે ભાવને...'** આ રીતે **'જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** એમ. આ રીતે, હોં ! જ્ઞેયાકાર થવાથી, એમ પાછું. રાગાદિ જે ભાવ છે, શુભાદિ ભાવ છે એ પ્રકારે અહીં જ્ઞાન થાય છે એથી તેને જ્ઞાયકપણું, તેને જાણવાપણું પ્રસિદ્ધ છે, જાણે છે એવું એ પ્રસિદ્ધ છે. પર્યાયમાં આ જાણે છે એવું પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ ? **'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** રાગની અપેક્ષા આવી અહીં જાણવામાં ?–કે ના. એ તો પોતે જ જ્ઞાન એ રૂપે પર્યાયે પરની અપેક્ષા વિના એ રીતથી જ્ઞાન જ્ઞાનની પર્યાય પરિણમી છે, પરની અપેક્ષા વિના. સમજાણું કાંઈ ?

જ્ઞાયક પોતે.. હવે દ્રવ્યો–પરિણમ્યો, કહે છે. પર્યાયથી આમ શુદ્ધ લીધું ને આ ? એ પર્યાયમાં અહીં જાણ્યું ને રાગાદિ ને ! રાગાદિ જાણ્યું એટલી પણ જ્ઞાનની પર્યાય જ્ઞાયકને જ્ઞાયકપણું જાણનાર પ્રસિદ્ધ છે, પરને જાણનાર પ્રસિદ્ધ છે એમ કહે છે. જાણનાર છે એમ પ્રસિદ્ધ છે. ત્યારે એ જાણનારે આને જાણ્યું એટલી અપેક્ષા આવી કે નહિ ?–ના. સમજાણું કાંઈ ? **'જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** જણાવાયોગ્યના કર્તાપણે અહીંયાં જ્ઞાન થયું છે એમ નથી. સમજાણું કાંઈ ? એ તો જ્ઞાયકભાવથી તે પ્રકારનું જ્ઞાનરૂપે પરિણમન પોતાથી પોતામાં થયું છે. સમજાણું કાંઈ ?

દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, એ તો અગ્નિ પોતાની પર્યાય તે રૂપે પરિણમે છે. એમ જ્ઞાયક પોતે જ્ઞાનરૂપે રાગાદિને જાણવારૂપે પોતે પોતાથી પરિણમ્યો છે. રાગ છે માટે પરિણમ્યો છે અને એની અપેક્ષા છે માટે તેને જાણવાની પર્યાયમાં અશુદ્ધતા આવી (એમ નથી). દ્રવ્ય તો શુદ્ધ છે. સમજાણું કાંઈ ? પણ જાણવાની પર્યાયમાં જાણનાર એવો પરિણમ્યો જ્ઞેયાકાર–પરના આકારે એટલે પરના સ્વરૂપે જેવું છે તેવું જાણવામાં, તો એટલી અપેક્ષાથી તે પર્યાય જાણવાની (પરિણમી) એને અશુદ્ધતા, પરાશ્રિતતા, પરાધીનતા લાગુ પડી કે નહિ ?–કે નહિ. તે પ્રકારની જ્ઞાનની પર્યાય તે કાળે પોતાથી તે પ્રકારે પરની અપેક્ષા વિના તે પ્રકારે પરને જાણવા છતાં પરની અપેક્ષા વિના પોતાથી નિરપેક્ષપણે જ્ઞાનની પર્યાય પરિણમી છે. માટે તે પર્યાયમાં પણ પરની અપેક્ષાએ અશુદ્ધતા (નથી). દ્રવ્યમાં તો નથી (પણ પર્યાયમાં પણ નથી). સમજાણું કાંઈ ? '...ચંદજી'! એવી વાત છે. ઓહો..હો..! 'સમયસાર'. જ્ઞાયકભાવના પેટ ખોલ્યા છે. સ્વતંત્ર... સ્વતંત્ર...

રાગ છે, વ્યવહાર છે એ એના આકારે જ્ઞાન પરિણમ્યું છે કે નહિ ? પર્યાયમાં, હોં ! કારણ કે જાણનાર છે ને એ ? જાણનાર છે એટલે પોતાને જાણનાર તો થયો. હવે તે સ્વપરપ્રકાશક છે ને ? તો એ જાણનાર સ્વને જાણનાર થયો. શુદ્ધ થઈ પર્યાય, તો એ શુદ્ધ પર્યાયમાં આ પર જાણવામાં આવ્યું. પર જાણવામાં આવ્યું, જેટલું પર છે તે જ પ્રકારે જ્ઞેયાકાર જ્ઞાન પરિણમું. એ પ્રકારે જ્ઞાન પરિણમ્યું તો એટલી પરની અપેક્ષાથી અશુદ્ધતા છે કે નહિ ?–કે ના, જ્ઞેયકૃત અશુદ્ધતા છે નહિ. ઓલાને દાહ્યકૃત અશુદ્ધતા નથી. અહીં જ્ઞેયકૃત-જ્ઞેયની કરાયેલી અશુદ્ધતા નથી. દાહ્યની કરાયેલી અગ્નિનું પરિણમન નથી. એમ રાગાદિથી કરાયેલ જ્ઞાનની પર્યાય નથી. જ્ઞાનની પર્યાય પોતાથી

પરિણમી અને પોતાથી થઈ છે. સમજાણું કાંઈ ?

**'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને...'** ઓલા જ્ઞેયાકાર થવાથી તે ભાવને, હોં ! એ પર્યાયરૂપે પરિણમ્યો છે ને ! તે ભાવને એટલે જ્ઞાયકભાવને જ્ઞાનપણે–રાગાદિના જ્ઞાનપણે, વ્યવહારના જ્ઞાનપણે, હોં ! આ વ્યવહાર હોય ને વ્યવહાર, એના જ્ઞાનપણે, ઓલા દાહ્યકૃત લાકડા છે ને દાહ્ય છે ને લાકડા, એમ આ રાગાદિ વ્યવહાર જ્ઞેય છે ને, એને આકારે અહીં જ્ઞાન થયું ને ! જેવો વ્યવહાર છે એવું અહીં જ્ઞાન થયું ને, માટે એટલી અપેક્ષા પરની આવી ?–કે ના. બિલકુલ નહિ. પોતાને જ્ઞાયકપણું જ્ઞેયાકારે થવાથી પ્રસિદ્ધ છે. **'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** વ્યવહાર છે માટે જ્ઞાન પરિણમ્યું–વ્યવહાર છે માટે જ્ઞાન થયું એ તો નથી, ભાઈ ! શું કીધું હવે ? આ દ્રવ્ય છે માટે અહીં શુદ્ધ જ્ઞાન થયું છે. વ્યવહાર છે તો આમ શુદ્ધતા પ્રગટી છે એમ નથી. આ દ્રવ્ય છે તેની સેવાથી શુદ્ધતા પ્રગટી છે. વ્યવહારથી શુદ્ધતા પ્રગટી એમ તો નથી પણ જે જ્ઞાન પ્રગટ્યું એને જાણવાવાળી જે અવસ્થા થઈ, તે વ્યવહાર છે તેથી જ્ઞાન અહીંયાં જણાણું છે એમ નથી. જ્ઞાનનું પોતાનું તે પ્રકારે સ્વપરપ્રકાશક પરિણમન પોતાથી પોતા વડે પોતાથી થયું છે, પરની અપેક્ષા વિના. સમજાણું કાંઈ ?

વ્યવહારથી નિશ્ચય શુદ્ધિ પ્રગટે એમ તો નથી, એ તો નિશ્ચયથી સેવા કરતાં શુદ્ધિ પ્રગટે છે. પણ હવે જાણવું એને પ્રસિદ્ધ છે. જાણનાર એને જાણનાર છે કે નહિ ? જાણનાર પર્યાયમાં જાણનાર છે ને ? તો જાણનાર જાણે છે ને વ્યવહારને ? કે વ્યવહારને જાણે છે પણ એ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી પરિણમેલું છે. એ છે માટે અહીં જ્ઞાનમાં અશુદ્ધતા થઈ છે અથવા પરાશ્રય આવ્યું છે એમ છે જ નહિ. સમજાણું કાંઈ ? કહે છે કે દ્રવ્યને તો ભેદપણું નથી, પરાશ્રિતપણું નથી, અનેકપણું નથી, પણ પર્યાય જ્યાં જ્ઞાયકપણે પરિણમી છે એને પરાશ્રય નથી. સમજાણું કાંઈ ?

આહા..હા..! કેવી વાત કરે છે ! જુઓને ! એ વસ્તુની સ્થિતિ આ રીતે છે. બીજી કોઈ રીતે વસ્તુ હોઈ શકે જ નહિ. ચૈતન્યનો પિંડલો છે. હવે કહે છે, ખસ્યો. સમજાય છે ? પરિણમ્યો જાણવા(પણે). જ્ઞાયક છે ને ? જ્ઞાયક છે તો જાણવાપણે પરિણમ્યો. પણ જાણવાપણે પરિણમ્યો પોતાને તો જાણ્યો પણ આને જાણવારૂપે પણ અહીં થયું કે નહિ ? એ પ્રકારનો જેવો રાગાદિનો વ્યવહાર છે તે જ પ્રકારે જાણવાની પર્યાય પરિણમી તો તેટલી પરાશ્રયતા આવી કે નહિ ?–કે ના. એ જ્ઞેયકૃત અશુદ્ધતા નથી, એ જ્ઞાનકૃત જ્ઞાન છે. એ પોતાના જ્ઞાનકૃત જ્ઞાનની પર્યાય છે, જ્ઞેયકૃત છે નહિ.

વ્યવહારથી નિશ્ચય તો થાય નહિ, પણ વ્યવહારથી જ્ઞાનની પર્યાય વ્યવહારથી જાણવાની ન થાય–જાણવાની ન થાય, એમ અહીં કહે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? નિશ્ચય દ્રવ્ય સ્વરૂપ જે છે એની સેવાથી શુદ્ધતા પ્રગટી. વ્યવહારની સેવાથી શુદ્ધતા પ્રગટે ? વ્યવહારપણે તો પરિણમ્યો નથી ને. એ તો પહેલું કહ્યું. દ્રવ્ય પોતે વ્યવહારપણે, ભેદપણે, અભૂતાર્થપણે, શુભાશુભપણે

પરિણમ્યું જ નથી. સમજાય છે ? હવે પરિણમ્યો નથી ને એની સેવાથી અહીં થાય ? આહા..હા...!

ભગવાન આત્મા વસ્તુ જ્ઞાયકપણું ચૈતન્ય ધ્રુવ, એની સેવાથી શુદ્ધતા પ્રગટી. સમજાય છે ? હવે એ શુદ્ધતામાં જ્ઞાન પ્રગટ્યું ને સ્વપરપ્રકાશકપણું–સ્વપરપ્રકાશકપણું. એમાં પર એટલે જેવા પ્રકારનો વ્યવહાર છે એવા જ જ્ઞેયાકારે અહીં જ્ઞાન પરિણમે છે ને ? જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે છે ને ? ભલે પરિણમે. એ જ્ઞેય છે માટે તે જ્ઞાનનું પરિણમન છે એમ નથી. સમજાણું કાંઈ ?

**'જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને...'** જ્ઞેયાકાર થવાથી (એટલે તે) પર્યાય થઈ ને ! જ્ઞાયકને રાગાદિને જાણવાની જ્ઞેયાકાર પર્યાય થાય છે. એનું જ્ઞાયકપણું પ્રસિદ્ધ થયું છે. જાણવાપણાનું એમાં પ્રસિદ્ધ છે. **'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** અહો..! કેટલા નયનો નિષેધ કરી નાખ્યો. સમજાણું કાંઈ ? અસદ્‌ભુત પુણ્ય-પાપના વ્યક્ત-અવ્યક્તનો નિષેધ થઈ ગયો. આમ પરથી ભિન્ન પડતા આમ થતાં ઓલાનો નિષેધ થઈ ગયો અંદરમાં. આશ્રય અહીં કરતાં એને શુદ્ધ પર્યાયનું પરિણમન થયું, હવે શુદ્ધ પરિણમનમાં અશુદ્ધતાનો નિષેધ થઈ ગયો ખરેખર. પરની સેવા છૂટી તો અહીં પર્યાયમાં નિષેધ થઈ ગયો આમ દ્રવ્યને આશ્રયે ગયો એટલે. સમજાણું કાંઈ ? હવે કહે છે કે એ સંબંધીનું જાણપણું રહ્યું ને અશુદ્ધતાનું ? પર્યાયમાં જ્ઞાનનું ઓલું જાણવું (થયું ને) ?–કે ના. એ પરને જાણે તો સદ્‌ભુત ઉપચાર, એ એને નથી. એ પોતે જ પોતાને જાણે છે. જ્ઞાનકૃત જ્ઞાન છે, જ્ઞાયકકૃત જ્ઞાન છે, જ્ઞાનકૃત જ્ઞાન છે, જ્ઞાયકકૃત જ્ઞાન છે. જ્ઞેયકૃત–વ્યવહારકૃત જ્ઞાનની પર્યાય છે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! 'અમૃતચંદ્રાચાર્યે', આ ટીકા ભરતક્ષેત્રમાં ક્યાંય નથી, કેવળીઓના પેટ ખોલીને મૂક્યા છે. દ્રવ્યનું સત્ત્વનું સ્વરૂપ જે અસ્તિપણે જે રીતે છે, અસ્તિપણે-સત્તાપણે (તે રીતે વર્ણવ્યું છે). પહેલું જ્ઞાયકભાવનું સત્તાપણું સિદ્ધ કર્યું. આમ સેવા કરે ત્યારે આ જ્ઞાયક છે એમ કહ્યું. હવે એની પર્યાયની સ્વતંત્રાની સત્તા સિદ્ધ કરે છે. જે રાગાદિને જાણે છે માટે આ સત્તાની પર્યાય છે ? જાણવાની સત્તાનું અસ્તિત્વ છે ?–કહે ના. એ તો જ્ઞાયકની પોતાની જ્ઞાનની પરિણતિની સત્તા પોતામાં પોતાથી છે. સમજાણું કાંઈ ? ઝીણું બહુ 'જાદવજીભાઈ' ! બહુ ધ્યાન રાખે ત્યારે પકડાય એવું છે ભાઈ આ. ઓલા રૂપિયામાં ફટ દઈને જાવ ચાર આના, છ આના, આઠ-દસ કર્યા. હવે તો ઘણું વધારે છે લ્યો. રૂપિયો કરી દોઢ રૂપિયો. આવું જટ દઈને સમજાય દસ હજાર આપ્યા હતા, લાવો આટલા. એય..! 'જેઠાલાલભાઈ'! ... આ ભગવાન ચૈતન્યની કોથળીમાં તો જ્ઞાનસ્વરૂપ ભર્યું છે ને કહે છે, એ વટાવ તો જ્ઞાનપણે નીકળે બહાર, એ કાંઈ રાગપણે આવે નહિ. આહા..હા...!

કહે છે કે ભગવાન ચૈતન્ય પ્રભુ એ શુદ્ધ દ્રવ્ય છે એને જ્યાં લક્ષમાં લીધો ત્યારે તે શુદ્ધ થયો– શુદ્ધ એની દૃષ્ટિમાં આવ્યું. હવે તે વખતે જ્ઞાન જે પરિણમ્યું ધર્મરૂપે જ્ઞાન સમ્યક્‌જ્ઞાનપણે, તે જ્ઞાનમાં સ્વપરપ્રકાશકભાવ છે ને સ્વભાવ ? એમાં વ્યવહારને જાણવાના જ્ઞેયાકારે જ્ઞાન થાય છે ને ? જે

પ્રકારનો રાગ–દયા, દાન, વિકલ્પાદિ તે જ પ્રકારનું જ્ઞાન જ્ઞેયાકારે પરિણમે છે. સમજાય છે કાંઈ ? પરિણમે છે. છતાં એ જ્ઞેય આકારે પરને કારણે નથી પરિણમતું એમ કહે છે. સમજાણું કાંઈ ? અસદ્ભુતના નિષેધ કર્યા બેના અને સદ્ભુત ઉપચાર નાખ્યું. હવે સદ્ભુત અનુપચાર રહ્યું સાતમી (ગાથા)માં.

હવે કારણ આપે છે. '**કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં...**' એટલે કે રાગાદિને જાણવાની અવસ્થામાં, રાગાદિ જ્ઞેય, એના આકારે થતું જ્ઞાન. '**જ્ઞાયકપણે જે જણાયો...**' જ્ઞાયકપણે જાણનારપણે જણાયો, જાણનાર પણે જણાયો '**તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ,...**' એ તો પોતે પરને જાણવા વખેત પોતે જણાણો છે એમ કહે છે અને સ્વને જાણવા વખતે પણ પોતે જણાય છે એમ કહે છે. સમજાણું કાંઈ ? '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...**' જોયું ! જ્ઞેયાકાર અવસ્થા તે જ્ઞાનની પર્યાય થઈ, જ્ઞાનની પર્યાય-અવસ્થા, જ્ઞાયકપણે જણાયો, આ જ્ઞાયક છે એમ જણાયો, તે વખતે પણ જ્ઞાયકપણે જે જણાય એમ કીધું. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો. રાગાદિને જાણવાની અવસ્થામાં પણ જાણનારો જણાયો એમ કહે છે, જ્ઞાયકપણે જણાયો '**તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ,...**' એનો એ પોતે જણાયો છે. પરની અપેક્ષા લઈને જ્ઞાન એ પણ પોતે જણાયો છે એમાં, એમાં પર છે નહિ અને પોતાને જાણવાની અપેક્ષામાં પણ પોતે જ જાણે.

'**સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ, દીવાની જેમ,...**' દાખલો દીવાનો આપ્યો. '**કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી...**' દેખો ! કર્તા-કર્મનું અનન્યપણું. એકમાં કર્તા-કર્મપણું હોય, ભિન્નમાં કર્તા-કર્મપણું નહિ. જુઓ ! અહીં શરૂ કરી દીધું. કર્તા-કર્મનું અન્યપણું, અનેરાપણું ન હોવાથી, પોતામાં જ પોતામાં કર્તા-કર્મપણું હોવાથી. સમજાય છે કાંઈ ? '**જ્ઞાયક જ છે...**' જ્ઞાયક જ છે. જ્ઞાયક પોતે કર્તા અને જે જ્ઞાયકનું પરિણમન જ્ઞાન એ એનું કર્મ. એટલે વ્યવહાર કર્તા અને જ્ઞાન પરિણમન તેનું કર્મ, એમ નથી. સમજાણું કાંઈ ? અરે..! ભારે વાત ભાઈ ! બહુ આ તો ધ્યાન રાખે તો પકડાય. વાર્તા નથી આ કાંઈ.

અહીં તો કહે છે, એ એની સામું જોયે જ ખીલે આત્મા. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે આ ભગવાન. કહે છે કે ચૈતન્યસૂર્ય પર્યાયમાં ખીલ્યો ને ? ખીલ્યો એમાં જરી પરને જાણવાપણું એટલું આવ્યું કે નહિ ? પરનું જાણવાપણું એટલું આવ્યું કે નહિ ?–કહે નહિ, એ પોતાનું જાણવાપણું એમાં છે. પરને જાણવા અપેક્ષાએ પણ પોતાને જાણે છે અને પોતાને જાણવાની અપેક્ષાએ પોતાને જાણે છે. પરની અપેક્ષામાં પરને જાણે છે એમ છે નહિ. સમજાણું કાંઈ ? અરે..! આવી ધર્મની રીત છે. આવી જ હોય. વસ્તુસ્થિતિ એવી છે અને આ રીતે ન હોય તો વસ્તુ કોઈ રીતે-બીજી રીતે હોઈ શકે કેમ ! સમજાય છે ? આ તો જેવું સ્વરૂપ છે તે જ રીતે પ્રસિદ્ધ થાય છે. આત્મખ્યાતિ છે ને આ ! આત્મખ્યાતિ, આત્મપ્રસિદ્ધિ. જ્ઞાયક પ્રસિદ્ધ થાય છે કહે છે. રાગ પ્રસિદ્ધ થાય છે એમ નહિ. આહા..હા...!

વસ્તુ આવી છે. આવી જ છે. રાગાદિ હો, એને જાણતું જ્ઞાન .. જ્ઞાનનો આકાર તો પોતાનો પરિણમન હતો. પોતે છે. પરને જાણવાનો પર્યાય જે છે એ પોતાનો જ છે. પોતે જ જ્ઞાયકપણે જણાય છે ત્યાં. આમ સ્વરૂપ તરફ જાવ તોપણ પોતે જ્ઞાયકપણે જણાય છે. સમજાય છે ? કાંઈ એમાં બીજો જણાય છે, વ્યવહાર જણાય છે એમ નથી, એમ કહે છે. એ જણાય છે તે વ્યવહારસંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી થયું તે જણાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે - પોતે જાણનારો માટે પોતે કર્તા...'** જુઓ ! પોતે જાણનારો માટે કર્તા **'અને પોતાને જાણ્યો માટે પોતે કર્મ.'** એ પોતાને જાણ્યો છે ને ? એમાં વ્યવહારને રાગને જાણ્યો છે એમ ક્યાં આવ્યું કહે છે. સમજાણું કાંઈ ? એક પણ વાત અને એક પણ ગાથા અને એક પણ પદ જો બરાબર સમજે ને તો બેડો પાર થઈ જાય. એને ખ્યાલ આવી જાય કે આ વસ્તુ.. બધાના ઉકેલ સારા, સારા (સંપૂર્ણ) આગમના. 'સબ આગમ ભેદ સુ ઉર વસે' સમજાણું કાંઈ ? એમનેમ પોતાની કલ્પનાથી કહે. 'સમયસાર' અમે વાંચ્યું છે લ્યો ઓલો કહે. અમે 'સમયસાર' વાંચ્યું, માટે 'સમયસાર'માં તમે કહો છો એમ નથી. એમાં વ્યવહાર સ્થાપ્યો છે અને વ્યવહારથી થાય છે, લ્યો એમ કહેવું છે. ભગવાન ! આહા..હા..! અમે 'સમયસાર' વાંચ્યું છે કહે. અમે 'સમયસાર' વાંચ્યું છે, હોં ! નથી એમ નહિ. ભાઈ ! બાપા ! શું કહીએ. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના, રાખીને નહિ, પોતાની દૃષ્ટિમાં જ રહેલ છે એ. 'સમયસાર'ને શું કહેવું છે ત્યાં એને ક્યાં વાળવી છે દૃષ્ટિને ! એના ભાવને પોતાની દૃષ્ટિમાં વાળવા છે. આ દૃષ્ટિને એને શું કહે છે ત્યાં વાળવી નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા એમ. એમાંથી ક્યાંક ટેકો મળે પોતાની દૃષ્ટિના ભાવને એમાંથી ત્યાં મળે એમ એને વાળે છે. બાપુ ! એમ નથી આ.

અહીં તો કહ્યું કે વ્યવહાર જે છે એ ખરેખર તેનાથી તો નિશ્ચય થયું નથી. નિશ્ચય જે પર્યાય જે સમ્યગ્દર્શન પ્રગટી એ તો દ્રવ્યના સેવવાથી પ્રગટી છે, વ્યવહારના સેવવાથી પ્રગટી નથી. હવે અહીંયાં કહે છે કે પણ જ્ઞાન થયું ને તે સંબંધીનું ? સેવા તો ભલે દ્રવ્યની કરી અને જ્ઞાન પ્રગટ્યું, પણ હવે જ્ઞાનમાં ઓલો રાગને પણ જાણવાનું જ્ઞાન પ્રગટ્યું છે કે નહિ ? વ્યવહાર જેટલો છે તે પ્રકારનો તેટલો તે પ્રકારનું અહીં જ્ઞાન પ્રગટ્યું છે નહિ ?–કહે છે ને. એ પ્રગટ્યું કોને લઈને પ્રગટ્યું ? વ્યવહારને લઈને પ્રગટ્યું છે ? જ્ઞાનની પર્યાય પોતાની યોગ્યતાથી પોતાને કારણે પ્રગટી છે, પરને લઈને નહિ. **'णादो जो सो दुसो चेव'** જાણનાર, જણાણો તે જણાણો પોતે જ છે કહે છે, પર છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્રી સમયસાર, ગાથા-૬,
## પ્રવચન નં. ૨૦, તા. ૨૮-૯-૧૯૬૮
## [૨]

(છઠ્ઠી ગાથાનો) છેલ્લો ભાગ છે. ચોથા પદની વ્યાખ્યા ચાલે છે. શું કહ્યું પહેલું ? જુઓ ! **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** એની વ્યાખ્યામાં આવી ગયું કે શુભ-અશુભ પરિણામરૂપે દ્રવ્ય–વસ્તુ સ્વભાવ શુદ્ધ ધ્રુવ, એ શુભ-અશુભપણે પરિણમતો નથી. તેથી તેમાં પ્રમત્ત-અપ્રમત્ત આદિ ગુણસ્થાનના ભેદ પડતા નથી. સમજાણું કાંઈ ? અપ્રમત્ત સાતમેથી ચૌદ અને પ્રમત્ત પહેલેથી છ (ગુણસ્થાન સુધી). એ વસ્તુ પોતે ધ્રુવ છે શુદ્ધ એક જ્ઞાયકભાવ. એમ આવ્યું ને પહેલું ? **'जाणगो दु जो भावो'** જ્ઞાયકભાવ છે, વસ્તુ છે એ શુભાશુભપણે થતી નથી. તેથી તેનામાં ગુણસ્થાનાદિના ભેદ પડતા નથી. તેથી તેને પ્રમત્ત-અપ્રમત્ત લાગુ પડતું નથી. પછી જ્ઞાયકભાવની વ્યાખ્યા થઈ ગઈ.

હવે **'एवं भणंति सुद्धं'**ની વ્યાખ્યા કાઢી. શું કાઢ્યું ? **'एवं जाणंति सुद्धं'** એમ ત્યાં **'भणंति'**માં લેવું. **'एवं जाणंति सुद्धं'** એવો જે જ્ઞાયકભાવ છે... **'एवं जाणंति सुद्धं'** એટલે એમાંથી કાઢ્યું કે પરદ્રવ્યથી ભિન્ન પડીને દ્રવ્યને ઉપાસવામાં આવતા એટલે જાણવામાં આવતા. સમજાણું કાંઈ ? **'एवं भणंति'** એ રીતે જાણે તેને શુદ્ધ કહેવામાં આવે છે. પ્રમત્ત-અપ્રમત્તથી ભિન્ન છે એટલે શુભાશુભપણે થતો નથી અને એ રીતે જાણે **'एवं भणंति'** **'भणंति'** એ શબ્દ છે, પણ એ શુદ્ધ વસ્તુ છે એને જાણે એટલે શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એ ત્રણ પદની વ્યાખ્યા થઈ. 'વજુભાઈ'! એ તો પાઠ લીધો છે ને, શુદ્ધ કહેવાય. કહેવાય છે એનો અર્થ કે જાણ્યો આ. એ જાણ્યો ત્યારે એને શુદ્ધ કહેવાય છે. શુદ્ધ જાણવામાં આવ્યો એમ. મૂળ તો પાઠમાંથી કાઢ્યું છે કે નહિ ? ટીકા કાંઈ અદ્ધરથી નથી કાઢી. પાઠના ભાવમાં છે એ ભાવને સ્પર્શીને કહ્યું છે. સમજાણું કાંઈ ? આ તો પહેલો શ્લોક છે ને મુખ્ય !

આત્મા જ્ઞાયકભાવ એક, જ્ઞાયકભાવ એક. એ બીજા પદની વ્યાખ્યા. પહેલાંના બીજા પદની, બીજા ભાગની. જ્ઞાયક એક ભાવ. એથી એને આમ સામે કાઢ્યું કે પુણ્ય-પાપના અનેક ભાવ, એને પર્યાયમાં પ્રાપ્ત થવા છતાં દ્રવ્યથી પ્રાપ્ત છે નહિ. દ્રવ્ય સ્વભાવથી જોઈએ તો તેને છે નહિ. માટે તેને અપ્રમત્ત અને પ્રમત્તના ભેદો લાગુ પડતા નથી. વસ્તુ શુદ્ધ ધ્રુવ (છે). સમજાણું કાંઈ ? **'एवं भणंति सुद्धं'** એમાંથી કાઢ્યું આ. પરદ્રવ્યનું લક્ષ છોડી, સ્વદ્રવ્યને સેવે એટલે કે આ શુદ્ધ જે

જ્ઞાયકભાવ છે એના તરફ દૃષ્ટિ ગઈ, અહીં એકાગ્ર થયો, ત્યારે એને શુદ્ધ છે એમ જાણવામાં આવ્યો. સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ આમાં ? 'જગજીવનભાઈ' ! શું કીધું ?

**શ્રોતા :–** પોતાને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઠીક. એમાં **'एवं भणंति सुद्धं'**માંથી કાઢ્યું. એય..! 'વજુભાઈ'!

હવે **'णादो जो सो दु सो चेव'** ચોથા પદની વ્યાખ્યા ચાલે છે. મૂળ તો ત્યાં જણાય છે તે પોતે છે, એમ કાઢ્યું. જણાયો. પરપ્રકાશના કાળમાં પણ પોતે છે જ્ઞાયક. પછી કાંઈ કાળભેદ નથી, એ તો સમજાવે છે કે આ રાગાદિને જાણતા પણ, પરને જાણતા પણ એ તે પોતે જ છે, જ્ઞાયક જ છે. એમાં કાંઈ બીજો થઈ ગયો નથી, બીજારૂપે થયો નથી. એ તો પોતારૂપે રહીને બીજાને જાણતા એ જાણ્યું છે એ પોતાનું સ્વરૂપ છે, પણ એ પરને જાણવા વખતે પણ જ્ઞાયકપણે પોતે જણાય છે અને સ્વને જાણતા વખતે પોતે જણાય. એટલે કાંઈ બે ભેદ નથી. એને સમજાવાની રીત કરી છે. સમજાણું કાંઈ ? બહુ ઊંચો શ્લોક છે. મૂળ અહીંથી શરૂ થાય છે ને આખું હવે.

એટલે કહે છે કે **'જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે....'** દાહ્યકૃત કીધું ને ? દાહ્યકૃત. દાહ્યના આકારે એટલે બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે, અગ્નિને દહન કહેવાય છે. બળવાયોગ્ય પદાર્થને બાળવાની અપેક્ષાએ એને દહન કહેવાય છે, તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી. લાકડા બળ્યા તેની અગ્નિરૂપે અહીં પરિણમ્યું છે, લાકડાની અપેક્ષાથી પરિણમ્યું છે એમ છે નહિ. તેવી રીતે **'જ્ઞેયાકાર થવાથી...'** જાણક શબ્દ છે ને ? જ્ઞાયક છે ને ? જ્ઞાયક છે. હવે જ્ઞાયક છે એને પર્યાયમાં લેવો છે. દ્રવ્ય તો છે જ્ઞાયક. હવે પર્યાયમાં જ્યારે રાગાદિ–વ્યવહાર–પરને જાણે છે એ વખતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. જાણવાની અપેક્ષાએ તે પ્રસિદ્ધ છે. **'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** વ્યવહાર હતો માટે અહીં જાણવાની પર્યાય થઈ અને વ્યવહારને જાણે છે માટે એટલી પરાધીનતા છે એમ નથી. જ્ઞેયની કરાયેલી અશુદ્ધતા નથી. કરાયેલું તો પોતાનું જ્ઞાનસ્વરૂપ છે ઇ. સમજાણું કાંઈ ?

**'જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણ...'** એનું કારણ આપ્યું. **'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો....'** પરને જાણવા કાળે પણ જણાયો પોતે છે, એમાં કાંઈ બીજો છે નહિ. બીજો થયો નથી. બીજા રૂપે થયો નથી. એ તો પોતાના રૂપે થઈને પરને જાણે છે એમ કહેવું, પણ એ વખતે તો જ્ઞાયક તો જ્ઞાયક જ છે. જાણવાની પર્યાયપણે થયો એ તો જ્ઞાયક પોતે જ છે. એમાં પરને જાણવા કાળે બીજો અને સ્વને જાણવા કાળે બીજો એમ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ ? **'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો...'** જ્ઞેયાકાર અવસ્થામાં પણ અવસ્થા કોની ?–પોતાની. એમાં **'જે જણાયો તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ,...'** પોતે જ છે. અવસ્થામાં પણ જ્ઞાયક જ છે, એમ લેવું. વચમાં તો દૃષ્ટાંત (છે). અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. છે ને શબ્દ છેલ્લો ? **'દીવાની જેમ,**

**કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે-**' એ લેવું છે. સમજાણું કાંઈ ? અલૌકિક અલૌકિક વાત !!

**શ્રોતા** :– બહુત ગંભીર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– બહુત ગંભીર ભાવ હૈ.

**'દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે-...'** તેથી તે જાણનારો જણાયો, એ જણાયો જાણનાર–કર્તા અને જણાય એ અવસ્થા તે કર્મ. એ કાંઈ ભિન્ન છે નહિ. પરને જાણ્યો એ કર્મ અથવા પર કર્તા ને જ્ઞાનનો પર્યાય કર્મ એમ છે નહિ. રાગાદિ વ્યવહારાદિ જણાયો માટે તે વ્યવહારકૃત–વ્યવહાર કર્તા અને અહીં જાણવાની પર્યાય તેનું કાર્ય, એમ નથી. એ વ્યવહારને જાણવા કાળે પણ પોતે જ્ઞાયકપણાનું પરિણમન છે એ કર્તા પોતે અને જાણવાની પર્યાયનું એનું કર્મ છે. સમજાણું કાંઈ ? 'સમયસાર' આ ચીજ છે. એને સમજવા માટે...

**શ્રોતા** :– રાગને જાણતા જ્ઞાયક જણાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પોતે જણાય છે, રાગને જાણતો એ તો કહેવાની ભાષા છે. વ્યવહારને જાણવું એમ કહેવું, બાકી જાણવું તો પોતાનું છે એમાં. સમજાણું કાંઈ ? તેથી તેને જણાયાના કારણે અહીંયાં જણાયો, જણાવાના કારણે અહીંયાં જણાયો એમ નથી. પોતાને કારણે અહીંયાં જણાયો છે. સમજાણું કાંઈ ?

**'પોતે જાણનારો માટે પોતે કર્તા...'** ભગવાન જ્ઞાયક સ્વભાવ પોતે જાણનારો. માટે જાણનારો એ કર્તા. નહિ કે ઓલો વ્યવહારને અહીં જાણે છે માટે વ્યવહાર કર્તા અને જાણવું તેનું કર્તવ્ય, એમ તો છે નહિ. સમજાય છે કાંઈ ? કહો, છે ને સામે પુસ્તક ? જુઓ ! આ 'જયંતિભાઈ' ! બધા 'ભાવનગર'વાળા આવે ત્યારે કેટલું બધું ઝીણું આવે છે. આ વળી આજે ન આવ્યા. એને ભાવ તો એવો હતો કે આવશે. 'રતિભાઈ' કહે, છઠ્ઠી ગાથા સાંભળવી છે. કુદરતે .. એના બહારના સંયોગો...

આત્માને જાણવા માટે બાહ્ય સામગ્રીની જરૂર નથી. એ તો આવી ગયું છે ને ! એ તો પોતે જ અંદરમાં અંદર ડોકિયું નાખીને પોતે પોતાનું સાધન અને સાધ્ય થાય છે, એને બહારના વિકલ્પની પણ જરૂર નથી. સમજાણું ? અને એ વિકલ્પ અહીં જણાયો ?–ના, જ્ઞાનની પર્યાય જણાણી છે. જ્ઞાન જ્ઞાયકની પર્યાય–જ્ઞાયક પર્યાય–જ્ઞાયક જણાયો છે, રાગ નહિ. અને રાગથી જ્ઞાન થયું છે એમ નહિ, જ્ઞાયકથી જ્ઞાન થયું છે. રાગ સંબંધીનું, વ્યવહાર સંબંધીનું જ્ઞાયકથી જ્ઞાન થયું છે એટલે જ્ઞાયક તેનો કર્તા છે અને જ્ઞાનની અવસ્થા થઈ તે આત્માનું કર્મ નામ કાર્ય નામ કર્તવ્ય છે. સમજાણું કાંઈ ?

**'પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.'** જોયું ! વ્યવહારને જાણ્યો, રાગને જાણ્યો એમ નહિ, એમ કહે છે. પોતાને જાણ્યો માટે પોતે કાર્ય–કર્મ. **'(જેમ દિપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય...'** દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં

**'દીપક છે...'** આ ઘડો છે, આ વસ્ત્ર છે, આ છે. એને પ્રકાશવા વખતે દીપક દીપકપણે રહીને પ્રકાશે છે. દીપકપણું પરરૂપ થઈ ગયું છે ? દીવો જે પ્રકાશે છે એ પરને પ્રકાશે છે ? એ તો કહે કહેવામાત્ર છે. એ વખતે પોતાની પર્યાયને પ્રકાશે છે. સમજાણું કાંઈ ?

**'દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે,...'** દીવો તે દીવો જ છે. દીવો તે કાંઈ ઘટપટરૂપે થયો નથી અને ઘટપટને કારણે દીવાની પ્રકાશિતતા થઈ નથી. ઘટપટને કારણે દીવાની પ્રકાશતા થઈ નથી. સમજાય છે કાંઈ ? **'અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું.'** અન્ય કાંઈ નથી. દીવો દીવારૂપે રહ્યો છે. પરને પ્રકાશવા વખતે પણ દીવો દીવામાં રહીને દીવો છે. પોતાને પ્રકાશે (ત્યારે પણ) દીવો દીવામાં રહીને દીવો છે. એમ ભગવાન આત્મા જ્ઞાયકપણે વ્યવહારને પ્રકાશે એ વખતે પણ જ્ઞાયક જ્ઞાયકપણામાં રહીને જ્ઞાયક રૂપ જ એનું છે. પોતાને જાણવામાં પણ જ્ઞાયક જ્ઞાયકરૂપે પોતે જ છે, એમાં કાંઈ બીજો થયો નથી. બીજો થયો નથી એટલે બીજાનું જ્ઞાન થયું નથી અને બીજા રૂપે થયો નથી. સમજાણું કાંઈ ? ઓહો..હો...! 'અમૃતચંદ્રાચાર્ય' ઉપલા પાઠમાંથી કાઢ્યું છે. ચાર પદનું ભાઈ ! જુદું પાડીને વિચાર્યું છે. કીધું, આ કાઢ્યું ક્યાંથી આ બધું ? આહા..હા...! આ ટીકા કાંઈ અદ્ધરની નથી. મૂળ અંદર ભરેલું જેમ છે એની સ્પષ્ટતા છે. 'અન્ય દ્રવ્યથી ભિન્ન પડીને સેવવામાં આવતા' ઇ કાઢ્યું ક્યાંથી ? સમજાણું ? **'एवं जाणंति सुद्धं'** માંથી કાઢ્યું છે. **'भणंति'** શબ્દ ... છે. બંધકથા શબ્દ આવે છે. ભાવની વાત છે.

ભગવાન આત્મા જ્ઞાયક એક ભાવ, જ્ઞાયક એક ભાવ, તેને પ્રમત્ત-અપ્રમત્ત હોઈ શકતું નથી. એટલે આચાર્યે પોતે હેતુ આપ્યો કે શુભ અને અશુભ ભાવ જ ખરેખર તો એ જ્ઞાયકની પર્યાયથી પણ ભિન્ન જાત છે. એ જ્ઞાયકપણે ચોથામાં લીધું કે જ્ઞાયકપણે પરિણમે છે એ જ્ઞાનની પર્યાય છે. આ એનું સ્વરૂપ નથી, આ એની પર્યાય નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! જ્ઞાયક ભગવાન આત્મા એ તો ચૈતન્યસ્વરૂપ છે. એ ચૈતન્યસ્વરૂપ પોતે શુભ અને અશુભ જે વિકલ્પો છે, એ ચૈતન્યના દ્રવ્ય-ગુણ તો નથી પણ એનો ચૈતન્યનો અંશ જે પ્રકાશ છે તે એમાં નથી. એમાં નથી એટલે આમાં એ નથી, આમાં એ નથી. તો એ રૂપે આમાં એ નથી અને એ શુભાશુભ પરિણામ એના પર્યાયમાં નથી. કારણ કે ચૈતન્યની પર્યાય શુભાશુભરૂપ હોઈ શકે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? એથી એને ચોથા પદમાં સમજાવ્યું કે ભાઈ આ રૂપે થયો નથી માટે તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. તેવો જ્ઞાયક એક ભાવ **'एवं जाणंति सुद्धं'** એને જાણતા. આ .. પ્રશ્ન છે ને ? એમ જાણવું જોઈએ એવું તો એમાંથી ... પ્રશ્નમાં. **'कोऽसौ शुद्ध आत्मेति चेत् -'** બસ. પ્રશ્ન છે પ્રશ્નકારનો. પછી તો અહીં લખ્યું છે. એનું સ્વરૂપ જાણવું જોઈએ. આવો પ્રશ્ન છે. એવો તે શુદ્ધ આત્મા કોણ છે ? એટલે શુદ્ધ કોણ છે ? શુદ્ધ કોણ છે ? પ્રશ્ન છે. ત્યારે શુદ્ધ આ છે. આ છે એટલે

જે શુભાશુભપણે પરિણમતો નથી તેથી તેને પ્રમત્ત-અપ્રમત્તના ભેદ પડતા નથી એવો જે જ્ઞાયક એકભાવરૂપ એને જાણતાં, એને જાણતાં શુદ્ધ એમ કહેવામાં આવે છે અને એવો જે આત્મા જ્ઞાયકભાવ છે. તો જ્ઞાયક છે તેની પ્રસિદ્ધિ તો જ્ઞાનથી હોય. જ્ઞાયકથી પ્રસિદ્ધિ, જ્ઞાનથી પ્રસિદ્ધિ. ત્યારે ત્યાં વ્યવહાર છે ને ? પર જાણવામાં આવે છે ને ? તે પર જાણવામાં પણ એ જ્ઞાયકની પ્રસિદ્ધિમાં પ્રસિદ્ધિ થઈ છે એમાં. એમાં કાંઈ પરની પ્રસિદ્ધિ થઈ નથી. પરથી થઈ નથી, પરની થઈ નથી. પરથી થઈ નથી, પરની થઈ નથી. એની પોતાની થઈ છે. ભાઈ ! 'હિંમતભાઈ' ! ઓલા શુભાશુભનો પર્યાયમાં નિષેધ કર્યો ને ! અહીં પર્યાય પાછી નાખી. સમજાણું કાંઈ ? દ્રવ્ય તો એ રૂપે પરિણમ્યું નથી પણ ત્યારે હવે પર્યાયમાં ? સમજાણું કાંઈ ? એને વ્યવહારના-પરના ભાવો જે હોય છે એને જાણવાનો છે ને ભાવ ? સ્વપરપ્રકાશક સ્વરૂપ છે ને એ ? સ્વપરપ્રકાશનું રૂપ એ પોતાનું છે ને ? તો એ પરપ્રકાશવા કાળે પરપ્રકાશ પોતે જ્ઞાયક જ છે અને પોતાના પ્રકાશ કાળે પણ સ્વપરપ્રકાશક એવો પોતે જ્ઞાયક જ છે. એમાં જ્ઞાયકની પર્યાય પરથી થઈ છે અને પરરૂપે થઈ છે એમ તો છે નહિ. સમજાણું કાંઈ ? 'શશીભાઈ' ! બહુ ઝીણું. આહા..હા...! કહો, સમજાણું આમાં ?

ચૈતન્યજ્યોત ઝળહળ જ્યોતિ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા છે. એટલે પારિણામિક શબ્દ વાપરવામાં તો બીજામાં પણ (પારિણામિકભાવ છે). અહીં તો જ્ઞાયક (શબ્દ) વાપર્યો છે. છે તો પરમપારિણામિક, પણ જ્ઞાયક પરમપારિણામિક–જ્ઞાયક પરમપારિણામિક વસ્તુ એકરૂપ ભાવ. એ ભાવ તે શુભ-અશુભ જે ભાવ એમાં જ્ઞાનની કોઈ જાત નથી. સમજાય છે ? દ્રવ્ય-ગુણ નથી પણ એની જ્ઞાનની જાત નથી, એવા રૂપે એ દ્રવ્ય પરિણમ્યું નથી, એવા રૂપે દ્રવ્ય પરિણમ્યું નથી. એટલે દ્રવ્ય પોતે તેને પ્રમત્ત-અપ્રમત્ત કે દ્રવ્યને ગુણસ્થાન ભેદો લાગુ પડતા નથી. એવો જે છે... હવે આમાં ત્રણ જ બોલ કહ્યા છે, ભાઈ, હોં ! ચોથો બોલ આમાંથી નથી. એ ચારે બોલનો નિષેધ અગિયારમાં લેશે. અહીં તો હજી ત્રણનો નિષેધ થયો છે. એના અનુભવમાં ભલે ભેદ રહ્યો નથી, પણ નિષેધપણે ત્રણનો કર્યો. ચોથી ગાથાની જરૂર છે ત્યાં. કારણ કે ત્યાં જ્ઞાન ને દર્શન ને આત્મા એવા ભેદો દૃષ્ટિમાં રહ્યા નથી અહીંયાં–શુદ્ધમાં, પણ નિષેધમાં ત્રણ પ્રકાર અહીંયાં વર્ણવ્યા. સમજાય છે કાંઈ ? ચોથાના નિષેધ માટે સાતમી ગાથા લેવી પડી છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ભારે પણ જબર વાત ! ઓહો..હો...! 'અમૃતચંદ્રાચાર્ય' કેવી શૈલીથી વાત કરે છે અને આચાર્યો પણ કેટલી વાત અને કઈ રીતે સત્ય, સત્ય, સત્ય છે એને સિદ્ધ કરે છે. આ રીતે સત્ય છે, ભાઈ ! સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા... અહીં તો પુનરુક્તિ લાગતી નથી. નવો વિચાર કરતાં કંઈક નવું આવે છે એમ. 'જ્ઞાયકભાવ' એટલું કહ્યું પાઠમાં. પછી એમાંથી કહ્યું, જ્ઞાયક તો એક ભાવ એમ કાઢ્યું. જ્ઞાયક એક ભાવ એમ કહ્યું છે. 'અમૃતચંદ્રાચાર્યે' એમાં આ વિશેષ નાખ્યું છે. **'जाणगो दु जो भावो'** પછી

એને સ્પષ્ટ કર્યું, જ્ઞાયક એક ભાવ છે. એક ભાવ પ્રમત્ત-અપ્રમત્ત નથી એમાંથી કાઢ્યું. પ્રમત્ત-અપ્રમત્ત તો શુભાશુભ પરિણામનું પરિણમન હોય તો એ પ્રમત્ત-અપ્રમત્ત હોય. સમજાય છે કાંઈ ? કારણ કે એ બધા ભેદો અચેતનની જાતના છે, ગુણસ્થાનાદિ ભેદ. સમજાય છે કાંઈ ? આહા..હ...! એથી જે જ્ઞાયકભાવ છે તે શુભાશુભ વિકલ્પો અથવા શુભાશુભ યોગ અથવા શુભાશુભ પરિણામ એ રૂપે થયો નથી માટે આ ભેદ દ્રવ્યને લાગુ પડતો નથી અને તેથી તે વસ્તુને **'एवं जाणंति सुद्धं'**. આવી ચીજને જાણે ત્યારે એને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે, એમ જાણવામાં આવે છે. ત્યારે એને જાણવામાં આવે છે. અને તે જાણવામાં આવે છે એ વખતે પર્યાય તો થઈ જાણવાની, જાણવાની પર્યાય તો થઈ ને ? ભાઈ ! એટલે હવે ચોથા બોલની જરૂર પડી. જાણવામાં આવ્યો. ત્યારે એમાં જાણવાની પર્યાયમાં એ આવ્યો અને વ્યવહાર છે એનું જ્ઞાન તો આવ્યું છે કે નહિ એમાં ? એ વખતે એનું જ્ઞાન તો આવ્યું છે. સમજાય છે કાંઈ ? આહા...હા...! એનો સ્વભાવ છે સ્વપરપ્રકાશનો એ સ્વભાવ ક્યાં જાય ? એટલે આમ જાણતાં શુદ્ધ છે એમ જે જ્ઞાનમાં જણાણું એ જ્ઞાનમાં પણ વ્યવહાર સંબંધીનું જે છે વ્યવહારાદિનું જ્ઞાન અને આનું જ્ઞાન બેય એકસાથે આવ્યું જ છે. સમજાય છે ? એટલે હવે કહે છે કે આ વ્યવહારને જાણતી વખતે શું છે ? એને જાણતો નથી. જાણવા વખતે પોતે જ રહ્યો છે. જ્ઞાયક પોતે જ રહ્યો છે. પોતાને જાણવા વખતે પોતે જ્ઞાયક રહ્યો છે, પર્યાયથી. સમજાણું કાંઈ ? 'ભગવાનજીભાઈ' ! આ તો પહેલી મૂળ ગાથા છે ને, એટલે આમાં પાઠમાં શું છે, કીધું આમાં પાઠમાં શું છે ? ઘણું ભર્યું છે.

**'णादो'** જણાયો. **'जो सो दु सो चेव'** તે તે જ છે. એ કાંઈ પરરૂપે થયો નથી અને પરને લઈને થયો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? **'અન્ય કાંઈ નથી; તેમ જ્ઞાયકનું સમજવું.'** ઓલા દીવાની જેમ. છે ને ? જાણનારો ભગવાન પોતાને જાણ્યો એ વખતે પર્યાયનો સ્વભાવ વ્યવહાર જે છે એને પણ જાણવાનું એમાં આવી ગયું છે. સમજાણું કાંઈ ? એ જાણેલો જણાણો. કહે છે એ શું જણાયું ? એ તો જ્ઞાયક જ જણાયો છે. વ્યવહાર જણાયો નથી અને વ્યવહારને લઈને જણાયો છે, એમ (નથી), જ્ઞાયકને લઈને જણાયો છે, જ્ઞાયકને લઈને જણાયો છે. જ્ઞાયક કર્તાપણાને લઈને જ્ઞાયક પર્યાય જણાણી, એમ કહે છે. વ્યવહાર લઈને જણાણો નથી અને વ્યવહાર જણાયો નથી. વ્યવહારને લઈને જણાયો નથી અને વ્યવહાર જણાયો નથી. સમજાણું કાંઈ ?

**'તેમ જ્ઞાયકનું સમજવું.'** જાણનાર ભગવાન આત્મા. આ તો કીધું ને ? **''ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** જ્ઞેયાકાર થવાથી તે જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે એમ કીધું ને ? જ્ઞેયાકાર થવાથી. પાછો એકલો જ્ઞાયક દ્રવ્ય એમ નહિ, આ પર્યાય લીધી ભેગી. સમજાણું કાંઈ ? ઓલો દાખલો આપ્યો ને કે અશુદ્ધતા તેને નથી. કોને ?–ઓલા અગ્નિને. એવી રીતે જ્ઞેયાકાર થવાથી. જુઓ ! પર્યાય તો થઈ. એ **'ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** જાણવાની પર્યાયથી જ્ઞાયક જ છે એ પ્રસિદ્ધ છે. **'તોપણ**

**જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** વ્યવહારથી જ્ઞાન થયું છે અને વ્યવહાર કર્તા અને જ્ઞાનની પર્યાય કર્મ એમ નથી. તેમ વ્યવહાર જ જણાયો છે એમ નથી. સમજાણું કાંઈ ? જ્ઞાયક કર્તા અને જ્ઞાનપર્યાય કર્મ અને જણાયો છે જ્ઞાયક. આહા..! લોજિકથી વાત છે. લ્યો ! ગાથા છઠ્ઠી થઈ. 'દાસ' ! 'ભાવનગર'વાળા આવી ગયા છે. હવે ભાવાર્થ. ચાલતી ભાષામાં જરી ભાવાર્થ સમજાવે છે.

**'અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.'** ભગવાન આત્મા ચૈતન્યબિંબ જ્ઞાયકમૂર્તિ એમાં પર્યાયમાં જે અશુદ્ધતા આવે છે એ તો પરદ્રવ્યના સંયોગથી આવે છે, અશુદ્ધ થવું એ કાંઈ એનો દ્રવ્ય સ્વભાવ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? **'અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.'** અશુદ્ધપણું કાંઈ દ્રવ્યનો સ્વભાવ નથી કે અશુદ્ધપણે પરિણમે. એ તો શુદ્ધ (છે), દ્રવ્ય–વસ્તુ તો શુદ્ધ છે. સમજાણું કાંઈ ? **'અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.'** સંયોગથી આવે છે એનો અર્થ થાય છે એના ઉપાદાનમાં પણ સંયોગથી આવે છે, સ્વભાવમાંથી આવતું નથી. સમજાય છે ? એ અશુદ્ધપણું પણ એનો પર્યાયનો પોતે ધારી રાખેલો ધર્મ છે, પણ પરના સંયોગથી થાય છે એટલો ફેર છે, સ્વભાવથી નથી.

**'ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી,...'** મૂળ વસ્તુ જે જ્ઞાયક ચૈતન્ય સત્ત્વ છે, સત્ છે, સત્ છે, જે જ્ઞાનસ્વરૂપે સત્ છે, હોવાપણે છે, ભાવરૂપે જ્ઞાયકપણે હોવાપણે છે એવો જ્ઞાયકભાવ તે **'મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી,...'** થયું ? ત્યારે હવે થાય છે શું ? **'માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે.'** સમજાણું કાંઈ ? નિમિત્તની વ્યાખ્યા પાછી એમ નહિ, હોં ! નિમિત્તને કારણે એમ નહિ. નિમિત્તથી (એટલે) અહીં અશુદ્ધ ઉપાદાનથી (થઈ) ત્યાં ઓલા નિમિત્તથી (થઈ) એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? શબ્દે શબ્દે વાંધા. સમજે નહિ ને શું કરે ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સંયોગથી થાય છે એટલે શું કીધું ? સ્વભાવથી થાતું નથી એમ કીધું. સ્વભાવથી થયો નથી. અંદરમાંથી સ્વભાવમાંથી અશુદ્ધતા આવી નથી એટલે સંયોગને કારણે અશુદ્ધતા થઈ છે. નિમિત્ત કારણ ત્યાં કીધું છે, અશુદ્ધ ઉપાદાન તો પોતાનું છે. તેથી અહીં કીધું, જુઓને !

**'પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે.'** સમજાય છે ? અવસ્થા મલિન થઈ એ તો અશુદ્ધ ઉપાદાન છે. ઓલું પરદ્રવ્ય તો નિમિત્ત છે. સમજાણું કાંઈ ? **'દ્રવ્ય-દૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે...'** દ્રવ્ય દૃષ્ટિથી. દ્રવ્ય છે ને વસ્તુ એ દૃષ્ટિથી જોઈએ તો દ્રવ્ય જે છે તે જ છે. વસ્તુ તો જે છે તે છે. એ કંઈ અશુદ્ધ થઈ નથી. દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો દ્રવ્ય છે એ કાંઈ પર્યાયમાં આવ્યું નથી. **'પર્યાય (અવસ્થા)-દૃષ્ટિથી જોવામાં આવે....'** પર્યાય એટલે અવસ્થા દૃષ્ટિથી જોવામાં આવે **'તો**

**મલિન જ દેખાય છે.'** અવસ્થા દૃષ્ટિથી જોવામાં, એની પર્યાયને જોવામાં આવે. જુઓ ! એની પર્યાયને અવસ્થા દૃષ્ટિથી જોઈએ તો મલિન જ દેખાય છે, મલિન છે એમ કહે (છે). સમજાય છે કાંઈ ? પર્યાયદૃષ્ટિએ પર્યાય મલિન છે. સમજાણું કાંઈ ? ઓલા કહે ને એ તો મલિન માનતા નથી. એ તો ત્રણે કાળે પર્યાયને શુદ્ધ જ માને છે. ઓલા 'નિયમસાર'માં આવ્યું છે ને ? ઓલી ટીકા. કારણશુદ્ધપર્યાયની વાત. એ આવ્યું તો વાતું ખોટી ફેલાણી. ઘણે ઠેકાણે લખે છે. અરે..! ભગવાન ! શું તું કરે છે ? બાપુ ! આહા..હા...! સમજાણું ?

**'એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે,...'** જોયું ! એ રીતે આત્માનો મૂળ સ્વભાવ તો જ્ઞાયકપણું માત્ર છે. પર્યાયની મલિનતા થાય એ તો પર્યાયમાં છે, કાંઈ વસ્તુમાં નથી. વસ્તુ જ્ઞાયકમાત્ર છે, વસ્તુ જ્ઞાયકમાત્ર છે. આહા..! **'અને તેની અવસ્થા પુદ્ગલકર્મના નિમિત્તથી...'** જુઓ, ખુલાસો કર્યો. ઓલા પરદ્રવ્યના નિમિત્તથી કીધું છે ને ? તો પરદ્રવ્ય કયું ? તો પાછો ખુલાસો કર્યો. પુદ્ગલ કર્મના નિમિત્તથી, એમ. પરદ્રવ્ય તો બીજા ઘણા છે. **'પુદ્ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે.'** એ તો. પુદ્ગલકર્મનું નિમિત્ત છે અને અશુદ્ધ ઉપાદાન પોતે પર્યાયમાં મલિન છે તે પર્યાય છે–અવસ્થા છે.

**'પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે...'** અવસ્થામાંથી જુઓ. હજી તો પર્યાયની ખબર ન મળે. હતા ને ? ક્યાં ગયા એ ? 'બગસરા'વાળા. 'બોરસદ-બોરસદ'. વયા ગયા હશે. બહાર બેઠા છે ? કાંઈ ખબર ન મળે. અભ્યાસ જ ન મળે ને લોકને કાંઈ. વિકાર એટલે ક્યાં હશે ?–પર્યાયમાં. પર્યાય એટલે શું હશે ? કાંઈ અભ્યાસ જ ન મળે. લોકોને જૈનમાં જન્મ્યા એને કાંઈ (અભ્યાસ જ નથી) વાડામાં જન્મ્યા પણ શું કહે છે દ્રવ્ય-ગુણ-પર્યાય, અમથું વ્યવહારું જાણવું, હોં ! પરમાર્થ જુદી વાત છે.

અહીં તો કહે છે કે વસ્તુ જે છે... હવે વસ્તુ શું વળી પાછી ? દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી સત્ આખું તેને દ્રવ્ય અને વસ્તુ કહે છે. ત્રિકાળી સત્.. ત્રિકાળી સત્ત્વ તેને દ્રવ્ય અથવા તેને વસ્તુ અથવા તેને દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો દ્રવ્ય તે જ્ઞાયકપણે ત્રિકાળ છે અને તેની દશા વર્તમાન અવસ્થા–હાલત–પર્યાય–પુદ્ગલકર્મના નિમિત્તથી રાગાદિ મલિન છે, તે તેની પર્યાય છે. દ્રવ્ય જ્ઞાયક છે, આ એની પર્યાય છે. બે થઈને પ્રમાણનો વિષય (થાય છે). સમજાણું કાંઈ ?

**'પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે...'** મલિન જ દેખાય છે. આહા..! એ પર્યાયમાં કાંઈ શુદ્ધતા નથી. પર્યાયમાં શુદ્ધતા (હોય) તો સિદ્ધ થઈ જાય. સમજાય છે ? તો આ રહે શેનું આ ? સમજાણું કાંઈ ? **'પર્યાયની દૃષ્ટિથી જોવામાં આવે...'** એ આત્મા ભગવાન જ્ઞાયકસ્વરૂપ દ્રવ્ય–વસ્તુ ત્રિકાળ અને એની અવસ્થા જે ક્ષણિક છે એમાં મલિનતા છે અને એ મલિનતા પુદ્ગલના સંયોગથી, નિમિત્તથી પોતામાં થયેલી પોતાથી છે. એ અવસ્થાથી જોઈએ તો તે

મલિન છે. વસ્તુથી જોઈએ તો ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે. સમજાણું કાંઈ ? આ તો વાંચ્યું છે કે નહિ આ તમે ? તમે આ ત્યાં વાંચ્યું છે કે નહિ ? 'મુંબઈ' નવરા હો (ત્યારે). ત્યાં બરાબર સમજાતું નહોતું એમ ન કીધું. આહા..હા...! વાત તો સાચી છે હોં ! તમારી. એની મેળાએ કાંઈ બરાબર (સમજાય નહિ).

**'પર્યાયની દષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે...'** મલિન જ દેખાય છે. પર્યાય સંસારપર્યાય છે. સંસારપર્યાય છે એ વિકારી દશા છે એની. એનો સંસાર કાંઈ બહારમાં નથી. બાયડી, છોકરા, પૈસા, કુટુંબ એ સંસાર નથી, એ તો બહાર જડ પર ચીજ છે. એનો સંસાર, જ્ઞાયકભાવ જે ત્રિકાળી દ્રવ્ય છે એમાં સંસાર નથી. તેમ એનો સંસાર બાહ્ય પદાર્થમાં નથી–કર્મમાં, શરીરમાં, બાયડી, છોકરામાં. એનો સંસાર **'संसरण इति संसार:'** જ્ઞાયકભાવથી ખસીને પર્યાયમાં મલિનતા–મિથ્યાત્વની, પુણ્ય-પાપની, દયા-દાન, વ્રત ભક્તિ, કામ, ક્રોધ અને આ મારું કામ છે એવું કર્તવ્ય એવો મિથ્યાત્વભાવ, એ એની સંસારદશા છે, એ સંસારપર્યાય છે. પર્યાયથી જુઓ તો એ સંસાર એનામાં છે. સમજાણું કાંઈ ? એની સંસાર દ્રવ્યમાં નથી, એનો સંસાર બાહ્યમાં નથી–બાયડી, છોકરા, પૈસા, મકાન, બંગલામાં નથી. સમજાણું કાંઈ ? હીરા-બીરાની બંગડીમાં નથી સંસાર એનો. એની પર્યાયમાં સંસાર છે. સંસાર એટલે વસ્તુ જે જ્ઞાયક ચિદાનંદ ભગવાન સચ્ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ, એમાં ન રહેતાં પર્યાયમાં અનાદિની મલિનતા ઉત્પન્ન કરી છે, એ સંયોગ નિમિત્ત, કર્મ-પુદ્ગલ નિમિત્ત, ઉત્પન્ન એનાથી પોતાને કારણે થઈ. એ પર્યાયથી જુઓ તો મલિન જ છે. કહો, સમજાણું કાંઈ ? 'ન્યાલભાઈ' ! છે કે નહિ ? છે કે નથી ? જુઓ ! છે એવું આવ્યું છે કે ન હોય એવું આવ્યું છે ? છે કે નહિ ? પર્યાયમાં રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ ન હોય તો આ સંસાર કોનો ? દુઃખ કોને ? દુઃખ કોને ? પર્યાયમાં રાગ-દ્વેષ તે દુઃખ એને (છે), દુઃખ એમાં, એની પર્યાયમાં (છે). સમજાણું કાંઈ ? આહા..હા...!

**'અને દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે...'** દ્રવ્ય એટલે વસ્તુ, ત્રિકાળી જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ, એકરૂપ ચૈતન્ય દ્રવ્યસ્વભાવથી જોવામાં આવે, દષ્ટિથી જોવામાં આવે, હોં ! દ્રવ્ય તો દ્રવ્ય. હવે દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે **'તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે,...'** જ્ઞાનની મૂર્તિ ચૈતન્યબિંબ ધ્રુવ સ્વરૂપ અનાદિ–અનંત જ્ઞાનમૂર્તિ પ્રભુ એ તો જ્ઞાયક જ છે. સમજાણું કાંઈ ? ઠીક આ 'અમરચંદભાઈ' આમાં–પહેલાં શ્લોકોમાં બરાબર રહી ગયા. **'દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું નથી.'** ચૈતન્યમૂર્તિ જ્ઞાયક સ્વરૂપ છે તે કોઈ વિકલ્પરૂપે, પુણ્ય-પાપરૂપે બિલકુલ થયો જ નથી. સમજાય છે કાંઈ ? ભગવાન ચૈતન્ય શુદ્ધ ધ્રુવ, જેમાં નજર નાખતાં ધ્રુવપણું જણાય એ વસ્તુ તો જ્ઞાયક જ છે. એમાં કાંઈ અશુદ્ધતા આવી નથી એટલે એ કાંઈ અચેતનપણે થયો નથી એટલે કે ચૈતન્યની જાત બદલીને એમાં બીજી જાતના વિરુદ્ધ ભાવો પુણ્ય-પાપના અચેતન આદિ એ રૂપે તો થયો નથી, એ તો જ્ઞાયક જ્ઞાયક જ રહ્યો છે.

સમજાણું કાંઈ ? આહા..હા...! ક્યાં ધર્મ થાય છે અને ધર્મ કરનારો કેવડો છે અને ધર્મ કેમ પર્યાયમાં નથી ? આ એને સમજાવે છે.

**શ્રોતા :–** ...ધર્મ થાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતે કોણ છે એને જાણ્યા વિના (ધર્મ કઈ રીતે થાય ?) ધર્મ જેમાં થાય છે, ધર્મ તે પર્યાય છે–નિર્દોષ દશા. હવે નિર્દોષ દશા જેમાં થાય છે એ છે કોણ પણ ? એના આશ્રય વિના નિર્દોષ દશા આવશે ક્યાંથી ? સમજાણું કાંઈ ? ધર્મ ક્યાંય બહારથી આવે એવો છે કાંઈ ? ધર્મી એવો જે જ્ઞાયકસ્વભાવ, એની અંતરમાં દૃષ્ટિ અને જ્ઞાન ને એકાગ્ર થતાં ધર્મીનો જે સ્વભાવ છે એમાં એકાગ્ર થતાં શુદ્ધપણાની પર્યાય પ્રગટ થાય એ ધર્મ. સમજાણું કાંઈ ?

**'કાંઈ જડપણું થયું નથી.'** એટલે ? ચૈતન્યજ્યોત પ્રકાશનો પુંજ, ચૈતન્ય પુંજ છે એ અંધારારૂપે થયો નથી. સૂર્ય અંધારારૂપે થાય ? સમજાય છે કાંઈ ? એમ ચૈતન્યનું નૂર,.. આ તો સાધારણ પરમાણુના અનંત રજકણનો પિંડ છે, સાધારણ સ્કંધ (છે). એક દ્રવ્ય નથી. આ તો એક દ્રવ્ય, એક વસ્તુ, એકલો ચૈતન્યપુંજ પ્રભુ, એકલું ચૈતન્યનું ઢોકડું. ઢોકડું સમજો છો ? રૂનો ગઠ્ઠો હોય છે ને મોટો ? ચોવીસ-ચોવીસ મણ પચ્ચીસ-પચ્ચીસ મણના ગઠ્ઠા હોય. આ અનંતજ્ઞાનનો ગઠ્ઠો છે. ક્ષેત્રની અહીં વાતની જરૂર નથી. ક્ષેત્ર નાનું મોટું એનો પ્રશ્ન નથી. ભાવ એનો બેહદ બેહદ સ્વભાવ અપરિમિત મર્યાદા વિનાનો, હદ વિનાનો, એવો જેનો સ્વભાવ, જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ શુદ્ધ ત્રિકાળ એકરૂપ છે. એ વસ્તુ પુણ્ય-પાપપણે કે અચેતનપણે, ભેદપણે, ગુણસ્થાનપણે થઈ નથી.

**'અહીં દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી કહ્યું છે.'** આ ગાથામાં. દ્રવ્યદૃષ્ટિને પ્રધાન-મુખ્ય કરીને. પર્યાય છે ખરી, પણ તેને ગૌણ કરી દઈ વ્યવહાર કરી, અભાવ કરી, વ્યવહાર ગૌણ કરી, વ્યવહાર કરીને અભાવ (કહ્યો છે). વસ્તુ દ્રવ્યદૃષ્ટિને પ્રધાન કરી વસ્તુ જે છે આ, ત્યાં નજર નાખવા જેવી જે ચીજ છે ત્યાં એને પ્રધાન મુખ્ય કરી. આમાં છઠ્ઠી ગાથામાં કહ્યું છે. **'જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.'** પ્રમાદ અને અપ્રમાદ આદિ ભેદો ચૌદ ગુણસ્થાનના છે. પ્રમાદ એટલે પહેલે ગુણસ્થાનથી છઠ્ઠા સુધી પ્રમાદ, સાતમેથી ચૌદ સુધી અપ્રમાદ. એ બધા પ્રમત્ત-અપ્રમત્તના ભેદ **'તે તો પરદ્રવ્યના...'** સંયોગથી ઉત્પન્ન થતી દશાઓ છે. કાંઈ જ્ઞાયકભાવ નથી અને જ્ઞાયકભાવથી ઉત્પન્ન થતું ચૈતન્યનું કિરણ નથી એ.

**'એ અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે,...'** શું કહે છે ? એ પ્રમત્ત-અપ્રમત્ત ભાવ, ગુણસ્થાન આદિ ભાવ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. એ અશુદ્ધતા, એ પ્રમત્ત-અપ્રમત્તના ભાવ, એ શુભાશુભભાવ, એ ગુણસ્થાનભેદના ભાવ એ દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે. વસ્તુ દૃષ્ટિ કરાવવા તે પર્યાયને ગૌણ કરી નાખી. ગૌણ એટલે મુખ્ય ન રાખતા ગૌણ-પેટામાં કરી નાખી. ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. સમજાય છે કાંઈ ? ગૌણ કરી, મુખ્યપણાના ભાવની અપેક્ષાએ તેને ગૌણ કરી, પેટામાં

લઈ તેને વ્યવહાર (કહ્યો) છે એ દ્રવ્યદૃષ્ટિમાં તે અશુદ્ધતા એ **'ગૌણ છે...'** એટલે કે **'વ્યવહાર છે...'** એટલે કે **'અભૂતાર્થ છે...'** એટલે કે જૂઠા છે એટલે કે **'ઉપચાર છે...'** બહુ સરસ 'જયચંદ્ર પંડિતે' પણ... શું કીધું ?

ભગવાન ચૈતન્યજ્યોત દ્રવ્ય સ્વભાવ વસ્તુ, એની દૃષ્ટિમાં, એ દૃષ્ટિમાં વર્તમાન પર્યાયના ભેદ, એને ગૌણ કરી નાખ્યા છે. ગૌણ એટલે એની મુખ્યતા ન રાખતાં એને પેટામાં કરી નાખ્યા અને તેથી તે વ્યવહાર છે. અશુદ્ધતા ગૌણ છે તેથી તે વ્યવહાર છે. એ અશુદ્ધતા એ પર્યાયની દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, એને અહીંયાં વ્યવહાર કહે છે, એને અભૂતાર્થ કહે છે. અભૂતાર્થ–નથી. ગૌણ પહેલાં મૂકી, પછી વ્યવહાર મૂકી, પછી અભૂતાર્થ મૂક્યું છે. સમજાણું કાંઈ ? એ વખતના પંડિતે પણ કેટલું સ્પષ્ટ કર્યું છે !

**શ્રોતા :–** એ તો આપ મળ્યા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભાઈ આપણે ગુજરાતીનું સ્પષ્ટ હિન્દી આ 'હિંમતભાઈ'એ કર્યું ત્યારે આ બધું વિશેષ સ્પષ્ટમાં-ખ્યાલમાં આવે છે. કહો, સમજાણું ?

**શ્રોતા :–** અભણ માણસોમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. પણ એ કઠણ છે જરી. એ કીધું ને ?

**'પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે તે અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે,...'** તે અશુદ્ધતા પ્રમત્ત-અપ્રમત્ત શુભાશુભ પરિણામ, એ બધી અશુદ્ધતા વસ્તુની દૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે. એટલે એનો અર્થ કે વ્યવહાર છે એટલે પર છે, એમ. સમજાણું ? પોતાનું સ્વરૂપ નથી. આહા..હા...! એટલે **'અભૂતાર્થ છે,...'** એમ કીધું જોયું ને ! અભૂતાર્થ છે. દ્રવ્યદૃષ્ટિમાં એ અશુદ્ધતા છે જ નહિ, છે જ નહિ જીવમાં. સમજાય છે કાંઈ ?

અ એટલે અ નામ નહિ, છતો પદાર્થ. પુણ્ય-પાપના ભાવ, પ્રમત્ત-અપ્રમત્તના ભાવ, અશુદ્ધતાના ભાવ એ ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ - નથી છતો પદાર્થ. એ અશુદ્ધતા છતો પદાર્થ નથી. એમ કહીને પછી **'અસત્યાર્થ છે,...'** એટલે જૂઠા છે એમ કીધું. છતો પદાર્થ નથી તેથી તે અસત્યાર્થ છે. સમજાણું કાંઈ ? અશુદ્ધતા. તેથી **'ઉપચાર છે,...'** સમજાય છે ?

હવે એની સામે **'દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે,...'** વસ્તુ જ્ઞાયકભાવ, તેની દૃષ્ટિ તે દ્રવ્યદૃષ્ટિ, તે શુદ્ધ છે. દૃષ્ટિ એટલે ? દૃષ્ટિ તો પર્યાય છે, પણ જે દૃષ્ટિએ દ્રવ્ય લક્ષમાં આવે એ દ્રવ્ય તે શુદ્ધ છે. સમજાણું કાંઈ ? **'દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે,...'** એનો અર્થ કે દૃષ્ટિ તો પર્યાય છે, પણ એનો વિષય જે દ્રવ્ય છે તે શુદ્ધ છે. સમજાણું ? ઓલી પર્યાયદૃષ્ટિ કીધી ને એટલે અહીં દ્રવ્યદૃષ્ટિ લીધી એમ. દ્રવ્યને લક્ષમાં લેવું એ દ્રવ્ય શુદ્ધ છે. પર્યાયને લક્ષમાં લેવું એ પર્યાય અશુદ્ધ છે, ગૌણ છે. સમજાણું કાંઈ ?

**'અભેદ છે,...'** વસ્તુ છે તે અભેદ છે. વસ્તુ શુદ્ધ છે, અશુદ્ધતા નથી. ઓલા અશુદ્ધતાની

(સામે) શુદ્ધ નાખ્યું. સમજાણું ? ઓલામાં અશુદ્ધતા નાખ્યું હતું ને, તે પર્યાય અશુદ્ધતા. એની સામે દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે. એ **'અભેદ છે,...'** લ્યો ! સમજાણું કાંઈ ? ઓલો ભેદ છે, આ અભેદ છે. એ ગૌણ છે એની સામે અભેદ નાખ્યું. ઓલું વ્યવહાર છે એની સામે નિશ્ચય નાખ્યું. સમજાણું ? દ્રવ્ય વસ્તુ જે છે એ શુદ્ધ છે. અભેદ છે, **'નિશ્ચય છે, ભૂતાર્થ છે,...'** અભૂતાર્થની સામે ભૂતાર્થ નાખ્યું. સાચો પદાર્થ એ છે એમ કહે છે. જ્ઞાયક ત્રિકાળી વસ્તુ તે સાચો પદાર્થ છે. ભૂતાર્થ એટલે છતો પદાર્થ છે. છતો છે તેથી સાચો છે. ઓલો અછતો છે માટે ખોટો છે. સમજાણું કાંઈ ? અને તેથી તે ઓલામાં ઉપચાર કહ્યું હતું, આ **'પરમાર્થ છે.'** વસ્તુ તે પરમાર્થ છે. વસ્તુ જે જ્ઞાયક ચૈતન્ય, એની દૃષ્ટિ કરવી. કારણ કે વસ્તુ પરમાર્થ છે, વસ્તુ પરમાર્થ છે. સમજાણું કાંઈ ?

આ ધર્મ કેમ કરવો એની આ વાત ચાલે છે. સમજાણું કાંઈ ? દેરાસર જવામાં પુણ્ય થાય એ ધર્મ નહિ, ભગવાનની ભક્તિ-બક્તિ કરે એ ધર્મ નથી, પરમાર્થ ધર્મ નહિ, વ્યવહાર એ ગૌણ છે, પણ આ પરમાર્થ ધર્મ હોય તો. સમજાણું કાંઈ ? એ દયા-બયા પાળવી એ ધર્મ નહિ, એમ કહે છે. આ વ્રત પાળવા એ કરવા એ ધર્મ નહિ. એ તો રાગની મંદતાનું પુણ્ય છે, ધર્મ નહિ. ધર્મ એ વસ્તુ છે તેની દૃષ્ટિ અને જ્ઞાન કરવું, એમાં સ્થિરતા (થવી) એ ધર્મ છે અને વસ્તુ પરમાર્થ છે, વસ્તુ પરમાર્થ છે, વસ્તુ સત્યાર્થ છે તે ભૂતાર્થ છે. એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એનું નામ ધર્મ છે. કહો, સમજાણું કાંઈ ?

**'માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી...'** જોયું ! પરમાર્થ કીધું ને વસ્તુ ! **'માટે આત્મા જ્ઞાયક જ છે;....'** જ્ઞાયક ચૈતન્યજ્યોત, ચૈતન્યબિંબ, જળહળ જ્યોતિ ચૈતન્ય ધ્રુવ. **'તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.'** લ્યો ! જોયું ને ! અહીં એમ કહ્યું. આચાર્યે એમ કહ્યું કે શુભાશુભે પરિણમતો નથી માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. એટલે અહીં કહ્યું કે ભેદ નથી માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. એ તો એની એ વાત છે. સમજાણું કાંઈ ? 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજે એમ કહ્યું કે ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત ધ્રુવ સત્ સત્ ચાંદલો, ચંદ્રમાં ભગવાન શુદ્ધ શાંતરસનો કંદ, એ શુભ-અશુભભાવે પરિણમતો નથી માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. અહીં કહે છે કે એ ભેદ નથી માટે તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. એ તો ઓલા શુભાશુભના ભેદ નથી માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. સમજાણું કાંઈ ? 'સમયસાર' તો એકવાર લેવું જોઈએ. પંદર વાર થઈ ગયું હવે. હવે સોળમી વાર ચાલ્યું. મૂળ ચીજ છે, આ તો મૂળ ચીજ છે. 'સમયસાર' એટલે તો... આ..હા..હા...! હજારો શાસ્ત્રોનો, દિવ્યધ્વનિનો સાર 'સમયસાર' આત્મા.

**'માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.'** સમજાય છે કાંઈ ? 'અમૃતચંદ્રાચાર્યે' એમ કહ્યું કે શુભ-અશુભભાવપણે પરિણમતો નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. એટલે શુભઅશુભ ભાવ ભેદ છે, ભેદ છે. વિકલ્પ એ ભેદ છે એ નથી માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી.

અહીં કહે છે, પર્યાયનો ભેદ થતો નથી માટે તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. **''જ્ઞાયક' એવું નામ પણ તેને....'** હવે આવ્યો ચોથો બોલ. **'જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે...'** જોયું ! જાણવાથી એટલે પર્યાય. જ્ઞાયક–જાણનાર... જાણનાર... એમ આવે ને ધ્વનિ ? જાણનાર.. જાણનાર... ચૈતન્ય ભગવાન જાણનાર. **'એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે...'**

**શ્રોતા** :– સ્વનું કે પરનું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– બધા, બધા. બધું એનામાં જ્ઞાન, શ્રુતજ્ઞાનની પર્યાય બધું જાણે છે. સમજાણું કાંઈ ?

**'કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે...'** જ્ઞેયો એટલે પર. પછી રાગાદિથી માંડીને બધું પર. એનું જ્ઞાનમાં જ્યારે જાણવું થાય છે, પ્રતિબિંબ એટલે એ કાંઈ,... પ્રતિબિંબ કેમ કીધું ? જુઓને ! આવ્યું હતું ને આપણે ? બિંબ અને પ્રતિબિંબ. સિદ્ધને જ્યારે બિંબ કહીએ ત્યારે અહીં પર્યાય છે તેને પ્રતિબિંબ કહીએ. પર્યાય એ પ્રકારની થઈ. **'જ્ઞાયક એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે...'** એટલે જ્ઞેય સામે ચીજ છે તે બિંબ છે અને અહીં પોતાની પર્યાયમાં તે પ્રકારનું જ્ઞાન થાય છે. **'ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે.'** જોયું ! એ પર્યાયમાં તે પ્રકારનું અહીં જ્ઞાન થયું પોતાનું, એને જ્ઞાનમાં તેવું અનુભવાય છે, ઓલી વસ્તુ અનુભવાતી નથી કાંઈ. સમજાય છે કાંઈ ? વ્યવહાર અનુભવાતો નથી. એ સંબંધીનું પોતાનું થયેલું જ્ઞાન, તે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તેવું જ અનુભવાય ને ! જેવો ત્યાં સામે હોય એવું જ્ઞાન થાય, તે જ્ઞાનને અનુભવે છે.

**'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી...'** સમજાણું ? તોપણ તે જ્ઞેયથી કરાયેલી પરાધીનતા, પરાશ્રયતા, જ્ઞાનની પર્યાય એનાથી નથી. એ પરાધીનતા છે નહિ. કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં ભાસ્યું, જેવું જ્ઞેય આદિ–રાગાદિ પર જ્ઞાનમાં જણાણું તે **'તેવો જ્ઞાયકનો અનુભવ કરતાં જ્ઞાયક જ છે.'** એ તો જ્ઞાયકનો અનુભવ કરતાં જ્ઞાયક છે, એ કાંઈ જ્ઞેયરૂપે થયો નથી. **'જ્ઞાયકનો અનુભવ કરતાં જ્ઞાયક જ છે. 'આ હું જાણનારો છું તે હું જ છું,...''** આ હું જાણનારો છું તે હું છું. વ્યવહાર જાણનાર છે ? વ્યવહારને જાણે છે ? **'આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી - એવો પોતાને પોતાનો...'** પોતાને પોતાનો એકરૂપ **'અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે...'** જાણવારૂપ ક્રિયાનો કર્તા આત્મા છે. જાણવારૂપ ક્રિયાનો કર્તા ઓલો વ્યવહાર અને જ્ઞેય નથી. **'અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે.'** જ્ઞાનની પર્યાયે એને જાણ્યું છે, પરને જાણ્યું નથી. કહો, સમજાણું કાંઈ ? **'આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.'** લ્યો ! વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્રી પરમાત્મ પ્રકાશ, શ્લોક–૧૬૪,
## પ્રવચન નં. ૨૧૫, તા.૧૩-૨-૧૯૭૭
## [૩]

'પરમાત્મ પ્રકાશ'. ૧૬૪.

२९५) जो आयासइ मणु धरइ लोयालोय-पमाणु।

तुट्टइ मोहु तडत्ति तसु पावइ परहँ पवाणु।।१६४।।

**'આગે ફિર નિર્વિકલ્પસમાધિ કા કથન કરતે હૈં.'** આ તો છેલ્લો અધિકાર છે ને ? ઊંચી ચીજ છે. જેને આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની સમીપતાથી, સન્મુખથી જેને જ્ઞાન થયું છે, એના જ્ઞાનમાં આત્મા પવિત્ર પૂર્ણ છે તેમ પ્રતીત અને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાણું છે. સમજાણું કાંઈ ? જ્ઞાનની જે પર્યાય છે, એ છે તો જ્ઞાનગુણની. એ પર્યાય પર તરફ જાણવામાં જે છે એ પર્યાય મિથ્યા છે. આહા..હા...! અંતર જ્ઞેય-જ્ઞાયકસ્વરૂપને જાણવાવાળી જે પર્યાય છે, છતાં સ્વ તરફ ઢળતી નથી એથી એ મિથ્યાજ્ઞાન જ્ઞાનની પર્યાય કહેવામાં આવે છે, ચાહે તો જ્ઞાનનું ભણતર નવ પૂર્વ અગિયાર અંગનું હો. રાગ છે એ તો બંધનું કારણ છે, પણ જ્ઞાનની પર્યાય એ સ્વ સન્મુખ ન થતાં પર સન્મુખમાં વળેલું જે જ્ઞાન, એમાં વસ્તુ ન આવી. જેની પર્યાય છે તે ચીજ ન આવી. આવે તો છે પર્યાયમાં, પણ એને દૃષ્ટિ નથી એટલે વસ્તુ ન આવી. આહા...હા..! આવું છે. એથી જેણે...

**અન્વયાર્થ :– 'જો ધ્યાની પુરુષ નિર્વિકલ્પસમાધિ મેં...' 'આકાશે'** શબ્દે નિર્વિકલ્પ સમાધિ. આહા..હા...! જેમાં રાગની શૂન્યતા છે, પર તરફના વલણનો પણ જેમાં અભાવ છે. આહા..! નિર્વિકલ્પ સમાધિ એટલે કે શાંતિ. એનો સ્વભાવ જ અભેદ નિર્વિકલ્પ શાંતસ્વરૂપ છે. આહા..હા..! એમાં જેણે દૃષ્ટિ લગાવી તેને અભેદ નિર્વિકલ્પ શાંતિ જે પ્રગટી છે એ આકાશની પેઠે, જેમ આકાશ પરના મલિન ભાવથી રહિત છે, એમ એ નિર્વિલ્પ સમાધિ રાગના મેલથી રહિત છે. આહા..હા...! આવી વાતું. સમજાણું ?

એ અહીં કહે છે, જે **'નિર્વિકલ્પ સમાધિમેં મન સ્થિર કરતા હૈ,...'** એકદમ સાર છે, ભાઈ ! પર તરફના વલણની દશાને છોડી નિર્વિકલ્પ શાંતિસ્વરૂપ ભગવાન આત્મા, એમાં જેણે નિર્વિકલ્પ સમાધિ જોડી દીધી છે. આહા..હા...! એ આકાશ. નિર્વિકલ્પ સમાધિને આકાશ કહે છે.

આહા..હા...! આકાશ જેમ પર પદાર્થથી શૂન્ય છે, એમ ભગવાન આત્માનું ધ્યાન નિર્વિકલ્પ શાંતિમાં વિકલ્પથી શૂન્ય છે. એમાં જે સ્થિત છે એનું મન સ્થિર થઈ જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ ?

**'મન સ્થિર કરતા હૈ, ઉસીકા મોહ શીઘ્ર ટૂટ જાતા હૈ,...'** એટલે ? સ્વ તરફના પરિણમનના કાળે પર તરફના રાગની ઉત્પત્તિ ત્યાં થતી નથી. આહા..! આવી વાત છે. સ્વ વસ્તુ શું છે અને એનો આશ્રય કેમ લેવો ઇ વાતમાં આખો અત્યારે ફેરફાર થઈ ગયો. એટલે લોકોને લાગે કે આ તે.. બાપુ ! તારી ચીજ જ એ છે અને પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એની કબુલાત નથી એટલે એને એ દેખાતું નથી. આહા..! એની કબુલાતમાં અલ્પજ્ઞ અને રાગાદિને જાણનારું જ્ઞાન તે હું એ મિથ્યા કબુલાત–વિશ્વાસ છે. સમ્યક્ વિશ્વાસ થાય એને ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છે, અસ્તિ છે, એની સન્મુખ થતાં નિર્વિકલ્પ સમાધિ થાય છે. આહા..! રાગ વિનાની શાંતિરૂપ સમાધિ થાય છે. શાંત.. શાંત.. એને મન તૂટી જાય છે. એટલે પર તરફના વિકલ્પ ઉત્પન્ન થતાં નથી. એ તૂટી જાય છે. આવી વાતું હવે... આમાં ઓલા તો વળી કહે, બારમા ગુણસ્થાન સુધી.. આવે છે ને ! લેખ આવે છે. ભાઈ નથી આવ્યા ? ગયા હશે ત્યાં. બારમા ગુણસ્થાન સુધી પંચ મહાવ્રત આદિ છે, એવું શાસ્ત્રમાં આવે છે. એ તો અંદરમાં મહાવ્રતનું સ્થિરપણું તે મહાવ્રત છે. આ શુભઉપયોગ રૂપી મહાવ્રત એ બારમે ક્યાં હતા ? ત્યાં તો વીતરાગતા છે. એક ઠેકાણે શાસ્ત્રમાં આવે છે, પણ ઇ તો નિર્વિકલ્પ અંદર વીતરાગી પરિણતિને મહાવ્રત કહેવામાં આવ્યા. ત્યાં કહે છે કે મહાવ્રતના પરિણામ અને સમિતિ, ગુપ્તિથી કેવળજ્ઞાન પામી શકાય છે.

અહીં કહે છે, મહાવ્રતના પરિણામ જે શુભ છે એ તો છે જ નહિ ને ! એ શુભ નથી. વીતરાગના પરિણામ છે ત્યાં તો. અહીં તો મન તૂટતા **'મોહ શીઘ્ર ટૂટ જાતા હૈ,...'** આ કારણે, હોં ! ભગવાન પૂર્ણ શુદ્ધ સ્વરૂપનો આશ્રય લેતાં નિર્વિકલ્પ શાંતિ ઉત્પન્ન થતાં, એનાથી વીતરાગી પરિણતિ ઉત્પન્ન થઈ એમાંથી મોહ નામ પર તરફના સાવધાનીના વિકલ્પો ઉત્પન્ન થતાં નથી. એટલે મોહ તૂટી જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'ઔર જ્ઞાન કરકે લોકાલોકપ્રમાણ આત્માકો પ્રાપ્ત હો જાતા હૈ.'** એટલે કે એનું જ્ઞાન લોકાલોકને જાણે છે. આહા..! સમજાણું કાંઈ ? અંદર પર્યાય એવી ઉત્પન્ન થાય કે લોકાલોકને જાણે, એને લોકાલોક પ્રમાણે જ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. આહા..હા...! છે ? **'લોકાલોકપ્રમાણ આત્માકો પ્રાપ્ત હો જાતા હૈ.'** બીજા એમ કહે, લોકાલોક પ્રમાણ આત્મા થઈ જાય છે. શબ્દનો આશય શું છે એ જાણવો જોઈએ ને.

**ભાવાર્થ :– 'આકાશ અર્થાત્ વીતરાગ ચિદાનંદ સ્વભાવ અનંત ગુણરૂપ ઔર મિથ્યાત્વ રાગાદિ પરભાવરહિત સ્વરૂપ નિર્વિકલ્પસમાધિ યહાં સમજના.'** અહીંયા આકાશનો અર્થ એ લેવો,

કહે છે. રાગરહિત ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વભાવ, અનંત ગુણરૂપ અને મિથ્યાત્વ રાગાદિ પરભાવ-રહિત. આ અસ્તિ છે, આનાથી રહિત છે. એવું જે સ્વરૂપ, નિર્વિકલ્પ સમાધિ, પર્યાયમાં શાંતિ ઉત્પન્ન થઈ રાગરહિત અને વીતરાગ પરિણતિ, આહા..! એને અહીંયા આકાશ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? જેને જ્ઞાનની દશા એટલી વિસ્તાર પામેલી શક્તિ છે, એની પરિણતિમાં વિસ્તાર પામેલી શક્તિ એટલી પ્રગટ થાય છે કે લોકાલોકને જાણે જાણ્યું છે એટલે વ્યાપક થઈ ગયું છે. ખરેખર તો લોકાલોકને જાણે છે. એટલી તાકાત છે, એમ કહે છે. કેવળજ્ઞાન, હોં !

**'જૈસે આકાશદ્રવ્ય સબ દ્રવ્યોંસે ભરા હુઆ હૈ,...'** આકાશ દ્રવ્ય છે ને લોકાલોક પ્રમાણે ! એમાં બધા દ્રવ્યો રહ્યા છે. આકાશમાં દ્રવ્યો રહ્યા છે. **'પરંતુ સબસે શૂન્ય..'** હૈ. **'અપને સ્વરૂપ હૈ,...'** આહા..હા..! આકાશ બધા પદાર્થોથી ભરેલો છે. બીજા છ દ્રવ્યથી, પણ પોતે પરથી શૂન્ય છે. આહા..!

**'ઉસી પ્રકાર ચિદ્રૂપ આત્મા...'** જ્ઞાનસ્વરૂપી આત્મા ભગવાન ચિદાનંદ પ્રકાશ, એ **'રાગાદિ ઉપાધિયોંસે રહિત હૈ, શૂન્યરૂપ હૈ,...'** વિકલ્પથી શૂન્ય છે. એ 'પ્રવચનસાર'માં આવ્યું છે, સ્વથી અશૂન્ય છે અને પરથી શૂન્ય છે. સપ્તભંગી ચાલી છે. આહા..હા...! શું એ શૂન્ય ? ભાઈ ! ભાષા નહિ. પોતાથી તે અશૂન્ય છે, ભરપૂર સ્વભાવથી ભરેલો ભગવાન છે. પરથી શૂન્ય છે. જેમ સ્વથી અસ્તિ છે, પરથી નાસ્તિ છે. એ સપ્તભંગી જેમ લીધી છે એમાં આમ ઉતાર્યું છે. આહા..હા...! સ્વથી અશૂન્ય એટલે છે પદાર્થ મહાપ્રભુ અને વિકલ્પથી શૂન્ય છે, રાગાદિથી શૂન્ય છે. એ અસ્તિ-નાસ્તિપણે જ એ બિરાજે છે તે ભગવાન આત્મા છે. આવી વાત છે. એમાં સંસારના વિકલ્પનો અભાવ છે અને સ્વભાવની પરિપૂર્ણતાનો સદ્ભાવ છે. આહા..! વ્યાખ્યા તો બીજી શું થાય ? એની સામું જોવું, એનો આદર કરવો, સત્કાર કરવો. સત્કાર, આદર ક્યારે થાય ? –કે સન્મુખ વળે તો, સ્વસન્મુખ થાય તો. આહા..હા...! એને અહીંયા લોકાલોકને જાણે છે એમ કહેતાં પરથી શૂન્યરૂપ છે.

**'ઇસલિયે આકાશ શબ્દકા અર્થ યહાં શુદ્ધાત્મસ્વરૂપ લેના. વ્યવહારનયકર જ્ઞાન લોકાલોકકા પ્રકાશક હૈ.'** વ્યવહારથી લોકાલોક પ્રમાણે પ્રકાશક છે. કારણ કે લોકાલોકમાં જ્ઞાન કાંઈ તન્મય થતું નથી. આહા..હા..! **'ઔર નિશ્ચયનયકર અપને સ્વરૂપકા પ્રકાશક હૈ.'** એમાં પણ વાંધા કાઢે. સર્વજ્ઞ છે એ વ્યવહારે છે. એમ કે સર્વ આવ્યું ને–બીજું બધું ઘણું આવ્યું ને, પણ એ બીજું બધું નહિ, એ તો પોતાનો સર્વજ્ઞ સ્વભાવ શક્તિરૂપે પ્રગટ્યો. એમાં સ્વપરનું પ્રકાશવું એવું સર્વજ્ઞપણું એટલે આત્મજ્ઞપણું. આહા..! ઝીણી વાતું, બાપુ ! આહા..હા...! સર્વને જાણતાં પરમાં તન્મય થાય છે ? પોતાની પર્યાયને જાણતાં તન્મય થઈને જાણે છે, માટે તે પોતાને જાણે છે.

**શ્રોતા :–** પરનું જાણવું તે પોતાના જ્ઞાનનું જાણવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરનું એ છે તો પોતાનું જ્ઞાન. લોકાલોક સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી થયું છે, લોકાલોક છે માટે થયું છે (એમ નથી). આહા..હા...!

**'નિશ્ચયનયકર અપને સ્વરૂપકા પ્રકાશક હૈ.'** પોતે જ્ઞાન, પોતે જ્ઞાતા અને પોતે જ્ઞેય. આવે છે ને કળશ ! 'સમયસાર'માં. પોતાને જ પ્રકાશે છે. પોતે જ્ઞાતા–જાણનાર, પોતાનું જ્ઞાન એ જ્ઞાન અને પોતે જ જ્ઞેય. જ્ઞાતા ને જ્ઞાનનું જ્ઞેય. આહા..હા..! એમાં લોકાલોકનું જ્ઞાન પોતાનું પોતાથી પરની અપેક્ષા વિના આવી ગયું છે. આહા..! એને વ્યવહારથી પરને જાણે, એમ કહેવામાં આવે છે. આહા..હા..! ચૈતન્યસૂર્ય ભગવાન અંદર.. આહા..હા...! એને નમાલો કરીને માન્યો. જેને સિદ્ધની ઉપમા પણ પર્યાયની અપેક્ષાએ અપાય. એની વસ્તુ છે એને ઉપમા શું ? આહા..હા...! ચૈતન્યહીરલો અંદર મોટો પડ્યો છે પ્રભુ ! આહા..હા..! જેમાં અતીન્દ્રિય આનંદ ભરચક ભર્યો છે. આહા..હા...! એને પર્યાય દ્વારા કાઢે તો એને અનુભવ થાય. આહા..હા...! અને અનુભવ થાય એમાં પ્રતીતિ આવે એને સમ્યગ્દર્શન કહેવાય. આવી વાત છે. સમજાણું કાંઈ ? આવી વસ્તુ છે. આ તો એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયને ન હણવા ને દયા પાળવી, એવું સમજાય. કેમકે એ કરી શકે છે એમ માને છે. આહા..હા..!

અહીં તો તારી દયા પાળ. તું જેવડો છે તેવો પ્રતીતમાં લે. એ નિર્વિકલ્પ પ્રતીતિમાં આવી શકે છે. એ રાગમાં કે વિકલ્પમાં આવી શકતો નથી. આહા..હા...! મોટી તકરારું. દેહની સ્થિતિ તો જુઓ ! આ તાબુચ મોટો ... આહા..હા...! હજી તો આહાર કરવા વખતે ન્યાં વ્હોરવા આવ્યા. આખું ઘર જોડે બેઠા. બેઠા જરીક આમ કર્યું (ત્યાં) મને વ્હેમ પડ્યો, કીધું, આ તે શું કંઈ નબળાઈ લાગે છે ? ... શરૂ થઈ ગઈ. આહાર વ્હોરાવ્યો. ઊભા થઈને બધું કર્યું. આહાર કર્યો. એ પછી મન નબળું હશે તે મોટરમાં ગયા. ગયા ને દેહ છૂટી ગયો, પણ એ છૂટેલો જ છે. એ તો ક્ષેત્રથી જુદો પડે ત્યારે છૂટ્યો કહે છે લોકો. હવે અહીં છૂટ્યો જ છે. દેહ અને આત્મા કોઈ દિ' એક ત્રણ કાળમાં ક્યાંય થયા નથી. આહા..હા...! ક્ષેત્રથી જ્યાં આત્મા ભિન્ન પડ્યો એટલે એને લાગ્યું કે આ જુદો પડ્યો, પણ જુદો જ છે અંદર. આહા..હા...! કહો, એક ક્ષણમાં. પહેલાં એક ફેરી મંદવાડ થઈ ગયો હતો. એમાંથી વળી બચી ગયા. આયુષ્ય હોય ત્યાં સુધી શું થાય ? આયુષ્ય પૂરું થાય પછી એને ક્યો કાળ અને કઈ દવા લાગુ પડે ? આહા..હા...!

**શ્રોતા :–** એને દવા શું હોય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દવા શેની ? બાપુ ! આહા..! માંસ અને હાડકાથી ભરેલું આ શરીર. અનંત ગુણથી ભરેલો ભગવાન, એમાં રહેવું.. આહા..! એમાં છે જ નહિ, એ તો માને છે કે હું આમાં રહ્યો છું. આહા..હા...! ઇ તો પોતે ભગવાન વીતરાગ સમાધિમાં રહેનારો છે. સ્વભાવથી જણાય એવો, કીધું છે ને ? આહા..હા...! દુનિયા સાથે લાગુ પડે ન પડે. શાસ્ત્રમાં આ વાત કાઢીને...

આવી વાત છે. અરે...રે..! થઈ રહ્યું, લ્યો, આ દેહ ગયો. બાયડી ને છોકરા ને કુટુંબ ને... કાંઈ સંબંધ કોને છે ? આહા..હા...! કહો, ઇ આહાર વખતે વ્હોરાવે છે. ઘરે જાય છે ત્યાં દેહ છૂટી જાય છે. આવી નાશવાન ચીજ છે. એનાથી જેણે રુચિ ફેરવી નાખી છે.. આહા..હા...! અને જેને રુચિમાં ભગવાન પોષાણો છે, એના ધંધા-વેપારમાં ભગવાન પોષાણો છે. આહા..હા..! એવો જે નિર્વિકલ્પ સમાધિમાં આવતાં એને કેવળજ્ઞાન લોકાલોકને આત્મા જાણે, આત્મા જાણે, આત્મા લોકાલોકને જાણે છે એવી શક્તિ પ્રગટ થઈ જાય છે. આહા..હા...!

સ્વની અપેક્ષાએ તો શરીર કે વાણી કે કર્મ જે છે એ વસ્તુ જ નથી. એની અપેક્ષાએ ઈ છે. ભગવાન જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચિદ્‌ઘન, એને જ્યાં અંદર રાગરહિત નિર્વિકલ્પ શાંતિથી જાણવામાં આવ્યો ત્યાં તો હું એક જ છું. બીજી ચીજ મારાથી છે જ નહિ. પોતાની અપેક્ષાએ કર્મ ને રાગ ને શરીર તે અદ્રવ્ય છે. આહા..હા...! જૈનદર્શનના શબ્દો છે ટૂંકા, પણ એમાં બહુ ભાવ ભરેલો છે. આહા..હા...! એના આશયને પહોંચવું.. આહા..!

કહે છે, લોકાલોકને જાણે છે એમ કહેવું, લોકાલોકને તો અડતો પણ નથી અને લોકાલોક તો સ્વની અપેક્ષાએ અવસ્તુ છે. સમજાણું કાંઈ ? પોતાના કેવળજ્ઞાન અને ભાવની અપેક્ષાએ તો બીજી ચીજો બધી અભાવસ્વરૂપ છે, દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્યસ્વરૂપ છે, ક્ષેત્રની અપેક્ષાએ અક્ષેત્રસ્વરૂપ છે, સ્વકાળની અપેક્ષાએ બધી ચીજો અકાળ–પરકાળસ્વરૂપ છે. આહા..હા...! એવું જ્યાં અંતરમાં કહે છે કે પર્યાયમાં નિર્વિકલ્પ શાંતિ દ્વારા કેવળજ્ઞાન પ્રગટ થયું તો એના અસ્તિત્વમાં કેવળજ્ઞાનમાં લોકાલોકને જાણવું એવું અસ્તિત્વ આવ્યું, લોકાલોકનું અસ્તિત્વ ન આવ્યું. સમજાણું કાંઈ ? ઓલા દયા પાળવાનું કહે, ઓલા ભગવાનની પૂજા, ભક્તિનું, જાત્રાનું કહે, ઓલા વળી લૂગડાં કાઢી નાખો ને નાગા થઈને ફરો, એ કહે. આ ચીજની (ખબર નથી). નાગો છે, વિકલ્પથી ખાલી ઇ છે. આહા..હા...! દિગંબર છે આત્મા. દિગ્‌–આકાશ કીધો ને ! આહા..હા...!

આકાશની પેઠે જેમ પરથી શૂન્ય આકાશ છે, એમ ભગવાન દિગંબર છે. આહા..હા...! પોતાના અનંત ગુણથી ભરેલો ભગવાન પોતાથી અસ્તિ છે અને પરથી નાસ્તિ છે, છતાં પરનું જ્ઞાન છે એ પરને કારણે નથી. આહા..હા...! પોતાના અસ્તિત્વને લઈને છે. પોતાનું અસ્તિત્વ જ એવડું છે. સ્વને, પરને પોતાની પર્યાયમાં આત્મજ્ઞપણું છે એ સર્વજ્ઞપણું છે. આહા..હા...! એને અહીંયા લોકાલોકને આત્મા પ્રકાશે છે–આત્મા પ્રસર્યો છે એમ કહેવામાં આવે છે.

'**प्रदेशोंकी अपेक्षा लोकालोकप्रमाण नहीं है.**' છે ને ? આહા..! એના પ્રદેશો છે એ જરીયે આઘા ત્યાં જતા નથી. આહા..હા...! પ્રદેશો જે અસંખ્ય છે એ તો રાગમાં જતા નથી ને. આહા..હા...! એક સમયની પર્યાયના પ્રદેશમાં પણ ત્રિકાળી વસ્તુ તો જતી નથી. આહા..હા...! ત્રિકાળી પર્યાય જે જાણનારી છે એ દ્રવ્યમાં જતી નથી, પરમાં જતી નથી, છતાં એ સામર્થ્ય એવું છે

કે આવડો હું છું અને આ હું નહિ, આખો લોકાલોક હો કે ન હો એને કારણે, મારે કારણે છે નહિ કાંઈ. આહા..હા...! આવી વાતું ઝીણી છે, બાપુ ! જૈનધર્મને લોકોએ અન્ય ધર્મ જેવો કરી નાખ્યો. દયા પાળો ને આ કરો ને... આ કરો ને રાગ કરો. ભાઈ ! તું કોણ છો ? તું તો એકલો જ્ઞાનનો પિંડ અને ભંડાર છો ને ! એ જ્ઞાનના ગોદામમાં બીજું અલ્પપણું ને રાગપણું આવે ક્યાંથી ? આહા..હા...!

**'જ્ઞાનગુણ લોકાલોકમેં વ્યાપ્ત હૈ;...'** પ્રદેશની અપેક્ષાએ નહિ. **'જ્ઞાનગુણ લોકાલોકમેં વ્યાપ્ત હૈ; પરંતુ પરદ્રવ્યોંસે ભિન્ન હૈ.'** લોકાલોકથી ભગવાન તો ભિન્ન છે. આહા..હા...! અને લોકાલોકમાં વ્યાપે છે એમ કહેવું એટલે કે પોતાના જ્ઞાનમાં એના સંબંધીનું જ્ઞાન એ વ્યાપે છે. આહા..! **'પરવસ્તુસે જો તન્મયી હો જાવે, તો વસ્તુકા અભાવ હો જાવે.'** આહા..હા...! શું કહે છે ? પોતે અસંખ્ય પ્રદેશી અનંત ગુણનો પિંડ પ્રભુ જ્યાં પર્યાયમાં જણાણો, એ પર્યાય પર તરફમાં પરને જાણવા છતાં પરમાં જાય તો સ્વનો અભાવ થઈ જાય છે. આહા..હા...! બહુ વાત સરસ કરી છે, હોં ! આહા..હા..! **'પરવસ્તુસે જો તન્મયી હો જાવે, તો વસ્તુકા અભાવ હો જાવે.'** પરવસ્તુમાં પોતાની સત્તા ભળી જાય તો પોતાની સત્તા ભિન્ન રહેતી નથી. આહા..હા...!

એ મોટી ચર્ચા થઈ હતી. (સંવત) ૧૯૮૩મા. 'દામોદરશેઠ' અને 'વીરજીભાઈ'. બે હતા ને 'વીરજીભાઈ' ? મોટી ચર્ચા. માથે (–મેડી ઉપર બેઠા હતા). પછી હેઠે ઉતરીને મારી પાસે આવ્યા. શેઠ આમ કહે છે અને 'વીરજીભાઈ' આમ કહે છે. લોકાલોક છે તો આ જ્ઞાન જાણે છે. આ કહે, જ્ઞાન જાણે છે એ લોકાલોક છે માટે એને જાણે છે એમ નહિ. આહા..હા...! ૧૯૮૩ની વાત છે. ૮૩, કેટલા વર્ષ થયા ? પચાસ. અડધો સૈકો. એય..! આહા..હા...! અહીં છે, જે સ્વ-પરને જાણવાનું છે ઇ પોતાની સત્તામાં છે, પોતાની સત્તાથી છે કે પરની સત્તાથી છે ? આહા..! પોતે લોકાલોકને જાણવાની સત્તાવાળો ભાવ એ પરની સત્તાને લઈને આ અસ્તિત્વ છે કે આ અસ્તિત્વ પોતાને લઈને છે ? આહા..હા...! લોકોને બહારની (વાતમાં), અંતરની વાતું (પડી રહી). બહારમાં મોટા પડાવ નાખ્યા. દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા ને થઈ રહ્યું... રોકાઈ ગયો ત્યાં. આહા..હા...!

ઓલા વેદાંતી વળી એમ કહે છે, ઇ પ્રશ્ન કર્યો, (સંવત) ૧૯૮૪મા. એક હતા. શું કહેવાય ઇ ? 'ખત્રી.' 'નારણભાઈ'ના ઘર પાસે 'ખત્રી' હતા. 'નારણભાઈ' નહિ આપણાં ? ઇ એમ કહે, મહારાજ ! પરમાણુ જો તમે કહો તો એનું અહીં જ્ઞાન થાય તો પરમાણુમાં પ્રવેશ કરે તો જ્ઞાન થાય. એ ૧૯૮૪ની વાત છે. 'રાણપુર' ચોમાસુ હતું ને ? પરમાં પેસે તો એનું જ્ઞાન થાય. વેદાંતી ખરા ને એટલે ઓલું (સર્વ) વ્યાપક જ્ઞાન માને. ભાઈ ! એમ નથી. અગ્નિને જાણે છે તો અગ્નિમાં પ્રવેશીને અગ્નિને જાણે છે ? એ પોતાની સત્તામાં રહીને પરની સત્તામાં પ્રવેશ કર્યા વિના, પર ને પોતાનું જ્ઞાન પોતાના અસ્તિત્વથી પોતામાં થાય છે. આહા..હા...!

**'વસ્તુકા અભાવ હો જાવે.'** શું કીધું ઇ ? લોક અને અલોક જે પરવસ્તુ છે, એને જાણવા ન્યાં

અંદર જાય તો ઇ પરસત્તામાં પોતે સ્વસત્તા ભળી જાય. તો સ્વસત્તાનો તો અભાવ થઈ જાય. પરને જાણતાં પણ પોતાની સત્તામાં રહી અને તે સંબંધીનું, પોતાનું એ સંબંધીનું કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા...! પોતાના જ્ઞાનની પર્યાયનો એવો જ સ્વભાવ છે, સ્વપરપ્રકાશક એટલે આત્મજ્ઞ-સર્વજ્ઞ સ્વભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'ઇસલિયે યહ નિશ્ચય હુઆ, કિ જ્ઞાન ગુણકર લોકાલોકપ્રમાણ જો આત્મા ઉસે આકાશ ભી કહતે હૈં,...'** જોયું ? **'જ્ઞાનગુણકર લોકાલોકપ્રમાણ જો આત્મા...'** એટલે જાણનાર, એને આકાશ પણ કહેવામાં આવે છે. આહા..હા..! આકાશની વ્યાખ્યા એમ કરી. લોકાલોકને જાણે છે ને ? આકાશ છે એવડું મોટું. એટલે એને લોકાકાશને જાણતાં પોતે પોતામાં રહે છે. એમ આત્મા પોતે પોતામાં રહીને પરને જાણે છે. પરને જાણે છે એ કહેવું એ વ્યવહાર છે. આવી વાત. સમજાણું કાંઈ ?

**'ઉસમેં જો મન લગાવે,...'** આહા..હા...! **'લોકાલોકપ્રમાણ જો આત્મા, ઉસે આકાશ ભી કહતે હૈં, ઉસમેં જો મન લગાવે,...'** સ્વપરપ્રકાશક સામર્થ્ય સ્વનું સ્વથી છે. સ્વપરપ્રકાશક સામર્થ્ય સ્વનું સ્વથી છે. સ્વપરપ્રકાશક સામર્થ્ય પરને લઈને છે એમ નથી. એક જ જાણે ભગવાન લોકાલોકમાં એકલો આત્મા (હોય), બસ ! કારણ કે એ આત્મા છે એ પરના અભાવસ્વરૂપ છે અને પોતાના દ્રવ્ય-ગુણના પરિપૂર્ણ સ્વભાવવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું હવે આમાં. દયા પાળવી ને વ્રત કરવા.. એય..! 'જયંતિભાઈ' !

અરે..! બાપુ ! દયા તો એને કહેવી... આહા..હા...! અહિંસા એને કહેવી કે રાગની ઉત્પત્તિ ન થાય અને સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એની ઉત્પત્તિ પર્યાયમાં થાય એને અહિંસાધર્મ કહેવામાં આવે છે. લ્યો ! છે ને 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' માં ! રાગની ઉત્પત્તિ પરની છે, અહીંયાં આત્માના આનંદની ઉત્પત્તિ... આહા..હા..! એને આનંદની ઉત્પત્તિ (થાય) એને અહિંસા (કહેવામાં આવે છે). કેમ ? કે જેવું એનું સ્વરૂપ છે તેવું પર્યાયમાં આવ્યું એણે દયા પાળી. એણે પોતાની દયા પાળી કે જેવડો છે એવો અનુભવમાં, પ્રતીતમાં આવ્યો એ એણે જીવની દયા પાળી. દયા એટલે તું આવડો છો એમ અમે માનીએ છીએ. '...ભાઈ' ! આવી ઝીણી વાતું. હવે ઓલા 'સાંઈબાબા'માં ક્યાંય.. મારી નાખ્યા જગતને. અરે..! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનવરદેવના માર્ગમાં, બાપુ ! એના પ્રવેશ કરવા એ મહા અલૌકિક વાતું છે. આહા..હા...! જોયું ? શું કીધું ?

**'લોકાલોકપ્રમાણ જો આત્મા...'** આ અપેક્ષાએ, હોં ! **'ઉસે આકાશ ભી કહતે હૈં,...'** કેમકે લોકાલોકનું જ્ઞાન છે ને અહીંયા ! લોકાલોક સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં છે ને ! એથી એને આકાશ પણ કહીએ. આહા..હા...! **'ઉસમેં મન લગાવે, તબ જગતસે મોહ દૂર હો...'** જાયે. આહા..હા...! મહાઅસ્તિ પ્રભુ, એમાં મન લગાવે તો અંદરથી પરની નાસ્તિ થઈ જાય. એટલે મોહનો નાશ થઈ જાય. આહા..હા...! સમજાણું કાંઈ ? પોતાનો જે અસ્તિ સ્વભાવ... આવે છે ને

ક્યાંક. ઓલા ‘સીમંધર’ ભગવાનમાં આવે છે. અસ્તિ સ્વભાવ... એ એમાં આવે છે. ‘સીમંધર’ ભગવાનની સ્તુતિમાં આવે છે. ‘અસ્તિ સ્વભાવ જે આપણો રે...’ એમ આવે છે. આહા..હા..! આપણે ભજન.. ભજનમાં આવે છે. ‘સત્વન મંજરી’. નહિ ?

અસ્તિ સ્વભાવ આપણો, એટલે ? જેવડી સત્તાવાળું એનું હોવાપણું છે એ પોતાનો સ્વભાવ છે. એ સ્વભાવ અસ્તિપણું પોતાનું સ્વરૂપ સ્વપરને જાણવું એવી શક્તિ છે અને એ શક્તિ પર્યાયમાં પ્રગટી ત્યારે સ્વપર પ્રકાશક જાણે છે એ તો આત્મજ્ઞ દશા છે. આહા..હા..! જ્યારે આવો આત્મા લોકાલોકને જાણનારો, લોકાલોકને સ્પર્શ્યા વિના લોકાલોકને અસ્તિત્વને અડ્યા વિના, પોતાના અસ્તિત્વમાં લોકાલોકનું જ્ઞાન છે. આકાશ જેમ સર્વત્ર રહેનારું છે, એમ ભગવાન પણ સર્વને જાણનારો છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? આકાશ જેમ સર્વને રાખનારું છે એમ ભગવાન સર્વના જ્ઞાનને પોતાથી પોતામાં રાખે એવું છે. આહા..હા...! આવું છે. માટે તેને આકાશ કહેવામાં આવે છે.

**‘લોકાલોકપ્રમાણ જો આત્મા ઉસે આકાશ ભી કહતે હૈં,...’** દેખો ! **‘ઉસમેં જો મન લગાવે...’** આહા..હા...! **‘તબ જગતસે મોહ દૂર હો...’** જાયે. પર પ્રત્યેનું સાવધાનપણું, સ્વ તરફના સાવધાનમાં પર તરફનું સાવધાનપણું આથમી જાય–નાશ થઈ જાય. આહા..હા...! ‘પરમાત્મપ્રકાશ’ પણ એક એક ગાથા...! **‘મોહ દૂર હો ઔર પરમાત્માકો પાવે.’** પરમાત્મા નામ પરમ સ્વરૂપ જે આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ તેને પામે. આહા..! સમજાણું કાંઈ ? ત્યાં એ દાખલો આપે છે. ‘સમાધિશતક’માં આવે છે ને ? પરમાત્માનું ધ્યાન કરતાં કરતાં પણ આત્મા પરમાત્મા થઈ જાય અને પોતાનું ધ્યાન કરતાં, ઝાડ ઘસાઈને જેમ પોતાથી અગ્નિ થાય, એમ પોતામાં ને પોતામાં એકાગ્ર થઈને ધ્યાનાગ્નિ પ્રગટે એમાં પણ કર્મનો નાશ થાય. જુઓ ! પરના ધ્યાનથી (કહે છે). એ તો નિમિત્તથી કથન છે. છે ને ?

**‘जो जाणदि अरहंत दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।’** ભગવાનની પર્યાય કેવળજ્ઞાન છે એ પર્યાયનું હોવાપણું પૂર્ણપણું છે, આત્મજ્ઞ છે તે સર્વજ્ઞ કથનભેદથી, વિવક્ષાભેદથી કહેવામાં આવે છે. પરને જાણવું એમાં આવતું નથી. પરને જાણવું કહેવું એ તો અસદ્‌ભુત વ્યવહારનયનું વચન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આમાં કેટલું યાદ રહે ? આહા..હા...! એ વસ્તુ જ એવી છે કે એ યાદ રાખી શકે. આહા..હા..! એનો પર્યાયનો ધર્મ જ એવો છે. ધારણા કીધું ને ? મતિજ્ઞાનમાં ધારણા. એ તો એનો મતિજ્ઞાનનો પર્યાયનો સ્વભાવ છે. આહા..હા...! અને પાંચ સેકન્ડ પછી જે પર્યાય થવાની છે એ પર્યાય આ પર્યાયમાં નથી અને એ પર્યાય પર્યાયથી છે, એવું પર્યાયનું જ્ઞાન થતાં એને પાંચ પછી વિશેષ (પર્યાય) થશે એને અહીંયા યાદ રાખવાની જરૂર નથી. સમજાણું કાંઈ ? જરી ઝીણી વાત છે. કારણ કે એ પર્યાયમાં ભવિષ્યની પર્યાય થશે, વર્ષ-બે વર્ષ પછી, એ પર્યાયમાં એનું

જ્ઞાન અહીં છે. એ અહીં નથી, એ આમાં નથી પણ એનામાં જ્ઞાનમાં છે કે આવી પર્યાય થશે, એને ધારવાની જરૂર નથી. આહા..હા...! એ ધારણા સહજ થઈ જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એથી એને યાદ રાખું તો આ બધું રહે (એમ નથી). આહા..હા...! આવી વાતું છે. અવગ્રહ, ઇહા, અવાય, ધારણા છે ને ! અવાય તો મતિજ્ઞાનનો એક પર્યાય છે. એ તો મતિજ્ઞાનના ધારણા એ તો એનો સ્વભાવ છે. એટલે ધારી રાખું એવું ક્યાં છે ? એ તો એનો સ્વભાવ છે ને. 'સોગાની'માં આવે છે. સમજાણું કાંઈ ?

**'વ્યવહારનયકર આત્મા જ્ઞાનકર સબકો જાનતા હૈ,...'** પર થઈ ગયું ને ઇ ? પરાશ્રય વ્યવહાર, સ્વાશ્રય નિશ્ચય. પરને જાણવું એ વ્યવહાર છે. પરને, સ્વને જાણનારું પોતાનું જ્ઞાન, એને જાણવું એ સ્વ નિશ્ચય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એ તાકાત છે, એમ ન માનવું કે અમને આવી વાત કેમ બેસે ? અરે..! કેવળજ્ઞાન લઈ શકે એવી તાકાત છે ને ! આહા..હા...! કેવળજ્ઞાનનો પિંડ પ્રભુ છે ને ! આહા..! એને આ ન ધારી શકાય અને ન પ્રગટ કરી શકાય એ એનામાં છે ક્યાં ? આહા..હા..! સમજાણું કાંઈ ? આત્માની જ્યાં પ્રતીત આવી, ત્યારે તો એ આત્મામાંથી કેવળજ્ઞાન થશે એ પણ પ્રતીતમાં આવી ગયું છે, આવી ગયું છે એ તો. આહા..હા...!

**'વ્યવહારનયકર આત્મા જ્ઞાનકર સબકો જાનતા હૈ,...'** વ્યવહારથી, હોં ! **'ઇસલિયે સબ જગતમેં હૈ.'** એમ વ્યવહારથી કહેવામાં આવે છે. કોણ ? જાણનારો આત્મા જગતમાં છે એમ કહેવું એ વ્યવહાર છે. લોકાલોકમાં કીધું ને ? પોતામાં છે ઇ નિશ્ચય છે. **'જૈસે વ્યવહારનયકર નેત્ર રૂપી પદાર્થકો જાનતા હૈ, પરંતુ ઉન પદાર્થોંસે ભિન્ન હૈ...'** રૂપી પદાર્થ છે, મૂર્ત છે, અગ્નિ છે. લ્યો ને. એ જ્ઞાન જાણે છે, પણ જ્ઞાન અગ્નિમાં પેસીને જાણે છે ? (પેસી જાય) તો તો જ્ઞાન ઊનું થઈ જાય અને જ્ઞાન અરૂપી છે એ જડ થઈ જાય. આહા..હા...! સમજાણું કાંઈ ?

નેત્ર જેમ રૂપી પદાર્થને જાણે છે. અરૂપી જ્ઞાન રૂપીને જાણે છે. આહા..હા..! એ જ્ઞાન પોતામાં રહીને રૂપી અને બીજી ચીજ કે પોતે, એને જાણવાની શક્તિવાળું પોતાનું જ્ઞાન પોતામાં છે તેને એ જાણે છે. આહા..! રૂપી પદાર્થ તો અહીં આવતો પણ નથી. અગ્નિને આમ જાણે છે કે આ અગ્નિ છે. એ અગ્નિ અહીં આવે છે ? અને જ્ઞાનની પર્યાય અગ્નિમાં જાય છે ? સમજાણું કાંઈ ? વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એમ કીધું છે ને ? એનો અર્થ એ છે, રાગમાં જ્ઞાન જાતું નથી. તેમ રાગ જ્ઞાનમાં આવતો નથી. તેથી એને જાણવું એ વ્યવહારે જાણેલો (પ્રયોજનવાન છે), એમ કીધું છે. આહા..હા...! શું શૈલી છે ને ! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એટલે કે જ્ઞાનની પર્યાયમાં રાગ જે બાકી છે અને અપૂર્ણ છે એને જાણેલો, જાણેલો પ્રયોજનવાન છે. એ અલ્પ જ્ઞાનમાં અને રાગમાં આખું જ્ઞાન કંઈ તન્મય થઈ જતું નથી. આહા..હા..! આખો ગુણ એમાં તન્મય થઈ જાય છે ? પર્યાયમાં પણ ગુણ તન્મય થતો નથી, એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પર્યાય પર્યાયમાં

તન્મય છે, પર્યાય ગુણમાં તન્મય નથી અને ગુણ પર્યાયમાં તન્મય નથી. આહા..હા...! આવી વાત, બાપુ ! આ તો માર્ગ એવો ઝીણો છે, ભાઈ ! આહા..હા...!

આ 'પરમાત્મપ્રકાશ' છે ને ? એટલે પરમાત્મા લોકાલોકને પ્રકાશે છે એમ કહેવું એ એક રીતે પોતાને પ્રકાશે છે એમાં લોકાલોક આવી જાય છે. લોકાલોક એટલે ? લોકાલોકની સત્તા અહીં આવતી નથી, પણ એ સત્તા સંબંધીનું પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન એમાં જાય છે. આહા..હા..! જેમ અગ્નિને આંખ દેખતાં આંખ કંઈ અગ્નિમાં પેસતી નથી, પણ આંખ આંખમાં, જ્ઞાન જ્ઞાનમાં રહીને અગ્નિનું જ્ઞાન કરે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા...! અને અગ્નિને જાણવાનો સ્વતઃ સ્વભાવ જે જ્ઞાનમાં છે એ અગ્નિના અસ્તિત્વને અડ્યા વિના એવા જ્ઞાનનું અસ્તિત્વ છે તેને જાણે છે તે નિશ્ચય છે. 'પોપટભાઈ' ! આવી વાતું છે. આવી બધી ઝીણી 'મુંબઈ'માં ન મુકાય. આ શું માંડી છે કહેશે. બાપુ ! તારા ગુણની પ્રભુતાની માંડી છે આ.

જ્ઞાનની પર્યાયની એટલી તાકાત છે, એટલું સામર્થ્ય છે કે લોકાલોકને અડ્યા વિના અને લોકાલોકનું અસ્તિત્વ છે માટે એનું જ્ઞાન થાય છે એમ નથી. આહા..હા...! એક રીતે જોઈએ તો એક સમયની પર્યાય દ્રવ્ય-ગુણને, બધી પર્યાયોને અને આને, એ પર્યાયનો પોતાને લઈને એવો સ્વભાવ છે. પછી કેવળજ્ઞાન થશે માટે અહીં જણાય છે એમ પણ નહિ. આહા..હા...!

**શ્રોતા :–** એક પર્યાયનું સામર્થ્ય એટલું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયનું સામર્થ્ય એટલું છે. આહા..હા...! શ્રુતજ્ઞાનમાં પણ પરોક્ષ જાણે છે એનો અર્થ શું ? ભવિષ્યની પર્યાય પણ શ્રુતજ્ઞાનની પર્યાયમાં જાણવામાં આવી જાય છે. આહા..હા...! પણ છતાં એ પર્યાય એમાં આવી નથી, એ સંબંધીનું જ્ઞાન પોતાનું જે છે તે પોતાનું જ્ઞાન તેમાં આવ્યું છે. આહા..હા...! એટલે એક તો એક વાર એમ વિચાર આવ્યો હતો કે એ પર્યાય એકલી છે એ જ ચીજ છે, બસ ! આહા..હા...! જેમાં દ્રવ્ય-ગુણનું પણ જ્ઞાન, પોતાનું જ્ઞાન, લોકાલોકનું (પણ જ્ઞાન) ઇ લોકાલોકને લઈને નહિ, દ્રવ્ય-ગુણને લઈને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? એવી જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે. એવડી સત્તા છે તેટલી સામર્થ્યની પ્રતીતિ કરે તો પર્યાયની પ્રતીતિ કરી કહેવાય. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'જૈસે વ્યવહારનયકર નેત્ર...** ' રૂપી પદાર્થનો દાખલો બહુ સરસ આપ્યો. 'પ્રવચનસાર'માં છે. આંખ તો આ નહિ પણ અંદર જાણનાર છે એ તો અરૂપી છે અને આ અગ્નિ છે તે રૂપી છે. હવે એને જાણે છે એનો અર્થ શું ? અગ્નિમાં જઈને જાણે છે ? અગ્નિ અહીં આવે છે એટલે જણાય છે ? સમજાય એવું છે, હોં ! ભાષા ભલે... આહા..હા..! આ અધિકાર જ, છેલ્લી ગાથાઓ (સૂક્ષ્મ છે). આકાશ નામનો પદાર્થ છે એમ તું પણ એ આકાશ છો, એમ સિદ્ધ કરે છે. આહા..હા..! એવડો વ્યવાપક. લોકાલોકને પોતે પોતાથી જાણે, બીજાની અપેક્ષા રાખ્યા વિના નિશ્ચયથી એવડું જેનું

સામર્થ્ય છે, એમાં જેની એકાગ્રતા થાય એનો મોહ તૂટ્યા વિના રહે નહિ, કહે છે. આહા..હા...!

**'જો નિશ્ચયનયકર સર્વગત હોવે,...'** શું કહે છે ? નિશ્ચયથી જે સર્વને જાણનારું હોય એને સર્વગત (કહે છે). નિશ્ચયથી સર્વગત. **'તો પરપદાર્થોંસે તન્મયી હો જાવે,...'** આહા..હા...! અહીં મોટો વાંધો. સર્વજ્ઞ અને આત્મજ્ઞનો. ખાણિયા ચર્ચા. સર્વજ્ઞપણું છે એ વ્યવહારનયે છે, નિશ્ચયનયે નહિ. આહા..હા..! અરે..! પ્રભુ ! નિશ્ચયનયે સર્વગત એટલે પોતાની પર્યાયનું બધાને જાણવું એવી તાકાતરૂપે છે એ સર્વગત છે. સર્વગત આમ જાય છે અને પ્રવેશ કરે છે માટે સર્વગત છે એમ નહિ. આહા..હા..! એક સમયની પર્યાયનું સામર્થ્ય જ સર્વગત છે. આહા...હા...! પણ એને વખત ક્યાં મળે છે ! દુનિયામાં બહારની મોહજાળે બાંધી માર્યા. આહા..! જેમાં જન્મ્યા એના પ્રમાણમાં એનો મોભો રાખવો પડે કે નહિ એટલો ? અરે..! આ મોભો..

**શ્રોતા :–** મનુષ્ય તરીકે જન્મવાની વાત ક્યાં છે, અંહી તો આત્મા તરીકે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ મનુષ્યપણે છે જ ક્યાં ઇ ! મનુષ્યપણે જન્મ્યો છે જ કે' દિ' ? આહા..! એ તો એની પર્યાયનો ઉત્પાદ-વ્યય છે એ એનો જન્મ છે. આહા..હા...! એ પર્યાયની તાકાત, શ્રુતજ્ઞાનની પર્યાયની તાકાત પણ સ્વપરને પ્રકાશે એ પરની અપેક્ષા વિના પ્રકાશે છે. એ તો પરોક્ષ અને પ્રત્યક્ષનો ફેર છે. કેવળજ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ ? ટીકા ઠીક કરી છે પણ, હોં ! આહા..હા...!

**'નિશ્ચયકર સર્વગત હોવે...'** એટલે શું કીધું ? નિશ્ચયથી સર્વમાં જો વ્યાપક હોય, પોતાના પ્રદેશ અને સત્તાને છોડીને પરની સત્તામાં પ્રવેશ કરે તો **'પરપદાર્થોંસે તન્મયી હો જાવે,...'** આહા..હા..! **'જો ઉસે તન્મયી હોવે તો નેત્રોંકો અગ્નિ કા દાહ હોના ચાહિયે,...'** દેખો ! આંખ આમ અગ્નિને દેખે છે એ આંખ જો તન્મય થઈને જાણતી હોય તો અહીં ઉષ્ણ થઈ જાય, તો બળી જાય. આહા..હા...! સમજાણું કાંઈ ? તન્મય થાય તો **'અગ્નિકા દાહ હોના ચાહિયે, ઇસ કારણ તન્મયી નહીં હૈ.'** અગ્નિને જાણતાં છતાં અગ્નિમાં તન્મય નથી. એમ લોકાલોકને જાણતાં છતાં આત્મા લોકાલોકમાં તન્મય નથી. આહા..હા...! પોતાની પર્યાયમાં તન્મય છે. તન્મય (એટલે) તત્ સ્વરૂપે. આહા..હા...! સમજાણું ?

**'ઇસી પ્રકાર આત્મા જો પદાર્થોંકો તન્મયી હોકે જાને, તો પરકે સુખ-દુઃખસે તન્મયી હોનેસે...'** આહા..હા..! પરને જાણતાં પરમાં તન્મય થઈ જાય તો પરના સુખ પોતામાં આવી જાય. **'ઇસકો ભી દૂસરેકા સુખ-દુઃખ માલૂમ હોના ચાહિયે, પર ઐસા હોતા નહીં હૈ.'** શું કહે છે ઇ ? જેમ આંખ છે ઇ અગ્નિને જાણતાં અગ્નિમાં જો તન્મય થાય તો આત્મામાં અગ્નિપણું આવે તો પર્યાય બળી જાય. ફક્ત અગ્નિને અડ્યા વિના અગ્નિનું અસ્તિત્વ છે તેને જ્ઞાન જાણે છે કે આ ઉષ્ણ છે. ઇ ઉષ્ણ છે ઇ જ્ઞાન જાણે છે, એ પોતાના જ્ઞાનથી જાણે છે, અગ્નિની ઉષ્ણતા છે માટે જાણે છે એમ નહિ.

આહા..હા...! **'પરકે સુખ-દુઃખસે તન્મયી હોનેસે...'** એમ જ્ઞાન પણ અગ્નિની પેઠે જો નેત્ર ત્યાં દેખે તો અહીં બળી જાય. એમ આત્મા પરમાં તન્મય થઈને જાણે તો નારકીના દુઃખોમાં આત્મા તન્મય થઈ જાય તો એને દુઃખ ભોગવવું પડે. આહા..હા...! **'પર ઐસા હોતા નહીં હૈ. ઇસલિયે નિશ્ચયસે આત્મા અસર્વગત હૈ,...'** લ્યો, ઠીક ! **'ઔર વ્યવહારનયસે સર્વગત હૈ,...'** સર્વને જાણવાની અપેક્ષાએ ઉપચારનયથી. વ્યવહારનય એટલે ઉપચારનય. આહા..હા...!

**'પ્રદેશોંકી અપેક્ષા નિશ્ચયસે લોકપ્રમાણ અસંખ્યપ્રદેશી હૈ,...'** પ્રદેશની અપેક્ષાએ અસંખ્યપ્રદેશી અહીં છે. **'વ્યવહારનયકર પાત્રમેં રખે હુએ દીપકકી તરહ દેહપ્રમાણ હૈ,...'** વ્યવહારથી દેહપ્રમાણ કહેવામાં આવે છે. નિશ્ચયથી અસંખ્યપ્રદેશી પ્રમાણ ઇ આત્મા છે. **'જૈસા શરીર ધારણ કરે, ઐસા પ્રદેશોંકા સંકોચ વિસ્તાર હો જાતા હૈ.'** **'જૈસા શરીર ધારણ કરે, ઐસા સંકોચ વિસ્તાર હો જાતા હૈ.'** ઇ પોતાને કારણે, હોં ! સંકોચ-વિકાસ થાય એ શરીરને કારણે નહીં. સંકોચ-વિકાસની પર્યાય એ પ્રમાણે થાય એ પોતાની પોતાથી થાય પરને લઈને નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**સમકિતી ધર્મી જીવ પોતાની દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે છે, દૃષ્ટિ ધ્રુવ સ્વભાવમાં ટકાવે છે, ધ્રુવ આત્મા જોર દે છે. સમ્યગ્દૃષ્ટિ તેને કહેવાય કે જેણે ધ્રુવ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિનો દોર લગાવી દીધો છે; પછી ભલે વિકલ્પ આવતો હોય પણ દૃષ્ટિ તો ધ્રુવ સ્વભાવ ઉપર જ છે. તે જરાય ત્યાંથી ખસતી નથી, હલતી નથી. પ્રભુ ! તારે કલ્યાણ કરવું હોય તો સંયોગ ઉપરથી લક્ષ છોડી દે, દયા-દાનના વિકલ્પ ઉપરથી દૃષ્ટિ છોડી દે, એક સમયની પર્યાય ઉપરથી પણ લક્ષ છોડી દે અને ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય ભગવાન પર દૃષ્ટિનો દોર લગાવી દે. કેવી રીતે લગાવાય ? તારી વર્તમાન ઉપજતી પર્યાયને ત્યાં ધ્રુવ જ્ઞાયકમાં જોડી દે. કેવી રીતે જોડાય ? અંતર્મુખ થઈને જોડી દે. અંતર્મુખ કેમ થવાય ? એ તો અંતર્મુખ થવાવાળો પોતે કરે કે બીજો કોઈ કરી દે ? પોતાની જે વર્તમાન પર્યાય પર તરફના લક્ષવાળી છે તે છોડી દે ને ત્રિકાળી જ્ઞાયકભાવ પર દૃષ્ટિને જોડી દે. હવે, 'જોડી દે' એમ કહ્યું તો કેવી રીતે જોડાય ? શું કહીએ ભાઈ ? અનુભવ કેવી રીતે થાય એ વાત અત્યારે ચાલતી નથી, પણ સમયસાર-કળશટીકામાં એમ કહે છે કે 'હું શુદ્ધ જ્ઞાયક છું' એમ જ્ઞાનનું જે પરિણમન થાય છે તે અનુભવ છે. ભગવાન આત્મા કે જે પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ ચીજ છે તેમાં અંતર્મુખ દૃષ્ટિ થવી, તેનો અનુભવ થવો તેને સ્વભાવ તરફ દોર લગાવી દીધો એમ કહેવાય છે. ભાષામાં વિશેષ શું આવે ? (દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૦૯)**

## શ્રી નિયમસાર, શ્લોક-૧૨૦, ગાથા-૯૦,
## પ્રવચન નં. ૯૧, તા. ૨૫-૧૧-૧૯૭૯
## [૪]

**सद्बोधमंडनमिदं परमात्मतत्त्वं**
**मुक्तं विकल्पनिकरैरखिलैः समन्तात्।**
**नास्त्येष सर्वनयजातगतप्रपंचो**
**ध्यानावली कथय सा कथमत्र जाता।।१२०।।**

આહાહા..! ઝીણી વાત છે જરી. કહે છે, આ ધર્માત્મતત્ત્વ છે. અંદર આત્મતત્ત્વ એ પરમાત્મતત્ત્વ જ છે. એની શક્તિ અને સ્વરૂપ પરમેશ્વર પરમાત્મસ્વરૂપ છે. એવા પરમાત્મતત્ત્વમાં એ **'સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ...'** છે. એ સમ્યગ્જ્ઞાનના સ્વભાવવાળું પરમાત્મતત્ત્વ છે, આવો આત્મા છે. એના સમ્યગ્જ્ઞાનની શોભાથી આ પરમાત્મતત્ત્વ છે. એમાં પુણ્ય અને પાપ, દયા અને દાન, કામ અને ક્રોધ એ પરિણામ–વિકલ્પ એમાં છે જ નહિ. આહાહા..! ચૈતન્યતત્ત્વને પહોંચવું આકરું કામ છે. **'સમ્યગ્જ્ઞાનનું આભૂષણ..'** છે એ તો. સમ્યગ્જ્ઞાનની શોભાવાળું તત્ત્વ છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પનો સમૂહ છે નહિ. એને અહીંયા આત્મા કહે છે અને એ આત્માની અંતરદૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન–ધર્મની પહેલી શરૂઆત કહે છે. આહાહા..!

**'સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પસમૂહોથી સર્વતઃ મુક્ત...'** છે. કોઈપણ વિકલ્પ–દયા, દાન, વ્રત, ભક્તિ, ગુણ-ગુણીના ભેદનો પણ વિકલ્પ–રાગ એ વસ્તુમાં નથી. આહાહા..! જેને આત્મા કહીએ, જેને આત્મા-પરમાત્મા કહીએ, જે આત્મા નવ તત્ત્વમાં ભિન્ન આત્મા કહીએ, એ આત્માની દૃષ્ટિ કરતાં એ આત્મામાં વિકલ્પના રાગ, વિકલ્પની રાગની લાગણીનો સમૂહ એમાં નથી. આહાહા..! આવું આકરું છે. આ તો બહારથી આ કરો... આ કરો.. આ ક્રિયા કરો. એ તો બધી રાગની ક્રિયા (છે) એમાં ધર્મ મનાવ્યો છે. (એ) મિથ્યાત્વનું સેવન (છે અને) એ બધા સંસારમાં રખડવાના લક્ષણ છે.

અહીં તો એ કહે છે કે એની શોભા તો સમ્યગ્જ્ઞાનની શોભાથી છે. વિકલ્પનો કોઈપણ સમૂહ એમાં નથી. અસ્તિ-નાસ્તિ કરી. આવા આત્માને અંદર ઓળખવો. એવા આત્માને અંદર ઓળખીને શ્રદ્ધા કરવી, એનું નામ ધર્મની પહેલી શરૂઆત છે. આહાહા..! આવું કામ છે. છે? **'સમસ્ત**

**વિકલ્પસમૂહ...'** વિકલ્પ નામ રાગની લાગણી, કોઈપણ ગુણ-ગુણી ભેદનો વિકલ્પ રાગ કે દયા, દાનના વિકલ્પનો રાગ, એ જ્ઞાનની શોભાવાળું તત્ત્વ (છે) એમાં વિકાર છે જ નહિ. આહાહા..! એ વિકલ્પ છે એ તો મલિનતા છે અને પ્રભુ તો જ્ઞાનની શોભાવાળું તત્ત્વ છે. આહાહા..!

અનંતકાળથી એ વાત બેઠી નથી. ચોરાશીના અવતારમાં રખડી મર્યો છે. સાધુ થાય, બહારનો ત્યાગી થાય તો પણ એ રાગની ક્રિયાને પોતાની માને. જે રાગ સ્વરૂપમાં નથી. આહાહા..! એ દયા, દાન, વ્રત અને ભક્તિ એ તો વિકલ્પ, રાગ છે. એ **'સમસ્ત વિકલ્પસમૂહ...'** જ્ઞાનની શોભાવાળું તત્ત્વ જ્ઞાનથી ભરેલું, એકલું જ્ઞાનથી ભરેલું શોભાવાળું તત્ત્વ, એમાં અજ્ઞાન ને વિકલ્પ, વિકાર એના સમૂહનો અભાવ છે. આ પ્રતિક્રમણ છે. આનું નામ પ્રતિક્રમણ છે. આહાહા..! બાકી તો સાંજ-સવાર ઘડિયા ગણી જાય. પડિકમણા કરી લે. મિથ્યાત્વ છે. આહાહા..! એક વાત (થઈ). બીજી.

**'સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ...'** આહાહા..! ભગવાનઆત્મા પરમાત્મતત્ત્વ (છે) એ જ્ઞાનથી શોભાવાળું છે એને વિકલ્પથી પામવું એવી એ ચીજ નથી. નય, નયનો વિકલ્પ. વ્યવહારનયનો વિકલ્પ, નિશ્ચયનયનો વિકલ્પ. આહાહા..! વિકલ્પ એ રાગની વૃત્તિ છે. **'સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ...'** આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં નયસમૂહનો તો પ્રપંચ છે. આહાહા..! એ વિકલ્પની લાગણીમાં નિશ્ચયના, વ્યવહારને આશ્રિત .... એ બધા વિકલ્પની લાગણીઓનો સમૂહ, એ બધું જ્ઞાનની શોભાવાળા તત્ત્વમાં પ્રપંચ છે. આહાહા..! આવું તત્ત્વ છે.

**'તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે...'** હોય? આહાહા..! બે ન્યાય આપીને વાત કરી. ઝીણી વાત છે, પ્રભુ! સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ. એનો જે વિષય ચૈતન્ય પરમાત્મતત્ત્વ જ્ઞાનભૂષણ એવું જે આત્મતત્ત્વ, એમાં વિકલ્પનો સમૂહ તો નથી પણ વ્યવહારનય અને નિશ્ચયનયના વિકલ્પોનો પ્રપંચ પણ જેમાં નથી. આહાહા..! છે? મૂળ માર્ગ છે. વાડામાં તો આ ચાલે એવું નથી. એ વાત ચાલતી નથી. સંપ્રદાયમાં તો ક્રિયાકાંડ, રાગની ક્રિયા આ કરો... આ કરો... આ કરો... આ કરો... આ કરો. એ મિથ્યાત્વનું સેવન (છે) જે સ્વરૂપમાં નથી એવા રાગનું સેવન એ મિથ્યાત્વનું સેવન છે. આહાહા..! અને જેમાં રાગ અને વિકલ્પ નથી એવા જ્ઞાનના સ્વભાવવાળું તત્ત્વ, એની સેવા એ સમ્યક્ તત્ત્વ છે. આહાહા..! ઝીણું છે. માર્ગ બહુ ઝીણો, બાપા! દુનિયા અત્યારે ચાલે છે એનાથી આખી જાત જુદી છે.

જ્યારે જ્ઞાનસ્વભાવવાળું તત્ત્વ એટલે સર્વજ્ઞસ્વરૂપી પૂર્ણ જ્ઞાનસ્વભાવવાળું તત્ત્વ આત્મા પૂર્ણ જ્ઞાનથી ભરેલું અનંત અનંત બેહદ જ્ઞાન જેનો સ્વભાવ, એવા તત્ત્વથી શોભતો આત્મા, એને સર્વ વિકલ્પના સમૂહનો તો અભાવ છે પણ વ્યવહાર અને નિશ્ચયના વિકલ્પનો એમાં પ્રપંચ નથી. જ્યારે એ નથી... આહાહા..! તો ત્રીજી વાત. **'તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઊપજી...'** આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ એની પર્યાયમાં એનું ધ્યાન, ધ્યાન કરવું

અને પર્યાયની નિર્મળતા પ્રગટ કરવી અને પર્યાયની નિર્મળતા વધારવી એવી પર્યાયનો ધ્યાનનો વિષય, એ વસ્તુમાં ક્યાં છે? આહાહા..! ક્યાં લઈ ગયા?

પહેલાં તો વિકલ્પના સમૂહનો નિષેધ કર્યો. એવું એ તત્ત્વ જ છે, ભગવાન પરમેશ્વર સ્વરૂપ જ છે. ભગવત્સ્વરૂપ, એમાં જગત તરફના વિકલ્પ એટલે રાગનો સમૂહ તો નથી પણ તેના વ્યવહાર અને નિશ્ચયનયના વિકલ્પના રાગનો પ્રપંચ પણ નથી. જ્યારે એ નથી તો પછી તેવો એકરૂપ જે જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં ધ્યાનાવલી એટલે ધ્યાનની શ્રેણી-ધારા... આહાહા..! ધ્યાનની શ્રેણીની ધારા એક પછી એક, એક પછી એક શુદ્ધિ, એ શુદ્ધિની ધારા એ પર્યાય છે, એ પર્યાય દ્રવ્યમાં ક્યાં છે? આહાહા..! 'ચંદુભાઈ'! આવું તત્ત્વ છે. ઝીણું પડે, બાપુ! શું થાય? કોઈ દિ' કર્યું નથી. અનંતકાળ પરિભ્રમણમાં ગયો અને એ સમજ્યા વિના ત્યાં ને ત્યાં ચોરાશીના અવતારમાં જવાનો, પરિભ્રમણમાં રખડવા. કાગડા, કૂતરા, ઢોરમાં અવતાર. આહાહા..!

ત્રણ પ્રકાર કહ્યા. એ તો જ્ઞાન અને આનંદથી શોભિત તત્ત્વ છે. એમાં રાગના વિકલ્પોનો તો સમૂહ નથી પણ નયના વિકલ્પનો પ્રપંચ એમાં નથી તો ધ્યાનાવલી-ધ્યાનની શ્રેણી શુદ્ધ-શુદ્ધ, એ ધ્યાનની શ્રેણી શુદ્ધ, પર્યાયની શુદ્ધિ વધે... શુદ્ધિ વધે.. શુદ્ધિ વધે... એવી શુદ્ધતાની ધારા એ પર્યાય છે, તે દ્રવ્યમાં ક્યાં છે? આહાહા..! ભારે આકરું કામ.

**શ્રોતા :–** આવી વાત 'આફ્રિકા'માં ન મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત આવી છે. માર્ગ દુનિયાને મળતો નથી. બિચારા ધર્મને નામે ક્યાંય રખડે છે. દયા, વ્રત, તપ, અપવાસ... આહાહા..! મરી ગયા એમાં ને એમાં. પડિમા લઈ લ્યો, બે પડિમા લ્યો, ચાર પડિમા લ્યો, વ્રત લ્યો, પહેલું વ્રત, બીજુ વ્રત, પણ મૂળ તત્ત્વ ન મળે એમાં વ્રત આવ્યા ક્યાંથી? જે ચીજ છે, જેમાં ઠરવું છે એ ચીજ દૃષ્ટિમાં આવ્યા વિના ઠરવું શેમાં? ઠરવું એ વ્રત છે.

જે ચીજ અંદર છે, અનાદિ–અનંત નિત્યાનંદનો દળ, ધ્રુવ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતસ્વચ્છતા અને અનંતવીર્ય, અનંત પ્રભુતાનો પ્રભુ પોતે છે. આહાહા..! એની શોભા એના ગુણથી છે. અહીં જ્ઞાનથી કીધી પણ જ્ઞાન કહેતા આખા અનંત ગુણથી એની શોભા છે. એમાં વિકલ્પની જાળો, રાગ, ક્યાંથી આવ્યો? ભાઈ! એમાં ક્યાં રાગ છે? એ તો નથી પણ આ નિશ્ચયનયે આવો છે, વ્યવહારનયે આવો છે એવા વિકલ્પના રાગની પ્રપંચજાળ પણ એમાં ક્યાં છે? એ તો ઠીક. એ તો રાગ આવ્યો. એ તો બેય રાગ આવ્યા. વિકલ્પનો સમૂહ અને નયનો પ્રપંચ એ તો વિકલ્પ રાગ આવ્યો. હવે અહીં તો પ્રભુ શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, આનંદથી શોભતો ધ્રુવ ચૈતન્ય, એમાં એના ધ્યાનના પર્યાયની ધ્યાનની ધારા, નિર્મળધારા પર્યાય, એ પર્યાયની શ્રેણી પણ ધ્રુવમાં ક્યાં છે ! આહાહા..! આવો માર્ગ છે, બાપા! શું થાય? અનાદિથી સાંભળવા મળે નહિ, સાંભળ્યું નથી, મળ્યું નથી. ... આહાહા..!

અહીં કરોડોપતિ વાણિયો હોય, મરીને ઢોર થાય. ઘણા પશુ થવાના. નરકમાં ન જાય. કારણ કે માંસ અને ઇંડાને એ નથી. દેવ અને મનુષ્યમાં તો જાય નહિ કારણ કે પુણ્ય નથી. ધર્મ તો છે નહિ. આહાહા..! એ અબજોપતિ અને કરોડોપતિ બધા પશુમાં જવાના. છેલ્લા ચૌદ બોલ આવ્યા છે ને? એ બધામાં પશુ કીધા છે. પશુ.. પશુ.. પશુ. પછી એકેન્દ્રિયમાં જાય, નિગોદમાં જાય કે પંચેન્દ્રિયમાં જાય પણ બધા પશુ છે, તિર્યંચ છે. આહાહા..! તત્ત્વનો વિરોધ બહુ ઘણો કરે એ નિગોદમાં લસણ અને ડુંગળીમાં જાય. આહાહા..! એને તો ખબર પણ ન મળે કે હું તત્ત્વનો વિરોધ કરું છું કે નહિ. ત્યાં 'પશુ' શબ્દ લીધા છે. પશુનો મૂળ અર્થ એવો છે, પશુ-પશ્યતિ ઇતિ બદ્ધતિ ઇતિ પશુ. કર્મથી અને વિકારથી બંધાય એ પશુ છે. આહાહા..!

ભગવાનઆત્મા અબદ્ધસ્વરૂપ (છે) એને બંધનના ભાવથી લાભ માનવો એ વિકલ્પની જાળથી લાભ માનવો, એ મિથ્યાત્વભાવ એ પશુમાં જવાના લક્ષણ છે. આહાહા..! બહુ વિરાધના હોય તો નિગોદમાં જાય, સાધારણ વિરાધના હોય તો પંચેન્દ્રિય ઊંટ, ગાય, ભેંસ, ખિસકોલી થાય. રખડે ત્યાંથી મરીને. આહાહા..! જુઓને આ રસ્તામાં કૂતરા હમણા મરી જાય છે. રસ્તામાં મોટા મોટા કૂતરા મરી ગયેલા સડક ઉપર પડ્યા હોય છે. ખટારા માથે ફરી જાય. થઈ રહ્યું, વળી મરીને બિચારા ક્યાંક પશુમાં જાય. માંસ ખાતા હોય તો નરકમાં જાય. આહાહા..! આત્મા તો અનાદિ-અનંત છે. એ દેહ છૂટ્યો એટલે કંઈ આત્મા નાશ થાય છે? આત્મા ત્યાંથી જાય છે અને અહીં પશુ હતો પણ ભાન તો કાંઈ હતું નહિ. આહાહા..! રસ્તામાં મરેલા પશુ પડ્યા હોય છે. આહાહા..! આત્મા ક્યાંય રખડતો. એવા અનંતા ભવ (કર્યા).

ચૈતન્યની શોભા જ્ઞાન અને આનંદથી છે. જ્ઞાન કહેતાં ત્યાં વિકલ્પ નથી એમ કહેવું છે. સર્વજ્ઞસ્વભાવી છે, પૂર્ણ સર્વસ્વભાવી છે. એવા પરમાત્મતત્ત્વમાં બહારની જેટલી રાગની બધી લાગણીઓ (ઉત્પન્ન થાય છે) એ બધો વિકલ્પનો સમૂહ કહેવાય છે. સ્ત્રી સંબંધી, પુરુષ સંબંધી વિકલ્પ, વેપાર સંબંધી, ધંધા સંબંધી, પૈસા સંબંધી, આત્મા સિવાય બીજા પરપદાર્થ સંબંધી જેટલા વિકલ્પો ઊઠે એ બધો વિકાર-રાગ છે. આહાહા..! આત્મા સંબંધીમાં પણ નયના વિચાર આવે એ પણ પ્રપંચ છે, કહે છે. આહાહા..! એ તો ઠીક, પણ શુદ્ધ ચૈતન્ય શુદ્ધનય જે ચૈતન્યદ્રવ્ય છે, એનું જે ધ્યાન થાય, ધ્યાનની ધારા, શુદ્ધતાની ધારા, મોક્ષમાર્ગની પર્યાય ધારા એ પણ ધ્યાનાવલી ધ્યાનની શ્રેણી, એ પણ સ્વરૂપમાં ક્યાં છે ! એ તો વ્યવહારનો વિષય છે. ત્રિકાળી વસ્તુ નિશ્ચયનો વિષય છે. એ સમ્યગ્દર્શનનો વિષય તો ત્રિકાળી ધ્રુવ છે. ધ્યાનની ધારા એ પણ કાંઈ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..! આમાં સાંભળવું શું? આખો દિ' .... હવે એને અહીંયાં કહેવું કે ધ્યાનની ધારાની પરિણતિ પણ તારામાં નથી ત્યાં દૃષ્ટિ કર ને ! આહાહા..!

વસ્તુ જે છે ધ્યાનનું ધ્યેય, એ ધ્યેયમાં ધ્યાનની ધારા નથી. આહાહા..! આમ જિનેશ્વર,

પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગની ધ્વનિ આમ છે. અરે..રે..! સાંભળવા મળે નહિ. જિંદગી પશુની જેમ ચાલી જાય છે. મૃત્યુની સમીપ જાય છે. આયુષ્ય તો જે નક્કી છે તે સમયે દેહ છૂટવાનો. જેટલા દિવસ અને રાત્રી જાય છે એ બધા મૃત્યુની સમીપ જાય છે. આહાહા..! તે છોડીને રખડવા ચાલ્યો જશે. આહાહા..! અરે..! પ્રભુ! તને દયા નથી આવતી? તારી તને દયા નથી આવતી?

પ્રભુ કહે છે કે ધ્યાનાવલી પર્યાય છે, એ પણ દૃષ્ટિનો વિષય નથી. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર તો ક્યાંય રહી ગયા. સ્વદ્રવ્ય સિવાય, સ્વદ્રવ્ય જે જ્ઞાનથી શોભિત ચૈતન્યમૂર્તિ પ્રભુ, જેનો અલંકાર, ચૈતન્ય આનંદ અને શાંતિ જેના અલંકાર છે એવું એ પરમાત્મતત્ત્વ ભગવાન આત્મા છે. એને કહે છે કે બહાર પરદ્રવ્યના સંબંધીના વલણવાળો રાગ એ તો એમાં છે નહિ, પણ સ્વદ્રવ્ય સંબંધીના નિશ્ચયનય અને વ્યવહારના વિકલ્પો, એ છે નહિ પણ એને લક્ષે થતી ધ્યાનની ધારાની પર્યાય–એ ધ્યાનાવલીની શ્રેણી પણ એમાં નથી. આહાહા..! અહીં સુધી જાવું. જરીએ નવરું થાવું નથી. રખડવાના રસ્તે ચડ્યો છે. આ શ્લોક ઊંચો છે. ત્રણ આવ્યા ને? ભાઈ! આહાહા..!

માથે કહેવાઈ ગયું કે શુદ્ધનય ધ્યાનાવલીને કહેતો નથી, એ તો વ્યવહારનય કહે. આત્મા જ્ઞાયક ત્રિકાળી ધ્રુવ પ્રભુ, એના ધ્યાનની પર્યાય શુદ્ધ.. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... વધે એ બધી પર્યાયને તો વ્યવહારનય કહે, નિશ્ચયનય તો એને કહે જ નહિ. આહાહા..! આવો ઉપદેશ છે. **'તો પછી તે ધ્યાનાવલી...'** ધ્યાનાવલી સમજ્યા? ધ્યાનની શ્રેણી-ધારા. એક પછી એક શુદ્ધ પરિણતિ શુદ્ધ, શુદ્ધ હોં! એ શુદ્ધ મોક્ષમાર્ગની પર્યાય. વિકલ્પ-નય વિકલ્પ અને પર તરફના વિકલ્પો તો બંધના કારણ છે. આ તો મોક્ષનો માર્ગ (એ પણ સ્વરૂપમાં નથી). આહાહા..!

ધ્રુવ ધામ ભગવાન પરમાત્મા,... વસ્તુ કઠણ બહુ, પ્રભુ! સચ્ચિદાનંદ સત્ શાશ્વત સત્ ચિદાનંદ જ્ઞાન આનંદથી શોભિત એવું જે ધ્રુવતત્ત્વ, એમાં વિકલ્પનો તો અવકાશ છે નહિ પણ ધ્યાનાવલી પણ એમાં ક્યાંથી આવી? એનાથી બહાર રહે છે. ધ્યાનાવલી પણ ધ્યેય જે છે, એનાથી ધ્યાનાવલી તો ઉપર રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિકલ્પ છે એ તો રાગ છે, દોષ છે, દુઃખ છે, પણ મોક્ષનો માર્ગ છે એ શુદ્ધ છે. આહાહા..! પણ એ ધ્રુવસ્વરૂપ ભગવાન, જે સમ્યગ્દર્શનનું ધ્યેય, જે દૃષ્ટિનો વિષય એવી જે ચીજ છે, એમાં પર્યાય-ધ્યાનાવલીની પર્યાય આવી ક્યાંથી? એ તો વ્યવહારનો વિષય છે. આહાહા..! 'ચંદુભાઈ'! આવું છે. કેટલાયે તો જિંદગીમાં સાંભળ્યું ન હોય. વાત સાંભળી ન હોય, સમજે તો ક્યાંથી ! રખડવાના રસ્તે.. અર..ર..!

**શ્રોતા :–** આવો આત્મા દેખાય નહિ એ અમારે જાણવો, ઓળખવો કઈ રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ દેખાય નહિ એ નિર્ણય કોણે કર્યો? દેખાય નહિ એ નિર્ણય દેખનારે કર્યો. 'મનસુખભાઈ'! હું સમજાતો નથી એ કોણે જાણ્યું? હું દેખાતો નથી, કોણ કહે છે ઇ? કોણ જાણે છે ઇ? હું દેખાતો નથી એ કોણ જાણે છે ?–એ દેખનારો જાણે છે. આહાહા..! આ તો

અલૌકિક વાતું છે, બાપુ! આહાહા..!

'શ્રીમદે' ગાથા લીધી છે. 'નાના નાસ્તિ વિચાર, એ જ અસ્તિ તે સૂચવે'. આ નથી... આ નથી... આ નથી... આ નથી... આ નથી... આ નથી... આ નથી... એ કોણ નક્કી કરે છે? નક્કી કોણે કર્યું? કઈ સત્તામાં નક્કી થયું? કોની હયાતીમાં એ જ્ઞાન થયું? જેની હયાતીમાં જ્ઞાન થયું એ ભગવાન આત્મા છે. આહાહા..! 'કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર પણ એ જ સૂચવે અસ્તિ...' નકાર કરે કે હું નથી, હું નથી. કોણે નિર્ણય કર્યો? રાગે કર્યો? જડે કર્યો? નિર્ણય કોણે કર્યો? વિચાર્યું છે કોઈ દિ'? આંધળે આંધળા હાલ્યે જાય છે. આંધળાઓ દેખનારાને દેખતા નથી અને આંધળાને મોઢા આગળ કરીને આંધળાને દેખે છે. આહાહા..!

બીજી રીતે. આ છે એ શેમાં જણાય છે? એમાં જણાય છે? આ શરીર છે એ શરીરમાં જણાય છે? આ બાયડી, છોકરા, દેહ, કુટુંબ છે એ એમાં જણાય છે? કે આત્માની પર્યાયમાં જણાય છે? જે પર્યાયનું અસ્તિત્વ છે તેમાં એ જણાય છે, તે ખરેખર એ (પર) જણાતું નથી, ખરેખર તો એની પર્યાય જણાય છે. એ પર્યાય પણ જેમાં નથી. આહાહા..! લોજિકથી કાંઈ ન્યાય પકડશે કે નહિ?

જેની સત્તામાં આ સત્તાનો સ્વીકાર થાય છે, એ ચૈતન્યની પર્યાયની સત્તામાં આ છે (એમ જણાય છે). પૈસા છે, બાયડી છે, આ છોકરા છે એ કાંઈ એની પર્યાયમાં એ ચીજ આવતી નથી. પર્યાય એટલે અવસ્થા. જાણવાની અવસ્થા. ત્રિકાળ દ્રવ્ય અને ત્રિકાળ ગુણ અને વર્તમાન પર્યાયની અવસ્થા, એ અવસ્થામાં એ ચીજ કાંઈ આવતી નથી, પણ એ ચીજ છે એમ જાણે છે. એ પણ એ ચીજને જાણતો નથી. આહાહા..! એ ચીજ તો આવતી નથી પણ એ ચીજને જાણતો નથી. જાણનારને જાણે છે ઇ. આહાહા..! આવું છે, પ્રભુ! આ તો વીતરાગ જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્માની વાણી આ છે, બાપા! લોકોએ પામર તરીકે કાઢી નાખી. એકેન્દ્રિયની દયા પાળો, ફલાણાની દયા પાળો, આ વ્રત કરો એમ કરીને જૈનધર્મને પામર કરી નાખ્યો છે. જેની પ્રભુતાનો પાર નથી, જેની મોટપનો પાર નથી. આહાહા..!

જે આ જગતમાં ચીજો છે, આ છે. શરીર છે, આ છે. શરીર છે. શરીર છે, લ્યોને. શરીર છે તો એનામાં શરીરને ખબર પડે છે? શરીર છે ઇ શરીરને ખબર પડે છે ? એ આત્માની પર્યાયમાં ખબર પડે છે કે આ શરીર છે. છતાં એ પર્યાયમાં-અવસ્થામાં એ શરીર આવતું નથી. ખરેખર એ પર્યાય શરીરને જાણતી નથી. આહાહા..! એ પર્યાય પર્યાયને જાણે છે. કેમકે શરીરને જાણતો નથી એટલે શરીરમાં તન્મય થતો નથી, તો તન્મય થયા વિના તેને જાણવું કહેવું એ બરાબર નથી.

આ શરીર છે, વાણી છે, રાગ છે, આ પૈસો-ધૂળ છે, આ માટી છે, મકાન છે, જે આત્માની પર્યાય એટલે અવસ્થાની સત્તામાં જણાય છે. એ જણાય છે એ આત્માની સત્તાની અવસ્થા જણાય છે, એ વસ્તુ નહીં. જેને મુખ્ય કરીને જણાય છે એને મુખ્ય કરીને ન રાખવો, ઓલાને મુખ્ય કરીને

રાખવો. આવી ભ્રમણા એ બધા ચોરાશીમાં રખડવાના રસ્તા છે. જેની એક સમયની પર્યાયમાં આ છે બધું આ છે.

એક ફેરી ડુંગર ઉપર ચડતા હતા, ઉતરતા હતા. ગિરનાર ચઢતા તો આમ નજર જાય. ઉતરતા બધું દેખાય. ઉતરતા બધું દેખાય. આટલો આત્મા, આટલા ભાગમાં આવડું બધું દેખાય. કેટલેથી છેટું દેખાય? ગિરનાર ઉપરથી 'જેતપુર' દેખાય. આહાહા..! આ બધું દેખાય છે એ શું છે? એ દેખાય છે? એમાં આત્માની પર્યાય ગઈ છે તે એને દેખે છે? પર્યાય પર્યાયમાં રહીને પર્યાયને દેખે છે. આહાહા..! અરે..રે..! આવું ક્યાંથી કરવું? નવરાશ ક્યાંથી? સંસારના પાપ આડે નવરો ક્યાં થાય છે? પાપની પીંજણ પીંજ્યા કરે છે. પાપની પીંજણ આખો દિ'. ધર્મ તો ક્યાંય રહ્યો પણ પુણ્યના ઠેકાણા ન મળે. આહાહા..! આ બધું દેખાય છે. અહીં તો આટલા આમ દેખાયા. ખરેખર તો અસંખ્ય પ્રદેશમાં દેખાય છે. આ તો આંખ નિમિત્ત છે. અસંખ્ય પ્રદેશમાં પર્યાયમાં જણાય છે. એ પર્યાયમાં પર્યાયની શક્તિથી પર્યાયને જાણે છે. પર્યાયની શક્તિથી પર્યાયને પર્યાય જાણે છે.

જ્યારે એક પર્યાય આવી શક્તિને જાણે એટલી તાકાતવાળી, તો એ પર્યાયનો ધરનાર પર્યાયવાન જેમાં પર્યાયનો પ્રવેશ નથી, ધ્યાનાવલીનો પ્રવેશ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે પણ ભાવ, ભાઈ! આહાહા..! ચાલતા ભાવથી જુદી જાત છે, બાપુ! વીતરાગ જિનેશ્વર પરમેશ્વર ત્રિલોકનાથના વિરહ પડ્યા. એની પાછળ જિનેશ્વરના નામે અનેક પ્રકારે સ્વચ્છંદ માર્ગને લોકોએ સેવ્યા. આહાહા..! માર્ગ તો બીજો રહી ગયો. આ માર્ગ છે. આહાહા..! આ શું કીધું? જુઓને!

જે પર્યાયમાં જણાય છે તે પર્યાય પણ અંદરમાં નથી, ધ્રુવમાં નથી. આહાહા..! કે દિ' પણ પાપ આડેથી વિચાર વખત મળે? આખો દિ' પાપની પીંજણ કરે. આહાહા..! એના સરવાળા આવશે. કુદરતના નિયમમાં એ સરવાળા આવશે. આહાહા..! આચાર્યોએ શું ટૂંકી ભાષામાં કેવી રીતે સત્‌ને જાહેર કર્યું છે! આહાહા..!

પ્રભુ! તું તો જ્ઞાન એટલે ગુણથી શોભાયમાન છો ને ! આહાહા..! તું તો આનંદ ને જ્ઞાન ને શાંતિ ને સ્વચ્છતા, પ્રભુતા, એ તારા ગુણોથી શોભાયમાન છો ને ! એમાં પરના વિકલ્પોથી તને તો અશુદ્ધતા અને કલંક લાગે છે અને એમાંથી તને શોભા લાગે (માને) છે કે આ મેં કર્યું, આ મેં કર્યું, મેં આનું આ કર્યું, મેં આનું આ કર્યું. તને શું ભ્રમણા થઈ છે? પ્રભુ! આહાહા..! ઝીણી વાતું છે, ભગવાન! આહાહા..!

આનંદ અને જ્ઞાનથી શોભનારું તત્ત્વ, એવું જે પરમાત્મતત્ત્વ પોતે પ્રભુ નિજ પરમાત્મા, એની પર્યાયમાં આ કરું... આ કરું... આ કરું... આ કરું... એ ચીજ તો અહીંયાં આવતી નથી અને તારી પર્યાય એ ચીજમાં જાતી નથી, તો પરનું કરું એ તો એમાં આવતું નથી, પણ પરને જાણવું કહેવું એ પણ વ્યવહાર છે, અસદ્‌ભૂત વ્યવહાર છે. કેમકે પરમાં તન્મય થતો નથી. ફક્ત પોતાની પર્યાયને

જાણે છે એ કહેવું એ સદ્‌ભૂત વ્યવહાર છે. એ પણ પર્યાયની ધારા... આહાહા..! પ્રભુ! તારા ધ્રુવમાં ક્યાંથી આવી? ધ્રુવ ઉપર એ તો તરે છે. તારા દૃષ્ટિનો વિષય છે એ કાંઈ ધ્યાનાવલી નથી. ધ્યાનની ધારા એ દૃષ્ટિનો વિષય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીં કહે છે. આ ગાથાના કળશમાં ઘણું ભર્યું છે. ત્રણ બોલ કહીને તો ઘણું ભર્યું છે. આહાહા..!

**શ્રોતા :–** હરખના જમણ છે એને લડાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાં છે. એમાં છે કે નહિ પણ આ? એક પરમાત્મ શબ્દ કહો તો એમાં શું બાકી છે? પછી એને લડાવવું એટલે અનંતા ગુણો અને અનંતી પર્યાયો અને આવો ને આવો. એ તો એવો છે એનું કહેવાનું છે. આત્મા નિજ પરમાત્મા પરમેશ્વરસ્વરૂપે જ છે. જો શક્તિ અને સ્વભાવે પરમેશ્વર ન હોય તો પર્યાયમાં પરમેશ્વર અરિહંત થયા એ ક્યાંથી થયા? ક્યાંય બહારથી પરમેશ્વરપણું આવે છે? અંદરમાં પડ્યું છે એમાંથી આવે છે. આહાહા..! એ પડેલા પરમેશ્વરમાં ધ્યાનની ધ્યાનાવલીનો પણ અવકાશ નથી. આહાહા..! એ વ્યવહારનો વિષય છે. આહાહા..! પ્રભુ આમ કહે છે. ઝીણી વાત છે, ભાઈ! બેસે ન બેસે પણ સત્ય તો આ છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરનું તો આમ કહેવું છે. એનાથી ઓછું, અધિક, વિપરીત માનશે એ મિથ્યાત્વ સેવીને ચાર ગતિમાં રખડશે, નરક અને નિગોદમાં જાશે. આહાહા..! ત્યાં કોઈ સહારો નથી. ત્યાં કોઈ સફારશ નહિ લાગુ પડે. અમે આટલા પુણ્ય કર્યા હતા, આટલા દાન કર્યા, અમે આ કર્યા હતા. એ તારા દાન-પુણ્ય તો ક્યાં..? એરણની ચોરી અને સોયનું દાન. આખો દિ' પાપના પોટલા બાંધે અને એમાં કોક દિ' સહેજ પુણ્યના ભાવ કરે એ સોયનું દાન અને એરણની ચોરી. તારા પુણ્યના પણ ક્યાં ઠેકાણા છે ! ધર્મના તો ઠેકાણા ક્યાં છે ! આહાહા..! આ એક શ્લોક થયો. પોણા કલાકમાં એક શ્લોક થયો. આહાહા..! બહુ ભર્યું છે, ઘણું ભર્યું છે.

દ્રવ્ય અને પર્યાય અને વ્યવહાર અને નિશ્ચય બેની વાત બહુ ભરી છે. એક પરદ્રવ્યના વિકલ્પથી ભરેલી છે, એનાથી રહિત થયું. પછી સ્વદ્રવ્યના નય અને નિષેધના વ્યવહારના વિકલ્પથી રહિત કીધું, પછી સ્વદ્રવ્યના ધ્યાનાવલીની પર્યાયથી રહિત કીધું. આહાહા..! એમાં છે કે નહિ?

બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, ધંધો તો ક્યાંય રહી ગયો, એની તો અહીં વાત પણ નથી. એના સંબંધીનો જે રાગ થાય એ તારી પર્યાયમાં છે. એ ચીજો તો એનામાં રહી છે, એ ક્યાં તારી પાસે છે અને તારી પાસે અંદર આવે છે ! આહાહા..! રાગ થાય એને પહેલો ઉડાવ્યો. એ રાગનો સમૂહ તારામાં નથી. પર્યાયમાં છે, એ દ્રવ્યમાં નથી. ઓલી ચીજ તો પર્યાયમાં પણ નથી. આહાહા..! શું કીધું ઇ? સ્ત્રી, કુટુંબ, પૈસા, આબરૂ, મકાન, પૈસા એ તો આત્માની પર્યાયમાં પણ નથી, એ તો બહારમાં એનામાં રહે છે; પણ એની પર્યાયમાં એના સંબંધીનો વિકલ્પ છે એની વાત કરી છે. આહાહા..! વિકલ્પ એટલે રાગ. એના સંબંધીનો તને જે રાગ થાય એ તારી પર્યાયમાં છે, પણ એ

દ્રવ્યમાં નથી. જ્યાં આખું પરમાત્મતત્ત્વ પડ્યું છે એમાં એ નથી. એક બોલ એમ કહ્યો.

બીજો બોલ એમ કહ્યો કે ... આ નિશ્ચયથી આવો અને વ્યવહારથી આવો, સદ્ભૂતથી આવો અને અસદ્ભૂતથી આવો, આ તારા આત્મામાં ભેદ પાડીને જ્ઞાનના ભેદો... આહાહા..! એ સમૂહ પણ પ્રપંચ છે. આહાહા..! પ્રભુ! તારામાં એ નથી. ત્યાં દૃષ્ટિ કર.

ત્રીજું. પહેલાંમાં વિકલ્પ છે એ પણ દુઃખરૂપ છે એમ કીધું. પહેલાં અને બીજા બેય વિકલ્પમાં દુઃખ છે. ત્રીજામાં સુખ છે. ત્રીજામાં સુખ છે, અતીન્દ્રિય સુખ છે. પણ એ પર્યાયમાં સુખધારા.. ઓછું, વધતું... વધતું... વધતું... સુખની ધારા વધે છે. એવી પર્યાય વધે છે, એકરૂપતા નથી. એ એકરૂપ વસ્તુમાં એ પર્યાયની ધારા એકરૂપ વસ્તુમાં નથી. આહાહા..! આવું છે. આવો ઉપદેશ કઈ જાતનો ? આહાહા..! એને ડર લાગતો નથી. એ સર્પને દેખીને ડર લાગે, વીંછીને દેખીને ડર લાગે, પણ ભવભ્રમણ કેટલા થશે એનો એને ડર લાગતો નથી. કોઈ શત્રુ છરી લઈને મારવા આવે તો ડર લાગે. આહાહા..! અનંતા ભવોનો ભવ કરવાનો ભાવ, એને ભવનો ડર લાગતો નથી. આહાહા..! એ ૮૯ ગાથા થઈ.

૯૦મી ગાથા.

**मिच्छत्तपुदिभावा पुव्वं जीवेण भाविया सुइरं।**
**सम्मत्तपुदिभावा अभाविया होंति जीवेण।।९०।।**

નીચે હરિગીત.

**મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;**
**સમ્યક્ત્વ-આદિક ભાવ રે ! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.**

‘**ટીકા :– આ, આસન્નભવ્ય...**’ કહે છે કે નજીકમાં જેની મુક્તિ છે તેની વાત. ‘**અને અનાસન્નભવ્ય...**’ કોઈ દિ’ મુક્તિ નથી થઈ એનો ભાવ. એ ‘**પૂર્વાપર (–પહેલાંના અને પછીના) પરિણામના સ્વરૂપનું કથન છે.**’ જેની મુક્તિ નજીક છે એનું કથન છે અને જેની મુક્તિ બિલકુલ નથી તેનું કથન છે. આહાહા..! અરે..! તેં ભાઈ! મિથ્યાત્વભાવ અનંતવાર સેવ્યા છે. આહાહા..! મિથ્યાત્વ–વિપરીત માન્યતાઓ. આહાહા..! રાગ મારો, સ્ત્રી મારી, પૈસા મારા, કુટુંબ મારું, મકાન મારું, આબરૂ મારી, દીકરા મારા, દીકરી મારી, જમાઈ મારા, આહાહા..! ઘરેણા મારા, કપડા મારા, શરીર મારું, ફલાણું મારું, મન મારું, વાણી મારી–એવા મિથ્યાત્વભાવને તેં અનંતવાર સેવ્યા છે, પ્રભુ! આહાહા..! આવો ઉપદેશ.

‘**મિથ્યાત્વ,...**’ ભાવ અને ‘**અવ્રત,...**’ ભાવ. રાગનો ત્યાગ નહિ અને મિથ્યાત્વસહિત અવ્રતભાવ પણ અનંતવાર સેવ્યાં છે. ‘**કષાય,...**’ પણ અનંતવાર સેવ્યો છે. ક્રોધ, માન, માયા, લોભ અનંતવાર કર્યા છે. અનંત ભવમાં અનંતવાર (કર્યા છે). ‘**અને યોગ...**’ અનંતભવમાં અનંતવાર

યોગ-કંપન્ન કર્યું છે. એ **'પરિણામો સામાન્ય પ્રત્યયો...'** એ ચાર સામાન્ય આસ્રવ છે. પ્રત્યયો એટલે આસ્રવ. આસ્રવ એટલે નવા બંધનના કારણો. **'મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ..'** એ ચાર પરિણામ નવા આવરણના કારણ છે. એને પ્રત્યયો કહ્યા. સમજાય છે આમાં? એ ચાર **'પ્રત્યયો (આસ્રવો) છે; તેમના ભેદ તેર છે,...'** તેર ગુણસ્થાન છે ને? પહેલે ગુણસ્થાનથી સયોગી સુધી. તેર પ્રત્યયો છે, તેર આસ્રવો છે. આહાહા..!

પ્રતિક્રમણ છે ને ! આ પ્રતિક્રમણની વ્યાખ્યા છે. પાછો ફર્યો નથી, પ્રભુ! જ્યાં છે ત્યાંને ત્યાં રોકાણો છે. આહાહા..! મિથ્યાત્વથી માંડીને સયોગી કેવળી–તેર ગુણસ્થાન સુધી આ પ્રત્યયો–આસ્રવો છે. તેરમે ગુણસ્થાને પણ ઇર્યાપથ–આસ્રવ આવે છે ને ! **'કારણ કે 'मिच्छादिट्ठीआदी जाव सजोगिस्स चरमंतं' એવું (શાસ્ત્રનું) વચન છે;...'** મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગી સુધી શાસ્ત્રનું વચન છે. **'મિથ્યાદૃષ્ટિગુણસ્થાનથી માંડીને સયોગીગુણસ્થાનના છેલ્લા સમય સુધી પ્રત્યયો...'** એટલે આસ્રવો **'હોય છે—એવો અર્થ છે.'** આહાહા..! મિથ્યાશ્રદ્ધાનું પાપ, અવ્રતનું પાપ, કષાયનું પાપ, યોગનું પાપ એવો આસ્રવ તે છેક તેરમા (ગુણસ્થાન) સુધી આવે છે. આહાહા..! મિથ્યાત્વના પાપથી માંડીને.

**'નિરંજન નિજ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાનરહિત...'** આહાહા..! હવે મિથ્યાત્વની વાત કરે છે. નિરંજન પરમાત્મા-આત્મા છે. નિરંજન–અંજન વિના, મળ વિના, મેલ વિના, એવો ભગવાન ચૈતન્ય દ્રવ્યસ્વરૂપ, ચૈતન્યપદાર્થ છે. એ **'નિરંજન નિજ પરમાત્મ...'** પાછું નિરંજન પર પરમાત્મા નહિ. **'નિરંજન નિજ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાનરહિત...'** એવા પરમાત્માની શ્રદ્ધારહિત. આહાહા..! જેને એની શ્રદ્ધાની ખબર પણ નથી. આહાહા..! મારો પ્રભુ નિરંજન નિજ પરમાત્મા શુદ્ધ ચૈતન્ય છે, એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે, પર્યાયના ભેદથી પણ રહિત છે. એવું નિજ પરમાત્મતત્ત્વ એમ લીધું છે ને? પર્યાય નહિ. આહાહા..! નિજ નિરંજન પરમાત્મતત્ત્વ. નિજ પરમાત્મતત્ત્વ. અંદર પોતે ભગવાન છે. આહાહા..! પરમેશ્વર પોતે આત્મા અંદર છે. એવા નિજ પરમેશ્વરને **'શ્રદ્ધાનરહિત...'** એની શ્રદ્ધારહિત. શ્રદ્ધા એની ન મળે. બીજા બધાની શ્રદ્ધા. એકની ન મળે. આહાહા..! વર વિનાની જાન. નિરંજન નિરાકાર પરમાત્મા શુદ્ધ બુદ્ધ પૂર્ણ સ્વરૂપ, એની **'શ્રદ્ધાનરહિત...'**

**'નૈષ્કર્મ્યરૂપ ચારિત્ર પ્રાપ્ત કર્યું નથી...'** આહાહા..! અંદર નિષ્કર્મ (અર્થાત્) પુણ્ય-પાપના વિકલ્પરહિત ચારિત્ર અંદર સ્વરૂપની રમણતા પ્રાપ્ત કરી નથી. સ્વરૂપની શ્રદ્ધા તો નથી, તેથી સ્વરૂપનું ચારિત્ર પણ નથી એમ કહે છે. શ્રદ્ધા પહેલી કીધી ને? આહાહા..! સ્વરૂપની શ્રદ્ધા વિના ચારિત્ર હોય નહિ. સ્વરૂપની શ્રદ્ધા નિરંજન નિજ પરમાત્મા શુદ્ધ અખંડ અભેદ છે, એમાં પર્યાયનો પણ ભેદ નથી. એવા પરમાત્માની શ્રદ્ધા વિનાના જીવો ચારિત્ર વિનાના છે. તેથી ચાર ગતિમાં રખડે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી કળશટીકા, કળશ-૨૫૦,**
**પ્રવચન નં. ૨૪૪, તા. ૯-૧૨-૧૯૬૫**
**[૫]**

'સ્યાદ્વાદ અધિકાર', 'કળશટીકા'. એનો ત્રીજો શ્લોક પૂરો થયો. જુઓ ! એમાં શું કહ્યું છેલ્લું ? કે આ આત્મા જ્ઞાનસ્વરૂપે દ્રવ્યરૂપે પોતે છે. છેલ્લા શબ્દો છે ને ત્રીજાના ? **'દ્રવ્ય દ્વારા પોતારૂપે છે.'** પોતા સ્વરૂપે છે અને **'પર્યાય દ્વારા જ્ઞાન વિશ્વરૂપ છે,...'** આ શૈલી લીધી છે આમાં. વિશ્વ નામ પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞેયાકારે પરિણમન થાય છે. સમજાણું ? જ્ઞાનની વર્તમાન પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞેયાકારે પરિણમન થાય છે. એ પર્યાયની અપેક્ષાએ એમ કહેવાય કે વિશ્વરૂપ છે. દ્રવ્યથી પોતારૂપે ત્રિકાળ એકરૂપ છે. **'આવો ભેદ સ્યાદ્વાદી અનુભવે છે.'** એવો પ્રકાર સ્યાદ્વાદી અપેક્ષાએ સમજનાર જાણે છે, અનુભવે છે. **'તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક છે,...'** જુઓ ! આ સાધકપણા ઉપર જરી જોર છે. સમજાણું ?

રાગાદિ થાય છે એને જ્ઞાનનો પર્યાય જાણે છે એ રીતે વ્યવહારનું જ્ઞાન જોકે પરિણમ્યું છે, એમ વિશ્વરૂપે અનેકને જાણવારૂપે પરિણમ્યું છે એમ તે જ્ઞાનની પર્યાયની અપેક્ષાએ કહેવામાં આવે. વસ્તુ તરીકે જોઈએ તો જ્ઞાન જ્ઞાનરૂપ દ્રવ્ય પોતે છે. આ રીતે વસ્તુનું સાધકપણું છે. એ રીતે વસ્તુ સિદ્ધ થઈ શકે છે. પર્યાયમાં વિશ્વરૂપ જાણવું, હોં ! રાગને લઈને સિદ્ધ થઈ શકે છે એમ નથી. જ્ઞાનની પર્યાયમાં આ બધું જણાય એ રીતે જ્ઞાનની પર્યાયને વિશ્વરૂપ અનેકરૂપ કહેવાય. અનેક એટલે આ બીજી અપેક્ષાએ. આપણે હવે આવશે એ બીજી વાત. સમજાણું કાંઈ ?

વસ્તુના બે પ્રકાર. એક વસ્તુ ત્રિકાળ અને એક સમયનો... અહીં જ્ઞાનની અપેક્ષાએ અત્યારે વાત છે. જ્ઞાન ત્રિકાળ અને જ્ઞાનનો એક સમયનો એક પર્યાય. પર્યાય દ્વારા જોઈએ તો પર્યાયમાં એક સમયમાં છ દ્રવ્ય સંબંધીનું જ્ઞાનરૂપે પરિણમવું એ પર્યાય છે, પર્યાય છે, વસ્તુપણે જોઈએ તો પોતે છે. પર્યાય દ્વારા જોઈએ તો જાણે અનેક વિશ્વરૂપે, છ દ્રવ્યના જ્ઞાનરૂપે, જ્ઞેયાકારરૂપે પરિણમેલું છે. એમ પર્યાયને આ રીતે સિદ્ધ કરી. દ્રવ્યરૂપ ત્રિકાળ છે એની દૃષ્ટિ કરતાં પર્યાયમાં સમ્યગ્દર્શનનો અનુભવ થાય. સમજાણું કાંઈ ? આ એનું સાધક છે એમ કહેવું છે અહીં તો. રાગાદિ સાધક છે, નિમિત્ત સાધક છે એ અહીં કહેવું નથી, જુઓ ! સમજાણું કાંઈ ?

વસ્તુના બે ભાગમાં બે ભાગ જે રીતે છે એમ માનવું એ વસ્તુનું સાધકપણું છે. તેથી કહ્યું ને, **'તેથી સ્યાદ્વાદ વસ્તુસ્વરૂપનો સાધક છે,...'** આ રીતે સ્યાદ્વાદ સાધક છે. પર્યાયમાં અનેકપણું, રાગ,

વિકલ્પ, સંયોગ, છ દ્રવ્ય એ બધું પર છે. એને જ્ઞાનપર્યાય જ્ઞેયાકારરૂપે જાણે ખરું, પણ એ જાણવાની અપેક્ષાએ વિશ્વરૂપ છે, પરરૂપ છે એમ અપેક્ષાએ કહેવાય છે અને વસ્તુ તરીકે તો એક જ છે. એમાં એક સમયનો પર્યાય છ દ્રવ્યને જાણે એટલી ક્યાં વસ્તુ છે ? સમજાણું કાંઈ ?

વસ્તુ તો ત્રિકાળ અખંડ જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય એ તો પોતારૂપ જ છે. ઓલા પરરૂપે તો એક સમયનો પર્યાય પરની અપેક્ષાવાળો જ્ઞેયાકારરૂપે પરિણમ્યો છે એટલું. એ પર્યાયની એટલી કબુલાત કરી અને દ્રવ્ય પોતારૂપ છે, વસ્તુ એકરૂપ ત્રિકાળ છે એમ એના ઉપર દૃષ્ટિ આપતાં પર્યાયમાં અનંત ગુણના અંશનું વેદન–અનુભવ થાય. ભારે ઝીણું ભાઈ ! સ્યાદ્વાદનું. હવે ત્રીજો શ્લોક. આમ ચોથો છે, આમ ત્રીજો છે. આ એકનો શ્લોક છે.

**बाह्यार्थग्रहणस्वभावभरतो विष्वग्विचित्रोल्लसद्-**
**ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुट्यन्पशुर्नश्यति।**
**एकद्रव्यतया सदा व्युदितया भेदभ्रमं ध्वंसय-**
**न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्।।४-२५०।।**

ભાવાર્થ એટલે કે જે ભાવ કહેવો છે તે આ પ્રકારે છે કે **'કોઈ એકાન્તવાદી...'** એક જ પક્ષને માનનારો વાસ્તવિક તત્ત્વને નહિ સમજનાર **'મિથ્યાદૃષ્ટિ જીવ પર્યાયમાત્રને વસ્તુ માને છે,...'** સિદ્ધ તો એકને કરવું છે. છતાં એ પર્યાયમાં અનેકપણું જે છે, અનેકપણે જાણવાનો જે પર્યાય છે, વસ્તુનો પર્યાય, એવી પર્યાયને વસ્તુ માને છે, **'વસ્તુને માનતો નથી;...'** અનેકને માને. પર્યાયમાં અનેકપણું છે એને માને પણ વસ્તુ એકરૂપ છે એને માનતો નથી. આ એકનો બોલ છે. એની સામે અનેક જ માને છે અને એક માનતો નથી, એમ પહેલું સિદ્ધ કરશે અને પછી એક માનનાર સ્યાદ્વાદી એક માને છે, એ પર્યાયનું અનેકપણું હોવા છતાં વસ્તુ તરીકે એક છે. સમજાણું કાંઈ ?

આ સ્યાદ્વાદ અધિકાર ઝીણો છે જરી. **'મિથ્યાદૃષ્ટિ જીવ પર્યાયમાત્રે વસ્તુ માને છે,...'** એક સમયની અવસ્થામાં જે અનેકપણે વસ્તુ જણાય એ અનેકપણાને જ વસ્તુ માને છે. પર્યાયમાં અનેકપણું જણાય છે ને ! એને અનેકપણાને-પર્યાયને જ માને છે. **'વસ્તુને માનતો નથી;...'** વસ્તુ એકરૂપ ત્રિકાળ છે, પર્યાયનું અનેકપણું હોવા છતાં વસ્તુ તો એક છે. દ્રવ્ય તરીકે વસ્તુ એક છે એ એકને માનતો નથી. એકલી પર્યાય (માને છે). એટલું દ્રવ્ય, એમ (માને છે). પણ પૂર્ણ વસ્તુ એક અખંડ જ્ઞાયક છે એને માનતા નથી.

**'તેથી જ્ઞાનવસ્તુ અનેક જ્ઞેયને જાણે છે,...'** જુઓ ! ભગવાન આત્મા જ્ઞાનવસ્તુ અનેક જ્ઞેયને જાણે છે, પર્યાયમાં અનેક જ્ઞેયને જાણે છે. **'તેને જાણતી થકી...'** વસ્તુ. વસ્તુ લીધી છે ને ? જાણતી એવી જ્ઞાનવસ્તુ–ભગવાન આત્મવસ્તુ. પર્યાયમાં **'તેને...'** જ્ઞેયને **'જાણતી થકી જ્ઞેયાકારે પરિણમે**

**છે...'** જ્ઞેય–જણાવાયોગ્ય પદાર્થપણે પર્યાય પરિણમે છે. પરિણમે છે તો પોતારૂપે, પણ જ્ઞેયાકારરૂપે પોતાનો પર્યાય થાય છે. સમજાણું કાંઈ ? પરપણે થતો નથી, પણ જે જ્ઞેય વસ્તુ છે એના પર્યાયમાં જ્ઞેયાકારરૂપે થાય છે.

**'એમ જાણીને જ્ઞાનને અનેક માને છે,...'** એ જ્ઞાનનું રૂપ અનેક જ છે એમ માને છે. એક વસ્તુ ત્રિકાળ દ્રવ્ય છે એમાં દૃષ્ટિ દેવા લાયક છે, એમ એ માનતો નથી. સમજાણું કાંઈ ? **'એક માનતો નથી,...'** અનેક માને છે. પર્યાય અપેક્ષાએ એકલો અનેક માને છે. અનેક એકલો માનતા એક વિના અનેક પણ સિદ્ધ થઈ શકતું નથી.

**'તેના પ્રતિ ઉત્તર આમ છે કે 'એક' જ્ઞાનને માન્યા વિના...'** એકરૂપ જ્ઞાનને માન્યા વિના. એકરૂપ વસ્તુ ત્રિકાળને જાણ્યા વિના **'અનેક' જ્ઞાન એમ સધાતું નથી;...'** એકપણાની અપેક્ષા વિના અનેકપણું એની પર્યાયમાં સિદ્ધ થતું નથી. કોણ અનેકપણે પરિણમ્યું ? દ્રવ્ય કયું હતું ? ક્યું દ્રવ્ય અનેકપણે પરિણમ્યું ? સમજાણું કાંઈ ? કઈ વસ્તુ પોતે અનેકપણે વર્તમાન પર્યાયપણે થઈ ? એ અનેકને એકલો માનનાર દ્રવ્યની અપેક્ષા વિના અનેકપણાનો પર્યાય પણ સિદ્ધ કરી શકતો નથી. કહો, સમજાણું ? 'જમુભાઈ' ! એમાં 'આંકડિયા'માં તો કોઈ દિ' આવું આવ્યું ન હોય. આહા..હા...!

વસ્તુ ભગવાન આત્મા એકરૂપે ત્રિકાળ (છે). જુઓને ! બધે ઠેકાણે એક.. એક.. એક આવે છે. એકરૂપ. એક સ્વભાવ, એક સ્વભાવ, એક સ્વભાવ. વીતરાગ જ્ઞાનાનંદ એક સ્વભાવ એક વસ્તુ. ભલે ગુણો અનંત હોય એ અપેક્ષાએ વાત (એમ હોય), પણ દ્રવ્યરૂપે તો એક છે. એનો એક સમયનો પર્યાય અનેકને જાણવારૂપે, જ્ઞેયો જણાય તેના જાણવારૂપે પરિણમે એથી એને અનેકપણાને એટલે પર્યાયને જ માને છે. વસ્તુ ત્રિકાળ એકરૂપ જ્ઞેય એક છે એને એ માનતો નથી. **'એક' જ્ઞાનને માન્યા વિના 'અનેક' જ્ઞાન એમ સધાતું નથી;...'** કોનું અનેકપણું પરિણમ્યું ? જડ અનેકપણે પરિણમ્યું ? કયું દ્રવ્ય અનેકપણે (પરિણમ્યું) ? એકપણે રહેનાર વિના અનેકપણે પરિણમ્યું કોણ ? સમજાણું કાંઈ ? અનેકપણે થયું કોણ ? એકરૂપે રહ્યા વિના અનેકરૂપે થયું કોણ ? ઇ અનેકપણે પર્યાય એની પર્યાય થઈ છે, એક દ્રવ્ય છે, એકરૂપે રહેનારું અનેકપણે પરિણમ્યું છે. સમજાય છે કાંઈ ? અનેકને એકની સાથે સંબંધ છે, એમ કહેવું છે. અનેકપણાનું પર્યાયનું પરિણમન એનો સંબંધ એક દ્રવ્ય સાથે છે. કોની સાથે ?–પોતા સાથે, પરની સાથે નહિ. પર જે ટકેલી ચીજ છે માટે એને કારણે અહીંયા પરિણમ્યું એટલે ઇ છે તો આ પરિણમ્યું એમ નથી. સમજાણું કાંઈ ?

**'તેથી જ્ઞાનને 'એક' માનીને 'અનેક' માનવું વસ્તુનું સાધક છે.'** દેખો ! છે ને ? એક જ્ઞાનને માન્યા વિના, એકરૂપે એ ચીજનો જે અંશ છે એ અંશ અનેકરૂપ થયો તો એકરૂપે છે તે પર્યાયમાં અનેકરૂપે (થયો છે). વસ્તુ તરીકે છે તે અવસ્થામાં અનેકરૂપે થયો છે. એમ એકરૂપની ચીજને માન્યા વિના અનેક જ્ઞાન એવું સાધી શકાતું નથી. એટલે કે બીજું કોઈ ટકે છે અથવા બીજો છે માટે

અનેકપણે પરિણમ્યું છે (એમ નથી). એને (પોતાને) આધારે અનેકપણે પરિણમી છે, સામા નિમિત્તને આધારે નહિ. સમજાણું કાંઈ ?

મોટો વજનો સ્તંભ ધ્રુવ પડ્યો છે એક દ્રવ્ય. ઇ એકરૂપ છે એ પર્યાયમાં–અંશમાં અનેકરૂપે થાય છે. બીજી ચીજને લઈને અનેકરૂપે છે (એમ નથી). વિશ્વ છે ખરું, એના નિમિત્તે પોતાના જ્ઞાનની અવસ્થા, એ પ્રકારે જ્ઞેયાકારરૂપે થવું એવો સ્વભાવ છે, પણ એ અનેકપણું થવું એ એકની અપેક્ષા રાખીને થાય છે. કોઈની અપેક્ષા રાખીને અનેકપણે પરિણમે છે (એમ નથી). અમારે 'હિંમતભાઈ' દાંત કાઢે છે. જુઓને ! અહીં શું કીધું છે ?

**'એક જ્ઞાનને માન્યા વિના...'** એની ને એની ચીજને. અનેકપણે પર્યાય થયો તે જ એકપણે એકરૂપે માન્યા વિના એનું અનેકપણું એકના સંબંધ વિના અનેકપણું સિદ્ધ થતું નથી. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? બીજા છે માટે અનેકપણું સિદ્ધ થાય છે એમ નહિ, એમ સિદ્ધ ન થાય. એના સંબંધવાળું તત્ત્વ એક છે એને લઈને અનેકપણું સિદ્ધ થાય. ભારે ભાઈ ! આવું. ... સ્યાદ્વાદ ભારે ઝીણું.

**'તેથી...'** આ માટે. **'જ્ઞાનને 'એક' માનીને...'** એકરૂપે એને ને એને એકરૂપે માનીને. જે અનેકરરૂપે પરિણમ્યું છે એને ને એને એકરૂપે માનીને–એકરૂપ રહેનાર માનીને **'અનેક' માનવું વસ્તુનું સાધક છે.'** જુઓ ! સમજાણું કાંઈ ? વસ્તુ જે અનેકપણે પર્યાયમાં પરિણમી છે એ જ એક વસ્તુને માન્યા વિના અનેકપણું સિદ્ધ થતું નથી. માટે એકરૂપે રહેનારી ચીજ, એકરૂપ, સદૃશરૂપ, એકરૂપ એના સંબંધે વર્તમાન પર્યાયનું અનેકપણું છે, એના સંબંધે. એકની અપેક્ષાએ અનેક છે. આ એક પોતાના સંબંધની અપેક્ષાએ અનેક છે. એકલો અનેક માને તેને એકની અપેક્ષા વિના અનેકપણાની સિદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ ? આ તો સ્યાદ્વાદના ચૌદ બોલ એવા મૂક્યા છે કે જે ઓલા એકલો આત્મા આત્મા કરે ને કે આત્મા આમ છે, ફૂટસ્થ છે, ધ્રુવ છે. એમ વસ્તુ નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. સમયે સમયે પર્યાયમાં–અવસ્થામાં અનેકપણારૂપ ભાસ હોવા છતાં એકાંતે અનેક જ એ અંશ નથી. એ અંશ એકરૂપે રહેનાર વસ્તુ છે એના સંબંધવાળો એક પર્યાય અનેકપણાને જાણવારૂપે પરિણમેલો છે. ત્યારે એકની અપેક્ષાથી અનેક સિદ્ધ થાય છે. એકના અનુભવમાં પર્યાયમાં અનંત ગુણની પર્યાયનો અનુભવ આવે છે, એમ કહે છે, લ્યો ! સમજાણું ?

**'જ્ઞાનને 'એક' માનીને...'** ભગવાન વસ્તુ એકરૂપે છે એમ માનીને તેની પર્યાયમાં એક વસ્તુના લક્ષને અસ્તિત્વે સિદ્ધ કરીને એની પર્યાયમાં અનંત ગુણનું એક સમયમાં સ્વપરને જાણવાના પર્યાયરૂપે પરિણમે ત્યારે અનેકપણું સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ ? **'એમ કહે છે.'** આ તો હજી એનો ઉપોદ્ઘાત કર્યો. આ તો એનો ભાવાર્થ (કર્યો). ભાવાર્થ (એટલે) શું ? કે આ કહેવું છે.

'पशुः नश्यति' એમ પાધરો શબ્દ જ લીધો છે. પશુ એટલે **'એકાન્તવાદી વસ્તુને સાધી શકતો**

**નથી.**' એકલો અનેકને જ માનનારો, એકરૂપે રહેનાર ભગવાન આત્મા વિના પર્યાયનું અનેકપણું પણ અનુભવી શકતો નથી. સમજાણું કાંઈ ? સમજાણું ? '**पशुः नश्यति**' પશુનો અર્થ કર્યો હતો પહેલો. '**पश्यते बध्ये इति कर्म इति पशुः**' શું ? એકાંત નહિ. પહેલાં બીજો અર્થ કર્યો હતો. પહેલાં પુશનો અર્થ કર્યો હતો. જુઓ ! પહેલાં પશુ હતું ને ક્યાંક ? ક્યાં આવ્યું ? આગલી ગાથા. સમજાણું ? જુઓ ! પશુ. પહેલાં પશુ ન્યાં કીધો હતો અને પહેલો પશુ અહીં હતો–૨૧૯. પશુ. '**पशुः नश्यति**' આત્મા એકરૂપે અખંડ આનંદ છે, એકરૂપે અખંડ છે એના સ્વીકાર વિના એકલો પર્યાયના ક્ષણિકપણાને માનનાર એકાંત પશુ છે. પશુ જેવો એટલે કર્મથી બંધાય છે. કર્મથી બંધાય એટલે અબંધ પરિણામ તેને પ્રગટ થતા નથી. બંધાય–રોકાય જાય છે. એકાંતપણામાં રોકાઈ જઈને ચાર ગતિમાં રખડવાના કર્મ બાંધે છે. કહો, સમજાણું કાંઈ ? એકાંતવાદી–એક અંત–એક જ પક્ષને માનનારો. '**વસ્તુને સાધી શકતો નથી.**' વાસ્તવિક પદાર્થ ભગવાન, એને સિદ્ધ–અનુભવમાં લાવી શકતો નથી.

'**વળી કેવો છે ?**' '**अभितः त्रुट्यन**' '**જેવું માને છે તે રીતે જૂઠો ઠરે છે.**' શું કહે છે ? એ અનેકપણું માને છે એ રીતે અનેકપણું તેનું જૂઠું ઠરે છે. સમજાણું કાંઈ ? ભગવાન એકરૂપે વસ્તુ ત્રિકાળ જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. એવા એકરૂપને સ્વીકાર્યા વિના જે રીતે તે અનેકને જ એકલું માને છે તે પ્રકાર જૂઠો ઠરે છે. '**अभितः**'નો અર્થ એ કર્યો. '**अभितः**' શું આવે છે વારંવાર ? સર્વથા. '**त्रुट्यन**'. '**अभितः**' ઘણે ઠેકાણે આવે છે. વારંવાર, સર્વથા. પૂરો જૂઠો ઠરે છે, લ્યો ને. પૂરો જૂઠો ઠરે છે. વસ્તુ ભગવાન આત્મા એકરૂપે ચિદ્ઘન આત્મા છે, એને માન્યા વિના એકલી અનેકપણાની પર્યાયને જ માને છે એ પૂરો જૂઠો ઠરે છે. થોડો જૂઠો નહિ, એમ કહે છે. એકલી પર્યાયનો સ્વીકાર કર્યો કે નહિ ?–ના.

**શ્રોતા** :– સાચાને સાચો કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ના, જરીયે નહિ. એક અંશમાં આખા પૂર્ણને માન્યો તો એ અંશ પણ એનો સત્ય રહ્યો નહિ એમ કહે છે. એક અંશ પણ સત્ય નહિ. અસર્વાંશને સર્વાંશ સ્વીકાર્યો તો અસર્વાંશ પણ એનો યથાર્થ રહ્યો નહિ. સમજાણું કાંઈ ? અસર્વાંશ વળી શું ?

આખું સર્વ સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ, એનો એક સમયનો પર્યાય તો સર્વાંશ આખું પૂરું રૂપ નથી. એ એક અંશને જ આખું માન્યું. એટલે એક અંશને આખો માનતા અંશ પણ સિદ્ધ થતો નથી. કોનો એ અંશ ? કોનો એ અંશ ? કોનામાં એ અનેકપણાની પર્યાયનું જ્ઞાન ? સમજાણું કાંઈ ? 'અમૃતચંદ્રાચાર્યે' આ 'સમયસાર' માથે કળશ કર્યા. મંદિર કરે ને ? મંદિરને માથે કળશ મૂકે એમ કળશ મૂક્યા.

શું કહે છે ? **'જેવું માને છે તે રીતે તે જૂઠો ઠરે છે.'** એમ કહ્યું. જેવું એ માને છે એ પ્રકારે–એ રીતે તે જૂઠો ઠરે છે. અનેક કોની અપેક્ષાએ ? કોનું અનેક ? કોનું અનેક ? અનેકનું અનેક પણ અનેકનું અનેક એટલે શું ? સમજાય છે ? એકરૂપે વસ્તુની અપેક્ષા વિના એકલું અનેકનું અનેક, અનેકનું અનેક, એટલે શું ? કહે છે, તારું જે રીતે તું માને છો તેનો અર્થ જૂઠો ઠરે છે.

**'વળી કેવો છે ?'** 'विष्वग्विचित्रोल्लसद्ज्ञेयाकारविशीर्षशक्तिः' 'विष्वक' **'જે અનંત છે, અનંત પ્રકારનો છે.'** આ છ દ્રવ્યો છે ને ? છ દ્રવ્યો છે અનંત છે અને પાછા એમાં અનંત પ્રકારની વિચિત્રતા ગુણ-પર્યાયની પણ છે. છ દ્રવ્ય છે ને ? છ દ્રવ્ય, એ અનંત છે અને અનંત પ્રકારના પાછા. અનંતનો એક પ્રકાર નથી. કોઈ ચૈતન્ય છે, કોઈ જડ છે. કોઈ ચૈતન્યના ગુણ છે, કોઈ સામાન્ય, કોઈ વિશેષ, એના ઘણા પ્રકાર (છે). અનંત છે અને અનંત પ્રકારના છે. આહા..હા...! 'उल्लसत्' **'પ્રગટ વિદ્યમાન છે...'** બાહ્ય. 'उल्लसत्' ઉલ્લસી ગયા છે, આમ છે, એમ. **'પ્રગટ વિદ્યમાન છે–એવો જે...'** 'ज्ञेय' એવા જે જ્ઞેય **'છ દ્રવ્યોનો સમૂહ...'** જુઓ ! અહીં છ દ્રવ્ય લીધા, ભાઈ ! ઓલામાં પાંચ લીધા હતા, જ્ઞેયમાં. અહીં છ દ્રવ્ય લીધા, જુઓ !

એક કોર ભગવાન આત્મા, એક કોર ભગવાન વસ્તુ સ્વરૂપ દ્રવ્ય અને એક કોર એક પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન. એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન. સમજાણું કાંઈ ? આહા..હા...! એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન. અનંતા સિદ્ધ આદિ બધા એક સમયની પર્યાયમાં આવી ગયા. આખી વસ્તુ તો મહાન મોટી એક કોર રહી ગઈ. ઓ..હો..હો...! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા એકલો પરમેશ્વર પ્રભુ, એની એક સમયની પર્યાયમાં બધા છ દ્રવ્ય, બધું, બધા છ દ્રવ્યનો સમૂહ. જ્ઞેયની વ્યાખ્યા.

**'તેના પ્રતિબિંબરૂપે પરિણમ્યો છે...'** એના પ્રતિબિંબરૂપે (પરિણમી છે) એવી જે જ્ઞાનપર્યાય–એવી જે જ્ઞાનની અવસ્થા. છ દ્રવ્યોના સમૂહરૂપે પોતાની જ્ઞાનની પર્યાયમાં પ્રતિબિંબરૂપ (થયા છે). પર્યાય છે ને ? એનું પ્રતિબિંબ એટલે જેવું છે એનું બિંબ અહીં (પડે). એ રૂપે પરિણમે છે. એવી **'જે જ્ઞાનપર્યાય...'** 'विशीर्णशक्तिः' ગળી ગયું. **'એટલું જ માત્ર જ્ઞાન છે એવી શ્રદ્ધા કરતાં ગળી ગયું છે વસ્તુ સાધવાનું સામર્થ્ય જેનું.'** એટલી જ પર્યાયને માનનાર. **'એટલું જ માત્ર જ્ઞાન છે...'** એટલું જ એ જ્ઞાન છે, એક સમયની પર્યાયને છ દ્રવ્ય જાણે એટલું જ એ જ્ઞાન છે. ઓ..હો..હો...! એનાથી મોટું લાગ્યું એને. આહા..હા...! છ દ્રવ્યને જાણે અનંત.. અનંત.. અનંત.. અનંત.. અને અનંત પ્રકાર. અનંત અને અનંત પ્રકાર. એક સમયમાં જાણે એટલું જ જ્ઞાન છે એવી શ્રદ્ધા કરનારને **'ગળી ગયું છે વસ્તુ સાધવાનું સામર્થ્ય...'** એટલો એક સમયના પર્યાયથી અનંત.. અનંત.. અનંત.. અનંતગુણું આખું દ્રવ્ય જે છે એને સિદ્ધ કરવાની દૃષ્ટિ ગળી ગઈ છે, બળી ગઈ છે, દૃષ્ટિ મિથ્યાત્વ થઈ ગઈ છે.

આહા..હા...! બહુ ઝીણું. સમજાણું કાંઈ ? આહા..હા...!

ભગવાન કહે છે કે એવડો મોટો કે જેની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું પ્રતિબિંબરૂપે થવું, પણ એટલો જ માનતાં આખા દ્રવ્યને સિદ્ધ કરવાની દૃષ્ટિ તેની ગળી ગઈ છે. '**विशीर्णशक्तिः**'. '**विशीर्ण**' જીર્ણ થઈ ગઈ, નાશ થઈ ગઈ. આહા..હા...! એક પર્યાયમાં તો જાણે ઓ..હો..! આ તો મોટો આવડો. એમાં આખી વસ્તુ એવા અનંત અનંત ગુણનો પિંડ. એવી તો અનંતી પર્યાયનો એકલો કંદ. મહાપરમેશ્વર ચૈતન્ય ધ્રુવ, એને સિદ્ધ કરવાને એકલી એક વિનાની અનંત પર્યાયને જ એકલું માનનાર, એટલો જ માનનાર, એને આખી ચીજને સિદ્ધ કરવાની દૃષ્ટિ ગળી ગઈ છે. બળી ગઈ છે એટલે સળગી ગઈ છે–નાશ થઈ ગઈ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

બાકી ખૂબી તો ઇ કે એક પર્યાયમાં આટલું બધું માને તોપણ. એકલી વસ્તુ ને એકલી પર્યાય ને એક જ એવડો નહિ એમ નહિ. ઇ એક પર્યાય એવડી છે કે છ દ્રવ્યના અનંત અનંત પ્રકારને જાણવા, પ્રતિબિંબરૂપે પરિણમે એટલી પર્યાય. એટલી પર્યાયને માને તોપણ વસ્તુને સિદ્ધ કરવાની જેની દૃષ્ટિ નાશ થઈ ગઈ. આહા..હા...! સમજાણું કાંઈ ? તો જે હજી છ દ્રવ્ય, એના પણે પરિણમેલો પર્યાય, એટલો જે પર્યાય છે અને છ દ્રવ્ય છે એને જે માનતો નથી,.. સમજાણું કાંઈ ? એણે આખું દ્રવ્ય તો ન માન્યું પણ પર્યાયમાં આટલી તાકાત છે એવડો પર્યાય પણ એણે માન્યો નહિ. સમજાણું કાંઈ ?

**'એટલું જ માત્ર જ્ઞાન છે એવી શ્રદ્ધા કરતાં...'** '**विशीर्ण**' થઈ ગઈ છે. '**विशीर्ण**' નામ ગળી ગઈ છે, નાશ થઈ ગઈ છે. **'વસ્તુ સાધવાનું સામર્થ્ય જેનું...'** એટલા એક સમયની પર્યાયમાં એને છ દ્રવ્ય (જણાયા). છ દ્રવ્યમાં શું આવ્યું ? અનંતા કેવળી આવ્યા.

**શ્રોતા :–** પોતે આવી ગયો ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતે આવ્યો, પર્યાય અપેક્ષાએ બધું આવી ગયું કે નહિ અંદર ? પણ એટલો જ પર્યાયને માનનાર, કહે છે કે એની દૃષ્ટિ એકલા અંશમાં જ રહી. આવડી પર્યાય છતાં ! જેને અજ્ઞાનીને તો એક જ સાધારણ પર્યાય માની છે, જેને છ દ્રવ્ય પણ એના જ્ઞાનના પ્રતિબિંબ માનતો નથી. એ પર્યાયની એવડી શક્તિ હજી માનતો નથી એને તો દ્રવ્ય પણ દૃષ્ટિમાં નાશ થઈ ગયું અને પર્યાય પણ દૃષ્ટિમાં નાશ થઈ ગઈ. એમ થયું કે નહિ ? 'વિમલચંદજી' ! પર્યાય પણ નાશ થઈ ગઈ એની તો. આહા..!

આ તો એક પર્યાય આવડી માને તોપણ કહે છે કે દ્રવ્યની દૃષ્ટિ સિદ્ધ કરવાને માટે એની દૃષ્ટિ નાશ થઈ ગઈ છે. આવડી પર્યાય જે નથી માનતો કે જે એક સમયની પર્યાયમાં છ દ્રવ્યના જ્ઞેયાકાર પ્રતિબિંબપણે પરિણમે એવડો જ એક પર્યાયનો સ્વભાવ અને તાકાત છે. 'જુગરાજજી' ! ભારે આ તો વીતરાગ દૃષ્ટિ ! એવડો પર્યાય પણ જે નથી માનતો એને તો પર્યાય સિદ્ધ કરવાની દૃષ્ટિમાં

તાકાત નથી અને વસ્તુને સિદ્ધ કરવાની તાકાત તો નથી જ ! સમજાણું કાંઈ ? પણ જેણે આવા એક સમયની પર્યાયમાં છ દ્રવ્યના સમૂહને જાણવાની પ્રતિબિંબ થવાની લાયકાત માની છે એટલો જ માનનાર છે એને પણ દ્રવ્યને સિદ્ધ કરવાની તાકાત દૃષ્ટિમાં રહેતી નથી. આહા..હા...!

આ ભગવાન આત્મા આવડો એક સમયનો આટલો માને તોપણ નહિ. અહીં તો હજી એક સમયના પર્યાયમાં કેવડો ? (એમાં પણ) વાંધા. કેવળજ્ઞાનીનો એક સમયનો પર્યાય, કેવળજ્ઞાનીનો એક સમયનો પર્યાય ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં પ્રતિબિંબરૂપે જાણે. ત્રણકાળ–ત્રિકાળ. સમજાણું ? ત્રિકાળ ભાવે પરિણમવું. અસ્તિત્વ. છઠ્ઠી ગાથા. વસ્તુ અસ્તિત્વ છે, વસ્તુનું જે હોવાપણું છે એ દરેક પદાર્થ ત્રણે કાળના પર્યાયપણે... પર્યાયપણે... પર્યાયપણે પરિણમતી વસ્તુ છે એવી જે વસ્તુની પર્યાયપણે પરિણમતી વસ્તુ, એને જ્ઞાનનો એક સમયનો પર્યાય જ્ઞેયાકારરૂપે જાણવાની તાકાતવાળી પર્યાય છે. એટલી પર્યાયને એટલા સામર્થ્યવાળી જે ન માને એને તો પર્યાય અને દ્રવ્યની બેયની શ્રદ્ધા મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ? 'ધરમચંદભાઈ' ! બહુ આકરું નીકળ્યું. આ બધું ગોખી ગોખીને ગોખ્યું, નીકળ્યું બીજું. બીજું શીખવું પડશે. આહા..હા...! ભારે પણ ટીકા કરી છે ને ! ટીકાને સિદ્ધ કરવાની...

વસ્તુને જે ભગવાન કહેવા માગે છે, આ.. એક સમયનો પર્યાય પણ.. એક સમયનો પર્યાય એવડો એને જ્ઞાનમાં જાણે એ શ્રદ્ધાનો એક સમયનો પર્યાય, શ્રદ્ધાનો એક સમયનો પર્યાય પણ એને પર્યાય તરીકે એટલાને કબુલે, એટલાને કબુલે. એટલું કબુલે નહિ એની તો કહે છે, પર્યાય અને દ્રવ્યની, બેયની શ્રદ્ધા મિથ્યાત્વ છે. તેથી કહ્યું કે, **'એટલું જ માત્ર...'** એટલું જ માત્ર. એટલો જ માને. આહા..!

**'એટલું જ માત્ર જ્ઞાન છે એવી શ્રદ્ધા કરતાં...'** 'विशीर्ण' શક્તિ–સામર્થ્ય જેની નાશ થઈ ગઈ છે. **'વસ્તુ સાધવાનું સામર્થ્ય જેનું, એવો છે મિથ્યાદૃષ્ટિ જીવ...'** આહા..હા...! **'એવો કેમ છે ?'** 'बाह्यार्थग्रहणस्वभावभरतः' 'बाह्यार्थ' **'જેટલી જ્ઞેયવસ્તુ તેમનું જાણપણું...'** જોયું ? ગ્રહણની વ્યાખ્યા. જેટલી બાહ્ય વસ્તુ છે, ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં જે બાહ્યાર્થ **'જેટલી જ્ઞેય વસ્તુ તેમનું જાણપણું... '** એનું જ્ઞાન. સમજાણું ? આને તો પોતે દ્રવ્ય સ્વીકારતો નથી. પોતે પોતાનું આખું (દ્રવ્ય) તો સ્વીકારતો નથી. એટલે પોતા આખા વિનાનો એક પર્યાય (જેવડો છે). એમ કહેવું છે. ઓલામાં આવ્યું હતું ને ? સાધક છે એ તો સ્વ-પરને બેયને જાણવાનો પર્યાય એ જ્ઞેય છે. અજ્ઞાનીને તો પર એ જ્ઞેય છે. આવ્યું હતું ને પહેલાં ? પરજ્ઞેય. ભાઈ ! પહેલું આવ્યું હતું ને. પહેલામાં આવ્યું હતું. **'જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે.'**

૨૪૮માં આવ્યું હતું. 'ज्ञानं पशोः सीदति'. **'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જેવું માને છે કે જ્ઞાન**

**પર જ્ઞેયના સહારાનું છે,...**' સાતમી લીટી. એને એકલું (એમ લાગે છે કે) જ્ઞાન પરજ્ઞેયના સહારાનું છે. અને સમકિતી જે માને છે એને.... પ્રશ્ન હતો ને એમાં ? બેય. '**પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું જ્ઞેયની...**' ૨૧૮ પાને. એનું વિવરણ છે ને ? વિવરણ. '**દ્રવ્યરૂપ કહેતાં નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર વસ્તુ; પર્યાયરૂપ કહેતાં સ્વજ્ઞેય અથવા પરજ્ઞેયને જાણતું થકું...**' માથે એમ આવ્યું હતું. સમ્યગ્જ્ઞાનની પર્યાય તો સ્વ અને પરને બેયને જાણતું થયું. સમજાણું ? અને દ્રવ્યનો પણ સ્વીકાર થયો; અને મિથ્યાજ્ઞાનની પર્યાયે એકલી પર્યાયને માની, સ્વદ્રવ્યને ન માન્યું એણે વસ્તુને ન માની, પણ જ્ઞાનની પર્યાય બીજી વસ્તુ અને બીજી પર્યાય છે એ જ્ઞાનમાં આકારે પરિણમે એટલી જ પર્યાયને માની–પર્યાયને એટલી માની. સમજાણું કાંઈ ?

'**જેટલી જ્ઞેયવસ્તુ તેમનું...**' '**ग्रहण**' '**જાણપણું—તેમની આકૃતિરૂપ જ્ઞાનનો પરિણામ–એવું જે છે વસ્તુનું સહજ,...**' '**વસ્તુનું સહજ, કે જે કોઈના કહેવાથી વર્જ્યું ન જાય (છૂટે નહિ) એવા તેના અમિટપણાના કારણથી.**' શું કહે છે ? એ તો પર્યાયનો ધર્મ છે કે એની આકૃતિરૂપ જ્ઞાનનો પરિણામ થાય. '**કોઈના કહેવાથી વર્જ્યું ન જાય...**' એ તો પર્યાય એવી થાય જ. અમિટપણું–મટે નહિ એવું. ક્યા પ્રકારે ? '**જ્ઞાનનો સ્વભાવ છે કે સમસ્ત જ્ઞેયને જાણતાં...**' એમ કહે છે. બધા જ્ઞેયને જાણતું થકું જ્ઞાનની વર્તમાન દશા '**જ્ઞેયના આકારરૂપે પરિણમવું.**' (થાય છે). ઓ..હો..હો...! જુઓ ! આમાં ઇ આવ્યું છે. સમસ્તને (જ્ઞેયને) જાણતું થકું જ્ઞેયપણે જ્ઞાન પરિણમે છે, પણ જ્ઞાન પરિણમે છે એમ જ્ઞેય ક્યાં પરિણમે છે ? પણ એ તો એનું એ છે. અહીં તો આ સિદ્ધ કરવું છે. શું કીધું સમજાણું ?

અહીં તો સિદ્ધ પર્યાયને અનંતપણે સિદ્ધ કરવી છે. બાકી તો જ્ઞાનનો પર્યાય જે પૂર્ણ છે એ જે રીતે પરિણમી રહ્યો છે, એ પરિણમવારૂપે જે પરિણમ્યો તે જ રીતે આખા લોકાલોકનો પર્યાય તે પ્રકારે ત્યાં એને કારણે પરિણમી રહ્યો છે. સમજાણું કાંઈ ? 'જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા, અનહોની કબહૂ ન હોસી કાહે હોત અધીરા'. 'જે જે દેખી વીતરાગને' એને એક સમયની પર્યાયમાં આખો લોકાલોક અને બધું દેખાણું છે. એ જ પ્રમાણે ત્યાં થાશે, આડુંઅવળું નહિ થાય. (વીતરાગે જાણ્યું) આ કારણે નહિ પણ એવું જાણ્યું તે જ રીતે ત્યાં એને (પોતાને) કારણે પરિણમે છે. 'અનહોની કબહૂ ન હોસી, કાહે હોત અધીરા'.

અહીં તો જરી બીજી વાત કરવી છે કે જે જ્ઞાનનો પર્યાય છે, જેવું જ્ઞેય સામે છે... સમજાય છે ? તે '**સમસ્ત જ્ઞેયને જાણતાં...**' સમસ્ત જ્ઞેયને જાણતાં. ઇ બધા જ્ઞેય ને દ્રવ્ય-ગુણ-પર્યાય, ભૂત-ભવિષ્ય ને વર્તમાન, એ બધું જ્ઞેય છે. આહા..હા...! ત્રિકાળ જ્ઞેય છે કે એક વર્તમાન જ્ઞેય છે ? વસ્તુનો સહજ જે પર્યાયધર્મ '**કોઈના કહેવાથી વર્જ્યું ન જાય (છૂટે નહિ)...**' એ એનો જ્ઞાનનો પરિણામ, હોં ! અહીં તો જ્ઞાનના પરિણામ (લેવા છે). આહા..હા..! ભગવાન આત્મા ત્રિકાળ એનો એક સમયનો પરિણામ–પર્યાય, એ જેટલા જ્ઞેયો છે એ રીતે પરિણમે છે એવો વસ્તુનો પર્યાયસ્વભાવ છે. '**भरत:**'

**'કોઈના કહેવાથી વર્જ્યું ન જાય (છૂટે નહિ)...'** એવું એને અમિટપણું એ પર્યાયનો ધર્મ છે. મટે નહિ એવો એક સમયની પર્યાયનો ધર્મ છે. ઓહો..હો...! સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ આમ છે કે—જ્ઞાનનો સ્વભાવ છે કે...'** આ પર્યાયની વાત છે, હોં ! **'કે સમસ્ત જ્ઞેયને જાણતાં જ્ઞેયના આકારરૂપે પરિણમવું.'** જ્ઞેયને આકારે પરિણમવું. એ પોતે પરિણમે એ રીતે. જેવું ત્યાં છે તે રીતે પોતાથી પોતામાં જ્ઞેયાકારરૂપે પરિણમે (છે). ઓ..હો..હો...! સમજાણું કાંઈ ? **'કોઈ એકાન્તવાદી વસ્તુને એટલી જ માત્ર જાણતો થકો...'** લ્યો. કોઈ એકાંત માનનારા એટલે એકલી પર્યાયને જ માનનારા. એક ક્ષણિક અવસ્થા, આવડી પાછી ક્ષણિક અવસ્થા. બૌદ્ધની તો એવડી (પણ નથી). આહા..હા...! આ તો વીતરાગ કહે છે કે વસ્તુનો પર્યાયધર્મ જ આવડો છે, આવડો ધર્મ છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞેયપણે પરિણમવું, જાણવું એવો એક સમયનો ધર્મ છે. આહા..હા...! એવું જાણવું, એ રીતે શ્રદ્ધવું એવો એક સમયનો પર્યાયધર્મ છે. સમજાણું ? **'વસ્તુને એટલી જ માત્ર જાણતો થકો જ્ઞાનને અનેક માને છે.'** ઓલી એક સમયની પર્યાયમાં બધું જણાણું. અનેક.. અનેક.. અનેક.. અનંત અને અનંત પ્રકાર. અનંત અને અનંત દ્રવ્ય ને અનંત પર્યાયના અનંત પ્રકાર. એવું એક સમયમાં જાણે છે.

**'તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનું એકપણું સાધે છે...'** હવે સવળું લ્યે છે. ઓલો જે એક છે, એને એકલું અનેક જ માને છે એ મિથ્યાદષ્ટિ (છે), એનો એક ભાગ કીધો. હવે એક છે એને એકપણે માને છે એની વાત કરે છે. **'તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનું એકપણું સાધે છે.'** **'अनेकान्तविद् ज्ञानम् एकं पश्यति'** **'अनेकान्तविद्'** **'સ્યાદ્વાદી અર્થાત્ એક સત્તાને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે...'** દેખો ! શું કીધું ઇ ? એક સત્તાના બે અંશો છે ઇ. એક જ પર્યાય અંશ સત્તાનો છે એમ નથી. શું કીધું ? ભગવાન આત્મા એક સત્તા, અસંખ્ય પ્રદેશી એક સત્તા. એ સત્તાના બે અંશ છે. દ્રવ્ય અને પર્યાયરૂપ માને છે. એક સત્તાને દ્રવ્ય અને પર્યાયરૂપે માને છે. જુઓ ! બીજી સત્તાની અપેક્ષાએ નહિ, એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ ?

એક સત્તાના બે ભાગ. એક કાયમ રહેનારું એકરૂપ અને એક પર્યાયપણે અનેકપણે અનંત દ્રવ્યને જાણવારૂપે પરિણમેલું અનેક. એ એક અને અનેક. એક સત્તાનું એકરૂપ. એક સત્તાના બે રૂપ. એક સત્તાનું બે રૂપ. સમજાણું કાંઈ ? એક જ હોવાપણાના બે ભાગ. **'अनेकान्तविद्'** અનેક એટલે બે આદિ ધર્મને જાણનારો એટલે કે એક સત્તાને દ્રવ્યરૂપ (અને) પર્યાયરૂપ માને છે. એમ અનેકાંત કીધું ને ? અનેક અંત–ધર્મ. ધર્મ એટલે અનેક. કોણ ? બે. એક સત્તાના બે ધર્મ માનનાર. એક જ સત્તાનો દ્રવ્યધર્મ અને પર્યાયધર્મ. બીજાની વાત નહિ. સમજાણું કાંઈ ?

**'એક સત્તાને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે એવો સમ્યગ્દષ્ટિ જીવ,...'** **'ज्ञानम् एकं पश्यति'**

**'જ્ઞાનવસ્તુ જોકે પર્યાયરૂપથી અનેક છે...'** અવસ્થામાં વિશ્વનું જે સ્વરૂપ છે એ રૂપે પર્યાય પરિણમેલો ભાસે છે. અનેકપણે પરિણમેલો પર્યાય ભાસે છે. **'તોપણ દ્રવ્યરૂપથી એકરૂપ અનુભવે છે.'** વસ્તુ તરીકે એકરૂપે જાણે છે, પર્યાયમાં અનેકપણે હોવા છતાં... એની ને એની રમતું એના પર્યાય અને દ્રવ્યમાં છે. સમજાણું કાંઈ ? પરની સાથે કાંઈ લેવા દેવા નથી. જુઓ ! અહીં કર્મનીસત્તા સાથે સંબંધ નથી એમ બધું અહીં તો કહે છે. એમ આવ્યું કે નહિ એમાં ? કર્મની સત્તા બધી સત્તા છે એવો જ્ઞાનનો પર્યાય જાણે, એ સત્તાને લઈને જાણે એમ પણ નહિ. અહીં પર્યાયનો સ્વભાવ છે કે એ સત્તા છે એને જ્ઞાનપર્યાય જાણે, પણ એ જ્ઞાનનો પર્યાય પોતાની સત્તાના બે ભાગ (એને જ જાણે છે). એક જ સત્તાના બે ભાગ છે–એક દ્રવ્યરૂપ અને એક પર્યાયરૂપ. સમજાણું કાંઈ ?

કર્મની સત્તાનું હોવાપણું, શરીરનું હોવાપણું એ બધું હોવાપણાને લઈને આ એક સમયનો પર્યાય છે એમ નથી. સમજાણું કાંઈ ? અહીં સમ્યગ્દષ્ટિની વાત છે કે નહિ ? કર્મ આદિ અનંત દ્રવ્યો, રજકણો છે, શરીરાદિ બધું છે, અનંત શરીર અને પુદ્‌ગલો (છે). છ દ્રવ્યમાં બધું (આવી ગયું). બાકી શું રહ્યું ? બાકી રહ્યું ? એ જેટલા છે તેની સત્તા, એ સત્તાના હોવાપણાનો જ્ઞાનપર્યાયમાં જાણવાનો ભાવ આવ્યો. જ્ઞાનની પર્યાયમાં જાણવાનો ભાવ આવ્યો. એની સત્તાનો ભાવ અહીં આવ્યો એમ નહિ, જાણવાનો ભાવ આવ્યો. એ તો પોતાના જાણવાના પર્યાયધર્મમાં આવ્યું છે. સમજાણું કાંઈ ? એ સત્તાને લઈને નહિ. એ સત્તા–પરસત્તાને લઈને જ્ઞાનનો પર્યાય પરિણમ્યો એમ નહિ.

અનેકપણે, જ્ઞાન અનંતપણે પરિણમ્યું, અહીં અનેક કહેવું છે ને ? અનેક એટલે બેથી અનંત બધાને અનેક કહેવાય છે. અહીં અનંતને અનેક કહેવું છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા વસ્તુરૂપે એક હોવા છતાં તેની જ્ઞાનપર્યાયમાં અનેકપણું એટલે અનંતપણું, અનંતને જાણવાની પણ એ એક સત્તાનો એક પર્યાયઅંશ છે. એક સત્તાનો એક પર્યાયઅંશ છે. ઇ બીજી સત્તાના અંશને લઈને આ પર્યાયઅંશ છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? બાદશાહની તળેટીનો પર્યાય પણ કેવડો ! એનું આંગણું કેવું ! આહા..હા...!

મહાપ્રભુ ! ચૈતન્ય મહાપ્રભુ ! એનો એક સમયનો પર્યાય ! કહે છે કે એ એક સત્તાના બે અંશો છે. એક દ્રવ્યસત્તારૂપ અને પર્યાયસત્તારૂપ. એક સત્તા. એ પર્યાયસત્તાના અંશમાં અનંત સત્તાઓ સંબંધીનું પોતાના સામર્થ્યને લઈને (જ્ઞાન થાય છે), એને લઈને નહિ. એથી તો પહેલું કીધું, સ્વભાવ. વસ્તુનો સહજ જે સ્વભાવ. અમિટપણું–મટે નહિ એવો પર્યાયધર્મ છે, એને લઈને અનંત સત્તાને પોતાની પર્યાયસત્તામાં પોતા વડે સહજપણે પરિણમે, જાણે એવો પર્યાયનો ધર્મ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઝીણું પડે પણ સાંભળવા જેવું છે. કોઈ બૈરાં-બૈરાંને ઝીણું પડે, આ બધું કાંઈ (સમજાતું નથી એમ લાગે).

અહીં તો કહે છે ને ? જૂના માણસ પ્રશ્ન તો કરે કે નહિ ? અત્યાર સુધી આ કર્યું હતું એમાં માન્યું હતું એકાંત.. એકાંત.. એકાંત... રાગ મંદ કર્યો એનાથી કાંઈ લાભ નહિ ? ક્રિયાકાંડથી કાંઈ લાભ નહિ ? રાગ જે છે એની સત્તા હતી. એનો જ્ઞાનપર્યાય પોતાથી, એની સત્તા છે માટે જાણ્યું એમ નહિ. અહીં જાણવાનો પર્યાય પરસત્તાને જ પોતે જાણે એટલો પરિણમ્યો. એટલો પરિણમ્યો પણ એ પોતાના સત્તાના એક અંશ છે એ તો. એક સત્તાનો એક અંશ છે. એ પરને લઈને નહિ, રાગની મંદતાને લઈને જ્ઞાન પરિણમ્યું છે એમ નહિ. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? આહા..હા..!

કહે છે કે ભગવાન ! પરસત્તા જે છે—રાગની મંદતા, કર્મ, શરીર આદિ બધું, એને જ્ઞાનનો પર્યાય એને અડ્યા વિના, એનો પર્યાયનો સહજ સ્વભાવ છે કે તે તેના જ્ઞેયાકારપણે જ્ઞાન પરિણમે. બસ, એટલી વાત છે. તેટલો એ પર્યાયનો સહજ સ્વભાવ છે. આટલી જ એની મર્યાદા છે. એટલી મર્યાદાને પણ જો આત્મા માને તો મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. રાગને લઈને જ્ઞાનના પર્યાયની સત્તા છે, એમ માનનાર તો પર્યાયમૂઢ–મહામૂઢ છે. સમજાણું કાંઈ ? શું છે ? શેઠ !

આહા..હા...! અરે...! ભગવાનનો વૈરાગ્ય તો એને કહે, ભાઈ ! આહા..હા...! જેને પુણ્ય અને પાપના વિકલ્પો પણ જેને એકલો જ્ઞાનની પર્યાયમાં–સત્તામાં પોતાને ભાસે. એ પણ પોતાના પર્યાયધર્મને લઈને ભાસે, એને લઈને આ નહિ અને આટલાને લઈને આખું નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! આ તો આચાર્યોના હૃદય તો ઊંડા ઊંડા એટલે ઘણું આમાં કહેવું છે ને ? એટલું બહુ ઊંડું કાંઈ આપણે ન પહોંચી શકીએ. એને આ રીતે સિદ્ધ કરવામાં... ઓ..હો..! ભાઈ ! તું એક જ પર્યાયના સામર્થ્યવાળી, આટલીવાળાને તું એટલો આખો માન તોપણ તારી દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ?

આ તો એક પર્યાય, એવી બધી પર્યાયમાં એટલી શક્તિ, હોં ! આ જ્ઞાનની (વાત કરી). આ તો જ્ઞાનપ્રધાનથી વાત કરી. શ્રદ્ધાની, શાંતિની, વીર્યની એવી એવી શક્તિ એક જ પર્યાયમાં એટલી બધી છે. એક જ વીર્યની પર્યાય પણ એટલી બધી છે કે બધાને જાણવારૂપે પરિણમવાનું જે કામ કરે, એ તો એક સમયના વીર્યનું કામ છે. આહા..! સમજાણું કાંઈ ? એટલો પર્યાય જે માને છે અને દ્રવ્ય એકરૂપે ત્રિકાળ જેની જેની ભૂમિકામાં, જેની ભૂમિકામાં આ પર્યાયનું પરિણમન છે, એક સત્તાના બે અંશનું, તો એક અંશ આ માને અને આ અંશ માને નહિ તો મિથ્યાદૃષ્ટિ (છે). સમ્યગ્દૃષ્ટિ બેય અંશનો સ્વીકાર કરે છે. સમજાણું કાંઈ ? ઓ..હો...! ભારે સમ્યગ્દર્શન મોંઘું થયું. ઓલું તો સોંઘુ હતું. ચોપડી આદરે એમાં હતું. બાર વ્રતમાં નહોતું ? આહા..!

કહે છે, **'એક સત્તાને દ્રવ્ય-પર્યાયરૂપ માને છે એવો સમ્યગ્દૃષ્ટિ જીવ,..' 'ज्ञानम् एकं पश्यति' 'જ્ઞાનવસ્તુ જોકે પર્યાયરૂપથી અનેક છે...'** અનેક એટલે અનંતને જાણવારૂપે અનંતપણે પરિણમેલું

જ્ઞાન છે. અનંતને શ્રદ્ધવારૂપે એક સમયની પર્યાય છે. આહા..હા..! **'તોપણ દ્રવ્યરૂપથી એકરૂપ અનુભવે છે.'** એક સમયનો પર્યાય નહિ, એની દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. એ સત્તાનો અંશ છે આટલો, એટલો આખો નથી, આખી સત્તા મહા છે. સમજાણું કાંઈ ? એવા દ્રવ્યની મહાસત્તા ઉપર દૃષ્ટિ હોવાથી એ દ્રવ્યનો અનુભવ પર્યાયમાં આવે છે. આહા..હા...!

**'ज्ञानम् एकं पश्यति'** ભગવાન આત્મા એક સ્વરૂપે નિર્વિકલ્પ વસ્તુ. જોયું ? આ ભેદરૂપ અંશ છે એમાં અનંત (જણાય છે). વસ્તુ, એકરૂપ વસ્તુ અનંત અનંત આવા પર્યાયનો એકરૂપ ગુણ અને એવા અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય. એ વસ્તુ એક સ્વભાવ, એક સ્વભાવ, એક દ્રવ્ય, એકરૂપ, એના ઉપર દૃષ્ટિ (છે). આ સ્વીકાર છે અને એ સ્વીકાર સહિતનો આનો સ્વીકાર છે. એટલે દ્રવ્યનો સ્વીકાર હોવાથી પર્યાયમાં સમ્યગ્દર્શનની પ્રતીતિમાં આખું દ્રવ્ય શું છે એનો અનુભવ જ્ઞાનમાં આવે છે. સમજાણું કાંઈ ? એકલો પર્યાય જ જ્ઞાનમાં આવે છે એમ નથી. સમજાણું કાંઈ ?

**'પર્યાયરૂપથી અનેક છે તોપણ દ્રવ્યરૂપથી એકરૂપ અનુભવે છે.'** અનેક, એકની અપેક્ષાવાળો. અનેક પરની અપેક્ષાવાળો નહિ. પર્યાયનું અનંતપણું એ પરની અપેક્ષાવાળું નહિ. ભલે જ્ઞેયાકારરૂપે પરિણમ્યું એટલે એને અનંત કહ્યું (પણ છે) એકની અપેક્ષાવાળો. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ... આહા..હા...! પર્યાયે અનેક, વસ્તુએ એક. અહીં એક સિદ્ધ કરવું છે ને ? એક સિદ્ધ કરવું છે. અનેક પછી સિદ્ધ કરશે. અહીં તો એકને સિદ્ધ કરવું છે અને ઓલો એકાંત અનેકને જ માને છે, એ એકને માનતો નથી. જ્ઞાની ધર્મત્મા **'દ્રવ્યરૂપથી એકરૂપ અનુભવે છે.'**

**'કેવો છે સ્યાદ્વાદી ?'** 'भेदभ्रममं ध्वंसयन्' 'भेदभ्रममं ध्वंसयन्' **'જ્ઞાન અનેક છે એવા એકાન્તપક્ષને માનતો નથી.'** છે ને ? 'भेदभ्रममं ध्वंसयन्' છે ને ભેદ ? ભેદ એટલે અનેક. એક સમયના પર્યાયમાં અનેકપણું, અનંતપણું પરિણમ્યું છે જ્ઞેયાકારરૂપે, એ ભેદભ્રમનો ધ્વંસ કરે છે–ભેદભ્રમનો ધ્વંસ કરે છે. આ ભગવાન આત્મા અનેક જ છે–પર્યાયરૂપે અનેક જ છે એવા એકાંત પક્ષને નથી માનતો. કેમ નથી માનતો ? અજાણ્યા માણસને એવું લાગે કે આ શું કહે છે આ બધું ? હોં ! તદ્દન વાત સાચી. જૈનમાં હોય તો આ વાત... 'ભગવાનજીભાઈ' ! ઓ..હો...! વસ્તુને સિદ્ધ કરવાની તાકાત, આચાર્યની ગજબ વાત છે ! ઓ..હો...હો...! એના બે અંશોને સિદ્ધ કરવું એની સ્થિતિની મર્યાદા ટૂંકા શબ્દોમાં, આ પદ્ધતિમાં બહુ જ ટૂંકા કથન. ગાગરમાં સાગર ભરી દીધો છે. ઓ..હો..!

કહે છે, ભાઈ ! એ અનેકપણાના એકાંત અંશનો સમકિતી પક્ષ નથી કરતો, એકાંત પક્ષ નથી કરતો. છે ભલે અનેક, પણ એકને લઈને અનેક, એકની અપેક્ષામાં અનેક (છે એમ માને છે). સમજાણું કાંઈ ? **'શા કારણથી ?'** **'एकद्रव्यतया'**. **'જ્ઞાન એક વસ્તુ છે એવા અભિપ્રાયના કારણે.'**

દેખો ! ભગવાન આત્મા વસ્તુ એકરૂપે છે. વસ્તુ સદૃશ.. સદૃશ.. સદૃશ ધ્રુવ એકરૂપે છે. અનંતરૂપ પર્યાય (હોવા) છતાં વસ્તુ એકરૂપે છે. એવા એકરૂપની દૃષ્ટિની અપેક્ષાએ અનેકાંતવાદી એકલા અનેકને જ ન માનતો એકાંત પક્ષનો ધ્વંસ કરીને એકરૂપે દ્રવ્યને માને છે. જ્ઞાન એક પદાર્થછે, વસ્તુ છે **'એવા અભિપ્રયાના કારણે.'** દેખો ! આ તો અભિપ્રાય (છે). એવા આશયને કારણે, અભિપ્રાયને કારણે. નક્કી–અભિપ્રાય છે પર્યાયમાં–અનેકમાં, પણ એ અભિપ્રાય એકરૂપનો છે કે આ વસ્તુ એકરૂપ છે. સમજાય છે કાંઈ ? **'જ્ઞાન એક વસ્તુ છે એવા અભિપ્રયાના કારણે.'**

**'કેવો છે અભિપ્રાય ?' 'सदा व्युदितया' 'સર્વ કાળ ઉદયમાન છે.'** એવો અભિપ્રાય છે કે વસ્તુ ત્રિકાળ એકરૂપ છે, પર્યાય અનેક છે, એવા અભિપ્રાયમાં–અનુભવમાં એકપણાનો આદર કરીને અનેકપણાને પર્યાયમાં છે એવું જ્ઞાન કરે છે. **'सदा व्युदितया' 'સર્વ કાળ ઉદયમાન છે.'** વસ્તુ સર્વ કાળ એવી ને એવી છે, એમ કહે છે. સમજાણું ? દ્રવ્યરૂપે એક છે. **'કેવું છે જ્ઞાન ?' 'अबाधितानुभवनं' 'અખંડિત છે અનુભવ જેમાં,...'** ભગવાન જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ વસ્તુ એકરૂપે (છે) એનો અબાધિત અનુભવ છે. એની દૃષ્ટિ અને એકતા તે અનુભવ અબાધિત છે. વસ્તુ જેમ અખંડ અબાધિત છે એમ, અનેકપણાના સ્વીકાર અને એકપણાના સ્વીકારની અપેક્ષાએ, એ અનુભવ છે એ અબાધિત અખંડિત છે. **'એવી છે જ્ઞાનવસ્તુ.'** એવી ભગવાન આત્મવસ્તુ છે, એને અનેકની અપેક્ષામાં એકલું ન માનતા, એકની અપેક્ષાથી અનેકનો અનુભવ કરે છે. એવી જ્ઞાનવસ્તુ સદા વિદ્યમાન પ્રગટ છે એમ જ્ઞાની અભિપ્રાયમાં માને છે. (વિશેષ કહેશે...)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા અંદર શક્તિએ તો સદા અબદ્ધસ્વરપ અર્થાત્ મુક્તસ્વરૂપ છે. યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાપૂર્વક તે ધ્રુવ મુક્તસ્વરૂપનું અંતરમાં ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્તદશા પ્રગટ થશે. જીવને સંસારના પાપધ્યાન કરતાં તો આવડે છે, જેમ સંસારના આર્ત ને રૌદ્રધ્યાનમાં ચડી જાય છે, તેમ એવું ધ્યાન–એવી એકાગ્રતા–ત્રિકાળી ધ્રુવ સ્વભાવમાં લગાવ. અહા ! મારગ તો આવો છે. તે દયા, દાન, વ્રત કે ભક્તિથી મળશે નહિ, એ તો રાગ છે. રાગભાવથી વીતરાગતા મળે ?**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૭૭૯)**

## શ્રી કળશટીકા, કળશ-૨૫૧,
## પ્રવચન નં. ૨૪૫, તા.૧૦-૧૨-૧૯૬૫
## [૬]

(વસ્તુના એક જ ધર્મને માનનારા) એને મિથ્યાદષ્ટિ અને એકાંતવાદી કહ્યા છે. શું કહે છે ? **'વસ્તુને દ્રવ્યરૂપ માત્ર માને છે,...'** બધી ભાષા જુદી જાત છે આ. આ આત્મા છે ને આત્મા, એને દ્રવ્યરૂપે, દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્ય એટલે કાયમી ચીજ. દ્રવ્ય એટલે આ પૈસો નહીં, હોં ! અહીંયા. દ્રવ્ય એટલે વસ્તુ અને પર્યાય એટલે એની વર્તમાન થતી અવસ્થા–હાલત–દશા. સમજાય છે કાંઈ ? વસ્તુ.. વસ્તુ આત્મા પદાર્થ ત્રિકાળ અનાદિ–અનંત વસ્તુ છે, પદાર્થ છે, અનાદિ–અનંત તત્ત્વ છે કે જેમ આ રજકણ માટી–ધૂળ છે. એ પદાર્થ છે ને આ જગતના ? આ પરમાણુ, માટી, ધૂળ પુદ્ગલો અનંતા છે. આ આત્મા પણ એક પદાર્થ છે, એવા અનંતા આત્માઓ છે. એ આત્મા અંદરમાં જ્ઞાનાનંદ સ્વરૂપ અનંત અનંત ગુણનો પિંડ એક દ્રવ્ય એટલે વસ્તુ (છે), એને માને, પર્યાયરૂપે ન માને; પણ અજ્ઞાની, એમાં ક્ષણે ક્ષણે પર્યાય થાય છે–અવસ્થા થાય છે એને માનતા નથી. પર્યાય એ બધું નવું હશે, 'ધીરૂભાઈ' ! પર્યાય સાંભળી છે કોઈ દિ' ? કોણ જાણે શું હશે પર્યાય ?

જુઓ ! સોનું છે ને ? જેમ સોનું. એ સોનાનો લઠ્ઠો છે એ વસ્તુ કહેવાય, એને દ્રવ્ય કહેવાય અને એમાંથી કુંડળ, કડાં, વીંટી આદિ અવસ્થાઓ થાય એને પર્યાય કહેવાય. પર્યાય એટલે અવસ્થા. અવસ્થા એટલે હાલત. હાલત એટલે દશા. એમ આત્મા અનાદિ–અનંત છે, આદિ–અંત વિનાની (ચીજ છે), એ કંઈ કોઈથી કરેલી ચીજ નથી, એનો કોઈ કર્તા નથી તેમ તે નાશ થઈને ક્યાંય ભળી જાય એવી ચીજ નથી. અનાદિ–અનંત વસ્તુ ભગવાન આ આત્મા છે અંદર. એ વસ્તુ છે તેને અહીંયા દ્રવ્ય કહેવામાં આવે છે. દ્રવ્ય કેમ કહે છે ? કે એની સમય–સમયમાં એક–એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંતા ગુણો જે શક્તિરૂપ છે એ દ્રવે છે, દ્રવે છે.

પાણી એકરૂપ ન રહીને પાણીમાં આમ તરંગ ઊઠે છે–મોજા ઊઠે છે, એનું નામ દ્રવે છે કહેવાય છે. એમ વસ્તુ એક સમયમાં અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા છે–દ્રવ્ય. એ સમયે સમયે પર્યાય એટલે દ્રવે છે. અવસ્થાપણે–હાલતપણે તે પરિણમે છે. સમજાણું કાંઈ ? કહો, 'છોટાભાઈ' ! અહીં કહે છે કે એ વસ્તુની અજ્ઞાનીને ખબર નથી.

**'પર્યાયરૂપ માનતો નથી;...'** જરી ઝીણી વાત છે, હોં ! એનો ખુલાસો થોડો થોડો થશે. વસ્તુ

તો જેટલી હોય એની હદ પ્રમાણે એમાં આવે ને ? '**તેથી જ્ઞાનને નિર્વિકલ્પ વસ્તુમાત્ર માને છે.**' શું કહે છે ? વસ્તુ છે ને વસ્તુ એકરૂપ ચિદાનંદ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. આનંદ.. આનંદ.. એવા અનંત ગુણનું એકરૂપ એવી નિર્વિકલ્પ એટલે એકરૂપ વસ્તુને અજ્ઞાની માને છે, પણ '**જ્ઞેયાકાર પરિણતિરૂપ જ્ઞાનનો પર્યાય માનતો નથી;...**' શું કહે છે જરી ? જે કોઈ શરીરને, વાણીને, કર્મને પોતાના માને એ તો મિથ્યાદૃષ્ટિ–મૂઢ અજ્ઞાની છે, એ વીતરાગતત્ત્વને માનતો નથી. સમજાણું કાંઈ ? આ શરીરની ક્રિયા છે ને ? આ હાલવું, ચાલવું આદિ આ જડની, આમ એ હલનચલન એ બધી જડની પર્યાય છે, આત્માની નહિ. 'મનસુખભાઈ' ! એનાથી કંઈ આત્માને થાય કે નહિ ? ધર્મ-બર્મ શરીરથી થાય કે નહિ ? એની તો અહીં વાત પણ નથી.

કહે છે કે આ શરીર તો માટી–જડ છે. અનંતા પરમાણુનું, રજકણોનું બનેલું (શરીર છે). છેલ્લો પોંઈંટ છે ને છેલ્લો ટૂકડો. આ કાંઈ મૂળ વસ્તુ નથી. એનો છેલ્લો ટૂકડો કરતાં.. કરતાં.. કરતાં.. છેલ્લો અંશ રહે એને ભગવાન પરમાણુ કહે છે. પરમ–અણુ. છેલ્લામાં છેલ્લો ઝીણો ટૂકડો. એવા અનંતા ઝીણા ટૂકડા ભેગા થઈને આ શરીર દેખાય છે. એ એક–એક પરમાણુમાં ક્ષણે ક્ષણે પલટવાની, અવસ્થા થવાની શક્તિ છે. એ પરમાણુથી આ અવસ્થા થાય છે, આમ આત્માથી નહિ. આમ થવું, હાલવું, બોલવું એ આત્માથી નહિ. જે આત્માથી એની માને એની અહીં તો વાત લીધી નથી, એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ વીતરાગના તત્ત્વથી તદ્દન ઊલટી માન્યતાવાળો (છે) કે જે અજીવની પર્યાયને પોતાની માને અને અજીવના દ્રવ્યની ક્રિયા થાય એ મારાથી થાય એમ માને એને તો મૂઢ જીવ અને મહા મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. સમજાણું કાંઈ ?

હવે અહીં તો આત્મામાં રાગ અને દ્વેષ થાય, રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના વિકલ્પ–વૃત્તિઓ થાય. શુભ-અશુભભાવ થાય છે ને ! એ શુભાશુભભાવ છે એ આત્મા નથી, એ આસ્રવતત્ત્વ છે. નવ તત્ત્વ છે કે નહિ ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. ત્યારે આ શરીર, કર્મ, વાણી એ અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વની કોઈપણ ક્રિયા આત્મા કરે અને માને એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે એ અજીવતત્ત્વને માનતો નથી. એ અજીવની થતી ક્રિયા મારાથી થાય (એમ માને છે), એટલે એની વાત નહિ. હવે આત્મામાં થતાં પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ, એને આત્માની પર્યાયના માને, પોતાની દશાના માને તો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એને વીતરાગ સર્વજ્ઞે કહેલા તત્ત્વથી, શ્રદ્ધાથી વિપરીત માન્યતા છે.

હવે ત્રીજી (વાત), એ પુણ્ય-પાપના રાગના વિકલ્પ થાય છે એનું અહીંયા જ્ઞાનની અવસ્થામાં જાણવું થાય છે. શું કીધું ? એ વિકલ્પ ઊઠે છે, શુભાશુભ વૃત્તિઓ કે આ દેહની ક્રિયા થાય, એનું અહીં જ્ઞાનની વર્તમાન દશામાં એ જ્ઞેયાકાર–જ્ઞેય જેવી ચીજ છે એવું જ્ઞાનની વર્તમાન દશામાં એનું જાણવાની દશારૂપે જ્ઞાન થાય છે. એ જાણવાની દશારૂપે જ્ઞાન થાય એને જ્ઞાનની પર્યાય કહે છે.

'મનસુખભાઈ' ! ભારે ઝીણું, ભાઈ ! એ પર્યાયને નથી માનતો એમ અત્યારે તો કહે છે. એક વસ્તુ એકલું દ્રવ્ય જ છું, બસ ! એકરૂપ આત્મા ત્રિકાળ છું એમ માને, પણ એક સમયની પર્યાય જે જ્ઞાનની છે એમાં અનેકાપણાનું જ્ઞાન થાય છે એ અનેકપણું એને ગોઠતું નથી. સમજાય છે કાંઈ ? રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ ને દેહાદિની ક્રિયા, એની તો અહીં વાત લીધી નથી, ભાઈ ! કારણ કે એ તો બહુ સ્થૂળ દૃષ્ટિ મિથ્યાત્વમાં ગયું, એની વાત તો છોડી દીધી છે.

ફક્ત ભગવાન આત્મા વસ્તુ જે અંદર છે, ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ અંદર શુદ્ધ શક્તિનું (છે) અને એની થતી અવસ્થાઓ, પુણ્ય-પાપના વિચાર-જ્ઞાન અને પુણ્ય-પાપના ભાવ. હવે અહીં તો કહે છે કે ભાઈ ! જે જીવ વસ્તુ ત્રિકાળી જ્ઞાનમૂર્તિ વસ્તુ છે એમ કહે–માને પણ વર્તમાનમાં એ જ્ઞેયો જે અવસ્થામાં જણાય છે તેનું જ્ઞાનની દશામાં અનેકપણે પરિણમવું એવો જ્ઞાનપર્યાયનો સ્વભાવધર્મ છે. સમજાય છે કાંઈ ? 'પ્રભુભાઈ' ! બહુ ઝીણું છે, હોં ! આ. ધંધા-બંધામાં તો બધા આડાઅવળા ગોળા મારે. ન્યાં તો ચાલે, પુણ્ય હોય તો ચાલે ન્યાં, હોં ! નહિતર ન્યાં પણ કાંઈ ચાલે નહિ.

અહીં તો ભગવાન કહે છે, બાપુ ! તને નવ તત્ત્વની ખબર નથી. નવ તત્ત્વ કોને કહેવા ? એમ તો નામ ને બોલા બધાય ગોખે છે. અહીં તો એક જીવતત્ત્વના બે ભાગ. ભાઈ ! શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ભાવ એ તો બીજા તત્ત્વમાં ગયા, એ આત્મામાં નહિ. અહીં સ્વતત્ત્વના બે ભાગની વાત ચાલે છે. આહા..હા...! 'મલૂકચંદભાઈ' ! ઓલી ભૂલ તો એની નીકળી ગયેલી હોય, છતાં આ ભૂલ છે એને અજ્ઞાની કહેવામાં આવે છે. એ તો નીકળે ત્યારે બધી એકસાથે નીકળે છે, પણ આ ભૂલ પહેલી આ સૂક્ષ્મ બતાવે છે. શું કીધું ?

જે કોઈ આ ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ તત્ત્વ–વસ્તુ છે અનંત ગુણનો પિંડ અને એક સમય સમય સેકંડના અસંખ્ય ભાગમાં અવસ્થા થાય–દરેક ગુણની પર્યાય થાય છે, એ પર્યાય અને આત્મા, પર્યાયનો એક સમય છે, વસ્તુ ત્રિકાળી છે—આ બે ભાગ એના. એ સિવાય પરને પોતાનું માને એની અહીં વાત લીધી નથી. કારણ કે એ તો સ્થૂળ અજ્ઞાનની વાત છે. સમજાણું કાંઈ ? એને તો ધર્મની ગંધેય નથી. વ્યવહાર ધર્મ કેમ થાય એની એને ખબર નથી. 'ન્યાલભાઈ' ! બહુ ઝીણું પણ, ભાઈ !

અહીંયા તો ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં એના બે અંશ છે. એક ત્રિકાળી તત્ત્વ (કે જે) અનાદિ–અનંત વસ્તુ છે અને એક અવસ્થા થાય છે. (કે) જેને હાલત–પર્યાય ભગવાન કહે છે. વસ્તુ કાયમનીને દ્રવ્ય કહે છે. દ્રવ્ય કહો, પદાર્થ કહો અને અવસ્થા થાય તેને પર્યાય કહે છે. હવે બે ભાગની અંદરમાં ભૂલ શું થાય એની વાત કરે છે. સમજાણું કાંઈ ? અરે..! વીતરાગનો માર્ગ ક્યાં કઈ રીતે છે, એને સાંભળવા મળે નહિ અને એમ કહે કે અમે ધર્મ કરીએ છીએ. મૂઢ છે. ધર્મ ક્યાં હતા ! ધર્મ શું દશા છે ? ધર્મ કોને કહીએ ? આહા..! સમજાણું કાંઈ ?

સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે, અનંત તીર્થંકરો અને મહાવિદેહમાં બિરાજે છે. તીર્થંકરદેવ 'સીમંધરપ્રભુ'. એમનું દરેક અનંત તીર્થંકરનું કથન તો એક જ પ્રકારનું હોય છે, કોઈ બીજા પ્રકારનું હોઈ શકે નહિ. એ ભગવાન એમ કહે છે કે ભાઈ ! તું એક અનાદિ–અનંત વસ્તુ છો ને ! શક્તિરૂપ તત્ત્વ (છો). છે.. છે.. છે... છે.. છે.. છે.. તે અનાદિ–અનંત. એ વસ્તુ–દ્રવ્ય કહેવાય અને સમયે સમયે એની વિચારધારા, શ્રદ્ધાધારા, વિચારધારા બદલે છે એને પર્યાય કહેવાય. એ પર્યાયમાં જે વિકારને પોતાનો માને, શરીરને પોતાનું માને એ તો મિથ્યાદૃષ્ટિ જીવ (છે), એને ધર્મની ગંધ પણ નથી અને ધર્મ કરવાની લાયકાત પણ નથી; પણ જેને આત્મદ્રવ્યમાં બે ભાગ છે, એનો એક ભાગ ત્રિકાળીને માને અને એક ભાગ જ્ઞાનની વર્તમાન અવસ્થા, એમાં અનેક પ્રકારના રાગાદિ અને પર આદિનું જ્ઞાન જ્ઞાનમાં થાય એ અનેકપણાને ન માને, એ જ્ઞાનમાં અનેકપણું છે એને ન માને અને એકલું તત્ત્વને માને તો એ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની અને મિથ્યાશ્રદ્ધાને સેવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

પહેલાંમાં ભાઈ ! એમ આવ્યું હતું કે પર્યાયને માને અને દ્રવ્યને ન માને. કાલે બોલ આવ્યો હતો ઇ. એ એવી રીતે હતું, એમાં એમ હતું કે જે જીવ શરીર, વાણી, મનને પોતાના માને એનો અહીં પ્રશ્ન છે નહિ. ફક્ત વસ્તુ જે છે જ્ઞાનાનંદ સ્વરૂપ ત્રિકાળ.. ત્રિકાળ ધ્રુવ–ધ્રવ અનાદિ–અનંત, અણકરાયેલી, ન નાશ પામે એવી વસ્તુ (છે), એવી વસ્તુને કોઈ ન માને અને એકલી વર્તમાન અવસ્થાને જ માને. એ અવસ્થા તે કઈ ?–રાગ નહિ. આ બીજા જ્ઞેયને જાણવાલાયક જે અવસ્થા છે, એટલી અવસ્થાને જ માને. સમજાણું કાંઈ ? એકરૂપ ત્રિકાળી દ્રવ્ય છે એને ન માને. વસ્તુની દૃષ્ટિ વિના એને સમ્યગ્દર્શન થાય નહિ. સમજાણું કાંઈ ?

ઇ ૨૫૦માં એમ કીધું હતું કે ઇ પર્યાયને માને. પર્યાય એટલે પરવસ્તુ નહિ. અહીં તો પર્યાયમાં પરવસ્તુનું જ્ઞાન થાય છે ને એટલા પર્યાયને માને. ભગવાન ચૈતન્યજ્યોત સૂર્ય છે. આત્મા એટલે ચૈતન્યસૂર્ય. એકલા ચૈતન્યના પ્રકાશનો તેજ. ચૈનત્યનું તેજ સૂર્ય ભગવાન આત્મા છે. એની વર્તમાન દશામાં જ્ઞાનનો જે અંશ પ્રગટ છે, એમાં રાગ ને પુણ્ય-પાપના ભાવોનું જ્ઞાન થાય, જ્ઞાન થાય.. સમજાય છે ? એ જ્ઞાન થાય એ અનેકપણાની પર્યાયને માને. શરીર, વાણીની અહીં અત્યારે વાત નથી. એની જ્ઞાનની દશાને માને. કારણ કે અનેકપણું એમાં જણાય છે, પણ એકરૂપ દ્રવ્યને ન માને તો એને એકાંતદૃષ્ટિ મિથ્યાત્વ થઈ, એને સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ ?

અહીં હવે બીજો એનાથી ઊંધો બોલ છે. ઓલો દ્રવ્યને માનતો અને પર્યાયને નહોતો માનતો. પર્યાય એટલે રાગ-દ્વેષ ને શરીર એ નહિ. આહા..હા...! પોતાના બે ભાગ–એક કાયમ રહેવું અને એક અવસ્થા, વર્તમાન પરિણમવું, પરિણમવું, જેને ભગવાન ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ કહે છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. વર્તમાનમાં નવી અવસ્થાથી ઊપજે, જૂની અવસ્થા જાય અને વસ્તુપણે

ધ્રુવ કાયમ રહે–એ ત્રણે અંશોરૂપે આખો આત્મા કહેવામાં આવે છે. એ આત્માના ઉત્પાદ-વ્યયની પર્યાય જે જ્ઞાનની છે–જાણવાની, એમાં અનેક બીજું જણાય–બીજું જણાય, એમાં આવે નહિ. જ્ઞાનની દશામાં બીજું આવે નહિ. રાગ આવે નહિ, દ્વેષ આવે નહિ, દયાના પરિણામ જ્ઞાનમાં ન આવે. શરીરની ક્રિયા થાય એ જ્ઞાનમાં ન આવે. ક્રિયા ન આવે પણ એ છે એનું જ્ઞાન અહીં આવે. એ જ્ઞાનની પર્યાયને માને. અનેકપણે જે જ્ઞાન વર્તમાન પરિણમે એટલાને માને અને આખી ચીજને ન માને તો એનું લક્ષ દ્રવ્ય ઉપર જાતું નથી તો સમ્યગ્દર્શન થાતું નથી. સમજાણું કાંઈ ? 'છોટાભાઈ' ! આ તો મગજને કેળવાય એવી આ વાત છે. આહા..! આ વાત એવી થઈ પડી છે અત્યારે કે લોકોને કંઈ જ્ઞાન ન મળે અને બહારથી માની બેઠા કે અમે આ કરીએ છીએ, આ કરીએ છીએ. જાવ ! તાવકાણી.. ઠાણેણ.. અપ્પાણં.. જાઓ ! આત્માને વોસરાવી દીધો આખો. આત્મા કોણ છે, કેમ છે, એની ખબર ન મળે.

અહીં તો ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ કહે છે, ભાઈ ! અમે તો તારી કાયમની ચીજ, વસ્તુ અને એની અવસ્થા–એની અવસ્થા, હોં ! બીજી અવસ્થાથી માન (કે) અમે શરીરની ક્રિયા કરીએ તો ધર્મ થાય, એ તો મહામૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. એ... 'મનસુખભાઈ' ! આહા..હા...! કહો, આ ભગવાનની પૂજા-બુજાની આમ–આમ હાથ ને ક્રિયા થાય ને એ જડની ક્રિયા છે, એ આત્માની નહિ. એ વખતે જરી ભક્તિનો શુભભાવ થાય એ પુણ્ય છે, એ ધર્મ નહિ. હોય ખરો, પણ ધર્મ નહિ.

અહીં તો કહે છે કે એ શુભભાવ થાય એનું અહીં જ્ઞાન થાય અને જ્ઞાનની દશામાં અનેકપણાનું જ્ઞાન અનેક ચીજનું થાય. એ અનેકપણાના જ્ઞાનને જ એકલી દશાને માને, આખી ચીજને ન માને તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ નથી એટલે મિથ્યાદૃષ્ટિ છે, પણ સમકિતદૃષ્ટિ નથી. અહીં એનાથી બીજું છે કે વસ્તુને માને કે ત્રિકાળ એક હું આત્મા છું, ત્રિકાળ એક આત્મા છું, એકરૂપ છું, પણ એની જ્ઞાનની દશામાં આ રાગાદિનું જ્ઞાન થાય–અનેકપણાનું જ્ઞાન (થાય), એ અનેકપણું એને લાગે કે અનેક છું. અનેકને ધોઈ નાખો. શું કીધું ?

અરીસો છે ને અરીસો ? એમાં સામે કેરી કે જાંબુ પડ્યા હોય. આમ અરીસામાં એવી ચીજ દેખાય ને ! એ ચીજ એમાં નથી, હોં ! એ ચીજ તો ત્યાં છે, અહીં તો અરીસાની સ્વચ્છતા છે. સ્વચ્છતામાં એ કાળું ને પીળું દેખાય છે એ અરીસાની દશા છે, એ અરીસાની દશા છે. એને કોઈ ધોઈ નાખવા માગે તો અરીસો જ ધોવાઈ જાય. સમજાય છે કાંઈ ?

એમ ભગવાન ચૈતન્ય-અરીસો આત્મા છે. ચૈતન્યબિંબ ભગવાન. એની વર્તમાન જ્ઞાનદશામાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપનું જ્ઞાન જ્ઞાનમાં જણાય. એ જ્ઞાનમાં પરવસ્તુ જણાતાં અજ્ઞાનીને એમ લાગે કે આ શું જણાણું વળી ? આ બધું શું ? કાઢી નાખ પર્યાયમાંથી. તે પોતાની જ્ઞાનપર્યાયમાં બીજું જણાય તેને કાઢી નાખવા માગતા તે જ્ઞાનની દશાનો નાશ કરી નાખે છે. ભારે વાત ! એ..

'રતિભાઈ' ! આ ફેરી બીજી જાત છે, હોં ! હરવખતે સાંભળવા આવતા ઇ કરતાં. કો'ક દિ' નવરા થાય બે-ચાર મહિને માંડ. એમાં કો'ક બે-ચાર દિ' સાંભળે. ક્યાં ગયા 'કનુભાઈ' ? ગયા ? ગયો હશે. ઝટ દઈને દુકાને માંડ આવ્યા છે, ન્યાં શું કરે ? કહો, સમજાણું આમાં ? આહા..હા...!

કહે છે, ભાઈ ! જે કોઈ વસ્તુને માને. ઇ વસ્તુની આને તો ખબર નથી. આ તો એક વસ્તુને અહીં જાણવામાં આવ્યા અને એને ખ્યાલ (થયો કે) આ એક ચીજ આત્મા અનાદિ–અનંત છે. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ અનંત ગુણનો પિંડ, પણ એની દશામાં–જ્ઞાનદશામાં–જાણવામાં બીજી ચીજ જણાય છે ને ! અજ્ઞાનીને એમ લાગે આ શું ? આ કેમ જણાણું ? પણ એ તો જાણવાની દશાનો સ્વભાવ છે. સ્વભાવ છે તો બીજી ચીજ એમાં જણાય, પણ બીજી જણાતાં અજ્ઞાનીને એમ થાય..અર..ર..! આ શું ? કાઢી નાખો આને. આ પરસંબંધીનો પોતાની જ્ઞાનની દશાનો ભાવ કાઢી નાખવા માગે છે. કારણ કે એ એકરૂપ રહેવા માગે છે, પણ જ્ઞાનની પર્યાયમાં અનેક જણાય એવો તો પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? 'નેમિદાસભાઈ' ! શું કહે છે આ ? આ તો માથું ફરી જાય છે. ઇ કરતાં એકેન્દ્રિય, બેઇન્દ્રિયા, ત્રિઇન્દ્રિયા... તસ્સ મિચ્છામ દુક્કડમ્. લ્યો ! કાંઈ ગોખવાનું, કાંઈ શીખવાનું છે કાંઈ ? મરી ગયો પચાસ-સો-સો વર્ષ કે અનંત ભવ કરીને. તસ્સ મિચ્છમિ દુક્કડમ્. જાઓ ! થઈ ગયો ધર્મ. ધૂડમાંય (ધર્મ) નથી. સાંભળને હવે. વાણી કોની ? એ મિચ્છામી દુક્કડમ્ કોનું કરે છો ? કઈ દશા ? એ દશા કઈ હતી ? ક્યાંથી ટળે છે ? ક્યાંથી આવે છે ? એની તને ખબર વિના શેના મિચ્છામી દુક્કડમ્ ? 'ભગવાનભાઈ' ! બરાબર છે ? પોણોસો વર્ષ સુધી એ બધું સાંભળ્યું છે ને !

અહીં કહે છે, ભગવાન ! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ ! તારી પ્રભુતાના બે અંશ છે. એક તો ત્રિકાળી વસ્તુ અને એક વર્તમાન જ્ઞાનની અવસ્થાનું પરિણમવું–થવું. વર્તમાન દશાનું થવું એક અંશ છે. એ અંશમાં અનેક જણાય એવો તારો સ્વભાવ છે–અનેક જણાય. અરીસામાં વિષ્ટા જણાય તો કાંઈ વિષ્ટા ત્યાં ગરી ગઈ છે ? ન્યાં સૂંઘે તો ? વિષ્ટા છે ત્યાં ? વિષ્ટા તો વિષ્ટામાં છે. એમ જ્ઞાનની દશામાં રાગ, દ્વેષ, પુણ્ય, પાપ થાય એ જણાય. આ રાગ છે એમ જણાય. એ જાણવા છતાં જાણવાની દશા અનેકપણાને જાણે. ઇ અનેકપણું જાણવું દોષ નથી. શું કીધું ? રાગાદિનું જ્ઞાન થાય એ દોષ નથી. એ તો જ્ઞાનની વર્તમાન દશાનો સ્વભાવ છે, પણ અજ્ઞાનીને એમ લાગે છે કે અરે..! આ કેમ જણાય છે ? અર..ર..ર...! આ કેમ જણાય (છે) ? માટે જાણવું છોડી દઉં. એમ જાણવું છોડી દેતાં એની જ્ઞાનની દશાનો નાશ થઈ જાય છે. એને પર્યાયમાં અનેક(રૂપ) થવાનો જ્ઞાન સ્વભાવ છે એની શ્રદ્ધાની એને ખબર નથી. સમજાણું કાંઈ ? ભઇ ! પહેલેથી કહ્યું હતું કે આ વાત ઝીણી છે. આ તો તમે કોઈ દિ' જિંદગી(માં સાંભળી નહિ હોય), બાપના બાપે નહિ સાંભળી હોય. હતી કે દિ' ? મોટો ફેરફાર.. ફેરફાર.. એ.. 'રતિભાઈ' ! એનો બાપ તો વળી ઓલા હતા. વિઠો.. વિઠલ..

વિઠોબા. હેરાન થઈ ગયા વિઠોબા–વિઠોબા કરીને. વિઠોબા કેવો ? અહીં તો પરમેશ્વર સર્વજ્ઞે કહેલા આત્માની વાત છે. વિઠોબા કોણ ? પરમેશ્વર બીજો કોઈ કર્તા-ફર્તા છે નહિ, ત્રણકાળમાં, ત્રણલોકમાં. સમજાણું કાંઈ ? આહા..હા..!

અહીં તો કહે છે, **'જ્ઞેયાકાર પરિણતિરૂપ જ્ઞાનનો પર્યાય માનતો નથી;...'** આ જ્ઞાનમાં અનેક જણાય. એ રૂપે છું એમ નહિ, પણ એ અનેકપણું જાણ્યું એ અનેક કેમ ? અનેક કેમ ? સમજાણું કાંઈ ? એ અનેકપણું જ્ઞાનમાં જણાય છે એ કાઢી નાખું તો એક તો થાઉં, એકલો થાઉં ! એમ માનનાર જ્ઞાનની વર્તમાન દશામાં અનેક જાણવાના સ્વભાવની દશાને માનતો નથી. 'છોટાભાઈ' ! આ વસ્તુ. એમાં ચૌદ શ્લોક તો ઝીણામાં ઝીણાં વીતરાગના પેટના છે. આહા..હા..! ઇ સ્યાદ્વાદ કીધો છે. સ્યાદ્–અપેક્ષાએ, વાદ નામ કહેવું.

જે વસ્તુ ત્રિકાળ તત્ત્વ છે એને ત્રિકાળરૂપે જાણવી અને વર્તમાન અવસ્થા જે છે એ અનેકરૂપ અવસ્થાને અનેકરૂપ જાણવી, વસ્તુને એકરૂપ જાણવી. એમ જેનું જ્ઞાન યથાર્થ થાય તેને સમ્યગ્દર્શન થઈને આત્માનો અનુભવ થાય. સમજાણું કાંઈ ? અહીં તો એ વાત કરી છે કે જ્ઞાનની દશા છે એમાં જણાય છે અનેક. એ ચીજ અહીંયા આવતી નથી. આ ચૈતન્યના પ્રકાશની પર્યાયનો–અવસ્થાનો સ્વભાવ છે કે અનેકને જાણે. એ અનેકપણું જે જ્ઞાનમાં આવે છે, અજ્ઞાનીને એ અનેકપણું ગોઠતું નથી. અનેક થઈ ગયો, અનેક થઈ ગયો, અનેક થઈ ગયો. માટે મારે એક થાવું છે, મારે એક થાવું છે, નિર્વિકલ્પ થાવું છે, પણ એ જ્ઞાનની પર્યાયમાં અનેકપણું એ નિર્વિકલ્પ જ પર્યાય છે. પરની વસ્તુ નથી એમાં. સમજાય છે ? એ.. 'જુગરાજજી' ! ભારે વાતું. આ યાદ રહે એવી વસ્તુ છે. ઓલું મરી ગયો કરી કરીને મફતનું. આહા..હા...!

અહીં તો સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર જીવતત્ત્વની વ્યાખ્યા કરે છે. અજીવ, પુણ્ય, પાપ એ તો બહાર રહી ગયા, એ કાંઈ આત્મામાં ગરી ગયા નથી. આ વાણી, શરીર આ તો માટી–જડ છે, એ કંઈ આત્મામાં ગર્યા નથી. હવે આત્માની એક સમયની પર્યાયમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ પણ ગરી ગયા નથી. આહા..હા..! ફક્ત એક સમયની દશામાં એ અનેકપણું જે છે એનું અહીં જ્ઞાન થાય છે. એ જ્ઞાનના અસ્તિત્વનો પર્યાય અનેકપણે થવો એ તો આત્માનો સ્વભાવ છે. એમ અનેકપણાની પર્યાયને ન માનતાં, એકલો જ્ઞાન થઈ જઉં અને આ બધું આમાંથી કાઢી નાખું. જેમ રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શરીર મારા નથી એમ કાઢી નાખ્યા. શરીર મારું નહિ, કર્મ મારા નહિ, પુણ્ય-પાપનો વિકલ્પ ઊઠે એ મારો નહિ એ કાઢી નાખ્યું, પણ એ સંબંધીનું જ્ઞાન અહીં થાય છે એને કાઢી નાખવા માગે એ પર્યાયને સમજતો નથી. બરાબર છે ? આહા..હા...! આ શું પણ વાત આવી કેવી હશે ?

ઇ કહે છે, જુઓ ! શું કીધું ? **'જ્ઞાનને નિર્વિકલ્પ વસ્તુમાત્ર માને છે,...'** ૨૨૪ પાનાની પહેલી

લીટી. આ તો ભગવાનના ઘરના મહા મંત્રો છે. આ કંઈ ઝટ દઈને ચોપડા શીખી જવાના નથી. એક લીટીમાં શું કહ્યું ? પહેલી લીટી–૨૨૪ (પાને). જ્ઞાન એટલે આત્મા વસ્તુ ત્રિકાળી. એને નિર્વિકલ્પ એટલે એકરૂપ–એકરૂપ, નિર્વિકલ્પ એટલે અભેદ વસ્તુમાત્ર માને છે. અજ્ઞાની એકરૂપ ત્રિકાળ છે એને માને છે. **'જ્ઞેયાકાર પરિણતિતરૂપ...'** પણ જે જ્ઞાનની વર્તમાન દશામાં જે રાગ-દ્વેષ પુણ્ય-પાપના ભાવ, શરીરની ક્રિયાઓ એ પણે જ્ઞાન જાણવાપણે પરિણમે છે, જાણવાપણે થાય છે જ્ઞાનની અવસ્થા તેને માનતો નથી. આવો એનો અર્થ (છે). આટલામાંથી આવો એનો અર્થ છે. 'શુકનચંદજી' ! બહુ ઝીણું કાઢ્યું. બહુ ઝીણું કાઢ્યું. આહા....!

અરે..! ભાઈ ! તારી મર્યાદામાં તું છો એના બે અંશની વાસ્તવિક શ્રદ્ધા-જ્ઞાન ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શન ક્યાંથી થાય ? અને સમ્યગ્દર્શન વિના ધર્મ-બર્મ ત્રણકાળમાં થાય નહિ. વ્રત ને તપ કરીને મરી જાય. એ બધા બાળતપ ને બાળવ્રત છે. સમજાણું કાંઈ ?

**'તેથી જ્ઞેયવસ્તુને જાણતાં...'** બીજી લીટી. એ જાણવાની જ્ઞાનદશામાં બીજું જે જણાય છે એને જાણતાં **'જ્ઞાનનું અશુદ્ધપણું માને છે.'** દેખો ! શું કીધું ? એ જાણવાની દશામાં અનેકપણું જણાય તે જ્ઞાનની અશુદ્ધતા છે એમ અજ્ઞાની માને છે. એને પર્યાયની નિર્મળતામાં બીજું જણાય એવો મારો જ્ઞાનધર્મ છે, પર્યાયનો સ્વભાવ છે, એમ એને ખબર નથી. આહા..હા...! આથી કંઈ બીજો સોંઘો માર્ગ હશે કાંઈ ? બાપુ ! પણ જેવો હોય એવો સોંઘો હોય કે ન હોય તે સોંઘો હોય ? આહા..હા...!

કહે છે, **'જ્ઞેયવસ્તુને જાણતાં...'** ભગવાન આત્મા વસ્તુ તરીકે તો કાયમ રહેનારો પદાર્થ અનાદિ–અનંત સ્વયં છે, પણ એની જ્ઞાનની વર્તમાન દશામાં જે વસ્તુ પોતાના પર્યાયમાં જણાય, એ જાણતાં અજ્ઞાની **'અશુદ્ધપણું માને છે.'** એ મારી અશુદ્ધતા મને થઈ ગઈ. પરવસ્તુ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ મારા નહિ, શરીર મારા નહિ. ત્યાં સુધી તો એની વાત બરાબર છે, પણ રાગ-દ્વેષ અને શરીરનું અહીં આત્મામાં–પોતાની દશામાં જ્ઞાન થયું એ જ્ઞાનમાં અનેકપણું જણાણું, એ અનેકપણાને કાઢી નાખવા માગે (છે). ઓલું જેમ નીકળી જાય, એ તો નીકળેલી ચીજ જ જુદી છે. સમજાણું કાંઈ ?

ભગવાન ચૈતન્યસૂર્ય ચૈતન્યનો પ્રકાશનો બિંબ ભગવાન આખો આત્મા છે. એની એક સમયની વર્તમાન દશામાં જે અનેકપણે જણાય, જ્ઞાનમાં અનેકપણું થાય એ પર્યાયનો ધર્મ છે. બીજું કાઢી નાખતાં હવે મારે આત્મારૂપે થાવું છે. એટલે શરીર હું નહિ, વાણી હું નહિ, કર્મ હું નહિ, આ પુણ્ય-પાપના ભાવ હું નહિ. ત્યાં સુધી તો એની વાત બરાબર છે, પણ એ પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિનું અહીં જ્ઞાન થાય એ તો એનો સ્વભાવ છે. અરીસાની સ્વચ્છ અવસ્થામાં કાળા કોયલા અને વીંછી પડ્યો હોય તો જણાય એ તો અરીસાની અવસ્થા છે. સમજાય છે ? અરીસામાંથી બીજું કાઢી નાખે કે આ ઉપર પડ્યું ઇ કાઢી નાખો, મેલ છે ઇ કાઢી નાખો, ફલાણું ઉપર છે ઇ કાઢી

નાખો, પણ અરીસામાં આ વસ્તુ દેખાય છે એ વસ્તુ એમાં નથી, ઇ તો અરીસાની સ્વચ્છતા છે. એને કાઢી નાખવા માગે તો અરીસાની દશાને સમજતો નથી. સમજાણું કાંઈ ? આ પુસ્તક છે કે નહિ ત્યાં ઘરે, દુકાને ? પડી રાખ્યું છે કે વાંચ્યું છે કોઈ દિ' ? વાંચે છે. વાંચ્યું એટલું તો કીધું. સમજ્યા, ન સમજ્યા પછી વાત. આહા..હા...!

કહે છે, ભગવાન આત્મા.. પરમાત્મા તો એમ બોલે છે કે હે ભગવાન આત્મા ! કારણ કે વસ્તુ ભગવાનસ્વરૂપ છે કે નહિ ? એમાં પરમાત્મા શક્તિ અંદર ન પડી હોય તો બહારથી આવશે ક્યાંથી ? સવારે કહ્યું હતું, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય ભગવાનને જે પ્રગટ થાય છે ઇ ક્યાંથી આવ્યા ? બહાર લટકે છે તો આવે ? અંદરમાં આત્મામાં પડ્યું છે. આ દાખલો ન આપ્યો સવારમાં ? પીપરનો દાખલો આપ્યો હતો કે નહિ ? પીપર.. પીપર. લીંડીપીપર. એમાં ચોસઠ પહોરી તીખાશ પડી છે કે નહિ ? પડી છે કે નહિ ? ઘૂંટે ત્યારે ક્યાંથી આવે છે ? પત્થરમાંથી આવે છે ? પાંચ પહોરી, પચ્ચીસ પહોરી, પચાસ પહોરી, ચોસઠ પહોરી ક્યાંથી આવી ? અંદરમાં પડી છે એમાંથી આવે છે, પણ એને ખબર કે દિ' છે ! ઘસ્યેથી આવે તો કાંકરા અને કોલસા ઘસી નાખે. ધૂડમાંથી આવશે ? ન્યાં ક્યાં અંદરમાં હતી !

એ પીપરને દાણે દાણે જેમ ચોસઠ પહોરી તીખાશ એટલે પૂરો. ચોસઠ એટલે રૂપિયો. પૂરેપૂરો. હવે સો પૈસાનો રૂપિયાનો (થયો), પહેલાં આપણે ચોસઠ ચાલતો ને ! ચોસઠ પૈસાનો રૂપિયો કહો, સોળ આના કહો, પૂર્ણ કહો કે રૂપિયો કહો. ચારે બોલ એક છે. એમ પીપરમાં પૂરેપૂરી તીખાશરસ શક્તિરૂપે પડ્યો છે અને લીલો રંગ પણ પૂરેપૂરો પડ્યો છે, એમ સુંવાળપ પણ પૂરેપૂરી અંદર પડી છે. બહાર તો કડહકટ છે ને ? શું કહેવાય ઇ ? કર્કર. દાણો દાણો જરી ઝીણો ઝીણો હોય ને ! અંદર સુંવાળપ પૂરી પડી છે, લીલો રંગ પૂરો પડ્યો છે, તીખો પૂરો પડ્યો છે. સમજાણું ? ત્રણ થઈ ગયા. ચોથો ગોતીએ, પણ હાથ આવવું જોઈએ ને અંદરથી.

એમ ભગવાન આત્મા એના અંદરમાં શક્તિમાં, વર્તમાન અવસ્થા તો એક સમયની દશા છે, પણ અંદરમાં અનંત જ્ઞાનરૂપી ચોસઠ પહોરી શક્તિ પડી છે, અનંત આનંદરૂપી ચોસઠ પહોરી શક્તિ પડી છે, અનંત વીર્યરૂપી ચોસઠ શક્તિ પડી છે અને જ્ઞાન સાથે દર્શન પણ ચોસઠ પહોરો પડ્યો છે. અરે ભગવાન ! કોણ જાણે એ તત્ત્વ શું છે એનો કોઈ દિ' વિચાર કર્યો (નથી). સાંભળ્યું હોય ત્યારે વિચાર કર્યો હોય ને ! માંડ ટાણા આવ્યા ત્યારે બંધ કરી દઉં. નહિ, સાંભળવું નહિ, ભાઈ ! ન્યાં સાંભળવા જશો તો મરી જશો. એ.. 'મગનભાઈ' ! વાત તો સાચી. આહા..! અરે..! ભગવાન ! ઠેઠથી ચાલે છે ને. અરે..! ભગવાન ! બાપુ ! તારી વાત પ્રભુ કહે છે એ તને સંપ્રદાયમાં ક્યાંય છે નહિ, વાડામાં ક્યાંય છે નહિ. તને શી ખબર પડે ઇ શું વસ્તુ છે. આહા..હા...! કહે છે કે ભાઈ ! તારે ધર્મ કરવો છે ને ? આહા..હા...! શેમાં ? એ ધર્મ શું હશે ? ખબર છે એને ? પર્યાય હશે

કે દ્રવ્ય હશે ? ભગવાન જાણે, કોને શી ખબર ? અહીં દ્રવ્ય અને પર્યાય બે વાત લીધી છે.

**શ્રોતા :–** દ્રવ્યની તો ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્ય એટલે શું ખબર પડે ? પૈસાની ? એક જણાને મેં પૂછ્યું હતું, ઘણા વર્ષ પહેલાં. સુંદર વોરાના અપાસરે એક સાધુ ભેગા થયા હતા. 'મોહનલાલજી'. મેં કીધું, તમે ત્રસ કે સ્થાવર ? ઇ કહે, ગુરુએ શીખવ્યું નથી. કીધું, જુઓને ! આંધળું ચાલ્યું છે. એમાં પર્યાય છે ઇ પર્યાય શબ્દ કેટલાકે સાંભળ્યો ન હોય. જે વીતરાગ માર્ગનો મૂળ એકડો.

ત્રિકાળ રહેનારું તત્ત્વ અને એની અવસ્થા ક્ષણે ક્ષણે થાય તેને પર્યાય કહે છે. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ એ તો મહા સિદ્ધાંત વીતરાગના ઘરનો છે. હવે એ સર્વજ્ઞ ભગવાન કહે છે કે જે અવસ્થા પલટે છે એમ આત્મા ત્રિકાળ રહેનાર એની જ્ઞાન અવસ્સ્થ પલટે છે. ઇ પર્યાય પલટે તેને પર્યાય કહેવાય છે, કાયમ રહે તેને દ્રવ્ય કહેવાય છે. હવે અહીંયા શુભ-અશુભરાગ, કર્મ, શરીર, વાણી, મન તો એની પર્યાયમાં પણ નથી. દ્રવ્યમાં તો નથી, દ્રવ્યમાં તો અનંત ચતુષ્ટય છે. શું કીધું ? દ્રવ્યમાં તો અનંતજ્ઞાન, અનંતઆનંદ, બેહદ શક્તિ–આનંદ આદિ વસ્તુમાં પડી છે આમ ત્રિકાળ અનાદિ–અનંત. એની એક સમયની પર્યાયમાં શું છે ? અહીં જાણવાની તાકાતવાળી દશા છે. એક સમયની પર્યાય પૂરતું. અહીં તો પૂર્ણ જાણવાનું, પૂર્ણ દેખવાનું, આનંદરૂપે વસ્તુ ત્રિકાળ આત્મા છે કે જેમાંથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, વીર્ય એમાંથી પ્રગટે છે. પણ એની વર્તમાન દશામાં જે જ્ઞાનની વર્તમાન પર્યાય–મતિજ્ઞાન આદિ એક સમયની પર્યાય કહીએ... સમજાણું ? હજી તો એક સમયની પર્યાય લેવી. અહીં તો પાછા મતિ આદિના બધા ભેદ છે ને એ ભેદને ભેદ રીતે ન માને અને એનું એકપણું (એક જ માને), એવો પર્યાય હોવા છતાં જ્ઞાનનો પર્યાય એકરૂપ છે.

અહીં તો એક સમયમાં અનેકપણું જે જાણવાનો ભાવ છે એટલો એ પર્યાયનો સ્વભાવ છે. રાગાદિ, પુણ્ય આદિ, શરીર આદિ એનું સ્વરૂપ નહિ, એનો ધર્મ નહિ, એનામાં એ છે નહિ, પણ એ સંબંધીનું અહીં જ્ઞાન થાય, જ્ઞાનમાં જણાય કે આ રાગ છે, દયા છે, પુણ્ય છે એ ભાવ, એ જાણવાની પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન (થાય) એટલો આત્માનો વર્તમાન પર્યાયનો સ્વભાવ છે. પણ એ અજ્ઞાની એટલી પર્યાયમાં અનેકપણું છે એમ ન માનતા, એકપણું કરવા માગે છે કે આ બધું જણાય છે ને આમાંથી કાઢી નાખું. કાઢી નાખું તો એકલું મારું જ્ઞાન ચોખ્ખું રહે. એ એની માન્યતા તદ્દન મૂઢની છે. આ તો સાદી ભાષાએ વાત ચાલે છે, બહુ ઊંડેથી નથી ચાલતી. આ બધા બેઠા છે.

**શ્રોતા :–** કાલ કરતાં બીજી રીતે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાલ કરતાં બીજી રીતે (છે), પણ આ બધા આવ્યા છે તો આ શું કહે છે એટલો ખ્યાલ ન આવે તો પેલી માંડે એકલી તો શું કરે ? કાલે તો બીજી ઝીણી વાત કરી હતી.

સમજાણું કાંઈ ? આહા..!

અરે..! ભગવાન ! તારી ચૈતન્યશક્તિ ! કહે છે કે એ પૂર્ણ શક્તિની તો શું વાત કરવી ! પણ તારો એક સમયનો એક જ્ઞાનની વર્તમાન અવસ્થાનો સ્વભાવ અનેકને જાણવારૂપે છે, અનેકને પોતાના કરવારૂપે નહિ. એટલે વળી બે બોલ થયા. એ જ્ઞાનની વર્તમાન અવસ્થાને જડ આદિ અનેકની ક્રિયા કરે એવો ધર્મ નહિ અને એ અનેક વસ્તુને પર્યાયમાં પોતાની માને એવો ધર્મ નહિ. ફક્ત એનો પર્યાયનો સ્વભાવ અનેક છે તેને અનેકપણે જ્ઞાનની દશામાં જાણે એવો એનો સ્વભાવ છે. આટલું જ્ઞાનનું અનેકપણાનું સ્વરૂપ એને ન માનતાં, એકલો આમ રહી જાઉં, ઓલું કાઢી નાખું, કહે છે. તો કહે છે કે એ અનેકપણું એનો જ્ઞાનમાં જાણવાનો સ્વભાવ (છે) એને ધોઈ નાખવા માગે છે તો એની જ્ઞાનદશા ધોવાઈ જાય છે. સમજાણું કાંઈ ? ભારે વાત ! ઇ કરતાં તો આવું કહે કે આ કંદમૂળ ન ખાવા. આવું કાંઈ છે ? એય..!

અહીં કહે છે, મિથ્યાત્વના મોટા ભસરડે છો. સાંભળને ! મિથ્યાત્વને ખા છો. અનંતા જીવને મારી નાખવાનો ભાવ મિથ્યાત્વનો છે. એ મિથ્યાત્વને તું અંદરમાં ભરડે છો, ઘૂંટે છો. શું ?–કે જ્ઞાનની એક સમયની દશામાં અનંત ચીજો પર છે એને હું કરી શકું, ઇ માને છે તે મિથ્યાત્વને ઘૂંટે છે. અનંતા જીવને મારી નાખવાના મિથ્યાત્વભાવને ઘૂંટે છે. પોતાના ચૈતન્યના જીવનની શક્તિની એને ખબર નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! પ્રભુ કહે છે, જો તો ખરો, ભાઈ ! અરે..! તારી વાત તું સાંભળ, બાપા ! તેં તારી વાત સાંભળી નથી, ભાઈ ! તું કેવડો મોટો દ્રવ્ય અને કેવડી તારી એક સમયની દશા પરથી પૃથક્ ! ઇ શું છે એ વાત તેં સાંભળી નથી, ભાઈ ! અને સાંભળ્યા વિના તને એની ઓળખાણ અને શ્રદ્ધા ક્યાંથી થાય ? અને ઓળખાણ અને શ્રદ્ધા વિના તને સમ્યગ્દર્શન ક્યાંથી થાય ? અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર-ફારિત્ર હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું ?

**શ્રોતા :–** માંડ માંડ અહીં સાંભળવા આવ્યા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાંભળે છે ને. એટલે આવ્યા ને પણ. આ કહે છે. એય.. 'જયંતિભાઈ' ! પણ આવ્યા છે કે નહિ ? પણ આવ્યા કે નહિ ? એ તો અંદર બેઠા હતા. આવ્યા તો ખરા. કાંઈક કહે છે તો સાંભળશે. કાંઈક બીજું કહે છે. અહીં કાકો કેટલા વર્ષથી આમ ને આમ બેઠો છે. વાણિયા છે કે નહિ ? કંઈક તોળશે કે નહિ ? તુલના કરશે કે નહિ ? એમ ને એમ ગાંડપણે કંઈ આ વાત નથી. 'ધીરૂભાઈ' ! આહાહા..હા..!

ભાઈ ! સર્વજ્ઞ પરમાત્મા... જુઓ ! ૨૫ મિથ્યાત્વમાં આવે છે કે નહિ ? કે અજીવને જીવ માને તે મિથ્યાત્વ. આવે છે ? અધર્મને ધર્મ માને તો મિથ્યાત્વ. હવે એનો અર્થ આપણે કરીએ કે આ શરીર, વાણી, મન, કર્મ છે એ અજીવ છે. આ એની હાલત થાય એ પણ અજીવ છે. એ મારાથી થાય તે અજીવને જીવ માન્યો એ મિથ્યાદૃષ્ટિ છે. એ.. 'નેમિદાસભાઈ' ! આ બધા શેઠિયા રહ્યા,

જુઓને ! એ બધા શેઠિયા મોટા માથાવાળા હતા. ‘કલકત્તા’ના સ્થાનકવાસીના અગ્રેસર. આ બધા અગ્રેસરો હતા. આ બધા મોટા અગ્રેસરો. જુઓ ! ‘વડિયા’ના. વડિયા ? ‘વડા.. વડા.’ ‘ભૂધર જેચંદ ન્યાલચંદ.’ અપાસરાના આગેવાન મોઢા આગળ. બાપા ! સાંભળો ! બાપુ ! ભાઈ ! તારે પરમાત્મા પરમેશ્વરે તત્ત્વ કહ્યું છે ઇ જાણવું છે કે તારી આગ્રહની માનેલી વાતું અનાદિની એ જાણવી છે ? એ તો તું કરી રહ્યો છો.

અહીં તો શું કહેવું છે ? સાંભળો ! અજીવને જીવ માને તો મિથ્યાત્વ અને જીવને અજીવ માને તો મિથ્યાત્વ. એ તો આવે છે કે નહિ ? હવે એની વ્યાખ્યા શું ? એ તો શબ્દ થયા. અજીવ એટલે શરીર, કર્મ, વાણી એ બધા અજીવ છે. એ અજીવનો કોઈપણ અંશ પર્યાયનો જે છે એ મારાથી થાય એમ માને તો અજીવને જીવ માન્યું. સમજાણું કાંઈ ? હવે અધર્મને ધર્મ માને. આત્માની દશામાં પુણ્ય-પાપના વિકલ્પો અને ભાવ થાય એ વિકાર છે. એ વિકાર મારો ધર્મ છે એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો હજી એથી ત્રીજી વાત લેવી છે. એ.. ‘રતિભાઈ’ !

આ તો વીતરાગના ઘરમાં જ આ હોય. વીતરાગ સિવાય અન્યમતિમાં ત્રણકાળ, ત્રણલોકમાં આ વીતરાગે કહેલો એવો માર્ગ બીજે હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા. એવા પરમેશ્વર અરિહંત દેવ અનંત થયા. વર્તમાનમાં તીર્થંકરો વીસ બિરાજે છે. લાખો કેવળીઓ પ્રભુ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન મોજૂદ છે. એક સેકંડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞ. આજે લેખ થોડો આવ્યો છે. ભાઈ ! હમણાં વાંચ્યો ને ઇ સર્વજ્ઞનો. ‘સન્મતિ સંદેશ’. થોડું પાછળથી બાકી રહ્યું. થોડો વાંચ્યો. એ બધું જોયું. સર્વજ્ઞ જે પહેલાં (છે) એને તો તમે ઓળખતા નથી અને તમે ધર્મ (માની બેઠા).

સર્વજ્ઞ આખા ધર્મનો આધાર છે અને સર્વજ્ઞ છે ઇ ત્રણકાળને જાણે છે. સર્વજ્ઞ ક્યાં ન્યાં આવ્યા ? સર્વજ્ઞ એટલે ? સર્વ-જ્ઞ. ત્રણકાળ–અનંતા પદાર્થોની જે અવસ્થા થઈ ગઈ, જે થાય છે અને થશે (એ) ત્રણ કાળ ભગવાન જાણે અને ત્રણકાળ જાણે એવું જો નક્કી કરવા જાવ તો જે દ્રવ્યની પર્યાય સમયે-સમયે થવાની તે ક્રમે-ક્રમે થયા કરવાની. એમ થતાં સર્વજ્ઞમાં તમારે ક્રમબદ્ધને ઉડાડવું છે માટે સર્વજ્ઞને ઉડાડો. બિચારાએ ઠીક લખ્યું છે. આહા..હા...!

અહીં તો કહે છે, ભગવાન ! પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો, બાપુ ! આવા મનુષ્યદેહ મળ્યા. અનંતે કાળે માંડ પાંચ-પચાસ વર્ષ, સાંઈઠ વર્ષ (મળે). ફૂ... થઈને ચાલ્યો જઈશ. અનંતકાળમાં રખડતો આમાં. એમાં આ વીતરાગે કહેલો આવો આત્મા, વીતરાગે કહેલા જડ અને ચૈતન્ય બે બિન્ન, અને પુણ્ય-પાપના ભાવ અને આત્માની ધર્મપર્યાય ભિન્ન. સમજાણું કાંઈ ? એમ જાણવામાં, માનવામાં, ઓળખવામાં ન આવ્યું (તો) એ બધો એનો એળે અવતાર છે. ‘રતિભાઈ’ !

**શ્રોતા** :– જૈન તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જૈન ક્યાં હતો ? કોણ જૈન કહે છે ? એ.. 'ન્યાલભાઈ' ! ઇ શેઠિયા છે ને ત્યાંના.

જૈન એટલે શું ? જૈન એટલે જીતવું. જીતવામાં બે પ્રકાર આવ્યા. એક કાયમ રહેનારી ચીજ એ અજ્ઞાન, રાગને જીતીને વીતરાગપણે થાય તેને જૈન કહેવામાં આવે છે. દ્રવ્ય અને પર્યાય બે માને તો જૈન કહેવાય, પણ એ આ રીતે માને (તો). સમજાણું કાંઈ ? જૈન એટલે કંઈ સંપ્રદાય છે ? વસ્તુનું સ્વરૂપ છે એ તો. જેવો વીતરાગે વસ્તુનો સ્વભાવ જોયો એવો કહ્યો, એવો જાણ્યો એવો છે. કંઈ ભગવાન વાડો નથી આ જૈનનો. વસ્તુ સ્વભાવ એવો છે અનાદિ–અનંત આત્માઓનો, અનંત ... એ ભગવાનના જ્ઞાનમાં જોયું. અને જોયું કે જીતે. એટલે ભગવાન આત્મા તારો અનંત ગુણ સંપન્ન, અનંત ચતુષ્ટય સંપન્ન છે. તારી પર્યાયમાં–અવસ્થામાં રાગ-દ્વેષ આદિ, પર આદિ થાય એ તારી ચીજ નહિ, પુણ્ય-પાપ આદિ તારી નહિ, પર વસ્તુ તારી નહિ. એટલું નહિ પણ તે સંબંધીનું જ્ઞાન થાય તેટલા પર્યાય જેટલો પણ તું નહિ. શું કીધું ?

શરીર, વાણી, મન તો નહિ, પુણ્ય-પાપના ભાવ તો નહિ અને એક સમયના જ્ઞાનની દશામાં એ બધું જણાય એવો પોતાનો જ્ઞાનપર્યાય, એટલો પણ તું આખો નહિ. આખો તો અનંત ગુણનો પિંડ દ્રવ્ય છે તે આખો છે. એવા આત્માની દૃષ્ટિ કરીને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ મારા નહિ અને એના સ્વભાવ તરફ ઢળે અને સમ્યગ્દર્શન કરે એને જૈન કહેવામાં આવે છે. જૈન શું કાંઈ વાડો બાંધ્યો છે ? કોથળીમાં ભર્યું કરિયાતું અને માથે લખ્યું સાકર. કરિયાતા સાકર થઈ જતા હશે ? ચાલીસ રૂપિયાની મણ. લખોને, કોણ ના પાડે છે. ભર્યા છે અંદર કરિયાતા. એમ અંદર મિથ્યાત્વના ઝેર ભર્યા હોય અને માથે લખે અમે જૈન છીએ. ક્યાંથી જૈન થઈ જતો હતો ? એમ હશે ? એય..! શેઠ ! શું હશે ? એમ છે ? આહા...હા...!

અરે..! ભગવાન ! કહે છે કે તારી દશાના અંશમાં અને અંશી ત્રિકાળ અનંત ગુણનો પિંડ પ્રભુ, એમાં આ પરને આટલું આટલું આટલું માનવા જા, એની તો વાત કહે છે છોડી દે, પણ તારા જ્ઞાનની પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન થાય એ તો તારું સ્વરૂપ છે. એટલું પર્યાયનું સ્વરૂપ, હોં ! એટલા પર્યાયને પણ માને પણ ત્રિકાળીને ન માને તો મિથ્યાદૃષ્ટિ છે અને ત્રિકાળીને માને, તો માને એમ જ્યાં આવ્યું એ માનવાની પર્યાય તો જ્ઞાનની વર્તમાન થઈ છે. એ પર્યાયમાં તો અનેકપણાનું જ્ઞાન થાય છે. એ જ્ઞાનના પર્યાયને અનેકપણે થાય એને એટલાને ન માને અને આખા દ્રવ્યને માને તોપણ તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? એ.. 'નટુભાઈ' ! વાંચ્યું છે ને સમ્યગ્દર્શન ? આહા..હા..! અરે..! આ સમજવા જેવું છે. 'હસમુખ' ! ન્યાં રળી રળીને આખા મજૂર છે આખો દિ'. મજૂર હશે કે શું હશે ? મોટા મજૂર છે. શેઠ કોણ કહેતો હતો ? પેલા બધા મજૂર હોય એ એને શેઠ કહે. નાના મજૂરો મોટા મજૂરને શેઠ કહે. શેઠ એટલે શ્રેષ્ઠ. મજૂરી કરવામાં શ્રેષ્ઠ. રાગ-દ્વેષ કરવામાં

મોટો.

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા કહે છે.. આહા..હા...! આ તો તમારા પ્રમાણમાં વાત આવી છે આજ, હોં ! કહે છે, **'पशु ज्ञानं न इच्छति'** શબ્દ તો હવે આવશે. આ તો હજી ઉપોદ્‌ઘાત ચાલે છે. આહા..હા...! ભાઈ ! આહા..! અરે..! પ્રભુ ! તારી ચૈતન્ય રત્નાકર શક્તિ, તત્ત્વ, અરે..! એને તું ન માન અને આ શરીર, વાણી પોતાના માન એની વાત તો છોડી દે, પણ આખી ચીજને ન માન અને એક સમયની અવસ્થને માન તોપણ અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આ એક સમયની અવસ્થામાં અનેકપણું છે એને ન માન એકલો આત્મા કરવા માગ તો એ તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું ?

**'તેથી જ્ઞેયવસ્તુને જાણતાં જ્ઞાનનું અશુદ્ધપણું માને છે. તેના પ્રતિ સ્યાદ્વાદી જ્ઞાનનો દ્રવ્યરૂપે 'એક' અને પર્યાયરૂપ 'અનેક' એવો સ્વભાવ સાધે છે.'** આટલો તો હજી ઉપોદ્‌ઘાત કર્યો. શ્લોકમાં અમારે શું કહેવું છે એની વાત કરી. આ શ્લોકમાં અમારે હવે આમ કહેવું છે. વસ્તુ તરીકે ભગવાન આત્મા વસ્તુ તરીકે એક (છે). આ રજકણ, શરીર, કર્મથી જુદી અને પર્યાય તરીકે અનેક. જ્ઞાનની દશામાં અનેકપણું લોકનું જણાય એટલું, હોં ! જણાય એટલું. મારાપણું નહિ, ફક્ત જણાય એટલું. એ અનેકપણું પર્યાયનો ધર્મ છે એને એમ જાણવો જોઈએ. વસ્તુ એકરૂપે છે તેને એકરૂપે જાણવી જોઈએ. એમ ન જાણતાં એકલાં દ્રવ્યને એકરૂપે જાણે અને પર્યાયમાં અનેકપણું છે એને કાઢી નાખવા માંગે–અનેકપણાનું જ્ઞાન કાઢી નાખવા માગે, વસ્તુ કાઢી નાખવા માગે જુદી વાત છે. રાગ-દ્વેષ, શરીર, વાણી એ તો કાઢી નાખેલી ચીજ એમાં છે જ નહિ, પણ એ સંબંધીનું જ્ઞાન કાઢી નાખવા માગે તો મૂઢ છે. આહા..! **'એમ કહે છે.'**

**'पशु ज्ञानं न इच्छति'** હવે શબ્દ શરૂ થાય છે. અરે પશુ ! આચાર્ય મહારાજે તો પશુ કહ્યો છે. અરે પશુ ! પશ્યતે બધ્યતે ઇતિ કર્મ ઇતિ પશુ. જે અજ્ઞાનભાવથી નવા અનંતા કર્મને બાંધે એને અહીંયા અજ્ઞાનીને પશુ કહ્યો છે. પછી ભલે ત્યાગી થઈને માનતો હોય, ગૃહસ્થ થઈને બેઠો હોય, કરોડો, અબજોપતિ હોય, સાધુ થઈને પંચ મહાવ્રતની ક્રિયાના રાગને કરતો હોય ! પણ એ રાગની ક્રિયા એ મારો ધર્મ, જડની ક્રિયા હું કરી શકું છું અને મારા જ્ઞાનની પર્યાયમાં જાણવાનું થાય એટલું એને જુદું પડતું નથી અને જાણવાનું થાય એટલો હું નથી, આખો ત્રિકાળ છું અને ત્રિકાળ હોવા છતાં જ્ઞાનની પર્યાયમાં અનેક જાણવું એ મારો પર્યાયધર્મ છે, એમ નથી માનતા તેને અહીંયા પશુ કહેવામાં આવ્યા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ભાષા પણ આકરી કહેવાય, હોં ! માણસને એનો બાપ ન કહે, ગાંડા ! નથી કહેતા ? છોકરો–બોકરો તોફાન કરે (તો કહે), મૂર્ખા ! ગાંડા ! એની માં કહે કે નહિ ?

**શ્રોતા :–** ડાહ્યો કરવા માટે કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ડાહ્યો કરવા માટે કહે છે એને. ભાઈ ! પ્રભુ ! તારી ચીજ શું છે ? તારી દશાની મર્યાદા કેટલી છે ? તારા જ્ઞાનની વર્તમાન દશાની મર્યાદા કેટલી છે ? અને એ મર્યાદામાં કેટલું જ્ઞાન પરનું આવવા છતાં તેનું અનેકપણું, પર વસ્તુ એમાં આવી ગઈ નથી, અનેકપણાનું જ્ઞાન એ તો પર્યાયસ્વભાવનો ધર્મ છે. એકપણાનો ત્રિકાળપણું એ દ્રવ્યનો સ્વભાવ છે. એમ ન માને તે **'पशु ज्ञानं न इच्छति'**.

**'એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનને અર્થાત્ જ્ઞાનમાત્ર જીવવસ્તુને સાધી શકતો નથી...'** શું કહે છે ? એકલો જ્ઞાનનો પર્યાય અનેકપણાને જાણવવાળો છે એને એ સાધી શકતો નથી. **'અનુભવગોચર કરી શકતો નથી.'** લ્યો ! શું કહે છે ? આત્મા ત્રિકાળી એકરૂપ હોવા છતાં અને જ્ઞાનની પર્યાયમાં અનેકનું જાણવું હોવા છતાં એ જ્ઞાન એકરૂપે જ છે. અનેકરૂપ દશામાં જાણવાપણે થયું પણ જ્ઞાન અનેકપણાના પદાર્થપણે થયું નથી. એમ અંતરની દૃષ્ટિમાં દ્રવ્યને લઈને અને જ્ઞાનની પર્યાયમાં અનેકપણું જણવા છતાં એ આત્માના અનુભવની પર્યાય દશા એ મારી દશા છે–એમ આત્માના લક્ષે અનુભવ કરે તો એને અનુભવ, સમ્યગ્દર્શન થાય. આ અજ્ઞાની **'અનુભવગોચર કરી શકતો નથી.'** પર્યાયનું અનેકપણું જાણવાનું કાઢી નાખે તો વસ્તુને અનુભવગમ્ય કરી શકતો નથી.

**'કેવું છે જ્ઞાન ?'** એમ કરીને પછી જરી ઝીણી વાત છે. '' **'પ્રકાશરૂપે જોકે પ્રગટ છે.'** શું કીધું જરી જુઓ ! જ્ઞાનનો પર્યાય પ્રકાશરૂપ પ્રગટ છે. આહા..હા...! વર્તમાન જ્ઞાનદશામાં એ પરનું જાણવું થાય એ તો જ્ઞાનનો પ્રકાશ પ્રગટ છે. પોતાના અસ્તિત્વમાં એ જ્ઞાનના પર્યાયનં જાણવું થાય છે. એવા પ્રકાશના પર્યાયધર્મને ન જાણતો અનેકપણું કલંક છે એમ કાઢી નાખવા માગે છે એને આત્માનો અનુભવ અને સમ્યગ્દર્શન થતું નથી. માટે, આ પ્રમાણે આત્મા જેવો પૂર્ણ છે એની પર્યાયમાં અનેકપણું છે એમ જાણીને આત્માની દૃષ્ટિ કરવી એને અનુભવ થઈ શકે છે, એને સમ્યગ્દર્શન થાય છે. (વિશેષ કહેશે...) (શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ !)

---

**ધર્મી જીવને જે વીતરાગીદશા પ્રગટ થઈ તે પૂજ્ય અને આદરણીય છે. પણ ખરું પૂજ્ય તો ત્રિકાળી દ્રવ્ય જ છે. પરંતુ શુદ્ધ પર્યાય ધર્મીને જે પ્રગટ થઈ તે વ્યવહારે પૂજ્ય છે. પરંતુ ધર્મીને જે રાગની પર્યાય આવે છે તે તો હેયભાવે છે, તેને તે પૂજ્ય નથી અને બીજાને પણ તે પૂજ્ય નથી.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૭૭૪)**

## શ્રી કળશટીકા, કળશ-૨૫૬,
## પ્રવચન નં. ૨૫૪, તા.૧૯-૧૨-૧૯૬૫
## [૭]

'સમયસાર-કળશ'. દસમો કળશ ચાલે છે. **'पशुः सीदति एव'**. ઉપરથી પહેલી લીટી. થોડું વંચાઈ ગયું છે પણ એની સાથે આખી સંધિ છે ને પાછી. કાલ વળી હિન્દીમાં ઘણું વંચાઈ ગયું હતું ને !

**'पशुः सीदति एव'** શું કહે છે ? એક પક્ષ દૃષ્ટિવાળો. આ દેહની અવસ્થાના લક્ષવાળો જીવ. દેહ છે ને દેહ ! એની જે અવસ્થા થાય છે, એના લક્ષવાળો જીવ. જે ક્ષણે દેહની અવસ્થાને જાણવાના જ્ઞાનની ઉત્પત્તિ થઈ તે ક્ષણે તેના જ્ઞાનમાં દેહની અવસ્થાનું અવલંબન–નિમિત્ત છે. સમજાય છે કાંઈ ? એ દેહની અવસ્થા જ્યાં આમ બદલાઈ જાય છે ત્યાં જ્ઞાનની અવસ્થા બદલાતાં હું કંઈ ચીજ દ્રવ્યરૂપે રહું છું એમ અજ્ઞાની માનતો નથી. શું કીધું ? સમજાય છે કાંઈ ?

**'पशुः'** **'એકાન્તવાદી વસ્તુના સ્વરૂપને સાધવાને ભ્રષ્ટ છે. અવશ્ય એમ છે. કેવો છે એકાન્તવાદી ?'** **'अत्यन्ततुच्छः'** **'વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે.'** કેમ ? આ સ્વકાળના અસ્તિત્વનો શ્લોક છે. એટલે શું ?–કે આત્મા પોતે પરદ્રવ્યની અવસ્થાના જાણવા કાળે તે ક્ષણે જ્ઞાનની અવસ્થાની ઉત્પત્તિ થાય છતાં બીજી અવસ્થા જ્ઞેયની પલટાય ત્યારે આ અવસ્થા પણ પલટાય, છતાં એ પલટાય એ પરને લઈને નહિ. સ્વ જ્ઞાયકના જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવા સ્વ પૂર્ણના અસ્તિત્વને લઈને એ જ્ઞાન અવસ્થા બદલાય. એ સ્વકાળથી અસ્તિત્વ માનનારો સમ્યગ્દૃષ્ટિ જીવ છે. ઝીણી વાત છે. આ અનેકાંત છે ને ? સમજાણું કાંઈ ?

અહીં અત્યારે બતાવવું છે સ્વકાળના હોવાપણે આત્મા, પણ એના પહેલાં પરકાળે હોવાવાળો આત્મા એમ બતાવે છે. અજ્ઞાની એમ માને છે. કેમકે જ્ઞાનસ્વરૂપની અવસ્થા, આ શરીરની જીર્ણતા.. જુઓ ! એક દાખલો મરણનો આપીએ. મૃત્યુકાળે આ દેહની અવસ્થાઓ બધી જીર્ણ થાય. જીર્ણ થતાં અજ્ઞાનીનું લક્ષ તે દેહ ઉપર છે અને દેહની ઘણી આમ જીર્ણતા થતાં જાણે જ્ઞાન પણ ઊંડું ઊંડું વયું જતાં... સમજાય છે કાંઈ ? દ્રવ્યસ્વરૂપ ચૈતન્યમૂર્તિ અખંડ આનંદકંદ, એની તો અસ્તિની પ્રતીતિ છે નહિ. એથી એ દેહના અવયવોના ઢીલાપણાના કાળે જે જ્ઞાન અવસ્થાએ તે ક્ષણે તેની ઉત્પત્તિ જે સામાનો પર્યાય છે, એ જ ક્ષણે પોતાની જ્ઞાનની અવસ્થાની ઉત્પત્તિ (થાય છે).

એમાં જે આમ ઢીલું થવા માંડ્યું તો મારો જ્ઞાનપર્યાય પણ (ઢીલો થઈ ગયો). એ બદલાણો તો હું આખો બદલાઈ ગયો. એ બદલાતા હું આખો એમાં ગયો, એમ અજ્ઞાની માને છે. એના માટે તો આ દાખલો છે. સમજાણું કાંઈ ? ભાઈએ એમ ઉતાર્યું છે. કાયા ઉપર જ ઉતાર્યું છે. 'બનારસીદાસે'. કાયાને નાશે પર્યાયનો–આત્માનો નાશ માને છે. એ રીતે ઉતાર્યું છે. સ્થૂળ રીતે લોકોને પકડાય. સમજાણું કાંઈ ?

આ વસ્તુ છે ને ભગવાન આત્મા. તો એક સમયે પૂર્ણ અનંત જ્ઞાનનો કંદ, જ્ઞાનસ્વરૂપ ધ્રુવ વસ્તુ છે. એ વસ્તુની વર્તમાન અવસ્થામાં જ્ઞાનની અવસ્થાના ઉત્પત્તિ કાળમાં, અવસ્થા ઉત્પન્ન થાય છે ને ! એ ઉત્પત્તિ કાળમાં દેહની અવસ્થાની ઉત્પત્તિ દેખીને મારી ઉત્પત્તિ એને લઈને થઈ અને એ જતાં મારી પર્યાય પણ ચાલી જાય છે. હું કંઈ ચૈતન્યમૂર્તિ આત્મા છું એ અજ્ઞાનીને પ્રતીતમાં રહેતું નથી. સમજાણું કાંઈ ?

એકાંતપક્ષી અત્યંત તુચ્છ થઈ ગયો. આ બધું ઢીલું પડવા માંડ્યું અથવા શરીરની અવસ્થા જ્યાં જ્ઞાનના લક્ષમાં, જ્ઞાનની વર્તમાન ઉત્પત્તિના ક્ષણમાં આ જે દેહની અવસ્થા લક્ષમાં હતી, એ અવસ્થાનો જ્યાં પલટો થયો તો એ પ્રકારની પોતામાં જે જ્ઞાનની ઉત્પત્તિ પોતાને કારણે હતી એમ ન માનતા આ નાશ થયો તો મારો પર્યાય પણ નાશ થઈ ગયો, પણ એનો પરિણમનારો ત્રિકાળ જ્ઞાયક છું એવી દૃષ્ટિ અજ્ઞાનીને અંતરમાં રહેતી નથી. સમજાય છે કાંઈ ? આ તો અનેકાંત છે ને. આમાં કોઈ દાખલા-બાખલા, ન્યાય આપે... આ દાખલો આપ્યો. કાલે તો ઘણા દાખલા આપ્યા હતા. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા... પ્રતિમાનો આપ્યો હતો. કાલે તો હિન્દી હતું ને. ઇ પ્રતિમા પરદ્રવય છે, આ પણ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યની વર્તમાન અવસ્થા જે વર્તે છે એને જાણતું જ્ઞાન વર્તમાનમાં તે ક્ષણે જ્ઞાનની ઉત્પત્તિ તે પ્રકારની અવસ્થાના લક્ષે પોતાની ઉત્પત્તિ પણ એવી થાય છે. એ જ્ઞેયાકાર–જેવી સામે અવસ્થા છે એવા જ્ઞેયાકારે જ્ઞાનનું પરિણમવું–જ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ થાય છે. અજ્ઞાનીને એમ લાગે છે કે એ અવસ્થા જ્યાં પલટી, પલટી એટલે અવસ્થા અહીં પણ પલટે છે, પણ એ પલટી એટલે અહીં પલટી ગયો. હું એક પલટનાર દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ છું માટે પલટું છું એમ અજ્ઞાનીને પ્રતીતમાં બેસતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

આપણે મરતાં પણ કહેવાય છે. એ વાત યાદ હતી. આ બધું મોળું પડતું જાય ને. ચરબી ને ઢીલું.. ઢીલું.. (થઈ જાય). એટલે ઓલાને એમ લાગે કે મારો આત્મા ઊંડો ઉતરી જાય છે. ઊંડો ઉતરી જાય એટલે આ બધું ઢીલું થયું ને, એને ઢીલા તરફની અવસ્થાનું લક્ષ છે અને એમાં એકત્વબુદ્ધિ છે એટલે ઓલું ઢીલું પડતાં જ્ઞાનની અવસ્થા પણ ઢીલી... ઢીલી... ઢીલી અભાવરૂપ થતી જાય છે, એમ અજ્ઞાનીને અંતર શ્રદ્ધામાં ભાસે છે. વચમાં કેમ ખાલી છે ? નજીક આવો, નજીક.

ખાલી કેમ રાખ્યું ? પાછળ પેલા છોકરાઓ ઊભા છે.

પશુ એટલે કે આત્માની વર્તમાન પર્યાયની દશાને પરપર્યાયથી ઉત્પન્ન થયેલી માનનારો. એટલે અહીં દ્રવ્યસ્વરૂપ એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું એના લક્ષે ઉત્પન્ન થાય છે અથવા એની થયેલી છે, એ દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ આત્મા છે એની થયેલી આ અવસ્થા છે, એમ પશુ નામ અજ્ઞાની એકાંત પક્ષનો જોનાર, ત્રિકાળ દ્રવ્ય પલટે છે એની આ પર્યાય છે એમ ન માનતા, અવસ્થાને અવલંબીને, નિમિત્તને અવલંબીને જે જ્ઞાનની ઉપાદાન પર્યાયમાં જેવું નિમિત્ત છે એ જ્ઞેયાકારે પરિણમતું જ્ઞાન, જ્ઞેયાકારનો બદલો થતાં હું પણ બદલી જાઉં છું, નાશ થઈ જાઉં છું એને અજ્ઞાનનો લાભ, મિથ્યાત્વનો (લાભ) થાય છે. સમજાય છે કાંઈ ? એને એકાંતદૃષ્ટિ–મિથ્યાત્વ કહે છે. કહો, સમજાય છે કાંઈ આમાં ?

**'अत्यन्ततुच्छ:'** એટલે ? કે વસ્તુ અખંડ જ્ઞાનજ્યોત ચિદાનંદ દ્રવ્યસ્વરૂપ છે, એના અંતરમાં દૃષ્ટિમાં એના અસ્તિત્વની હયાતીનો ખ્યાલ નથી. ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ, ત્રિકાળી જ્ઞાયકમૂર્તિનો ખ્યાલ નથી એથી વર્તમાન કાળની જ્ઞાનની ત્રિકાળ વસ્તુ એકરૂપે છે એનો વર્તમાન કાળ જ્ઞાનનો પર્યાય ત્રિકાળ વસ્તુને અવલંબે થયેલો છે અથવા એનો એ અંશ છે એમ અજ્ઞાની ન માનતા એ ત્રિકાળ વસ્તુનો આ અંશ નહિ, પણ જે અવલંબે છે, જેનું નિમિત્ત છે એને કારણે ઉત્પન્ન થયેલો પર્યાય એ પલટતાં હું પણ પલટીને નાશ થઈ જાઉં છું. એનું નામ મિથ્યાદૃષ્ટિ અને એકાંત અજ્ઞાની કહેવામાં આવે છે. 'નવનીતભાઈ' ! બહુ ઝીણું પણ ભાઈ આ. કહો, સમજાણું આમાં ?

**'अत्यन्ततुच्छ:'** એટલે ? શરીરની અવસ્થાના વ્યયે–નાશે–અભાવે, એને અવલંબેલું એટલે એને નિમિત્તપણે કરેલું જ્ઞાન, કર્યું પોતાથી, અવલંબન એ નિમિત્ત હતું, એનો આમ અભાવ થવા માંડ્યો ત્યાં જ્ઞાનની અવસ્થા, એને લઈને હતી અને એને લઈને બદલી ત્યાં મારો અભાવ થઈ ગયો એમ અજ્ઞાની માને છે. એને સ્વદ્રવ્ય ત્રિકાળી ચૈતન્ય ભગવાન છે એની અસ્તિની પ્રતીતની ખબર નથી. સમજાણું કાંઈ ?

**'વસ્તુના અસ્તિત્વના જ્ઞાનથી અત્યંત શૂન્ય છે. વળી કેવો છે ?' 'न किञ्चन अपि कलयन्' 'જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન છે.'** દેખો ! એ દેહની અવસ્થાનું બદલવું થતાં એને અવલંબી નિમિત્તરૂપે થયેલું જ્ઞાન, જ્યાં દેહની અવસ્થા બદલી, જ્ઞેય અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન હતું, ત્રિકાળી જ્ઞાનમાત્રની આ એક અવસ્થા હતી એમ ન માનનાર, જ્ઞેયને જાણવામાત્ર અવસ્થા હતી, **'તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી.'** એટલી જ પર્યાયમાત્ર નિમિત્તના અવલંબે પોતામાં થયેલી, નિમિત્ત ઇ અને ઉપાદાન આ, પણ ઇ નિમિત્તનું અવલંબન લક્ષમાં હતું એથી એ પલટ્યું એટલે હું ગયો. કિંચિત્ માત્ર જ્ઞાનમાત્ર વસ્તુ રહી એમ અજ્ઞાનીની શ્રદ્ધામાં આવતું નથી. સમજાણું કાંઈ ?

**'જ્ઞેય-અવસ્થાના જાણપણામાત્ર જ્ઞાન છે. તેનાથી ભિન્ન કોઈ વસ્તુ..'** જ્ઞાનવસ્તુ પદાર્થ જ નથી જાણે, દ્રવ્ય જ નથી. સમજાણું કાંઈ ? અહીંયા બે વાત લીધી છે. એક તો બાહ્ય વસ્તુ પલટતાં જ્ઞાનપર્યાય તે આકારે પહેલી પરિણમી હતી, પછી એ પલટતાં આમ પરિણમી જાય છે એટલે કે એ વસ્તુને કારણે આ હતી અને આ એક જ્ઞાનની ઉત્પત્તિનો કાળ ગયો એટલે બીજો થયો એટલે જાણે હું જ બીજો થઈ ગયો. મારી વસ્તુ જ પોતે ત્રિકાળ જ્ઞાયક છે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ આ. અંતર ને અંતરમાં મિથ્યાત્વ અને અંતર ને અંતરમાં સમ્યક્.

**'તેનાથી ભિન્ન કોઈ વસ્તુરૂપ જ્ઞાનવસ્તુ નથી.'** જાણપણામાત્ર વસ્તુ. બાહ્ય વસ્તુને લઈને એક માનવું એ મિથ્યાત્વ છે અને બાહ્ય વસ્તુના નિમિત્તના અવલંબે પોતામાં ઉત્પન્ન થયેલું જ્ઞાન, એટલો જ માનવો એ પણ મિથ્યાદૃષ્ટિ છે બે વાત થઈ. એ આવશે આગળ. **'बाह्यवस्तुषु'** ના અર્થમાં આવશે. અંદર **'बाह्यवस्तुषु'** ના અર્થમાં આવશે. સમજાણું કાંઈ ? સમજાય છે કાંઈ આમાં ? આવો ધર્મ કેવો હશે આ ?

ભાઈ ! ધર્મની વિરૂદ્ધનો અધર્મ અત્યારે કહેવાય છે, પછી કહેવાશે ધર્મ. અધર્મ અજ્ઞાની કેમ ઉત્પન્ન કરે છે ?–કે પરવસ્તુની વર્તમાન અવસ્થાનો જે ભાવ છે એને લક્ષે ઉત્પન્ન થયેલો પોતામાં જ્ઞાનનો જ્ઞેયાકારરૂપ પર્યાય, એ પર્યાય–અવસ્થા પરની પલટતાં આ પલટી જાય છે, એ જ્ઞેયાકાર જેટલી પર્યાય તેટલો જ હું છું, એમ માનનાર મિથ્યાદૃષ્ટિ પોતાની અવસ્થા પલટતાં હું જાણે નાશ થઈ જાઉં છું (એમ માને છે). એને દ્રવ્યસ્વરૂપ ત્રિકાળ જ્ઞાયક છે એની શ્રદ્ધા અને જ્ઞાન તો નથી. સમજાણું કાંઈ ? ક્યાં ગયા ? 'દાસ' આવ્યા હતા ને ? ગયા ? ગયા. નહોતા સવારમાં કોઈ ? નહોતું ? ઠીક !

**'એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે.'** દેખો ! અંશમાત્ર પણ હું રહ્યો નહિ, હોં ! આમ પાણીનો લોઢ ચાલતો હોય ને, પાણીનો લોઢ. આમ જ્ઞાનપર્યાય એને જાણે છે ને, પર્યાય. ઓલો લોઢ જેમ ઊંચો (જાય) એમ જ્ઞાન એ રીતે જ્ઞેયાકાર પરિણમ્યું. આમ જ્યાં લોઢ થયો એ પણ મનમાં આમ થઈ જાય છે. તું ક્યાં ઊંચો નીચો થાય છે ! એ જ્ઞાનની પર્યાયમાં આમ જે ઊંચો લોઢ જણાય છે અને ઊંચો લોઢ જ્યાં હેઠે આવે છે ત્યાં આમ કરી નાખે છે, પણ તારે આમ કરવાનું શું કારણ છે ? અને એ લોઢ જ્યાં પાછો આમ આવે તો આમ કરે, પણ આમ તારે શું છે ? તારો પર્યાય તો તારામાં તારે કારણે પરિણમી રહ્યો છે. એમ થાય છે કે નહિ ? 'રમણીકભાઈ' ! અમારે 'ઉમરાળા'માં બહુ પાણી આવે. બે-બે ગાઉ પાણી ઊંડા. આમ મોઢ ચડે ને. નાની ઉંમરમાં એ બધા બહુ જોયેલા. ઘણા લોઢ. માથોડા માથોડા પાણી. માથુ ભલે આમ હોય, ઓલું ઊંચું થાય ત્યાં આમ... એને પર જ્ઞેયાકારે પર્યાય પરને લઈને થાય છે એટલે ઊંચું થાય તો પોતે ઊંચો થાય. ઇ જ્યાં નીચે થાય તો (પોતે નીચો થઈ જાય), પણ એનું કારણ શું ? સમજાણું કાંઈ ?

એમ આ શરીરની ઢીલપને કાળે જ્યારે જ્ઞાન તેને જાણતું ઉત્પન્ન થાય ત્યારે એને જ્ઞાનની અવસ્થા આને લઈને થઈ એમ જાણે છે. એ જ્યાં ઢીલી પડવા માંડી, આમ કડક હતી, કડક કઠણ (હતી), એ કઠણની જ્યાં ઢીલી પડી ત્યારે જ્ઞાન પણ જાણે ઢીલું પડવા માંડ્યું. એમ પરાલંબી જ્ઞેયાકારે પરિણમતું જ્ઞાન એટલો જ હું છું અને એને લઈને હું છું, એમ માનનાર જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ આત્મા, તેને શ્રદ્ધામાં સાધી શકતો નથી. સમજાણું કાંઈ ?

**'એવી અનુભવરૂપ પ્રતીતિ કરે છે.'** **'कलयन्'** છે ને ? **'कलयन्'**. **'कलयन्'** એટલે અભ્યાસે છે. એવો એને અભ્યાસ થઈ ગયો, અનુભવ ગયો. બસ ! છે ? ત્યાં સુધી તો કાલે આપણે આવ્યું હતું. કાલે ત્યાં સુધી આવ્યું હતું ને ? આમાં તો એટલું સિદ્ધ કર્યું છે કે ભગવાન આત્મા એક સમયનો ધ્રુવ ચિદાનંદમૂર્તિ સત્ સત્ અખંડ, એનો એક સમયનો પર્યાય-અવસ્થા એવી અવસ્થામાં એનો એવો સ્વભાવ છે કે જે નિમિત્ત છે તેવું જ અહીંયા જ્ઞાન (થાય છે). જ્ઞાનનો સ્વભાવ જેવી અવસ્થા છે એવું જ્ઞાન અહીંયા થાય પોતાને કારણે, હોં ! એને ઠેકાણે એ માને છે કે એને કારણે થયું. એક તો એ ભૂલ. બીજું, એ પલટતાં જાણે હું પણ એ પલટતાં પલટી ગયો. બે ભૂલ. ત્રીજું, જ્ઞાનની અવસ્થામાં જેટલું એ જ્ઞાનપર્યાય પરને જાણે છે એટલો પર્યાયનો ધર્મ નથી. એ પર્યાયનો ધર્મ સ્વદ્રવ્યને જાણવાની પર્યાય છે તો પરને જાણવાની પર્યાયનો ધર્મ છે. સમજાણું કાંઈ ? આ ત્રણેમાં અજ્ઞાનીની ભૂલ થાય છે. ન્યાય સમજાય છે આમાં ?

ભગવાન આત્મા સ્વરૂપજ્ઞાનની મૂર્તિ ! એ તો ચિદાનંદ આનંદકંદ અખંડાનંદ ધ્રુવ વસ્તુ છે, પદાર્થ છે ને ! એનો એક સમયનો જ્ઞાનના પર્યાયથી જ અહીં વાત લેવી છે. તો એ જ્ઞાનની એક સમયની દશા, એને જેવું નિમિત્ત છે એવું જ અહીંયા જ્ઞેયાકારે જ્ઞાન પરિણમવાનો પોતાના ઉપાદાન પર્યાયનો ધર્મ છે. હવે એ ધર્મ નિમિત્તના લક્ષે થયેલો, નિમિત્તને લઈને થયું માનનાર એક તો મિથ્યાદૃષ્ટિ (છે). એને સ્વનું લક્ષ થતું નથી. એક વાત. અને જેવું નિમિત્ત અવલંબન છે, અવલંબન કહો કે નિમિત્ત કહો, બેય એક જ છે. પાઠમાં અવલંબન પડ્યું છે ને ? અવલંબિત નિમિત્ત. એને પલટતા મારી અવસ્થા, એ પલટતાં મારી પલટી ગઈ, એને કારણે પલટી ગઈ. પણ હું એક દ્રવ્ય છું અને મારો પર્યાયનો પરિણમવાનો પલટવાનો સ્વભાવ છે એમ ન જાણ્યું. સમજાણું કાંઈ ? એ પણ મિથ્યાત્વ અને અજ્ઞાન ને અધર્મનું દુઃખરૂપ વેદન છે. ત્રીજું, ભગવાન આત્માનો એક સમયનો જ્ઞાનપર્યાય, એ પર્યાયનું એટલું પર્યાયપણું છે, પર્યાયનું એટલું પર્યાયપણું હોવું જોઈએ કે સ્વજ્ઞેયને પર્યાય જાણે, સ્વજ્ઞેયને જાણે અને પરજ્ઞેયને જાણે એટલો પર્યાયનો ધર્મ છે. એટલો એ પર્યાયનો એણે ન માન્યો તો દ્રવ્ય પણ ન માન્યું અને પર્યાય પણ માની નહિ. આવ્યું હતું ને ? પર્યાય સાધતી નથી. આવ્યું હતું ને ? પહેલાંમાં આવ્યું હતું. નીચેથી છે.

(કળશ-૨૪૮). **'સર્વથા વસ્તુરૂપ માને છે અથવા સર્વથા પર્યાયમાત્ર માને છે, તે જીવો**

**એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ કહેવાય છે; કારણ કે વસ્તુમાત્ર માન્યા વિના પર્યાયમાત્ર માનતાં પર્યાયમાત્ર પણ સધાતી નથી; ત્યાં અનેક પ્રકારે સાધન-બાધન છે, અવસર પ્રાપ્ત થયે કહીશું; અથવા પર્યાયરૂપ માન્યા વિના વસ્તુમાત્ર માનતાં વસ્તુમાત્ર પણ સધાતી નથી;...'** છે ને ? સમજાણું કાંઈ ? એક સમયમાત્રનો માનવાથી વસ્તુ પણ સધાતી નથી. કોની એ પર્યાય ? કોની એ પર્યાય ? એકલી વસ્તુ માનવાથી પણ માનવાની જે પર્યાય છે એ શું છે ? સમજાણું કાંઈ ? વસ્તુને એકલી માને અને પર્યાય નહિ. આ વસ્તુ, આ વસ્તુ. તો વસ્તુને એકલી માનવા જાય તો માનવું એ શું છે ? એ તો પર્યાય છે. બન્નેનો નાશ થઈ જાય છે. કેમ, 'દેવાનુપ્રિયા' ! લોજીક છે કે નહિ આ ભગવાનનું ? કંઈ ન્યાયથી વાત કરે છે કે નહિ ? આહા..હા...!

કહે છે, ભાઈ ! એકલી ચીજને માનતાં, વસ્તુ એકલી છે પર્યાય નથી, તો એ વસ્તુ સિદ્ધ નહિ થાય. કેમ ?–કે માનવું એ પર્યાય છે, માનવું એ પર્યાય છે. જાણવું કે આ છે, એ પર્યાય છે. એટલે આ વસ્તુ છે એમ એકલી માનવી જતાં પર્યાય સિદ્ધ થતી નથી તો દ્રવ્ય પણ સિદ્ધ થતું નથી. એકલી પર્યાયને માનવા જતાં, એ પર્યાય કોની છે ? ક્યાંથી આવી ને કોની છે ? એકલી પર્યાય માનવા જતાં કોની પર્યાય ? વસ્તુ સિદ્ધ થતી નથી અને પર્યાય પણ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ ? આ તો એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાન છે એની અહીં વાત છે. એનું સાધન ને બાધન ને એનું ધ્યેય બધું અંતરમાં ને અંતરમાં છે. સમજાણું કાંઈ ?

**'તેનાથી ભિન્ન કોઈ વસ્તરૂપ જ્ઞાનવસ્તુ નથી.' 'कलयन्'** એવી પ્રતીતિ અજ્ઞાની કરે છે. મારી જ્ઞાનદશા.. કારણ કે વસ્તુ ત્રિકાળ છે એ તો શ્રદ્ધામાં છે નહિ અને વર્તમાન અવસ્થાને લક્ષમાં–ધ્યેયમાં પરદ્રવ્ય છે અને પરદ્રવ્યના પલટવાથી આ પણ પલટ્યું. આમ હું એ પલટનાર છે માટે પલટું છે એમ તો છે નહિ. વસ્તુના લક્ષે–ધ્યેયે આ અવસ્થા પલટે છે તો વસ્તુને માનતો નથી, એકલી પર્યાયને માને છે. એ અધિકાર છે ને ? પર્યાયમાત્ર માને છે, દ્રવ્યરૂપ માનતો નથી. બીજી લીટી શરૂ થઈ છે. સમજાણું કાંઈ ?

એક સમયની જ્ઞાનની, શ્રદ્ધાની અવસ્થા આદિની માનતાં વસ્તુ માનતો નથી તો એ પર્યાય પરને અવલંબીને લક્ષ થયું એટલું ધ્યેય એનું નિમિત્તમાં ગયું છે. અહીં તો ધ્યેય છે નહિ. ન્યાં જ ગયું છે. ન્યાં ગયું ને ત્યાં પલટવા માંડ્યું તો હું પણ પલટી ગયો, હું કાંઈ રહ્યો નહિ. પલટતાં કોઈ ચીજ આખી રહી ? કે હું રહ્યો જ નહિ. સમજાણું કાંઈ ? હવે અહીંથી શરૂઆત થાય છે. અહીં સુધી તો કાલે આવ્યું હતું.

**'पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्' 'पूर्व' 'કોઈ પહેલાં અવસરમાં...'** કોઈ પહેલાં સમયમાં. જે દેહની અવસ્થા લક્ષમાં હતી અને જ્ઞાનની ઉત્પત્તિ પોતામાં ઉપાદાને થઈ, નિમિત્ત તે દેહની અવસ્થા હતી. **'પહેલાં અવસરમાં જાણીને તેની આકૃતિરૂપ થયેલા..'** આલંબિત

એટલે નિમિત્ત. આલંબન એટલે નિમિત્ત. એને જાણીને તેની આકૃતિ થઈ. **'જે જ્ઞેયાકાર જ્ઞાનપર્યાય.'** **'બોધ્ય'** એટલે જણાવાલાયક જ્ઞેયાકાર. અહીં જ્ઞાનની પર્યાય પોતામાં પોતાથી (થઈ). તે નાશ સમયે પહેલાંની પર્યાય જ્યાં ત્યાં ગઈ, ત્યાં **'વિનાશસંબંધી કોઈ અન્ય અવસરમાં...'** એટલે ન્યાં ગઈ તો અહીં પણ મારી ગઈ. બીજે સમયે પર્યાય જ ગઈ, હું કંઈ રહ્યો નહિ. એમ **'જ્ઞાનમાત્ર જીવવસ્તુનો નાશ માને છે.'** ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, ત્રિકાળ વસ્તુ એવી ને એવી છે. એનો વર્તમાન અવસ્થા જ્ઞેયના લક્ષવાળો પલટતાં છતાં વસ્તુનો નાશ કદી થતો નથી. એ અંશ પલટ્યો છે, આખો અંશી ગયો નથી; પણ અંશ જતાં નિમિત્તના ધ્યેયે–અવલંબે પ્રગટેલું જ્ઞાન, નિમિત્ત પલટતાં હું આખો ગયો, કિંચિત્‌માત્ર મારી ચીજ આખી ધ્રુવ રહી એમ એ માનતો નથી. જરી આ તો બધા લોજીક–ન્યાયથી વાત છે, ભઈ ! અત્યારે તો અનેકાંત છે કે નહિ ?

પરના અવલંબે થયેલું જ્ઞાન, એ પલટતાં આખું દ્રવ્ય નાશ થઈ જાય, એ એકાંત માનનારા છે. સમજાણું કાંઈ ? આ તો હજી મોટો ફેર અત્યારે તો. વર્તમાન જ્ઞાનદશા... એ શરીરની નબળાઈ, કડકાઈ, નિરોગતા છે એ અવસ્થા લક્ષમાં આવી, તો કહે છે કે નિરોગતા તે કર્તા અને આ પર્યાય તે કાર્ય. એ તો મોટી આઠ પાનશેરીની ભૂલ. મણમાં આઠ પાનશેરીની. શું કહે છે તમારે ? સંપૂર્ણ. અજ્ઞાનદશા, જેવો એ નિમિત્ત છે એ કર્તા છે. કેમકે તે સંબંધીનું અહીંયા જ્ઞાન થાય છે, માટે તે સંબંધીનું અહીં જ્ઞાન (થયું) માટે તે નિમિત્ત તે કર્તા એમ અજ્ઞાની માને છે અને તે પોતે તેના કારણરૂપ છે માટે અહીં જ્ઞેયાકાર પરિણમ્યું એટલે એને જ કારણ માને છે. એ નિમિત્તને જ આધાર માને છે. સમજાણું કાંઈ ?

વર્તમાન જ્ઞાનદશા એવી જ જ્ઞેયાકાર ને જેવું લક્ષ છે તે જ પ્રકારે પરિણમવાનો, તે કાળે પોતાના કાળમાં પરિણમવાનો સ્વભાવ છે, એના કાળની અવસ્થાને કારણે નહિ. છતાં એ અવસ્થા આને આધારે આ અવસ્થા થઈ એમ માનનારા પરથી નાસ્તિ છે એમ માનતો નથી, પણ પરથી હું અસ્તિ છું એમ માને છે. સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! **'એવો છે એકાન્તવાદી મિથ્યાદૃષ્ટિ જીવ.'** એટલે તેને દુઃખરૂપ દૃષ્ટિ અંતર ઉત્પન્ન થાય છે. એ આખો આકુળતામાં વેદાય જાય છે. કારણ કે આખો આત્મા જ્ઞાયકમૂર્તિ છે એ દૃષ્ટિમાં નથી અને ક્ષણિક અવસ્થા એને લઈને ઉત્પન્ન થઈ પરાધીન દૃષ્ટિ અને ક્ષણિક અવસ્થા જેટલો હું, એ પણ અંશમાં આખો માનનાર મિથ્યાદૃષ્ટિ દુઃખને જ વેદે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? જુઓ ! આ પરને કારણે નહિ, હોં ! ઇ નિરોગતાને કારણે સુખ અને રોગને કારણે દુઃખ, ઇ વાત પણ અહીં નથી. તો તો નિરોગતાએ અહીં સુખ ઊપજાવ્યું કલ્પનાનું. એમ નથી. એણે પોતે ઉત્પન્ન કર્યું છે. સમજાણું કાંઈ ? એમ સરોગતા જ્ઞાનમાં આવી માટે દુઃખરૂપ એની કલ્પના થઈ એમ નથી. એણે કલ્પના ઊભી કરી, હું સરોગ છું. સરોગનું જ્ઞાન હું છું એમ ન માનતા, હું સરોગ છું એમ માન્યું એણે અંશમાં જ આખો આત્મા માની લીધો

અથવા પરને લઈને જ આત્માની વર્તમાન પર્યાય છે એમ માની લીધું. એવા અસત્યને માન્યતાને તો દુઃખ જ હોય, બીજું હોય શું ?

**શ્રોતા :–** એ શરીરને કારણે દુઃખ આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ શરીરને કારણે ન આવ્યું. 'જેચંદભાઈ' ! કહો, સમજાણું આમાં ? એ રાડ્યું પાડે છે, શરીરને લઈને આમ થઈ ગયું, આમ થઈ ગયું. હવે ધૂડેય નથી કાંઈ. આહા..હા...! આમ તો બરાબર ખ્યાલ છે. કહો, સમજાણું આમાં ? આહા..!

કહે છે, પહેલાં અવસરમાં જે આલંબિત આકૃતિરૂપ જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થઈ, એના વિનાશસંબંધી. પહેલાં સમયે હતી, બીજે સમયે ગઈ. ગઈ એટલે જાણે હું આખો ગયો,આખો તણાઈ ગયો. જ્ઞાને પાણીમાં આમ લક્ષ હતું ને ? પાણી આમ તણાવા માંડ્યું ને એટલે મારી પર્યાય જ તણાવા માંડી. આમ.. આમ. હાલત–કલ્લોલ પાણીમાં ઊઠે ને ? હું પણ ચાલ્યો ભેગો. પણ તું ક્યાં ? તું તો અહીં છો. એમ શરીરની હાલત રોગ અવસ્થા થતાં જ્યાં ફેરફાર થઈને જ્યાં ઊંડી ઉતરવા માંડી (તો) હું ઊંડો ઉતરી ગયો. એટલે કે મારો અભાવ થઈ ગયો. ઊંડાનો અર્થ ઇ છે. મારો જાણવાના સ્વભાવનો જ અભાવ થઈ ગયો. આહા..હા...! સમજાણું કે નહિ ? એમ માનનાર ભગવાન જ્ઞાતા-દૃષ્ટા ત્રિકાળી છે અને એની પર્યાય એના દ્રવ્યમાંથી દ્રવ્યના પરિણમને પરિણમન થાય છે, એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ભાઈ હાલ્યા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હાલ્યા ? ક્યાં હાલે ને ક્યાં જાય ? આહા..!

**'તેને સ્યાદ્વાદી સંબોધે છે–'** લ્યો. એને સ્યાદ્વાદી–અનેકાંતવાદી–સમ્યગ્દૃષ્ટિ સમજાવે છે અથવા કહે છે અથવા સ્યાદ્વાદી કેવા હોય છે તે સમજાવે છે. 'पुनः स्याद्वादवेदी' સ્યાત્ એટલે અપેક્ષાએ માનનારો. પરના અવલંબે પોતાની પર્યાય જ્ઞેયાકાર હોવા છતાં તે જ્ઞેયાકારનું મારાથી પરિણમન થયેલું છે અને તેટલા જ્ઞેયાકાર પૂરતી પણ મારી પર્યાય એટલી જ નથી. મારી પર્યાય જ્ઞાનના આકારે સ્વજ્ઞેયને જાણે એવા જ્ઞેયાકારનું પરિણમન (મારું છે). સ્વજ્ઞેય અને પરજ્ઞેય. એને આકારે પરિણમવાનો મારો પર્યાય (છે) એમ જ્ઞાની માનતા **'એકાન્તદૃષ્ટિ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી.'** ત્યારે શું છે ? સમજાણું ? **'અનેકાન્ત-અનુભવશીલ...'** જુઓ ! એક સમયનો પર્યાય એટલું પરને જાણતાં છતાં અને પર પલટતાં છતાં એ મારો પર્યાય પરને લઈને પલટ્યો નથી. કારણ કે જ્ઞાનીની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે, ધ્રુવ જ્ઞાયક ઉપર છે. જ્ઞાયક ઉપર હોવાથી એની પર્યાય જ્ઞાયકને લક્ષે પલટી છે. તેથી તે અનેકાંતદૃષ્ટિ અનુભવશીલ પુરુષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ઓલો અનુભવથી શૂન્ય હતો, આત્માના અનુભવથી શૂન્ય હતો. આ અનુભવશીલ (છે). ભાષા જુઓ વાપરી છે ! છે ને ?

**'અનેકાન્ત-અનુભવશીલ જીવ...'** ભગવાન આત્મા ત્રિકાળ જ્ઞાયક વસ્તુ છું એમ જ્યાં પ્રતીત (થઈ છે) અને જ્ઞાનના પર્યાયમાં પૂર્ણ વસ્તુને લક્ષમાં લીધી છે, એથી પૂર્ણના લક્ષે વર્તમાન પર્યાય સ્વજ્ઞેયને આકારે પરિણમન (થાય છે) અને પર છે તેનું પણ જ્ઞેયાકારે પરિણમન (થાય છે), એમ માનીને એ પર્યાય પલટતાં છતાં હું તો આખું દ્રવ્ય છું, એમ બીજે સમયે પણ મારા દ્રવ્યનું જ પરિણમન છે, એમ અનુભવશીલ પોતાના આત્માને અનેકાંતદૃષ્ટિ અનુભવતો આનંદ આવે છે. સમજાણું કાંઈ ? ઓલાને દુઃખ આવે છે, આને આનંદ આવે છે. આ ભારે વાત ! સત્ય ન માનવાથી દુઃખ અને માનવાથી સુખ. એમ છે ખરેખર. આહા..હા..!

**'અનેકાન્ત-અનુભવશીલ જીવ...'** **'पूर्ण: तिष्ठति'** એટલે ? **'ત્રિકાળગોચર જ્ઞાનમાત્ર જીવવસ્તુ' એવો અનુભવ કરતો થકો તેના પર દૃઢ છે.'** થાય છે તેની વર્તમાન પર્યાય પલટતા છતાં તે પર્યાયનું આરૂઢપણું ત્રિકાળ દ્રવ્ય ઉપર છે. અહીં કાળના બે પ્રકાર લીધા છે. ત્રિકાળ વસ્તુ તે એક કાળ, વર્તમાન અવસ્થા તે વર્તમાન કાળ, એ ભેદરૂપ કાળ. ભેદરૂપ કાળ એકલાને માનનાર, ત્રિકાળ વસ્તુને નહિ માનનાર તે મિથ્યાત્વ છે અને ત્રિકાળ જ્ઞાયક વસ્તુને માનનાર વર્તમાન તેનો કાળ પર્યાયભેદ–ત્રિકાળનો એક અંશ ભેદ પર્યાય, ત્રિકાળ ઉપર આરૂઢ હોવાથી તેની પર્યાય અનેકાંતપણે પરિણમતી આનંદ અને સમ્યગ્દર્શનપણે પરિણમે છે. સમજાણું કાંઈ ? આ ધર્મ કેવો ?

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું થાય છે ? આનંદ થાય છે. મરે કોણ ? કોણ મરે ? કીધું ને આ. ઊંડો ઊંડો કોઈ ઉતરતું નથી. ઊંડે જાય છે અંદર. શું કીધું ? જુઓ !

**'અનેકાન્ત-અનુભવશીલ જીવ 'ત્રિકાળગોચર જ્ઞાનમાત્ર જીવવસ્તુ' એવો અનુભવ કરતો થકો એના ઉપર દૃઢ છે. '** ક્યાં જાય છે ? જ્ઞાયકભાવ ત્રિકાળ છું ત્યાં દૃષ્ટિ ચોંટી છે. નિમિત્ત ને વર્તમાન પર્યાય ઉપર દૃષ્ટિ છે એ પર્યાયમૂઢ સ્વકાળે અસ્તિ પોતાની છે એમ માનતો નથી અને સ્વકાળે ત્રિકાળ હું છું એમ પોતાના જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિનું આરૂઢ હોવાથી, વર્તમાન પર્યાય પલટતી (હોવા) છતાં હું કંઈ આખો નાશ થઈ જતો નથી, એવી જ્ઞાયક ત્રિકાળ ઉપર (દૃષ્ટિ) આરૂઢ હોવાથી તેને અતીન્દ્રિય આનંદનું વેદન અને સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપે પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા...! ભારે વાત ભાઈ આ ! આવું 'મુંબઈ'માં મૂકીએ તો કહેશે, આ શું ? આ શું માંડી છે ? સમજે નહિ.

ભાઈ ! આ તો તત્ત્વના મર્મો છે એકલા. મર્મમાં મર્મ. સમજાય છે ? ભગવાન આત્મા એક સમયની અવસ્થાએ પરિણમતો છતાં અને એ અવસ્થા બદલતી છતાં વસ્તુ ત્રિકાળ જ્ઞાયક અને આનંદ છે, એવા જ્ઞાનમૂર્તિ ભગવાન ઉપર જેનું અસ્તિત્વ દૃષ્ટિ પડી છે, એની પર્યાય પરિણમે છે, એકરૂપ રહેનાર પરિણમે છે એવું અનેકાંત હોવા છતાં તેની દૃષ્ટિમાં દ્રવ્ય પડ્યું છે, એથી એને સમ્યગ્દર્શન અને આનંદનો અનુભવ થાય છે. અનેકાંતનું ફળ અમૃત છે, એકાંતનું ફળ દુઃખ છે.

આહા..હા...! 'શશીભાઈ' ! ભારે વાતું, ભાઈ આ ! વેદાંતને કાંઈ છે ? એક આત્મા, જાઓ ! થઈ રહ્યું. એક આત્મા સર્વવ્યાપક.

**શ્રોતા :–** વિચાર તો કરવો જોઈએ ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મૂઢ થઈ જાય. શું વિચાર કરવો જોઈએ. અહીં વસ્તુ જેટલા ક્ષેત્રમાં છે તેટલામાં એનો ત્રિકાળ અને વર્તમાન કાળ છે. આટલા ક્ષેત્રમાં છે. એ ક્ષેત્રમાં આવી ગયું છે. આટલા ક્ષેત્રમાં છે. કારણ કે એનું એકાગ્રપણું આટલામાં થાય છે, આમ નથી થાતું. સમજાય છે કાંઈ ? અસંખ્ય પ્રદેશી ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ, વર્તમાન સમયની અવસ્થાપણે પરિણમે, અહીં કાળની વાત ચાલે છે એટલે. એ કાળ પણ વર્તમાન અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં અનંતા ગુણો, એવો જે પિંડ, એનો વર્તમાન કાળનો સમય, એ સમય પણ એટલા અસંખ્ય પ્રદેશીના ઉપર જ એક સમયની પર્યાય વર્તે છે. બાહ્ય આમ વર્તે છે એમ નથી. આહા..! સમજાણું કાંઈ ?

બીજી રીતે કહીએ તો આ જીવની દયા ને મૃત્યુ ને સામે જે દેખાય છે ને જ્ઞાનની પર્યાયમાં, એ પર્યાયનો ધર્મ છે કે ત્યાં જીવ અને શરીર જુદાં પડ્યા એના પણે જ્ઞેયાકારપણે જ્ઞાન પરિણમે. એ જ્ઞાનપર્યાય એને જુદાં કરી શકે નહિ, ભેગા રાખી શકે નહિ. તેમ તે પ્રકારનું અહીં જ્ઞાન પરિણમ્યું એટલું જ્ઞાનમય પણ આત્મા નથી. આ તો જેણે જ્ઞાનની પર્યાયને એટલી માની કે બીજાનું અસ્તિત્વ રાખે અને ટાળે એવું જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ એણે પરને લઈને માન્યું કાં પરના અંશોનું અસ્તિત્વ આ જ્ઞાનના પર્યાયને લઈને માન્યું એ તો મોટી વિપરીત મિથ્યાત્વ એકાંતદૃષ્ટિ છે. આહા..હા...!

અહીં તો અંદરના બે પ્રકારના અંશોમાં જ એકાંત અને અનેકાંત ઉતાર્યું છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા વસ્તુ... વસ્તુ.. વસ્તુ.. અનંત અનંત અચિંત્ય અમાપ સ્વભાવનો દરિયો પ્રભુ છે. એના ઉપર જેની જ્ઞાનની પર્યાય આરૂઢ છે, એ પર્યાય પલટતાં છતાં હું કાંઈ આખો પલટીને અભાવ થઈ જાઉ છું એમ નથી. મારાપણું રાખીને–ધ્રુવપણું રહીને હું પલટું છું એનું નામ અનેકાંતદૃષ્ટિ–સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. એ પરને લઈને નહિ.

બીજી રીતે કહીએ તો પરની દયાના કાળે જે શુભભાવ થયો.. સમજાય છે ? એ શુભભાવ પણ પરની દયા પળી માટે થયો એમ નહિ અને એ શુભભાવ છે માટે જ્ઞાન જ્ઞેયાકારે પરિણમ્યું એમ નહિ અને જ્ઞેયાકાર એટલો પરિણમ્યો એટલો પણ આત્મા નહિ. સમજાણું કાંઈ ? 'નેમિદાસભાઈ' ! બહુ ઝીણું. કંટાળો આવતો હશે એવું હશે આ ? કોઈ દિ' પડખે ચડ્યો નથી. વીતરાગમાર્ગ શું છે એને પડખે સાંભળવામાં આવ્યું નથી. એમ ને એમ કાળ ગાળ્યા. અમે જૈન છીએ, જૈન છીએ, જૈન (છીએ). અજૈનને જૈન માનીને થોથા કર્યા. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે જેણે એક સમયની અવસ્થામાં પરને લઈને આ અવસ્થા થઈ એમ માનનાર તે અજૈન મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. અને જૈન એને કહીએ,.. જૈન એટલે વસ્તુની સ્થિતિ. એક

સમયની અવસ્થા પરના લક્ષમાં એના જ્ઞેયાકારે પરિણમી છતાં એ પર્યાય એટલી અને એવડો હું નથી. એ પર્યાય એને લઈને નથી, એટલી પર્યાય જેટલો નથી. હું તો એક અખંડાનંદ જ્ઞાયક છું એમ જેની પર્યાય દ્રવ્ય ઉપર ઢળી છે એને રાગની એકતા ટળી છે અને જૈનદશાની વીતરાગપર્યાય ઉત્પન્ન થઈ છે તેને જૈન કહેવામાં આવે છે. ઠીક પણ અહીં આવી ગયા એ ઠીક કર્યું. કહો, સમજાણું આમાં ? આહા..હા...!

આ તો ભગવાનના અમૃત છે. બાપુ ! આહા..હા..! કહે છે, સમજાણું ? **'पूर्णः तिष्ठति'** **'ત્રિકાળગોચર જ્ઞાનમાત્ર જીવવસ્તુ' એવો અનુભવ કરતો થકો...'** **'पूर्णः तिष्ठति'** ની વ્યાખ્યા કરી. **'पूर्णः'** નામ ત્રિકાળગમ્ય વસ્તુ **'तिष्ठति'** નામ એમાં એનું લક્ષ ચોંટી ગયું છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા અનંત ગુણસ્વરૂપ આત્મા પોતે અનંત ગુણસ્વરૂપ, જેવા પરમાત્માની–અરિહંતની પર્યાય પ્રગટી છે એવો જ આ આત્મા દ્રવ્યે અખંડાનંદ પ્રભુ છે. એવો પૂર્ણ ભગવાન એના ઉપર જેની દૃષ્ટિ છે એનું પર્યાયનું પરિણમન બદલવા છતાં, શરીરને આકારે જ્ઞાન હતું ને બદલતાં છતાં હું આખો બદલી જાઉં છું એમ નથી. કેમકે પૂર્ણ ઉપર જેની દૃષ્ટિ છે. કેમકે ત્રિકાળ જ્ઞાયકમાત્ર ભગવાન એના ઉપર દૃષ્ટિ છે માટે **'पूर्णः तिष्ठति'**. ઓલો અપૂર્ણ નામ પર્યાયમાં પોતાનું (અસ્તિત્વ) માનીને નાશ થઈ જાય છે. આ **'पूर्णः तिष्ठति'** આ જીવે છે. શું કીધું ?

એક સમયની અવસ્થામાં જ્ઞેયાકાર સંબંધી જ્ઞાન થતાં જ્ઞેયાકાર પલટતાં હું પલટી જાઉં છું (એમ જે અનુભવે છે) એ જીવ મરી જાય છે. પોતાની દૃષ્ટિમાં તત્ત્વને મારી નાખે છે. એ **'सीदति'** દુઃખી થાય છે; અને આ **'पूर्णः तिष्ठति'**. જ્ઞાયક સ્વભાવ ભગવાન આત્મા, એની પર્યાયનું પલટન હોવા છતાં અને પરને આકારે જ્ઞાનનો પોતાનો સ્વભાવ થવા છતાં એનું પોતાનું જ્ઞાન આખું છે એ પ્રમાણે પણ અહીં પર્યાયમાં જ્ઞાન થવાં છતાં એટલો પર્યાય પૂરતો હું નથી. એ પર્યાયને સ્થાપી છે દ્રવ્યમાં. સમજાણું કાંઈ ? આહા..હા...! આનું નામ અનેકાંત અને એનું નામ જૈન. એ જૈન કોઈ વાડો નથી. જૈન કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે એમ જેને અનુભવમાં આવે તેને જૈન કહેવામાં આવે છે. સમજાણું આમાં ? કોથળીમાં નાખ્યા કરિયાતા, ઉપર લખ્યું સાકર, એ કંઈ કરિયાતા મીઠા ન થઈ જાય. (એમ) જૈન નામે કોથળીમાં નામે રાખે, અંદર ભાન ન મળે કાંઈ. પર્યાય કોણ ને દ્રવ્ય કોણ ? નામેય હજી તો સાંભળ્યા ન હોય. પર્યાય શું હશે ?

**શ્રોતા :–** દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .. હોય તો એને ખબર નથી. કેમકે જે પર્યાય ત્રિકાળ દ્રવ્યની છે એમ નથી માનતો અને પરને લઈને માને એને પણ દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર નથી. અને જેને એક સમયનો પર્યાય પરને લઈને નહિ પણ મારે લઈને છે, એટલો જ માને તોપણ ત્રિકાળ દ્રવ્યને લઈને

માન્યું નથી, તો પર્યાય પણ યથાર્થ માની નથી. કોની પર્યાય ? એણે દ્રવ્ય અને પર્યાય બેય માન્યા નથી. 'નવનીતભાઈ' ! ભારે આ... વસ્તુ તો આ છે. આહા..હા...!

ત્રિકાળગોચર એટલે પૂર્ણ. '**तिष्ठति**' એટલે એમાં દૃષ્ટિને દૃઢ કરી છે. ધર્મીજીવે જૈન જીવે એટલે જૈન થનાર આત્માએ પોતાનો જ્ઞાયક ત્રિકાળ સ્વભાવ, એમાં વર્તમાન પર્યાયને ત્યાં સ્થાપી છે એટલે પર્યાય પલટતાં છતાં દ્રવ્ય એમ ને એમ રહે છે, મારો નાશ થતો નથી. અવિનાશી ભગવાન આત્મા છું એમ જેની દૃષ્ટિમાં વર્તે છે એની પર્યાયમાં રાગથી ભિન્ન પડેલું જ્ઞાન શાંતિને વેદે એને જૈન અને સમકિતી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એ... 'જયંતિભાઈ' ! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ત્યાં તમારે. કેમ, 'ભગવાનજીભાઈ' ! તમારા વેવાઈ તો કહે છે, હોં ! આ કોઈ દિ' સાંભળ્યું નથી. આહા..!

અરે..! ભગવાનનો માર્ગ... ભગવાન એટલે આત્મા, હોં ! એ ત્રણલોકનો નાથ છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને પરના લક્ષ વિના પરિણમીને જાણે એવી એની તાકાત છે. આહા...હા...! સમજાણું કાંઈ ? ત્રણકાળ અને ત્રણલોક તો છે, છતાં પર્યાય કેમ જ્ઞાનની થતી નથી ! જો એને લઈને થતી હોય તો. એ પર્યાય જ પોતે, પર્યાયવાન ભગવાન આત્મા ત્રિલોકનાથ છે એને લક્ષે એ કેવળજ્ઞાનની પર્યાય પરિણમી જાય છે, ત્યારે લોકાલોકને નિમિત્ત કહેવાય છે. અળલંબન છે ને ? અવલંબન શબ્દ. ત્યારે નિમિત્તને અવલંબન કહેવાય છે. આ તો કેવળજ્ઞાન સુધી લઈ ગયા અવલંબનમાં. સમજાણું કાંઈ ? અવલંબન કહો... આવે છે ને ? 'પ્રવચનસાર'માં આવે છે. જો નિમિત્ત અવલંબન છે એ જ્ઞેયનું જ્ઞાન–પૂર્ણ જ્ઞાન ન કરે તો જ્ઞાન શેનું ? અને એ જ્ઞાન પૂર્ણ રીતે જ્ઞાયકમાં અર્પણતા ન કરે તો એ જ્ઞેય શેનું ? 'લાલચંદભાઈ' ! 'પ્રવચનસાર' નોટ કરી છે. છે કે નહિ ? ૩૬...૩૬. જુઓ ! એ નીકળ્યું, જુઓ ! '**જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞાન જ્ઞેયને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું ? જ્ઞેયને જ્ઞાન આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞેય જ્ઞાનમાં ન જણાય તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું ?**' સર્વજ્ઞ કહેવું અને એને સર્વજ્ઞતા સિદ્ધ ન થવી એ સર્વજ્ઞ કેવા ? ત્રણકાળ, ત્રણલોકનું એક સમયમાં સર્વજ્ઞ અને સર્વજ્ઞતાપણું પ્રગટ થાય છે. બધા પણાનું જ્ઞાન એને એક સમયમાં પ્રગટ થાય છે. આહા..હા...! વાંધા ઊઠ્યા. જો ભગવાન આમ બધું જાણે તો નિયત થઈ ગયું. ભગવાનના જ્ઞાનમાં બધું જણાય જાય તો ભગવાને જે જોયું એ નિયત થઈ ગયું. અરે..! સાંભળ, એ શું કહે છે. એ નિયતની ના પાડી જ નથી. એ તો એકાંત નિયતની ના પાડી છે. સાથે પુરુષાર્થ, સ્વભાવ, નિયત, ભવિતવ્ય અને તે કાળે તે પ્રકારના કર્મનો અભાવ–બધું પાંચે ભગવાને જોયું ને સમ્યગ્દૃષ્ટિને પાંચે જ્ઞાનમાં આવે છે. આહા..હા...! ભારે વાત પણ ભાઈ ! સમજાણું કાંઈ ?

એક સમયમાં સર્વજ્ઞપણું પરિણમી ગયું. કહે છે કે એ પર્યાય લોકાલોકને લઈને થઈ, એ પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન છે, હોં ! પણ એ પર્યાયનું એટલું જ્ઞાન નથી, આખા દ્રવ્ય-ગુણ પોતાનું

(જ્ઞાન) પર્યાયમાં છે અને બધાનું છે. એ પર્યાયને જાણતાં લોકાલોક જણાય જાય છે. જળને દેખતાં જળમાં તારાના આકાર ભેગા દેખાઈ જાય છે. સમજાણું કાંઈ ? જળના પાણીને જોતાં ઉપરના તારા, ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા એક ચંદ્ર સાથે હોય છે. એક ચંદ્ર અને એક સૂર્ય સાથે ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા. આમ જાણે મોટો દરિયો સ્વચ્છ હોય. આમ જોતાં આ દેખાતાં એ દેખાઈ જાય છે. એમ ભગવાન આત્માનું સર્વજ્ઞપદ એ પર્યાયને દેખતા લોકાલોક એમાં જણાઈ જાય. સમજાણું ? એવડી પર્યાયવાળો દ્રવ્ય ન માને અને આઘુંપાછું જાણે એમ માને એ અસર્વજ્ઞ માન્યું, એણે સર્વજ્ઞ માન્યા નથી. એને દ્રવ્યની પૂર્ણ સામર્થ્યની શક્તિની પ્રતીત છે નહિ. એ પણ મિથ્યાદષ્ટિ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાનમાં લોકાલોક જણાણા. લોકાલોકનું પલટન થાય છે તો અહીં પર્યાય પલટે છે. પોતાની પલટે છે. ત્યાં ઓલાની વર્તમાન પર્યાય છે એ ભૂતમાં જાય છે અને ભવિષ્યની છે તે વર્તમાન થાય છે. એવું અહીં જ્ઞાન પણ પલટે છે. એને કારણે પલટે છે ?

**શ્રોતા :–** નિમિત્ત નહિ રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ઇ નિમિત્ત ત્યારે કહેવાય. એને કારણે પલટે તો નિમિત્ત ન કહેવાય, તો તો કર્તા થઈ ગયું. સમજાણું કાંઈ ? ભગવાન કેવળજ્ઞાનનો પર્યાય સ્વકાળી છે. એ પરકાળની અવસ્થાને લઈને નહિ, પરકાળથી નાસ્તિ છે. આમાં આવ્યું કે નહિ ? સમજાણું કાંઈ ? એ પરકાળને લઈને સ્વની અવસ્થામાં પરની અવસ્થાને લઈને માને એ મૂઢ છે, એની અવસ્થાની ખબર નથી અને પર અવસ્થા પલટી માટે અહીં જ્ઞાનનો પર્યાય પલટે છે એ મૂઢ છે. અવસ્થાનું પલટવું, દ્રવયનો પરિણમન સ્વભાવ એ માનતો નથી. સમજાણું કાંઈ ?

ભઈ ! જૈન પરમેશ્વરે વસ્તુ જોઈ છે તેમ છે, એ કંઈ ભગવાને કરી નથી. ભગવાને કોઈ વસ્તુને કરી નથી. એ તો જેવી છે તેવી જાણી છે અને જાણી છે એવી કહી છે. એ કંઈ કોઈના કર્તા-બર્તા નથી. એવી જે વસ્તુ જેના જ્ઞાનમાં ન બેસે અને એનાથી ઊલટું બેસે, એ મિથ્યાદષ્ટિ–એકાંતદષ્ટિ દુઃખી થઈને રખડે છે. ધર્મીજીવ અનેકાંત અનુભવશીલ, પોતાની વર્તમાન પર્યાયમાં ભલે અવલંબન એટલે નિમિત્ત બીજી ચીજ હોય, છતાં મારો જ્ઞાનનો પર્યાય પલટવા છતાં હું ધ્રુવપણે પલટું છે. કેમકે પર્યાયનો આધાર દ્રવ્ય છે. એટલે દ્રવ્યમાં જ એણે પર્યાયને સ્થાપી છે. એટલે પર્યાયનો આધાર દ્રવ્ય છે, એ પર્યાયનો આધાર નિમિત્ત નથી. સમજાણું કાંઈ ?

**'કેવો દઢ છે ?' 'बाह्यवस्तुषु मुहु:भूत्वा विनश्यत्सु अपि'** બાહ્ય વસ્તુ શબ્દ વાપર્યો છે. એના બે અર્થ કરશે. **'સમસ્ત જ્ઞેય...'** પણ બાહ્ય વસ્તુ **'અથવા જ્ઞેયાકાર પરિણમેલા જ્ઞાનપર્યાય...'** અનેક, એ પણ બાહ્ય વસ્તુ. સમજાણું કાંઈ ? અભ્યંતર આખી ચીજ એકાકાર ભગવાન વસ્તુ જ્ઞાયકમૂર્તિ, એની અપેક્ષાએ એક સમયનો જ્ઞાનનો પર્યાય પણ બાહ્ય છે. ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ અભ્યંતર તો આ

એક સમયનો પર્યાય બાહ્ય છે અથવા એ સમયની પર્યાયથી બાહ્ય બીજી ચીજ છે એ પણ બાહ્ય છે. '**बाह्यवस्तुषु**' આની કથનની ઢબ જ બીજી જાતની છે.

'**સમસ્ત જ્ઞેય...**' લોકાલોક જ્ઞેય અથવા જ્ઞેયાકારે પરિણમેલા જ્ઞાનપર્યાય. એના '**અનેક ભેદ, તેઓ અનેક પર્યાયરૂપ થાય છે.**' વસ્તુ બહારની પણ આમ ભિન્ન-ભિન્ન રૂપે પરિણમે છે અને પોતાની જ્ઞાનની પર્યાય પણ ભિન્ન-ભિન્ન રૂપે પરિણમે છે અવસ્થા ભિન્ન ભિન્ન રૂપે થાય છે. '**मुहू:भूत्वा**' '**मुहू:**' છે ને ? (એટલે) વારંવાર. '**मुहू:**' એટલે વારંવાર. '**भूत्वा**' એટલે થાય છે. '**विनश्यत्सु**' '**અનેક વાર વિનશે છે,..**' પર્યાય ઉત્પન્ન થાય, બાહ્ય ચીજ–પર્યાય ઉત્પન્ન થાય અને વિનશી જાય. પર્યાય પણ ઉત્પન્ન થાય પોતામાં અને આમ બદલી જાય. '**તોપણ દઢ રહે છે.**' તોપણ દઢ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ છે એટલે પોતાનું ધ્રુવપણું કાયમ રાખે છે. સમજાણું કાંઈ ? આમાં શું કરવું ? દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, એવું હોય તો સમજાય પણ ખરું. અજ્ઞાન. એમાં શું સમજવું હતું ? અનાદિનો મિથ્યાત્વભાવ કરી રહ્યો છે. એમાં આત્મા ક્યાં આવ્યો ને એમાં સમ્યક્ ક્યાં આવ્યું ? સમજાણું કાંઈ ?

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને આત્મા કેવો પર્યાયે અને દ્રવ્યે જોયો એવો એની પ્રતીતમાં આવે ત્યારે એને જૈન અને સમ્યગ્દૃષ્ટિ કહેવાય. કેમ આવે કહે છે ? –કે બાહ્ય વસ્તુ પલટતાં છતાં અને પોતાનો પર્યાય પલટતાં છતાં એટલો હું નથી, હું ત્રિકાળ છું એવી દૃષ્ટિ જેની થઈ છે એની પર્યાયમાં પણ અનેકાંતપણે શાંતિનું વેદન ભલે પલટતું જાય, પલટતું જાય પણ પલટે છે ધ્રુવને અવલંબે પલટે છે, નિમિત્તને અવલંબે પલટે છે (એમ નથી). ત્રિકાળ જ્ઞાયકભાવ ત્રિકાળ એક વસ્તુને અવલંબે પલટે છે. વર્તમાન સામે પર્યાય છે એને લઈને પર્યાય પલટે છે એમ ધર્મી–જ્ઞાની–સમ્યગ્દૃષ્ટિ માનતો નથી.

**શ્રોતા :–** કેમ નથી માનતો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કેમકે એમ છે નહિ. કેમકે એમ છે નહિ. જે પોતાની પર્યાયનું પલટવું પોતાના ત્રિકાળ જ્ઞાયકભાવને અવલંબે પલટે છે એમ માનતો પોતાના ધ્રુવમાં દૃષ્ટિ સ્થાપી છે. નિમિત્ત ને પરથી દૃષ્ટિ ઉથાપી છે. સમજાણું કાંઈ ?

'मुहू:' વારંવાર ભલે પલટે, કહે છે. પર્યાય ભલે પલટે. સમજાય છે ? '**અનેક વાર વિનશે છે,...**' પર્યાય ઉત્પન્ન પણ થાય અને વિનાશ પણ થાય. તોપણ વસ્તુ તો વસ્તુ, જેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે એટલે એનું પરિણમન પણ દ્રવ્યને કારણે પ્રગટેલું છે. '**વળી કેવો છે ?**' 'अस्य निजकालत:अस्तित्वं कलयन्' લ્યો. '**જ્ઞાનમાત્ર જીવવસ્તુ...**' જુઓ ! નિજકાળ એવો લીધો, આખો ત્રિકાળ. '**જ્ઞાનમાત્ર જીવવસ્તુનું..**' 'निजकालत:' '**ત્રિકાળ શાશ્વત જ્ઞાનમાત્ર અવસ્થા..**' ત્રિકાળ

જ્ઞાનમાત્ર અવસ્થા એટલે વસ્તુ. એક ત્રિકાળ જ્ઞાયકમાત્ર ભગવાન પૂર્ણાનંદ છે એવી જેની વર્તમાન પર્યાયમાં દૃષ્ટિ થઈ છે એને અનેકાંતી સમકિતી–અનેકાંતનો અનુભવ કરનાર જૈન અને ધર્મી કહેવામાં આવે છે બાકી બીજાને જૈન અને ધર્મી કહેતા નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ ! 'ધરમચંદજી' !

**'વસ્તુપણું અથવા અસ્તિપણું અનુભવે છે સ્યાદ્વાદી જીવ.'** એટલે ? વસ્તુ સામે આખી બધી પલટે અને એક સમયની અવસ્થા પણ પલટે પણ પલટતી અવસ્થા તે પલટનારો આખો ધ્રુવ છે એના ઉપર દૃષ્ટિ રહીને પલટે છે, માટે ત્રિકાળી અસ્તિત્વની દૃષ્ટિમાં જે વર્તમાન પર્યાયનું પરિણમવું થાય, દ્રવ્યને લક્ષે થાય માટે શાંતિનું, સમ્યગ્દર્શન પરિણમન થાય છે. માટે તેને અનેકાંતી જીવ–ધર્મી કહેવામાં આવે છે, બાકી બીજાને અધર્મી અને અજ્ઞાની કહેવામાં આવે છે. (વિશેષ કહેશે...)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**હે આત્મા ! જો તારે મલિનતાના ભાવથી છૂટી–મલિન પર્યાય જે મોહ, રાગ, દ્વેષ અને દુઃખરૂપ છે તેનાથી છૂટવારૂપ–સંપૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મદશા પ્રાપ્ત કરવી હોય, મુક્તિ જોઈતી હોય, વિભાવનો વ્યય અને પરમાનંદરૂપી મોક્ષદશાનો ઉત્પાદ કરવો હોય, તો નિર્વિકાર ને નિર્વિકલ્પ એવા નિજ ચૈતન્યના અભેદ ધ્રુવ સ્વરૂપને ગ્રહણ કર. આત્મવસ્તુ–કાયમી ચીજ–જે અંદરમાં જ્ઞાયકપણે એકરૂપ પડી છે, જેમાં પર્યાય અને ગુણગુણીના ભેદ પણ નથી, જે જ્ઞાન, આનંદ આદિ અનંત ધ્રુવ ગુણોની એક્તાસ્વરૂપ અભેદ પદાર્થ છે, તેને રુચિ અંતર્મુખ કરીને ગ્રહણ કર, તેના પર દૃષ્ટિ લગાવી દે. રાગ ઉપર દૃષ્ટિ તે તો મલિનતા છે. મલિનતા ટકતી નથી અને ગમતી પણ નથી, માટે તે આત્માનો સ્વભાવભાવ નથી. ભગવાન આત્મા કે જે ચૈતન્યના નૂરનું પૂર છે, શાશ્વત ટકતી અને ગમતી ચીજ છે, જ્ઞાયકના દિવ્ય તેજથી સદા ભરપૂર છે, તેને ગ્રહણ કર, નિર્મળાનંદ જ્ઞાયકપ્રભુની દૃષ્ટિ કર, તેને ધ્યેય બનાવી દે, તારી વર્તમાન શ્રદ્ધાપર્યાયનો વિષય બનાવી દે, તેનો અંતરથી આદર, આશ્રય કર તો તારી અનાદિની વિભાવદશા–દુઃખદશા--છૂટશે અને મુક્તદશા પ્રાપ્ત થશે.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૪૩)**

## શ્રી સમયસાર, સર્વજ્ઞત્વશક્તિ,
## પ્રવચન નં. ૩૫૪, તા. ૨-૯-૧૯૬૨
## [૮]

'સમયસાર' સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. હિન્દી લીધું હિન્દી ? 'સમયસાર' એટલે આત્મા. એનો સાર-સાર. સાર શું છે એ અધિકાર એમાં ચાલે છે. એમાં શક્તિઓ તો આત્મામાં અનંત છે, પણ ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે. અધ્યાત્મદૃષ્ટિ કરવા માટે એનું વર્ણન ચાલે છે. ૯મી શક્તિ થઈ. હવે મુદ્દાની શક્તિ આવે છે જરી આજે. શું કહે છે ? આ આત્મપદાર્થ છે ને, આત્મા-આત્મા. છે એટલે હૈ. એટલો થોડો થોડો શબ્દમાં ફેર છે. દેહ, વાણી, મન, કર્મ, જડ એનાથી જુદો આત્મા. એ આત્મદેવ છે, દેવ.

**શ્રોતા :–** ક્યારે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અત્યારે. ક્યારે શું ? અત્યારે એ દેવ છે આત્મા અને અનંત શક્તિઓ દૈવી શક્તિ અંદર પડી છે. આત્મામાં અનંત શક્તિઓ દૈવી શક્તિ (પડી છે) એને અહીંયાં ૪૭ શક્તિ તરીકે વર્ણન કર્યું છે. વર્ણન કર્યું છે એમ સમજવું. થોડી થોડી ભાષા.. ભાઈ તો ૨૨ દિવસ રહી ગયા છે. 'શોભાલાલભાઈ'. સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા પોતાનો એટલે અપના. પોતાનો અંતર સ્વભાવ સર્વજ્ઞશક્તિ રાખે છે. પોતાના દ્રવ્યમાં સર્વજ્ઞશક્તિ છે. પ્રત્યેક આત્મામાં છે. ભગવાન આત્મા શરીર, વાણીથી ભિન્ન, કર્મથી ભિન્ન, મન, વાણીથી ભિન્ન અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાના વિકલ્પ–રાગ ઊઠે છે એનાથી પણ ભિન્ન. ભાઈ ! એ પુણ્ય અને પાપના વિકલ્પ, પાપનો ભાગ ન હોય ત્યારે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો શુભભાવ હોય છે, પણ એ ધર્મ નથી. આત્માને–પંચમ આરાના ધર્મી પ્રાણીને. સમજાય છે કાંઈ ? એ શુભભાવ વ્રતનો, દયાનો, દાનનો, ભક્તિનો, પ્રભાવનાનો રાગ મંદ થઈને શુભભાવ હોય છે. એમ ભગવાનની પૂજા, ભક્તિ, જાત્રા, શુભભાવ હોય છે, પણ એ ધર્મ નથી. શેઠ ! વર્તમાનમાં તો ઘણી ગડબડ થઈ ગઈ છે. એમાં બધા ધર્મ માને છે. ધર્મ નથી.

ધર્મ તો પોતાના આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની અંતરમાં દૃષ્ટિ કરવાથી, અંદરમાં દૃષ્ટિ કરવાથી જે સર્વજ્ઞસ્વભાવને ધરનાર ભગવાન આત્મા (છે), એની અંતર દૃષ્ટિથી જે સર્વજ્ઞ સ્વભાવની પ્રતીત પોતાની પર્યાયમાં (થાય), એ પુણ્ય-પાપના વિકલ્પથી લક્ષ છોડીને શુભ-અશુભભાવ જે થાય છે એનાથી લક્ષ છોડીને, આશ્રય છોડીને, અવલંબન છોડીને. ઝીણી વાત તો

છે, ભાઈ ! સમજાય છે કાંઈ ?

એ ભગવાન આત્મા ચૈતન્યદેવ, એમાં અનંત શક્તિની દૈવી શક્તિ (પડી છે), એમાં સર્વજ્ઞ શક્તિ પડી છે. તો પોતાનો સર્વજ્ઞ સ્વભાવ અંતર ધરનાર આત્મા, એના ઉપર દૃષ્ટિ કરવાથી પર્યાયમાં–અવસ્થામાં સર્વજ્ઞ શક્તિનું સર્વજ્ઞપણે ભલે પહેલાં પરિણમન ન થાય, પણ એની સર્વજ્ઞ શક્તિની પ્રતીતિ કરવાથી અને સર્વજ્ઞ શક્તિનો આધાર આત્મદ્રવ્યની પ્રતીત કરવાથી પોતાની પર્યાયમાં હું સર્વજ્ઞ છું, પોતાની પર્યાયમાં અંતર શક્તિની સ્થિરતા દ્વારા સર્વજ્ઞ થઈશ એવી સમ્યગ્દર્શનની પ્રતીત, સર્વજ્ઞ સ્વભાવને માનનાર આત્માને સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ ? શેઠી ! વાત ભારે કઠણ જગતને. આ વ્યવહાર-વ્યવહાર કરે છે ને ? ભાઈ ! વ્યવહાર હો, કોણ ના પાડે છે. રાગની મંદતાની ક્રિયા હો, પણ એમાં સંવર-નિર્જરાની ગંધ છે એ નથી. એ દૃષ્ટિ કાઢી નાખ. 'પાટણીજી' ! કેમ ? કે સર્વજ્ઞ સ્વભાવ મારો છે. હું તો સર્વજ્ઞ (છું). જ્યારે પર્યાયમાં, અવસ્થામાં સર્વજ્ઞનું પરિણમ થશે, એ સર્વજ્ઞના પરિણમનની શક્તિ ક્યાં રહી છે ?–મારા આત્મામાં છે. સમજાય છે કાંઈ ? એ દૃષ્ટાંત આપીએ છીએ ને દરેક વખતે ? ત્યાં 'સાગર'માં પણ આપ્યું હતું. શેઠને યાદ હોય કે ન હોય. લીંડીપીપરનું. યાદ છે ?

**શ્રોતા :–** ચોસઠ પહોરી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ, યાદ છે શેઠને. ચોસઠ પહોરી. છોટીપીપર હોય છે ને ? એને શું કહે છે હિન્દીમાં ? છોટીપીપર. તો પીપર પીપરમાં ચોસઠ પહોરી તિખાશ પડી છે. અમારી ભાષામાં તિખાશ પડી છે. કાઠિયાવાડીમાં એને તિખાશ કહે છે. હિન્દી ભાષામાં ચરપરાઈ પડી છે. એક એક દાણામાં ચોસઠ પહોરી તિખાશ ભરી છે. બરાબર છે ? શેઠી ! તો પથ્થર ઘસવાથી એમાંથી આવે છે ? પથ્થર ઘસવાથી આવે તો કોલસા અને રેતી ઘસે તો એમાંથી પણ નીકળે. એમાં છે જ નહિ. પ્રાપ્તની પ્રાપ્તિ હોય છે. જેમાં હોય એમાંથી મળે છે. જેમાં ન હોય એમાંથી પ્રાપ્ત થતી નથી. લ્યો, વળી હિન્દી ચાલ્યું બધું. સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા.. જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી, ચોસઠ પહોરી સમજાણું ? આ તો અત્યારે સો પૈસાનો રૂપિયો થયો, નહિતર આપણે ચોસઠ પૈસાનો રૂપિયો હતો ને ? ચોસઠ પૈસાનો રૂપિયો. તો ચોસઠ પૈસા કહો, રૂપિયો કહો, સોળ આના કહો, પૂર્ણ કહો એ બધી એક વાત છે. તો પીપરમાં ચોસઠ પહોરી નામ તિખાશ પૂર્ણ ભરી પડી છે. તો શક્તિમાં છે તો અંતરમાં પ્રગટીને પર્યાયમાં પ્રાપ્ત થાય છે. નિમિત્તથી નહિ, હોં ! પથ્થરથી નહિ. પથ્થરને અડી પણ નથી. લીંડીપીપર પથ્થરને કદિ અડતી જ નથી. કેમકે એક દ્રવ્યની વર્તમાન પર્યાયમાં બીજા દ્રવ્યની પર્યાયનો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ ? આ તો જડ છે તો અન્યોન્યાભાવ છે.

પથ્થરની પર્યાય છે એ આમ ગતિ કરે છે અને પીપરની પર્યાય પ્રગટે છે. એ પર્યાય અને

જડની પથ્થરની પર્યાયમાં અન્યોન્યાભાવ છે. બેયમાં અન્યોન્યાભાવ છે. એનાથી આ થાય અને આનાથી એ થાય એમ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ ? આ લોજિકથી તો વાત ચાલે છે તમારા જજની. સમજાય છે કાંઈ ? આ સમજાય છે કાંઈ એટલે સમજમેં આતા હૈ ? તમારી ભાષામાં એમ કહે છે.

ભગવાન આત્મા અંતરમાં જેમ ચોસઠ પહોરી શક્તિ એમાં પડી છે તો પૂર્ણ સર્વજ્ઞપર્યાયની પ્રગટ દશા થાય છે. પહેલાં એમાં અલ્પ તિખાશ પ્રગટ થાય છે. ચાર પહોરી, પાંચ પહોરી, દસ પહોરી. પહોરી કહે છે ને એ ? એમ કરતાં... કરતાં... કરતાં... કરતાં... ચોસઠ. એમ ભગવાન આત્મા પોતાની અંદર સર્વજ્ઞ પૂર્ણ શક્તિ, સોળ આના, રૂપિયો, ચોસઠ પૈસા પૂર્ણ ભગવાન આત્મદ્રવ્યની અંદરમાં સર્વજ્ઞ શક્તિ બિરાજમાન છે. આહા..હા...! સર્વજ્ઞ નામ પૂર્ણ જ્ઞાન પ્રગટ કરવાની તાકાત એ રાખે છે. નિમિત્તમાં એવી તાકાત નથી. ભગવાન આત્મા-આત્મા...

સર્વજ્ઞ પરમાત્માના દર્શન, ભક્તિ એ રાગ છે, એમાંથી કોઈ સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય એમ છે– નહિ. 'નવનીતભાઈ' ! રાગ થયો, તો શું રાગમાંથી સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય છે ? અલ્પજ્ઞ વર્તમાન પર્યાય છે, વર્તમાન અલ્પજ્ઞ ક્ષયોપશમની અલ્પજ્ઞ દશા (છે), શું એમાંથી સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય છે ? નહિ. અલ્પજ્ઞતાનો તો નાશ થાય છે. જેમ પંચાવન પહોરીનો નાશ થઈને છપ્પન પહોરી ઉત્પન્ન થાય છે. ત્રેસઠ પહોરીનો નાશ થઈને ચોસઠ પહોરી ઉત્પન્ન થાય છે, પણ એ ચોસઠ પહોરી આવી ક્યાંથી ? પત્થરથી નહિ, ત્રેસઠમાંથી નહિ, ત્રેસઠમાંથી નહિ. ત્રેસઠમાંથી થોડીમાંથી વધારે તિખાશ ક્યાંથી આવે ? એ ચોસઠ પહોરી અંતરમાંથી આવી છે. સમજાય છે કાંઈ ? સમજાય છે ? સમજ મેં આતા હૈ ?

એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો એ પિંડ છે. જ્ઞાન અને અતીન્દ્રિય રસનો એ પિંડ છે. એમાં સર્વજ્ઞ શક્તિ પડી છે. તો સર્વજ્ઞ શક્તિને ધરનાર દ્રવ્ય–દેવ–ચૈતન્ય દેવ પોતાનું સ્વરૂપ, એમાં સર્વજ્ઞ દૈવી શક્તિ, એ શક્તિને ધરનાર દ્રવ્ય છે, એનું અવલંબન કરવાથી પર્યાયમાં–અવસ્થામાં હું સર્વજ્ઞ થવા લાયક છું અને હું એ પદમાં સ્થિત થઈને સર્વજ્ઞપદ પ્રાપ્ત કરીશ એવી પ્રથમ સમ્યગ્દર્શનમાં સર્વજ્ઞ સ્વભાવના અવલંબને પ્રતીત થાય છે. ભારે ઝીણી વાત, ભાઈ ! 'પાટણીજી' ! આહા..હા...! એ બહારના કોઈ અવલંબને પ્રગટ થાય, એમ છે નહિ. એને પહેલાં આવી પ્રતીત આવે છે કે મારું સર્વજ્ઞપદ, કેવળજ્ઞાનનું પદ, અરિહંતપદ ક્યાંથી આવશે ? મારા અંતર સ્વભાવમાં હું એકાગ્ર થઈને, અધ્યાત્મ સ્વભાવમાં લીન થઈને હું કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીશ એમ પહેલાં સમ્યગ્દર્શન, સ્વભાવના સન્મુખના આશ્રયે પહેલાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે અને એ સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન થતું નથી અને ચારિત્ર-ફારિત્ર એકડા વિનાના મીંડા છે.

સમ્યગ્દર્શન વિના, એકડા વિનાનું શૂન્ય અંકમાં ગણવામાં આવતી નથી. કોરે કાગળે. કોરે કાગળે સમજો છો ? કોરો કાગળ હોય ને કોરો ? કરોડ મીંડા કરોડ. એક વિના ગણાય નહિ. એક અંક આવે પાછળ એક શૂન્ય લખે તો નવને વધારે છે. એક શૂન્ય, પણ એક અંક હોય તો. એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ, નિર્મળાનંદ, અખંડાનંદ પ્રભુ, હું પુણ્ય-પાપના વિકલ્પથી, નિમિત્તથી, કર્મથી, મનથી, વાણીથી અતીત છું, ભિન્ન છું. મારી ચીજમાં એ મન, વાણી, રાગ-દ્વેષ છે જ નહિ. એ પુણ્ય-ભાવ, દયા-દાન, વ્રત આદિ પૂજાનો વિકલ્પ છે એ મારી વસ્તુમાં છે જ નહિ. મારી ચીજમાં છે તો સર્વજ્ઞપદ છે. એમ અંતર્મુખ દૃષ્ટિ કરવાથી પર્યાયમાં પ્રતીત થઈ કે હું અલ્પકાળમાં કેવળજ્ઞાન લઈને મોક્ષની પ્રાપ્તિ થશે. મારા સ્વભાવનું અંતર્મુખ સાધન કરવાથી, બહારના સાધન કરવાથી નહિ. બીજી વાત.

**'સમસ્ત વિશ્વના...'** જુઓ ! ૧૦મી. **'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે...'** સમસ્ત વિશ્વના વિશેષ ભાવને **'જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.'** શું કહે છે ? જુઓ ! સર્વ જગતના ત્રણકાળ ત્રણલોક, દ્રવ્ય નામ શક્તિવાન પદાર્થ, ગુણ નામ શક્તિ અને પર્યાય નામ એની અવસ્થા–હાલત. દ્રવ્ય-ગુણ અને પર્યાય–વસ્તુ, શક્તિ અને હાલત. ત્રણકાળ ત્રણલોકમાં જેટલા પદાર્થ છે એમાં એ દ્રવ્ય-ગુણ-પર્યાય જેટલા છે એ બધાને એક જ્ઞાન સર્વજ્ઞની પર્યાયમાં એક સમયમાં પૂર્ણ ભગવાન જાણે છે. પૂર્ણ જાણ્યા બધાને, તો જેવું સર્વજ્ઞે જાણ્યું એવું દરેક પદાર્થમાં થવાનું છે, નવું તો થતું નથી. શેઠી !

આજે ગડબડ કરે છે કે સર્વજ્ઞે બધું નથી જોયું, સામાન્ય જોયું છે. વિશેષ–આ સમયમાં આ પદાર્થની આ પર્યાય થશે એમ ભેદ કરીને સર્વજ્ઞ નથી જાણતા, એવું કેટલાક લોકો કહે છે. એમ નથી. ખબર નથી. સર્વજ્ઞને સિદ્ધ કરવા જાય કે એક સમયમાં સર્વજ્ઞ છે એ ત્રણકાળ ત્રણલોકને હસ્તામલમાં જેમ આમળો દેખાય છે એમ દેખે છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જોવે. સમસ્ત વિશ્વ, સમસ્ત પદાર્થનો સમૂહ, સમસ્ત પદાર્થનો સમુહ, અનંત સમુહ, લોક અને અલોક અનંત આત્માઓથી અનંતગુણા પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ છ દ્રવ્ય જોયા છે, છ દ્રવ્ય. એનો વિસ્તાર કરો તો નવ તત્ત્વ એમાં થાય છે. એવું ભગવાનને (જ્ઞાન પ્રગટ થયું છે). તેમાં છે, થશે–બધી વાત સર્વજ્ઞ એક સમયની પર્યાયમાં પ્રત્યક્ષ વિશેષ પ્રકારે જાણે છે. દસમી (શક્તિ) છે.

એમાં તકરાર કરે છે કે સર્વજ્ઞ ભગવાન જે રીતે દેખે એમ થાય તો તો સમય સમયમાં જેવી પર્યાય થવાની હોય તે થાય, ભગવાને જોઈ એવી હશે, તો અમારો એમાં પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો ? બહુ અધ્યાત્મની જરી સૂક્ષ્મ વાત છે આ. ૪૭ શક્તિ તો ઘણી સૂક્ષ્મ છે. આખા ચૌદ પૂર્વ અને બાર અંગનો સાર છે. સમજાણું કાંઈ ? શું કહે છે ?

**'સમસ્ત વિશ્વના વિશેષ...'** વિશેષ નામ બધા પદાર્થોને ભિન્ન ભિન્ન કરીને–પર્યાયને, ગુણને, દ્રવ્યને, બધાને ચૈતન્ય, જડને, લોક-અલોકને અને લોક-અલોકના એક એક પ્રદેશને ભિન્ન ભિન્ન કરીને સર્વજ્ઞ પરમાત્મા પોતાના જ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક વિશેષે જાણે છે. તો જેવું જાણે છે એવું ત્યાં થાય છે. 'શોભાલાલભાઈ'! જેવું જાણે છે એવું થાય છે. 'જે જે દેખી વીતરાગને.' 'જે જે દેખી વીતરાગને સો સો હોશી વીરા રે, અનહોની કબહુ ન હોસી કાહે હોત અધિરા રે.'

સર્વજ્ઞ પરમાત્મા કે જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સર્વ વિશેષ જણાયું. તો થઈ ગયું. દરેક પદાર્થની જે સમયે જે પર્યાય થવાની થશે, બીજા સમયે જે થવાની થશે, ત્રીજા સમયે જે થવાની હશે તે થશે. એ તો ક્રમબદ્ધ થયું. જે દ્રવ્યમાં, જે સમયે, જે પર્યાય થવાની હશે તે થશે, ભગવાને એમ જોયું છે. તો થવાની હશે થશે તો અમારે એમાં પુરુષાર્થ કરવાનો અવકાશ ક્યાં રહ્યો ? એવો પ્રશ્ન લોકો ઊઠાવે છે. અરે...! સાંભળ તો ખરો, ભાઈ !

સર્વજ્ઞ પરમાત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણલોક, ત્રણકાળ વિશેષપણે દરેકને પૃથક પૃથક જાણે છે. એવી સર્વજ્ઞ પર્યાયનો સ્વીકાર થયો, પોતાની પર્યાયમાં–પોતાની અવસ્થામાં સર્વજ્ઞ જગતમાં છે એમ પર્યાયમાં સ્વીકાર થયો, સત્કાર થયો, આદર થયો એટલે કે સર્વજ્ઞની સ્તુતિ પોતામાં થઈ. કઈ રીતે થઈ ?–કે નિજ જ્ઞાયક સ્વભાવ સન્મુખ જોવાથી ક્રમબદ્ધ થાય છે. હું તો પરનો કર્તા નથી અને મારામાં દયા, દાન, પુણ્યનો રાગ આવે છે એ પણ મારું કર્તવ્ય નથી, હું કરનારો નથી. હું તો સર્વજ્ઞપર્યાયનો સ્વીકાર કરનાર અર્થાત્ સર્વજ્ઞની પર્યાયની સ્તુતિ કરનાર અર્થાત્ સર્વજ્ઞ સ્વભાવ મારામાં છે એનો આદર કરનાર હું છું, એવી જ્યારે પ્રતીતિ થઈ એમાં સ્વભાવસન્મુખનો અનંત પુરુષાર્થ થયો. સમજાણું કાંઈ ? ભારે ઝીણી વાત, ભાઈ ! આહા..હા...! ક્યાં અરે..! દેખે પણ પ્રભુ ?

એ સર્વજ્ઞ પરમાત્મા જિનપતિ–જિનદેવ જગમતાં છે અને એની દિવ્યશક્તિની વ્યકતતા પ્રગટતા પૂર્ણ થઈ ગઈ. જેની વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં આદર થયો (કે) અહો..! એ છે. તો એનો આદર ક્યારે થશે ?–કે પોતાનો પુરુષાર્થ અંતર્મુખ થઈ સર્વજ્ઞશક્તિની પ્રતીતિ કરશે ત્યારે સર્વજ્ઞનો આદર–જિનપતિનો (આદર) થયો એમ કહેવામાં આવે છે. ભારે ઝીણી વાત !

આ બહારના ભગવાનનો નહિ. શેઠી ! બહારના ભગવાન સર્વજ્ઞ હોય ને સમવસરણમાં ? સાક્ષાત્ સમવસરણમાં પરમાત્મા બિરાજમાન છે. વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા સાક્ષાત્ કેવળજ્ઞાનપણે બિરાજમાન છે. મહાવિદેહ ક્ષેત્ર પૃથ્વી ઉપર (છે). વર્તમાન પાંચસો ધનુષ ઊંચા, કરોડ પૂર્વનું જેનું આયુષ્ય છે એવા વીસ તીર્થંકર ભગવાન સાક્ષાત્ ભરતક્ષેત્ર આગળ મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન બિરાજમાન છે. કહે છે કે એના સવસરણમાં એના દર્શન

કરવાથી શુભભાવ થાય છે, ધર્મ નહિ. અરે..! ગજબ ! સમજાણું કાંઈ ?

ધર્મ ક્યારે થાય ?–કે એ સર્વજ્ઞ છે એવું પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં, પોતાની અલ્પજ્ઞ પર્યાય છે ને વર્તમાનમાં ? તો આ સર્વજ્ઞ છે એવી સત્તાનો સ્વીકાર, એવી સત્તાનો હકાર, એવી સત્તાનું સન્માન કરનારની દૃષ્ટિ પોતાના જ્ઞાનસ્વભાવ ઉપર ઝુકે છે ત્યારે તે સર્વજ્ઞ છે એને એવા સત્કારની શ્રદ્ધા થઈ. 'શોભાલાલજી' ! એ તો ૨૨ દિવસ રહી ગયા ને, પરિચયમાં છે. એ કહેતા હતા કે મોટાભાઈને લાવીશ. સમજાણું કાંઈ ? અરે...! ભગવાન ! તારી મહિમા કેવી છે એની તને ખબર નથી. બહારમાં ભટકે છે. દેહની ક્રિયા, જડની ક્રિયા, વાણીની ક્રિયા, અંદર શુભાશુભ પરિણામ હો તો એ મારી ક્રિયા, અરે...! સાંભળ તો ખરો. એ તો વિકારક્રિયા છે. સમજાણું કાંઈ ? તારી ક્રિયા સર્વજ્ઞપદમાં અંતર... ઓ..હો...! હું અલ્પજ્ઞ વર્તમાન છું પણ અલ્પજ્ઞ રહી શકતો નથી. હું તો સર્વજ્ઞ થઈ શકું છું. હું સર્વજ્ઞ થઈ શકું છું. કેમકે સર્વજ્ઞ પરમાત્મા બિરાજમાન છે એ આત્મા છે, તો એ આત્મામાંથી સર્વજ્ઞપદની પર્યાય પ્રગટ થઈ છે, એને કોઈ પુણ્ય-પાપની ક્રિયા કે વ્યવહારની ક્રિયા કે નિમિત્તથી થયું નથી. એવા ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા.. આ તો લોજિકથી-ન્યાયથી વાત ચાલે છે કે આ આવા છે તો એમ થશે.

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એની દૃષ્ટિમાં, જ્ઞાનમાં ક્યારે આવે ? એ કહ્યું છે ને ભાઈ પહેલાં, **वंदित्तु सव्वसिद्धे** 'સમયસાર' શરૂ કર્યું ને ! 'સમયસાર' શરૂ કર્યું. 'કુંદકુંદાચાર્ય'. '**वंदित्तु सव्वसिद्धे**' એ રીતે પહેલું પદ ઉપાડ્યું. 'સમયસાર' ૪૧૫ ગાથામાં પહેલી ગાથા. એનો અર્થ શું ? ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે '**वंदित्तु सव्वसिद्धे**' એની દૃષ્ટિ ક્યાં છે ? જે સર્વ સિદ્ધને વંદે છે એની (દૃષ્ટિ ક્યાં છે ?) હું સર્વ સિદ્ધનો આદર કરું છું અર્થાત્ હું સંયોગનો આદર નથી કરતો, દયા, દાન, પુણ્ય, પાપના ભાવનો સત્કાર નથી કરતો, હું તો અનંત સિદ્ધોનો સત્કાર કરું છું. 'કુંદકુંદાચાર્ય' કહે છે કે અરે...! ભવ્ય પ્રાણીઓ ! મેં મારા આત્મામાં સિદ્ધપદને સ્થાપ્યું છે. તમારા-શ્રોતાના હૃદયમાં પણ અમે સિદ્ધપદને સ્થપવા માગીએ છીએ. તું સિદ્ધ છો એમ પહેલાં હા પાડ. આહા..હા...! 'નવનીતભાઈ' ! '**वंदित्तु सव्वसिद्धे**' ટીકા એવી લીધી 'અમૃતચંદ્રાચાર્યે'.

પોતાના આત્મામાં અનંત સિદ્ધ, અનંત સિદ્ધ, અત્યાર સુધી જે અનંત સિદ્ધ થયા, કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને અશરીરી પરમાત્મા થયા, એ બધાનો આદર કરું છું, પ્રભુ ! મારી દશામાં આપ અનંત સિદ્ધો આવી જાવ, અમે સત્કાર કરીએ છીએ. પધારો ! કઈ રીતે પધારવું થાય છે ? એ તો આવતા નથી, પણ પોતાની પર્યાયમાં અનંત સિદ્ધોનો આદર કરવાથી પોતાનો દ્રવ્યસ્વભાવ સર્વજ્ઞપદ જે અંદર છે એનો આદર થાય છે. એના આદરમાં નિમિત્તનો આદર છૂટી જાય છે, રાગનો આદર છૂટી જાય છે, અલ્પજ્ઞની વર્તમાન પર્યાયનો આદર છૂટી જાય છે ત્યારે અનંતા સિદ્ધોને આત્મામાં સ્થાપી શકે છે. સમજાણું કાંઈ ?

શ્રોતાને કહે છે કે તમારા હૃદયમાં અમે સિદ્ધપદને સ્થાપીને પછી 'સમયસાર' તમને સંભળાવીશું. સમજાણું કાંઈ ? માણસ જાય છે કે નહિ ? બીજે ગામ જવું હોય તો વાર-કવાર હોય તો પસ્તાનું મૂકે છે. શું કહે છે તમારે હિન્દીમાં ? પસ્તાનું કહે છે કે નહિ. આજ તો મંગળવાર છે, ઠીક નથી, કાલે બુધવારે જાવું છે તો પસ્તાનું મૂકો ઓલા પણે. પછી જતી વખતે લઈ જઈશું. એમ પરમાત્મા–સિદ્ધ પરમાત્મા, 'કુંદકુંદાચાર્ય' કહે છે, અમે સર્વજ્ઞપદનું તારી જ્ઞાનદશામાં પસ્તાનું મૂકીએ છીએ. અત્યારે સર્વજ્ઞપદ પ્રાપ્તિનો કાળ નથી, પણ જ્યારે કાળ આવશે ત્યારે એમાંથી ઊઠાવીને સર્વજ્ઞ થઈ જશે. પસ્તાનું રાખે છે કે નહિ ? વાર-કવાર હોય કે ભાઈ કાલે કવાર છે, આજે નહિ. એટલે મૂકો બહાર. પછી જતી વખતે લઈ જશે. કાલે બે દિવસ પછી લઈ જશું.

એમ સર્વજ્ઞ પરમાત્મા, વર્તમાનમાં 'કુંદકુંદાચાર્ય' મહારાજ કહે છે, જુઓ ! આ શક્તિની એમાં પ્રતિષ્ઠા કરે છે. તારી પર્યાયમાં–હાલતમાં સર્વજ્ઞપદનું પસ્તાનું મૂકે છે. ત્યાં મૂકે છે. જ્યારે તારી દૃષ્ટિ અનંત સિદ્ધનો આદર કરનારી થઈ તો અંતર સર્વજ્ઞસ્વભાવનો પર્યાયમાં આદર થયો તો પર્યાયમાં અનંત સિદ્ધને તેં સ્થાપ્યા. રાગ નહિ, પુણ્ય નહિ, વ્યવહાર વિકલ્પ જેટલા ઊઠે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન હો, પણ આદર નથી. શેઠી ! છે, જાણવા લાયક ચીજ રહી જાય છે. જાણવા લાયક, આદરવા લાયક નહિ. આદરવા લાયક તો પોતાનો ભગવાન છે.

'કુંદકુંદાચાર્યે' પહેલી ગાથામાં શરૂ કર્યું. અમારા હૃદયમાં, જ્ઞાનમાં અનંત સિદ્ધોને અમે સ્થાપ્યા છે. મારું જ્ઞાન અલ્પજ્ઞ પર્યાય છે, પણ અનંત સર્વજ્ઞને હું અંતર સત્કાર કરું છું. કઈ રીતે સત્કારું છું ?–કે મારા સ્વભાવ ઉપર મારી દૃષ્ટિ પડી છે ને, તો સ્વભાવમાં સર્વજ્ઞપદ પડ્યું છે એનો મારી પર્યાયમાં આદર થયો તો અનંતા સિદ્ધોનો આદર થઈ ગયો. ઝીણી વાત તો છે, ભાઈ ! અધ્યાત્મ વાત એવી સૂક્ષ્મ છે કે એણે કદિ અનંત કાળમાં વાત સાંભળી નથી–સાંભળી નથી. બહારમાં ક્રિયાકાંડની પ્રવૃત્તિ અને એમાં ધર્મ... ધર્મ... ધર્મ... ધર્મ... સંવર અને નિર્જરા કરીને અવતાર ખોઈ બેઠો. સમજાણું કાંઈ ?

કહે છે કે ભગવાન ! આ સર્વજ્ઞ પદ, જાણ્યું (કે) જગતમાં આમ થશે. એમાં આવ્યું ને એ તો ? હે નાથ ! આપની આજ્ઞામાં ત્રણ ભુવન છે–ત્રણ લોક છે. આપના જ્ઞાનને વશ છે. જ્ઞાનને વશ છે એનો અર્થ સમજ્યા ?–કે જ્ઞાનમાં બધું જણાઈ ગયું છે. જ્ઞાનમાં બધું જણાયું છે એ પ્રમાણે થશે. ચક્રવર્તીની આજ્ઞા ફરે પણ આપની આજ્ઞા જગતમાં છ દ્રવ્ય ઉપરથી નહિ ફરે. આપે જેવું દેખ્યું એવું ત્યાં હશે. પણ એની પ્રતીત કરનારની પુરુષાર્થગતિ ક્યાં હોય છે ?–કે ભગવાને જોયું એમ થાય છે તો જ્ઞાન, સર્વજ્ઞ પરમાત્મા છે તો એમ જ થાય છે, તો હું પણ સર્વજ્ઞ થવાને લાયક–મારી શક્તિમાં સર્વજ્ઞપદ પડ્યું છે. એમ અંતર્મુખ થઈને પ્રતીત કરે છે તો અનંત પુરુષાર્થ સ્વભાવ સન્મુખ થઈ જાય છે. અનંત પુરુષાર્થ સ્વભાવ સન્મુખ થાય છે અને વિકાર અને નિમિત્તથી વિમુખ થાય છે,

ત્યારે એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ ? આ તો આજે બધું હિન્દી આવ્યું. આ શેઠ આવ્યા. વળી થોડું ન સમજે તો. સમજાય છે આમાં કાંઈ ?

અરે..! ભગવાન કેવળજ્ઞાની પ્રભુ, બધાને જાણે ! કે આ ભવમાં આ મહાવીર ભગવાન (થશે). પહેલાં અનંત કેવળી થયા તો કેવળીના ખ્યાલમાં આવ્યું હતું કે મહાવીર ભગવાનનો જીવ આ સમયે કેવળ પામીને મોક્ષ જશે. ખ્યાલ છે કે નહિ ? ભગવાનના જ્ઞાનમાં છે કે નહિ ? ભગવાનનો પૂર્વ ભવ, દસમો ભવ સિંહનો હતો, સિંહનો. સિંહ હરણને મારતો હતો. દસમા ભવે તો તીર્થંકર થવાના છે. પણ દસ ભવ પહેલાં ? ત્યાં બે મુનિ ઉપરથી ઉતર્યા. દિગંબર મુનિ નગ્ન ઉપરથી આવ્યા. આ સામે છે ને ત્યાં ? આ સામે રહ્યા. સામે છે સામે, જુઓ ! બે મુનિ ઊભા એ જ ને ? હા એ જ. જુઓ ! સિંહ સામે છે. આ બારણાની સામે. સિંહ હરણને આમ થાપ મારીને ખાતા હતા. ત્યાં બે મુનિ ઉપરથી ઉતર્યા. અરે..! અમે સાંભળ્યું છે કે તમે દસમે ભવે તીર્થંકર થશો. આ શું ? સિંહને પણ એમ થયું કે ઉપરથી મુનિ આવ્યા ! મારી પાસે આવતા બધા મનુષ્યો ડરે છે અને આ ઉપરથી નજીક આવ્યા. ઉપરથી નજીક આવ્યા.

**શ્રોતા** :– ઉપર જવાના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ નીચે આવ્યા. નીચેવાળા ડરીને ભાગી જાય છે, આ તો ઉપરથી નીચે આવ્યા ! શું છે ? સિંહને વિસ્મયતા થઈ.

અરે..! આત્મા ! મેં સર્વજ્ઞ પરમાત્મા પાસે સાંભળ્યું છે કે આપ તો દસમે ભવે તીર્થંકર થશો. આ ચીજ આપને શોભે નહિ. આહા..હા...! આંખમાં આંસુની ધારા. આંસુની ધારા ચાલે છે. સમાધિમરણ કર્યું. માંસ-બાસ છોડી દીધું અને સમાધિમરણ કર્યું. તો સર્વજ્ઞે પહેલાં જોયું છે કે નહિ ? કે એ ભવે એ સિંહમાં સમ્યક્ પામશે, પછી અમુક ભવે મોક્ષ થશે. તો સર્વજ્ઞે દેખ્યું એમ જ થશે, પણ સર્વજ્ઞની પ્રતીતિ કરનાર પરનો કર્તા મટીને, રાગનો કર્તા મટીને પોતાના સ્વભાવની દૃષ્ટિ કરે છે ત્યારે તેને સર્વજ્ઞની શ્રદ્ધા થાય છે. ત્યારે ભગવાને જોયું એમ માન્યું. એકલું માને તો સ્વચ્છંદી છે. થવાનું હશે તે થશે, અમારે શું. એમ નહિ. સમજાણું કાંઈ ?

અત્યારે પંડિત લોકોમાં બધી ગડબડ ચાલે છે ને 'સોનગઢ'ની સામે ! અહીંયાં 'સોનગઢ' કહે છે કે ક્રમબદ્ધ થશે. સમય સમયમાં જે દ્રવ્યની પર્યાય થશે... થશે.. થશે.. ક્રમસર. એક પછી બીજી પછી ત્રીજી, એમ. આજે રવિવાર થયો, રવિ પછી સોમ, સોમ પછી મંગળ, મંગળ પછી બુધ, ગુરુ, શુક્ર આવશે. રવિવાર પછી ગુરુવાર આવે એમ કદિ બનતું નથી. એમ અનંત દ્રવ્યની પર્યાય જે સમયે જે થવાની છે તે થશે. બીજે સમયે બીજી, ત્રીજા સમયે ત્રીજી. સમજાણું કાંઈ ? સમજાય છે કાંઈ આમાં ?

શનિ, રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ. ક્રમવાર આવે. આગળ-પાછળ વાર આવે

છે ? આગળ-પાછળ વાર આવતા નથી. એમ નક્ષત્ર. એક પછી એક નક્ષત્ર આવે છે. એક પછી એક. અશ્વની, ભરણી, કૃતિકા, રોહિણી.. વગેરે.. વગેરે. એમ ભગવાન આત્મા અને બધા દ્રવ્ય પદાર્થ, જે સમયમાં જે એનો સ્વકાળ–કાર્યકાળ છે, જે સમયનો કાર્યકાળ છે તે સમયે તે પર્યાય થશે. પણ એવી પ્રતીતિ કરનાર, એની દૃષ્ટિ પર ઉપરથી ખસીને, રાગ-વ્યવહારથી ખસીને, અલ્પજ્ઞ પર્યાય ઉપરથી દૃષ્ટિ ખસી સર્વજ્ઞ સ્વભાવ ઉપર દૃષ્ટિ થાય છે ત્યારે ભગવાને દેખ્યું એમ થશે એની સાચી પ્રતીતિ થઈ. ઝીણી વાત છે જરી. 'હીરાલાલજી' ! સમજાણું કાંઈ ? ભારે ગડબડ છે આ તો. કોઈ દિ' સાંભળ્યું નથી. આ શું ?

શું કહે છે, દેખો ! **'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...'** જગતમાં સમસ્ત પદાર્થનો સમૂહ પડ્યો છે લોકાલોક, એનો વિશેષ ભાવ, પૃથક્ક-પૃથક્ક પર્યાય, ગુણ અને દ્રવ્ય **'જાણવારૂપે પરિણમતા...'** ભગવાન આત્માનું જ્ઞાન સર્વજ્ઞશક્તિને કારણે જાણવારૂપ થયું, પરિણમન થયું એવું આત્મજ્ઞાનમય-આત્મજ્ઞાનમય.. કેટલાક કહે છે કે સર્વજ્ઞે લોકાલોક જોયા એ તો વ્યવહાર છે, માટે ખરેખર લોકાલોક જોતા નથી. માટે ખરેખર સર્વજ્ઞ નથી. ખોટી વાત છે. અહીં કહે છે કે લોકાલોકનું જ્ઞાન, લોકાલોકના સમૂહનું પોતાની જ્ઞાનપર્યાયમાં સર્વજ્ઞ સ્વભાવની અંતરદૃષ્ટિ કરતાં જ્યારે એકાકાર પર્યાય–પરિણતિ થઈ એ આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ (પરિણમી). એ સર્વજ્ઞ પરને જાણે માટે એમ નહિ. પરને જાણવું અને સ્વને જાણવું એ પોતાની એક સમયની પર્યાયના સામર્થ્યમાં પોતામાં થયું છે. પરને જાણવું એમ કહેવું એ તો વ્યવહાર છે. બહુ ઝીણી વાત.

આત્મજ્ઞાનમય. કેટલાક કહે છે કે સર્વજ્ઞને ? તો પરને જાણે. માટે ખરેખર સર્વજ્ઞપણું હોઈ શકે નહિ. બીજાને જાણે ન હોઈ શકે. અહીં તો કહે છે કે સ્વ અને પર સર્વની પોતાની જ્ઞાનપર્યાયમાં, પોતાના સામર્થ્યમાં આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિમાં સ્વ અને પર પૂર્ણ પોતામાં જણાય જાય છે. ઝીણી વાત છે જરી. ઝીણી વાત. સમજાય છે કાંઈ ?

**'આત્મજ્ઞાનમયી સર્વજ્ઞ શક્તિ.'** કહી છે. આત્મજ્ઞાન, પોતાની પર્યાયમાં અંતર સ્વભાવ સન્મુખ–અંતર્મુખ થયો તો વિકાર અને નિમિત્તનો અનાદર અને નિષેધ થયો, આદર અટકી ગયો. અંતરમાં એકાકાર થઈને પોતાની આત્મજ્ઞાનમયી પર્યાયમાં સર્વજ્ઞપણું પરિણમી ગયું છે, એ લોકાલોકને કારણે નહિ. શેઠી ! ભારે ! આત્મજ્ઞાનમયી. ઓલા પંડિત લોકો તકરાર કરે છે ને ? ભગવાને દેખ્યું એમ નહિ. ભગવાને તો પરને જાણ્યું એ તો વ્યવહાર છે. માટે સર્વજ્ઞપણું તો ઉપચારથી છે. અરે...! સાંભળ તો ખરો !

આત્મજ્ઞાનમયી સર્વજ્ઞ શક્તિ. પોતાની પર્યાયમાં.. પછી અરિસાનું લેશે તરત જ. પછી અરિસાનું સ્વચ્છત્વ લેશે. પોતાના આત્મામાં... આહા..હા...! એણે કોઈ દિ' એનું નિધાન અંદરમાં શોધવું–અવલોકવું (કર્યું નથી)–અવલોકન કોઈ દિ' કર્યું નથી. અનાદિકાળથી પુણ્ય-પાપ,

શુભાશુભભાવ સંયોગનું અવલોકન કર્યું, પરપ્રકાશક રહ્યો, સ્વપ્રકાશનો નાશ કર્યો, મિથ્યાદૃષ્ટિ થઈને ચોરાશીમાં રખડ્યો. સમજાણું કાંઈ ? કહે છે કે એક વાર તારા અંતરમાં ચૈતન્યનિધાનમાં સર્વજ્ઞસ્વભાવ પડ્યો છે, એ સર્વજ્ઞ સ્વભાવની પ્રતીત તું સ્વભાવ સન્મુખ થઈને કર તો તને ખ્યાલ આવશે કે સર્વજ્ઞપદ જ્યારે પરિણમશે ત્યારે એક સમયમાં સર્વ લોકાલોકનું જ્ઞાન મારી પર્યાયમાં મારા કારણે થઈ જાય છે, પરને કારણે નહિ, પરમાં નહિ. પોતાનું સર્વજ્ઞપદ પોતાની પર્યાયમાં પરિણમી જાય છે. ભારે ઝીણું ! 'પાટણીજી' ! કહે છે ને આ લોકો બધા તકરાર કરે છે.

આ તો આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ કહી છે. સર્વજ્ઞશક્તિ. જેમ ચોસઠ પહોરી પીપર પર્યાયમાં થઈ ગઈ, પોતાને કારણે પોતાની પર્યાયમાં થઈ છે, ચોસઠ પહોરી કાંઈ પથ્થરમાંથી નથી થઈ. શક્તિમાં જે હતી એ પોતાની પર્યાયમાં પ્રગટી. એ પર્યાયની ચોસઠ પહોરીની તાકાત છે. તો એ લીંડીપીપરની પર્યાયનું એ સ્વરૂપ છે. એમ એવો પોતાનો સર્વજ્ઞસ્વભાવ શક્તિરૂપ, ગુણરૂપ અંતરમા પડ્યો છે એની પ્રતીત અને અનુભવ કરે છે. જ્યારે સર્વજ્ઞપદ પર્યાય પ્રગટી, પોતાની પર્યાયમાં સર્વજ્ઞ–આત્મજ્ઞાનમયી સર્વજ્ઞ થયા છે, પરજ્ઞાનમયી નહિ. ભારે વાત. સમજાય છે કાંઈ ?

જુઓ ! શું શબ્દ પડ્યો છે ? આ તો અમૃત છે, અમૃત ! ૪૭ દૈવી શક્તિનું વર્ણન. એવી અનંત શક્તિઓ તો એક જિંદગીમાં કહી શકાતી નથી. કેમકે એક સેકન્ડમાં એક કહે તો અનંત સેકન્ડ જોઈએ, તો અનંત સેકન્ડમાં તો અનંત વર્ષ જાય. ૪૭ શક્તિનું વર્ણન કરીને ભગવાન નિધાન સચ્ચિદાનંદ પ્રભુ, પરમ બ્રહ્મ આત્મા ભગવાન, એમાં સર્વજ્ઞપદ પડ્યું છે. તારા નિજપદમાં સર્વજ્ઞપદ પડ્યું છે. પરની દૃષ્ટિ છોડી દે. હું પરને કરનાર અને પરમાં ફેરફાર કરનાર, આગળ-પાછળ કરનાર. કોનું કરે તું ? એની પર્યાય એને કાળે થશે, એમાં તારું શું કાર્ય છે ? મારામાં રાગ પણ આગળ-પાછળ કરી દઉં, તું શું કરી શકે ? પર્યાયમાં રાગ આવવાનો છે તે આવે છે. તું જ્ઞાયક થઈને સ્વભાવ ઉપર દૃષ્ટિ દઈને જાણ કે રાગ થયો. જાણનાર છું. જાણનાર તું છો. બીજી કોઈ ચીજ તું નથી. શેઠી ! ભારે ઝીણું, ભાઈ ! એકને બેસાડવા જાય તો બીજી ઊઠી, બીજું બેસાડવા ગયા તો ત્રીજી ઊઠી, 'નવનીતભાઈ' ! માખણ છે આ. આહા..હા...!

અરે..! ભગવાન ! લ્યો ! એકનું નામ 'ભગવાનદાસ' છે. જુઓ ! અહીં ભગવાનનો આદેશ કરે છે, હોં ! ગુરુ એમ જ કહે છે, શિષ્યને એમ જ કહે છે. હે ભગવાન ! એમ કહે છે. પ્રભુ ! તું તો પ્રભુ છો ને ! છોકરાને બાપ ન કહે ? એલા..! ડાહ્યા ! એમ કહે કે નહિ ? ભાઈ ! તું તો ડાહ્યો છો ને, ભાઈ ! ડાહ્યો કહે છે ને ? શાણા-શાણા. તમારી ભાષામાં શાણા કહે છે. અમારી ભાષામાં ડાહ્યો કહે છે. ડહાપણ ડાળ. ડાહ્યા ! તું તો ડાહ્યો છો ને ભાઈ ! તને કાંઈ આ કલેશ-તોફાન પાલવે ? પાલવેને હિન્દીમાં શું કહે છે ? શોભે છે ? તને કલેશ શોભે ? બાળક ! તું તો શાણો છો ને.

એમ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અને સંતો આત્માને પ્રભુ કરીને બોલાવે છે. પ્રભુત્વ

શક્તિ આવી ગઈ છે પહેલી. પ્રભુત્વશક્તિ પહેલી આવી ગઈ છે–આઠમી. આઠમી હતી ને ? સાતમી-સાતમી. પહેલી સાતમી શક્તિ આવી ગઈ છે. પછી આઠમી વિભુત્વ, નવમી સર્વદર્શી અને આ દસમી. હે ભગવાન ! 'સમયસાર'માં ઘણે ઠેકાણે આવે છે. ભગવાન આત્મા. એ પામર નહિ. એ પુણ્ય-પાપના વિકલ્પમાં અટક્યો એ આત્મા નહિ. સમજાણું કાંઈ ? એ તો આસ્રવતત્ત્વ, આસ્રવતત્ત્વ છે. આસ્રવમાં રોકાય એ આત્મા નહિ. આસ્રવથી ભિન્ન પડીને પોતાની દૃષ્ટિ પોતાના અનુભવમાં કરે તેને આત્મા કહે છે. સમજાય છે કાંઈ ? અરે..! એને એના સમયનું ભાન, સમય એટલે આત્મા, એનું એક સમય પણ ભાન અનંત કાળમાં કર્યું નહિ અને બહારથી ધર્મને ગોતવા-શોધવા માંડ્યો. બહારથી મળશે. ધૂળમાં પણ બહાર નથી. તારો ચૈતન્યપિંડ અંદર પડ્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા...! અહીંથી મળશે... અહીંથી મળશે... અહીંથી મળશે... આવે છે ને ભાઈ ઓલામાં. નહિ ? 'બનારસીદાસ' 'કોઈ .. ચડકર જાત્રા કરકે ભગવાન ત્યાં સે આતે હૈ.' તારા ભગવાન ત્યાં નથી. શેઠી ! તારો ભગવાન તો અંદર બિરાજમાન છે. તારી મહિમાની તને ખબર નથી. મૃગની નાભિમાં કસ્તુરી છે. કસ્તુરી મૃગની નાભિમાં છે. એ ગંધ બહારથી નથી આવતી. વનમાં શોધે છે.

એમ ભગવાન આત્મા પોતાના સ્વભાવની સુગંધ પોતાની શક્તિમાં રાખે છે. પોતાના ગુણધામમાં રાખે છે. ચૈતન્ય ભગવાન ધામ એમાં અસંખ્ય પ્રદેશમાં અનંત ચૈતન્ય.. એ તો કહ્યું હતું ને એક ફેરી ? નહિ ? 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ.' હે સર્વજ્ઞ પરમાત્મા, સંતો એમ કહે છે. 'જ્યાં ચૈતન્ય ત્યાં સર્વ ગુણ.' સર્વ ગુણ એટલે આ શક્તિઓ તારામાં બધી પડી છે. 'કેવળી બોલે એમ. પ્રગટ અનુભવ આપનો, એ નિર્મળ કરો સપ્રેમ રે ચૈતન્યપ્રભુ તારી ઋદ્ધિ રે તારા ધામમાં.' 'હે ચેતનપ્રભુ તારી સંપદા રે તારા ધામમાં.' બીજે ક્યાંય મળે એવું નથી. તારી પાસે પડી છે પણ તારી તને ખબર નથી. કેમકે પડખું ફેરવ્યું નહિ. પડખું સમજ્યા ને ? શું કહે છે ? કરવટ. આમ પડખું ફેરવીને જોવે છે પર્યાયને, રાગને, નિમિત્ત ને પરને, પણ પડખું ફેરવીને અંતરમાં મારા નિધાનમાં શક્તિ પડી છે એમ પડખું ફેરવીને જોતો નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...!

આ વ્યવહારના-નિમિત્તના ઝઘડા. 'નવનીતભાઈ'! હજી કાલે જ આવ્યું છે. નિશ્ચય જેટલો વ્યવહાર છે. ઉપાદાન જેટલું નિમિત્ત છે. અરે..! પ્રભુ ! સાંભળ તો ખરો. નિમિત્ત તો એક બારદાન તરીકે બહારની ચીજ છે. આહા..હા...! પોતાના ઉપાદાન શક્તિની પર્યાય પોતાની સન્મુખ થઈને પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન (પ્રગટ થાય છે) એ રાગ ને નિમિત્તની અપેક્ષા વિના નિરપેક્ષપણે પ્રગટ થાય છે. એવો આત્માનો નિરપેક્ષ સમ્યગ્દર્શન સ્વભાવ છે. તો કહે, નહિ. વ્યવહારથી (થાય). ધૂળમાં પણ નથી થતું, સાંભળને ! વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર કરીએ, વ્યવહાર કરીએ તો નિશ્ચય પ્રાપ્ત થાય. એલા..! શૂન્યમાંથી એકડો આવશે ? વ્યવહાર તો કોલસો છે. કોલસો

રાખીને લાખ મણ સાબુએ ધોઈને ધોળું થશે ? દિવાસળી લગાવી દે એકવાર. દિવાસળી લગાવે તો કોલસો ધોળો થશે, એમ ને એમ નહિ થાય લાખમણ સાબુથી.

એમ તારી પર્યાયમાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાનો રાગ છે એ વ્યવહાર વિકલ્પ કોલસો છે. દિવાસળી લગાવ કે એનાથી ધર્મ નથી થતો. સમજાણું કાંઈ ? એનાથી થશે... એનાથી થશે. લાખ મણ સાબુથી કોલસો ધોળો નથી થતો. આહા..હા...! બહારથી આકરું લાગે ને માણસને. કેમ 'ફુલચંદજી' ? કેમ છે આ બહાર ? બરાબર છે ? વ્યવહારનો લોપ થઈ જાય છે. આહા..હા...! અરે..! નિશ્ચય અને વ્યવહાર બેયને સમકક્ષ રાખો. અરે..! સાંભળ તો ખરો હવે. તારો વ્યવહાર તો બારદાન-કોથળો છે. માલ તો ચોખા છે. સમજાણું કાંઈ ? ચાર મણ, અઢી શેર ચોખાની હોય ને કોથળી-કોથળી, થેલી. તોલવામાં આવે. ચાર મણ અઢી શેર. અઢી શેર તો બારદાન છે, ચાર મણ ચોખા છે. અઢી શેર ચોખા છૂટે તો કાંઈ બારદાન રંધાય છે ? બારદાનની રસોઈ થાય ?–કદિ નહિ. એમ ભગવાન આત્મા પોતાની પર્યાયમાં પુણ્ય-પાન, દયા-દાનના વિકલ્પ થાય છે એ બારદાન છે. એનાથી હટીને ચૈતન્ય આનંદકંદની દૃષ્ટિ અને અનુભવ કરે છે ત્યારે વ્યવહારની અપેક્ષા નથી રહેતી. વ્યવહારને સળગાવી દે કે તારો આશ્રય મને નથી. તારાથી મને નિશ્ચય પ્રગટ થતો નથી. સમજાણું કાંઈ ? ભારે ગડબડ. 'નરભેરામભાઈ' !

વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હો, પણ એનાથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે, એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ ? આ કહે છે કે ભગવાન ! જ્યારે સર્વજ્ઞશક્તિ પ્રગટ થઈ ત્યારે લોકાલોક જાણ્યા. એવી તારામાં સર્વજ્ઞ શક્તિ છે એમ તું અંતર્મુખ થઈને પ્રતીત કર તો તને પ્રતીતમાં આવશે કે રાગાદિ થાય છે તેનો હું જાણનાર છું. સંયોગમાં શરીર, વાણી, મનમાં જે ક્રિયા ભજે છે, એ હો. હું જાણનાર છું, હું કરનાર નથી. કર્તાપણું છોડી સર્વજ્ઞની શ્રદ્ધા કરનાર આત્માના જ્ઞાનને અકર્તા (કરે છે), વિકાર અને પરનો અકર્તા કરે છે. અકર્તા કરે છે ત્યારે સર્વજ્ઞની પ્રતીતિનું સમ્યગ્દર્શન થયું. જ્યાં સુધી હું રાગ કરું, હું નિમિત્ત લાવું, નિમિત્ત જુટાઉં એવી દૃષ્ટિ પડી છે ત્યાં સુધી દૃષ્ટિમાં મિથ્યાભ્રમ છે. સમજાણું કાંઈ ? તને ભ્રમણા છે. શું મેળવી શકે ? તું પરચીજને મેળવી શકે છે ? અને પર ચીજને તું દૂર કરી શકે છે ? એવી તારામાં તાકાત છે ? પરપદાર્થ પરાધીન છે કે તારે આધીન થઈને દૂર થઈ જાય અને તારે આધીન થઈ નજીક આવે ? એમ થતું નથી. અને તારામાં રાગાદિ પર્યાય થઈ, એ કાળમાં આવનારી હોય તે આવે છે, હોય, પણ કહે છે કે આત્મા સર્વજ્ઞ છે અને એણે જોયું એમ થશે–એમ જેને પોતાના સ્વભાવમાં નિશ્ચય થયો એને વ્યવહારનું લક્ષ ખસી જાય છે અને સ્વભાવની દૃષ્ટિમાં લીન થઈને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરે છે. શેઠી ! કહ્યું તો નિરપેક્ષ નિશ્ચય રહ્યું એક. વ્યવહાર કર્યો માટે થયું... વ્યવહાર કર્યો માટે થયું... લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવ્યો.

**શ્રોતા :–** દુનિયામાં તો નથી આવતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દુનિયામાં આવે છે ? આ ઢોકળા-ઢોકળા કરે છે ને ? શું કહે છે ? ઢોકળા બનાવે છે ને ? પ્યાજ–ડુંગળી-ડુંગળી, લસણ-લસણ આવે છે ને ? ઢોકળા બનાવે છે ને ? ઢોકળાને તમારે હિન્દીમાં શું કહે છે ? ચોખાની ઢોકળીમાં ઉપર નાખીને બનાવે છે. પાછળથી મરચું નાખે. લસણની ચટણી. એ ખૂબ ખાધા પછી કસ્તુરીનો ઓડકાર આવે છે ? ધૂળમાં પણ નથી આવતો.

એમ વિકલ્પ અને પુણ્ય-પાપનો કર્તા થઈને અંતર્મુખ થાય એમ કદિ ત્રણકાળમાં બનતું નથી. સમજાણું કાંઈ ? આત્મા સર્વજ્ઞની પ્રતીત કરનાર, ભગવાને દેખ્યું એમ થશે–એવી શ્રદ્ધા કરનાર આત્માને જ્ઞાનમાં અકર્તા બનાવે છે. રાગનો પણ હું કર્તા નથી, વ્યવહારનો પણ કર્તા નથી. વ્યવહાર હો ભલે, પણ વ્યવહાર મારું કર્તવ્ય છે માટે કરું એવી દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ? 'દેવીલાલજી' ! કઠણ પણ બહુ, હોં ! માણસને એવું લાગે કે આ તે જૈન પરમેશ્વરનો આવો માર્ગ હશે ! આ વીતરાગનો માર્ગ આ છે. બાકી બધા કલ્પિત અજ્ઞાનીએ કરી નાખ્યો છે. વીતરાગનો માર્ગ ત્રણકાળ ત્રણલોકમાં 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ બે-ત્રણ-ચાર હોતા નથી. એક જ પંથ આ જે કહેવામાં આવે છે એ એક જ પંથ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથનો પંથ આ જ છે. સંતો, દિગંબર મહા મુનિઓ જંગલમાં-વનમાં વસનાર છે એણે પોકાર કરીને આ મોક્ષમાર્ગ બતાવ્યો છે. બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહિ.

કહે છે, અહો..! **'સમસ્ત વિશ્વના...'** વિશ્વ એટલે લોકસમૂહ, લોકાલોક સમૂહ. **'વિશેષ ભાવોને...'** વળી એમ કહે કે આ ભવમાં ઇન્દ્ર મોક્ષ જાશે ભગવાન એમ ન જાણે. ન જાણે તો ભગવાને જાણ્યું શું ? તો ભગવાન ક્યાં રહ્યા ? સમય સમયની ત્રણકાળ ત્રણલોકની દ્રવ્યની પર્યાય ભગવાને જોઈ છે. સાક્ષાત્ કેવળજ્ઞાની મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ભગવાન પાંચસો ધનુષ ઊંચા છે. સમવસરણમાં વર્તમાન બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં જમીનથી સીધા, હોં સીધા ! દેવલોકમાં નહિ. મહાવિદેહ ક્ષેત્ર છે ત્યાં બિરાજે છે વર્તમાન ભગવાન ત્રિલોકનાથ જૈન પરમેશ્વર. સીમંધર પ્રભુ જેવા વીસ તીર્થંકર મહા વિદેહક્ષેત્રમાં વર્તમાન મનુષ્યદેહે, કરોડ પૂર્વનું આયુષ્ય, પાંચસો ધનુષના દેહે બિરાજમાન છે અને મહાવિદેહ ક્ષેત્રમાં લાખો કેવળીઓ બિરાજમાન છે, લાખો કેવળજ્ઞાનીઓ. આ તો તીર્થંકર કહ્યા. જેના પુણ્ય પણ મોટા અને પવિત્રતા પણ મોટી. પવિત્રતા અને પુણ્યમાં પૂર્ણ એને તીર્થંકર કહે છે. પવિત્રતા પૂર્ણ પણ પુણ્ય કાંઈક થોડા હોય એવા જીવને કેવળી કહે છે. સમજાણું કાંઈ ?

ભગવાનના મુખમાંથી એ વાત નીકળે છે કે અમે સર્વજ્ઞ છીએ, તું સર્વજ્ઞ, તારા પેટમાં સર્વજ્ઞ પડ્યા છે. ગર્ભમાં બાળક હોય ત્યારે જન્મે છે ને ? પેટમાં હોય કૂતરી અને જન્મે મનુષ્ય. એમ હોય છે ? એમ ભગવાન આત્મામાં અલ્પજ્ઞ શક્તિ હોય અને પ્રગટ સર્વજ્ઞ શક્તિ થાય, એમ થાય છે ?–

નહિ. અંતરમાં સર્વજ્ઞશક્તિ આત્માના ગર્ભમાં-પેટમાં પડી છે. પેટ સમજ્યા ? પેટ એટલે શરીર નહિ, આત્માની મધ્યમાં.

ભગવાન અસંખ્ય પ્રદેશી ચિદ્‌ઘન આનંદમૂર્તિ, એના મધ્યમાં, જેમ સમુદ્રની મધ્યમાંથી પાણી ઊછળીને ભરતી આવે છે. ક્યાંથી ભરતી આવે છે ? ઉપર ૨૫ ઈંચ વરસાદ થયો હોય અને હજારો નદી દરિયામાં ભળે પણ જ્યારે એની ઓટનો સમય હોય. ઓટને શું કહે ? ભાટા–પાછા ફરવાનો કાળ હોય તો એ વરસાદ સો નદીના પાણીમાં ભરતી લાવી શકે ?–કદિ ન લાવી શકે અને મધ્યબિંદુમાંથી જ્યાં ભરતી ઊઠી અને ૧૨૦-૨૫ ડિગ્રી ગરમી હોય તોપણ મધ્યબિંદુમાંથી સમુદ્ર જ્યારે કાંઠે આવે ત્યારે એ ભરતીને રોકવા કોઈ સમર્થ નથી. સમજાણું કાંઈ ? બહારની ગરમી રોકી શકતી નથી અને બહારની નદીના પાણી ભરતી લાવી શકતા નથી.

એમ પુણ્ય વિકલ્પથી જ્ઞાનનું સ્મરણ, શાસ્ત્રનું વાંચન અને વ્યવહાર શ્રદ્ધા કરવી, એનાથી આત્મામાં જ્ઞાનની ભરતી અને શ્રદ્ધાની ભરતી આવે એમ છે નહિ. સમજાણું કાંઈ ? સર્વજ્ઞ સ્વભાવ એની મધ્યમાં પડ્યો છે ભગવાન આત્મદ્રવ્યમાં અંદર. જેમ પીપરમાં ચોસઠ શક્તિ અંદર મધ્યમાં પડી છે, એમ ભગવાન આત્મામાં સર્વજ્ઞપદ પડ્યું છે. એની અંતર દૃષ્ટિ કરતાં, અનુભવ કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ અંતરમાંથી પર્યાય આવી છે, કોઈ રાગમાંથી, નિમિત્તમાંથી આવી નથી અને એ જ વર્તમાનમાં સ્થિર થઈને એકાગ્ર થતા... થતા.. થતા.. સર્વજ્ઞ થઈ જશે. અંતરનો અનુભવ કરતાં નિર્વિકલ્પમાં આનંદમાં રહેતા સર્વજ્ઞ થઈ જશે. કોઈ ક્રિયાકાંડ કરતાં કરતાં કેવળજ્ઞાન થશે એવી વાત ત્રણકાળ ત્રણલોકમાં આત્મતત્ત્વમાં નથી. સમજાણું કાંઈ ? પણ એ વાત રુચવી-રુચવી, ગોઠવી કઠણ છે. ગોઠે સમજ્યા ને ? રુચવી. અંદર શ્રદ્ધામાં લાવવું કે આ જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ છે નહિ ત્રણકાળ, ત્રણલોકમાં. ભગવાન પાસે જાવ, ઇન્દ્ર પાસે જાવ, ભરતમાં હો પણ માર્ગ તો આ એક જ છે, બીજો માર્ગ છે જ નહિ. તો કહે છે.. આહા..હા...!

**'આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.'** કહો, 'પાટણીજી'! પરને જાણે માટે પરની સર્વજ્ઞ શક્તિ એમ નહિ. જેમ કાંઈ ખાટું લાગ્યું ખાટું. આંબલી ખાટી છે. પોતાના જ્ઞાનમાં જણાયું ને કે આ ખાટી છે, આ ખાટી છે. તો જ્ઞાન પરિણમ્યું ને, આવું ખાટું છે એવું જ્ઞાનરૂપ પરિણમન છે ને ? કે આંબલીમાં છે ? કે આંબલીથી છે ? આંબલી ખાટી હોય છે ને ?

**શ્રોતા :–** આપે તો કહ્યું ને જ્ઞાનપણું અંદર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અંદર આવ્યું... જ્ઞાનમાં જણાયું કે આ ખાટી છે, પણ એ ખ્યાલ પોતાનો પરિણમ્યો છે, આંબલીને કારણે નહિ, આંબલીમાં નહિ. અંતરમાં ખ્યાલ આવ્યો કે આ ખાટું. એ પોતાના જ્ઞાનમાં પરિણમન થયું છે, એ જ્ઞાનરૂપમાં પરિણમન થયું છે. એમ લોકાલોક છે એવું જ્ઞાનરૂપમાં પરિણમન થયું છે લોકાલોકમાં નહિ અને લોકાલોકના કારણે નહિ. આહા..હા...! ભારે ઝીણું !

ગળ્યું લ્યો, ગળ્યું લ્યો. શું કહે ? મીઠા. સાકર ગળી લાગે. તો મીઠી પર્યાય તો જડમાં છે. આત્મામાં આવે છે ? એ તો જડ છે. ખ્યાલ આવ્યો કે આ સાકર ગળી છે. તો ખ્યાલનું જ્ઞાનની પર્યાયમાં પરિણમન પોતાથી થયું કે આ ગળ્યું છે એવું પરિણમન પોતામાં થયું છે, પોતાને કારણે થયું છે, સાકરને કારણે નહિ, સાકરમાં નહિ.

એમ સર્વજ્ઞ પદ પોતાની પર્યાયમાં પરિણમ્યું છે, લોકાલોકને કારણે નહિ અને લોકાલોકમાં નહિ. પણ પોતાની પર્યાયમાં સર્વજ્ઞપદનું પરિણમન કરીને પ્રગટ થયું છે. પોતાનું સર્વજ્ઞપદ આત્મજ્ઞાનમયી પર્યાય છે, એ પરમયી પર્યાય નથી. સમજાણું કાંઈ ? આ વ્યવહાર-નિશ્ચયની બહુ ગડબડ ચાલે છે. એવી ગડબડ ગડબડ કે વ્યવહાર જ ધણી થઈ ગયો આખો. માલ વિનાનો સાથે એક છડીદાર રાખ્યો ત્યાં એ ધણી થઈ ગયો કે હું રાજા છું. છડીદાર રાખે ને ? છડીદાર એક રાખે. ખમ્મા અન્નદાતા મહારાજા ધિરાજા બિરાજે છે માળવાના અધિપતિ ભર્તુહરિ. ત્યાં પેલો કહે, હું થઈ ગયો. પણ તું નહિ. એ તો એ છે.

એમ અંદરમાં દયા, દાન, શુભાશુભ પરિણામ થયા, કોઈ શુભ થયો (તો) ધણી થઈ ગયો કે અમને ધર્મ છે. એ ધર્મ નથી. છડી તો નિમિત્ત છે. અંતરની દૃષ્ટિ નિમિત્તથી છૂટીને હું તો જ્ઞાનસ્વભઆવી આત્મા, હું તો જાણન-દેખન ત્રિકાળ જ્ઞાયકભાવથી કદિ છૂટ્યો જ નથી. કદિ છૂટ્યો જ નથી. હું રાગને કદિ અડ્યો જ નથી. શેઠ ! એવી દૃષ્ટિ આત્માની થાય એનું નામ સમ્યગ્દર્શન છે. હું કદિ રાગને સ્પર્શ્યો જ નથી. નિમિત્તને તો સ્પર્શ્યો નથી, વ્યવહાર ઉત્પન્ન થાય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય, આવે, પણ એને હું અડ્યો નથી, સ્પશિર્યો નથી. અમારી ભાષામાં અડ્યો નથી એમ કહે છે. સ્પર્શ્યો નથી. વિકારને ચૈતન્ય સ્પર્શે અને ચૈતન્ય વિકારને સ્પર્શે એવું સ્વરૂપમાં છે જ નહિ. સમજાણું કાંઈ ?

એવી આત્માની સર્વજ્ઞશક્તિ અંતરમાં જઈ પર્યાયમાં પ્રતીતિ થઈ, અનુભવ થયો એ સર્વજ્ઞશક્તિને ધરનારનો સાક્ષાત્કાર થયો. પરથી ખસીને હું આત્મા પૂર્ણાનંદ છું, જ્ઞાનશક્તિથી ભરેલો છું–એવી પોતાની બુદ્ધિ, રાગના કર્તૃત્વથી અને પરના કર્તૃત્વથી ખસી ગઈ અને જ્ઞાન ને આનંદનું પરિણમન થયું, એણે સર્વજ્ઞશક્તિ છે એમ માન્યું અને પ્રતીતિ થઈ એમ કહેવામાં આવે છે. આમ ભગવાન સાચા અને તમે પણ સાચા એમ પાલવે નહિ. એમ ન ચાલે. એમ ન ચાલે ભગવાનના માર્ગમાં. ભગવાન સાચા, પ્રભુ તું સાચો, પણ તું અહીં સાચો થયા વિના ઇ સાચો ક્યાં તને આવ્યો ? 'નવનીતભાઈ'! એક દસમી શક્તિ વર્ણવી. આહા..હા...! ગજબ ! આખું જૈનદર્શનનું રહસ્ય મૂકી દીધું. હવે ૧૧મી શક્તિ સ્વચ્છત્વશક્તિ લેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**શ્રી સમાધિતંત્ર, શ્લોક–૩૧, ૩૨,**
**પ્રવચન નં. ૪૦, તા.૧૯-૧-૧૯૭૫**
**[૯]**

૩૧મી ગાથા. એનો વિશેષનો પેરેગ્રાફ છે. **'જ્યારે અંતરાત્મા...'** અંતરાત્મા એટલે શુદ્ધ ચૈતન્યઘન આનંદસ્વરૂપ **'પોતાને સિદ્ધ સમાન...'** પોતે સિદ્ધસ્વરૂપી છે એમ જાણીને **'બુદ્ધ..'** એ જ્ઞાનનો પિંડ છે, એકલો જ્ઞાયકસ્વભાવ છે. **'અને જ્ઞાતા-દષ્ટારૂપ અનુભવે છે...'** હું એક જાણનાર–દેખનાર છું, શુદ્ધ પવિત્ર છું, દર્શન–જ્ઞાનથી ભરેલો સ્વભાવ મારો છે, એમ જ્યારે આત્મા અંતર્મુખ થઈને આત્માની સેવા કરે છે. ભગવાન તો સેવા કરનાર છે અને હું સેવક છું, એ તો વિકલ્પ છે. આહા..હા..! તીર્થંકર સર્વજ્ઞ પરમાત્મા એ ઉપાસ્ય છે, સેવા કરવા લાયક છે અને હું સેવક છું–સેવા કરનાર છું, એ તો વિકલ્પ છે. આહા..હા...! એ ધર્મ નહિ. હું પોતે જ શુદ્ધ, બુદ્ધ, સિદ્ધ પરમાત્મસ્વરૂપે ભરેલો પદાર્થ એ મારે ઉપાસ્ય છે અને હું એનો ઉપાસક છું. સમજાણું કાંઈ ?

એ **'અભેદ ભાવનાના બળે...'** શુદ્ધ ચૈતન્ય સ્વભાવથી ભરેલો હું એકલો જ્ઞાતા-દષ્ટાના સ્વભાવવાળો છું. એવી અભેદ **'ભાવનાના બળે...'** ભાવના શબ્દે એકાગ્રતા. **'શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઈ જાય...'** શુદ્ધ સ્વરૂપમાં લીન થઈ જાય **'ત્યારે તે સર્વ કર્મ-બંધનથી મુક્ત થઈ પરમાત્મા બની જાય છે...'** બહુ ટૂંકી વાત કરી. કહે છે કે તારે પરમાત્મા થવું હોય, પર્યાયમાં–અવસ્થામાં અરિહંતપદને પ્રાપ્ત કરવું હોય.. આહા..હા...! એ અરિહંત સ્વરૂપ તારું અંદર છે. એકલો શુદ્ધ જ્ઞાન, આનંદનો કંદ છે ઇ. એવી અભેદ બુદ્ધિથી સ્વરૂપનું સેવન કરતાં તન્મય થઈ જાય ત્યારે સર્વ બંધનથી મુક્ત થઈ પરમાત્મા બની જાય. આહા..હા...! બહુ ટૂંકામાં મુદ્દાની રકમ છે આ.

**'તેટલા માટે પોતે ઉપાસક અને પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ઉપાસ્ય...'** વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એમ કહે કે તું ઉપાસક અને હું ઉપાસ્ય, એ તો વિકલ્પ છે. એ તો રાગ છે. સમજાણું કાંઈ ? આહા..! તું ઉપાસક અને તું ઉપાસ્ય. તારું સ્વરૂપ શુદ્ધ પવિત્ર બુદ્ધ આનંદકંદ, પરમસ્વરૂપ પરમાત્મ સ્વરૂપ જ તું છો. સ્વભાવથી–શક્તિથી–ગુણથી પરમસ્વરૂપ જ એ છે. પરમપારિણામિક સ્વભાવ. એ શુદ્ધાત્મા તે ઉપાસ્ય છે, સેવા કરવા લાયક છે અને એની નિર્મળ પર્યાય તે ઉપાસક છે. '..ભાઈ' ! બહુ આકરી વાત. વીતરાગ માર્ગ એવો છે.

આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરને પ્રગટેલો અને જોયું, જાણ્યું કે આ વસ્તુ છે. તારે

જો ધર્મ કરવો હોય ને પરમાત્મા એટલે કે સિદ્ધપણું જો પ્રગટ કરવું હોય તો તારું સ્વરૂપ જ સેવવા લાયક છે. એ.. 'પોપટભાઈ' ! અંતરની સેવનામાં એ રહી ન શકે ત્યારે એને વિકલ્પ આવે. ભગવાનની ભક્તિ આદિનો, એ બધું પુણ્યબંધનું કારણ છે, આવી વાત છે.

**શ્રોતા :–** પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુણ્ય કરતાં કરતાં થાય ? રાગ કરતાં કરતાં સંસાર નાશ થાય ? રાગને છોડતાં થાય. આહા..હા...! માર્ગ એવો ઝીણો છે, પ્રભુ !

**'समाहिवरमुत्तमं दिंतु'** નથી આવતું ? '..ભાઈ' ! લોગસ્સમાં આવે છે. **'समाहिवरमुत्तमं दिंतु'** લોગસ્સ આવે છે ને ? **'लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे...'** નહિ કર્યું હોય. સામાયિકમાં આવે છે. **'लोगस्स उज्जोअगरे,'** લોકમાં ઉદ્યોતના કરનાર તીર્થંકરદેવ. લોગસ્સ એટલે લોકની સ્તુતિ–પરમાત્માની. એમાં પાંચમો પાઠ છે, સામાયિકમાં. પહેલો નમો અરિહંતાણં, બીજો ... ત્રીજું ઇચ્છામિ, ચોથું .. પાંચમો લોગસ્સ, છઠ્ઠું ... સાતમું નમોત્થુણં. આ તો ૭૫ વર્ષ પહેલાં કરેલું. દસ વર્ષની ઉંમરે. આહા..! એમાં આ ગડિયા ગણ્યા. કંઈ ખબર નહિ.

કહે છે કે **'समाहिवर'** નામ ઉત્તમ. મારો સ્વભાવ જે સમાધિસ્વરૂપ છે. આનંદ છે. સમાધિ એટલે આનંદ. એ આનંદસ્વરૂપ જ મારું સેવવા લાયક મારે છે અને હું એના નિર્મળ પર્યાય દ્વારા એનો સેવક છું. રાગ ને વિકલ્પથી નહિ. આહા..હા...! અરે..! જિંદગી ચાલી જાય છે. આંખ્યું વીંચીને ક્યાં જશે ? રાગમાં રહેશે તો રખડવું પડશે, રાત્રે કહ્યું હતું. વિકલ્પ જે છે, દયા, દાન, વ્રતાદિનો, એમાં જો દૃષ્ટિ રહેશે તો રાગમાં રહેતાં રખડવું પડશે. આ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ, એની સેવા કરનારી પર્યાય નિર્મળ.. આહા..હા...! વિકલ્પ એ નહિ.

શુદ્ધ સ્વભાવથી ભરેલો 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ' 'શ્રીમદ્'માં આવે છે. 'બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' આહા..હા...! વિચારનો અર્થ એ સાધક પર્યાય. મોજૂદ છે. પરમાત્મ શક્તિથી ભરેલો પ્રભુ, એને શક્તિ અને શક્તિવાળો એવો ભેદ પાડવો એ પણ વ્યવહારનયનો વિકલ્પ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આનંદસ્વરૂપ છું, આનંદવાળો છું એવો પણ ભેદ છે, એ પણ એક વિકલ્પ નામ રાગની લાગણી છે. હું એક શુદ્ધ જ્ઞાનાનંદ છું, એના તરફના ઝુકાવથી જે નિર્મળ અવસ્થા થાય એ નિર્મળ અવસ્થા દ્વારા હું નિર્મળ અવસ્થા–ઉપાસક છું, વસ્તુ મારી ઉપાસ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ઓ..હો..હો..! તું દેવનો દેવ છો. પાંચે પદ તારા સ્વરૂપમાં પડ્યા છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ નિર્મળ દશાના સ્વરૂપ છે. કોઈ નગ્નપણું કે પંચ મહાવ્રતના વિકલ્પ એ એનું સ્વરૂપ નથી. આત્માની નિર્મળ પૂર્ણ ને અપૂર્ણ દશાના પાંચ પદ છે. પૂર્ણ દશા અરિહંત અને સિદ્ધ. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ સ્વરૂપની

શુદ્ધતાની સેવા કરવામાં જેની નિર્મળ દશા રાગ રહિત, વીતરાગી પર્યાય નિર્ગ્રંથપણું પ્રગટ્યું છે એ પોતે સેવક છે, વસ્તુ સેવ્ય છે. આહા..હા...! આવો માર્ગ ભગવાનનો લોકોને કઠણ પડે, સાંભળ્યો નથી ને !

તું જેની સેવા કરવા માગે છો એ પૂર્ણ વસ્તુ છે કે નહિ ? અને તે તું છો કે નહિ ? સમજાણું કાંઈ ? તું વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની સેવા કરવા માગ તો એ તો પરવસ્તુ છે. એ પૂર્ણ તારું ન્યાં છે ? તારામાં છે ? એવો જે શુદ્ધ સ્વભાવ, જ્ઞાતા-દષ્ટા અને હું જ એ છું એવી જે શુદ્ધ દશા એ આરાધક છે, આરાધ્ય તે ત્રિકાળી ભગવાન છે. આહા..હા..! લોકોને બિચારાને એવા ચડાવી દીધા.. જિંદગી વઈ જાય. સફળ ન થાય, અફળ જાય જિંદગી. આહા..હા...! .. વસ્તુનું ભાન થઈને શુદ્ધ ... થતાં પૂર્ણ અંતરમાં લીન ન થાય ત્યાં સુધી એને ભક્તિનો, પૂજાનો એવો વિકલ્પ આવે, પણ ઇ આવે ઇ બંધનું કારણ છે. એ તો પાપના ભાવથી બચવા પૂરતી વાત છે, એ ધર્મ નહિ. આહા..હા...! કહે છે ને ?

**'એમ સમજી...'** એટલે શું ? હું એક ઉપાસક છું અને હું પોતાનું શુદ્ધાત્મ સ્વરૂપ ઉપાસ્ય છે. આહા..હા...! **'એમ સમજી...'** પહેલું એનું જ્ઞાન તો કર, કહે છે. એમ **'નિર્ણય કરી અંતર્મુખ થઈને...'** એ ચારિત્ર થયું. પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એકલો વીતરાગરસ સ્વરૂપથી ભરેલો ભગવાન છે. એ વીતરાગતા જે પર્યાયમાં આવે છે એ ક્યાંથી આવે છે ? બહારથી આવે એવું છે ? આહા..! વીતરાગરસ કહો કે અકષાય સ્વભાવ કહો કે નિત્ય ચારિત્રસ્વભાવ કહો ! એવો જે ભગવાન પૂર્ણ ચારિત્રની શાંતિથી ભરેલો એ મને ઉપાસ્ય નામ સેવવા લાયક છે અને મારી પરિણતિ નિર્મળ તે એની સેવક છે. ભગવાન મને સેવવા લાયક છે અને હું સેવક છું, ત્યાં સુધી તો વિકલ્પ છે અને પુણ્યનું કારણ છે. સમજાણું કાંઈ ? આવી ચીજ છે. લોકોને બિચારાને મળતી નથી. જૈનમાં જન્મ્યો હોય છતાં જૈનપણું વીતરાગ કોને કહે છે, .. વિના જિંદગી જાય છે, ભાઈ !

**'એમ સમજી...'** એટલે ? હું નિત્યાનંદરસ, નિત્યરસ, શાંતરસ, નિર્વિકલ્પરસથી ભરેલો પદાર્થ છું. એ મને સેવવા લાયક છે, પણ એનું જ્ઞાન ન હોય તો શી રીતે કરવું ? તો પહેલું જ્ઞાન કર. આહા..! આ વસ્તુ છે ઇ પૂર્ણ છે, ધ્રુવ છે. નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ છે. પરમ દિ' કહ્યું હતું, નહિ ? ચાર સજ્ઝામાળા છે. શ્વેતાંબરમાં ચાર સજ્ઝાયમાળા છે. એક–એક સજ્ઝાયમાળામાં ૨૫૦-૨૫૦ સજ્ઝાય છે. દુકાન ઉપર વાંચી હતી. (સંવત) ૧૯૬૩-૬૪ની વાત છે. સંવત ૬૪-૬૫. પહેલેથી સંસ્કાર હતા ને ! ઘરની દુકાન પિતાજીની હતી એટલે... પોતાનું થોડું થોડું નિર્વૃત્તિથી કરતાં. બીજા નહોતા ભળતા. એમાં એક આવ્યું છે સજ્ઝાયમાળામાં. કહ્યું હતું પરમ દિ'.

**સહજાનંદી રે આત્મા.. સહજાનંદી રે આત્મા**
**સૂતો કંઈ નિશ્ચિંત રે.. મોહ તણા રે રણિયા ભમે...**

મિથ્યાત્વની પર તરફની વૃત્તિઓ માથે ચોર ભમે છે.

**જાગ જાગ મતિવંત રે, લૂંટે જગતના જંત રે...**

અમે દીકરા છીએ, તમારા ઘરે આવ્યા છીએ. અમારું ધ્યાન નહિ રાખો તો.... આ જગતના જીવો લૂંટે છે. બાયડી કહે, શું કરવા હાથ ઝાલ્યો હતો ? .. કરવું પડશે બધું. શાંતિ રાખજે, હોં ! ... એમ કહે. આહા..હા...! રાજાની રાણીઓ રાજાને કહે. એવું સાંભળેલું છે. આહા..હા..! કહે છે, 'નાખી વાંક અનંત રે.. કોઈ વિરલા ઉગરંત રે..' આહા..હા...! આત્મા આનંદસ્વરૂપ છે એમાં પેસવા માટે કોઈ ... થઈ જશે ? આહા..હા...! ભાઈ ! મારો ખોરાક તો અંદર છે. આનંદનો ખોરાક લેવા માટે હું તો નિવૃત્તિ લઉં. સમજાણું કાંઈ ?

રાજના રાજકુમાર હોય, આઠ-આઠ, દસ વર્ષની ઉંમર હોય પણ અંદરમાં પ્યાલા જોયા. ઓ..હો...! આ આત્મા તો નિર્વિકલ્પ આનંદનો રસ છે !! એને શુભ-અશુભ ક્રિયાના રાગની સાથે કાંઈ સંબંધ નથી. તો વળી આ શરીર ને બાયડી ને છોકરાનો એને સંબંધ છે નહિ. .... આહા..હા...! ગુણ-ગુણીનો સંબંધ પણ વ્યવહારનયનો વિષય, વસ્તુનો નહિ. આહા..હા...! પરની સાથે સંબંધની તો વાત જ શું કરવી ! રાગનો જીવને સંબંધ એ પણ અસદ્‌ભૂત વ્યવહારનયથી છે, જૂઠો છે. આહા..હા..! અનુપચાર છે અને આ પર સાથે, બાયડી, છોકરા સાથે સંબંધ એ તો અસદ્‌ભુત ઉપચાર છે, જૂઠો .. છે. આહા..હા..! સમજાણું કાંઈ ? મારો સ્વભાવ ચૈતન્યમૂર્તિ અને હું આનંદવાળો એવો ભેદ સંબંધ પણ વ્યવહાર છે, કહે છે. હું તો અભેદ ચૈતન્યમૂર્તિ છું. એ રાજકુમાર દીક્ષિત થાય. ... છે ને ? ચરણાનુયોગમાં. 'પ્રવચનસાર'માં. દીક્ષા લેતી વખતે રજા માગે છે, હે સ્ત્રી ! તું શરીરને રમાડનારી, મને નહિ. હું તો આત્મા છું. મને રજા દે હવે. હું છૂટવા માગું છું.

**શ્રોતા :–** શરીર નહીં રહે તો ધર્મ કેમ થશે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શરીર ક્યાં હતું તે... ? પુણ્યના ભાવથી ધર્મ નથી. શરીર તો જડ માટી ધૂડ છે આ તો. આહા..હા...! સવારે તો કેટલું આવ્યું હતું ! ઘણું.

ભગવાન ત્રિલોકનાથ ... વસ્તુ છે, દ્રવ્ય છ પદાર્થ છે ભગવાને જોયેલા. છ દ્રવ્ય છે. આત્મા, પુદ્‌ગલ, કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ–છ ભગવાને જોયા અને એમ જ છે. ઓ..હો...! એ છ દ્રવ્યની જે વર્તમાન પર્યાય.. ભારે વાત, ભાઈ ! અને તે તેના કાળે થાય, સ્વકાળે થાય. એમ કહીને પણ છ દ્રવ્યનું... સમયનો પર્યાય તે કાળનો તે થાય. એ પર્યાયને પણ ... ઉત્પત્તિનું કારણ દ્રવ્ય-ગુણ પણ નહિ. આહા.હા...! લોક, અલોક, છ દ્રવ્ય એનો વર્તમાન પર્યાય, તે તે કાળનો તે તે પર્યાય એ જ કાળે એ જ થવાનો એવો જ એ પર્યાય, તે પર્યાય પોતાથી છે અને દ્રવ્ય-ગુણથી નથી. સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય હોય નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...!

છ વસ્તુ અને એક એક વસ્તુમાં અનંત ગુણ. અક્રમે સાથે રહેલા અને એની પર્યાય–અવસ્થા

ક્રમસર થાય અને ક્રમસરમાં જે સમયે જે પર્યાય થવાનો તે જ એના કાળનો, તે તે કાળની હયાતી છે. એવી હયાતીવાળી દશા, પછી ભલે રાગવાળી હોય ને ધર્મવાળી હોય, સમકિતી હોય (અને) સાથે રાગ પણ હોય, પૂર્ણ ન હોય તો, છતાં એ પર્યાય.. આહા..હા...! પોતાથી છે અને પરથી નથી. આહા..! કેમકે સત્‌નો અંશ છે.

જડમાં પણ જે પર્યાય જે સમયે જે થાય એ પણ એ સત્‌નો અંશ છે, એ સત્ છે. આહા..હા...! દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય. સત્‌નો એ વિસ્તાર છે અને આનંદદ્રવ્ય, આનંદગુણ, આનંદપર્યાયનો વિસ્તાર છે. ભગવાન આનંદદ્રવ્ય–વસ્તુ, આનંદગુણ–શક્તિ, આનંદપર્યાય–એ આનંદ આનંદ ત્રણેમાં વ્યાપ્યો છે. આહા..હા...! આનંદવસ્તુ, આનંદગુણ અને આનંદપર્યાય, એ આનંદનો વિસ્તાર છે. સમજાણું કાંઈ ? આહા..હા..! એમાં પણ એ આનંદની પર્યાયનો જે કાળ છે, તે કાળે તે દશા થાય. એને પરથી નાસ્તિ છે અને સ્વથી અસ્તિ છે. એ ધર્મની પર્યાય પ્રગટ કરવામાં સત્ વસ્તુનો આશ્રય હો, ત્રિકાળી ભગવાન પરમાત્મસ્વરૂપ છે એનો આશ્રય હો, હોવા છતાં... આહા..હા...! એ ધર્મની આનંદની પર્યાયને સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ (છે). આહા..હા...! ગજબ કામ કર્યું છે ને પણ ! અરે..! આવી વસ્તુની સ્થિતિ છે.

જે વસ્તુની મર્યાદા ભગવાને કીધી એ ન જાણે તો કહે છે, પહેલું સમજીને.. આહા..! પછી નિર્ણય કરીને, પછી અંતર્મુખ થઈને. આહા..હા...! 'ભોગીભાઈ' ! ન્યાં ક્યાંય તમારી મીલમાં પણ ન મળે અને ન્યાં બીજે સંપ્રદાયમાં મળે એવું નથી આ. એ તો ... કેવા ? 'વલ્લભભાઈ'. ભાઈને પૂછ્યું. આહા..હા...! 'વલ્લભભાઈ'ને ઘણો રસ હતો. આહા..હા...!

કહે છે, ધર્મની પર્યાયનો કાળ છે, લ્યો. ધર્મની પર્યાયનો ઉત્પત્તિકાળ. એ ઉત્પત્તિકાળની પર્યાય એને ઉત્પાદને કષાયની મંદતાની નાસ્તિ, દ્રવ્ય-ગુણની એમાં નાસ્તિ. આહા..હા...! એક સમયની એક પર્યાયમાં અનંતી સપ્તભંગી. અનંતી સપ્તભંગી ! એક પર્યાય છે એ બીજી પર્યાયપણે નથી એની સપ્તભંગી, એક પર્યાય છે એ ગુણપણે નથી એની સપ્તભંગી, એવા અનંત ગુણપણે નથી એવી સપ્તભંગી. આહા..હા..! દરિયો પડ્યો છે મોટો. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે, ઇ છે... પર્યાયમાં સ્વ કાળે થાય પણ એની નજર ક્યાં હોય ?–નજર દ્રવ્ય ઉપર જાય. સમજાણું કાંઈ ? એ ઉપાસના કરનારની પર્યાય.. ભાઈ ! ઉપાસના કરનારની પર્યાય તો સ્વકાળે જ હોય. આહા..હા...! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય થઈ. સમ્યગ્દર્શન કંઈ રાગ નથી કે ભગવાનને માન્યા છે એવું ... 'આનંદઘનજી' કહે છે, 'નિર્વિકલ્પરસ પીજીએ..' 'આનંદઘનજી'માં આવે છે. નિર્વિકલ્પ આ–રાગ વિનાનો આત્મા, એની ઉપાસના કરનારી નિર્મળ દશા. એનો રસ પીવે. એના રસના પ્યાલા પી. એ ક્યારે થશે ?–કે એની જે નિર્વિકલ્પ પર્યાય પ્રગટી એના સ્વકાળે. એ પર્યાયમાં દ્રવ્યની પણ જેમાં નાસ્તિ, ગુણની નાસ્તિ, રાગની નાસ્તિ, અનંતા

પરદ્રવ્યની નાસ્તિ. આહા..હા...! એવી જે એની નિર્ણય દશા એ દ્રવ્યના લક્ષે થાય છે. ભલે તે કાળે તે થાય, પણ એ કાળની ઉત્પત્તિ આ કાળે આ.. એનો નિર્ણય દ્રવ્ય સન્મુખ થાય ત્યારે એને સાચો થાય. આહા...! અને દ્રવ્ય સન્મુખ થયો એને જ એવી પર્યાય થાય. સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો વીતરાગ માર્ગ બાપુ ! ઝીણો બહુ. આહા..હા...!

એ સમયે ... મોક્ષનો માર્ગ.. આમ કહે ને ? ઉપાસક અને હું ઉપાસ્ય. હવે ઉપાસક તો પર્યાય છે. વસ્તુ તો ઉપાસ્ય છે. હવે ઉપાસક પર્યાયનો સિદ્ધાંત તો આ હતો કે તે સમયે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનો સ્વકાળ છે ત્યાં એ થાય છે. આહા..! પણ કેમ થાય છે ? અને એનો સાચો નિર્ણય કોને થાય છે ? ભાઈ ! માર્ગ જુદા, બાપુ ! અત્યારે તો વિખાઈ ગયું, બહુ વિખાઈ ગયું અને સાચા માર્ગને કોટવાળને દંડે. એવો શબ્દ છે. સાચો માર્ગ એને કહે એ એકાંત છે.. એ એકાંત છે. પોલીસને મારે છે ને. હાડકા ભાંગી નાખે. કહે છે, ભાઈ ! તારે કમાણી કરવી છે ? તો ધંધો કયે કર્યે કમાણી થાય ? ભગ નામ આનંદ અને જ્ઞાનની લક્ષ્મીને ... ભગ-વાન એનું સ્વરૂપ એ છે. આહા..હા..! અનંત જ્ઞાન અને અનંત દર્શન આદિ લક્ષ્મી એનો એ ભંડાર આત્મા છે. એ ઉપાસ્ય છે. જેને આત્માના મોક્ષમાર્ગની પર્યાય પ્રગટી છે એ પર્યાય દ્વારા ઉપાસ્ય એ ચીજ છે. આહા..હા...! .. મોક્ષનો માર્ગ પ્રગટે એ એને સ્વકાળે હોય. એ સ્વકાળમાં આવી ગયું, ભાઈ ! સ્વકાળે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિકાળી ... જે આત્મા એના લક્ષે ઉત્પન્ન થયું, એ ઉત્પન્ન થયેલી પર્યાય સ્વથી છે અને દ્રવ્ય-ગુણથી નથી, સ્વથી છે અને રાગથી નથી, સ્વથી છે અને દેવ-ગુરુ-શાસ્ત્રથી નથી. આહા..હા..!

અહીં તો ઉપાસક આવ્યું ને ! ઉપાસક તો પર્યાય છે. સમજાણું કાંઈ ? અને ઉપાસ્ય છે એ તો વસ્તુ છે. ... જે એની જન્મક્ષણ છે, ઉત્પત્તિ કાળ છે, તે પર્યાયનો જન્મ નામ ઉત્પત્તિ કાળ છે તે કાળે ઉત્પન્ન થાય. હવે એ તે કાળે ઉત્પન્ન થાય, એનો સાચો નિર્ણય કોને થાય ? અને કોના તરફ ઝુકતાં એ ઉપાસકપણું પ્રગટે ? આહા..હા...! જ્ઞાન ને આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ છે. આહા..! એના તરફ ઝુકતાં તે કાળે થાય ભલે, પણ એ કાળે આ કાળે આ થાય, એ પર્યાયમાં ભલે દ્રવ્ય-ગુણની નાસ્તિ, પરની નાસ્તિ (છે). કેમકે પર્યાય અને દ્રવ્ય બેય ભિન્ન પડી ગયા. સેવા કરનારી નિર્મળ પર્યાય અને સેવવા યોગ્ય છે ધ્રુવ. આહા..હા...! સમજાણું કાંઈ ? 'મનસુખભાઈ' ! આવો .. માર્ગ છે. માંડ ... ત્યાં બીજે લાકડે સલવાઈ જાય. જગતને કાંઈ શું થાય ! આહા..હા...! ... 'ગાંધી'ના મકાન નીચે, નહોતા ? 'વઢવાણ.. વઢવાણ'. બહાર ગાંધીના મકાનમાં. ... સ્વામીનારાયણના મંદિરની પાછળ. ત્યાં ઉતર્યા હતા. તે દિ' એક આવ્યો હતો. .... 'કરી લે ને આતમની ઓળખાણી, એક દિન જાવું છે નિરવાણી..' એમ ગાતા હતા. હું ઉપર સૂતો હતો. .... 'કરી લે આતમની ઓળખાણી, એક દિન જાવું છે નિરવાણી...' એક દિન બધું છોડવું છે.

તું કોણ છો એનો નિર્ણય અને અનુભવ કર, બાપુ ! જો તું એનો અનુભવ કરીશ તો અનુભવની દશામાં ભવિષ્યમાં રહીશ અને જો રાગની રુચિમાં પડ્યો તો ભવિષ્યમાં રાગમાં રહીશ. આહા..હા...! તારે ભવિષ્યમાં રહેવું તો છે. 'મોહનભાઈ' ! ભવિષ્યમાં આત્માનો નાશ થાય એવો છે ? એ તો અનાદિ-અનંત છે. અરે..! ભવિષ્યમાં રહેવું છે કઈ રીતે તારે ? જો રાગની પર્યાયમાં રહેવુ હોય તો એ દુઃખની પર્યાયમાં ભવિષ્યમાં જાશે સાદિ-અનંત કાળ. આહા..હા...! પણ જો તારે આત્માની પર્યાયને સેવક બનાવીને સેવ્ય કરવો હોય તો ભગવાન આત્મા પોતાના નિર્મળ પર્યાયમાં ભવિષ્યમાં રહેશે. એનું પરિભ્રમણ મટી જઈ અને પૂર્ણ પરમાત્મા થઈ જશે. આહા...હા...! હવે રુચિ હોય એમ કર, કહે છે. .... છે, ભાઈ ! હવે તારી રુચિ હોય એમ કર. કારણ કે કરવાનું તો તારે છે. કાંઈ અમે તારું કરી દઈએ એમ છે ?

અહીં તો જરી વિચાર શું આવ્યો ? ઉપાસક અને ઉપાસ્ય. ઉપાસક છે તે પર્યાય છે અને ઉપાસ્ય છે તે ધ્રુવ વસ્તુ છે. હવે જ્યારે ઉપાસક પર્યાય માટે તો એમ આવ્યું કે તે એનો જન્મક્ષણના ઉત્પત્તિનો કાળ હોય ત્યારે તે થાય. હવે ત્યારે થાય તો એના કરનારને શું કરવું હવે ? એની ઉત્પત્તિ ... જે છે એનો .. છે એ તો પર્યાયમાં એ કાળ આવ્યો, પણ ધ્રુવના આશ્રય વિના એ પર્યાયનો કાળ અને શ્રદ્ધામાં–નિશ્ચયમાં એને આવે નહિ. એથી એણે ધ્રુવ ઉપર નજર નાખવાની છે. જેની સેવા કરવી છે એના ઉપર નજર નાખવાની છે. આહા...હા..! ભગવાન સામે આમ ટગ-ટગ જોવે તો એની સામું જોવે કે નહિ ? એ સવિકલ્પથી સેવ્ય અને આ સેવક થયો. હવે નિર્વિકલ્પથી સેવ્ય-સેવક થાવું હોય... આહા...હા...! તો એણે ટગ–ટગ ધ્રુવ સામું જોવું પડશે. સમજાણું કાંઈ ? ધ્રુવને ધ્યેય બનાવીને ધ્રુવની સેવા કરનારની પર્યાય.. આહા..હા...! એને ધર્મ કહીએ અને ધર્મની પર્યાય સેવા કરે ભગવાન આત્માની. ... લોકોને પ્રવૃત્તિ આડે નિવૃત્તિ ન મળે. ધર્મને નામે પણ પ્રવૃત્તિ આખો દિ' આ. આ પૂજા કરી ને આ પૂજા કરી ને સિદ્ધચક્રની કરી...

બાપુ ! તું જ્યાં છો ત્યાં બેસ ને. તું ક્યાં છો ? ચૈતન્યધામમાં તું છો. એ ચૈતન્યધામ ભગવાન પૂર્ણનંદનો નાથ.. અરે...! એની મોટપની તને મોટપ આવી નહિ. એની મહત્તાની મોટપ તને ન આવી અને રાગ ને પર્યાયની મોટપમા–રાગની રુચિમાં રહ્યો. આહા..હા...! સમજાણું કાંઈ ? કહે છે.. અહીં તો ઉપાસક છે ને ! પોતે ઉપાસક. તો ઉપાસક તો પર્યાય છે. અને **'પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ઉપાસ્ય છે.'** આહા..હા...! બેયની સંધિ જોડી. જેને ધર્મની પર્યાય તે કાળે પ્રગટ થાય એવું એનું સ્વરૂપ છે પણ તે કાળે પ્રગટ થાય તે પર્યાયનું સેવ્ય કોણ છે ? અંતર્મુખ દૃષ્ટિ કર, અંતર્મુખ દૃષ્ટિ કર. ત્યારે તે ઉપાસકની પર્યાય પ્રગટી તે સત્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'પોતાના સ્વસંવેદન જ્ઞાન વડે...'** દેખો ! એ ઉપાસક. **'પોતાના સ્વસંવેદન જ્ઞાન વડે..'** આ તો વીતરાગની વાણી ગંભીર છે. આ કંઈ વાર્તા ને કથા જેવું નથી કે ચકલી લાવી ચોખાનો દાણો ને

ચકલો લાવ્યો મગનો દાણો ને બનાવી ખીચડી.. આવે છે ને ? નાના છોકરાને કહે. ... કુંભારે ... એ વાત કરતાં. એવી આત્માની મૂળ વાત મૂકીને બધી વાતું (કરી). ... અરે...! ભગવાન ! કહે છે, સ્વસંવેદન જ્ઞાન વડે. આ પર્યાય. વસ્તુને લક્ષમાં લેતાં જે પર્યાય સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ, રાગ અને મનના આશ્રય વિના, જ્ઞાન વડે '**નિજ શુદ્ધાત્માની ઉપાસના કરવી તે પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે.**' લ્યો. પરમાત્મા એટલે પોતે પરમાત્મા, હોં ! પૂર્ણ પરમાત્મા થવાનો આ ઉપાય છે. ઓલા કહે કે વ્યવહાર નિશ્ચય .. .. બેય સાચાં છે. અરે..! સાંભળને. આહા..! પંચાધ્યાયીમાં તો કહે છે કે વ્યવહાર... મિથ્યાદૃષ્ટિ, નથી કહેતા ? વ્યવહારનય એકબીજાના કાર્યને બીજાના કહે છે, એ કારણ-કાર્યનો ગોટો વાળે છે. આ કારણ ને આ કાર્ય, એ વ્યવહારનય કહે છે એ રીતે માને એ મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .... તે ક્ષણે તે પર્યાય થાય, એમ જે ભગવાનની વાણીમાં આવ્યું, એ પર્યાય કઈ થાય ?–કે જો દ્રવ્ય ઉપર લક્ષ કરે તો નિર્મળ થાય, રાગ ઉપર લક્ષ કરે તો મલિન થાય. બાયડી-છોકરા પર ધ્યાન કરે તો અશુભ-મલીન થાય. દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ કરે તો શુભભાવ મલિન થાય.. ભગવાન ઉપર નજર કરીને ભાવ કરે તો શુભ થાય. આહા..હા..! પણ નવરાશ ક્યાં ? બાયડી, છોકરા, ધંધા કરવા.. એમાં આ મોંઘવારી. સાધારણ માણસને... લોકો રાડ પાડે છે. જેને છે એને છે. મજૂરને પણ મળે છે. ઘરના ચાર-પાંચ જણા હોય તો પાંચ-પાંચ ... ...

જેમાં એક સમયનું દુઃખ અનંત અનંત.. અનંત. આહા..હા...! એવા અનંત દુઃખ ને સંયોગની પ્રતિકૂળતાનો પાર નહિ. એ કાળમાં પણ આત્મા સ્વભાવની સન્મુખ થાય છે (અને) સમકિત પામે છે. નરકમાં. ... અમે શું કહીએ ? અમારે આમ કરવું પડે. બાપુ ! એ અગવડતા તને નડતી નથી. આહા..હા..! તારી માન્યતા તને નડે છે કે આ વિના હું કેમ કરી શકું ? એ વિના થઈ શકે છે. પરની અગવડતાનું લક્ષ છોડી દે. આહા..હા...! એમ સગવડતાનું લક્ષ છોડી દે. સગવડતા એના ઘરે રહી, આત્મામાં ક્યાં હતી ? આહા..! સમજાણું કાંઈ ? ઉપાસ્ય ભગવાન બિરાજે અને તું કો'કની સેવા કરવા જા... આહા..હા..! સમજાણું કાંઈ ?

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એમ કહે છે, તું મારી સેવા કરવા જા એમાં તને પુણ્ય થશે, બંધ થશે. આહા..હા...! આ તો વીતરાગ કહે. મોઢા સામું કોળિયો કોને ખરાબ લાગે ? ... તને ધર્મ થાશે. અમને આહાર-પાણી આપો, તમને ધર્મ થાશે. ભગવાન કહે છે, .. અરે..! તીર્થંકર પોતે જ્યારે છદ્મસ્થ હોય. આહાર લે ને ? આહાર લેવા જાય ને છદ્મસ્થ હોય ત્યારે. એને વ્હોરાવવાનો ભાવ પણ પુણ્ય છે. આહા..! સમજાણું કાંઈ ? સેવક તું અને સેવ્ય ઇ, એ ભાવ પુણ્ય છે, પણ સેવક હું અને સેવ્ય આ.

**'સિદ્ધ સમાન સદા પદ મેરો.– સિદ્ધના જેવું પરિપૂર્ણ મારું સ્વરૂપ શક્તિરૂપે છે.'** સામર્થ્યરૂપે છે, સત્‌ના સત્ત્વ રૂપે છે. એ સિદ્ધ સ્વરૂપ જ મારું સ્વરૂપ છે. આહા..! **'પરમાત્મપદ બહારમાં નથી.'** તારું પરમાત્મ સ્વરૂપ કંઈ બહારમાં નથી. આહા..! **'તે તો મારામાં જ છે.'** માણસને એવું લાગે ... આ તે કંઈ નિશ્ચયની વાતો.. નિશ્ચય એટલે સાચી. વ્યવહારની આરોપિત વાતું બધી...

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, પર્યાય એ જ વ્યવહાર છે. ઉપાસક પર્યાય એ જ સાધકને વ્યવહાર છે, ઉપાસ્ય તે નિશ્ચય છે. એ.. 'પોપટભાઈ' ! ... 'વડોદરા' થઈને 'પાલેજ' ગયા હતા ને ? (સંવત) ૨૦૧૩ની સાલ. ૧૮ વર્ષ થયા. એ... 'મનસુખ' ! ... તે દિ' અમે ન્યાં ગયા હતા. ... મહારાજ ! તમે કહો ઇ ... પણ એનું સાધન શું ? એને તો આ ભક્તિ કરવી, (એ સાધન). ધૂડેય સાધન નથી, સાંભળને ! આ ઉપાસક (પર્યાય) સાધન છે. સમજાણું કાંઈ ? ઇ ભક્તિ (સાધન) માનનારાઓને આ બેસવું કઠણ પડે. નિશ્ચયભક્તિ તો આ છે, ઓલી વ્યવહાર ભક્તિ છે. આવે, છે.

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ સમ્યગ્દર્શનની ભક્તિ જુદી છે. ... આહા..હા...! એટલે ? .. એટલે કે જેની મોટપ દૃષ્ટિમાં લેવી. આહા..હા...! એનો .... પૂર્ણ આનંદ તે હું, એવું ભજન એ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ ?

એ ચીજના જેવું. **'પરિપૂર્ણ મારું સ્વરૂપ શક્તિરૂપે છે. પરમાત્માપદ બહારમાં નથી. તે તો મારામાં જ છે, એવી નિરંતર ભાવનાના બળથી...'** ભાવના શબ્દે વિકલ્પ નહિ. સ્વરૂપની એકાગ્રતાના બળથી જેણે ધ્યેયને–ધ્રુવને ધ્યાનમાં લીધું, એના ધ્યાનમાં રહેલો જીવ અંદરમાં.. આહા..હા...! **'આત્મા પરમાત્મા બની શકે છે.'** ઇ પોતે પરમાત્મા બની જાય છે. એ વસ્તુ પરમાત્મસ્વરૂપ છે. એની શક્તિરૂપે છે. એની સેવના કરવાથી પર્યાયમાં પરમાત્મા બની જાય છે. આહા..હા...! વ્યવહારની રુચિવાળાને એવું લાગે... હાય..હાય ! આમાં વ્યવહારનો લોપ થઈ જાય છે. બાપુ ! સાધક પર્યાય વ્યવહાર... સાધક પર્યાય આત્મવ્યવહાર છે અને રાગાદિનો નિમિત્તનો વ્યવહાર સદ્‌ભૂત વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'નિરંતર ભાવનાના બળથી આત્મા પરમાત્મા બની શકે છે. તેવી તેની શક્તિ છે.'** તેવી તેની શક્તિ છે. **'જે આ શક્તિનું શ્રદ્ધા-જ્ઞાન કરે...'** જે સ્વરૂપની શક્તિની પૂર્ણતા, એનું શ્રદ્ધા-જ્ઞાન કરે છે **'તે જ પોતાના શુદ્ધાત્મામાં રમણતા કરી...'** ... આહા..હા...! **'પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.'** લ્યો. **'આ જ આરાધ્ય-આરાધક ભાવની વ્યવસ્થાનું સ્વરૂપ છે.'** છેલ્લી લીટી છે ને ? આ જ આરાધ્ય, આરાધક કરનારો આરાધ્ય કોણ ?–વસ્તુ અને આરાધક પર્યાય. એટલે ? પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છું તેનું જ્ઞાન, તેની શ્રદ્ધા અને તેમાં રમણતા–એ આરાધક. આરાધન એ. આહા..હા...!

તારી દશાની નિર્મળતા પ્રગટવા માટે પર સામું તને જોવાની જરૂર નથી. કારણ કે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય, એનું સંગ્રહ તે ગુણમાં છે; પરમાં નથી કે પરને લક્ષે આવે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'પોપટભાઈ' ! આ રૂપિયામાં ... પડી હોય. ... મફતનો માને.

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ જ પુરુષાર્થ છે.

**'આ જ...'** આ જ. એ નિશ્ચય છે. આરાધ્ય–પરમાત્મ સ્વભાવ એ જ આરાધવા લાયક છે અને એની નિર્મળ પર્યાય એની આરાધક છે. આરાધના પર્યાયથી થાય છે ને. એ પર્યાયનો આરાધ્ય કોણ ? વીતરાગી નિર્મળ પર્યાય તે આરાધક, એનો આરાધ્ય ભગવાન આત્મા. રાગપર્યાય તે આરાધક, ભગવાન એનો આરાધ્ય–એ તો વ્યવહાર આરાધક થયો, એટલે આરાધક નથી એને આરાધક માન્યું. આહા..હા...! અભૂતાર્થ.

**'તે જ બતાવીને કહે છે –'** ૩૨ શ્લોક.

**प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितम ।**

**बोधात्मानं प्रपन्नौऽस्मि परमानन्दनिर्वृतम्।।३२।।**

**ટીકા :– 'હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું.'** આહા..હા...! હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું. **'શું કરીને ? (મારા આત્માને) છોડાવીને–પાછો વાળીને, શાનાથી ?– વિષયોથી.'** એટલે આ પર તરફનો જે વિષય છે એમાંથી પાછો વાળીને. વિષય એટલે આ સ્ત્રીનો વિષય એટલું નહિ, પાંચે ઇન્દ્રિયોના વિષયો જે છે... આહા...હા...! ભગવાનની વાણી પણ વિષય છે, શુભરાગનો વિષય છે. પાંચ ઇન્દ્રિય છે ને ? આંખ, કાન, નાક, ... પર્યાય છે. એટલે એ ઇન્દ્રિયનો વિષય છે. ... સમજાણું કાંઈ ?

**'હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છે. શું કરીને ? છોડાવીને...'** એટલે શું ? **'પાછો વાળીને,..'** એટલે શું ? **'શાનાથી ?–વિષયોથી.'** પર તરફના વલણથી. પર તરફના વિષયથી પાછો વાળીને. આહા..હા...! વિષય શબ્દે એટલે એકલા ભોગ, ખાવા-પીવાનો વિષય એકલો નહિ. સ્વ વિષયને છોડીને જેટલા વિષય થાય એ બધા વિષયો. આહા..હા...! રાગ ને રાગના નિમિત્ત બધા વિષયો છે. સ્વવિષયનું ધ્યાન છોડીને જેટલું પર ઉપર જાય એ બધા વિષયો છે. એ વિષયોથી પાછો વાળીને.

**'શા વડે કરીને ? મારા જ વડે એટલે કરણ (સાધન)રૂપ...'** રાગ વડે નહિ, મારા સ્વરૂપના સાધન વડે. આ કરણ. હું કર્તા, મારા આત્માને પ્રાપ્ત થયો ઇ કર્મ–કાર્ય, શું કરીને ? **'કરણ (સાધન)રૂપ આત્મસ્વરૂપ વડે જ...'** આહા..હા...! શું કીધું અહીં ? હું એ કર્તા. મારા આત્માને પ્રાપ્ત

થયો એ એનું કર્મ. કર્મ નામ કાર્ય. શેના વડે ? મારા સ્વરૂપના સાધન વડે. છે ? **'મારા જ વડે...'** એટલે હું તો ચૈતન્યસ્વરૂપ છું, એ મારા વડે એટલે ચૈતન્યની પરિણતિ દ્વારા. આહા..હા...! આ તો 'સમાધિતંત્ર' છે ને ! યંત્ર, મંત્ર ને તંત્ર નથી કહેતા ? યંત્ર, મંત્ર ને તંત્ર. યંત્ર એટલે આ... મંત્ર એટલે ... તંત્ર આ–સાધન. ... વીતરાગનો ધર્મ હશે ? વીતરાગમાં તો એમ સાંભળીએ દયા પાળવી, વ્રત પાળવા, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, અપવાસ કરવો, છ પરબી બ્રહ્મચર્ય પાળવું, બસ ! 'પ્રેમચંદભાઈ' ! શું સાંભળ્યું હતું ત્યાં ? ભાઈ ! એ તો શુભ વિકલ્પની ક્રિયાની વાત છે, એ શુભ વિકલ્પની વાત છે, એ આત્માના સ્વરૂપની વાત નથી. સમજાણું કાંઈ ?

કહે છે, એ પાઠ જ બોલે છે. જુઓને ! '**अहंमामयैवमयिस्थितम्**' મારા વડે એટલે હું આનંદસ્વરૂપ છું. એ આનંદની પર્યાય વડે, રાગથી ભિન્ન પાડીને પ્રજ્ઞા સાધન વડે. આહા..હા...! **'ક્યાં રહેલા એવા હું મને પ્રાપ્ત થયો છું ?'** ક્યાં રહેલા એવા મને હું પ્રાપ્ત થયો છું ? **'મારામાં રહેલાને...'** મારામાં રહેલાને. જ્ઞાન, આનંદ, શાંતિ એ મારામાં છે, એ મારામાં રહેલો–મારામાં રહેલો છે. **'આત્મસ્વરૂપમાં રહેલાને.'** મારા આત્માના સ્વરૂપમાં રહેલાને મેં પ્રાપ્ત કર્યો છે. આહા..હા...! **'કેવા મને ?–બોધાત્માને...'** હું છું કોણ ? હું કીધું હતું ને ? છું કોણ ? **'બોધાત્માને એટલે જ્ઞાનસ્વરૂપને.'** હું તો જ્ઞાનસ્વરૂપ છું, પ્રજ્ઞાબ્રહ્મ છું. ચૈતન્યસ્વરૂપી ભગવાન છે એ મારામાં રહેલો છે એને હું પ્રાપ્ત કરું છું. વીતરાગ માર્ગ... વીતરાગી પર્યાય દ્વારા .. છે. કોને ? ... રહેલાને. આહા..! ...

**'કેવા મને ?–પરમ આનંદથી નિવૃત્ત (રચાયેલાને)...'** એટલે ? પરમ આનંદથી ભરેલો. નિવૃત્ત એટલે રચાયેલા, સુખી થયેલાને. પરમ આનંદથી નિવૃત્ત એટલે ભરેલો છું. હરણની નાભિમાં કસ્તૂરી પણ એની એને ખબર નહિ. એમ એના અંતરમાં આનંદ, અતીન્દ્રિય આનંદની કસ્તૂરી ભરી છે. એવા મને. આહા..હા...! સુખી થયેલા મને એટલે આત્માને પ્રાપ્ત થયો છું. આહા..! આનંદસ્વરૂપી ભગવાનમાં રહેલું એને હું પ્રાપ્ત થયો છું. રાગનો... એ તો પરના વશ થાય છે અને આનંદસ્વરૂપની પ્રાપ્તિ તો સ્વને આશ્રયે થાય છે અને એમાં રહ્યા છે એને મેં આનંદની પર્યાયથી પ્રાપ્ત કર્યો છે. આહા..હા...!

**'અથવા હું પરમ આનંદથી નિવૃત્ત (પરિપૂર્ણ) છું.'** ભાષા એમ છે ને ? '**परमानन्दनिर्वृतम्**' પરમાનંદથી નિપજેલું મારું તત્ત્વ છે અથવા પરમાનંદથી હું પરિપૂર્ણ છું. આહા..હા...! પર્યાયમાં આનંદની ગંધ નહિ અને એકલા રાગ ને દ્વેષ, સંકલ્પ-વિકલ્પ, દુઃખની ગંધ. બાપુ ! એ વસ્તુ જ નથી. મારામાં રહેલો છે એ તો આનંદ છે, એને મેં પ્રાપ્ત કર્યો છે. આહા.હા..! એનું નામ મોક્ષનો માર્ગ અને એનું નામ મોક્ષનો ઉપાય છે. (વિશેષ કહેશે...) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૫૬
## પ્રવચન નં. ૩૬, તા.૧૬-૭-૧૯૭૬
## [૧૦]

**'યહ સંસારી-જીવ વ્યવહારનયકર યદ્યપિ...'** જોકે **'વ્યવહારનયકર શુદ્ધાત્મજ્ઞાન કે અભાવસે ઉપાર્જન કિયે જ્ઞાનાવરણાદિ શુભાશુભ કર્મોંકે નિમિત્તસે નર-નારકાદિ પર્યાયોંસે ઉત્પન્ન હોતા હૈ,...'** શુદ્ધાત્માના ભાન વિના ઉપાર્જેલા જે કર્મો એને કારણે વ્યવહારનયથી નરકગતિ આદિમાં ઊપજે છે. **'નારકાદિ પર્યાયોંસે ઉત્પન્ન હોતા હૈ, ઔર વિનસતા હૈ,...'** એક ગતિમાં ઊપજે ને બીજી ગતિમાં જતાં એનો નાશ થાય અથવા ગતિમાં પણ સમયે સમયે ઉત્પાદ-વ્યય થયા કરે છે, ગતિમાં. **'ઔર આપ ભી શુદ્ધાત્મજ્ઞાનસે રહિત હુઆ કર્મોંકો ઉપજાતા (બાંધતા) હૈ,..'** એમ કહે છે. પોતે કર્મના નિમિત્તે ઊપજે છે અને પોતે કર્મને ઉપાર્જે છે, એમ કહેવું છે. **'શુદ્ધાત્મજ્ઞાનસે રહિત હુઆ કર્મોંકો ઉપજાતા (બાંધતા) હૈ,...'** શુભાશુભભાવ.

**'તો ભી શુદ્ધનિશ્ચયનયકર શક્તિરૂપ શુદ્ધ હૈ,...'** આહા..હા...! શક્તિ–એનો સ્વભાવ, દ્રવ્યસ્વરૂપ એ તો તદ્દન શુદ્ધ છે. આહા..! **'કર્મોંસે ઉત્પન્ન હુઈ નર-નારકાદિ પર્યાયરૂપ નહીં હોતા,...'** શક્તિરૂપ જે વસ્તુ છે એ ચાર ગતિપણે એ વસ્તુ ઊપજતી નથી. વસ્તુ તો દ્રવ્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન છે. આહા..! એ દૃષ્ટિનો વિષય છે. એકલો શુદ્ધ શક્તિમાત્ર પવિત્ર ભગવાન પરમાનંદ પરમપારિણામિક સ્વભાવ સ્વરૂપ એ તો નરક ગતિ આદિમાં ઉત્પન્ન પણ નથી થતો. છે ?

**'આપ કી કર્મ–નોકર્માદિકકો નહી ઉપજાતા...'** પોતે ઉપજતો નથી અને પોતે કર્મને ઉપજાવતો નથી. શુદ્ધ વસ્તુ જે દ્રવ્ય સ્વભાવ છે એ તો કર્મને ઉપજાવતો પણ નથી અને કર્મની પર્યાયપણે ઉપજતો પણ નથી. આહા..હા...! એવી ચીજ જે વસ્તુ છે એ ખરેખર સિદ્ધપદસ્વરૂપ છે, એ ઉપાદેય છે. આહા..હા...! **'વ્યવહારસે ભી ન જન્મતા હૈ,...'** શું કહ્યું ? શક્તિરૂપ દ્રવ્યસ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન, એ વ્યવહારથી પણ જન્મતો નથી. **'ન કિસી સે વિનાશ કો પ્રાપ્ત હોતા હૈ...'** કોઈથી નાશ પામે નહિ. **'ન કિસીકો ઉપજાતા હૈ, કારણકાર્યસે રહિત હૈ...'** વસ્તુ જે શુદ્ધ છે, શુદ્ધ ચૈતન્ય એ કોઈથી ઉપજતો નથી અને કોઈને ઉપજાવતો નથી, પરના કારણરૂપ થતો નથી અને પરના કાર્યરૂપ થતો નથી, કારણકાર્યરહિત દ્રવ્યસ્વરૂપ છે. સમજાણું કાંઈ ? કારણકાર્યથી રહિત વસ્તુ છે.

**'કારણ ઉપજાનેવાલેકો કહતે હૈં. કાર્ય ઉપજનેવાલેકો કહતે હૈં. સો વે દોનોં ભાવ વસ્તુમેં નહીં હૈ,...'** શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય સ્વભાવ, એમાં એ છે નહિ. આ તો દ્રવ્યસ્વભાવમાં કારણ-કાર્ય નથી, એમ કહ્યું, ભાઈ ! ત્યારે શક્તિમાં કીધું, અકાર્યકારણશક્તિ. એ વસ્તુ છે એ અકાર્યકારણ છે, એનો એ ગુણ છે, એના પર્યાયમાં પણ એ અકાર્યકારણરૂપ એનું – શક્તિનું તો પરિણમન છે. સમજાણું કાંઈ ? અહીં તો દ્રવ્ય જ લીધું છે એકલું. દ્રવ્ય પોતે કારણ નથી અને કાર્ય નથી. પર્યાયને ઉત્પન્ન કરે અને પર્યાયથી ઉત્પન્ન થાય. રાગ ને ગતિ આદિને ઉત્પન્ન કરે અને કર્મને ઉપાર્જે અને કર્મથી ગતિ આદિમાં ઊપજે પણ એ પર્યાયથી, વસ્તુ સ્વરૂપ છે એ નથી કારણ, નથી તે કોઈનું કાર્ય. અહીં વસ્તુના સ્વરૂપનું વર્ણન છે.

એ કારણકાર્યશક્તિમાં અકાર્યકારણ જે છે એ પર્યાયમાં પણ પરનું કારણ અને પરનું કાર્ય નથી. કેમકે ગુણ છે એનું પરિણમન હોય ને ! અકાર્યકારણ નામનો ગુણ આત્મામાં છે. તેનું પરિણમન પણ રાગને ઉપજાવતું નથી અને તેમ રાગથી તે પર્યાય ઉપજતી પણ નથી. નિર્મળ (પર્યાય)–નિર્મળ પર્યાય રાગ કારણથી ઉપજતી નથી અને રાગના કાર્યને નિર્મળ પર્યાય કરતી નથી. સમજાણું કાંઈ ? એવો અકાર્યકારણગુણ એને કેટલાક આ દ્રવ્યમાંથી દ્રવ્ય ત્યાં લે છે. એમ કહે છે કે દ્રવ્યની વ્યાખ્યા છે. દ્રવ્ય કારણ-કાર્ય નથી. અહીં છે એમ ત્યાં નથી. સમજાણું કાંઈ ? અહીં તો દ્રવ્ય કારણ-કાર્ય નથી એમ સિદ્ધ કરવું છે. પર્યાયમાં ઊપજે અને પર્યાયને ઊપજાવે એટલું સિદ્ધ કરવું છે.

૪૭ શક્તિમાં તો ભગવાન આત્મા અકાર્યકારણ સ્વભાવ–શક્તિ છે, પણ એ શક્તિનું કાર્ય હોય ને ? પરિણમન હોય ને ? એ પરિણમન રાગનું કાર્ય નથી અને રાગનું કારણ નથી. રાગને ઉપજાવતું નથી, રાગથી અકાર્યકારણની નિર્મળ પર્યાય ઉપજતી નથી. સમજાણું કાંઈ ? અહીંયા દ્રવ્યમાં લીધું એવું ત્યાં એકલા દ્રવ્યમાં લઈ લ્યે તો મેળ નહિ ખાય. એમ પંડિત લ્યે છે. અકાર્યકારણશક્તિ એવું દ્રવ્ય શબ્દ ત્યાં પડ્યો છે. એમ કહે છે, ઇ કહે છે. ખોટી વાત છે. સમજાણું કાંઈ ?

વસ્તુ આત્મા–ભગવાન આત્મા છે, એમાં અકાર્યકારણ નામની શક્તિ છે–ગુણ છે. એનું પરિણમન જે છે એ પણ અકાર્યકારણરૂપ છે, એમ સિદ્ધ કરવું છે ત્યાં અને શક્તિના વર્ણનમાં મલિન પરિણામ એની પર્યાય છે એ ત્યાં નથી. ત્યાં તો દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ, ક્રમસર. ક્રમ–અક્રમ–પર્યાયે ક્રમ અને ગુણે અક્રમ. એ ક્રમમાં તો નિર્મળ પરિણતિની વાત છે, ત્યાં મલિનની વાત નથી. શક્તિ નિર્મળ છે ને માટે એની પરિણતિ નિર્મળની જ ત્યાં વ્યાખ્યા છે. રાગ ભલે હો પણ એ રાગનું જ્ઞાન છે તે પરિણતિને લીધી ત્યાં. અહીંયા તો દ્રવ્યને કારણ-કાર્ય નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ?

**'સો...'** છે ને ? **'દોનોં ભાવ વસ્તુમેં...'** વસ્તુ એટલે દ્રવ્ય. **'ઇસસે દ્રવ્યાર્થિકનયકર જીવ નિત્ય હૈ,...'** લો. દ્રવ્યદૃષ્ટિથી એને જોઈએ તો નિત્ય વસ્તુ છે. એ કોઈથી ઊપજતો પણ નથી, એ કોઈને ઊપજાવતો પણ નથી.

**શ્રોતા :–** વ્યવહારસે ભી ન જન્મતા હૈ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહારથી પણ જન્મ ધારણ કરતો નથી. દ્રવ્ય વ્યવહારે શું જન્મ ધારણ કરે ? દ્રવ્ય છે એને વ્યવહારથી ક્યાં જન્મ છે ! પર્યાયને વ્યવહારથી જન્મ છે. સમજાણું કાંઈ ? એ તો અહીં સિદ્ધ કરવું છે. પર્યાયથી નારકી આદિ છે અને પર્યાયને નારકી આદિને ઉપજાવે છે. વસ્તુ જે છે એ કંઈ કોઈથી ઉપજતી પણ નથી, કોઈને ઉપજાવતી નથી. આહા..! સમજાણું કાંઈ ?

**'પર્યાયાર્થિકનયકર ઉત્પન્ન હોતા હૈ,..'** લ્યો, છે ? અહીં એ વાત લેવી છે. પર્યાયમાં ઉત્પન્ન-વ્યય છે, દ્રવ્યમાં ઉત્પન્ન-વ્યય નથી. દ્રવ્ય છે એ ધ્રુવ છે, એકરૂપ સ્વભાવ. ખરેખરે તો... આહા..! એની પર્યાયને પણ એ દ્રવ્ય ઉપજાવતું નથી. 'અમરચંદભાઈ' ! એ.. ધ્રુવ જે છે એ તો એની પોતાની પર્યાયને પણ ઉપજાવતું નથી. આહા..હા...! તેમ એ પર્યાયને નાશ કરતું નથી. દ્રવ્ય તો દ્રવ્ય ત્રિકાળ છે. આહા..હા...! એની પર્યાય જે છે તે ઊપજે છે અને વિણસે છે અથવા પર્યાય છે એ પરથી ઊપજે છે–વિકાર અને વિકારને ઊપજાવે છે, પર્યાય. આહા..હા..!

હવે શિષ્યને પ્રશ્ન થયો. તમે આ કહ્યું પણ સિદ્ધમાં શી રીતે આ લાગુ પડે ? સિદ્ધની પર્યાય તો નિર્મળ થઈ ગઈ છે. દ્રવ્ય પણ નિર્મળ અને પર્યાય પણ નિર્મળ. એને પર્યાયાર્થિકનયે ઊપજવું–વિણસવું સિદ્ધને શી રીતે લાગુ પડે ? એમ પ્રશ્ન કરે છે. સમજાય છે કાંઈ ? આહા...! **'સંસારી જીવોંકે તો નર-નારક આદિ પર્યાયોંકી અપેક્ષા ઉત્પત્તિ ઔર મરણ પ્રત્યક્ષ દિખતા હૈ, પરન્તુ સિદ્ધોંકે ઉત્પાદ-વ્યય કિસ તરહ હો સકતા હૈ ?'** આ પ્રશ્ન છે. સિદ્ધમાં ઉત્પાદ-વ્યય કઈ રીતે લેવો ? સંસારીને માટે તો ઠીક. સંસારની પર્યાયને ઉપજાવે અને એ પર્યાયને વ્યય કરે અથવા ઊપજે અને પરને–રાગાદિને ઊપજાવે, પણ સિદ્ધને શું છે પર્યાયનયે ? તમે તો એમ સિદ્ધ કર્યું કે પર્યાયનયે દરેક આત્મામાં ઉત્પાદ અને વ્યય છે, તો સિદ્ધને ઉત્પાદ-વ્યય શી રીતે છે, એમ સિદ્ધ કર છે. સમજાણું કાંઈ ? **'સિદ્ધોંકે ઉત્પાદ-વ્યય કિસ તરહ હો સકતા હૈ ? ક્યોંકિ ઉનકે વિભાવ-પર્યાય નહીં હૈ,...'** ચાર ગતિની પર્યાય છે નહિ. **'સ્વભાવ-પર્યાય હી હૈ ઔર વે સદા અખંડ અવિનશ્વર હી હૈં.'** સ્વભાવપર્યાય સદા અખંડ અવિનશ્વર છે.

**'ઇસકા સમાધાન યહ હૈ–કિ જૈસા ઉત્પન્ન હોના, મરના ચારોં ગતિયોંમેં સંસારી જીવોંકે હૈ, વૈસા તો ઉન સિદ્ધોંકે નહીં હૈ,...'** હવે સિદ્ધમાં ઉત્પાદ-વ્યય સિદ્ધ કરે છે. ઓલા તમારા કહેતા હતા ને, શેઠ ! દાઢીવાળા, નહિ ? 'ડેડિયા'. સિદ્ધમેં ભી પર્યાય ? શું કીધું ? પીછે પડી ? કાંઈ ખબર ન મળે. સિદ્ધમાં પણ હજી પર્યાય ? છોડતી નહીં ? પીછા નહીં છોડતી ? સિદ્ધ મેં ભી પર્યાય પીછા

નહીં છોડતી ? કાંઈ ખબર ન મળે. અહીં એ પ્રશ્ન છે કે સંસારીજીવને તમે ઉત્પાદ-વ્યય કહો તો બરાબર છે. સિદ્ધ તો પૂર્ણ સ્વરૂપ થઈ ગયા, વિભાવ તો છે નહિ, એકલો સ્વભાવ પર્યાય પ્રગટ થઈ ગયો છે, એને ઉત્પાદ-વ્યય તમે શી રીતે લાગુ પાડો છો ? તમે એને ઉત્પાદ-વ્યય કીધા. પર્યાયનયે દરેક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય કીધા તો સિદ્ધમાં ઉત્પાદ-વ્યય કઈ રીતે ? આહા..હા...! સમજાણું કાંઈ ? તો કહે છે, સાંભળ !

**'જૈસા ઉત્પન્ન હોના, મરના ચારોં ગતિયોંમેં સંસારી જીવોંકે હૈ, વૈસા તો ઉન સિદ્ધોંકે નહીં હૈ, વે અવિનાશી હૈં, પરન્તુ શાસ્ત્રોંમેં પ્રસિદ્ધ અગુરુલઘુ ગુણકી પરિણતિરૂપ અર્થપર્યાય હૈ,...'** સિદ્ધને પણ અગુરુલઘુની અર્થપર્યાય સમયે સમયે છે. **'વહ સમય-સમયમેં આવિર્ભાવ–તિરોભાવરૂપ હોતી હૈ.'** જોયું ? સમયે સમયે ઉત્પન્ન અને વ્યય. એક સમયમાં ઉત્પન્ન અને વ્યય ત્યાં તો થાય છે. ષટ્ગુણહાનિવૃદ્ધિ છે ને ! એક જ સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. પહેલાં સમયે ઉત્પન્ન થાય અને બીજા સમયે વ્યય થાય એ વળી પછી (વાત). પણ આ તો એક સમયમાં હાનિ અને વૃદ્ધિ. સિદ્ધની કેવળજ્ઞાનની પર્યાયમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ છે. એક સમયે હાનિવૃદ્ધિ. એવો જ પર્યાયનો સ્વભાવ ભગવાને જોયો. ઇ કહેશે. **'તિરોભાવરૂપ હોતી હૈ.'**

**'સમયમેં પૂર્વપરિણતિકા વ્યય હોતા હૈ ઔર આગેકી પર્યાયકા આવિર્ભાવ (ઉત્પાદ) હોતા હૈ. ઇસ અર્થપર્યાયકી અપેક્ષા ઉત્પાદ-વ્યય જાનના,...'** એક વાત. સિદ્ધને અગુરુલઘુની અર્થપર્યાયની અપેક્ષાએ ઉત્પાદ-વ્યય જાણવો. એક બોલ આ લીધો. હજી બીજા બોલ લેશે. **'અન્ય સંસારીજીવોંકી તરહ નહીં હૈ.'** સંસારીને જેમ નારક ગતિ આદિ ઉત્પન્ન થાય અને પોતે રાગને ઉપજાવે એવું નહિ, પણ અર્થપર્યાયની અપેક્ષાએ... આહા...હા...! સમય સમયમાં ઉત્પાદ-વ્યય એટલે હાનિવૃદ્ધિ. આલો ઉત્પાદ-વ્યય એમ નહિ, પણ એક સમયમાં હાનિ-વૃદ્ધિ થાય એવો એનો સ્વભાવ છે. આહા..!

**'સિદ્ધોંકે એક તો અર્થપર્યાયકી અપેક્ષા ઉત્પાદ-વ્યય જાનના કહા હૈ. અર્થપર્યાયમેં ષટ્ગુણહાનિવૃદ્ધિ હોતી હૈ.'** જોયું ? સમય સમયમાં. **'૧. અનંતભાગવૃદ્ધિ.'** એ સૂક્ષ્મ કેવળજ્ઞાનગમ્ય વાત છે. કેવળજ્ઞાનની પર્યાયમાં અનંતભાગવૃદ્ધિ-અનંતભાગહાનિ એમ થયા કરે છે. પર્યાય તો છે એ છે. **'૧. અનંતભાગવૃદ્ધિ. ૨. અસંખ્યાતભાગવૃદ્ધિ. ૩. સંખ્યાતભાગવૃદ્ધિ. ૪. સંખ્યાતગુણવૃદ્ધિ, ૫. અસંખ્યાતગુણવૃદ્ધિ, ૬. અનંતગુણવૃદ્ધિ.'** એમ **'૧. અનંતભાગહાનિ, ૨. અસંખ્યાતભાગહાનિ, ૩. સંખ્યાતભાગહાનિ, ૪. સંખ્યાતગુણહાનિ, ૫. અસંખ્યાતગુણહાનિ, ૬. અનંતગુણહાનિ. યે ષટ્ગુણી હાનિ-વૃદ્ધિ કે નામ કહે હૈં. ઇનકા સ્વરૂપ તો કેવળીકે ગમ્ય હૈ,...'** સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની એક પર્યાયમાં, એક પર્યાયમાં એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ એ તો કોઈ સ્વભાવ છે, ભગવાન જાણે છે.

**શ્રોતા :–** શ્રુતકેવળી પણ જાણે ચ

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ જાણે તો કેવળીમાં બાકી શું રહ્યું ? આ બધું જાણ્યું જાય તો ઓલામાં બાકી શું રહ્યું જાણવાનું ?

**શ્રોતા :–** પરોક્ષપણે જાણે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ આ નહિ.

**શ્રોતા :–** શ્રુતજ્ઞાન જાણે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ આ નહિ, આ નહિ. એ તો 'પંચાસ્તિકાય'માં આવ્યું છે ને ! 'અમૃતચંદ્રાચાર્ય'ની સંસ્કૃત ટીકામાં. આગમગમ્ય છે, ત્યાં એમ લીધું છે. છે ને ? એ વસ્તુનો કોઈ સ્વભાવ છે એવો કોઈ. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય તો એવી ને એવી રહી, એમાં કાંઈ જાણવું ઓછું-વત્તું થાય નહિ, પણ એ પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ (થાય છે). એક સમયમાં ષટ્ગુણહાનિ અને ષટ્ગુણવૃદ્ધિ. એ તે કંઈ (વાત છે) !

**શ્રોતા :–** આગમગમ્ય ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આગમગમ્ય એટલે શાસ્ત્ર જાણે. સિદ્ધાંત આગમથી માનવા લાયક છે, એમ કહેવું છે. તમને અનુભવમાં ઇ નહિ બેસી શકે.'પંચાસ્તિકાય'માં છે. આહા..હા..!

બીજી રીતે તો એવું છે, એક ઠેકાણે એમ આવે છે કે જો બધું શ્રુતજ્ઞાનમાં જણાય તો કેવળજ્ઞાનમાં જાણવાનું અચિંત્ય અને અપૂર્વ શું રહ્યું ! આવે છે. આહા..હા...! .. ન જણાય, એ તો કેવળીગમ્ય છે, એમ અહીં કહે છે. જેમ શ્રુતજ્ઞાન પરોક્ષ છે તો બધું જાણે તો આ પણ પરોક્ષ છે (એને પણ જાણે), એમ નહિ. પરોક્ષ પણ એના ખ્યાલમાં બધી વાત આવે છે. આ ખ્યાલમાં આવે એવી વાત જ નથી. ઝીણી વાત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એવો જ કોઈ પર્યાયનો સ્વભાવ છે. એ એક જ સમયમાં અનંતભાગવૃદ્ધિ, અસંખ્યભાગવૃદ્ધિ, સંખ્યભાગવૃદ્ધિ, અનંતગુણવૃદ્ધિ, અસંખ્યગુણવૃદ્ધિ, સંખ્યગુણવૃદ્ધિ અને એક સમયમાં અસંખ્યભાગહાનિ, સંખ્યભાગહાનિ, અનંતભાગહાનિ અને સંખ્યભાગવૃદ્ધિ, અસંખ્યભાગવૃદ્ધિ, અનંતભાગવૃદ્ધિ. આહા..હા...!

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ આ રીતે જ કહીને છોડી દીધું છે. એનો અર્થ ઇ છે કે ઇ પર્યાયનું આવું સામર્થ્ય કોઈ કેવળજ્ઞાનગમ્ય જ છે. સાધારણને એ વાત નહિ બેસી શકે. એવું અચિંત્ય કેવળજ્ઞાનનું માહાત્મ્ય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ ? આ તર્કથી નહિ બેસે એમ કહે છે આ. ગંભીરતા બતાવે છે. એવો કોઈ પર્યાયમાં... સમય એક અને ષટ્ગુણહાનિ તે સમયે અને તે સમયે ષટ્ભાગવૃદ્ધિ. ષટ્ગુણહાનિવૃદ્ધિ. આહા..હા...!

**શ્રોતા :–** વૃદ્ધિનો અર્થ શું અને હાનિનો અર્થ શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઓછું થાય. હાનિમાં ઓછું થાય અને વૃદ્ધિમાં વધે.

**શ્રોતા :–** કેવળજ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નહિ, અવિભાગ પ્રતિચ્છેદ છે એટલા છે. જરી ઝીણી વાત છે. કેવળજ્ઞાનના પર્યાય તો જેટલા છે એટલા જ છે. એમાં ઓછાવત્તું થાય એમ નથી. આ વાત બાપુ ! એવી છે. કેવળજ્ઞાનને કાંઈ રાખશો કે નહિ એને માટે ? કે બધું આમાં જણાય જાય ? એમ કહે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રત્યક્ષ નહિ.

**શ્રોતા :–** એના માટે પરોક્ષ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, નહિ, નહિ. એ નહિ. એમ પણ નહિ. આને પરોક્ષ, આને પ્રત્યક્ષપણું રાખ્યું એમ પણ નહિ. એ કોઈ અચિંત્ય સ્વભાવ છે, ભાઈ !

કેવળજ્ઞાનની એક પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણવાની પોતાની પર્યાય જાણતાં જણાય. એટલી તો તાકાત એની સમય સમયમાં ! એ પર્યાયમાં ઓછાવત્તું થાય એ જાતનું જે વ્યક્ત, એમાં નહિ, પણ એ પર્યાયનો એવો કોઈ સ્વભાવ છે એટલે કેવળી જ જાણે. એને માટે બાકી રાખી વાત, એમ કહે છે.

**શ્રોતા :–** કેવળી જ જાણે એટલું આપણે જાણીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કેવળી જાણે એવું તું જાણે, એમ માન. આહા..હા...!

**શ્રોતા :–** પરોક્ષ અને પ્રત્યક્ષ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નહિ. ન રહી. કોણે કીધું ? એ તો ના પાડી ને. આ પરોક્ષ આવી જાય એને એમ પણ નહિ. પ્રત્યક્ષ એને થાય એમ પણ નથી. એને એ કોઈ સ્વભાવ કેવળજ્ઞાનમાં એ પર્યાયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ (થાય) એવો જ કોઈ પર્યાયનો સ્વભાવ એ સર્વજ્ઞને જ જ્ઞાનગમ્ય છે. એને માટે બાકી રાખ્યું છે. આહા..હા...!

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એવું હોય તો પરથી સિદ્ધ થાય એ આગમગમ્ય કીધું. 'પંચાસ્તિકાય'માં છે ને ઇ ! કેટલામી ગાથામાં છે ? કેટલામાં છે ? ક્યાંક છે ને ? 'પંચાસ્તિકાય'. એ જ પદ સામે આવ્યું. એ પદ ને એ લીટી. જુઓ ! છે ? **'પર્યાયાસ્ત્વગુરુલઘગુણહાનિવૃદ્ધિનિર્વૃત્તાઃ શુદ્ધાઃ, સૂત્રોપાત્તાસ્તુ'** પાઠ સામો ઇ આવ્યો તરત. નીકળતા કયે ઠેકાણે હશે ? સોળમી ગાથામાં આવ્યું. છેલ્લો શબ્દ. સમજાણું ? એ જ શબ્દ સામે આવ્યો, પાઠ નીકળતાં. કુદરત સામે છે. એ જ શબ્દ પાછો. સામે જુઓ ! **'શુદ્ધાઃ, સૂત્રોપાત્તા'** છે ? **'સૂત્રોપાત્તા'** નર, નારકીમાં છે એ બીજી વાત છે. **'સૂત્રોપાત્તા'** આગમગમ્ય છે એમ છે. અહીં તો આવ્યું. **'શુદ્ધાઃ, સૂત્રોપાત્તા'** એટલું. આહા..હા...!

આગમગમ્ય છે. આગમગમ્ય એટલે ? શ્રુતજ્ઞાનથી જણાય એમ નહિ. શ્રુતજ્ઞાનમાં એમ જણાય કે આ કેવળજ્ઞાનગમ્ય છે. શ્રુતજ્ઞાનમાં આમ જણાય કે એ કેવળજ્ઞાન જાણે છે એમ. એવો અર્થ છે. આહા..હા...! દ્રવ્યની લીલા એની છે ને ! ભાઈ ! એ સર્વજ્ઞ પરમેશ્વરે જોયું, એ કોઈ બીજાએ જોયું નથી. આહા..હા...!

પર્યાયનો દરબાર સૂક્ષ્મ. દરેક પર્યાય પાછી. કેવળજ્ઞાનની પર્યાય, અનંત આનંદની પર્યાય, અનંત વીર્યની પર્યાય, બધી પૂર્ણ થઈ ગયેલી છે. અનંત ઈશ્વરતાની પર્યાય, અનંત સ્વચ્છતાની પર્યાય, અનંત કર્મની પર્યાય, કર્તા, કર્મ ગુણ છે ને એની પર્યાય ત્યાં પૂર્ણ થઈ ગઈ છે. છતાં એ એક એક પર્યાયમાં, એક એક ગુણની એક એક પર્યાયમાં એક એક સમયમાં હાનિ અને વૃદ્ધિ એક જ સમયમાં. પહેલે સમયે હાનિ અને બીજે સમયે વૃદ્ધિ એમ પણ નહિ. ઓલાએ જરી ખુલાસો કર્યો છે. 'દીપચંદજી', 'ચિદ્‌વિલાસ'માં. પહેલી પર્યાય જાય છે–વ્યય અને પછી થાય ઉત્પાદ. એમ. જરી મેળવ્યું છે. ષટ્‌ગુણહાનિમાં આમ લેવું. આ તો કોઈ અચિંત્ય સ્વભાવ, જે કેવળજ્ઞાનમાં જ જણાય. આહા...હા...! શ્રુતજ્ઞાનમાં પરોક્ષથી પણ વાત બાકી રાખી. શ્રુતજ્ઞાનમાં પરોક્ષમાં બધું જણાય. ફેર પ્રત્યક્ષ અને પરોક્ષ એટલો જ છે, બાકી છે બધું, પણ આ નહિ. આ એને કેવળજ્ઞાનગમ્ય છે એવું સૂત્રમાં જાણે. આહા..હા...! એવી વાતું છે. આવી ગયું ? ષટ્‌ગુણનું થઈ ગયું.

**'ઇનકા સ્વરૂપ કેવલીકે ગમ્ય હૈ,...'** લ્યો, ઠીક ! છે ને ? પોતે ખુલાસો કરશે. ટીકામાં આટલું છે. **'आगमप्रसद्धिग्यागुरुलघुकगुणहानिवृद्धयपेक्षया'** સંસ્કૃતમાં એટલું છે. એણે કેવળીગમ્યનો વિશેષ ખુલાસો કર્યો. **'ઇસ ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિકી અપેક્ષા સિદ્ધોંકે ઉત્પાદ-વ્યય કહા જાતા હૈ.'** એક વાત તો આ. **'અથવા...'** બીજી રીતે. **'સમસ્ત જ્ઞેયપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણમતે હૈં,...'** દરેક પદાર્થ ઉત્પાદ-વ્યયપણે સદાય પરિણમે છે. **'સો સબ પદાર્થ સિદ્ધોંકે જ્ઞાન-ગોચર હૈં. જ્ઞેયાકાર જ્ઞાનકી પરિણતિ હૈ,...'** જેવી જ્ઞેયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ થાય છે, ષટ્‌ગુણહાનિ નહિ પણ ઉત્પાદ-વ્યય થાય છે, એવો જ ઉત્પાદ-વ્યય અહીં જ્ઞાનમાં જણાય છે. જ્ઞેયાકાર જે ઉત્પાદ-વ્યય ભિન્ન ભિન્ન ત્યાં થાય છે, એટલે અહીં પણ ભિન્ન ભિન્ન ઉત્પાદ-વ્યય થાય છે. પહેલે સમયે જે જાણ્યું હતું, ત્યાં થાય છે એવું, એ પાછું જ્યાં બદલ્યું ન્યાં તો બીજે સમયે બીજું જાણ્યું. ભલે એવું ને એવું પણ બીજી રીતે જાણ્યું. જેવું ત્યાં થયું એવું જાણ્યું. સમજાણું કાંઈ ? એ જ્ઞેયના પલટવાની અપેક્ષાએ પણ જ્ઞાન ઉત્પાદ-વ્યયપણે પલટે છે એમ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ? આ તો વીતરાગમાર્ગ છે, બાપા ! સર્વજ્ઞ સ્વભાવ શું ! આહા..!

**શ્રોતા :–** ... બધી ચોખવટ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ઇ ચોખવટ તો કેવળજ્ઞાની જાણે, એમ કહે છે. એક ઠેકાણે આવે છે, હોં ! એમ કે શ્રુતજ્ઞાનમાં બધું જણાય તો કેવળજ્ઞાનમાં વિશેષતા શી એની ? આવે છે, આવે છે

એક ઠેકાણે. આહા..હા...! એક સમયનો કેવળપર્યાય ત્રણકાળને (જાણે).... એમાં નહિ, એમાં હાનિવૃદ્ધિ થાય એમ કહે છે. કેવળજ્ઞાનની પર્યાય છે તો ઘટી જાય, ઓછું જ્ઞાન થાય અને વિશેષ થાય એમ નહિ. કેવળજ્ઞાનની પર્યાય તો પૂર્ણ છે એ એટલી ને એટલી જ રહે છે, પણ એ પર્યાયમાં આવો ષટ્‌ગુણહાનિવૃદ્ધિ સ્વભાવ છે એ કેવળજ્ઞાનગમ્ય છે. આહા..હા...! શ્રુતજ્ઞાનમાં બધું જણાય જાય તો કેવળજ્ઞાન... એ કેવળજ્ઞાનની અચિંત્ય મહિમા છે કે એ એ જ જાણે. આ દ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાખ્યા છે ને. ઇ પર્યાય તો બસ, કેવળીગમ્ય છે. આહા..હા...! એટલી મહિમાવંત છે, એમ કહે છે. આહા...હા...! એવો કોઈ પર્યાયનો સ્વભાવ મહિમાવંત (છે). એ જ સમયે હાનિ, એ જ સમયે વૃદ્ધિ. એક સમયે હાનિ ને બીજે સમયે વૃદ્ધિ એમ હોય તો તો... આહા..હા...!

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એમ પણ નહિ. અહીં તો વર્તમાન ઉત્પાદમાં હાનિ ને વૃદ્ધિ એક સમયમાં. સમજાણું કાંઈ ? આ તો અચિંત્ય સ્વભાવ છે, ભાઈ ! આહા..હા...! એ સર્વજ્ઞ કેવળી પરમાત્મા, એને ગમ્ય છે એ. એટલું માહાત્મ્ય તો કર. શ્રુતજ્ઞાનમાં બધું આવી જાય (તો કેવળજ્ઞાનમાં બાકી શું રહે ?)

**શ્રોતા** :– અવ્યક્ત ગુણનું પરિણમન સિદ્ધ ભગવાનને કેવી રીતે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો પરિણમન છે એ તો સદાય છે, પણ એની અહીં વાત નથી, એની વાત નથી. એ એક સમયની પર્યાયમાં, દરેક ગુણની એક સમયની પર્યાયમાં દ્રવ્યત્વગુણ, પ્રમેયત્વગુણ, અગુરુલઘુ... શું કહેવાય ? જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરેની પર્યાય. એ તો દરેકની એક સમયની પર્યાયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ એક જ સમયમાં. આ તો અચિંત્ય વાત છે ને ! આહા..હા...! એવો ગંભીર દરિયો છે. પર્યાયમાં એક સમયની પૂર્ણ પર્યાયમાં તે જ સમયમાં ષટ્‌ગુણપણે હાનિ, અનંતગુણપણે હાનિ અને અનંતભાગપણે હાનિ-વૃદ્ધિ. અનંતગુણ વૃદ્ધિ અને અનંતગુણ હાનિ. આહા..હા..! એવું જ કોઈ એનું સ્વરૂપ છે. કેવળીગમ્ય છે. પરમાત્મા, એનું માહાત્મ્ય રાખ. આહા..હા...! એક વાત ઇ.

બીજી, જ્ઞેયો જે છે એ સમયે સમયે પલટે છે. ભવિષ્યની પર્યાય વર્તમાન થઈ, વર્તમાનની પર્યાય ભૂતમાં ગઈ, કેમકે ત્યાં થાય છે ને ? એ રીતે અહીં જ્ઞાન પરિણમે પાછું. સમજાણું કાંઈ ? એ રીતે પણ એનો ઉત્પાદ-વ્યય સિદ્ધ કર્યો. બીજે બોલે. '**સમસ્ત જ્ઞેયપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણમતે હૈં, સો સબ પદાર્થ સિદ્ધોંકે જ્ઞાનગોચર હૈં. જ્ઞેયાકાર જ્ઞાનકી પરિણતિ હૈ,...**' એ જેવું જ્ઞેય પલટે છે એવી પરિણતિ અહીં થાય છે. પોતાથી, હોં ! એને લઈને નહિ. સમજાણું કાંઈ ? સામા દ્રવ્યમાં...

**શ્રોતા** :– આમાં લીધું છે, ધ્રુવ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધ્રુવ તો ભેગું લઈ લીધું છે. એ તો ધ્રુવ ભેગું લીધું છે. એ તો એક ન્યાયે ગુણ પરિણમે છે એમ આવે છે. 'પંચાધ્યાયી'માં લીધું છે. એ અપેક્ષાથી લીધું છે. એમ કે ધ્રુવ છે... પર્યાય છે એ આવે છે ને જાય છે, એટલું થાય છે ને, એટલું ગુણમાં પણ પર્યાયનયે પરિણમન છે. આ અપેક્ષાએ, હોં ! 'પંચાધ્યાયી'માં છે ઇ. છે, ખબર છે. આહા..હા...! ખજાનો મોટો છે ભાઈ આ તો.

**શ્રોતા :–** બધાને વેંચી નાખો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ આપે ને કોણ લે ! તમે તો શરાફ છો. પૈસા આપો બધાને. આહા..હા..!

અહીંયા તો સિદ્ધમાં ઉત્પાદ-વ્યય કેમ છે ? એ તો અવિનાશી છે. અવિનાશી એટલે પર્યાય તો એવી ને એવી સરખી થયા જ કરે છે. એમાં ઉત્પાદ-વ્યય પર્યાય થાય એમ નહિ, પણ એનો પર્યાય અવિનાશી એવો ને એવો થયા જ કરે છે, તેથી એને કૂટસ્થી કીધું છે. 'પંચાસ્તિકાય'માં. કેવળજ્ઞાનની પર્યાયને કૂટસ્થ કીધી છે. છે તો પરિણમન, પણ એવી ને એવી રહે છે ને એટલે એ અપેક્ષાએ કૂટસ્થ કીધી છે. કઈ અપેક્ષાએ છે એ સંસ્કૃતમાં પાઠ છે. કેવળજ્ઞાનની પર્યાયને કૂટસ્થ કીધી છે. છે તો પરિણમન. કૂટસ્થનો અર્થ એવી ને એવી રહે છે એ અપેક્ષાએ કૂટસ્થ.

**શ્રોતા :–** 'પ્રવચનસાર'માં એને નિત્ય કીધી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કીધું ને કૂટસ્થ કીધું એટલે નિત્ય થઈ ગયું. એ અપેક્ષાએ નિત્ય કહેવાય. એ અપેક્ષાએ, હોં ! આહા..હા...!

એક તો પોતાના સમયની પર્યાયમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિને લઈને પણ સિદ્ધને ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે. બીજી રીતે, જ્ઞેયમાં ઉત્પાદ-વ્યય ભિન્ન ભિન્ન એની ભૂતકાળની પર્યાય, ભવિષ્યની પર્યાય વર્તમાનમાં થાય, વર્તમાન છે ઇ ભૂતમાં જાય, વર્તમાન છે ઇ ભૂતમાં જાય, ભવિષ્યની પર્યાય વર્તમાન થાય. એવું ત્યાં જ્ઞેયમાં થાય છે ને ! એવું અહીં જ્ઞાનમાં પરિણમન થાય છે. સમજાણું કાંઈ ? કેવળજ્ઞાન પણ... સામાન્ય જે વર્તમાન પર્યાય છે એ ગઈ, બીજે સમયે ગઈ અને બીજે સમયે જે ભવિષ્યની હતી તે આવી. એટલું થયું ને ? એ રીતે સિદ્ધ જાણે છે તો એ અપેક્ષાએ એમાં ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે. એ પોતાને કારણે, હોં ! એ કંઈ પરને કારણે નહિ. સમજાણું કાંઈ ? આ તો દ્રવ્ય-ગુણ-પર્યાયની વાતું ઝીણી, બાપા ! આહા...! પરમાત્માની...

**'જ્ઞેયાકાર જ્ઞાનકી પરિણતિ હૈ, સો જબ જ્ઞેય-પદાર્થમેં ઉત્પાદ-વ્યય હુઆ,...'** જોયું ? ઉત્પાદ-વ્યય હુઆ. **'તબ જ્ઞાનમેં સબે પ્રતિભાસિત હુઆ, ઇસલિયે જ્ઞાનકી પરિણતિકી અપેક્ષા ઉત્પાદ-વ્યય જાનના.'** જ્ઞેયની પરિણતિની અપેક્ષાએ જ્ઞાન પરિણમ્યું એ અપેક્ષાએ એને ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે. આહો..હા...! બે વાત થઈ.

ત્રીજી વાત, સિદ્ધમાં ઉત્પાદ-વ્યયને સિદ્ધ કરવાની ત્રણ રીત. સિદ્ધની પર્યાય એવીને એવી અવિનાશીપણે રહેતી હોવા છતાં... અવિનાશી એટલે ? પર્યાય તો બદલે છે પણ એનું સ્વરૂપ એવું છે કે એવું ને એવું બીજે સમયે, એવું ને એવું ત્રીજે સમયે, એવું ને એવું ચોથે સમયે (રહે છે). એવું હોવા છતાં તેમાં અગુરુલઘુની અપેક્ષાએ ષટ્ગુણહાનિવૃદ્ધિની અપેક્ષાએ પર્યાયમાં ઉત્પાદ-વ્યય. જ્ઞેયમાં સમયે સમયે બદલો થાય છે એ અપેક્ષાએ અહીં પોતામાં પણ બદલો થાય એ અપેક્ષાએ પણ એને ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે. બે (વાત થઈ). હવે ત્રીજું. સિદ્ધને ઉત્પાદ-વ્યય સિદ્ધ કરવામાં હવે ત્રીજી વાત. આહા..! આ તો સમજાય એવું છે. ભાષા કાંઈ બહુ એવી નથી. આહા..હા...!

**'અથવા જબ સિદ્ધ હુએ, તબ સંસાર-પર્યાયકા વિનાશ હુઆ, સિદ્ધપર્યાયકા ઉત્પાદ હુઆ,... '** લ્યો. એ અપેક્ષાએ પણ ઉત્પાદ-વ્યય કહ્યું. સંસારપર્યાયનો વ્યય, સિદ્ધપર્યાયનો ઉત્પાદ. એ અપેક્ષાએ ઉત્પાદ-વ્યય કહ્યું. એક જ સમય છે ને.

**શ્રોતા :–** ક્યારે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ વખતે. સિદ્ધના પહેલે સમયે. પછી પછીનું કાંઈ નહિ. પછીની પર્યાય પણ એક સમયે વ્યય ને પછીની પર્યાય ઉત્પાદ થાય છે. પણ અહીં તો સ્થૂળપણે સંસારપર્યાયનો વ્યય, સિદ્ધપર્યાયનો ઉત્પાદ. આ અપેક્ષાએ પણ ઉત્પાદ-વ્યય લાગુ પડે છે. આહા..! આવો માર્ગ વીતરાગનો બાપુ ! ક્યાંય છે નહિ ! અને એમાં પણ દિગંબર સંતો સિવાય (ક્યાંય નથી). કેવળીના માર્ગ એણે ઊભા રાખ્યા છે. આહા..હા...!

**'જબ સિદ્ધ હુએ, તબ સંસાર-પર્યાયકા વિનાશ હુઆ, સિદ્ધપર્યાયકા ઉત્પાદ હુઆ તથા દ્રવ્યસ્વભાવસે સદા ધ્રુવ હી હૈં. સિદ્ધોંકે જન્મ, જરા, મરણ નહીં હૈ,...'** આહા..હા...! એ તો **'સદા અવિનાશી હૈં.'** જન્મ-મરણની અપેક્ષાએ, હોં ! **'સિદ્ધકા સ્વરૂપ સબ ઉપાધિયોંસે રહિત હૈ, વહી ઉપાદેય હૈ...'** આહા..હા...! 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' ભગવાન આત્મા જ ઉપાદેય છે. સમજાણું કાંઈ ? આ ભાવાર્થ છે. છે ને અંદર ?

**શ્રોતા :–** ષટ્ગુણહાનિવૃદ્ધિ ને અગુરુલઘુ એ બંને એક જ છે કે અળગ-અલગ અપેક્ષા છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકસાથે. અપેક્ષા ભિન્ન. ત્રણ (અપેક્ષા થઈ). એક અર્થપર્યાય અગુરુલઘુ અને એક જ્ઞેય પરિણમે તેમ પરિણમે તે જ્ઞાનનું પરિણમન અને એક સંસારનો નાશ અને સિદ્ધની ઉત્પત્તિ. એમ ત્રણ. ત્રણ છે. એ ષટ્ગુણહાનિ પહેલાં બોલમાં ગયું, પહેલાં બોલમાં ગયું. બીજો બોલ ષટ્ગુણહાનિનો નથી. અગુરુલઘુ ષટ્ગુણહાનિવૃદ્ધિ એક જ બોલમાં આવ્યું. આહા..હા...! એ ષટ્ગુણહાનિવૃદ્ધિ તો અગુરુલઘુનું સ્વરૂપ બતાવ્યું. છે તો એક જ સમય. ષટ્ગુણહાનિવૃદ્ધિ સમયે સમયે થાય એ અગુરુલઘુગુણને લઈને. ઇ ઉત્પાદ-વ્યયનો એક પ્રકાર. બીજો, જ્ઞેય પરિણતિની

અપેક્ષાએ જ્ઞેય પલટે છે એવું અહીં પલટન થાય છે એ અપેક્ષાએ પણ ઉત્પાદ-વ્યય સિદ્ધને છે અને ત્રીજું, સંસારનો નાશ, ભગવાન સિદ્ધપણે ઉત્પન્ન થયા. એવો એક પ્રકારનો ઉત્પાદ-વ્યય. બીજે સમયે પણ જે ઉત્પાદ છે, બીજે સમયે વ્યય થાય છે અને નવી ઉત્પન્ન થાય છે. સિદ્ધમાં પણ સદાય કેવળજ્ઞાનની પર્યાય ઉત્પાદ-વ્યય થયા કરે. દરિયો છે ભઈ એ તો ! વસ્તુ સ્વભાવ દરિયો છે મોટો દરિયો. પર્યાય દરિયો, દ્રવ્ય-ગુણની તો શું વાત કરવી !! એમ કહે છે. પર્યાયની ગંભીરતા દરિયો મોટો ! એના દ્રવ્ય-ગુણની તો શું વાત કરવી ! પર્યાયનું આટલું માહાત્મ્ય છે કે જે કેવળજ્ઞાનગમ્ય વ્યાખ્યા કરી નાખી. આહા..હા..!

એ સિદ્ધસ્વરૂપ બધી ઉપાધિથી રહિત (છે). ઇ સિદ્ધ કહો કે આ સિદ્ધ કહો. સમજાણું કાંઈ ? જેમ કહ્યું ને ઓલામાં કે કેવળીના ગુણનું સ્તવન કેમ કહેવાય ? ત્યારે કહ્યું, ગુણ અધિક એવો તારો આત્મા એને તું અનુભવ એ કેવળીની સ્તુતિ છે. મૂળ કહેવું છે તો ઇ. કેવળજ્ઞાનની સ્તુતિ કોને કહેવી ? પૂછ્યું એમ. ૩૧ ગાથા, 'સમયસાર'. કેવળજ્ઞાનીની સ્તુતિ સાચી કોને કહેવી ? ત્યારે કહ્યું, સાચી એને કહેવી કે ભગવાન આત્મા એક પર્યાયથી અધિક નામ જુદો, એવો જે અનુભવ કરવો એનું નામ કેવળીની સ્તુતિ કહેવાય છે. કેવળી એટલે કેવળ આત્મા એકલો. આહા..હા...! સમજાણું કાંઈ ? એ ૫૬ ગાથા (પૂરી) થઈ.

**'આગે દ્રવ્ય, ગુણ, પર્યાયકા સ્વરૂપ કહતે હૈં :–'** ૫૭.

**૫૭ ) तं परियाणहि दव्वु तुहुँ जं गुण-पज्जय-जुत्तु।**

**सह-भुव जाणहि ताहँ गुण कम-भुव पज्जउ वुत्तु।।५७।।**

**અન્વયાર્થ :– 'જો ગુણ ઔર પર્યાયોંકર સહિત હૈ, ઉસકો હે પ્રભાકરભટ્ટ, તૂ દ્રવ્ય જાન,...'** દ્રવ્યની વ્યાખ્યા. ગુણ અને પર્યાયસહિત તેને દ્રવ્ય કહેવામાં આવે છે. આહા..હા...!

**શ્રોતા :–** પર્યાયરહિતનું દ્રવ્ય જાણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ નહિ. અહીં તો દ્રવ્યને પરથી તદ્દન ભિન્ન દ્રવ્ય લેવું છે. **'पर्यायविजुत्तं दव्वं'** એટલે ? પર્યાયરહિત દ્રવ્ય નથી. પરથી ભિન્ન પાડવાની અપેક્ષાએ વાત છે. પોતામાં વળી પર્યાયરહિત દ્રવ્ય છે એ જુદું. એ તો બેમાં પાછા ભેદ પાડવા છે. અહીં તો ગુણ–પર્યાયસહિત દ્રવ્ય છે એમ સિદ્ધ કરવું છે. ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય છે. આહા..હા...! અને તે ગુણ-પર્યાયવાળું દ્રવ્ય પરને લઈને નહિ, એમ. પોતાના ગુણ અને પર્યાયને લઈને દ્રવ્ય છે. સમજાણું કાંઈ ?

ગુણ અને સમયે સમયે થતી પર્યાય એ ગુણ-પર્યાયસહિત દ્રવ્ય છે. એટલે એની પર્યાય પરને કારણે ઊપજે છે એમ નથી. એ દ્રવ્ય જ પોતાના ગુણ-પર્યાયસહિતવાળું છે. સમજાણું કહું છું ઇ ? ક્ષણે ક્ષણે પર્યાય જે થાય છે એ ગુણની અને એ ગુણ-પર્યાયસહિત દ્રવ્ય છે. એટલે કે પર્યાયની

ઉત્પત્તિવાળું, ગુણવાળું તે દ્રવ્ય છે. એની પર્યાયને કોઈ બીજો ઉપજાવે છે (એમ નથી). અને એની પર્યાયને પોતે જ ગુણની પર્યાય થાય છે એમ કહે છે.

**શ્રોતા :–** સોની સોનાને ઘડે કે ન ઘડે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સોની સોનાને શું ઘડે ? દાગીનો સોનાથી થાય છે, સોનીથી નહિ. કીધું નહિ ૩૭૨ ગાથામાં. માટીથી ઘડો થાય છે, કુંભારથી નહિ. સોનીથી દાગીનો થતો નથી. દાગીનો, દાગીનો કહે છે ને ? ઝવેરાત. એની પર્યાય પોતાથી થાય છે, સોનીથી નહિ. આહા..હા...! એ તો ૩૭૨માં કહ્યું નહિ ? કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ.

**શ્રોતા :–** એ ભલે ન હોય, ગુરુથી તો જ્ઞાન થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ નહિ કોઈથી. જુઓ ! **'માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ; માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...'** અડ્યા વિના **'પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.'** કહો.

**શ્રોતા :–** કુંભાર ભલે ન હો, પણ ગુરુ વિના જ્ઞાન ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહા..હા..! આ પ્રમાણે બધું લઈ લેવું. કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ. એમ સ્ત્રી રોટલીની કરનાર છે નહિ. એમ ચિત્રકાર ચિત્રનો કરનારો છે જ નહિ.

**શ્રોતા :–** કાગળનું લખાણ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાગળનો લખનાર ઇ છે જ નહિ. એની પર્યાય એનાથી થઈ છે, પરથી થઈ નથી.

**શ્રોતા :–** બધું મંજૂર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક રાખો. એ આવે. વ્યવહારથી એમ કહેવાય. એ આત્માના ગુરુ વિના જ્ઞાન નહિ. ભગવાન જગતપિતા પરમ–આત્મા, એના વિના એની પર્યાય નહિ. પિતા વિના પર્યાય નહિ. પોતે ધર્મપિતા આત્મા છે. એની પર્યાય એના ધર્મપિતાની. પર વિના હોય. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! લોકોને એથી જ લાગે છે ને.

**શ્રોતા :–** આપનું બધું રાખો, અમારી તો એક વાત છે, ગુરુ વિના જ્ઞાન નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગુરુ તો એને કીધો છે 'ઇષ્ટોપદેશ'માં. તેં તને સમજાવ્યો માટે તું તારો ગુરુ ! એમ કહ્યું છે. 'ઇષ્ટોપદેશ'માં છે. તેં તને સમજાવ્યો ને કે હું આ દ્રવ્ય છું, શુદ્ધ છું, અખંડ છું. માટે તું તારો ગુરુ.

**શ્રોતા :–** 'કાનપુર'થી એટલે આવ્યા છીએ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ 'કાનપુર'થી સમજે છે. આહા..! વાંધા જ આ બધા ઊઠ્યા છે ને ! ઓલાને કીધું ને કે નિમિત્તથી થાય નહિ. એક 'કેશુભાઈ' છે, 'વઢવાણ'માં. દશાશ્રિમાળી. એને

બીજાએ કહ્યું કે નિમિત્તથી થાય નહિ (એમ કહો છો) તો તમે ન્યાં શું કરવા સાંભળવા જાઓ છો ? ભઈ ! નિમિત્તથી નથી થતું એ એમારું દઢ થાય છે. એ અમારે માટે છે. અમે નિમિત્ત માટે જતા નથી.

**શ્રોતા :–** દઢતા તો થાય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એ પોતાથી થાય. આવી વાતું ભારે. આહા..હા...! લોકોને મુશ્કેલી પડે એવું છે. લોકો મશ્કરી કરે છે. એ વાંચ્યું છે તમે ? નહિ વાંચ્યું હોય. 'જૈનસંદેશ'. 'કૈલાસચંદજી'એ લખ્યું છે. ઘોર નિમિત્તનું સાધન કરે છે અને માનતા નથી. ઘોર ઉપાદાનનું કરવા સાધન તો બનાવે છે અને ના પાડે છે. અરે..! પ્રભુ ! એ જ કીધું ને એમાં ભાઈએ ! અબુદ્ધસ્ય બોધનાર્થં જ્ઞાની વ્યવહારથી કહે અને ઓલો પકડે કે તમે કીધું ને વ્યવહારથી. એટલે ... આહા..હા...! એનાથી અમે સમજીએ છીએ કે નહિ ? અરે..! ભાઈ ! અને તમે પણ વ્યવહાર સમજાવવા વાણીનો આશ્રય લ્યો છો કે નહિ ? પુસ્તકનો આશ્રય લ્યો છે કે નહિ ? એમ ઓલો બોલે. ભાઈ ! એમ ન બોલાય. એમ ન થાય. એમ તર્ક ન થાય. અમે પૂછીએ છીએ અને તમે ઉત્તર આપો છો. ત્યારે તમે નિમિત્તનો સહારો ન લીધો અમને ઉત્તર દેવામાં ? અરે..! પ્રભુ ! એમ ન કહેવાય. સમજાણું કાંઈ ? આહા..હા...!

મોટા અવાજે અમે કહ્યું છે. નથી આવતું ? 'પ્રવચનસાર' છેલ્લી ગાથા. મોટે અવાજે અમે કહ્યું ઇ બધું સ્વાહા થઈ ગયું. તું સમજ તો કહેવાણું એમ કહેવામાં આવે છે.

**શ્રોતા :–** પાછા એમ કહે, અમે કાંઈ કીધું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અમે કાંઈ કહ્યું નથી. આહા..હા...! ઓ..હો..હો...! વસ્તુનું સ્વરૂપ આવું છે. અહીં ઇ કહે છે, ગુણ-પર્યાયવાળું દ્રવ્ય. એટલે દરેક દ્રવ્ય પોતાના કાર્યવાળું દ્રવ્ય છે, એમ કહે છે. પર્યાયવાળું એટલે (એનો અર્થ ઇ). એના કાર્ય માટે બીજું હોય છે એમ નથી. બીજી ચીજ ભલે હો. વિશેષ કહેવાશે,... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**હું અભેદ છું, નિર્વિકલ્પ છું એમ સમ્યગ્દષ્ટિ પોતાના આત્માને જાણે છે અને એ રીતે બધા જીવોને જાણે છે. નિગોદના જીવો પણ ભગવાન આત્મા છે એમ સમ્યગ્દષ્ટિ જોવે છે. મન-વચન-કાયાથી કરવું, કરાવવું ને એમ અનુમોદવું કે હું જેવો છું તેવા જ બધા જીવો પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન છે. સમ્યગ્દષ્ટિ જીવ બધા જીવને એવી રીતે જોવે છે. સૂક્ષ્મ નિગોદનાં જીવનું જે દ્રવ્ય છે તે શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ છે એમ સમ્યગ્દષ્ટિ જોવે છે.**

**(દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર, બોલ નં. ૬૯૧)**

**શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૭૦**
**પ્રવચન નં. ૪૯, તા.૩૧-૭-૧૯૭૬**
**[૧૧]**

'પરમાત્મપ્રકાશ' ૭૦ ગાથા. શું કહે છે તમારે ? સત્તર. **'આગે જો શુદ્ધનિશ્ચયનયકર જન્મ-મરણાદિ જીવકે નહીં હૈ,...'** જન્મ-મરણ એ જીવના નથી. જીવ તો ત્રિકાળી ધ્રુવસ્વરૂપ (છે). એને જન્મ-મરણ નથી, રોગ નથી, વૃદ્ધાવસ્થા નથી. આ બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ વર્ણના ભેદ નથી. **'તો કિસકે હૈં ? ઐસા શિષ્યકે પ્રશ્ન કરને પર સમાધાન યહ હૈ,...'** શું લીધું ? શિષ્યનો એવો પ્રશ્ન છે, જેને જાણવાની જિજ્ઞાસા છે કે ભગવાન આત્માને જન્મ-મરણ સંસાર નથી, તો એ જન્મ-મરણ છે કોના ? તેનું સમાધાન :

૭૦) **देहहँ उब्भउ जर-मरणु देहहँ वण्णु विचित्तु।**
**देहहँ रोय वियाणि तुहुँ देहहँ लिंगु विचित्तु।।७०।।**

**અન્વયાર્થ :– 'હે શિષ્ય, તૂ દેહકે જન્મ, જરા, મરણ હોતે હૈં અર્થાત્ નયા શરીર (ધરના), વિદ્યમાન શરીર છોડના,...'** એ બધી શરીરની દશા છે. આત્મામાં શરીર નથી. એટલી વાત અહીંયા લેવી છે. **'વૃદ્ધ અવસ્થા હોના, યે સબ દેહકે જાનો, દેહકે અનેક તરહકે સફેદ, શ્યામ, હરે, પીલે, લાલરૂપ પાંચ વર્ણ...'** આત્મામાં નથી. **'અથવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર યે ચાર વર્ણ,...'** આત્મામાં નથી. **'દેહકે વાત, પિત્ત, કફ આદિ અનેક રોગ...'** દેહના છે. ભગવાન આત્મામાં તો દેહ છે નહિ, પૂર્ણાનંદ આત્મામાં તો વિકાર પણ નથી અને સમ્યગ્દર્શનનો વિષય જે પૂર્ણ આત્મા, એમાં તો પર્યાય પણ નથી. સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શન જે પર્યાય છે, નિર્વિકલ્પ શ્રદ્ધા સાથે આનંદની પર્યાય ઉત્પન્ન થાય છે, એવા સમ્યગ્દર્શનનો જે વિષય છે એ તો ત્રિકાળી શુદ્ધ આત્મા એનો વિષય છે. આહા..હા...! જેમાં જન્મ-મરણ તો નથી, જેમાં વિકાર નથી, જેમાં પર્યાય નથી. આહા..! એવી ચીજ છે.

સમ્યગ્દર્શનની જે પર્યાય છે એનો વિષય ત્રિકાળ છે, પણ એ પર્યાય દ્રવ્યમાં નથી. આહા..! સમજાય છે કાંઈ ? પર્યાય પર્યાયમાં છે, દ્રવ્ય દ્રવ્યમાં છે. વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ, સત્ ચિદાનંદ પ્રભુ ધ્રુવ શાશ્વત વસ્તુ, આહા..હા...! ત્રિકાળી ભૂતાર્થ પદાર્થ, જેને અગિયારમી ગાથામાં ભૂતાર્થ કહ્યું. ભૂતાર્થ નામ સત્યાર્થ. ત્રિકાળી વસ્તુ જે ધ્રુવ છે એ સત્યાર્થ છે. પર્યાય પણ અસત્યાર્થ છે. આહા..!

ત્રિકાળની અપેક્ષાએ પર્યાયને પણ અસત્યાર્થ કહી છે, અભૂતાર્થ કહી છે ગૌણ કરીને, અભાવ કરીને અસત્ય છે એમ નહિ. પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે. ત્રિકાળમાં નથી; પણ પર્યાયને ગૌણ કરીને કહ્યું તો પર્યાય નથી, એમ નથી. આહા..હા...! ત્રિકાળી જ્ઞાયકભાવ ચિદાનંદ પ્રભુ, એને વિષય બનાવવામાં સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન એને વિષય કરે છે તો સમ્યગ્દર્શન પર્યાય તો અભૂતાર્થ છે, ત્રિકાળની અપેક્ષાએ. પર્યાય પર્યાયની અપેક્ષાએ ભૂતાર્થ છે, પણ સમ્યગ્દર્શનનો જે વિષય છે એ ત્રિકાળ ભૂતાર્થ છે. આહા..હા..! વાત એવી છે, ભાઈ !

એ અહીંયા કહે છે, દેહના બધા વિકાર છે. જન્મ-મરણ આદિ આત્મામાં ક્યાં ! બાળ, યૌવન, વૃદ્ધાવસ્થા આદિ અવસ્થા એ બધી તો શરીરની છે. ભગવાન ક્યાં બાળ, યુવાન, વૃદ્ધ છે. એ તો કાલે થોડું કહ્યું હતું. બાળ અવસ્થા છે તે બહિર રાગાદિને પોતાના માનવા એ બાળ અવસ્થા છે. શરીરની બાળ અવસ્થા આત્મામાં નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? જે એ ચીજમાં નથી એવો રાગ, પુણ્ય-પાપના વિકલ્પને પોતાના માનવા એ બહિર છે. ચૈતન્યના સ્વભાવમાં એ નથી. બહિર છે તેને પોતાના માનવા એ બહિરાત્મા એ બાળક છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! અને વસ્તુ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ અંતરાત્મા વસ્તુ, એની અનુભવમાં દૃષ્ટિ થવી, એની સ્વસન્મુખની દૃષ્ટિમાં ઉપાદેયતા થવી એને અંતરાત્મા, એને યુવાન દશા કહે છે. એ જીવની યુવાન દશા છે. સમજાય છે કાંઈ ? અને ભગવાન આત્મા પોતાની પર્યાયમાં પરમાત્મ દશા પ્રગટ કરે, પર્યાયમાં, પરમાત્મા વસ્તુએ તો છે. અહીં પરમાત્મપ્રકાશ ચાલે છે ને ! વસ્તુએ તો પરમાત્મસ્વરૂપ જ છે, અનાદિ. આહા..હા...! અભવીનો આત્મા પણ પરમાત્મસ્વરૂપ છે. ભવીનો આત્મા પણ પરમાત્મસ્વરૂપ છે, પણ એ પરમાત્મસ્વરૂપ પર્યાયમાં પ્રગટ થવું એનું નામ જીવની પરિપક્વ અવસ્થા–વૃદ્ધાવસ્થા કહેવાય છે. સમજાય છે કાંઈ ? આ (શરીરની) વૃદ્ધાવસ્થા એ આત્મામાં નથી. પર્યાયમાં પણ નથી.

**શ્રોતા** :– આ તો નવી વ્યાખ્યા આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નવી વ્યાખ્યા નથી, અંતરની વાત છે. આવું છે, ભગવાન !

તારી ચીજ શું છે ? ભાઈ ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એક સમયમાં તારી ધ્રુવ સત્તા, જેને શક્તિરૂપ પરમાત્મા કહે છે, જેને શક્તિરૂપ મોક્ષ કહે છે, જેને શાસ્ત્રભાષાએ ૧૪-૧૫ (ગાથામાં) અબદ્ધ કહ્યું. કેવો છે ભગવાન ? કે અબદ્ધ છે. એની દૃષ્ટિ કરવી એ જૈનશાસન છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પંદરમી ગાથામાં કહ્યું ને ? **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्ण'** એમાં મારે તો **'अबद्ध'** લેવું છે. રાગ અને બંધ આત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ ? એવો ભગવાન અબદ્ધસ્વરૂપ પરમાત્મ શક્તિ, શક્તિએ મોક્ષસ્વરૂપ છે. અબદ્ધ કહો એ તો બદ્ધના અભાવની નાસ્તિ કરી. અસ્તિથી કહો તો મોક્ષસ્વરૂપ જ છે. શક્તિ એની મોક્ષસ્વરૂપ જ છે.

**શ્રોતા :–** કોણ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્મા.

**શ્રોતા :–** ક્યારે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનાદિ. ભગવાન ! તારી મોક્ષ અવસ્થા થાય એ બીજી ચીજ છે, પણ શક્તિ અને સ્વભાવ તો મોક્ષસ્વરૂપ જ છે. આહા..હા...! જો મોક્ષસ્વરૂપ શક્તિ ન હોય તો પર્યાયમાં મોક્ષ ક્યાંથી આવશે ? ક્યાંય બહારથી આવે છે ? આહા..હા...! સમજાય છે કાંઈ ? જો એ વીતરાગસ્વરૂપ ન હોય તો પર્યાયમાં વીતરાગતા ક્યાંથી આવશે ? ક્યાંય બહારથી આવે છે ? આહા..હા...!

**શ્રોતા :–** કર્મ ખરે ત્યારે આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્મ ખરે તો આવે નહિ, એમ છે જ નહિ. પોતાના સ્વભાવમાં લીનતા કરે તો આવે. એ તો આપણે આવી ગયું ને, પોતાના સ્વભાવની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. આદિમાં કર્મ ખરે તો અહીંયા થાય છે, એવી વાત છે જ નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા...! ભગવાન આત્મા કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ કરવામાં આદિ આત્મા, મધ્ય આત્મા, અંત આત્મા. કેવળજ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાનાવરણીનો અભાવ થાય તો કેવળજ્ઞાન થાય છે, એવી અપેક્ષા છે જ નહિ. આહા..હા...! એવી ચીજ છે. સમજાય છે કાંઈ ?

અહીંયા કહે છે કે (જન્મ, જરા, મરણ) આદિ બધું દેહનું જાણો. આહા..હા...! **'વાત, પિત્ત, કફ આદિ અનેક રોગ દેહકે...'** અરે..! **'સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુસકલિંગ...'** દેહના ચિહ્ન છે. આહા..હા..! અરે...! **'યતિકે લિંગ...'** દેહનું છે. નગ્ન દશા કે પંચ મહાવ્રતના વિકલ્પ એ બધા દેહના વિકાર છે. સમજાય છે કાંઈ ? અલિંગગ્રહણમાં તો કહ્યું છે. વીસ બોલ છે ને ? આહા..! યતિનું બાહ્ય લિંગ જેમાં નથી એને અલિંગ આત્મા કહે છે. સમજાય છે કાંઈ ? ૧૭ મો બોલ છે. ૨૦ બોલ છે ને ૨૦. 'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. બોંતેર કહે છે ? એમાં અલિંગગ્રહણના વીસ બોલ છે. એમાં ૧૭ મો બોલ આ છે. યતિનું બાહ્ય લિંગ જેમાં નથી એને અમે ભગવાન આત્મા કહીએ છીએ. આહા..હા...! અરે..! એ તો નહિ, એ તો આગળ લેશે, આગળ લેશે. છે ? ભાવલિંગ આત્મામાં નથી. કેટલામી ગાથા ? જુઓ ! ૮૮ ગાથા છે.

**'દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ,...'** ભગવાન આત્મામાં દ્રવ્યલિંગ (તો છે જ નહિ). છેલ્લી વાત છે. ૮૮ ગાથામાં છેલ્લે. છેલ્લી ત્રણ લીટી. **'દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ,...'** નગ્નપણું ને પંચમહાવ્રતના વિકલ્પ એ બધું દ્રવ્યલિંગ છે. ૮૮ ની છેલ્લી ત્રણ-ચાર લીટી. લીટી કહે છે ને ? પંક્તિ. આહા..! શું કહે છે ? **'દ્રવ્યલિંગ તો સર્વથા હી નહીં હૈ ઔર વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગ યદ્યપિ...'** જુઓ ! વીતરાગ નિર્વિકલ્પ મોક્ષનો નિશ્ચય મોક્ષમાર્ગ એ ભાવલિંગ.

આહા..હા...! **'શુદ્ધઆત્મસ્વરૂપ કા સાધક હૈ, ઇસલિયે ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ,..'** ઉપચારથી છે. આહા..હા...! પર્યાય છે ને. મોક્ષના માર્ગની પણ પર્યાય છે. નિશ્ચય સ્વભાવનો અનુભવ, દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવો જે મોક્ષમાર્ગ નિર્વિકલ્પ સમાધિ, નિર્વિકલ્પ શાંતિ, વિકલ્પ વિનાની નિર્વિકલ્પ વીતરાગી શાંતિ એ ભાવલિંગ પણ જીવમાં નથી, એ તો પર્યાયમાં છે. આહા..હા... ! સમજાય છે કાંઈ ? માર્ગ ભાઈ ! બહુ સૂક્ષ્મ છે, ભાઈ ! જિનવરનો માર્ગ લોકોએ બાહ્યથી કલ્પી લીધો છે એવી ચીજ નથી.

જે ભગવાન આત્મા અબદ્ધસ્વરૂપ છે, મુક્તસ્વરૂપ છે, ધ્રુવસ્વરૂપ છે, સામાન્યસ્વરૂપ છે, એમાં મોક્ષના માર્ગની નિર્વિકલ્પ દશા... દ્રવ્યલિંગ તો નથી, ભાવલિંગ સાધકપણે પર્યાયમાં છે, વસ્તુમાં નથી. ખરેખર તો ભાવલિંગ જે નિર્વિકલ્પ આત્માનો અનુભવ, જે વીતરાગી પર્યાય, એ દ્રવ્યને અડતી નથી અને દ્રવ્ય પર્યાયને અડતું નથી. આહા..હા...! આવો માર્ગ છે પ્રભુનો. સામાન્ય પર્યાયને અડી જાય તો સામાન્યનો નાશ થઈ જાય. એક સમયની પર્યાય બદલે તો ભેગો એ પણ બદલાઈ જાય. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં ઇ કહ્યું, જુઓ ! **'જીવકા સ્વરૂપ કહા જાતા હૈ, તો ભી પરમસૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ.'** આહા..હા...! શું બતાવવું છે ? સમ્યગ્દર્શનનો જે વિષય છે એ તો ભાવલિંગની પર્યાયથી પણ રહિત છે. સમજાય છે કાંઈ ? ભાવલિંગ જે મોક્ષનો માર્ગ, નિશ્ચય મોક્ષનો માર્ગ જે વીતરાગ પર્યાય–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણે વીતરાગી પર્યાય છે એ મોક્ષનો માર્ગ છે, પણ એ પર્યાયમાં છે. આહા..હા...! આવી વાત ! 'કુંદકુંદાચાર્ય' દિગંબર દર્શન સિવાય ક્યાંય નથી. સમજા છે કાંઈ ? આહા..હા...! ત્રણલોકનો નાથ...

**શ્રોતા :–** .. કે ભાવલિંગથી જુદો છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જીવ નહિ, જીવનું નહિ, દ્રવ્યનું નહિ. **'जिउ'** ન આવ્યું ? ૬૮ ગાથામાં. ૬૮ ગાથામાં આવી ગયું છે. **'ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ ।'** **'जिउ' 'जिउ'** અમે જીવ એને કહીએ છીએ. જિનેશ્વર એમ કહે છે. **'जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।'** આહા..હા...! ત્રણલોકના નાથ જિનેશ્વર સભાની વચ્ચે, ગણધર અને ઇન્દ્રોની સભામાં, ચક્રવર્તી ને વાસુદેવ, બળદેવ સભામાં હાજર હતા, ત્યાં ભગવાન આમ કહેતા હતા. આહા..હા...! પ્રભુ ! **'जिणवरु एउँ भणेइ'** જીવ એને કહીએ કે જેમાં... આહા..હા...! મોક્ષની પર્યાય નહિ અને મોક્ષના માર્ગને જીવ કરતો નથી. આહા..હા...! એ તો પર્યાય કરે છે. સમજાય છે કાંઈ ? માર્ગ સૂક્ષ્મ છે, ભાઈ ! આ તો જૈનદર્શન છે. એ જૈનદર્શન જ વિશ્વદર્શન છે. દુનિયા બધાને ભેગા કરીને વિશ્વદર્શન કહે છે એમ નથી. એવો સમન્વય કોઈની સાથે થાય નહિ. આહા..!

વિશ્વ નામ સમસ્ત શક્તિનો પિંડ પ્રભુ એનું દર્શન એ જૈનદર્શન છે. એ તો પંદરમીમાં કહ્યું ને ? **'जो पस्सदि अप्पाणं'** 'કુંદકુંદાચાર્ય' કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવતા હતા એ અમે સંદેશ લઈને આવ્યા છીએ. આહા..હા...! 'કુંદકુંદાચાર્ય' તો ભગવાન પાસે ગયા હતા ને ? આઠ દિવસ રહ્યા હતા. ભગવાન એમ ફરમાવતા હતા કે જે કોઈ આ આત્માને અબદ્ધ દેખે, પર્યાયમાં રાગનો સંબંધ નહિ, વસ્તુ તદ્દન ભિન્ન છે, એમ અબદ્ધ દેખે એ **'पस्सदि जिणसासणं सव्वं'** એ સમસ્ત જિનશાસનને દેખે છે. આહા..હા..! જે રાગને દેખે નહિ, નિમિત્તને દેખે નહિ, પર્યાયને દેખે નહિ. આહા..હા...! જે મુક્તસ્વરૂપ પ્રભુ અનાદિથી છે. પર્યાયમાં જરી રાગનો સંબંધ છે, વસ્તુમાં નથી. પર્યાયમાં રાગનો સંબંધ કહેવામાં આવે છે, વસ્તુમાં નથી. આહા..હા...! એ વસ્તુ અબદ્ધ છે. તેને **'पस्सदि'** જે તેને દેખે છે, આહા..હા..! દેખવાના કાળમાં એ વસ્તુ અબદ્ધસ્વરૂપ દેખાણી, એ જૈનશાસન છે. એ પર્યાયમાં જૈનશાસન એને કહે છે, વસ્તુમાં નથી.

જૈનશાસન વીતરાગી પર્યાય છે, પણ એ ત્રિકાળીને જોઈને જે વીતરાગી પર્યાય થઈ એ જૈનશાસન; પણ એ પર્યાય પણ દ્રવ્યમાં નથી. આહા..હા...! 'દેવીલાલજી' ! વાત તો આવી છે, ભગવાન ! અરે..! તું નાનો નથી, મોટો છો, પ્રભુ ! તારી શક્તિનું માહત્મ્ય શું કહીએ ? પ્રભુ કહે છે, અમે પણ પૂરું કહી શકતા નથી. સમજાય છે કાંઈ ? બાર અંગમાં વાત આવી છે એ સ્થૂળ આવી છે, એમ કહે છે. બાર અંગમાં, પંડિતજી ! ચૌદ પૂર્વ. 'પંચાધ્યાયી'માં છે, બાર અંગમાં સ્થૂળ (વાત) આવી છે. આહા..હા...! વીતરાગવાણી આહા..હા...! જોવામાં આવ્યું તેનાથી અનંતમા ભાગે વાણીમાં આવ્યું, તેનાથી અનંતમે ભાગે ગણધરે આગમ રચ્યા. એવો ભગવાન નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ, સુખનો સાહ્યબો, સુખનો ભંડાર પ્રભુ છે. એમાં જિનશાસનની પર્યાય નથી. જૈનશાસન પર્યાયમાં છે. સમજાય છે કાંઈ ? અહીં એ કહ્યું ને ? જુઓ !

**'ण वि उप्पज्जइ'** ભગવાન આત્મા તો ઉત્પાદમાં આવતો જ નથી. જન્મ તો નથી પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્, એ ઉત્પાદમાં ધ્રુવ આવતો જ નથી એમ કહે છે. આહા..હા...! ભાઈ ! ભગવાનનો માર્ગ છે. જેને એકાવતારી ઇન્દ્રો સાંભળે છે. શકેન્દ્ર પહેલા દેવલોકનો ઇન્દ્ર, બત્રીસ લાખ તો વૈમાન છે. એક એક વૈમાનમાં અસંખ્ય તો દેવ છે. એનો સાહેબો શકેન્દ્ર અત્યારે એકાવતારી છે. એકાવતારી સમજો છો ? એક ભવતારી. આહા..હા...! એ શકેન્દ્ર એકભવતારી છે, એમ ભગવાનની વાણીમાં આવ્યું છે અને શાસ્ત્રમાં છે. અને એની ઇન્દ્રાણી એકભવતારી છે. આહા..હા...! સ્ત્રીનો દેહ છે. ઉત્પન્ન થઈ ઇન્દ્રાણી ત્યારે મિથ્યાદૃષ્ટિ હતી. ઇન્દ્રાણીપણે ઉત્પન્ન થઈ ત્યારે તો મિથ્યાદૃષ્ટિ હતી. સ્ત્રીપણે સમકિતી ઉત્પન્ન થાય નહિ. પણ પછી ઇન્દ્રની સાથે ભગવાનની જન્મ મહોત્સવ કલ્યાણકમાં જતી હતી ત્યારે એને અંતરમાં ભાન થઈ ગયું. એનાથી

નહિ, હોં ! પોતાથી (થયું છે). નહિતર તો બધા દેખે છે, પણ અંદરમાં એમ થઈ ગયું.. ઓ..હો..હો...! જેની પુણ્ય પ્રકૃતિનો આટલો વૈભવ ! માનસ્તંભ ચાર બાજુ, જેની સભા ઇન્દ્રો રચે તો ઇન્દ્રને વિસ્મય થઈ જાય કે કેવી રચના થઈ ગઈ !! અમે જેવું ઇચ્છતા હતા એનાથી બીજી રચના થઈ ગઈ. એ ભગવાનનું–તીર્થંકરનું પુણ્ય છે તો આવી થઈ ગઈ. એમાં ઇન્દ્ર બેસીને સાંભળે છે તો ભગવાન આ વાત કરે છે. આહા..હા...!

પ્રભુ ! તારો જીવ જે છે એ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી, નાથ ! એ વ્યયની પર્યાયમાં આવતો નથી, એ બંધ-મોક્ષને કરતો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'जिउ'** એને જીવ કહે છે. અહીંયા પર્યાયને જીવ નથી કહ્યું. સમજાય છે કાંઈ ? આહા..હા...! ત્રિકાળી ચિદાનંદ પ્રભુ, ચિદાનંદ ભૂપાલ કી રાજધાની, એ યાદ આવ્યું. ઓલામાં આવે છે ને ? વીતરાગની વાણી ચિદાનંદ ભૂપાલકી રાજધાની. વીતરાગની વાણી એ ચિદાનંદ ભૂપાલ કી રાજધાની બતાવે છે. ભાઈ ! અહીંયા તો આવી વાત છે. શું તારી મહિમા ! પ્રભુ કહે છે.

અમે એને જીવ કહીએ છીએ. આહા..હા...! કે જે જીવ મોક્ષ અને મોક્ષના કારણની પર્યાયને પણ કરતો નથી. જે બંધ અને બંધના કારણને તો કરતો નથી પણ મોક્ષ અને મોક્ષના માર્ગને પણ કરતો નથી, એનેઅમે જીવ કહીએ છીએ. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** આપ ગમે તેને જીવ કહો, અમારે તો ધર્મ કરવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ધર્મ એનાથી થાય છે. ત્રિકાળી જીવ મોક્ષનો કરનાર નથી, એવું દ્રવ્ય છે એની દૃષ્ટિ કરવી, એમાં લીન થવું એ ધર્મ છે. એ તો શેઠ સ્પષ્ટીકરણ કરાવે છે. આહા..હા...! જુઓને ! પરમાત્મપ્રકાશ. તારી ચીજ જે છે એ જ પરમાત્મસ્વરૂપ છે. ધ્રુવ, હોં ! ધ્રુવ. ઉત્પાદ-વ્યય વિનાની જે ચીજ છે એ પરમાત્મસ્વરૂપ જ છે, પ્રભુ ! વિદ્યમાન પરમાત્મા, હોં ! આહા..હા...! અનાદિ પરમાત્મા. નવો નથી થતો. એ તો પરમાત્મસ્વરૂપ જ છે. આહા..હા..! એની દૃષ્ટિ એ તરફ કરવી અને સ્વીકાર કરવો એનું નામ સમ્યક્ સત્ય દર્શન, સત્ય જેવું છે એવા દર્શન કરવા સત્‌દર્શન છે. આહા..હા..!

**શ્રોતા :–** ધન્ય છે આપને કે આપે આ મર્મ ખોલ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ વસ્તુ જ એવી છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' કોઈ પણ સંત હો, દિગંબર સંતોએ તો જગતને ન્યાલ કરી નાખ્યા છે.

અનાદિ વસ્તુ આ (છે). ભગવાન સંતોએ (આમ કહ્યું છે). ત્રિકાળમાં ત્રિકાળીને જાણનારનો વિરહ નથી હોતો. શું કહ્યું ? ત્રણ કાળ જે જગત છે, એમાં ત્રણ કાળને જાણનારનો વિરહ નથી હોતો. અનાદિથી ત્રણકાળને જાણનારો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ત્રણકાળમાં–ત્રણેકાળમાં–ત્રણકાળને જાણનારનો વિરહ કદી હોતો નથી. અનાદિ ત્રિકાળ જ્ઞાની છે,

ભવિષ્યમાં (થશે). આહા..હા...! અનાદિ ત્રિકાળને જાણનાર સર્વજ્ઞ અનાદિથી છે. ત્રિકાળ જેવી ચીજ છે તો સામે ત્રિકાળ જાણનાર પણ ત્રિકાળ છે. 'શુકનચંદજી' ! આહા..હા...!

હું તો એ કહેતો હતો, આ મૂર્તિને ઉથાપે છે ને એને અમે કહેતા હતા કે ભગવાન ! એમ ન કરો. જેમ ભગવાન ત્રિકાળ છે એવી ત્રિકાળી પ્રતિમા પણ છે. સ્વર્ગમાં શાશ્વત પ્રતિમા ત્રિકાળી છે. જેમ ત્રિકાળી સર્વજ્ઞ છે, કોઈ સમયે સર્વજ્ઞનો વિરહ નથી હોતો તો કોઈ સમયે એના પ્રતિબિંબિંનો વિરહ નથી હોતો. સમજાય છે કાંઈ ? પ્રશ્ન ચાલતા હતા ને. અમારે તો સંપ્રદાયમાં પણ બહુ ચાલતા હતા. એક તો એવો પ્રશ્ન ઘણા વર્ષ પહેલાં ૭૬ની સાલમાં આવ્યો હતો. એક શેઠ હતા. ગૃહસ્થ હતા. અત્યારે તો ઘણા ગૃહસ્થ થઈ ગયા. તે દિ' તો દસ લાખ ઘણા કહેવાતા ને ! સીત્તેર વર્ષ પહેલાં. સાંઈઠ-સીત્તેર, કહે છે ને ? સીત્તેર–સત્તર. એને તો બહુ થોડા પૈસા. ગૃહસ્થ હતા. દસ લાખ રૂપિયા, તે દિ' હોં ! સીત્તેર વર્ષ પહેલાં. હવે તો સાધારણ બાયું પાસે પાંચ-દસ લાખ હોય છે. એ ગૃહસ્થ હતા એની દૃષ્ટિ સ્થાનકવાસીની હતી. એ એમ કહેતા હતા કે જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી મૂર્તિની પૂજા હોય. સમ્યગ્દર્શન પછી મૂર્તિની પૂજા નહિ, મૂર્તિ નહિ. સમજો.

પછી મેં ઉત્તર આપ્યો, સાંભળો ! એ કહે કે જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી પ્રતિમાની પૂજા હોય. સમ્યગ્દર્શન પછી પૂજા ન હોય. ભક્તિ, પૂજા પ્રતિમાની ન હોય. સાંભળો ભાઈ ! મિથ્યાદૃષ્ટિને સામે નિક્ષેપ હોય જ નહિ. જ્યારે સમ્યગ્દર્શન થાય છે, ત્યારે શ્રુતજ્ઞાન થાય છે તો શ્રુતજ્ઞાનના ભેદ નિશ્ચય અને વ્યવહારનય હોય છે. એ વ્યવહારનયનો વિષય નિક્ષેપ સમકિતીને હોય છે. પંડિતજી ! સમકિતીને જ પ્રતિમા છે. કેમકે એને શ્રુતજ્ઞાન થયું. ત્રિકાળીને જાણે ને પર્યાયને જાણે, રાગને જાણે, પરને જાણે. તો એને જે વ્યવહારનય છે, શ્રુતજ્ઞાન તો પ્રમાણ(જ્ઞાન) છે, એના ભેદ નિશ્ચય અને વ્યવહાર બે ભેદ છે. શ્રુતજ્ઞાન અવયવી છે અને નિશ્ચય, વ્યવહાર એના અવયવ-ભેદ છે. તો ભેદમાં જ્યારે વ્યવહારનય છે, ત્યારે સામે નિક્ષેપ જ્ઞેયનો ભેદ જે સ્થાપના, જ્ઞેયનો ભેદ છે ને ? નામ, સ્થાપના, દ્રવ્ય એ જ્ઞેયના (ભેદ છે). જ્ઞાનના ભેદ અહીં રહ્યા. જ્ઞાનના ભેદ નિશ્ચય-વ્યવહાર અહીં રહ્યા. જ્ઞેયના ભેદ ત્યાં. તો જ્ઞાનીને જ વ્યવહાર અને નિશ્ચય (હોય છે). પ્રતિમા પૂજનિક એને જ યથાર્થ હોય છે. છે ભલે શુભભાવ. સમજાય છે કાંઈ ? અમે તો પહેલાં એમાં હતા ને પણ અમારી લાઈન તો બીજી હતી અંદરથી.

મેં કહ્યું કે નહિ, પ્રતિમાનું પૂજન અને પ્રતિમાનું યથાર્થ માનવું સમકિતીને હોય છે. જેને સમ્યગ્જ્ઞાન થયું, એમાં શ્રુતજ્ઞાન થયું. શ્રુતજ્ઞાનનો ભેદ વ્યવહારનય થયો, એને જ્ઞેયનો ભેદ સ્થાપના એ વ્યવહારનયનો વિષય એને છે. અજ્ઞાનીને નિક્ષેપ-બિક્ષેપ હોતો જ નથી. સમજાય છે કાંઈ ? આ તો અંદરથી આવતી હતી ને ! પૂર્વની વાત અંદર હતી ને ! આ તો કંઈ શીખ્યા નહોતા. ગુરુ પાસે હતી નહિ. કીધું, નહિ, વાત એમ નથી. સમજાય છે કાંઈ ?

અહીં તો શું કહ્યું ? જુઓ ! ઓ..હો..હો..! એ જિનવર એમ કહે છે, હે જોગી ! હે મુનિ ! હે ધર્માત્મા ! એમ કહે છે. હે ધર્માત્મા ! જિનવર એમ કહે છે કે જીવ એને અમે કહીએ કે જે મોક્ષના માર્ગને, મોક્ષને ન કરે એને અમે જીવ કહીએ છીએ. આહા..હા..! પંડિતજી ! સમજાય છે ? આ તો હિન્દી છે. 'બેંગ્લોર'માં પંડિતજી બહુ સારા અર્થ (કરે છે). બહુ નરમ માણસ છે. 'બેંગલોર'. બે પંડિત હતા. ભાષા હિન્દી હતી. ત્યાં તો બધા મરાઠી. મરાઠી ભાષા બોલતા હતા. એ પંડિત બેઠા. નરમ છે. 'બેંગ્લોર'થી આવ્યા છે. અમે 'બેંગ્લોર' ગયા હતા. બાર લાખનું મંદિર થયું ને આપણું. બાર લાખનું મંદિર થયું, દિગંબર મંદિર. બાર લાખનું. અમે ગયા હતા. ત્યાં બોલાવ્યા હતા. આપણા તરફથી થયું છે. 'સોનગઢ' તરફથી. એક 'જુગરાજજી' કરીને સ્થાનકવાસી કરોડપતિ છે. 'જુગરાજજી' કરોડપતિ. એણે ચાર લાખ નાખ્યા છે. અહીંની શ્રદ્ધાવાળા છે, પણ સ્થાનકવાસી હતા. એક કરોડ. એણે ચાર લાખ નાખ્યા. એક 'ભભુતમલ' શ્વેતાંબર છે. એણે આઠ લાખ નાખ્યા. એક મંદિરમાં બાર લાખ. આપણું મંદિર, હોં ! દિગંબર. નહિતર અમે તો શ્વેતાંબરમાં જતા નથી. બાર લાખ.

**શ્રોતા :–** સમવસરણ પણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, સમવસરણ છે, સમવસરણ છે. લોકો બહુ આવે છે. જોવા માટે અન્યમતિ (આવે છે). બાર લાખનું મંદિર. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** આપની અનુમતિથી બન્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો બનવાની ચીજ હતી એ બની છે. કોઈએ બનાવી નથી. એવી વાત છે.

**શ્રોતા :–** અમે તો કહીએ છીએ કે અમારા ગુરુ મંદિર બનાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો ભાવ હોય છે ને શુભ ! શુભભાવ છે ને બને છે એમાં નિમિત્ત કહેવામાં આવે છે. શુભભાવ થયો તો મંદિર બન્યું એમ નથી. ભાઈ ! બનવાની લાયકાત પરમાણુમાં હતી તો પરમાણુમાં તે સમયે (તે પ્રકારનું પરિણમન થયું).

'પ્રવચનસાર' ૧૦૨ ગાથામાં લેખ છે કે દરેક દ્રવ્યની પર્યાય જે સમયે ઉત્પન્ન થાય તે તેનો કાળ છે. જન્મક્ષણ, એવો પાઠ છે. 'પ્રવચનસાર' ૧૦૨ ગાથા. દ્રવ્યની જે સમયે પર્યાય ઉત્પન્ન થવાની છે તે ઉત્પત્તિનો કાળ છે, તે કારણે ઉત્પન્ન થાય છે. પરથી ઉત્પન્ન થાય છે, એમ નથી. આહા..હા...! એ તો બપોરે ચાલે છે. કર્તા-કર્મ. બપોરે ચાલે છે ને ! આહા..હા..! પરનો કર્તા તો નહિ. એ બપોરે ચાલે છે કે કર્મનો ઉદય કર્તા અને વિકાર કર્મ, એમ નથી. વિકારી પરિણામ થાય છે તે તેનું કર્તવ્ય અને કર્તા કર્મ, એમ નથી અને વિકારી પરિણામ કર્તા અને કર્મબંધન થાય તે કર્મ–તેનું કાર્ય, એમ નથી. આહા..હા..!

**શ્રોતા :–** તો શું હોય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિકારનો કર્તા જીવ અને વિકાર કર્મ જીવનું. પર્યાયમાં. અહીં તો પર્યાય સિદ્ધ કરવી છે ને ! અહીંયા તો વિકારની પર્યાય એમાં નથી. પર્યાય પર્યાયનો કર્તા છે. જ્યારે પરથી ભિન્ન પાડવું હોય તો વિકારનો કર્તા આત્મા અને વિકારી પર્યાય તેનું કર્મ. કર્મને લઈને વિકાર થયો છે એમ નથી અને વિકારી પરિણામ થયા માટે ત્યાં કર્મબંધન થયું એમ નથી. એ પરમાણુમાં એ સયમે બંધાવાની યોગ્યતાથી પરમાણુ બંધાયા છે. એ વિકારી પરિણામ થયા એ તો નિમિત્તમાત્ર છે. બંધન થયું તે ઉપાદાન પોતાની પર્યાયથી ત્યાં બંધન થયું છે. જ્ઞાનાવરણીરૂપ બંધન એની પર્યાયથી થયું છે. આત્માએ રાગ કર્યો માટે નહિ. આ વસ્તુ છે. નિમિત્તને ઉડાવ્યું કહો કે નિમિત્તને સિદ્ધ કર્યું કહો. છે એટલી વાત પણ એનાથી કાર્ય થયું એમ નથી. એ તો કહ્યું ને, ૩૭૨ ગાથા, 'સમયસાર'. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે ઘડો કુંભારથી થયો છે એમ અમે જોતા નથી. માટીથી ઘડો બન્યો છે એમ અમે જોઈએ છે. ૩૭૨, 'સમયસાર'. બપોરે ચાલે છે ને ! સમજાય છે કાંઈ ? આહા..હા...! **'માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** લ્યો, નિમિત્ત ઉડાવી દીધું. 'શિખરચંદજી' ! નિમિત્ત સિદ્ધ થયું. નિમિત્ત છે એમાં પણ એનાથી ઘડો થયો એમ નથી. **'માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી,...'** છે ? **'અન્ય દ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.'** આહા..હા..! કહો, સમજાણું કાંઈ ?

**'વળી જીવને પરદ્રવ્ય રાગાદિ ઉપજાવે છે એવી શંકા ન કરવી...'** કે કર્મનો ઉદય આવ્યો તો એને રાગ કરવો પડ્યો, એમ નથી. આહા..હા...! પરદ્રવ્ય જીવને રાગાદિ ઉત્પન્ન કરાવે છે (એમ શંકા ન કરવી) **'અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે;...'** આહા..હા...! કુંભારની પર્યાયથી ઘડો ઉત્પન્ન થાય એ અયોગ્યતા છે. આહા..હા..! માટીની યોગ્યતા છે કે ઘડાને ઉત્પન્ન કરે છે. એ માટી કર્તા અને ઘડાનું કર્મ એ માટીનું છે, એ કુંભારનું કાર્ય નથી. આહા..હા...! ૩૭૨ ગાથા બહુ સ્પષ્ટ છે. **'अण्णदविएण अण्णदवियस्स'** એમ પાઠ છે. અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યની પર્યાય કદી ત્રણ કાળમાં ઉત્પન્ન થતી નથી. આહા..હા...! લોકો ગડબડ ગડબડ કરે, બાપા ! એમ ન હોય, ભાઈ ! જે વસ્તુ જેમ છે તેમ સમજવી જોઈએ. ઊલટી દૃષ્ટિથી અનાદિ કાળ ગયો. આહા..હા...! **'કુંભારના સ્વભાવથી ઊપજતી નથી,...'** લ્યો. **'માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઊપજે છે...'** ઓલામાં ચિહ્ન કર્યું હોય ને ! આમ ચિહ્ન નથી. ગુજરાતીમાં એના ચિહ્ન હોય. આહા..!

અહીં તો આપણે ૭૦ ગાથા ચાલે છે. યતિના લિંગ આત્મામાં નથી. અહીંયા આવ્યા છીએ

આપણે. સાધુનું લિંગ જે નગ્નપણું છે કે અઠ્યાવીસ મૂળગુણ છે એ આત્મામાં નથી. એ તો નથી, ભાવલિંગ જે છે એ પણ આત્મામાં નથી. આહા..હા...! નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ મોક્ષનો માર્ગ, એ પર્યાય પણ દ્રવ્યમાં નથી અને એ દ્રવ્ય મોક્ષમાર્ગની પર્યાયનો કર્તા નથી. આહા..હા...! આવો માર્ગ.

**શ્રોતા :–** દ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગની પર્યાય થાય છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ કોઈના આશ્રયે થતી નથી, પોતાના આશ્રયે થાય છે. પર્યાય પર્યાયના આશ્રયે થાય છે. દ્રવ્યના આશ્રયથી નહિ અને પરના આશ્રયે તો નહિ, નહિ.

**શ્રોતા :–** સન્મુખ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પર્યાય પોતાથી સન્મુખ થાય છે. શું દ્રવ્ય સન્મુખ કરાવે છે ? આહા..હા...! આ વીતરાગ વિજ્ઞાન છે. પંડિતજી આજે આવ્યા નથી. બપોરે આવશે. 'હુકમચંદજી' આજે આવવાના હતા. એક વાગે ?

અહીં તો કહે છે, યતિલિંગ અને દ્રવ્યમન પણ આત્મામાં નથી. આહા..! લિંગ છે ને ? આહા..! છે ? લિંગ નહિ. લિંગમાં એ નાખ્યું. આ દ્રવ્યમન પરમાણુનું બનેલું છે ને એ આત્મામાં નથી. નિશ્ચયથી તો ભાવમન જે સંકલ્પ, વિકલ્પ છે એ આત્મામાં નથી. અરે...! મનની નિર્મળ જ્ઞાનની પર્યાય જે છે એ પણ આત્મામાં નથી, એ તો પર્યાયમાં છે. આહા..હા...! એવો પર્યાયરહિત જે ભગવાન, એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે, બાકી બધી વાત છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! યુવાન ! 'ઝવેરીલાલ' છે ને ? આહા..હા...! આમાં જુવાન (શું) ? આત્મા તો એવો જ છે. જુવાન, વૃદ્ધ એ તો દેહની દશા છે. ભગવાન તો ત્રિકાળી એક સ્વરૂપે બિરાજમાન છે. જેમાં વિકારી પર્યાય તો નથી પણ જેમાં નિર્વિકારી પર્યાય નથી. આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. બહારમાં ગુંચી ગયા છે ને, બહારની લાઈનમાં.

ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં યતિના લિંગનો અભાવ છે. સમજ્યા ને ? અલિંગગ્રહણમાં કહ્યું ને અલિંગગ્રહણમાં ૧૭મા બોલમાં એ કહ્યું, યતિના લિંગનો અભાવ છે. બાહ્યલિંગ જે યતિના છે, વિકલ્પ આદિ, નગ્નપણું એ ભગવાન આત્મામાં અભાવ છે. એટલું ત્યાં લીધું છે. અહીંયા તો આગળ ભાવલિંગ જે મોક્ષનો માર્ગ, આહા..હા...! કેટલું પરથી હઠવું પડે અને કેટલું અંદરમાં જોડાવું પડે ! યોગી કહ્યું ને યોગી. યોગી એટલે સ્વરૂપમાં જોડાણ કરવું–પર્યાયને જોડવી એ યોગી. ઓલા અન્યમતિના બાવાના યોગી એની વાત નથી. પોતાની પર્યાયને, નિર્મળ પર્યાયને દ્રવ્યમાં જોડવી (અર્થાત્) એ તરફ લક્ષ કરવું એને યોગી કહે છે. સમકિતી પણ યોગી છે. સમજાય છે કાંઈ ? ઓલા અન્યમતના બાવાની અહીં વાત નથી. (સમકિતી) યોગી છે. આહા..!

શ્રદ્ધાની પર્યાયને આત્મસન્મુખ કરી, એટલું જોડાણ કર્યું ને ? જોડાણનો અર્થ પર્યાય દ્રવ્યમાં

ઘુસી જતી નથી પણ એ તરફનો ઝુકાવ થયો. આહા..હા...! ધર્માત્મા સંત મહાત્મા યોગી. યોગી મહાત્મા. આહા..હા...! સંત તો એને કહીએ, એને સંત કહીએ, જે આનંદના નાથમાં ઝુકી ગયા છે અને અતીન્દ્રિય આનંદનો જેમાં અનુભવ આવ્યો. સિદ્ધાંત તો એમ કહે છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો એ ધર્મની મહોરછાપ છે. 'સમયસાર' પાંચમી ગાથામાં છે. અહીં તો ઘણીવાર વંચાઈ ગયું છે. આ તો અઢારમી વાર ચાલે છે. આહા..હા...!

કહે છે કે આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ભાન થવું તો એમાં આનંદનો અનુભવ સાથે આવે છે. એ અનુભવની આનંદની મહોરછાપ છે. આનંદનો ભાવ આવે નહિ અને અનુભવ થયો (એમ કોઈ કહે તો) એ વાત ખોટી છે. સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શન થયું એમ કહે અને આનંદ આવ્યો નહિ (તો એ ખોટી વાત છે). સમજાય છે કાંઈ ? સમ્યગ્દૃષ્ટિને પૂર્ણાનંદના નાથ તરફની દૃષ્ટિ છે તો સર્વ ગુણના એક અંશની વ્યક્તતા પ્રગટ થાય છે. શું કહ્યું ? સમ્યગ્દર્શનમાં ત્રિકાળી જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો તો જેટલા ગુણ છે તેનો એક અંશ વ્યક્તરૂપે ચોથે ગુણસ્થાને પ્રગટ થાય છે. આહા..હા..! અનંત ગુણ. કેમકે દ્રવ્યદૃષ્ટિ થઈ ને. દ્રવ્યને પકડ્યું ને. આખા અનંત ગુણના પિંડ દ્રવ્યને પકડ્યું તો દ્રવ્યમાં જેટલી શક્તિ છે તે બધાનો એક અંશ વ્યક્ત પ્રગટ પરિણમનનમાં આવ્યો છે. સમજાય છે કાંઈ ? જ્ઞાનાદિ એકદેશ પ્રગટ થાય છે. એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે. 'ટોડરમલ' છે ને ? એની 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'.

**'એ પ્રમાણે ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે...'** એક અંશ પ્રગટ થયો. વસ્તુ તો પૂર્ણ છે પણ સમ્યગ્દર્શનમાં બધા ગુણનો એકદેશ વ્યક્ત અનુભવમાં આવ્યો છે. છે ? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. **'ભાઈશ્રી ! તમે ત્રણ દૃષ્ટાંત લખ્યાં અથવા દૃષ્ટાંત દ્વારા પ્રશ્ન લખાય, પણ દૃષ્ટાંત સર્વાંગ મળતા આવે નહિ. દૃષ્ટાંત છે તે એક પ્રયોજન દર્શાવે છે. અહીં બીજનો ચંદ્ર, જળબિન્દુ, અગ્નિકણ–એ તો એકદેશ છે અને પૂર્ણિમાનો ચંદ્ર, મહાસાગર તથા અગ્નિકુંડ –એ સર્વદેશ છે. એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે...'**સમજાય છે કાંઈ ? એણે એવો પ્રશ્ન કર્યો હતો કે અસંખ્ય પ્રદેશ છે ને તો કેટલાક પ્રદેશ તદ્દન એકદેશ ખુલ્લા થઈ જાય છે. એમ એમણે કહ્યું. તો (જવાબ આપ્યો કે) એમ નથી. એક થોડો ભાગ સર્વ પ્રદેશનો ખુલ્લો થઈ જાય છે. એવો પ્રશ્ન કર્યો હતો. એમ નથી. બધા પ્રદેશમાં અનંતા ગુણ છે એ એકદેશ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ ? 'દેવીલાલજી' ! આવી વાત છે, ભાઈ ! આહા..હા...!

**શ્રોતા :–** આત્મપ્રદેશ નહિ, ગુણ પ્રગટ થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગુણ પ્રગટ થયા. પ્રદેશમાં એમ કહ્યું ને કે જેમ બીજમાં ચંદ્રનો એક ભાગ ખુલ્લો થઈ જાય છે, એમ આત્માના અમુક પ્રદેશ તદ્દન ખુલ્લા થઈ જાય છે ? તો કહ્યું, એમ નથી. એ દૃષ્ટાંત એનાથી મળતું નથી. અહીંયા તો અસંખ્ય પ્રદેશમાં જે અનંત ગુણ છે તે દરેક પ્રદેશે

અંશે વ્યક્ત થઈ જાય છે. પ્રદેશ થોડા શુદ્ધ પ્રગટ થાય છે એમ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો બધા વ્યાખ્યાન થઈ ગયા છે. બધાના વ્યાખ્યાન થઈ ગયા છે. 'અધ્યાત્મ સંદેશ' પુસ્તક છે ને ? એમાં બધા વ્યાખ્યાન આવી ગયા છે. ઘણા પુસ્તક બહાર પડ્યા છે, અહીંયાથી ચૌદ લાખ બહાર પડ્યા છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી', 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ છે. ત્રણ ચિઠ્ઠીછે ને ? એક ઉપાદાન-નિમિત્ત ચિઠ્ઠી, એક રહસ્યપૂર્ણ ચિઠ્ઠી અનએ એક પરમાર્થ વચનિકા, ત્રણ છે.

અહીં કહે છે, યતિલિંગ અને મનનું દ્રવ્યલિંગ પણ આત્મામાં નથી. આહા..હા...! **'જાન.'** ગુરુ એમ કહે છે કે હે શિષ્ય ! તું આમ જાણ. જુઓ ! ભાષા છે ! આહા..હા...! ભગવાન આત્મામાં રંગ, ગંધ, સ્પર્શ નહિ, બ્રાહ્મણ, ક્ષત્રિયનો વર્ણ નથી અને યતિલિંગ આદિ મનના લિંગ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**ભાવાર્થ :– 'શુદ્ધાત્માકા સચ્ચા શ્રદ્ધાન આચરણરૂપ...'** શુદ્ધાત્મા જે દ્રવ્ય શુદ્ધ ચૈતન્યપ્રભુ, એવા શુદ્ધાત્માનું સાચું શ્રદ્ધાન–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સાચું, સમ્યક્ આચરણ સાચું, **'અભેદરત્નત્રયકી ભાવનાસે વિમુખ.. '** એ અભેદ ભાવનાથી વિમુખ **'જો રાગ, દ્વેષ, મોહ ઉનકર ઉપાર્જે જો કર્મ...'** આહા..! કર્મ કેમ ઉપાર્જન થયા ? શુદ્ધાત્મશ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર જે છે તેનાથી વિપરીત રાગ, દ્વેષ, મોહ કર્યા એનાથી કર્મબંધન થયું. સમજાય છે કાંઈ ? **'રાગ, દ્વેષ, મોહ ઉનકર ઉપાર્જે જો કર્મ ઉનસે ઉપજે જન્મ-મરણાદિ વિકાર હૈં,...'** એના કારણે ત્યાં જન્મ-મરણ વિકાર છે, સ્વભાવમાં નથી. **'વે સબ યદ્યપિ વ્યવહારનયસે જીવકે હૈં,..'** વ્યવહારથી કહેવાય છે. **'નિશ્ચયનયકર જીવકે નહીં હૈં,...'** આહા..હા...! **'દેહસમ્બન્ધી હૈં ઐસા જાનના ચાહિયે.'** વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**એકરૂપ જ્ઞાયકભાવ છે તેને આત્મા કહીએ. જ્ઞાની એક જ્ઞાયકસ્વભાવ હોવાથી અનેક દ્રવ્યો જેનો સ્વભાવ છે એવા કર્તા-ભોક્તાપણાના રાગનો જ્ઞાનીને નિષેધ છે. સંસારસંબંધી કે શરીરસંબંધી એટલે કે કર્તા-ભોક્તાપણાના રાગાદિકનો જ્ઞાનીને પ્રેમ નથી. જેને આત્મા રુચ્યો છે તેને તે ભાવ રુચતો નથી. બીજી રીતે કહીએ તો જ્ઞાયકભાવમાં રાગાદિનો અભાવ છે, નહીં તો જ્ઞાયકભાવ જડ થઈ જાય, કેમ કે રાગાદિ અચેતન છે. રાગાદિના અભાવસ્વરૂપ જ્ઞાયકભાવને જ્ઞાનીને દૃષ્ટિમાં લીધો હોવાથી જ્ઞાયકભાવમાં જેનો અભાવ છે એવા રાગાદિનો જ્ઞાનીને રાગ હોતો નથી. જ્ઞાયકભાવને જેણે દૃષ્ટિમાં લીધો છે એવા જ્ઞાનીને રાગાદિનો નિષેધ છે. (દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૭૦૫)**

## શ્રી સમાધિતંત્ર, શ્લોક-૨૦
## પ્રવચન નં. ૨૯, તા.૮-૧-૧૯૭૫
## [૧૨]

'સમાધિતંત્ર'ની વીસમી ગાથા. ફરીને લઈએ. જે આ ગાથા ... આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ (છે). એ રાગને અને રજકણને ગ્રહતો નથી. રાગ છે તે આસ્રવ છે અને રજકણ છે તે અજીવ છે. જે જ્ઞાનાનંદ સ્વભાવ એ રાગને આત્મસ્વરૂપ તરીકે સ્વીકારતો નથી. આહા..! સમજાય છે કાંઈ ? આત્મા ચૈતન્ય જ્ઞાનાનંદ સહજાત્મ સ્વરૂપ, એ સમ્યગ્દર્શનનો વિષય છે. એ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ રાગ ને ગુણ-ગુણીના ભેદ એવો જે વિકલ્પ, એને પણ અભેદ ચીજ જ્ઞાયક તે ગ્રહતો નથી. રાગને તે ગ્રહતો નથી અને અનંત જ્ઞાનાદિ સ્વભાવ જેની અનંત શક્તિ, અનંત ગુણ, એવું જે એનું સ્વરૂપ તેને એ કોઈ દિ' છોડતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા...!

એક ચીજમાં અનંત આનંદ, જ્ઞાન આદિ અનંત શક્તિઓનું ધ્રુવપણું પડ્યું છે. એ કોઈ દિ' એણે નિગોદમાં ગયો તોપણ જે ધ્રુવસ્વરૂપ છે એ એણે છોડ્યું નથી. વસ્તુ સ્વભાવ જે છે એણે તો રાગને પણ ગ્રહ્યો નથી. અજ્ઞાનપણે રાગને અનાદિથી ગ્રહ્યો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પ છે એ મારા છે એમ ગ્રહ્યું એ તો અજ્ઞાનપણે છે. વસ્તુના સ્વભાવમાં અને સ્વભાવની દૃષ્ટિમાં વિભાવ વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે,.. આહા..હા...! તેને એણે ગ્રહ્યો નથી. એ આત્મા પરદ્રવ્યને જરા પણ ગ્રહતો નથી.. આહા..હા..! અને છોડતો નથી.

**'કારણ કે પર નિમિત્તના આશ્રયે થયેલા પ્રાયોગિક ગુણના સામર્થ્યથી...'** એટલે ? અહીંયા તો હજી વાત સ્થૂળ કરે છે. ગાથામાં છે એ તો સૂક્ષ્મ વાત છે. આ છઠ્ઠી ગાથા.. એને આત્મામાં ધર્મદશા પ્રગટ થાય, ચૈતન્ય સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થાય તોપણ તે પર્યાય પરને ગ્રહતી અને છોડતી નથી. એટલું નહિ પણ કર્મના નિમિત્તના સંગે રાગ થાય તોપણ તે રાગને લઈને પરદ્રવ્યને ગ્રહે કે છોડે એવું બનતું નથી. આહા..હા...! આત્માનો શુદ્ધ સ્વભાવ (તેનું) સમ્યગ્દર્શનમાં ભાન થયું તો કહે છે કે એ સમ્યગ્દર્શનની સામર્થ્યતા સ્વભાવની પ્રગટી એ પણ પરદ્રવ્યને ગ્રહે કે છોડે એવું એનામાં નથી. આહા..હા...! શરીર, વાણી, કર્મ પરને ગ્રહે કે છોડે એ તો સ્વભાવની દૃષ્ટિ થઈ તોપણ નથી અને સ્વભાવમાં નથી એવો પર્યાયમાં કર્મના સંગે પોતાથી

પોતામાં વિકાર થવો તોપણ વિકારની સામર્થ્યથી પરદ્રવ્યને ગ્રહે કે છોડે કે ઝાલે કે મૂકે એવું એનામાં નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાન ચૈતન્ય સ્વરૂપનું વીતરાગે આવું સ્વરૂપ જોયું છે. એ જેને અંતર જોવામાં આવે, દૃષ્ટિ વડે કરીને તે દ્રવ્યના શુદ્ધ સ્વભાવનો સ્વીકાર થાય તો તે પર્યાય રાગને ગ્રહતી નથી અને રાગને છોડતી નથી. આહા..હા...!

સમ્યગ્દર્શનની પર્યાય એ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને અવલંબે સ્વીકાર્યે પ્રગટે છે. આહા..હા...! એ વિનાનું જ્ઞાન પણ ખોટું છે. આહા..હા...! જે સ્વરૂપ ચૈતન્ય જ્ઞાયક છે, એના સંબંધે એનું જે જ્ઞાન થાય, જ્યાં શાસ્ત્રનું પણ નહિ, કારણ કે એ શાસ્ત્રનું જ્ઞાન પરાવલંબી પરસત્તાવલંબી જ્ઞાન છે. આહા..હા...! એ પણ બંધનું કારણ છે. પણ જ્યાં ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ, એની એકાગ્રતાથી જે જ્ઞાનની દશા થાય એ જ્ઞાનની દશા રાગને ગ્રહતી નથી અને રાગને છોડતી નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એવો એનો સમ્યગ્દર્શનનો ત્રિકાળી સ્વભાવ છે પણ દર્શનનો એવો સ્વભાવ છે.

**'ગુણના સામર્થ્યથી તેમ જ સ્વાભાવિક–વૈસ્રસિક ગુણના સામર્થ્યથી આત્માવડે પર દ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે.'** એ 'સમયસાર'ની ગાથા છે. **'આત્માને પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ કહેવો એ તો વ્યવહારનયનું કથનમાત્ર છે.'** આહા..હા...! આત્મા રાગ ગ્રહે કે રાગ છોડે એ તો વ્યવહારનયનું કથન છે.

**શ્રોતા :–** પણ દીક્ષા લ્યે ત્યારે તો લુગડાં છોડવા જ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ છોડે ? ઇ જ કહેતા હતા ને. ઇ ભાઈ કહેતા હતા. 'ચાંદમલજી'. સાધુ થાય ત્યારે કપડા છોડે છે ને ? અરે..! ભવગાન ! સાંભળ, ભાઈ ! કપડા છોડે શું, ઇ રાગને છોડે નહિ. આહા..હા..! કપડાની એ છૂટવાની પર્યાયનો એનો ઉત્પાદ કાળ ત્યાંથી ખસી જવાનો છે. તેથી તે કપડા છૂટી જાય છે. જૈનમાર્ગ ! આહા..હા...! ખરેખર તો ઇ કપડામાં તે પર્યાય ત્યાં રહેલી એમ નથી, ખસી જાય એનો ઉત્પાદ કાળ છે. એ પર્યાયનો એ પરમાણુમાં ઉત્પાદ કાળ છે તેથી તે ખસી જાય છે. આત્મા એ કપડાને છોડે એ માન્યતા મિથ્યાત્વ છે. આહા..હા...!

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ છોડે ? ક્યાં રહી ? ... જગતના બધા પરપદાર્થ પડ્યા છે. આહા..હા...!

અહીં તો એ વાત તો ઘણી દૂર રહો પણ પંચ મહાવ્રતના વિકલ્પને આત્મા ગ્રહે કે રાગને છોડે (એ એના સ્વરૂપમાં નથી). ભાઈ ! એ ચૈતન્ય સ્વરૂપ છે, એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ કોને ગ્રહે અને કોને છોડે ? એ તો ગ્રહણ-ત્યાગ પરમાં થાય તેને જાણે. આહા..હા...! રાગ થાય તો જ્ઞાની તો જાણે. મારામાં થયો નથી. આહા..હા..! અને રાગ જાય તો મેં એને છોડ્યો છે એમ નથી. આહા..હા..! ગહન તત્ત્વ, બાપુ ! ઝીણું બહુ. જન્મ-મરણના અંતને લાવવાનું તત્ત્વ સૂક્ષ્મ છે. આહા..હા...! બાકી

તો અનંતવાર મુનિપણા પાળ્યા, પંચ મહાવ્રત, દિગંબર સાધુ, હોં ! અનંતવાર થયો. અનંતવાર અગિયાર અંગનું જ્ઞાન કર્યું. એક અંગમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. એ પણ જ્ઞાન જ્ઞાન નહિ. કેમકે પરલક્ષે જે ઉઘાડ થયો એ આત્માનું જ્ઞાન નહિ. એ આત્માને લાભદાયક નહિ. ભારે વાતું, ભાઈ ! આહા..હા...!

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એના સ્વભાવમાંથી જ્ઞાનની પર્યાય આવે કે જે કંઈ સંવર, નિર્જરા થાય એને જ્ઞાન કહીએ. સમજાણું કાંઈ ? તેથી આત્મા જ્ઞાનસ્વભાવી હોવાથી તેનું ગ્રહણ-ત્યાગ નથી. આહા..હા...! **'જ્યારે જીવ આત્મસ્વરૂપમાં લીન થાય છે...'** જ્યારે આ આત્મા પોતાના સ્વરૂપમાં સંયોગી ચીજથી લક્ષ છોડીને, એ રાગના અને પરના જાણપણાના ભાવનું લક્ષ છોડીને, એક સમયની પર્યાયનું લક્ષ છોડીને.. આહા..હા...! વસ્તુના સ્વભાવમાં જ્યારે લીન થાય છે–એકાગ્ર થાય છે **'ત્યારે રાગાદિ વિકારે સ્વયં છૂટી જાય છે,...'** આવી વાત છે, ભાઈ ! એટલે ? કે ચૈતન્ય સ્વભાવની નિત્યતા અને ધ્રુવતામાં દષ્ટિ આપતાં, એમાં સ્થિર થતાં રાગની ઉત્પત્તિ થતી નથી. જેટલે અંશે અહીં સ્થિર થયો એટલે અંશે રાગની ઉત્પત્તિ થતી નથી એને રાગ છોડ્યો એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. આવો માર્ગ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એ સિવાય આ માર્ગ બીજે ક્યાંય નથી, ક્યાંય કોઈ ઠેકાણે (નથી). આહા..હા..! એની રીતે અને એની પદ્ધતિ ભગવાનના જ્ઞાનમાં આવી એમણે કહી છે. આહા..હા...!

કહે છે કે રાગ છૂટે છે ને, મિથ્યાત્વભાવ નાશ પામે છે ને, એ આત્મા નાશ કરે એમ કહેવું કે નહિ ? આહા..હા...! જિન કહેવાય છે (કેમકે) એ રાગને જીતે છે. એ પણ વ્યવહારનયનું કથન છે. આહા..હા...! ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને વીતરાગસ્વભાવની મૂર્તિ છે એમાં જ્યાં લીન થાય છે ત્યારે મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન થતી નથી અને એ જેટલે અંશે રમણતા–સ્વરૂપાચરણ થયું.. આ શબ્દકોષવાળાએ સ્વરૂપાચરણ સ્વીકાર્યું છે ચોથે ગુણસ્થાને. આજે આવ્યું છે. સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાને હોય છે. પેલા ના પાડે છે ને. .... જેટલે અંશે અનંતાનુબંધીનો અભાવ થયો એટલે અંશે અહીં સ્થિર થયો ત્યારે તેનો અભાવ થયો. આહા..હા...! સમ્યગ્દર્શન, ત્રિકાળી સ્વરૂપની પ્રતીતિ કરતાં જે જ્ઞાનનું સ્વસંવેદન થાય, તેમાં જેટલી સ્થિરતા થાય.. આહા..હા...! એ ત્રણે એકસાથે હોય છે. સમજાણું કાંઈ ? ત્યારે તેને દર્શનમોહનો ઉદય ન હોય, જેટલું ચારિત્ર હોય એટલો અનંતાનુબંધી પણ ન હોય. આહા..હા...! જેટલું સ્વસંવેદન જ્ઞાનમાં આવ્યું એટલી જ્ઞાનની પર્યાયને વિઘ્ન કરનાર કર્મ પણ ન હોય. આહા..હા...! નિમિત્ત રીતે. આહા..! આવો માર્ગ પ્રભુનો લોકોએ બીજી રીતે ખતવી નાખ્યો. બાપુ ! અનંત કાળ થયો, ભાઈ !

ચોરાશીના અવતાર કરી કરીને અનંત અવતાર કર્યા. એણે અનંત અવતારમાં દુઃખ વેઠ્યા છે. ભગવાનનો આનંદ તો એને આવ્યો નથી. સમ્યગ્દર્શન વિના આનંદની લહેજતની મજા ક્યાંય

બહારમાં આવતી નથી. એ સમ્યગ્દર્શનમાં આનંદ આવે, એ વિના મિથ્યાત્વમાં તો એકલું દુઃખ છે. સંયોગ પ્રતિકૂળનું દુઃખ એ નહિ, પણ સ્વરૂપની શુદ્ધતાની વિરૂદ્ધ દૃષ્ટિ એ દુઃખ છે. એ દુઃખમાં પીડાયેલો પ્રાણી ભલે શેઠાઈમાં હોય, અબજોપતિમાં દેખાય, દેવમાં દેખાય પણ છે એ દુઃખની ઘાણીમાં પીલાયેલો. અરે..! પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનું સત્ય તો આવું છે, ભાઈ ! એ પોતે સર્વજ્ઞદેવ છે. ભગવાન આત્મા સર્વજ્ઞદેવ ! સર્વજ્ઞશક્તિનો ભંડાર છે. એમાં સર્વજ્ઞશક્તિમાં દૃષ્ટિના સ્વીકારમાં જે સર્વજ્ઞ સ્વભાવ આવ્યો ત્યારે તેને સમ્યક્ થયું, ત્યારે તેને સ્વસંવેદન સમ્યક્જ્ઞાન થયું, ત્યારે તેને સ્વરૂપમાં સ્થિરતા થવાના સ્વરૂપનું આચરણ (થયું). જે શુદ્ધ સ્વરૂપ છે એનું ચારિત્ર એટલે આચરણ થયું. આહા..હા...! એ કાળે એને કષાય છોડવો પડતો નથી, કહે છે. કષાયનો ઉદય આવતો નથી અથવા આવે તે ખરી જાય છે એને આત્માએ રાગને નાશ કર્યો એમ કહેવામાત્ર છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'વિકારો સ્વયં છૂટી જાય છે; તેને છોડવા પડતા નથી અને આત્મિક ગુણો સ્વયં પ્રગટ થાય છે.'** ગુણ શબ્દે પર્યાય. જે આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એની અંતરમાં દૃષ્ટિ પડતાં અનંતા ગુણો જે શક્તિ અને સ્વભાવ ને ગુણપણે છે, તે અનંતા ગુણનો એક અંશ વ્યક્તપણે પ્રગટ થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ત્યારે એને રાગ છોડવા પડતા નથી. આહા..હા...! સ્વયં પ્રગટ થાય ત્યારે વિકાર ઉત્પન્ન થતાં નથી. આવું સ્વરૂપ છે. ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

નિર્વિકલ્પ દશામાં જ્યારે આત્મા પોતાના સ્વરૂપની પ્રાપ્તિમાં આવે છે... આહા..હા..! શુદ્ધ આનંદ અને શુદ્ધ જ્ઞાનઘન પ્રભુ, એની શ્રદ્ધા અને જ્ઞાનમાં સ્વસન્મુખતામાં આવે છે, ત્યારે તેને વિકલ્પ નામ રાગ રહિત નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે. આહા..હા...! ભારે આકરું ભાઈ આવું. ઓલો તો એવું (સહેલું) હતું, ઇચ્છા.. તસ્સ મિચ્છામિ દુક્કડમ્, હતું લ્યો. .... આહા..હા...! એ તો બધી રાગની ક્રિયાઓની વાતું છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા, જે થયા એ ક્યાંથી થયા ? એ સર્વજ્ઞદશા આવી ક્યાંથી ? રાગની ક્રિયા કરી એમાંથી આવી ? બહારથી આવે છે ? આહા..હા...! સર્વજ્ઞ સ્વભાવ એ જ્ઞ સ્વભાવી હું આત્મા, સર્વજ્ઞસ્વભાવી આત્મા, એને દૃષ્ટિ અને વેદનમાં લેતાં સર્વજ્ઞપણું છે એવી એને પ્રતીત થાય છે. હું સર્વજ્ઞ છું એવી પ્રતીત થાય છે. આહા..હા...! અને પછી સ્વરૂપમાં સર્વજ્ઞની શક્તિમાં સ્થિર થતાં થતાં સર્વજ્ઞપર્યાય પ્રગટપણે પરિણમે છે એને કેવળી પરમાત્મા કહેવામાં આવે છે. આહા..હા...! આ અરિહંત ભગવાન ! અરિમાં તો કર્મરૂપી શત્રુ અને રાગરૂપી શત્રુને હણ્યા એમ કહેવામાં આવે છે. ત્યાં શબ્દ પડ્યો છે. એ વ્યવહારના કથન એવા હોય છે. આહા..હા...! ભગવાને તો પોતાના સ્વરૂપમાં જ્ઞાનસ્વભાવ જે સર્વજ્ઞસ્વભાવ, એનો અનુભવ કરીને વેદનમાં આવ્યા પછી અંદરમાં ઠર્યા. પૂર્ણ શક્તિનું અવલંબન લઈને ઠર્યા. ત્યારે એ શક્તિમાંથી વ્યક્તતા

(થઈ), સર્વજ્ઞદશા પ્રગટ થઈ છે. અનંત ગુણો જે અંદર શક્તિ અને સત્ત્વરૂપે હતા એ અનંત ગુણના અંતર ઘુટનથી... આહા..હા..! એ જ્ઞાન અને આનંદની ક્રિયા દ્વારા ભગવાનને કેવળજ્ઞાન થયું. એમ કહેવું એ પણ વ્યવહાર (છે). આ પર્યાય જે સાધન કર્યું તેથી કહે છે કે કર્મનો અભાવ થયો માટે કેવળ થયું એ તો વાત છે જ નહિ પણ પૂર્વની સાધકદશા ચાર જ્ઞાનની હતી, એનો અભાવ કરીને કેવળ થયું એટલે ચાર જ્ઞાન સાધક હતા, એ તો પૂર્વ દશા એ હતી એને કહેવાની સમજાવવાની વાત છે. બાકી કેવળજ્ઞાન જે થયું એ ઉત્પાદ અંદર સદ્ભાવ હતો એ એની જન્મક્ષણે ઉત્પન્ન થયું. આહા..હા...!

એ તો આપણે આવ્યું ને સદ્ભાવ સબંધે પર્યાય. ૧૧૦-૧૧-૧૧૨ પ્રવચનસાર. અંદર સદ્ભાવ પર્યાય કેવળજ્ઞાનની પર્યાય છે એ પર્યાય છે, એ કંઈ ગુણ નથી. અંદર સદ્ભાવ ગુણનો છે. એ છે તે થયો છે. પૂર્વે પર્યાય નહોતી ને થઈ એ તો પર્યાયદૃષ્ટિની વાત છે. આહા..હા...! એ પણ પૂર્વે નહોતી ને થઈ એ પણ પર્યાય ને ગુણના સમીપનો સંબંધ છે. એને પૂર્વની પર્યાયના નાશ સાથે સંબંધ નથી. આહા..હા...! ઝીણું બહુ, 'કાંતિભાઈ' ! ઝીણું છે. આ કાંઈ... ઉપરટપકે પકડે (તો હાથ ન આવે).

આ તો ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ.. આહા..હા...! જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાણા નહિ, પણ એની પર્યાયને જાણતાં એ પર્યાય જણાઈ ગઈ. આહા..હા...! નિશ્ચયથી તો એમ કહ્યું છે, કેવળજ્ઞાન ... હતું ને ? ..... કહ્યું હતું. એ ... 'ચિદ્ વિલાસ' ગુજરાતી. મારે આમાં ૮૯ પાનું છે. 'ચિદ્ વિલાસ.' નીકળ્યું ગુજરાતીમાં ૯૫. પર્યાયનું કારણ પર્યાય, આવે છે ને ભાઈ ! આહા..હા..! એ કેવળજ્ઞાનની પર્યાયનો સ્વકાળ હતો. એ જ્ઞાનની પર્યાય પર્યાયથી થઈ છે, ગુણથી નહિ, નિમિત્તથી નહિ, પૂર્વના મોક્ષના માર્ગની પર્યાયથી નહિ. આહા..હા...! 'ધીરુભાઈ' ! આવો માર્ગ, પ્રભુ ! અરે.. ! સાંભળીને અંદરમાં લક્ષ તો કરે. આહા..હા...! અરે..! આવા કાળમાં ન સમજે તો બાપુ ! કે દિ' સમજશે ?

કહે છે કે સમ્યગ્દર્શનની પર્યાય થઈ, એણે મિથ્યાત્વનો નાશ કર્યો એ તો નથી પણ પૂર્વની પર્યાય ગઈ માટે થઈ એમ પણ નથી, તેમ એ સમ્યક્ની પર્યાય દ્રવ્ય-ગુણ હતા તેથી આવી, એમ પણ નથી. આહા..હા..! એ પર્યાયનું કારણ પર્યાય, પર્યાયનું વીર્ય પર્યાય, પર્યાયના પ્રદેશનો અંશ એ પર્યાય ! આહા..હા...! આવી વાત સર્વજ્ઞ સિવાય આવી સ્વતંત્રતાની વાત ક્યાંય હોઈ શકે નહિ. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. જૈન ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? જૈનધર્મ એ સંપ્રદાય અને વાડો નથી કે તમે જૈન આમ કહો છો અને અમે આમ કહીએ છીએ, એમ નથી. આહા..હા..! 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' આહા..હા...! અરે..! વાણી ક્યાં છે આવી ! આહા..હા..! સર્વજ્ઞના ...

નિર્વિકલ્પ દશા થાય. રાગને ગ્રહે અને છોડે નહિ એવો ચૈતન્યનો સ્વભાવ છે, એવી જ્યાં અંતરની દૃષ્ટિ થઈ ત્યારે તે દૃષ્ટિનો આશ્રય દ્રવ્ય હતું એમ કહ્યું અને તે છે તે આવી, એમ પણ કહ્યું અને તેનો જન્મક્ષણ–એ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો જન્મ નામ ઉત્પત્તિનો એ કાળ હતો, એમ કહ્યું. આહા..હા...! એ પર્યાયને કારણે પર્યાય થઈ છે. પર્યાયના વીર્યથી પર્યાય થઈ છે, દ્રવ્ય-ગુણથી નહિ. આવી સ્વતંત્રતા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ, એ સિવાઈ આવી સ્વતંત્રતા ક્યાંય ન હોય, બાપુ ! એના વાડામાં જન્મ્યો એને સાંભળવા મળ્યું... કહે છે કે આ આવી ચીજ સાંભળવા એને મળી નહિ. આહા..હા...! 'શ્રુત પરિચિત અનુભૂતા' ભગવાન ! બીજી વાતો તો ઘણી સાંભળી. આ ચીજ આવી છે, એનું સત્ત્વ આવું છે, આહા..હા...! એવું તેં સાંભળ્યું નથી. સાંભળ્યું હોય તો તને રુચિ થઈ હોય, એમ કહે છે. આહા..હા...!

કહે છે, એ પર્યાય થઈ, નિર્વિકલ્પ અનુભવ કાળે જીવને પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગનો વિકલ્પ હોતો નથી. આહા..હા...! સમ્યગ્દર્શનના પામવા કાળે.. સમજાણું કાંઈ ? આત્માના શુદ્ધ ચૈતન્યઘનના અનુભવ એટલે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કાળે.. આહા..હા...! એ અનુભવકાળ. અનુભવ એટલે ? વસ્તુનો જે સ્વભાવ છે તેને અનુસરીને જે દશા થઈ, રાગને અનુસરીને નહિ, પૂર્વને અનુસરીને નહિ. આહા..હા...! એ પર્યયાના અનુભવકાળે જીવને પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગનો રાગ જ હોતો નથી કે હું આને ગ્રહું અને આને છોડું એવો વિકલ્પ છે નહિ. ભારે આકરી વાત માણસને લાગે. સંપ્રદાયમાં તો એ વાત છે નહિ એટલે લાગે કે આ તે ક્યાંની વાત હશે ? જૈન પરમેશ્વરની હશે ? એમ લાગે. ઓલા વેદાંત જેવી હશે ? ભગવાન ! આ તો પરમેશ્વરની આ જ વાત છે. વેદાંતમાં ક્યાં એ વાત છે ! એ તો સર્વવ્યાપક એક આત્મા માને. અહીં તો અનંત આત્મા, એક આત્મામાં અનંત ગુણો, અનંત ગુણની એક સમયની અનંતી પર્યાય, એ વાત છે ક્યાં ? સમજાણું કાંઈ ?

કહે છે, ધર્મકાળ. છે ? ટીકામાં નથી. ધર્મકાળલબ્ધિ આવે છે, ટીકામાં આવે છે. ભગવાન આત્મા, એને સમ્યગદર્શન-જ્ઞાનને પામવાનો કાળ છે ત્યારે તે પામે છે, પણ પામતા કાળમાં હું આને ગ્રહું, આત્માને અનુભવું અને રાગને છોડું, એવું કાંઈ હોતું નથી. આહા..હા...! શેઠ ! આવી ઝીણી વાત છે. લોકોને પંડિતોએ ... વસ્તુનું સ્વરૂપ જેવું છે એમાં ફેરફાર કરીને મનાવ્યું. ખબર નથી. ખબર વિનાની વાતું કરવા માગે ...

કહે છે, ભાઈ ! આ જન્મ-મરણના ટાળવાના આરા–કાળ છે, નાથ ! આહા..હા..! આવો મનુષ્યભવ અને એમાં આ ભગવાનની વાણી પરમ સત્યનું સાંભળવું અને આટલા જોગે... આહા..હા...! કહે છે કે અંદરમાં જા, ભગવાન ! આહા..હા...! અમારી વાણીથી પણ તું અનુભવમાં ન આવી શકે એવી ચીજ છે. આહા..હા...! આહા..હા...! અને એ અનુભવકાળમાં ગ્રહણ-ત્યાગનો

વિકલ્પ નથી. તે તો તે દશામાં ગ્રહણ કરવા યોગ્યનું ગ્રહણ થઈ ગયું. આહા..! સ્વરૂપમાં એકાગ્ર થઈ ગયો એ ગ્રહણ કર્યું અને ત્યાગવા યોગ્યનો ત્યાગ સ્વયં થઈ ગયો. રાગ ઉત્પન્ન જ થયો નહિ, એનો સહજ ત્યાગ થઈ ગયો. આહા..હા...! એટલે ગ્રહણ અને ત્યાગનો પ્રશ્ન જ રહેતો નથી.

**'વળી આત્મસ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ થાય...'** નહિતર તો અહીં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં પણ બધાને જાણે-દેખે એવો જ એનો સ્વભાવ પ્રગટ થાય છે. મતિ-શ્રુતજ્ઞાનમાં પણ એમ છે, ભાઈ ! આહા..હા...! સમ્યક્ મતિ અને શ્રુતજ્ઞાન ચૈતન્યના અવલંબે જે થયું, એ જ્ઞાન પણ સંપૂર્ણ ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને પરોક્ષ રીતે જાણે, પણ એ પણ જાણવાનું જ કામ કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અહીંયા કેવળજ્ઞાનની વાત લીધી છે. **'આત્મસ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ થાય...'** ભગવાન આત્મા સર્વજ્ઞશક્તિનું સત્ત્વવાળું તત્ત્વ, સર્વજ્ઞના સત્ત્વ સહિત એવું જે તત્ત્વ, જ્યારે અંતરમાં અવલંબનથી સંપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય, જેવી એની શક્તિનો સ્વભાવ હતો એવો પર્યાયમાં પ્રગટ થાય ત્યારે સંપૂર્ણ કેવળજ્ઞાન કહેવાય. આહા..હા...!

**'ત્યારે આત્માના જ્ઞાનાગુણની પર્યાય પણ કેવળજ્ઞાનરૂપે પ્રગટે છે. આ કેવળજ્ઞાનનો એવો અનંત મહિમા છે કે અનંત દ્રવ્યોના...'** અનંત દ્રવ્યો છે–નિગોદ, સિદ્ધો, રજકણ અનંત પદાર્થ અને અનંત ગુણોને. એક એક દ્રવ્યના અનંત ગુણો છે એને **'અને તેમની ત્રિકાળવર્તી વિકારી-અવિકારી અનંત પર્યાયોને સંપૂર્ણપણે એક જ સમયમાં સર્વથા પ્રત્યક્ષ જાણે છે.'** શ્રુતજ્ઞાનમાં સર્વથા પૂર્ણ બધાને જાણે છે, આહા..હા...! પરોક્ષ રીતે. સમજાણું કાંઈ ? સમ્યગ્જ્ઞાન થતાં સહજ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો આશ્રય સન્મુખ થઈને જે સમ્યગ્જ્ઞાન થયું એ જ્ઞાન તો સર્વને જાણવાના સ્વભાવવાળું છે. કોઈને કરે અને કોઈને મૂકે એવો એનો સ્વભાવ નથી. ન કરે અને ન મૂકે એવો સ્વભાવ છે ત્યારે છે શું ? એમ કહેવું છે. સમજાણું ? એ તો જાણવાનો સ્વભાવ છે. જ્ઞાની રાગ આવે તોપણ જાણે, રાગ છૂટે તો જાણે, બંધ પડે તો જાણે, બંધનો અભાવ થાય તો જાણે. આહા..હા...! એવું એનું સ્વરૂપ છે.

કહે છે, ત્રણકાળના દ્રવ્ય, ગુણ અને પર્યાયને, વિકારી-અવિકારી અનંત પર્યાયને સંપૂર્ણપણે કેવળજ્ઞાન એક સમયમાં સર્વથા પ્રત્યક્ષ જાણે છે. 'પ્રવચનસાર'માં ૩૮ ગાથા. ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૭, ૪૮, ૪૯, ૫૧. એ બધી કેવળજ્ઞાનની ગાથાઓ છે. 'પ્રવચનસાર'. સવારે વંચાય છે. અહો...!

**'જ્ઞાન પરપદાર્થને જાણે છે–એમ કહેવું તે પણ વ્યવહારનયનું કથન છે.'** કેમ ? કે જ્ઞાન પરને જાણતાં પરમાં એકત્વ થતું નથી, તન્મય નથી. એ તો ભિન્ન રહીને જાણે છે. આહા..હા...! લોકાલોક, ત્રણકાળ જાણે પણ તે વસ્તુથી ભિન્ન રહીને જ્ઞાન જાણે છે એટલે ખરેખર તો જ્ઞાન જ્ઞાનને જાણે છે. જ્ઞાન પરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ આકરો લાગે, પણ ભાઈ ! અનું માન તો ખરો ! પણ એનું જ્ઞાન તો કર કે માર્ગ તો આ

છે. આહા..હા...! જેના આ જાતના વ્યવહારુ સમ્યગ્જ્ઞાન પણ જેને નથી, એને પરમાર્થે નિશ્ચયજ્ઞાન પ્રગટ થતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? છતાં વ્યવહાર ઉપર સમ્યગ્જ્ઞાન થાય એ કંઈ નિશ્ચય સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિનું કારણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'વાસ્તવમાં તો આત્મા પોતાને જાણતાં સમસ્ત પર પદાર્થો જણાઈ જાય છે...'** પાણીની સ્વચ્છતામાં રાત્રિમાં ચંદ્ર ને નક્ષત્ર એમાં દેખાય છે એ પાણીનું સ્વરૂપ છે, એ ચંદ્ર, નક્ષત્રનું નહિ. આહા..! શું કીધું ? પાણી રાત્રિમાં આમ જે સ્વચ્છ ચાલ્યું જાય છે એમાં ઉપરના ચંદ્ર, નક્ષત્ર, ગ્રહ આદિ જણાય છે ઇ ઈ નહિ. સ્વચ્છતા પાણીનું સ્વરૂપ છે એને એ જાણે છે. આહા..હા...!

એમ જ્ઞાનની સમયની પર્યાયની નિર્મળતામાં લોકાલોકનું જ્ઞાન જે અહીં પરિણમ્યું છે એ લોકાલોકનું નહિ, એ પોતાની પર્યાય એ રીતે પરિણમી છે. સમજાણું કાંઈ ? રાત્રિમાં પાણી સ્વચ્છ ચાલ્યું જાતું હોય. ચંદ્ર સોળ કળાએ ખીલ્યો હોય, નક્ષત્ર, તારા ચમકતા હોય એ પાણીમાં જણાય છે. એ પાણીમાં જણાય એ નક્ષત્ર, તારા છે ? એ તો પાણીની પર્યાય છે. આહા..! એમ કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે છે તો એ લોકાલોકની પર્યાય છે ? એ તો પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. એમાં એ લોકાલોક જણાય જાય છે એમ વ્યવહાર કહેવામાં આવે છે. આહા..! નિશ્ચયથી જણાય છે, હોં ! જ્ઞાનની પર્યાયમાં એવડું સામર્થ્ય છે એને જાણતાં નિશ્ચયથી જણાય જાય છે. આને (લોકાલોકને) જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા...! આવો ધર્મ અને આવો મોક્ષનો માર્ગ છે. કેટલાક કહે છે કે આ નવો કાઢ્યો છે. સોનગઢવાળાએ નવો કાઢ્યો. અરે..! ભગવાન ! આ તો અનાદિનો વીતરાગનો (માર્ગ છે). નવો કોણ કાઢે ? બાપુ ! પરમાત્મા કેવળજ્ઞાની બિરાજે છે. મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. 'સીમંધર' ભગવાન, એવા વીસ તીર્થંકરો બિરાજે છે. લાખો કેવળીઓ બિરાજે છે. મહાવિદેહ છે ને ? એક એક વિદેહમાં .... વીસ છે ને ? બત્રીસ છે. આઠ આઠ છે ને આમ ? આઠ આમ, આઠ આમ. સોળ આમ. બત્રીસ પંચા એમ છે ને ? વિદેહ પાંચ પણ એમાં ભાગલા ૧૬૦. ભરતથી પણ મોટો ભાગ. એમાં એક એકમાં અત્યારે તો વીસ તીર્થંકર બિરાજે છે. કોઈ વખતે અજીતનાથ ભગવાનના વખતમાં ૧૬૦ તીર્થંકરો હતા. સાક્ષાત્ અરિહંત પરમાત્મા. એ ઠામણામાં આવે છે. ઉત્કૃષ્ટ હોય તો ૧૭૦. ૧૬૦ ઇ ને પાંચ ભરત ને પાંચ ઐરાવત. ૧૭૦ તીર્થંકર હોય. ઉત્કૃષ્ટ. અજીતનાથ ભગવાનના વખતમાં ૧૭૦ હતા. આહા..હા...! સ્થાનકવાસીમાં ઠામણામાં આવે છે. જઘન્ય ૨૦. ઉત્કૃષ્ટ ૧૭૦. આહા..હા...! એ ભગવાન પાસે આ 'કુંદકુંદાચાર્ય' આઠ દિ' ગયા હતા. સાંભળવાનું નિમિત્ત અને જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થવાનો સ્વકાળ. આહા..હા...! એ જ્ઞાન થઈને અહીં આવ્યા અને આ શાસ્ત્ર બનાવ્યા. સાક્ષાત્ ભગવાન ત્રિલોકનાથ 'સીમંધર' ભગવાનની આ વાણી છે. સંત તો એનો અનુવાદ કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..! એવી વાત કાને ન પડે એને સમજણમાં કે દિ' લ્યે અને કે દિ' અંતરમાં ઉતરે ?

કહે છે, એ કેવળજ્ઞાન સર્વથા.. **'જ્ઞાન પર પદાર્થોને જાણે છે એ વ્યવહારનયનું કથન છે. વાસ્તવમાં તો આત્મા પોતાને જાણતાં સમસ્ત પદાર્થો જણાઈ જાય છે...'** આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ આવે છે ને ! ૪૭ શક્તિમાં. સર્વજ્ઞ શક્તિ એટલે સર્વને જાણે એમ નહિ. એ સર્વજ્ઞપણું એ આત્મજ્ઞાનમયપણું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વાતે વાતે ફેર બહુ. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા કહે છે, એ સર્વને જાણે છે માટે સર્વજ્ઞ એમ નહિ, એ સર્વજ્ઞશક્તિ પર્યાયમાં સર્વને જાણવાપણે પોતાના સામર્થ્યથી પોતામાં બધું જણાઈ ગયું છે. આહા..હા...! એ આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ એમ લીધું છે. આત્મદર્શનમયી સર્વદર્શી શક્તિ. આહા..હા...! અહો..! વીતરાગી સંતોએ જગતને કરુણા કરીને આવી વાત કરી. એણે કરવા જેવું શું એ એને કહ્યું. ભાઈ ! તારે ... જ્યાં એ શક્તિઓ પડી છે ત્યાં તારે ઠરવાનું-જવાનું છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા અનંત શક્તિવાળું તત્ત્વ છે. એક એક શક્તિનું અનંત સામર્થ્ય છે. એવી અનંત શક્તિઓ એક આત્મામાં છે. ત્યાં તારે જવાનું (છે), ભગવાન ! ત્યાં તારે નજર કરવાની છે. આહા..હા..! નિધાન પડ્યું છે ત્યાં નજર કરવાની છે અને નજર કરવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એ સ્વતંત્ર પર્યાયનું સામર્થ્ય એટલું (છે) માટે પ્રગટ થાય છે. આહા..હા...! ઇ લોકાલોકને જાણે માટે અહીં સર્વજ્ઞપણું (છે) એમ નહિ. ઇ સર્વજ્ઞશક્તિની પર્યાય આત્મજ્ઞાનમય પૂર્ણ થઈ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વ્યવહારના આગ્રહીઓને, નિમિત્તના આગ્રહીઓને તો આ બધું એવું લાગે કે ગાંડપણ છે, ગાંડા છે. એક વળી એમ પણ કહેતો હતો કે સોનગઢીયાની ઇસ્પિતાલમાં મૂકો. ગાંડાની ઇસ્પિતાલ. અરે..! પ્રભુ ! સાંભળ, બાપા ! ભાઈ ! તેં સત્યની સ્વતંત્રતાની વાત સાંભળી નથી. એથી તને એમ થાય છે કે નિમિત્ત આવે તો થાય, વ્યવહાર હોય તો નિશ્ચય થાય. ભગવાન ! એવું સ્વરૂપ નથી તારું. સમજાણું કાંઈ ? છે ? **'એવી જ્ઞાનની નિર્મળતા-સ્વચ્છતા છે.'**

**'વળી તે આત્મસ્વરૂપ સ્વસંવેદ્ય છે...'** મૂળ ગાથાનું ચોથું પદ છે. ભગવાન આત્મા સ્વ નામ પોતાથી સં નામ પ્રત્યક્ષ વેદાય એવો એનો સ્વભાવ છે. આહા..હા..! પ્રભુને પામર તરીકે એણે ઓળખ્યો. પ્રભુતાની શક્તિનો ભંડાર. એક એક શક્તિ પ્રભુતાથી ભરેલી એવી અનંત શક્તિ. જીવતર, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વજ્ઞત્વ, સર્વદર્શી, સ્વચ્છ, પ્રકાશત્વ એવી ૪૭ શક્તિઓનું વર્ણન તો 'સમયસાર'માં આવી ગયું. એક એક શક્તિ અનંત સામર્થ્યથી ભરેલી છે. એવા સામર્થ્યને સ્વસંવેદ્યથી જણાય એવું છે, કહે છે. સમજાણું કાંઈ ?

**'પોતાના આત્માના જ અનુભવમાં આવે તેવું છે. ગુરુ, તેમની વાણી કે તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ પણ તેનો અનુભવ કરાવી શકે તેમ નથી.'** આહા..હા...! ભગવાન કે ભગવાનની વાણી કે ગુરુ અને ગુરુની વાણી, એ તો પરવસ્તુ છે. પર વસ્તુ ઉપર જ્યાં સુધી લક્ષ કરે તો અનુભવ થાય નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? લ્યો, ભગવાનની વાણીથી લાભ ન થાય ? અરે..!

સાંભળને, ભગવાન ! સમવસરણમાં અનંત વાર ગયો, પ્રભુ ! 'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યા નહિ અભિમાન.' આહા..હા...! સમજાણું કાંઈ ? સેવ્યાનો અર્થ–એ કહે છે તેવું માન્યું અને જાણ્યું નહિ. પગ દાબવા નથી ત્યાં. સમજાણું કાંઈ ? ઇ 'સમયસાર'ની ત્રીજી ગાથામાં આવે છે. પોતે તો જાણ્યું નહિ પણ જાણનારની સેવા ન કરી, એમ આવે છે. એનો અર્થ–ભગવાન, સંતો કહે છે એ વાતને તેં અંદરમાં લક્ષમાં લીધી નહિ એટલે સેવા ન કરી, એમ. ઇ મોટી મોટી વાતું કરે, એમ કરીને કાઢી નાખી. બાપુ ! તું મોટો છો, પ્રભુ ! તારી મોટપની શું વાતું કરવી ! અનંતા સિદ્ધની પર્યાયના અનંતા પદ તારા સ્વભાવમાં પડ્યા છે, અનંતા ! એક સિદ્ધ થાય એવી અનંતી પર્યાયો ! આહા..હા..! તારી શક્તિમાં સિદ્ધની પર્યાય અનંતી પડી છે, કારણ કે ગુણ છે. આહા..હા...! એની મોટપની શું વાતું ! એની મહંતતાની શું કહે ! એ ભગવાનના આ કહેણ આવ્યા છે. સારા ઘરની કન્યા આવતી હોય અને બે-પાંચ (લાખ) લઈને આવતી હોય તો વાને મોળી હોય તોપણ સ્વીકારી લે. પચાસ નાળિયેર આવ્યા હોય, પણ આ દસ લાખ લઈને આવે છે અને કરોડપતિ માણસ છે અને પાછો દીકરો નથી. મરી જશે તો ... આવવાના છે. આહા..હા...! એના વેણ સ્વીકારે. અહીં ત્રણલોકના નાથના કહેણ આવ્યા છે. અરે..! નાથ ! તારામાં પ્રભુતા પડી છે ત્યાં જા, એની સાથે લગ્ન કર. આહા..હા..! સમજાણું કાંઈ ? એવી વાત છે, ભગવાન !

'જગતડા કહે છે રે.. ભગતડા કાલા છે.' આવી વાતું શું કરે છે ? 'કાલા ન જાણશો રે, પ્રભુની .. વ્હાલા છે.' સમજાણું કાંઈ ? ઘેલા છે, એમ કહે. અમારે 'પાલેજ'માં દુકાન હતી ને. નવ વર્ષ ત્યાં રહ્યા. (સંવત) ૧૯૫૯ થી ૧૯૬૮. સગાવહાલા વૈષ્ણવ હતા. એક જણ ભજન કરે. જાવું પડે ત્યાં. નાની ઉંમર. જાઈએ, સાંભળીએ. પેલા એમ ગાતા, 'જગતડા કહે છે રે, ભગતડા ઘેલા છે, પણ ઘેલા ન જાણશો રે, પ્રભુને ત્યાં પહેલાં છે.' એમ ગાતા. એનો અર્થ આ, હોં ! એ તો પરને માટે (કહેતા). આહા..હા...! પોતાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ જેને અંદર રુચ્યો એની વહાલપની શું વાત કરવી ? કહે છે. જેને પરમાત્માનો સ્વભાવ પોતાનો એની સાથે વ્હાલપ થઈ, એ ભગતડા ભલે ઘેલા (હોય) તોપણ વ્હાલા છે ઇ. ઇ અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાના છે. સમજાણું કાંઈ ? દુનિયાને ન બેસે. આકરી વાતું લાગે. શું થાય ? ભાઈ ! વસ્તુ તો જે છે એમ રહેશે. આહા..હા...!

ધર્મીની દૃષ્ટિમાં ઇન્દ્રાસનના ઇન્દ્રોના સુખો પણ ઝેર જેવા લાગે છે. આહા..હા...! જેના આત્માના અંતર સ્વરૂપમાં આનંદ છે, એવી જ્યાં દૃષ્ટિ થઈ એને ઇન્દ્રના ઇન્દ્રાસનો, જેને અનાજના ઢોકળા નથી ખાવાના. એવા જેના વૈક્રિયક શરીર. એના હજારો ઇન્દ્રાણીઓના ભોગ, ઝેર.. ઝેર.. ઝેર છે. કેમકે એ રાગના સુખ છે. રાગ તો ઝેર છે. ભગવાન આત્માનો આનંદ તો અમૃત છે. આહા..હા...!

કહે છે, એ ભગવાનનું વેદન.. આમાં કહેવું છે ને ! પોતાનું સ્વસંવેદન. એ ભગવાનની દિવ્યધ્વનિથી પણ જણાય એવો નથી. ગુરુ કે એમની વાણી કે તીર્થંકરની દિવ્યધ્વનિ પણ તેનો અનુભવ કરાવવા સમર્થ નથી. **'જીવ અનુભવ કરે તો તે નિમિત્તમાત્ર કહેવાય.'** આહા..હા..! અનુભવ કરે તો નિમિત્ત કહેવાય. એનાથી થયું નથી. આહા..હા...! આવી વાતું છે, ભાઈ ! એમ કહે, દયા પાળવી, પછી આમ કરવું, આમ કરવું,.. મારવાડીમાં તો જુઓને, કેટલાક ... કરવાનું કહે. ઘરે ન ખાય અને કોઈનું માગીને ખાય ઇ દયા પાળી કહેવાય. અરે...! ભગવાન ! તને દયાની ખબર નથી, બાપુ !

દયા તો આત્મા આનંદનો નાથ વીતરાગસ્વરૂપી છે એવું એનું જીવન છે તેનો સ્વીકાર કરવો એને દયા પાળી કહેવાય. જેવો એનો સ્વભાવ જીવતો-જાગતો છે એને એ રીતે માને, કબુલે એણે જીવની દયા પાળી અને એને એટલો ન માનતા રાગ અને અલ્પજ્ઞવાળો માનવો એ જીવની પૂર્ણ હયાતીનો નકાર કરનાર હિંસા કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાતું છે, ભાઈ ! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતના પંથમાં આ વાત છે. આહા..હા...! જિનેશ્વરદેવ, એમના મુખથી દિવ્યધ્વનિ આવી એમાં આ આવ્યું છે, આ એના કહેણ છે. સમજાણું કાંઈ ? કહે છે કે અમારી વાણીથી પણ તું ન જણાય એવો તને કહીએ છીએ. આહા..હા...! એ તો વીતરાગ કહે. સમજાણું કાંઈ ? 'પોપટભાઈ' ! આહા..હા...! અલૌકિક વાતું છે ! 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો, જેમાં રતન તણાણાં જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતિયે મૂઠ્યું ભરાય.' અભાગ્યવાને જે હોય એ ભરે ત્યાં શંખલા ભરાય, હાથમાં આવે. આવો માર્ગ વીતરાગનો. સમજાય છે કાંઈ ?

**'જીવ અનુભવ કરે તો તે નિમિત્તમાત્ર કહેવાય. તે સ્વાનુભવ ગોચર છે.'** આહા..હા..! આત્મા તો પોતાના સ્વભાવથી જણાય ને અનુભવ થાય એવો છે. એ વિભાવ ને નિમિત્ત ને સંયોગથી જણાય એવી ચીજ નથી-એવી ચીજ નથી. આહા..હા...! એવી એ વસ્તુ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો સ્વાનુભવગમ્ય છે. **'આત્મા પોતે જ તેને ઓળખી-અનુભવ કરી શકે.'**

**'એ રીતે વાસ્તવમાં આત્માને પરદ્રવ્યના તથા રાગાદિનાં ગ્રહણ-ત્યાગ નથી; તે સર્વજ્ઞ છે...'** માટે સ્વાનુભવગમ્ય છે. જ્ઞ-સર્વજ્ઞ-જ્ઞ છે, માટે જ્ઞાનગમ્ય છે. એ જ્ઞાનસ્વભાવી છે માટે જ્ઞાનગમ્ય છે, રાગ અને પરગમ્ય છે નહિ. વિશેષ કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૫૧
## પ્રવચન નં. ૧૩૨, તા.૧૩-૧૧-૧૯૭૬
## [૧૩]

'પરમાત્મપ્રકાશ' ૫૧ ગાથા. અહીંયા સમભાવની વ્યાખ્યા સાધુ તરીકેની ગણવામાં આવી છે. સમભાવની શરૂઆત તો સમ્યગ્દર્શનમાંથી થાય છે, પણ સાધુને સમભાવ ઘણો જ ઉત્કૃષ્ટ હોય છે અને તેથી એ સમભાવ મોક્ષનું કારણ (છે) એમ વર્ણવીને એ સમતાનું સ્વરૂપ વર્ણવ્યું છે. સમભાવ એટલે વીતરાગતા. ચોથે ગુણસ્થાને પણ સમ્યગ્દર્શનની પર્યાય એ વીતરાગી પર્યાય છે. પાંચમે ગુણસ્થાને પણ જેટલી બે કષાય જઈને, મિથ્યાત્વ ટળીને જેટલી શાંતિ થઈ છે એ વીતરાગી છે. મુનિને વિશેષ છે, એટલે એમાં પણ અહીં નિર્વિકલ્પ સમાધિના બળે મુક્તિ થાય એ વર્ણન ચાલે છે. એનો અર્થ કે નીચલી દશામાં જે કંઈ શુભ-અશુભ વિકલ્પ છે એ બંધના કારણ છે. ચાહે તો મુનિને પંચ મહાવ્રતના વિકલ્પ હો એ બંધનું કારણ છે. એ સમભાવ નથી, એમ કહેવું છે. આહા..હા...! એટલો પણ હજી વિષમભાવ છે. આહા..હા..! ભગવાન આત્મા તદ્દન વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે. એની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા એ વીતરાગતા હોય. સમજાણું કાંઈ ?

આ લોકો કહે છે ને કે ચાર અનુયોગને માનતા નથી. એને એમ કહેવા માગશે, નક્કી કરશે કે દેવને માનતા નથી, ગુરુને માનતા નથી, શાસ્ત્રને માનતા નથી–ત્રણે નથી માનતા એમ કહેશે, એમ નક્કી કરશે. દેવને કેમ માનતા નથી ? કે પ્રતિમા આદિને પણ.. કેવી કહેવાય દેવી ? પદ્માવતી. એને નાખે છે પાણીમાં. એટલો ... કોઈક કરતાં હશે, આપણને કંઈ ખબર નથી, પણ ઇ તો અહીંને માથે નાખે ને. ગુરુને માનતા નથી. જે આ વર્તમાન મુનિ છે એ ગુરુ હોય તો ગુરુને માનતા નથી. ચાર અનુયોગને માનતા નથી. શાસ્ત્રને માનતા નથી. એમ કહેશે, એમ નક્કી કરશે. 'ફલટન'માં.

**શ્રોતા :–** ઉત્સર્ગ અને અપવાદ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અપવાદ માર્ગ છે એ અપવાદ છે. અપવાદ માર્ગ છે એ અપવાદ છે, નિંદા કરવા લાયક છે. કહો, 'દેવાનુપ્રિયા' ! એ પ્રશ્નનારદ છે. આહા..હા..! ઉત્સર્ગ માર્ગ એક જ વીતરાગતા, એ જ મોક્ષનું કારણ છે. વચમાં અપવાદ માર્ગ પંચ મહાવ્રત, શ્રાવકને બાર વ્રત આદિ આગળ કહેશે, હમણા કહેશે કે પંચ મહાવ્રતના પરિણામ એ પણ એક પ્રવૃત્તિ છે. અશુભથી નિવૃત્તિ છે પણ શુભથી પ્રવૃત્તિ છે. એટલે વ્રત ને અવ્રત બેય વિકલ્પથી રહિત દશા, અંદરમાં

સ્થિરતા એને નિશ્ચયવ્રત કહે છે, એમ કહેશે, પછી કહેશે. સમજાણું કાંઈ ? આહા..હા...!

અહીંયા તો કહે છે કે **'સાધુ દેહકે ઉપર ભી રાગ-દ્વેષ નહીં કરતા.'** આહા..હા...! શરીર ઉપરનો પણ જેને હવે અસ્થિરતાનો રાગ, શ્રાવકને સમકિતીને હોય છે, એ આને હોતો નથી એમ સિદ્ધ કરવું છે. અસ્થિરતાનો રાગ બંધનું કારણ છે અને આ સ્થિરતા–વીતરાગભાવ એ મોક્ષનું કારણ છે અને ચાર અનુયોગને માનવાનો અર્થ ચારે અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. એ લોકો એમ કહેવા માગે છે કે આ ચરણાનુયોગનું જે વ્યવહાર વર્તન છે એ સાધક છે. માટે એને વ્યવહાર સાધે છે અત્યારે એને તમે માનતા નથી. એમ કહે છે. ભગવાન ! શું કરે ? બાપુ ! ભાઈ ! ચરણાનુયોગમાં વ્યવહારનું સાધન કહ્યું છે એ જાણવા લાયક તરીકે વર્ણવ્યું છે. એનું પણ તાત્પર્ય–ચરણાનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. આહા..હા...! શાસ્ત્રનું તાત્પર્ય જ વીતરાગતા છે. તો શાસ્ત્ર એક જ દ્રવ્યાનુયોગ છે ? ચારે પ્રકારના શાસ્ત્રોનું તાત્પર્ય– પ્રયોજન સ્વદ્રવ્યનો આશ્રય લઈને વીતરાગતા ઉત્પન્ન કરવી એ એનું તાત્પર્ય છે. આવી વાત છે. દેવ, ગુરુ, ધર્મને માનવા એવો વિકલ્પ હોય છે પણ એ પણ રાગ છે. એને છોડીને સ્વદેવને માનવો. આહા..હા..! પોતે ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ છે, એ દેવને માનવો અને એ પોતે વસ્તુ છે એ ગુરુ છે. આહા..હા...! અને એ વસ્તુનો સ્વભાવ છે તે ધર્મ છે. સમજાણું કાંઈ ?

અહીંયા સાધુપણાની વ્યાખ્યામાં (કહે છે), દેહથી પણ જેની મમતા છૂટી ગઈ છે, એમ કહે છે. દેહની હયાતી હોવા છતાં દેહ પ્રત્યેનો રાગ મુનિને છૂટી ગયો છે. એમ કહેવું છે.

**શ્રોતા :–** આહાર લેવા કેમ જાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો હજી વિકલ્પ છે. ત્યાં સુધીની વાત નથી. આ તો પછીની વાત છે. ત્યાં એટલો રાગ છે એ પણ છોડીને સમભાવમાં જ્યારે નિર્વિકલ્પમાં હોય એની અહીં વાત છે. કારણ કે આહાર લેવાનો વિકલ્પ છે એ પણ બંધનું કારણ છે. આહા..હા...! સંયમના હેતુએ પણ આહાર (લેવાની) વૃત્તિ (હોય) એ પણ બંધનું કારણ છે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તનપોષણ માટે નહિ, છતાં એ વિકલ્પ છે, રાગ છે. ચરણાનુયોગના વચનમાં એમ આવે, 'પ્રવચનસાર' માં આવે છે કે આહાર લેતાં છતાં અણાહારી ઉપરની દૃષ્ટિ છે અને નિર્દોષ લે છે માટે તેને અણાહારી કહેવામાં આવે છે. 'પ્રવચનસાર' ચરણાનુયોગ. આહાર લેતા છતાં. આહા..હા...! શબ્દે શબ્દે એના વિચાર સમજવા કઠણ. અણાહારી ભગવાન આત્મા, એનો જેને આશ્રય છે એથી તે અણાહારી છે અને વિકલ્પથી આહાર લે છે તો એ અપેક્ષાએ પણ વ્યવહારે નિર્દોષ લ્યે છે એટલે વ્યવહારે તેને અણાહારી કહેવામાં આવ્યો છે, એ ચરણાનુયોગની અપેક્ષાએ. નિશ્ચય તો એ આહાર લેવાનો વિકલ્પ છે, આહા..હા...! એ પુણ્યબંધનું કારણ છે, એ

સમભાવ નથી. એટલો વિષમભાવ છે. અહીં તો સમભાવ એટલે વીતરાગતા તે મોક્ષનું કારણ એમ બતાવવું છે ને ! આહા..હા..! ૫૧.

**૧૭૮ ) देहहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ।**
**देहहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ।।५१।।**

**અન્વયાર્થ :–** 'परममुनिः' '**મહામુનિ મનુષ્યાદિ શરીરકે ઉપર ભી રાગ ઔર દ્વેષકો નહીં કરતા અર્થાત્ શુભ શરીરસે રાગ નહીં કરતા,...**' શરીર સુંદર હોય, રૂપાળું હોય, દઢ હોય, મજબૂત હોય, નિરોગ હોય તો એના પ્રત્યે પણ રાગ નહિ, એ તો જડ છે. આહા..હા...! પુદ્ગલની દશા જડ છે. અજીવની અવસ્થા તે દેહ છે. એવા શુભ દેહ ઉપર પણ રાગ (નથી કરતા). અહીં તો વીતરાગતા વર્ણવવી છે ને, પ્રભુ ! પરવસ્તુ શું ? એ તો જડ છે, માટી છે. આત્માને એને ક્યાંય (લાગતુંવળગતું નથી). આત્મામાં તો એનો અભાવ છે. શરીરના રજકણોની અવસ્થાનો કે એના દ્રવ્ય-ગુણનો ભગવાન આત્મામાં તો અભાવ છે, એને ભાવવાળો મારે માનવો એ તો મિથ્યાભ્રાંતિ છે અને એમાં પણ અસ્થિરતા પોષણ આદિ કરવી એ પણ રાગ છે અને વિષમતા છે. આહા..હા...!

'**રાગ ઔર દ્વેષકો નહીં કરતા અર્થાત્ શુભ શરીરસે રાગ નહીં કરતા,...**' શુભ શરીર એટલે સુંદર શરીર અનુકૂળ હોય, વજ્રનારાચસંહનન હોય, સમચતુરસ્ત્ર સંસ્થાન હોય, શરીર, પણ એ તો જડ છે, ભગવાન ! આહા..હા...! તું ક્યાં ચેતન અને એ ક્યાં જડ ! પરસ્પર બે વિરોધ ચીજ છે. આહા..હા...! દૃષ્ટિમાં તો પ્રથમથી જ શરીર મારું નથી, હું આત્મા પરિપૂર્ણ છું એવી પ્રતીત થઈ હોય છે. આહા..હા...! પણ અહીંયા તો પછીની જે શરીર પ્રત્યે અસ્થિરતા છે એને પણ મુનિ છોડી દે છે. આહા..હા...!

'**અશુભ શરીરસે દ્વેષ નહીં કરતા,...**' શરીર રોગવાળું હોય, ક્ષય થયો હોય, જિર્ણતા હોય, હાડકા એકલાં ચામડા દેખાતા હોય, લોહી માંસની અંદરમાં ઘટાડો થઈ ગયો હોય. આહા..હા..! પણ એ તો જડમાં ઘટાડો થયો, જડ છે. આહા..હા..! એના પ્રત્યે અણગમો નથી કરતો. અણગમો એટલે દ્વેષ. સુંદર શરીર પ્રત્યે રાગ એટલે ગમો. ગમી ગયું એને, ગમ્યું. આહા..હા...! ભગવાન ! તું ક્યાં...?

**શ્રોતા :–** મહામુનિની વ્યાખ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મુનિની વ્યાખ્યા છે. મહામુનિ એટલે નિર્વિકલ્પ રહેનારની. નિર્વિકલ્પની અહીં વાત ચાલે છે ને. વિકલ્પવાળાની વાત છે નહિ. નથી, કેમકે વિકલ્પ છે એ બંધનું કારણ છે એમ બતાવવા.

**શ્રોતા :–** સપ્તમ ગુણસ્થાનની વાત છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, સપ્તમ ગુણસ્થાનની વાત છે આ. છટ્ઠે ગુણસ્થાને પણ મહાવ્રતાદિના જેટલા વિકલ્પો ઊઠે–ભક્તિ, પૂજા, વિનય આદિ બધું બંધનું કારણ છે. વિષમભાવ છે એમ બતાવવા આ સમભાવ બતાવે છે. આહા..હા..! સમભાવમાં તો એ જાતનો વિકલ્પ પણ હોતો નથી, એમ કહે છે. એને સમતા, વીતરાગતા કહેવામાં આવે છે કે જેમાં.. એ અર્થ આવી ગયો છે. અનંત અતીન્દ્રિય આનંદ ગર્ભિત વીતરાગતા હોય છે એને સમભાવ કહેવામાં આવે છે અને એ સમભાવની બધી બાર અંગ ટીકા છે. બાર અંગમાં બધું કથન આ સમભાવને માટે છે. આહા..હા...! ઇ આવી ગયું છે પહેલું. એનો અર્થ એ થયો કે ચારે અનુયોગનું કથન, શાસ્ત્રતાત્પર્ય વીતરાગતા કહો કે વીતરાગતાનું આ કથન ચારે અનુયોગમાં છે એમ કહો. આહા..હા...! ચરણાનુયોગમાં વ્રત ને તપની વ્યાખ્યા આવે પણ એ તો જાણવા માટે આવે–ત્યાં હોય છે એવું જાણવા માટે.

**શ્રોતા :–** ચરણાનુયોગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ આવે ને, ચરણાનુયોગમાં જાણવા માટે, એ આદરવા માટેનો વીતરાગભાવ નથી. ચરણાનુયોગમાં પણ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે અને આ સમભાવમાં પણ વીતરાગતા છે. આહા..હા...! જેને સમભાવ–વીતરાગતા કહીએ એ તો અતીન્દ્રિય અનાકુળ આનંદના સ્વાદની સાથે વીતરાગતા (હોય) એને સમભાવ કહેવામાં આવે છે. આવી વાત છે, બાપુ ! સમજાણું કાંઈ ? એ સિવાયના ચોથે, પાંચમે, છટ્ઠે દેવ, ગુરુ, શાસ્ત્રની ભકિતના, મહાવ્રતના વિનયના વિકલ્પો ઊઠે એ બધો વિષમભાવ છે એમ સિદ્ધ કરવા આ સમભાવનું વર્ણન છે. આહા..હા...! પ્રભુનો માર્ગ છે શૂરાનો, કાયરના ત્યાં કામ નથી.. આહા..હા...!

એવો જે ભગવાન, સમરસથી ભરેલો પ્રભુ એકલો વીતરાગસ્વભાવથી ભરેલો ભગવાન છે એટલે કે અકષાય સ્વરૂપ છે એટલે કે ચારિત્રસ્વરૂપ–વીતરાગભાવસ્વરૂપ જ આત્મા છે. આહા..હા... ! એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય તે પણ વીતરાગતા છે, એ સમભાવ છે. આહા..હા...! એમાં નીચલી ભૂમિકામાં જેટલો વિકલ્પ ઊઠે છે એ બધો વિષમભાવ છે એમ જણાવવા, આને સમભાવ છે, વીતરાગભાવ છે એમ કહ્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે, બાપુ !

ચારે અનુયોગનો સાર તો વીતરાગતા છે. ચરણાનુયોગમાં કથન ભલે વ્યવહારનું હોય, એ જાણવા માટે છે; પણ એનું તાત્પર્ય તો વીતરાગતા પ્રગટી છે તે એનો સાર છે. બાકી રાગ રહ્યો એ કંઈ એનો સાર નથી.. આહા..હા...! વ્યવહારનું એકલું આચરણ એ તો વ્યવહાર પણ નથી. નિશ્ચયના વીતરાગી સ્વભાવના આચરણમાં કમી હોવાને લઈને વ્યવહાર ચારિત્રનું આચરણ આવે, એ રાગને વીતરાગભાવે જાણતા ભાવે જાણવા લાયક છે, આદરવા લાયક એ છે નહિ. વ્યવહારનયથી

આદરવા લાયક કહ્યું હોય તો તેનું તે નિમિત્ત આદિનું જ્ઞાન કરાવવા વાત કરી હોય છે. આહા..હા..! વ્યવહાર સાધન કહ્યું છે એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. વાત આવી છે, બાપુ ! શું થાય ? માણસને ખટકે છે.

કાલનું વાંચીને (એમ થયું) શું કરવા માગે છે આ ? એ સરવાળો અહીં કાઢશે. 'ફલટન'માં. દેવને માનતા નથી, કારણ કે પાણીમાં નાખે છે. ભલે કો'ક નાખતું હશે, આપણને તો કંઈ ખબર નથી. ગુરુને માનતા નથી. કેમકે વર્તમાન સાધુ દિગંબર ગુરુ છે એને તો ગુરુ માનતા નથી, ચાર અનુયોગને માનતા નથી, શાસ્ત્ર માનતા નથી, દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણે માનતા નથી, પછી ભલે ઇ આત્માની વાતું કરે. ભગવાન સ્વતંત્ર છે ને આત્મા. એમ કરીને પોતાની વાતને દઢ કરવા અનુકૂળતા કરે ને. આહા..હા...! ભગવાનની તારી બહિલારી છે, ભાઈ ! અશુદ્ધતાના પોષણમાં પણ એનું જોર છે. આહા..હા...!

**શ્રોતા :–** એ ભગવાન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નહિ. તો પછી આ કર્યું તો ઓલા નાખે શું કરવા ? એ તો આ કહ્યું છે દિગંબરોને વાળવા માટે, એમ કહે છે. આ મંદિરો બધે બનાવે છે... સ્વતંત્ર.. સ્વતંત્ર માણસને વિચારો (આવે). મંદિરો કર્યા છે. કોઈ એમ કહે કે માનસ્તંભ કર્યો છે એ ક્યાં શ્વેતાંબરમાં છે ? પણ એ બધું વાળવા, દિગંબરને વાળવા માટે કર્યું છે, પછી તો સૌને શ્વેતાંબર બનાવવાના છે. ભગવાન ! બલિહારી છે, નાથ ! તારી.

**શ્રોતા :–** કુબુદ્ધિનો વિકાસ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો ચાલે, બાપુ ! એણે અનંતકાળમાં એવું કર્યું છે. ઇ કંઈ વિષમભાવથી જોવા જેવું નથી. એ એને બેઠું હોય તે પ્રમાણે જ બુદ્ધિ કામ કરે. 'જામાં જિતની બુદ્ધિ હૈ, ઇતનો દિયે બતાઈ, વાંકો બૂરો ન માનીએ, ઔર કહાંસે લાઈ ?' પ્રભુ ! આહા..હા...! આ તો માર્ગ આવી ગયો. એમાં એને કઠણ પડે. પ્રથા ને પરંપરાનો વ્યવહાર કરવો ને આ કરવું ને આ કરવું, એમાં ધર્મ મનાવ્યો હતો એટલે આ જરી કઠણ પડે. એટલે પોતાનું અપમાન ન થાય એ ખાતર કાંઈક શોધવું તો જોઈએ ને ! વસ્તુ તો એવી છે. જગતને..

અહીં કહે છે, શરીર પ્રત્યે પણ મુનિને વિકલ્પ જ નથી. એમ કહીને સમભાવ તે મુક્તિનું કારણ છે (એમ કહેવું છે). નીચલી દશામાં સમભાવ અલ્પ છે, સાથે વિકલ્પ છે તે વિષમભાવ છે એમ જણાવવું છે. આહા..હા...! વીતરાગભાવ જ મુક્તિનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ વીતરાગભાવ છે પણ એની પૂર્ણતા ન થાય ત્યારે જે વિકલ્પ હોય છે એ બધો વિષમભાવ છે. આહા..! વિષમ કહો કે રાગ-દ્વેષ કહો. સમતા કહો કે રાગ-દ્વેષ વિનાનો ભાવ કહો. આહા..હા...! સમજાણું કાંઈ ? મનુષ્યાદિ ઉપર કહ્યું છે ને ! પોતાનું શરીર અને બીજાનું પણ શરીર. પોતાના

શરીર ઉપર જેને મમતા છે એને બીજાના શરીર ઉપર મમતા છે. એનું શરીર છે, એમ માને છે. આહા..હા...!

**શ્રોતા** :– જીવદયા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કોણ દયા ? જીવદયા કોને કહેવી ? દયાની વ્યાખ્યા ઓલામાં કરી છે. આ શું છે ? **'વિકારમય પરિણામોં દ્વારા પોતાના નિજ સ્વભાવનો ઘાત ન કરવો તથા પોતાના સ્વભાવનું પાલન કરવું તે જ દયા છે.'** 'આત્માવલોકન'. સંસ્કૃત છે, હોં ! **'यत् निजस्वस्वभावं विकारभावेन न घातयति न हिनस्ति, निजस्वभावं पालयति तदेव (सैव) दया।।६।।'** 'ચીમનભાઈ' ! આવું છે, ભગવાન ! 'આત્માવલોકન'માં શ્લોકો મૂક્યા છે. (પૃષ્ઠ-૧૫૦). દયાની વ્યાખ્યા.

**શ્રોતા** :– વ્યવહાર દયા.. એ તો નિશ્ચયની વ્યાખ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– દયા, એ જ દયા છે. ઓલી દયાનો ભાવ તો રાગ–હિંસા છે. પરની દયાનો ભાવ તો રાગ છે. એ 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં કહ્યું નહિ ? એ હિંસા છે. આહા..હા...! વિષમભાવ છે, એ સમભાવ નથી. આહા..હા...!

અહીં તો કહે છે, પુણ્ય અને પાપના પરિણામો દ્વારા પોતાના નિજ સ્વભાવનો ઘાત ન કરવો. વ્રત અને અવ્રતના પરિણામ દ્વારા પોતાનો ઘાત ન કરવો. આહા..હા...! **'તથા પોતાના સ્વભાવનું પાલન કરવું...'** આ ઘાત નહિ કરવો અને સ્વભાવ ચિદાનંદનું પાલન કરવું. ચિદાનંદ આત્માનું પાલન–રક્ષા કરવી એનું નામ દયા છે. 'તારાચંદજી' ! આવી વાત છે, ભાઈ !

**શ્રોતા** :– સિદ્ધ ભગવાન કોનું જ્ઞાન કરતાં હશે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પોતાનું. પોતાની પરિણતિનું જ્ઞાન અને આનંદ વેદે છે.

**શ્રોતા** :– સિદ્ધ ભગવાનના જ્ઞાનનો વિષય શું છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– જ્ઞાનનો વિષય પોતે પોતાનો છે એને. પરપ્રકાશક છે ક્યાં ઇ ? સ્વપરપ્રકાશક તે આત્મજ્ઞ પર્યાય પોતાની છે. પરને લઈને પરપ્રકાશક છે એમ નથી. આહા..હા...! સ્વપરપ્રકાશક તો સ્વની પર્યાય છે, એ આત્મજ્ઞ પર્યાય છે. પરપ્રકાશક એટલે પરને પ્રકાશે છે એવું નથી અંદર. આહા..હા...! સ્વ અને પર સંબંધીનું પોતાનું જ્ઞાન જે વિકાસપણે પામ્યું છે તેને અહીંયા આત્મજ્ઞ કહેવામાં આવે છે, વ્યવહારે તેને સર્વજ્ઞ કહેવામાં આવે છે. આહા..હા...! આવી વાતું છે, ભાઈ ! વીતરાગમાર્ગ બહુ દુર્લભ છે, પ્રભુ ! આ દયાનું પૂછ્યું તો દયાની વ્યાખ્યા આવી. સંસ્કૃત, સંસ્કૃત છે. 'આત્માવલોકન' 'દીપચંદજી' કૃત.

**'यत् निजस्वस्वभावं विकारभावेन न घातयति '** આહા..હા...! શુભભાવથી પણ આત્માનો

ઘાત ન કરે તેને દયા કહેવામાં આવે છે. કહો, 'શાંતિભાઈ' ! 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણો....' એમ સ્થાનકવાસીમાં બહુ બોલે. બહુ બોલે, ખબર છે ને. (સંવત) ૧૯૮૧માં અમારે 'ગઢડા' ચોમાસુ હતા. ત્યાં ઘડિયાળ પાસે એ ચોપાનિયું ચોડીને રાખ્યું હતું. 'દયા તે સુખની વેલડી...' બાપુ ! એ દયા કઈ ?–આત્માની દયા. એટલે ? જેવો એ પૂર્ણાનંદનો નાથ જીવંત ટકતું તત્ત્વ છે, તેને તે રીતે રાખવું એનું નામ દયા છે. એને એ રીતે ન રાખતા રાગથી રહેશે અને રાગથી લાભ થાશે, તો એના જીવનનું જે પૂર્ણ સ્વરૂપ છે એનો એણે ઘાત કર્યો. આ નહિ, આ રાગ છે તો લાભ થાય, એ જીવની હયાતીની મહત્તા જેટલી છે તેટલીનો એણે નકાર કર્યો. એ જ હિંસા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા અનાકૂળ આનંદનો કંદ પ્રભુ, જ્ઞાનનો સાગર પરિપૂર્ણ સ્વરૂપ જેનું છે તેવી રીતે જેણે દૃષ્ટિમાં અને સ્થિરતામાં સ્વીકાર્યું છે તો એણે દયા પાળી. એટલે છે એવું એણે રાખ્યું. આહા..હા..!

આમાં તપની વ્યાખ્યા છે, હોં ! આ તપ કહે છે ને ? તપ. **'શરીર, પરિગ્રહ, ભોગ, કુટુંબ, ઈષ્ટમિત્ર, શત્રુરૂપ પરજ્ઞેયોને છોડવા અથવા તેનામાં મમતારહિત પરિણતિ થવી તથા તેનામાં તૃષ્ણારહિત થવું અને પોતાના સ્વભાવમાં સ્થિરતા થવી એવી તપસ્યા જ તે તપ કહેવાય છે.'** આહા..હા..! ભાઈ ! માર્ગ પ્રભુનો.. બાપુ ! આહા..હા...! અનંતવાર મરણ કરીને મરી ગયો છે. એ જ્યારે મરવાના ટાણા આવે અને ભીંસાભીંસ થાય અંદર.. આહા..હા...! આ હાર્ટફેઈલવાળાને મૂળ શું થાય ? પરસેવો બહુ નીકળે એટલે લોહી જામી જાય. લોહી જામી જાય એટલે શ્વાસ અટકી જાય અને પછી... આહા..!

એકને જોયો હતો. (સંવત) ૧૯૭૬ની સાલમાં. 'ધ્રાંગધ્રા'. એક સંઘવી હતા, સંઘવી. પહેલા ગરતા. કોઈક 'જેઠાલાલ સંઘવી' હતા, ઘણું કરીને. આ તો ૧૯૭૬ની વાત છે. ૨૪+૩૨=૫૬ વર્ષ પહેલાંની વાત છે. ત્યાં ગયા પછી એને પીડા... પીડા.. પીડા.. ખાટલે તો સુવાડાતા નહોતા. નીચે સૂવાડ્યા હતા. નીચે સૂવાડે તો પથારીમાં રહી શકતા નહોતા. વૃદ્ધ માણસ હતા. સાંઈઠ વર્ષની ઉંમર હશે. મહારાજ ! મંગળિક સંભળાવો, પણ મંગળિક (ક્યાં) સાંભળે. બિચારાને એટલી પીડા, પથારીમાંથી હેઠે ખસી જતા. આમથી આમ ઘાણીમાં પીલાય એમ. પીડા.. પીડા.. પીડા.. અંદરમાંથી શ્વાસ લઈ શકે નહિ અને આમ મૂંઝવણ મૂંઝવણનો પાર નહિ. આહા..હા...! બાપુ ! એ મૂંઝવણ શેની છે ? એ શરીરની એકત્વબુદ્ધિની મૂંઝવણ છે. રોગની નહિ. આહા..હા...! ભાઈ ! એની ભિન્નતા કરવી અલૌકિક વાતું છે. એ સાધારણ વાત નથી.

**શ્રોતા :–** થોડું સહેલું દેખાડો ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જે છે તેમ થાય એનું નામ સહેલું. જે છે તેમ ન થાય તેનું નામ મોંઘું. કહો, 'દેવાનુપ્રિયા' ! આહા..હા...! અરે..રે...! ઇ તે દિ' મેં એને જોયું હતું ને. આહા..હા...! અને એક

જોયું હતું, 'વઢવાણ'માં. આ કેવા કહેવાય ? 'સાદભાવાળા'. 'ચુનીભાઈ'. 'ચુનીભાઈ'નું ઘર છે એની આની કોર હતું. એનું કોઈ કુટુંબી હતું. આ તો (સંવત) ૧૯૮૨ની વાત છે. આ 'ધ્રાંગધ્રા'ની વાત ૧૯૭૬ની છે. એ પણ શેઠિયો હતો. એ 'ચુનિભાઈ'નો કાકાનો દીકરો. એને આ થયેલું. અને ગામમાં હું હતો. મહારાજનું મંગળિક સાંભળવું છે. ગયા. પણ એ બિચારો આમ.. સહુ કુટુંબ ભેગું થયેલું. કારણ કે આ ભીંસ પડી છે અને કદાચ ઊડી જશે. આહા..! અરે..રે...! આવી પીડામાં તું પીડાઈ ગયો, પ્રભુ ! તારી દયા તને ક્યાં રહી ? આહા..હા...!

જેણે શરીર અને રાગથી ભિન્ન પોતાનું પૂર્ણાનંદ સ્વરૂપ છે તેને તે રીતે સ્વીકાર્યું તો એ જીવની દયા કહેવાય છે. જીવને જીવતો રાખવો એ દયા. એમ આને જેવું છે તેવું રાખવું. અપૂર્ણ અને વિકાર તે હું નહિ, હું તો પૂર્ણાનંદ સ્વરૂપ છું. આહા..હા...! દૃષ્ટિમાં અને વીતરાગતાની સ્થિરતામાં પૂર્ણ સ્વરૂપનો જે આશ્રય અને અવલંબન છે, આહા...હા...! એ દયા છે. જીવની પોતાની દયા છે, બાપા ! પરની દયા કોણ પાળી શકે ? એ તો 'બંધ અધિકાર'માં કહ્યું નહિ ? પરને હું જીવાડું તો બાપુ ! તું તારું આયુષ્ય એને દઈ શકે છે કે એને જીવાડી શકે ? તારું આયુષ્ય એને દે છે કંઈ ? એના આયુષ્ય પ્રમાણે જીવે એમાં તું એને આયુષ્ય દે છે કે એને જીવાડી દઉં ? આહા..હા...! અને એને મારી નાખું તો એનું આયુષ્ય તું તોડી શકે છો ? આહા..હા...! તારી ભ્રમણા છે કે આને જીવાડું અને આને મારું. પ્રભુ ! તું ભ્રમણામાં ભગવાન ભૂલ્યો છે ઇ. આહા..હા...! ભ્રમણામાં ભગવાનની શેરી ઇ ભૂલી ગયો. શેરી સમજો છો ? ગલી. ગલી કહે છે ને ? આહા..હા...! ભ્રમણા છોડીને ભગવાનસ્વરૂપ ભગવાન આત્મા સ્વરૂપ છે ત્યાં જાવું જોઈએ એને ઠેકાણે અહીં ભમ્યો. આવી વાતું છે, ભગવાન ! આહા..હા...! લોકોથી તો ગાંડા જેવા લાગે, હોં ! બધા પંડિતો મોટી વાતું કરે. આહા..હા...! સંસ્કૃત ને વ્યાકરણ ને કથા ને... એમાં વળી ઓલું વાજીંત્ર હોય. શું કહેવાય એની સાથે ગાવાનું ? કાં આ હોય ને કાં આમ હોય. એ ગાયન ભેગું કરતાં હોય ને.. આહા..હા...! કથા કરતાં હોય એટલે લોકોને.. આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ ! એકવાર સાંભળને. એવી કથા સાંભળવામાં પણ તારે રાગ છે. અરે...! ત્રણલોકના નાથની કથા સાંભળવી એ પણ રાગ છે. આહા..હા...! અહીં તો કહે છે, જેને પોતાના શરીર અને પરના શરીર ઉપર, શુભ-અશુભ ઉપર રાગ-દ્વેષ છે જ નહિ. જેને એવું નથી (તેમણે) **'નિજસ્વભાવ દેહસે ભિન્ન જાન લિયા હૈ.'** આ..હા...! એણે દેહથી ભિન્ન જીવને જાણ્યો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'જિસને નિજસ્વભાવ દેહસે ભિન્ન જાન લિયા હૈ.'** એને સમભાવ હોય છે, એમ કહે છે. સમભાવમાં એણે દેહથી ભિન્ન ચૈતન્યને જાણ્યો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એકલી વાતું કરીને કે ધારણા કરીને નહિ, એમ કહે છે. આહા..હા...! દેહથી ભગવાનને સમભાવમાં રહીને ભિન્ન જાણ્યો છે. આહા..હા...! નિર્વિકલ્પ સમભાવમાં રહ્યો છે એણે દેહથી

ભિન્નને જાણ્યો છે, એમ કહે છે. આહા..હા..! બાકી દેહથી જુદો એમ વાતું કરે અને જાણવામાં, ધારણામાં ગોઠવે, કહે છે કે એ નહિ.

**શ્રોતા** :– કાંઈક તો ફાયદો થતો હશે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– જરીયે ફાયદો નથી એમાં. પુણ્યબંધ થાય. આહા..હા...!

**શ્રોતા** :– આમાં સાહેબ ચોથું ગુણસ્થાન જ ન આવ્યું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ચોથું આવી ગયું પહેલું, એના ઉપરનું આવ્યું. ઇ તો પહેલું કહ્યું હતું. ચોથે સમભાવનો અંશ તો પહેલો આવ્યો છે પણ એમાં વિકલ્પ જેટલા ઊઠે છે એ બંધનું કારણ છે. એ છોડાવીને મુનિને પણ જેટલા વિકલ્પ ઊઠે એ બંધનું કારણ છે. શાસ્ત્ર ભણવા, વાંચવા... એ તો પહેલાં કાલે આવી ગયું છે. શાસ્ત્ર ભણવા, ભણાવવા એ પણ વિકલ્પ છે. આહા..હા...! અહીં તો વીતરાગતાનું વર્ણન છે એમાં બીજી વાત શું આવે ? એ તો ગાથા આવી ગઈ ને, એના પહેલાં. ભણવું ને ભણાવવું ઇ. ૪૮ ગાથા. **'भणइ भणावह णवि थुणइ णदिह'** જે ભણાવે નહિ, ભણે નહિ, ભગવાનની સ્તુતિ કરે નહિ, તેમ આ જૂઠું છે એવી નિંદા પણ ન કરે. એ તો સમભાવમાં વર્તે છે. આહા..હા...! આ માર્ગ જૂઠો છે અને આ માર્ગ સત્ય છે એમાં પણ વિકલ્પનો અંશ છે, ઇ ચારિત્રદોષ છે. આહા..હા...! એ વિકલ્પનો સમભાવ નથી અને એ વિષમભાવ છે એમ બતાવીને તેને છોડીને સમભાવમાં રહે એણે આત્માને દેહથી ભિન્ન જાણ્યો એમ કહે છે. આહા..હા...! જેણે અંદર પ્રયોગ કરીને દેહથી ભિન્ન જાણ્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ઇ હાર વખતે તમને ન્યાં નહિ ખબર પડી હોય અંદર ભીંસ થાતી હશે ? થોડી ઘણી હશે, નાનું હશે. એના ઉપર લક્ષ રહે એ તો દ્વેષનું વેદન છે. સ્વસંવેદન ક્યાં આવ્યું ન્યાં ? સ્વસંવેદન તો વીતરાગભાવ હોય એ સ્વસંવેદન છે.

**શ્રોતા** :– દુઃખમાં..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ઇ દુઃખ છે એ પોતે જ વિષમભાવનું વેદન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઝીણી વાત, બાપુ ! એ દેહથી તદ્દન ભિન્ન ચોસલું જુદું છે. સમભાવ વડે કરીને જેણે ભિન્ન જાણ્યો છે. એકલા જાણપણા વડે ભિન્ન જાણ્યો છે એમ નહિ, એમ કહે છે. આહા..હા...! જેણે અંદરમાં રાગથી ભિન્ન પ્રયોગ કરીને જેણે ભગવાનને ભિન્ન જાણ્યો છે.. આહા..હા...! એણે એ ભાવમાં દેહથી ભિન્ન જાણ્યો કહેવાય છે. આહા..હા...! ટીકામાં કહેશે, જુઓ ! ૫૧ છે ને ?

**ભાવાર્થ** :– **'ઇન ઇન્દ્રિયોંસે સુખ ઉત્પન્ન હુઆ હૈ, વહ દુઃખરૂપ હી હૈ.'** આહા..હા...! છે ? **'દેહ તો જડ હૈ, આત્મા ચૈતન્ય હૈ, જડ ચૈતન્યકા ક્યા સંબંધ ?'** ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ ભગવાન, આ દેહ તો જડ માટી છે. આહા..હા...! બેને શું સંબંધ ? સૂર્યને અંધારાને શું સંબંધ ? પ્રકાશને અંધકારને શું સંબંધ ? એમ ભગવાન ચૈતન્યસ્વરૂપ અને શરીર અંધકાર

જડસ્વરૂપ, બેને શું સંબંધ છે ? આહા..હા...! આ તો વીતરાગની વાણી છે, ભાઈ ! આહા..હા...!

**શ્રોતા :–** કથંચિત્ ભિન્ન છે એમ લઈએ તો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કથંચિત્ ભિન્ન છે એ તો અજ્ઞાન છે. સર્વથા ભિન્ન છે તે જ્ઞાન છે. કથંચિત્ ભિન્ન (તો) કથંચિત્ અભિન્ન થઈ ગયો. ક્યાં જડ આ તો પરમાણુ માટી અને ભગવાન ચૈતન્યસ્વરૂપ સચ્ચિદાનંદ ! એની એને ખબર નથી કે હું આત્મા આવડો છું. એક સમયની પર્યાયની અવસ્થમાં અનાદિની રમતું. અનાદિની. જૈન દિગંબર સાધુ થયો પણ એક સમયની પર્યાયમાં બધી રમત. રાગની મંદતા ને રાગની તીવ્રતાનો ત્યાગ ને આ ખપે નહિ ને આ ખપે, એ બધી એક સમયની પર્યાયમાં રમત, પણ પર્યાયની પાછળ ભગવાન પૂર્ણાનંદ વસ્તુ છે. પર્યાય તો એક સમયની અવસ્થા છે, એ તો પલટતી અવસ્થા છે. પલટતીની પાછળ નહિ પલટતો એવો ધ્રુવ તત્ત્વ ભગવાન છે કે નહિ આત્મા ? આહા..હા...! આવો માર્ગ છે, ભગવાન ! બાપુ !

**શ્રોતા :–** પર્યાય વગરનું દ્રવ્ય કહો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય વિનાનું જ દ્રવ્ય છે, એમ જ છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે છે. શું કીધું ? દ્રવ્ય નથી આવતું. પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે છે. પર્યાય છે. જેવડું છે તેટલું જ્ઞાન આવે છે. પર્યાયમાં, દ્રવ્ય જેવડું છે તેની શ્રદ્ધા આવે છે, દ્રવ્ય આવતું નથી. એક પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્ય આવે તો દ્રવ્ય અને પર્યાય એક થઈ જાય. જેટલું જેવું સ્વરૂપ છે તેવું જ અહીં જ્ઞાન આવે છે. આહા..હા...! અને જેવડું એનું સ્વરૂપ છે પૂર્ણાનંદ વીતરાગ અનંત ગુણનો કંદ, એવું જ એને પર્યાયની શ્રદ્ધામાં આખી શ્રદ્ધા આવે છે, વસ્તુ નથી આવતી. આહા..હા...!

**શ્રોતા :–** પરિણામ દ્રવ્યનો આશ્રય લે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્યનો આશ્રય છે. છતાં એ દ્રવ્યનો આશ્રયનો અર્થ ? લક્ષ ન્યાં કર્યું એટલે. એની કોર લક્ષ કર્યું છે પણ એ દ્રવ્ય આમાં આવ્યું નથી. તેમ પર્યાય દ્રવ્યમાં ગઈ નથી.

**શ્રોતા :–** લક્ષ અને આલંબન એક જ વાત છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બધું આની કોર જાય. એનું લક્ષ ને આલંબન. આહા..હા..!

એક સમયની પલટતી અવસ્થામાં ભગવાન જાણવામાં આવ્યો, એનું જેટલું સામર્થ્ય છે તેટલું બધું જ્ઞાન પર્યાયમાં આવ્યું, પણ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નહિ, દ્રવ્યમાં પર્યાય ગઈ નહિ. આહા..હા...! દ્રવ્યથી પર્યાય ભિન્ન રહીને દ્રવ્યનું પૂર્ણ જ્ઞાન કર્યું, પ્રભુ ! આવો માર્ગ છે, ભાઈ !

**શ્રોતા :–** ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ કહેવામાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ ત્રણે સ્વતંત્ર છે. ઉત્પાદને લઈને ઉત્પાદ, ધ્રુવને લઈને ઉત્પાદ નહિ, પર્યાયને લઈને ધ્રુવ નહિ. ઇ તો વાત ઘણી થઈ ગઈ છે. ઉત્પદા, વ્યય અને ધ્રુવ એક સમયમાં ત્રણ,

છતાં ઉત્પાદને લઈને ધ્રુવ નહિ અને ધ્રુવને લઈને ઉત્પાદ નહિ, વ્યયને લઈને ઉત્પાદ નહિ અને ઉત્પાદને લઈને વ્યય નહિ. ત્રણે સત્ અહેતુક સ્વતંત્ર સિદ્ધ છે. આહા..હા..! ઉત્પાદ પર્યાયનો સમ્યગ્દર્શનમાં તેની પૂર્ણતાની પ્રતીતિ આવે પણ પૂર્ણ વસ્તુ અહીં ન આવે અને તે પૂર્ણ વસ્તુ ધ્રુવ છે માટે ઉત્પાદ થયો છે એમ પણ નથી. આવી વાત છે તેથી લોકોને, પંડિતોને આકરી પડે છે.

**શ્રોતા :–** સુખનો ભોગવટો કોણ કરશે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જડ કરે, કોણ કરે ? અજ્ઞાન કરે ઇ જડ છે. રાગના સંસારના સુખનો ભોગવટો કોણ કરે ? અજ્ઞાન કરે. આત્માના આનંદનો ભોગવટો પર્યાય કરે, પણ પર્યાયમાં દ્રવ્ય આવે નહિ અને અનુભવ કરે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ, બાપા ! વીતરાગનો એવો માર્ગ છે અત્યારે તો. અત્યારે તો ચોર કોટવાળને દંડે એવું કરી નાખ્યું. સત્ય માંડ બહાર આવ્યું. ત્યાં કહે, નહિ, નહિ. એ નિયત છે, નિયતપંથ છે. આવ્યું છે હમણાં. સોનગઢનો નિયતપંથ છે. કેમકે જે સમયની જે પર્યાય જે ક્ષણે થવાની તે થાય અને નિમિત્તથી ન થાય એ નિયત છે. પ્રભુ ! એમ જ છે. સાંભળને ! જે સમયે જે.. એ તો કીધું ને ૧૦૨ ગાથામાં, નિજક્ષણ છે. તે પર્યાયની ઉત્પત્તિનો કાળ છે. આહા..હા...! એ કાળનું જાણવું પણ તાત્પર્ય શું ? સ્વનો આશ્રય કરવો તે એનું તાત્પર્ય છે, પર્યાયમાં ઊભું રહેવું એ નહિ. પર્યાય તે સમયે તે જ થવાની તે થઈ, એ તો એમ જ છે, નિમિત્તથી થતી નથી. નિમિત્ત હો, નિમિત્તથી થતી નથી. વ્યવહાર હો, નિશ્ચય વ્યવહારથી થતો નથી. આહા..હા...!

**મુમુક્ષુ :–** આમાં સાહેબ પુરુષાર્થ ન આવ્યો, કાળલબ્ધિ આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુરુષાર્થ એમાં આવ્યો, કાળલબ્ધિ આવી ને ભવિતવ્યતા આવી અને સ્વભાવ આવ્યો, નિમિત્તનો અભાવ આવ્યો–પાંચે આવી ગયા. આહા..હા...! એ તો બધું હમણાં ઇ ઘણું ચાલે છે. પંડિતો જરી ખળભળાટ કરવા માંડ્યા છે ને. આહા..હા..! એને ન બેઠું હોય એને અપમાન થાય ને ! અપમાન થયું છે એને. એક તો સમ્યગ્જ્ઞાન દીપિકાથી અપમાન થયું. સમ્યગ્જ્ઞાન દીપિક જૈન દિગંબરનો ગ્રંથ અને અહીંના નામે ચડાવી નાખ્યો અને નિંદા કરી ખૂબ. વ્યભિચારી પંથ છે, જુઓ આ સમ્યગ્જ્ઞાન દીપિકામાં લખ્યું છે. એમના તરફથી છપાયું. પણ વસ્તુ કોની છે ?

**શ્રોતા :–** જેણે છપાવી તેની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છપાવી એની ? ૮૭ વર્ષ પહેલાંની છપાયેલી છે એ તો. અહીં તો જન્મ પહેલાંની ઇ તો છપાયેલી છે. ૫૪ વર્ષ પહેલાં. (સંવત) ૧૯૭૮ની સાલમાં વાંચવામાં આવી. ૧૯૭૮. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. છપાણી હતી ૮૭ વર્ષ પહેલાં. 'અગાસ'થી, હોં ! પછી વાંચવામાં આવી ૧૯૭૮માં. ૫૪ વર્ષ થયા. હવે એ સમ્યગ્જ્ઞાન દીપિકા સોનગઢને નામે ચડાવી (કહે છે કે) જુઓ ! આ વ્યભિચાર સ્થાપ્યો છે. ભઈ ! એણે વ્યભિચાર સ્થાપ્યો નથી અને એ સોનગઢની છે

નહિ. આ શું કરો છો તમે આ ? આહા..! અરે..! અહીં નહિ ચાલે, કુદરતના નિયિમમાં. આહા..હા...! હવે ઇ ન ફાવ્યા એમાં અને આ શેઠિયાઓએ બધા ભેગા થઈને અપમાન કર્યું. જે કોઈએ આ શાસ્ત્રને પાણીમાં બોળ્યા છે એ બધા નરક, નિગોદમાં જશે, અનંત સંસાર વધાર્યો. હવે એ શેઠિયાઓ આ બાજુ આવ્યા. હવે એને ચારે કોરથી અપમાન થઈ ગયું એટલે હવે સાધુને ભેગા કરીને કરશે કે આ લોકો દેવ-ગુરુ-શાસ્ત્રને માનતા નથી. દેવને પણ પાણીમાં બોળે છે. પદ્માવતીને નાખે ને કેટલાક ! અમે તો કંઈ કહ્યું નથી. અમે તો તત્ત્વની વાત કરીએ છીએ. ગુરુને માનતા નથી જે ચરણાનુયોગના આચરણ કરનારા... એ કાલે આવ્યું છે. ચાર અનુયોગને માનતા નથી, શાસ્ત્રને માનતા નથી. ચારને માનતા નથી. એક દ્રવ્યાનુયોગને માને છે એટલે શાસ્ત્રને માનતા નથી. જાઓ, એય..! 'ધન્નાલાલજી' ! સ્વતંત્ર છે. એને વિચાર આવે ઇ. ભલે ગમે એ રીતે. અપમાન થતું હોય એને ખાતર પણ જે આવે ઇ કહે ને. બાપુ ! બહુ ફેર છે, ભાઈ ! બહુ ફેર છે, ભગવાન ! દુનિયા ભલે માનશે, બાપુ ! એના પરિણામ આકરા છે, ભાઈ ! આહા..હા...! એ પરિણામના ફળ, બાપુ ! અત્યારે દુનિયા માને. હા.. હો (કરે) પણ પરિણામ આકરા છે, ભાઈ ! આહા..! હસતા બાંધ્યા કર્મ, એ રોયે નહિ છૂટે, પ્રભુ ! આહા..હા...! આવે છે, શું કહેવાય ? સજ્ઝાય આવે છે. સજ્ઝાયમાળા છે ને ચાર ? એ વાંચી હતી. તે દિ' દુકાન ઉપર વાંચી હતી. 'હસતા રે બાંધ્યા કર્મ, એ રોતા ન છૂટે પ્રાણીયા જી..' ચાર સજ્ઝાય આવે છે. એક એક સજ્ઝાયમાં ૨૦૦-૨૫૦ સજ્ઝાય આવે છે. એવી ચાર છે. ચારે દુકાન પર વાંચી હતી. તે દિ' (સંવત) ૧૯૬૪-૬૫-૬૬ની વાત છે. ૧૯૭૦માં દીક્ષા લીધી એના પહેલાંની વાત છે. ઘરની દુકાન હતી ને. પિતાજીની દુકાન હતી. ઘરની સ્વતંત્ર. પિતાજી ગુજરી ગયા પછી પાંચ વર્ષ ચલાવી હતી. નિવૃત્તિથી આ બધું વાંચતા. આહા..! 'હોંશથી બાંધ્યા કર્મ, એ રોતાં ન છૂટે પ્રાણીયા..' પ્રભુ ! તારા રોણ થશે તોપણ. આહા..! બહારની અનુકૂળતામાં એને લાગે જાણે હું ફાવું છું. આહા..હા...!

અહીં કહે છે, **'જો ઇન્દ્રિયોંસે સુખ પ્રાપ્ત હોતા હૈ, વહ દુઃખરૂપ હૈ...'** લ્યો. આ સુખની કલ્પના થઈ ને કે શરીર ઠીક છે ને શરીર ઠીક નથી, એ બધી કલ્પના સુખ-દુઃખની છે. આહા..હા...! નિરોગ શરીર, રૂપાળું શરીર અને એ અંદર.. આહા..! સ્ત્રી જુવાન, છોકરા જુવાન થયા હોય, ચાલીસ વર્ષની ઉંમર સ્ત્રીની અને પોતાની હોય અને છોકરા વીસ વર્ષના થયા પરણીને અને જાણે ફાવ્યા અમે તો. અરે..! ભગવાન ! બાપુ ! શું કરે છે તું ? ભાઈ ! એ સુખ એ દુઃખ છે. એ બધી સુખની કલ્પના થઈ. અમે સુખી છીએ. પૈસેટકે, કુટુંબ, દીકરા પણ બધા કહ્યાગરા છે, વહુ પણ સારા ઘરની આવી છે. શું છે પણ પ્રભુ તને ? આહા..! ઇન્દ્રિયના સુખ એ દુઃખરૂપ છે. 'પ્રવચનસાર'માં કહ્યું છે. છે ?

**'ઇસકા તાત્પર્ય ઐસા હૈ કિ જો ઇન્દ્રિયોંસે સુખ પ્રાપ્ત હોતા હૈ, વહ દુઃખરૂપ હી હૈ...'**

આહા..હા...! કોઈ પ્રશંસા કરશે, તારા વખાણ કરશે, પૈસાના, તારી આબરૂના, તારી બાયડીના, છોકરાના.. આહા..હા...! એ વસ્તુ પરવસ્તુ છે. **'ક્યોંકિ વહ સુખ પરવસ્તુ હૈ, નિજવસ્તુ નહીં હૈ,...'** આહા..હા...! એ કલ્પના પરવસ્તુ છે, દુઃખ છે. **'નિજવસ્તુ નહીં હૈ,...'** અનુકૂળતામાં લોકો પ્રશંસા કરે એ સુખ નહિ, એ દુઃખ છે, ભાઈ ! તને ખબર નથી. પ્રભુ ! તું સમભાવમાંથી ખસી ગયો છો. તેથી, તને ઇન્દ્રિયોના વિષયોમાં અનુકૂળતામાં ઠીક લાગે છે. ઇ દુઃખ છે.

**શ્રોતા :–** પ્રવચનસારમાં સુખાભાસ કીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સુખાભાસનો અર્થ સુખ નહિ. તો ઇ તો એનું એ થયું ને. સુખ નથી. માનેલું અજ્ઞાનીએ સુખ એ દુઃખ છે.

**શ્રોતા :–** પ્રશંસામાં ક્યાં દુઃખ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રશંસામાં ઓલો રાજી થાય છે એ દુઃખ છે. રાગ થયો ને. આહા..હા...! વખાણ કર્યા, તમે આવા, તમે આવા, તમે કર્મી જાગ્યા, તમે હોશિયાર જાગ્યા, તમારી દસ પેઢીમાં આટલા પૈસા નહોતા એટલા તમારે થયા, તમારે આબરૂ દસ પેઢીમાં આવી નહોતી એવી તો તમારી આબરૂ જામી ગઈ છે. એમાં તારે શું પણ ? આહા..હા...!

**'બાધા સહિત છે,...'** ઇન્દ્રિયની અનુકૂળતાના બહારના સુખો વિઘ્નવાળા છે. ક્યે ક્ષણે વિઘ્ન આવે... આહા..હા...! ન્યાં નહોતું થયું ? 'બિહાર'માં. મોટો કરોડપતિ. થોડા પૈસા હશે. દસ હજાર કે વીસ હજાર. ફરવા ગયા હતા. જ્યાં વળતા આવે ત્યાં બધું ખલાસ થઈ ગયું. 'બિહાર'માં. એકદમ ઓલું થયું. મકાન નેબાયડી ને છોકરા બધું જમીનમાં ગરી ગયું. ખલાસ થઈ ગયું. પોતે ફરવા ગયો હતો. પછી ત્યાં 'જામનગર' આવ્યો હતો. ન્યાં પણ ભાષણ કરતાં કરતાં મરી ગયો. એનો એક વિનયનો ધર્મ છે ને ? બધાને પગે લાગે એવો ત્યાં એક ધર્મ છે. 'જામનગર'માં બધાને પગે લાગે–કૂતરાને, ગધેડાને બધાને. એવો એક (ધર્મ) છે. ત્યાં આવ્યો હતો. એના વિમાનમાં આવે છે. કરોડો રૂપિયા ખલાસ થઈ ગયા. પાંચ, દસ હજાર રૂપિયા એની પાસે સાથે હશે. કાંઈક ચાંદીનું રહી ગયેલું. બાકી બધું કુટુંબ, બાયડી, છોકરા બધું.... શું કહેવાય ઇ ? ધરતીકંપ. બધું સમાઈ ગયું. થઈ રહ્યું. આહા..હા...! એ વિઘ્નવાળા (સુખ છે), બાપા ! એમ કહે છે. કરોડોપતિ, હોં ! ક્ષણમાં ભિખારી.. ભિખારી.. ભિખારી.... આહા..હા...! એ બાધાસહિત છે, એમ કહે છે.

**'નિરાબાધ નહીં હૈ,...'** એને વિઘ્ન ન આવે એવી ચીજ નથી, એ તો વિઘ્નવાળી ચીજ છે. આહા..હા..! **'નાશકે લિએ હુએ હૈં,..'** આહા..હા...! એ બહારના સાધનો, સુખની કલ્પના બધા નાશને માટે છે. **'જિસકા નાશ હો જાતા હૈ, બંધકા કારણ હૈ,...'** આહા..હા...! અનુકૂળતાનો રાજીપો જે સુખ છે તે બંધનું કારણ છે, નવા પાપ બંધાય છે. આહા..હા...! **'ઔર વિષમ હૈ.'** છે ને ? વિષમ એટલે રાગ છે. સમભાવ નથી ત્યાં, વિષમતા છે. **'ઇસલિયે ઇન્દ્રિયસુખ દુઃખરૂપ હી હૈ, ઐસા ઇસ**

**ગાથામેં જિસકા લક્ષણ કહા ગયા હૈ, ઐસે દેહજનિત સુખકો મન, વચન, કાય,...**' બધું નથી નાખ્યું. અંદરમાં તો એ નાખ્યું છે. '**द्दष्टश्रुतानुभूतं यद्देहजनितसुखं**' એમ છે ને ? અંદર છે. '**द्दष्टश्रुतानुभूतं यद्देहजनितसुखं तज्जगत्रये कालत्रयेऽपि**' એમ લીધું છે. એટલું અંદર નથી નાખ્યું. ત્રણકાળ અને ત્રણલોકમાંથી ખસી જવું. આહા..હા...!

'**મન, વચન, કાય, કૃત, કારિત અનુમોદનસે છોડે.**' એવી સુખની કલ્પના ત્રણકાળ, ત્રણલોકમાંથી છોડી દે. આહા..હા...! અહીં નહિ પણ ભવિષ્યમાં સ્વર્ગમાં જાશું ત્યાં તો ઠીક મળશે ને ! ધૂડેય નથી ત્યાં, સાંભળને ! ન્યાં પણ દુઃખના ડાળિયા છે. આહા..હા..! '**વીતરાગનિર્વિકલ્પસમાધિકે બલસે...**' લ્યો. છે અંદર ઇ. આહા..હા...! અંતરમાં રાગરહિત વીતરાગી દશા પ્રગટ કરી, નિર્વિકલ્પ સમાધિ શાંતિ–નિર્વિકલ્પ શાંતિ. આહા..! એના બળથી '**આકુલતા રહિત પરમસુખ નિજ પરમાત્મામેં સ્થિત હોકર...**' '**નિજ પરમાત્મામેં સ્થિત હોકર જો મહામુનિ દેહસે ભિન્ન અપને શુદ્ધાત્માકો જાનતા હૈ,...**' ભાષા દેખો ! દેહથી ભિન્ન છે, દેહથી ભિન્ન છે એમ નહિ. નિજ પરમાત્મામાં સ્થિત થઈને. આહા..હા..! અતીન્દ્રિય આનંદના નાથમાં સ્થિર થઈને, અંદર જઈને. આહા..હા...! '**મહામુનિ દેહસે ભિન્ન અપને શુદ્ધાત્માકો જાનતા હૈ...**' તે દેહથી ભિન્ન પોતાના આત્માને જાણે છે. સમજાણું ?

'**વહી દેહકે ઉપર રાગ-દ્વેષ નહીં કરતા. જો સબ તરહ દેહસે નિર્મમત્વ હોકર દેહસે સુખકો નહીં અનુભવતા, ઉસીકે લિએ યહ વ્યાખ્યાન શોભા દેતા હૈ,...**' આહા..હા...! પરમાત્મસ્વરૂપમાં રહીને દેહની મમતા છોડે છે એની સ્થિરતા કરીને એને આ વ્યાખ્યાન શોભે છે, દેહની મમતાવાળાને નહિ. છે ને ? '**ઔર દૈહાત્મબુદ્ધિવાલોંકો નહીં શોભતા,...**' દેહની જેને બુદ્ધિ છે, આ દેહ, આ દેહ મારો.. આહા..હા...! એને આ વ્યાખ્યાન શોભા દેતું નથી. એને આ વ્યાખ્યાન સમજાશે નહિ અને વ્યાખ્યાનનો સાર એને શોભા આપશે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ધ્રુવ જ્ઞાયક સત્ત્વ જેનું તળિયું છે એવા પ્રભુ ભગવાન આત્મામાં વર્તમાન પર્યાયને ઊંડાણમાં લઈ જઈને ત્રિકાળી ધ્રુવ સ્વરૂપની ઊંડાણમાંથી લગની લગાવે, તે તરફનો પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૭૩૫)**

## શ્રી કળશટીકા, કળશ–૧
## પ્રવચન નં. ૨, તા.૩૧-૮-૧૯૬૭
## [૧૪]

આ 'સમયસાર કળશ ટીકા' ચાલે છે. જીવ અધિકાર. બીજું પાનું આવ્યું છે ને ? અહીં જીવને સાર કહ્યો, એમ શા માટે ? શુદ્ધ જીવને સાર કહ્યો એ શા માટે ? એમ પ્રશ્ન ઊઠ્યો. અને એ શુદ્ધ જીવને મારા નમસ્કાર. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એને મારા નમસ્કાર. તો શિષ્યનો પ્રશ્ન થયો કે એને સારપણું કેમ ઘટે ? સમજાય છે ? કેમકે બધા પદાર્થો પોતાના ગુણ-પર્યાયે બિરાજમાન છે. દરેક જડ અને ચૈતન્ય પોતાની શક્તિ અને પોતાની વર્તમાન પ્રગટ પર્યાય, એ પણે સ્વતંત્ર શોભિત, સ્વાધીન છે. એમાં વળી શુદ્ધ જીવને સારપણું ઘટે છે કેમ ? એ પ્રશ્ન છે. કોઈ કોઈને આધીન નથી. **'તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે ? તેનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહે છે :–'**

**'स्वानुभूत्या चकासते,'** અને **'सर्वभावान्तरच्छिदे'**. કહો, સમજાણું ? **'આ અવસરે 'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું,...'** શું કહ્યું સમજ્યા ? **'આ અવસરે 'સ્વાનુભૂતિ'...'** અત્યારે આ જે ચાલે છે (એ) વ્યાખ્યામાં અતીન્દ્રિય સ્વાનુભૂતિ, આત્માનો અંતરમાં અનુભવ થતાં જે અનાકુળ સુખ પ્રાપ્ત થાય, **'નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ...'** પોતાનું શુદ્ધ સ્વરૂપ, જેવો આનંદ છે એવું, અંતરમાં સ્વસન્મુખની અનુભૂતિ દ્વારા અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય એને અહીંયા અતીન્દ્રિય સુખ જાણવું. એ અહીં સારપણે કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

આત્માની અનુભૂતિમાં અતીન્દ્રિય આનંદનું પ્રાપ્તિ–સુખ થવું એનું નામ અહીંયા સારપણું કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, એની અંતર અનુસરીને અનુભવ શુદ્ધાત્મ પરિણમનરૂપ, શુદ્ધાત્મ અવસ્થારૂપ અતીન્દ્રિય સુખ તે ખરેખર સાર છે. એ જીવમાં આવા શુદ્ધપણામાં સુખ હોય છે, માટે તેને નમસ્કાર કરવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ ? **'તે-રૂપે અવસ્થા છે જેની;....'** ભાષા (જુઓ) ! ભગવાન આત્મા, જેવા એના દ્રવ્ય અને ગુણ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે, એવી જ અંતરમાં અંતરની દશાનું અનાકુળ આનંદરૂપી અવસ્થાનું થવું એનું નામ જીવનો સાર આનંદ છે, માટે તેને નમસ્કાર કરવામાં આવ્યો છે. કહો, સમજાય છે કાંઈ ? ભારે માલ નાખ્યો છે.

જીવ શુદ્ધ–દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ, પણ પર્યાયમાં રાગ અને વિકલ્પથી પૃથક્ થઈ અને આત્મામાં અંતર આનંદનું પરિણમન શુદ્ધ થવું એ જ જીવનો સાર આનંદ છે. એને અનુભૂતિનો આનંદ અનાકુળ આનંદ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ ? એવું બીજા જડમાં નથી, એવું સંસારીજીવમાં પણ નથી.

**શ્રોતા :–** સિદ્ધ જીવમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ સિદ્ધજીવમાં અને આમાં, બેયમાં છે. અહીં તો ઇ કહેશે. સિદ્ધનો કહે છે પણ આ પોતાનો અનુભવ, એમ કહે છે. પોતાને જાણતાં, અનુભવતાં જાણનને સુખ થાય. સિદ્ધને જાણતાં સુખ થાય એનો અર્થ – સિદ્ધ સ્વાનુભૂતિ અનંત શુદ્ધ પરિણમન તે અનાકુળ આનંદ છે અને **'सर्वभावान्तरच्छिदे'** છે. સમજાય છે કાંઈ ? પણ આ શુદ્ધનો અનુભવ થતાં આનંદ થાય તે કાંઈ સિદ્ધનો અનુભવ નહિ. ભાષા ભલે એમ છે, સર્વોત્કૃષ્ટ. પણ સર્વોત્કૃષ્ટ શુદ્ધ જે આનંદરૂપી પરમાત્મા, એને નમસ્કારનો અર્થ એ કે પોતાનો આત્મા શુદ્ધ સ્વરૂપે અનુભૂતિમાં પરિણમે, આનંદરૂપે દશા થાય અને જેને **'सर्वभावान्तरच्छिदे'** અલ્પ કાળમાં કેવળજ્ઞાન થવાનું છે એવા આત્માને અહીંયા નમસ્કાર કરવામાં આવ્યો છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પોતે પોતાને નમસ્કાર કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો નમસ્કાર જ અહીં છે ને. ખરેખર તો પરને નમસ્કાર તો વિકલ્પ છે. કેવળજ્ઞાનની સ્તુતિમાં શિષ્યે પ્રશ્ન ન કર્યો ? મહારાજ ! કેવળજ્ઞાનની સ્તુતિ કોને કહેવી ? કેવળજ્ઞાનીની સ્તુતિ કોને કહેવી ? એવો શિષ્યનો પ્રશ્ન (થયો). એના ઉત્તરમાં એમ કહ્યું કે, **'इंदिये जिणित्ता'** જે કોઈ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને વિષયો, એનાથી હઠીને અંતર અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે એને કેવળીના સ્તુતિ - ગુણગ્રામ કરે છે એમ કહેવામાં આવે છે. આહા..! સમજાય છે કાંઈ ?

અહીંયા એ કહે છે, ભગવાન આત્મા પોતામાં જે અતીન્દ્રિય શાંત આનંદ છે એ આનંદનું અંતર પર્યાયમાં શુદ્ધરૂપે પરિણમન સહિત સુખનું પ્રગટવું એ શુદ્ધાત્માનો સાર તે આનંદ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પરમાં સુખ તો નથી, આ પાપના પરિણામમાં સુખ નથી, પુણ્યના પરિણામમાં સુખ નથી. આત્માના શુદ્ધ અનુભૂતિમાં સુખ છે, માટે સાર કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :–** બહારનું સુખ તો રહી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહારનું સુખ તો રહી ગયું. બહારનું રહી ગયું, એ.. 'મલૂકચંદભાઈ' !

'સુખ નથી' આવી ગયું ને. આહા..હા..!

ભાઈ ! અહીં સાર કહેતાં બે વિશેષણ (કહ્યાં છે). '**स्वानुभूत्या**' અવસ્થા. '**चकासते**' કીધું ને ? એટલે અવસ્થા. અને '**सर्वभावान्तर**' અવસ્થા–પૂર્ણ દશા. એવું જીવને જ લાગુ પડે છે. શુદ્ધ જીવને, શુદ્ધ જીવને. એ શુદ્ધ જીવ પોતે છે એમ જ્યારે અનુભૂતિ કરે છે ત્યારે આ આત્મા સુખરૂપ, આનંદરૂપ પરિણમે છે એવા જ આત્મામાં નમન નામ વળ્યો છે ઇ નમસ્કાર સાચો છે. આહા..! સમજાય છે કાંઈ ?

'**આ અવસરે...**' આ કાળમાં–સ્વકાળમાં. '**સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ...**' જેમાં આકુળતા બિલકુલ નથી. આહા..! એવી આત્માની પર્યાયમાં શુદ્ધાત્મ પરિણમન થવું–શુદ્ધ દ્રવ્યનું પરિણમન પર્યાયમાં થવું, સમ્યગ્દર્શન-જ્ઞાનનું પરિણમન થવું, સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિનું પરિણમન થવું એ ત્રણે સુખરૂપ છે એમ કહેવું છે. શું કહ્યું સમજાણું કાંઈ ?

'**स्वानुभूत्या**' કીધું ને ? તો સ્વાનુભૂતિમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણનું શુદ્ધપણે પરિણમન એ સુખરૂપ પરિણમન છે. સમ્યગ્દર્શન પણ સુખરૂપ, સમ્યગ્જ્ઞાન પણ સુખરૂપ, સમ્યક્ ચારિત્ર પણ સુખરૂપ અનુભૂતિ (છે) તેથી તેને સાર કહેવામાં આવે છે, તેથી તેને નમસ્કાર કરવામાં આવે છે. આહા..! '**चकासते**' '**અવસ્થા છે જેની; 'સર્વ ભાવ' અર્થાત્ અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત અનંત ગુણે બિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ, તેની 'અન્તરછેદી' અર્થાત્ એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ...**' જેનો એક સમયમાં પોતા સિવાયના અનંતા જીવ આદિ પદાર્થો, એને જાણવાનો એક સમયમાં સ્વભાવ છે. સર્વજ્ઞપણું સિદ્ધ કરે છે, મોક્ષદશા સિદ્ધ કરે છે. એવો એનો પર્યાયનો પૂર્ણ ધર્મ જ આવો છે.

'**જેટલા જીવાદિ પદાર્થ,...**' જુઓ ! '**અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત...**' થયું ? પછી '**અનંત ગુણે બિરાજમાન...**' ત્રણ લઈ લીધું. પર્યાય, ગુણ બેય લઈ લીધાં. એવા કોણ ? '**જેટલા જીવાદિ પદાર્થ,...**' જેટલા અનંત આત્માઓ અને જેટલા અનંત રજકણો આદિ જેટલા દ્રવ્ય છે એ બધા ત્રણ કાળની પર્યાય સહિત અનંત ગુણે બિરાજમાન જે પદાર્થ છે, તેનો જાણનશીલ એક સમયમાં. અન્તરછેદીની વ્યખ્યા થઈ. '**એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષપણે જાણનશીલ...**' જાણવાનો જેનો સ્વભાવ છે. લ્યો. સમજાય છે ? સર્વજ્ઞ એટલે જાણન, સર્વને જાણવું એ તો સ્વનો સ્વભાવ છે. ઓલા કહે છે ને, સર્વજ્ઞ એ વ્યવહારે સર્વજ્ઞ છે. સર્વજ્ઞમાં સર્વપણું આવ્યું માટે વ્યવહાર છે. અહીં કહે છે કે બધાને જાણવું એવો જાણનશીલ પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ?

'**યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ જે કોઈ શુદ્ધ જીવવસ્તુ તેને મારા નમસ્કાર.**' કહો,

સમજાણું ? ત્રણ વાર આવ્યું ને ? પહેલાં આવ્યાં હતા, ત્રીજી લીટીમાં. તેને મારા નમસ્કાર. નમઃ સમયસાર. પછી આવ્યું અહીં. ચોથી લીટી. તેને–પદાર્થને નમસ્કાર. ત્રીજી લીટી–ચેતન પદાર્થને નમસ્કાર. અહીં આવ્યું. તેને મારા નમસ્કાર. છે તો પેલું નમઃ શબ્દ એકની જ વાત છે. ત્રણની સંધિ કરી. સમયસાર શુદ્ધ, તેને મારો નમસ્કાર. સ્વાનુભૂતિ ચકાસતે, તેવો પદાર્થ તેને મારો નમસ્કાર. સમજાય છે ? અને સાર જે ભગવાન આત્મા ઉપાદેય એકલી વસ્તુ, તેને મારો નમસ્કાર. આહા..હા...! એ વાત અધ્યાત્મની થોડા શબ્દમાં ગાગરમાં સાગર ભરી દીધો છે. સંવર, નિર્જરા, મોક્ષ ને ભાવનું સામર્થ્ય. સામર્થ્ય એટલે શક્તિ અને ભાવ એટલે પોતે પદાર્થ. સમજાય છે ?

ઓ..હો...! એવો ભગવાન આત્મા, જેના સ્વભાવ સામર્થ્યમાં સર્વજ્ઞ અને પૂર્ણ આનંદ પડ્યો છે, એની જે પર્યાયમાં અનુભૂતિ થઈ, અનંત આનંદનું અનુભવવું અને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકના પદાર્થને યુગપદ્ જાણનશીલ જેનો સ્વભાવ છે, એવી જેની દશા પ્રગટ થઈ છે, તે આ જગતમાં શુદ્ધ અને સાર કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં ? સાર પદાર્થ આત્મા. ઇ પેલામાં આવ્યું છે, કડીમાં આવ્યું છે.

એક સમયમાં યુગપદ્. યુગપદ્ એટલે સાથે. પ્રત્યક્ષરૂપે એટલા વિશેષણ. જાણનશીલ. જાણનશીલ શબ્દ વાપર્યો, જોયું ? જાણવાનો શીલ એનો સ્વભાવ છે. જાણવાનો શીલ જેનો સ્વભાવ છે. એવી જે વસ્તુ, તેને મારા નમસ્કાર. આહા..હા...! સમજાય છે કાંઈ ? 'શુદ્ધ જીવને સારપણું ઘટે છે.' હવે કહે છે, શુદ્ધ જીવને સારપણું ઘટે છે. આગળ કહેશે, હોં ! એવો શુદ્ધ તેને જાણતાં, અનુભવતા જાણનહારને સુખ અને જ્ઞાન છે. છેલ્લે. ઇ લેશે. શુદ્ધ જીવને સારપણું ઘટે છે પણ ખરું આ શુદ્ધપણું તેને સારપણું ઘટે છે.

**શ્રોતા :–** જાણનારની વાત છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સિદ્ધને જાણનાર નહિ, આને જાણનારને. આહા..!

**'શુદ્ધ જીવને સારપણું ઘટે છે. સાર અર્થાત્ હિતકારી અને અર્થાત્ અહિતકારી. ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું;....'** બસ, આ બે સિદ્ધાંત. હિતકર સુખ અને અહિતકર દુઃખ. કોઈ પરવસ્તુ દુઃખ કે પરવસ્તુ સુખ એમ નહિ. હિતકર અતીન્દ્રિય આનંદ સુખ. અહિતકર દુઃખ, વિકલ્પ, રાગ. શુભાશુભ રાગ અહિતકર દુઃખરૂપ. **'કારણ કે અજીવ પદાર્થને–પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને...'** શું કીધું ? **'અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી,....'** અજીવ પદાર્થ પુદ્ગલમાં જ્ઞાન નથી અને સુખ નથી. આ શરીરમાં, વાણીમાં, કર્મમાં, પૈસામાં, લાડવામાં, દાળ-ભાતમાં, જડ પુદ્ગલમાં જ્ઞાન નથી અને ત્યાં સુખ નથી.

**શ્રોતા :–** આ સુખ ત્યારે ને. તે પહેલાં તો સુખ છે ને ત્યાં ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂડમાંય નથી. ક્યાં હતું ? 'શોભાલાલભાઈ' ! ઇ પહેલાં છે કે નહિ ? આ

તમારા પૈસાવાળાને સુખ છે, એમ કહે છે. એય..! શેઠ ! આ દરબાર આવ્યા. સુખ છે કે નહિ ? એમ હોય ? તમને બધા પૈસાવાળા માને. શરીરે મોટા, પૈસે મોટા, આબરૂએ મોટા. મોટા સુખી કહે છે.

**શ્રોતા :–** એ તો દુઃખનું કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અંદર વિકલ્પ ઊઠે છે એ દુઃખ છે. ઇ ચીજ નહિ. ચીજ ઉપર લક્ષ જાય અને રાગ થાય, એ જ દુઃખ છે. આહા..!

અહીં તો કહે છે કે શુભ અને અશુભ પરિણામ થાય એ દુઃખ છે. એ અહિતકર છે, એ અસાર છે. આહા..હા...! એમ આવ્યું કે નહિ એમાં ? હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું.

**શ્રોતા :–** પૈસા હોય તો સુખ માટે હિતકારી, ન હોય તો દુઃખ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ તો અહીં કહે છે. અજીવ નામ પૈસો. અજીવ છે ? શબ્દ છે ? 'શોભાલાલજી' ! અજીવ પદાર્થને. **'અજીવ પદાર્થને'** એમ શબ્દ છે ?

**શ્રોતા :–** ઇ તો બરાબર. એને સુખ નથી. સુખ દેનાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ જ કહેશે હમણાં. કહેશે, બધું કહેશે. આ જોડે બેઠા છે, કેમ બતાવતા નથી ? બતાવ્યું ? નહિતર ઠપકો મળે. વકીલ છે, જોડે બતાવવું જોઈએ ને એને.

**'અજીવ પદાર્થને...'** એટલે ? કે પુદ્ગલમાં. પુદ્ગલ એટલે એક પરમાણુથી માંડીને અનંતા પરમાણુના સ્કંધ પિંડ. એમાં પૈસા આવી જાય છે. એ.. શેઠ ! પુદ્ગલમાં પૈસા આવી જાય કે નહિ ? પૈસા આવી જાય, પુદ્ગલમાં પૈસા આવી જાય, પૈસા પુદ્ગલમાં આવી જાય. હજી એને ખબર ક્યાં છે શેઠને. શું કરે ? પૈસા ઇ પુદ્ગલ છે.

**શ્રોતા :–** પૈસા તો દ્રવ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્ય છે પુદ્ગલ. છે ને. આહા..હા..! આ શરીર પુદ્ગલ, વાણી પુદ્ગલ, કર્મ પુદ્ગલ, પૈસા પુદ્ગલ, બાયડી-છોકરાના શરીર પુદ્ગલ, મકાન પુદ્ગલ, ઝવેરાત પુદ્ગલ, કપડા પુદ્ગલ. આ બધું પુદ્ગલ. કહે છે કે પુદ્ગલમાં જ્ઞાન નથી. આ માથું અને શરીરમાં જ્ઞાન નથી, પૈસામાં જ્ઞાન નથી. તેમ માથું ને શરીર ને પૈસામાં સુખ નથી, એમ કહે છે. એ.. 'ન્યાલભાઈ' !

**'અજીવ પદાર્થને...'** એટલે કે, એમ. પુદ્ગલને. પુદ્ગલ જે છે, પરમાણુથી માંડી એક રજકણનો પોંઈંટ એક રજકણથી માંડી અચેત મહાસ્કંધ આખા દુનિયામાં છે. સમજાય છે ? અને આ કપડા, પૈસા, આ ઘરવખરો, બધી ચીજો છે ને ? એની શોભા એનામાં છે. ઇ તો પહેલી વાત થઈ ગઈ. એના ગુણ-પર્યાયથી શોભા એનામાં છે, પણ એનામાં જ્ઞાન અને સુખ નથી. એના ગુણ-પર્યાયથી શોભાયમાન છે, સ્વાધીન છે. પણ એ ચીજમાં જ્ઞાન અને આનંદ નથી. કહો, સમજાય છે

કાંઈ ? કહો, આ તો સાદી વાત છે. એય...! 'સેઠી' !

**શ્રોતા :–** બીજી ચીજોમાં જ્ઞાન નથી, પણ માથામાં તો જ્ઞાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માથામાં જ્ઞાન છે, હાં.. માથુ એ તો પુદ્ગલ છે, જડ છે, ધૂડ છે. ધૂડમાં જ્ઞાન ક્યાંથી આવ્યું ? હજી તો પછી વાત. હજી તો આઘી પછી વાત આવશે. હજી તો માથાને જાણનારને જ્ઞાન નથી, એમ કહે છે. માથામાં તો જ્ઞાન નથી પણ માથાને જાણનારને પણ જ્ઞાન નથી. માથું છે, આ શરીર છે, શરીરમાં તો સુખ નથી અને જ્ઞાન નથી, પણ શરીરને જાણનારો જે આત્મા છે, જાણનાર, આ શરીર છે એવું જાણે છે, એ જ્ઞાન નથી અને એને સુખ નથી. સમજાય છે કાંઈ ?

અહીં તો હજી પુદ્ગલ જે અજીવ છે, કહો, મેસૂબ, દાળ, ભાત, લાડવા, ઝવેરાત જડ એ ચીજમાં જ્ઞાન નથી. એ તો જડ છે. તેમ એમાં સુખ નથી. એ તો જડ છે. એક વાત. જગતમાં એક ધર્માસ્તિકાયક છે. અરૂપી પદાર્થ ચૌદ બ્રહ્માંડમાં ભગવાન કેવળીએ જોયેલો. ધર્માસ્તિ નામનો (પદાર્થ છે). એ ધર્માસ્તિ અજીવ છે. એ અજીવમાં જ્ઞાન નથી, એ અજીવમાં સુખ નથી. અધર્મ નામનો એક પદાર્થ ચૌદ રાજૂલોકમાં. અધર્માસ્તિકાય. એ અધર્માસ્તિ છે અજીવ, અરૂપી. એમાં જ્ઞાન નથી, એમાં સુખ નથી. આકાશ, સર્વવ્યાપક આકાશ નામનો પદાર્થ (છે) તેમાં જ્ઞાન નથી, તેમાં સુખ નથી. કાળ, કાળ જે છે, અસંખ્ય અણુઓ કાળ છે. ભગવાન પરમાત્માએ દેખેલા. ચૌદ રાજૂલોકમાં એક એક આકાશના પ્રદેશ ઉપર એક એક અણુ કાળ છે. એ કાળને જ્ઞાન નથી અને કાળમાં સુખ નથી.

**'અને સંસાર જીવને...'** લ્યો. હવે આવ્યા. નિગોદથી માંડી સંસારી જીવ. એને જ્ઞાન પણ નથી અને એને સુખ પણ નથી. શેઠ ! સંસારી જીવ જે છે, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની, એ જીવને જ્ઞાન પણ નથી અને એને સુખ પણ નથી.

**શ્રોતા :–** ઇ બધા પુદ્ગલમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ બધા જ્ઞાન અને સુખ વિનાના ખાલી છે. આહા..હા...! કહો, સમજાય છે કાંઈ ?

પાંચ અજીવ અને એક સંસારી (જીવ), નિગોદના જીવથી માંડીને નવમી ગ્રૈવેયકના જીવ. સંસારી મિથ્યાદૃષ્ટિ અહીંયા લેવા. સમજાય છે કાંઈ ? એ ચાહે તો નવમી ગ્રૈવેયકમાં હો ને ચાહે તો એ મોટો ચક્રવતી રાજા તરીકે હો, પણ જ્યાં દૃષ્ટિ મિથ્યાત્વ છે, તે જીવને અગિયાર અંગનું જ્ઞાન હો, નવ પૂર્વનું જ્ઞાન હો, તો એને જ્ઞાન નથી. સંસારી જીવ મિથ્યાદૃષ્ટિ, જેને અગિયાર અંગ અને નવ પૂર્વનું જાણપણું હો કે નિગોદની અક્ષરના અનંતમા ભાગનું ઉઘાડનું જ્ઞાન હો, તો કહે છે કે સંસારી જીવને જ્ઞાન છે જ નહિ અને તેને સુખ નથી. આહા..હા...! નવમી ગ્રૈવેયક..

**શ્રોતા :–** આવી ચોખવટ કાંઈ હિન્દીમાં થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઓલામાં જરી અટકવું પડે ને, આ તો ચાલ્યું જાય એમ ને એમ સીધું. આ બધા શેઠિયા આવ્યા પાછળથી. આ જ મળે. વીસ દિન હિન્દુસ્તાનની (હિન્દી) વાત રાખી હતી. જેણે આવવું હોય એણે હિન્દુસ્તાનમાં વીસ દિનમાં આવવું. એ... 'સેઠી' ! 'સેઠી' તો હવે અહીંના થઈ ગયા. ગુજરાતી થઈ ગયા. કહો, સમજાય છે કાંઈ ? શું કહ્યું ?

અનંતા નિગોદના જીવ સંસારી એટલે મિથ્યાદૃષ્ટિ છે. એને જ્ઞાન નથી અને સુખ નથી. દ્રવ્ય, ગુણમાં જ્ઞાન છે એ નહિ, પર્યાયમાં એને જ્ઞાન નથી અને સુખ પણ નથી; અને નવમી ગ્રૈવેયક જનાર દિગંબર મુનિ, જે અઠ્યાવીસ મૂળગુણ પાળે, અગિયાર અંગનું જ્ઞાન હો, નવ પૂર્વની લબ્ધિ પ્રગટેલી હોય અને કોઈને વિભંગ પણ પ્રગટેલું હોય. નિગોદથી માંડી પંચેન્દ્રિય જીવને વિભંગ પ્રગટ્યું હોય, જેને સાત દ્વિપ, સમુદ્ર જાણવાની શક્તિ પ્રગટી હોય, એવા સંસારી જીવને જ્ઞાન પણ નથી, સુખ પણ નથી. ઇ સુખ નથી. મૂળ પહેલું જ્ઞાન ને સુખ નથી, એમ લેવું છે. કહો, સમજાણું ? સુખ નથી અને જ્ઞાન પણ નથી. મૂળ આનંદ ક્યાં છે ત્યાં. કહો, 'ભગવાનજીભાઈ' ! પણ ખોટો છે જ નહિ, અહીં તો કહે છે. સંસારી પ્રાણી અને અજીવ પાંચ દ્રવ્ય. સંસારી પ્રાણી એટલે મિથ્યાદૃષ્ટિ જૈન દિગંબર સાધુ હો, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હો, અગિયાર અંગની ખિલવટ થઈ હોય.. સમજાય છે ? અને કોઈને વિભંગ અજ્ઞાન પણ પ્રટ્યું હો, છતાં તે જીવને સુખ નથી, તે સુખી નથી, તેને સુખ નથી, તેને જ્ઞાન નથી, તે જ્ઞાની નથી.

**શ્રોતા :–** જે દેહમાં જાય ત્યાં સુખ નથી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ઇ જ કહે છે. ન્યાંપણ. આ કીધું ને. નવમી ગ્રૈવેયક કીધું ને. નવમી ગ્રૈવેયકના મિથ્યાદૃષ્ટિ દેવ સ્વતંત્ર એવા છે. એ જીવને પણ જ્ઞાન નથી અને સુખ નથી. જેને વિભંગ ત્રણ જ્ઞાન છે ત્યાં. મતિ, શ્રુત ને વિભંગ ત્રણ જ્ઞાન નવમી ગ્રૈવેયકમાં છે, મિથ્યાદૃષ્ટિ સાધુ થયા એને. પણ કહે છે કે એ સંસારી જીવ છે એને સુખ નથી અને એને જ્ઞાન પણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

બીજી વાત. એ તો ઠીક કે અજીવ પદાર્થને એટલે પાંચને અને સંસારી જીવને એટલે મિથ્યાદૃષ્ટિ જીવને સુખ નથી અને જ્ઞાન નથી. એક વાત. બીજી વાત. **'તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી.'** પુદ્ગલ પરમાણુ, આ શરીર, માથું... એ... 'સેઠી' ! માથામાં સુખ નથી, જ્ઞાન નથી. પણ આ માથાનો જાણનાર આત્મા, આ માથું જે એમ જે આત્મા જાણે, એને પણ જ્ઞાન નથી અને સુખ નથી. આત્માના જ્ઞાન વિના જ્ઞાન નહિ અને આત્માના સુખ વિના સુખ નહિ. **'પરનું જાણપણું તે જ્ઞાન જ નથી,...'** એમ અહીં તો કહે છે. આ બધું તમારું જજનું જ્ઞાન શું હશે ? કેવું હશે ? ન્યાં 'અમદાવાદ'માં મોટા જજ છે. અગિયાર મેજેસ્ટ્રેટના મેજેસ્ટ્રેટ. મોટા. અહીં તો ના પાડે છે, એ જ્ઞાન નહિ, એ સુખ નહિ. આહા..હા...! અને એવા જીવને

જાણનારને પણ જ્ઞાન નહિ અને સુખ નહિ.

**શ્રોતા :–** એમાં પણ કાયદાના જાણનારને સુખ નહિ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બાકી એમાં શું રહ્યું ? આ સંસારી જીવ કાયદાના મોટા જાણનાર.. આમ 'રામજીભાઈ' કોર્ટમાં (બોલે), આમ છે, તેમ છે.

**શ્રોતા :–** એને સુખ નથી એમ માનવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને જ્ઞાન નથી અને સુખ પણ નથી. એવા જીવને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. કહો, સમજાણું કાંઈ ? 'ભગવાનજીભાઈ' ! ભારે વાત કરી આ.

હા, ઇ છે. અનુભૂતિનું જ્ઞાન તે જ્ઞાન અને અનુભૂતિમાં આનંદ તે આનંદ. એ સ્વની અનુભૂતિનું જ્ઞાન તે જ્ઞાન અને સ્વનું સુખ તે સુખ. બાકી પરને જાણવાથી અને પરમાં સુખ છે અને પરમાં જ્ઞાન નથી, તેમ પરને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. અનંત નિગોદના જીવ છે, એમ જ્ઞાન કર્યું, કહે છે કે એ જ્ઞાન જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? આ પૈસામાં જ્ઞાન, સુખ નથી પણ પૈસાને જ્ઞાને જાણ્યું. અહીં જ્ઞાન આવ્યું ને કે આ પૈસા છે. એ જ્ઞાન નહિ અને એ સુખ નહિ. પૈસામાં સુખ અને જ્ઞાન નથી, પણ પૈસાનો જાણનાર આત્મા કે આ પૈસો છે, એ જાણનારું જ્ઞાન તે જ્ઞાન નહિ. તે અજ્ઞાન છે, દુ:ખ છે. જ્ઞાન નહિ અને સુખ નહિ.

**શ્રોતા :–** બધાને ભુલી જા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે જ નહિ. અહીં તો આત્માનો અનુભવ, આત્માના આનંદસ્વરૂપની અનુભૂતિ તે જ્ઞાન અને તેમાં આનંદ તે સુખ. બાકી પરનું જ્ઞાન તે જ્ઞાન નહિ અને પરને જાણ્યું જ્ઞાન તે જ્ઞાની નહિ, તે સુખી નહિ. આહા..હા...! ભારે વાત, ભાઈ ! આહા..હા...!

ખેંચીને થાય છે ને. ખેંચીને એટલે જેમ છે એમાં એમ. ભેંસના આળમાં દૂધ હોય ને ? દૂધે. એ બળૂકી બાઈ આમ અંગૂઠો મારીને અહીં વચમાં નાખે. આમ ખેંચે. એમ ટીકા કરે છે. 'રાજમલજી'એ ટીકા કરી છે. ખેંચીને દૂધ કાઢ્યું છે, અંદર છે ઇ. આહા..હા...! શું કહે છે ?

ભગવાન ! કહે છે કે શુદ્ધ આત્મા પોતાનો, એનું જે જ્ઞાન તેને જ્ઞાન કહીએ અને ભગવાન આત્માના જ્ઞાનમાં આનંદ આવ્યો તેને સુખ કહીએ. બાકી જગતના આત્માઓ.. અહીં તો સુખી છે અને જ્ઞાની છે એને જાણનારને જ્ઞાન, સુખ છે. કેમકે એને જાણનારનો અર્થ કે પોતાને જાણ્યો. એમ એનો અર્થ (છે). જે જ્ઞાની છે અને સુખી છે, એ તો જ્ઞાન અને સુખ છે. પણ એના જાણનારને જ્ઞાન અને સુખ છે. એટલે ? કે આ સુખ છે એવો હું છું, એમ જે પોતાને જાણે તેને જ્ઞાન અને સુખ છે. આહા..હા...! અહીં તો એવી વાત લીધી છે. સમજાણું આમાં ?

**'તેમનું સ્વરૂપ જાણતાં...'** કોનું સ્વરૂપ ? જુઓ ! સ્વરૂપ જેવું છે તેવું, હોં ! પાછું. કે આ પુદ્ગલ છે, આ પૈસા છે, આ લાડવા છે, આ શરીર છે, આ વાણી છે.. સમજાણું ? આઠ કર્મ છે,

લ્યો. એ આઠ કર્મની પ્રકૃતિનું અત્યારે મોટું ચાલે છે ને ? કે આઠ કર્મ આટલી સત્તામાં અને આમ ઉદયમાં હોય ને આમ સંક્રમે અને આમ .. થાય, એટલે ઉત્કર્ષ થાય અને અપકર્ષ થાય. એ કર્મનું જાણવું, એ કર્મના જડમાં, કર્મના આઠ પ્રકારના જડમાં જ્ઞાન પણ અને સુખ પણ નથી. એ કર્મને જાણનારને જ્ઞાન અને સુખ નથી. શું બરોબર ? આ તમારે આત્યારે ચાલે છે ને ? કર્મ પ્રકૃતિનો જાણનારો.. એક મોટું પુસ્તક પાડ્યું, 'અમદાવાદ'માં. સુખી મહા જ્ઞાની.. આહા..હા...! કર્મ પ્રકૃતિનું કાંઈક પાડ્યું છે.

અહીં તો કહે છે, ઓ..હો..હો...! કર્મનો ઉદય એ જડ છે. એ જડમાં જ્ઞાન નથી, તેમાં સુખ નથી. એ જડનો જાણનાર જે આત્મા, આ જડ છે એમ જાણનાર, એને પણ જ્ઞાન અને સુખ નથી. સમજાય છે કાંઈ ? આહા..! 'રાજમલજી'એ કેવી રાજ ટીકા કરી છે ને ! શોભિત ટીકા ! એ.. 'રાજમલમજી' ! લ્યો, રાજ આવ્યું. રાજ્યતે શોભતે ઇતિ રાજ. ... શોભા નહિ, આ શોભા. વાહ ! ... કાઢી છે ને. વાત આટલી સ્પષ્ટ ખુલ્લી રીતે મૂકી છે. જ્યાં સુધી સ્વનું જ્ઞાન ન આવે ઇ જ્ઞાન ન કહેવાય. પરનું જ્ઞાન એ જ્ઞાન જ નહિ. એ તો પરપ્રકાશક જ્ઞાન એકાંત જ્ઞાન તે અજ્ઞાન છે. સમજાય છે કાંઈ ? કહો, 'નેમિદાસભાઈ' ! શું છે આ ? આ કંચન ને પૈસામાં સુખ નથી, એમ કહે છે. એને જ્ઞાન નથી અને એમાં સુખ નથી અને એને જાણનારું અહીં જ્ઞાન થાય, જાણે, એ જ્ઞાન નહિ અને એ સુખ નહિ. પહેલું સુખથી લીધું. આહા..!

અહીં તો કહે છે, જેમાં અતીન્દ્રિય સુખ પ્રગટે તેને જ્ઞાન કહીએ, બાકી જ્ઞાન નહિ. આહા..હા...! અગિયાર અંગ ને નવ પૂર્વનું અનંત વાર ભણ્યો, ભણ્યો નવ પૂર્વ, અગિયાર અંગ. કહે છે કે એ જ્ઞાન નહિ અને સુખ પણ નહિ. વાહ.. રે.. વાર...! વીતરાગના માર્ગની રીત. એની ... પદ્ધતિ પણ કેવી ! વીતરાગી જ્ઞાન તે જ્ઞાન અને વીતરાગી સુખ તે સુખ. સમજાય છે કાંઈ ? બહારના જાણપણા વકીલાતના કે જજના કે કારીગર ઘણા હોશિયા હોય છે ને ?

**શ્રોતા :–** એક્સપર્ટ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક્સપર્ટ–કુશળ. ઘણા કારીગર હોય છે. આ ઘડીયાલના, લ્યોને. મોટા મોટા.. જાણે.. ઓ..હો..હો..! વાતું કરવા બેસે... જાણે.. આહા..હા...! આમ પાર્ટ હોય ને એનું આમ હોય ને આમ હોય ને તમારે મોટરનું, લ્યોને. એય..! કહે છે, એ મોટરના પાર્ટની અંદર જ્ઞાન અને સુખ નથી પણ મોટરના પાર્ટના જાણનારને સુખ અને જ્ઞાન નથી. આહા..હા...!

અરે..! શાસ્ત્રના પાના છે તેમાં સુખ અને જ્ઞાન નથી. આહા..હા...! ભારે વાત, ગજબ વાત કરે છે ! લખેલા પાના છે ને ? એમાં સુખ નથી અને જ્ઞાન નથી. અને એને જાણનારું એ તરફનું જ્ઞાન, એને પણ જ્ઞાન અને સુખ નથી. આહા..હા...! પહેલા શ્લોકનું પણ મંગળિક ગજબ છે ! ગજબ છે !! 'અમૃતચંદ્રાચાર્ય' અલૌકિક...! 'રાજમલે' પાછું અંદરથી કાઢ્યું. વાત તો યથાર્થ.. યથાર્થ.. યથાર્થ.

સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા એ પરના શાસ્ત્રના પાના જાણે કે આમાં આમ લખ્યું છે, આમાં આમ કહ્યું છે, આમ કહ્યું છે... એ બધું શાસ્ત્રને સુખ અને જ્ઞાન નથી. એ તો આપણે આવી ગયું છે ને ? (ગાથા–૩૯૦) **'सत्थं ण याणदे किंचि'** એ બધું પાછળ આવે છે. પંદર ગાથા, એકસાથે પંદર (ગાથા છે). શાસ્ત્ર ન જાણે કાંઈ, કિંચિત્ જાણતા નથી. શાસ્ત્રને જ્ઞાન નથી અને શાસ્ત્રમાં સુખ નથી. અહીં તો કહે છે, આહા..હા...! ઇ શાસ્ત્રને જાણવાનું અહીં પરલક્ષી જ્ઞાન ખીલે ને એ જ્ઞાન કહેવાતું નથી અને એને અમે સુખ કહેતા નથી. જેમાં સુખવાળું જ્ઞાન આવે તેને જ્ઞાન અને સુખ કહીએ. એ પરના લક્ષમાં તો દુઃખ અને અજ્ઞાન છે, માટે તેને જ્ઞાન કહેતા નથી. ભારે વાતું, ભાઈ ! સમજાણું કાંઈ ? એય..! શું આ બધા રૂપિયા-બુપિયા ... 'કામદાર' ! એમાં લગ્ન હોય ને એમાં લાખ-બે લાખ ખર્ચવાના હોય ને કુટુંબ કહળ્યું ભેગું થયું હોય, એમાં બે-પાંચ કરોડની મૂડી હોય ને પછી બેઠો હોય પાટલને ને બધા આમ સામું જોતા હોય.. આહા..! આપણા ... છે ને. બધા નીચી નજરે જોવે, આપણા કુટુંબમાં એક... શેઠ ! કહે છે કે એ પોતે દુઃખી છે અને અજ્ઞાની છે. એના જાણનારને પણ અજ્ઞાન અને દુઃખ છે. એના જાણનારને જ્ઞાન અને સુખ છે નહિ. આહા..હા...! કહો, આ બધા તમારે શું કહે છે ચોપડાનું ? રજીસ્ટર. રજીસ્ટર કરે એ જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. આહા..હા...! ન્યાલ થઈ જાય દુઃખમાં. આહા..હા...!

એ પુદ્ગલના સ્વરૂપનું જાણવું, કર્મનું જાણવું અને શાસ્ત્રના પાનાનું જાણવું એ કર્મ અને શાસ્ત્રમાં સુખ અને જ્ઞાન નથી. આની કોર એના તરફનું જ્ઞાન ખીલે તે જ્ઞાન અને સુખ ખીલવાનું જ્ઞાન નથી. આ..હા..હા...! શું હશે આમાં ત્યારે ? બીજી ફિલ્મ લેવાનો છે એના માટે... બીજી કરવાનો છે. એક તો છે ને બીજા ચાર લાખ આપ્યા. ....

અહીં તો કહે છે.. આહા..હા...! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ આનંદકંદ, એનું જ્ઞાન તેને જ્ઞાન કહીએ અને તેને સુખ કહીએ. બાકી જગતના પદાર્થ સંસારીને જ્ઞાન, સુખ નહિ અને એના જાણનાર જીવને જ્ઞાન અને સુખ નહિ. કહો, સમજાય છે કાંઈ ? ભારે ટીકા, ભાઈ ! ભાઈ ! તું પ્રભુ છો ને ! નાથ ! તારામાં આનંદ છે ને ! એ આનંદનું જ્ઞાન કરીને સુખ થાય તે જ્ઞાન અને આનંદ કહેવાય, ભાઈ ! આહા..હા...!

**શ્રોતા :–** એવું જ્ઞાન વગર નિમિત્તે થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વગર નિમિત્તે, પરની અપેક્ષા વિના નિરપેક્ષથી થાય છે. એ આગળ આવશે. દ્રવ્યાંતરનો સહારો નથી, એવું આગળ ઘણે ઠેકાણે આવશે. સમજાય છે કાંઈ ? સારી ટીકા, બહુ સરસ કરી છે, કળશટીકા.

આત્મા સિવાય પાંચ અજીવ પદાર્થ (છે). પરમાણુથી માંડીને દાગીના, લાડવા, દાળ, ભાત,

શાક, મેસૂબ, એના ઘી.. એ ઘીમાં સુખ નથી, તેમાં જ્ઞાન નથી. એના જાણનારને સુખ નથી અને જ્ઞાન નથી. એના જાણનારને દુઃખ અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ ? બહુ બુદ્ધિવાળા કહેવાય ને ? આમ અંદર.. ઓ..હો..હો...! બુદ્ધિના પ્યાલા ફાટી ગયા છે. એવી ચોપડી લખે, પુસ્તકનો આખો કબાટ 'શિવલાલભાઈ' વાંચતા. 'શિવલાલ પાનાચંદ'. પહેલાં ... અમારે ત્યાં (સંવત) ૧૯૭૭ માં આવ્યો. ૧૯૭૭. બુદ્ધિ બહુ. ૨૦૦ પુસ્તકનો કબાટ. એને વાંચવું હોય એ એને યાદ હોય. આ ઠેકાણે આ છે ને આ છે. ધૂડ. પ્રશ્ન કર્યો. વ્યાખ્યાન પૂરું થયું ને આવ્યા. એના 'અમીચંદભાઈ' છે ને ? 'મૂળચંદભાઈ'. 'અમીચંદ' ના બાપ. 'નાગરભાઈ.. નાગરભાઈ'. 'નાગરભાઈ' 'અમીચંદભાઈ'ના બાપ. 'નાગરભાઈ' ને ઇ બે આવ્યા. (સંવત) ૧૯૭૭ની સાલની વાત છે. મોટો કલેક્ટર. સાડા ત્રણ હજારનો માસિક પગાર. 'જયપુર'નો. બહુ બુદ્ધિ, બહુ. મેં એટલું પૂછ્યું, તે દિ' બહુ નાની ઉંમર. ભાઈ ! તમે આત્મા.... આત્માં શું કાંઈ વાંચ્યું છે ? 'વાંચ્યું છે, બધા પૂછે પણ છે. પણ આત્મા છે કે નહિ એનો મેં નિર્ણય નથી કર્યો.' વ્યાખ્યાનમાં મોડા આવ્યા હશે. નહિરત તો આવે. વ્યાખ્યાનમાં આવે. આમ નરમ માણસ હતા. ... પણ આ વસ્તુ જ નહિ તો શું કરે બિચારા ? ... એ આવ્યા. તમે આત્મા સંબંધી કંઈ વાંચ્યું છે ? આત્મા શું છે ? કહે, વાંચ્યું છે. અને કોઈ પૂછે છે પણ ઘણા. પણ હજી મેં નિર્ણય નથી કર્યો કે આત્મા છે કે નહિ ? લ્યો, આ ભણી ભણીને ભણ્યા. શું કહે. અમારી પાસે ચાલે શું એને ? કલેક્ટર હોય તો ન્યાં રહ્યો. શરૂઆતમાં સાતસોનો પગાર. તે દિ', હોં ! ૧૯૭૭ પહેલાં. સાતસોનો માસિક પગાર. ૧૯૭૭ની સાલ પહેલાં. પછી તો આગળ વધી ગયા. નાની ઉંમર, ૪૮ વર્ષની ઉંમર. ... અહીંથી સંકોચાવા મંડ્યું. ... દેહ છૂટી ગયો. ૪૮ વર્ષની ઉંમરે. પુણ્ય થોડું લઈને આવેલા, ઉઘાડ લઈને આવ્યા હતા. બાપા ! જ્ઞાન અને સુખ છે એમ છે નહિ.

**શ્રોતા :–** આત્માનો નિર્ણય નથી કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હજી આત્મા છે કે નહિ એનો નિર્ણય નથી કર્યો. ૨૦૦ પુસ્તકો. કબાટ આખો, હોં ! આખો કબાટ વાંચી જાય. આમાં આ પુસ્તકમાં આ છે... એનો દીકરો કે કો'ક હતા. ... 'વઢવાણ'માં હતા. એના ભાઈ... નાની ઉંમરથી ઓળખીએ ને. આહા..! નાની ઉંમરમાં રોગ એવો થયો.. ખલાસ.. જાઓ.... મુકામ કરો ... આહા..હા...!

જેણે ભગવાન આત્માનું જ્ઞાન કર્યું નથી, જેણે આત્માનો અનુભવ કર્યો નથી અને આત્માના આનંદના સ્વાદ જેણે લીધા નથી, એને જ્ઞાન અને સુખ કહેતા નથી. આહા..હા...! કહો, સમજાય છે કાંઈ ? શું આપણે વ્યાખ્યા (ચાલે છે) ? એને તો ભલે નથી, કહે છે,'તેમનું સ્વરૂપ જાણનારમાં. મિથ્યાદૃષ્ટિ સાધુ છે એને નવ પૂર્વનું જ્ઞાન ઉઘડ્યું છે. એને જ્ઞાન અને સુખ, સુખ અને જ્ઞાન નથી પણ એના જાણનારને જ્ઞાન, સુખ નથી. ભાઈ ! આહા..હા...! મિથ્યાદૃષ્ટિ દિગંબર સાધુ મહા નવ પૂર્વની લબ્ધિ પ્રગટી હોય, અગિયાર અંગનું જ્ઞાન હોય, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, હજારો

રાણીનો ત્યાગ હોય, અગિયાર અંગ ખુલ્યા હોય છતાં કહે છે તે સુખ પણ નથી, તે જ્ઞાન નથી. એ તો ઠીક, એને જાણનારો બીજો છે કે આ જીવ આવો છે, એ જાણનારને સુખ અને જ્ઞાન નથી. સમજાણું કાંઈ ?

જેમાં ભગવાન પોતે ભળે નહિ તેને જ્ઞાન અને સુખ કહેતા નથી. એમ કહે છે. આહા..હા...! 'સુખિયા જગતમાં સંત, દુરીજન દુઃખીયા રે... ના આવે અકળામણનો રે અંત, મૂરખમાં એ મુખીયા રે... એક સુખિયા જગતમાં સંત, દુરીજન દુઃખીયા રે...' આત્માના સ્વરૂપના આનંદની દશા પ્રગટી છે અને એના જે જ્ઞાન છે એ જગતમાં સુખી છે. 'દુરીજન દુઃખીયા રે...' મિથ્યાદૃષ્ટિ નવ પૂર્વના ભણનારા પણ દુઃખીયા છે. 'ના આવે અકળામણનો રે અંત, એ મૂરખમાં મુખીયા રે..' આ બધા ગડબડને મૂરખમાં મૂક્યા છે. બરાબર છે ? અકળામણ છે એ દુઃખ છે. આહા..હા...!

આવે છે, 'નવી સુહી દેવતા દેવ ... રે.. નવી સુહી પુદ્‌ગલી ... નવી સુહી સેઠ સેનાપતિ .. એદંત સુખી મુનિ વીતરાગી..' શેઠ સુખી નહિ, સેનાપતિ સુખી નહિ, પૃથ્વીનો રાજા સુખી નહિ, દેવ સુખી નહિ. એક સુખી ભગવાન આત્મા આનંદનું ભાન થઈને જે આનંદ પ્રગટ્યો છે, જેને અતીન્દ્રિય આનંદના સ્વાદ આવ્યા છે તેને સુખ અને જ્ઞાન કહીએ. બાકી કોઈને જ્ઞાન અને સુખ કહેતા નથી. આહા..હા...! આ વીતરાગ માર્ગ છે. વીતરાગ માર્ગમાં કિંમત કોની છે, એમ કહે છે. સમજાય છે કાંઈ ? વીતરાગી આત્મા પરમાત્મા પોતાનો, એનું જેને અંતરમાં જ્ઞાન અને સુખ થયું તેની વીતરાગમાર્ગમાં કિંમત છે, બાકી કિંમત છે નહિ. આહા..હા..! એ.. 'જેઠાલાલભાઈ' ! ભારે ! આ કળશ ટીકા બહાર આવી ગઈ છે. ....

**'તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ...'** જીવને પણ. એને તો નથી પણ એના જાણનાર જીવને પણ સુખ અને જ્ઞાન નથી. પરવસ્તુ જાણવું એ સુખ અને જ્ઞાન શું કહેવાય ? આહા..હા...! જુઓ ! આ દિગંબર સંતોના ભણકાર તો જુઓ ! સમજાય છે ? દિગંબર મુનિઓના ઉપદેશની કથનીની પદ્ધતિ તો જુઓ ! સનાતન વીતરાગ માર્ગ, જેને ચારિત્ર સહિત પ્રગટ્યો છે એના પોકાર જગતને છે. ભાઈ ! અચેતન પાંચ પદાર્થ અને સંસારી પ્રાણી, એને સુખ અને જ્ઞાન નથી. એના જાણનારને પરલક્ષી જ્ઞાન (છે) માટે તેને સુખ અને જ્ઞાન નથી, એ આકુળતા અને અજ્ઞાન છે. સમજાય છે કાંઈ ?

**'તેથી તેમને 'સાર'પણું ઘટતું નથી.'** આહા..હા...! સમજાણું કાંઈ ? આઠ વર્ષની કન્યા હો અને અનુભૂતિના આનંદના સ્વાદ લેતી હોય, કહે છે કે એ સુખી અને જ્ઞાની છે. એ.. શેઠ ! અને કરોડ પૂર્વના આયુષ્યવાળો અને ચમત્કારી ચક્રવર્તી (હોય) પણ જો મિથ્યાદૃષ્ટિ છે અને અગિયાર અંગ આદિનો ઉઘાડ થયેલો હોય, એ સુખી નથી તેમ એ જ્ઞાની નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? તેથી તેને સારપણું ઘટતું નથી. ઘટતું નથી એટલે ? ઘટતું નથી એટલે ? કોઈક પૂછતું હતું, ઘટતું

નથી એટલે શું ? ઘટિત થાય ? એમ કોઈએ પૂછ્યું હતું. ઘટિત હોતા હૈ, એમ આવ્યું હતું ને ? ઘટિત. લાગુ પડતું નથી. ઘટિત એટલે કાંઈ ઘટના છે ? ઇ અહીં નહિ. એને બંધબેસતું નથી. સારપણું મેળ ખાતું નથી. છે જ નહિ એને. આહા..હા...!

**'શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે,...'** હવે આવ્યું. એક સાર આવ્યો. ભગવાન આત્મા સિદ્ધ અને સમ્યગ્દૃષ્ટિ એ શુદ્ધ છે. એને સુખ અને જ્ઞાન છે. આહા..હા...! આ પંચ મહાવ્રતના પાળનારા મિથ્યાદૃષ્ટિને જ્ઞાન અને સુખ, સુખ અને જ્ઞાન નથી. આહા..હા..! અરે..! પંચ મહાવ્રતના વિકલ્પને જાણનારો, એને સુખ અને જ્ઞાન નથી. ભારે વાતું, ભાઈ ! આહા..હા...! અહીંયા તો કહે છે, પંચ મહાવ્રત 'કુંદકુંદાચાર્યે' પાળ્યા. આમ આચરણ કર્યાં. અરે..! ભગવાન ! તું ભૂલ્યો છો, ભાઈ ! એ પાળ્યા નથી, બાપુ ! અંદર આવ્યા હતા. પણ એ સુખરૂપ છે, ભાઈ ! તને ખબર નથી. સમજાય છે કાંઈ ? અંતરમાં આત્માનું જે જ્ઞાન અનુભૂતિથી પ્રગટ કર્યું એને સુખી અને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? માટે ભગવાન આત્મા શુદ્ધ પ્રભુ, બસ ! એનો અનુભવ કરવો અને એનો આનંદ લેવો એ સારમાં સાર છે.

**'શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં...'** જુઓ ! હવે આવ્યું. તેને જાણતા તો આમ લ્યો કે સર્વજ્ઞ અને અનુભૂતિવાળા છે તેને જાણતાં. હવે પછી આવ્યું, જાણતાનો અર્થ અનુભવતા. અનુભવતાનો અર્થ જ આ આત્માને જાણતા. ઓલામાં જાણતાં સુધી તો આવ્યું. પણ જાણતા એટલે જ અનુભવતા. જાણતા એટલે જ અનુભવતા. સિદ્ધને સુખ છે એને અનુભવતાં એટલે એનો અનુભવ અહીં ક્યાં હોય છે ? પણ જે શુદ્ધ પરમાત્મા અને શુદ્ધ અનુભૂતિ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની આદિ, એને જાણતાં એટલે અનુભવતા એટલે કે આ ભગવાન આત્મા, શુદ્ધ આત્મા, એનો અનુભવ કરતાં સુખ અને જ્ઞાન છે, બાકી સુખ અને જ્ઞાન છે નહિ. બહુ અલૌકિક આ વાત (છે) ! આવી ગયા, બરબાર ટાઈમમાં આવી ગયા છે, આ ગાથાઓમાં બરાબર આવી ગયા છે. 'ડાહ્યાભાઈ' તો 'ડાહ્યાભાઈ' છે. કહો, સમજાય છે કાંઈ ?

**'શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે–તેને જાણતાં–અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે.'** વાહ..!જેણે અંતર્મુખમાં ભગવાનને જાણ્યો એ સુખી અને જ્ઞાની છે, બાકી બધા દુઃખી છે, એમ કહે છે. એ.. શેઠ ! આ શું બધા તમારા પૈસાવાળા ને બુંદેલખંડના રાજા દુઃખી છે, એમ અહીં કહે છે. આહા..હા...! અરે..! દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ સાધુ, એને જાણનાર, આ આવો છે, એવું જેણે જ્ઞાન કર્યું અને પણ જ્ઞાન અને સુખ નથી. આહા..હા...! આ તે કંઈ વાત ! સમજાણું કાંઈ ? ભગવાન જેમાં ભળે તેને સુખ અને જ્ઞાન છે. ભગવાન આત્મા, સચ્ચિદાનંદ મૂર્તિ, એનો અનુભવ થતાં જે સુખ (થાય તે સુખ છે). એને જાણતાં.. પેલો તો એમ કહે છે, તમે તો આ વ્યવહારની વાત હોય ત્યાં પણ નિશ્ચય કાઢો છો. પેલો કહેતો હતો. 'કલોલ'માં. ભાઈ હતા કે નહિ ? ભાઈ હતા ને.

'બાબુભાઈ' હતા. અહીં તો તમે ખેંચીને (કાઢો છો). બાપા ! એમ નથી, ભગવાન ! સાંભળ, ભાઈ ! પેલા નમઃ .. આવે ને ? ભગવાન શુદ્ધને નમસ્કાર. પરને નમસ્કાર. વંદિત્તુ સિદ્ધને પણ પરને નમસ્કાર. અરે..! સાંભળ, ભાઈ ! ત્યાં કહ્યું હતું, નહિ ? 'કલોલ'માં. એ વાત એને મળી ન હોય, સાંભળવા મળી ન હોય. એટલે એવા તર્ક થાય. એ અજ્ઞાનનો દોષ છે, દ્રવ્ય-ગુણનો દોષ નથી.

**'તેથી શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.'** લ્યો. તેથી ભગવાન આત્મા શુદ્ધ પર્યાયપણે પરિણમ્યો છે તેવા જીવને સુખ અને જ્ઞાન ઘટે છે. બાકી બીજાને સુખ અને જ્ઞાન ઘટતું નથી. (વિશેષ કહેશે...)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**જ્ઞાયકભાવ છે તે શુભાશુભ ભાવરૂપે થયો જ નથી. શુભાશુભ ભાવ એ તો અચેતન છે, જડ છે, તે રૂપે થાય તો જ્ઞાયકભાવ જડ થઈ જાય. આત્મા ચૈતન્ય જ્ઞાયકભાવરૂપે હોવાથી શુભાશુભ ભાવરૂપે થતો નથી, તેથી અપ્રમત્ત-પ્રમત્તના ભેદો તે જ્ઞાયકભાવમાં નથી. જ્ઞાયકભાવ તો એક ચૈતન્યરસરૂપે જ રહ્યો છે, શુભાશુભ ભાવના અચેતનરસરૂપે થયો જ નથી. જ્ઞાયકભાવ ચૈતન્યના પૂરનો ધ્રુવ પ્રવાહ છે, એ જ દૃષ્ટિનો વિષય છે. તેમાં પુણ્ય-પાપના ભાવ છે જ નહિ, અપ્રમત્ત-પ્રમત્ત ગુણસ્થાનના ભેદ કે પર્યાયભેદ તેમાં નથી. પણ એ તને જણાય ક્યારે ?–કે તું પરદ્રવ્યના ભાવથી ભિન્ન પડી જ્ઞાયકભાવ સન્મુખ થા ત્યારે શુદ્ધતાનો અનુભવ થાય ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે એમ ખરેખર જાણ્યું છે. તારી પર્યાયમાં ચૈતન્ય જ્ઞાયકભાવનો આદર થાય, સેવા થાય, સન્માન, આદર, ચમત્કારીકતા લાગે, અધિકતા આવે ત્યારે પરદ્રવ્યનો સત્કાર, સન્માન, આદર, ચમત્કારીકતા છૂટી જાય અને ત્યારે આ આત્મા શુદ્ધ જ્ઞાયક જ છે તેમ જાણવામાં આવે છે.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૫૧૧)**

## શ્રી નાટક સમયસાર, સ્યાદ્વવાદ છંદ–૧૯ થી ૨૨
## પ્રવચન નં. ૧૫૫, તા.૭-૯-૧૯૭૧
## [૧૫]

'સ્યાદ્વાદ અધિકાર' **'સાતમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન'** આ શું અધિકાર છે ? છ બોલ તો થઈ ગયા. આત્મા તત્ સ્વરૂપે છે અને અતત્ પરસ્વરૂપે નથી. એમાં જ્ઞાન અને જ્ઞેય લેવું, આત્મા આખો ન લેવો. પહેલામાં એમ કહ્યું કે... ક્યાં ગયા તમારા ? વાર કેમ લાગી ? આવે છે ?

જ્ઞાનસ્વરૂપ આત્મા, એ પોતાથી છે અને જ્ઞેય જે રાગાદિ, શરીરાદિ વસ્તુ છે એ જ્ઞેય છે. એ જ્ઞેય સ્વભાવે જ્ઞેય અસ્તિ છે પણ જ્ઞેયસ્વભાવના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ નથી. સમજાણું કાંઈ ? ભગવાન ચૈતન્યસ્વભાવ, એ પોતાના જ્ઞાનમાં જ્ઞેયનું જ્ઞાન (થાય) એ પોતાનું જ્ઞાન છે. એ પોતાના જ્ઞાનથી પોતે અસ્તિ છે. અસ્તિ એટલે છે પણ પરથી છે નહિ. એ તત્ છે અને અતત્થી નથી. એ બે ભંગ થઈ ગયા.

આત્મા જ્ઞાનસ્વભાવે પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન હોવા છતાં વસ્તુ તરીકે એક છે. જ્ઞાનમાં રાગાદિ અને શરીરાદિ અનેકપણું જણાવા છતાં, અનેકપણે જાણતા છતાં વસ્તુ તરીકે એક છે. આ જૈનદર્શનનું સ્યાદ્વાદ. વસ્તુનું સ્વરૂપ આ છે. અને એક હોવા છતાં પર્યાયપણે અનેક છે. સમજાય છે કાંઈ ? એ ચાર થયા.

પાંચમામાં સ્વદ્રવ્યે અસ્તિ છે. ઓલામાં જ્ઞાન અને જ્ઞેયના અસ્તિ-નાસ્તિની વાત હતી. આ તો ચીજ ભગવાન આત્મા દ્રવ્યસ્વરૂપે પોતાથી અસ્તિ છે અને પરદ્રવ્યથી તે નાસ્તિ છે. આત્માનું હોવાપણું પરદ્રવ્યને લઈને હોવાપણું છે એમ નથી. સમજાણું કાંઈ ? એ સ્વદ્રવ્યથી છે અને પરદ્રવ્યથી નથી. એમ છ બોલ થયા. હવે સાતમો.

આત્મા અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્ર. ભારે ઝીણું, ભાઈ ! પોતાના અસંખ્યપ્રદેશી સ્વક્ષેત્રથી છે પણ પરક્ષેત્રથી એ નથી. અસ્તિનો આમ તો પહેલો ભંગ છે. **'સાતમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન.'**

**कोऊ सठ कहै जेतौ ज्ञेयरूप परवांन,**

**तेतौ ग्यान तातैं कहूं अधिक न और है।**

**तिहूं काल परक्षेत्रव्यापी परनयौ मानै,**

**आपा न पिछानै ऐसी मिथ्याद्दग दौर है।।**

**जैनमती कहै जीव सत्ता परवांन ग्यान,**

**ज्ञेयसौं अव्यापक जगत सिरमौर है।**

**ग्यानकी प्रभामैं प्रतिबिंबित विविध ज्ञेय,**

**जदपि तथापि थिति न्यारी न्यारी ठौर है।।१९।।**

શું કહે છે ? **'कोऊ सठ' 'કોઈ મૂર્ખ એમ કહે છે કે...'** શરીરનો આકાર, મકાનનો આકાર, પરવસ્તુનો જે આકાર (છે) એ જ પ્રમાણે આત્માનું જ્ઞાન છે. પરને આકારે, પરના ક્ષેત્રથી જ્ઞાનનું ક્ષેત્ર છે. સમજાણું કાંઈ ? પરક્ષેત્ર, એનું જ્ઞાન પરક્ષેત્રને જાણે. જાણતાં અજ્ઞાનીને એમ થઈ જાય છે કે પરક્ષેત્રનું જ્ઞાન છે તેથી હું છું. મારા સ્વક્ષેત્રમાં, જ્ઞાનમાં હું છું એમ એની શ્રદ્ધાનું ભાન નથી. મકાન-બકાન સારા થાય ને, એ ક્ષેત્ર આકારે જ્ઞાન થાય તો થાય કે.. આહા..હા..! આપણે આપણા મા-બાપના, કુટુંબના ક્ષેત્રે મકાન છે તો અમારે ઠીક છે, તો એને લઈને અમે નભીએ છીએ. સમજાણું કાંઈ ? આપણું આવું દસ પેઢીનું મકાન, બાપ-દાદાનું, એ આપણે જાય (તો) આપણું જીવન સારું ન કહેવાય.

ઇ દાખલો અમારે 'ઉમરાળા'નો છે. 'ઉમરાળા'નો દાખલો છે. સાધારણ બ્રાહ્મણ થઈ ગયેલા. મકાન વેંચાઈ ગયું. મકાન સમજ્યા ? વેંચાઈ ગયું. પછી થઈ ગયા પૈસાવાળા. તો એની માં કહે, અરે..! બેટા ! આ આપણું સાત પેઢીનું મકાન.. ... એ મકાન જ્યાં સુધી પાછું ન લે ત્યાં સુધી મારા જીવને ક્યાંય ઠીક પડતું નથી. ક્યાં એ તારું ક્ષેત્ર (છે) ? એ તો પરક્ષેત્ર છે અને જ્ઞાનમાં જણાણું. એક વાત ત્યાં છે, ઇ પરક્ષેત્ર જ્ઞાનમાં જણાય ને ? એટલો જે પર્યાય, તે સ્વક્ષેત્રથી ભિન્ન છે અથવા પરક્ષેત્રની પર્યાય, તેનાથી સ્વક્ષેત્ર ભિન્ન છે. આમાં છે ક્યાંક. 'કળશટીકા'માં છે. સમજાણું ? ક્ષેત્ર છે ને ? શું એ છે ? ક્ષેત્રને ? કેટલામું છે ઇ ? જુઓ ! ૨૫૩ છે. એમાં છે. સ્વદ્રવ્યમયી.

**'परद्रव्येषु' 'જ્ઞેયને જાણતાં જ્ઞેયની આકૃતિરૂપે પરિણમે છે જ્ઞાન એવો જે જ્ઞાનનો પર્યાય, તેમાં નિર્વિકલ્પ સત્તામાત્ર જ્ઞાનવસ્તુ હોવાની થાય છે ભ્રાંતિ...'** પરદ્રવ્યમાં હોવાની અજ્ઞાનીને ભ્રાંતિ થાય છે. બધી શૈલી એવી લીધી છે. આ તો થઈ ગયું છે. ... છે એ ઝીણી વાત છે. જે આ જ્ઞાન છે ને ? ઇ પરક્ષેત્રને જાણવાનો જે પર્યાય છે તેટલો હું છું એટલે પર્યાય જેટલો હું છું. અસંખ્ય પ્રદેશી વસ્તુ ભગવાન અસંખ્ય પ્રદેશ આત્મા છે. અસંખ્ય પ્રદેશમાં જ્ઞાન આખું વ્યાપક છે. હવે એમાં એક

સમયની અવસ્થામાં આ જે પર ક્ષેત્ર આકારવાળું છે, એનું પર્યાયમાં જાણવું થાય છે. એટલે એ પરક્ષેત્રનું જ્ઞાન માનીને એને કાઢવા માંગે છે. સ્વક્ષેત્રમાં રહેવા માટે. એથી એ પરક્ષેત્રની પર્યાય, જ્ઞાનની પર્યાય, એની ખરેખર તો સ્વક્ષેત્રમાં નાસ્તિ છે. 'વજુભાઈ' !

એક સમયનો જે જ્ઞાનનો પર્યાય, એમાં પરક્ષેત્રનું જ્ઞાન થાય એ તો પોતાનું જ્ઞાન છે. છતાં એ પરક્ષેત્રનું જ્ઞાન પર્યાયમાં થાય એને એ અશુદ્ધ માનીને, પરક્ષેત્રથી ભિન્ન મારું સ્વક્ષેત્ર છે એમ કરીને એ પરક્ષેત્રનો પર્યાય અજ્ઞાની નાશ કરવા માંગે છે. સમજાય છે કાંઈ ? અને સ્વક્ષેત્ર એકલું, પરથી ભિન્ન (છે) એને એ માનતો નથી. સ્વક્ષેત્રમાં રહેવા માટે, સ્વક્ષેત્રમાં રહેવા માટે પર્યાયમાં જે પરક્ષેત્રનો ખ્યાલ છે એનો અભાવ કરું તો સ્વક્ષેત્રમાં રહું, એમ નથી. પર્યાયમાં પરક્ષેત્રનું જ્ઞાન એક અંશમાં ક્ષેત્રમાં હોવા છતાં, એ રૂપે ત્રિકાળ ક્ષેત્ર નથી. સમજાણું કાંઈ ? ભારે ઝીણું.

પરક્ષેત્ર તો આત્મામાં છે જ નહિ. આ મોટા બગીચા ને બાગ ને હોય છે ને ? એટલે ન્યાં એને નજર ઠરી હોય છે. મોટા મોટા બાગ-બગીચા નથી હોતા ? ઓલો 'સુંદર ટોળિયા'નો છે ને ? એ હમણાં આ લોકોએ લઈ લીધું છે ને. ત્યાં બે વાર ગયા હતા ને ? પહેલાં ગયા હતા ત્યાં ... ત્યાં મોટા મોટા ઝાડ લાંબા નથી ? બગીચા. એમાંથી નીકળવું એને ઠીક પડતું નથી. કારણ કે પરક્ષેત્રાકાર વૃત્તિ થઈ ગઈ છે ને. ક્ષેત્રાકાર વૃત્તિ છે. પણ એ તો પરક્ષેત્રાકારવૃત્તિ એટલો આત્મા છે જ નહિ. એ પરક્ષેત્રરૂપે તો નથી પણ પરક્ષેત્રનું એક સમયની પર્યાયમાં જ્ઞાન થાય એટલો આત્મા નથી. આહા..હા...!

અહીં કહે છે, અજ્ઞાની... **'कोऊ सठ कहै जेतौ ज्ञेयरूप परवांन,'** જેટલું પરજ્ઞેય છે અથવા પરજ્ઞેયનું અહીં જ્ઞાન છે તેટલા પ્રમાણે **'तेतौ ग्यान तातैं कहूं अधिक न और है।'** એટલા પ્રમાણે આત્મા છે. એથી અધિક અને ઓછો છે નહિ. જૈનદર્શનનો ઝીણો વિષય છે. **'तिहूं काल परक्षेत्रव्यापी परनयौ मानै,'** અજ્ઞાની પોતાના જ્ઞાનમાં પરક્ષેત્ર સંબંધી પોતાનું જ્ઞાન (થાય છે તો) પરક્ષેત્રમાં જ પોતે ગયો હોય એમ માને છે અથવા એક સમયની પર્યાયમાં આખો ગયો છું (એમ માને છે). **'तिहूं काल परक्षेत्रव्यापी परनयौ मानै,'**

**'आपा न पिछानै ऐसी मिथ्याद्दग दौर है।।'** પણ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશ, અનંત ગુણનો ફાલ જેમાં ભર્યો છે, એવો અસંખ્ય પ્રદેશી એ સ્વક્ષેત્ર છે. ભારે ધર્મ ! આવી વાત ? ઇ કરતાં તો વ્રત પાળવા ને અપવાસ કરવા ને ભક્તિ કરવી, જાત્રા કરવી, થઈ ગયો ધર્મ. ધૂડેય ધર્મ નથી, સાંભળને હવે. એ તો બધા વિકલ્પો છે, એ તો બધા રાગ છે. આહા..હા...! એ રાગનું ક્ષેત્ર ખરેખર ભિન્ન છે. એ તો .. ઉપયોગ અધિકાર. સંવર (અધિકારમાં) આવે છે. ભાઈ ! રાગ, દયા,

દાન, વ્રત, ભક્તિ એ વિકલ્પ છે એનું ક્ષેત્ર જુદું છે. શેઠ ! આકરું કામ, ભાઈ ! આ તમારા બંગલાનું ક્ષેત્ર તો જુદું, પણ આ બંગલો મારો, એવો રાગ, એ રાગનું ક્ષેત્ર જુદું. આહા..હા..! એક સમયનો પર્યાયબુદ્ધિ છે. પરજ્ઞેયબુદ્ધિ થતાં એક સમયની પર્યાયબુદ્ધિ એની થઈ. એથી એને **'आपा न पिछानै'**. પોતે ભગવાન અસંખ્ય પ્રદેશી અનંત ગુણ સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એવા સ્વક્ષેત્ર ઉપર નજર એની જાતી નથી. કારણ કે એ બધું ક્ષેત્ર અવ્યક્ત છે અને એક સમયની પર્યાયમાં જ્ઞેયની આકૃતિનું જ્ઞાન તે વ્યક્ત પ્રગટ છે. એટલે પ્રગટ પર્યાયને એ માને છે. સમજાણું કાંઈ ? આવું ઝીણું છે, એય...! 'નિરંજન' ! ન્યાં 'અમેરિકા'માં હેરાન થયા, પાંચ વર્ષ હેરાન થયા. 'રામજીભાઈ'એ 'સુમનભાઈ'નું એમ કર્યું હતું, હોં ! ઇ 'અમેરિકા' ગયો હતો ને ? હેરાન કરવા જાય. શું કહેવાય બીજું ? કૂચે મરવા. કૂચે મરવા જાય છે. આહા..હા...! ભગવાનનું સ્વક્ષેત્ર તો પોતામાં છે. એ 'અમેરિકા'ના ક્ષેત્રનો જ્ઞાનમાં ખ્યાલ આવ્યો, એ પર્યાયમાં, એટલા પર્યાય જેટલો આત્મા નથી. પર જેટલો તો નથી, પરક્ષેત્ર તો એનામાં નથી, પણ એ સંબંધીનો જ્ઞાનનો એક સમયનો પર્યાય આકૃતિરૂપે પરિણમ્યો એટલો પણ આત્મા નથી. આહા..હા...! કહો, 'હીરાભાઈ' ! આવી વાત છે. **'आपा न पिछानै'** ક્યાંક આવ્યું હતું ને ? ભજનમાં આવ્યું હતું. આપા. 'શિખરચંદજી'. 'શિખરચંદજી' ભજન કરતાં ને ? **'आपा न पिछानै'**. પેલા 'શિખરચંદજી' જાડા નથી આવતા ?

**શ્રોતા :–** આપા નહિ જાના તૂને, કૈસા જ્ઞાનધારી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ. 'આપા ન પિછાને તો કૈસે જ્ઞાનધારી ?ક્ક

ભગવાન ! તારું ક્ષેત્ર... દ્રવ્યનું તો આવી ગયું. તારું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી. વીતરાગ સિવાય બીજે ક્યાંય હોય નહિ. અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર, એમાં જે દ્રવ્યરૂપ ભાવ એ સ્વક્ષેત્ર અને પર્યાયરૂપનું ક્ષેત્ર એ પરક્ષેત્ર. **'आपा न पिछानै ऐसी मिथ्यादृग दौर है।।'** અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જૈનમાં જન્મ્યા છતાં, જૈન સંપ્રદાયમાં રહ્યા છતાં એને ભાન નથી કે વ્યવહારના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ એનું ક્ષેત્ર જ ભિન્ન છે. એમાં સ્વ અસંખ્ય પ્રદેશી નિર્મળ ક્ષેત્ર એમાં આવતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? **'मिथ्यादृग दौर है'** મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. આમાં છે ને ? **'આ રીતે તેઓ સદૈવ જ્ઞાનને પરક્ષેત્ર વ્યાપી અને જ્ઞેય સાથે તન્મય માને છે. તેથી કહેવું જોઈએ કે તેઓ આત્માનું સ્વરૂપ સમજી શક્યા નથી.'** **'आपा न पिछानै'** **'મિથ્યાત્વની એવી જ ગતિ છે.'** વાસ્તવિક તો અહીંયા એ સિદ્ધ કરવું છે. વસ્તુ દ્રવ્ય ક્ષેત્ર, પોતાનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશી એકરૂપ, એની દૃષ્ટિ નથી અને એકલી પર્યાયમાં દૃષ્ટિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! સમજાય છે ?

પર્યાય છે .... પર્યાય પર્યાય તરીકે એ ક્ષેત્રમાં જાણે, મારો સ્વભાવ છે એમ જાણે. પણ એથી

હું પરરૂપ થઈ ગયો છું, એમ નથી. આકારવાળી ચીજ હોય છે ને ? જુઓને ! ત્રિકોણી, ચૌકોણી, ગોળ, લંબગોળ એવા અનેક પ્રકાર દેખીને... એ આકાર તો પર છે, પણ એ આકારનું અહીં જ્ઞાન થાય છે પોતાથી, છતાં એટલા જ પર્યાયરૂપે હું જ્ઞેયરૂપે છું, પરક્ષેત્રરૂપે છું અને પરક્ષેત્રથી પોતાની પર્યાયમાં થતું પોતાથી જ્ઞાન એક સમયની પર્યાય એટલો જ છું, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ?

**'जैनमती कहै जीव सत्ता परवांन ग्यान,'** જીવ તો પોતાના જ્ઞાનની સત્તા પ્રમાણે જ છે. પરની સત્તા પ્રમાણે નથી. આહા..હા...! **'जैनमती कहै जीव सत्ता परवांन ग्यान,'** જીવની સત્તા પ્રમાણે જ્ઞાન છે. **'ज्ञेयसौं अव्यापक'** ખરેખર પરક્ષેત્રથી તે અવ્યાપક છે. એમાં પરક્ષેત્રમાં એણે પ્રવેશ કર્યો નથી. એ તો ઠીક, પણ એની જે એક સમયની પર્યાય છે, પરક્ષેત્રને જાણવાની સ્વતઃ (જે થાય છે), એમાં પણ દ્રવ્યે પ્રવેશ કર્યો નથી. 'હીરાલાલજી' ! લ્યો, આ તમારા છ લાખના મકાનમાં પ્રવેશ કર્યો નથી, એમ કહે છે. શેઠ ! અને એ ક્ષેત્રનું અહીંયા જ્ઞાન થાય, એ જ્ઞાનની પર્યાય પણ પરક્ષેત્રને લઈને (થઈ નથી) અને પરક્ષેત્રમાં ગઈ નથી અને પરક્ષેત્રની જે જ્ઞાનપર્યાય થઈ એટલાંમાં આખું સ્વક્ષેત્ર આવતું નથી. આહા..હા...!

આત્મા સ્વક્ષેત્રપણે હોવાપણે છે. એમાં બે પ્રકાર. એક તો પર્યાયમાં પરક્ષેત્રનું જ્ઞાન હોવા છતાં પરક્ષેત્રપણે થયો નથી, સ્વક્ષેત્રપણે રહ્યો છે; અને પર્યાયમાં સ્વક્ષેત્રનું જે જ્ઞાન પોતાથી થયું એને પણ પરક્ષેત્ર ગણીને એમાં સ્વક્ષેત્ર આવતું નથી. આહા..હા...! **'ज्ञेयसौं अव्यापक जगत सिरमौर है।'** આહા..હા...! ઘટ પટ આદિ જ્ઞેયથી તન્મય થતો નથી. એ તો **'જ્ઞાન આત્મસત્તા બરાબર છે, જ્ઞાન જગતનો ચૂડામણિ છે,...'** ભગવાન આત્મા ચૂડામણિ મુગટ છે. ત્રણકાળ, ત્રણલોકના પદાર્થના ક્ષેત્રને પર્યાયમાં જાણવા છતાં પરરૂપે થયો નથી અને પરના ક્ષેત્રનું જ્ઞાન એક સમયમાં આવ્યું તે રૂપે પણ દ્રવ્ય થયું નથી.

**'જ્ઞાનની પ્રભામાં જોકે અનેક જ્ઞેય પ્રતિબિંબિત થાય છે...'** આ જ્ઞાનની પર્યામાં જ્ઞેયાકાર ક્ષેત્ર જે છે એનું પ્રતિબિંબ એટલે એની પર્યાયમાં તે સંબંધીનું જ્ઞાન હોય છે. સમજાય છે કાંઈ ? **'તોપણ બન્નેની સત્તાભૂમિ જુદી જુદી છે.'** પરક્ષેત્ર ભિન્ન અને ભગવાન આત્માની પર્યાયનું ક્ષેત્ર ભિન્ન અને દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન. આહા..હા...! જુઓ, આ સ્યાદ્વાદ ! વસ્તુનું સ્વરૂપ એવું છે. એ સાતમો ભંગ થયો. આઠમો.

**'આઠમા પક્ષનું સ્પરષ્ટીકરણ અને ખંડન.'** આમાં સ્વક્ષેત્રથી છે એટલું સિદ્ધ કર્યું. હવે આમાં પરક્ષેત્રથઈ નથી એ ભંગ સિદ્ધ કરે છે. એ સામાવાળાએ પરક્ષેત્રથી એ એમ સિદ્ધ કર્યું એનું ખંડન કર્યું. એટલે સ્વક્ષેત્રમાં છે એમ સિદ્ધ કર્યું. હવે આમાં અજ્ઞાની કહે છે કે પરક્ષેત્રથી છે. ત્યારે જ્ઞાની

કહે છે, પરક્ષેત્રથી નથી. એ નાસ્તિભંગ સિદ્ધ કરવો છે, પણ સામાની દલીલ લઈને. આવી ધર્મની વાતું. હવે આમાં ક્યાં.. એ.. 'મૂળચંદભાઈ' !

**શ્રોતા :–** મગજને કેળવવું પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મગજને અંદર કેળવવું પડે.

ચૈતન્યસત્તાની હોવાપણાની સ્થિતિ કેટલા ક્ષેત્રમાં છે ? ઇ પરક્ષેત્રમાં નથી અને પરક્ષેત્રથી નથી. **'कोऊ सुंनवादी कहै ज्ञेयके विनास होत,'** કહે છે કે જે આકાર ક્ષેત્ર છે ને ? એ ક્ષેત્રના બદલવાથી એ ક્ષેત્ર સંબંધીનું જે આ જ્ઞાન છે એ પણ નાશ થઈ જાય છે. માટે પરક્ષેત્રને લઈને અહીં જ્ઞેયાકારનું જ્ઞાન હતું. જાડી બુદ્ધિ હોય... આવો ધર્મ... એ.. 'જુગરાજજી' ! કેવો માર્ગ છે આ ? આમાં તો કાંઈ સાંભળ્યું ન હોય એને તો એમ લાગે કે આ શું કહે છે ? આહા..હા..!

કોઈ શૂન્યવાદી કહે છે, પરક્ષેત્રથી હું છું, એમ માનનારો શૂન્યવાદી છે. સમજાણું કાંઈ ? **'कोऊ सुंनवादी कहै ज्ञेयके विनास होत,'** આકારો જ્ઞાનમાં દેખાય છે એ આકારો જ્યાં પલટે છે, એ આકારો સંબંધીનું પોતાનું જ્ઞાન પણ એ વખતે પલટી જાય છે. એટલે જ્ઞેય પરક્ષેત્રને આકારે થયેલું જ્ઞાન, પરક્ષેત્રને લઈને હતું, એમ એ કહે છે, એમ નથી. પેલા કહે, સાર.. સાર.. દયા પાળવી એ ધર્મ છે ને ! અરે...! સાંભળને હવે. તારી દયા કોને કહેવી એની ખબર ન મળે. પરની દયા પાળવાનો ભાવ તો શુભરાગ છે. સમજાણું કાંઈ ? એ કાંઈ ધર્મ-બર્મ નથી. આહા..હા..!

અહીં તો ભગવાન આત્મા અખંડાનંદ કંદ જે સ્વક્ષેત્રમાં છે, એની દયા પાળવી એટલે છે એવો માનવો. સમજાણું કાંઈ ? પણ છે એવો ન માનતાં, પરક્ષેત્રને લઈને છું એમ માનનાર, એ પોતાના સ્વક્ષેત્રની અસ્તિનો નાશ કરે છે, એ હિંસા કરે છે. 'અમરચંદભાઈ' ! જે પોતે ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશના સ્વક્ષેત્રમાં છે, એમ ન માનતા પરક્ષેત્રને લઈને હું છું, (એ) શૂન્યવાદી છે, કહે છે. નાસ્તિક છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'ग्यानको विनास होइ कहौ कैसे जीजिये।'** જે પર ક્ષેત્ર છે એ આકારે જ્ઞાન પોતાની પર્યાયમાં પરિણમે છે. જ્યાં એ ક્ષેત્ર બદલ્યું તો આ પણ બદલી જાય છે. એટલે આમાં મારું જીવતર રહેવું શી રીતે ? પરને લઈને જીવતર છે, મારે લઈને છે નહિ. કહો, આમાં પરને જીવાડી શકે છે ? જીવો અને જીવવા દ્યો. આવે છે ને ? મહાવીરનો સંદેશ–જીવો અને જીવવા દ્યો. ભગવાનનો સંદેશ એ છે જ નહિ. જ્યાંના ત્યાંના ઊંધા મારે. ઝાઝા માણસ ભેગા થઈને બોલે, મહાવીરનો સંદેશ–જીવો અને જીવવા દ્યો. જીવો એટલે આત્માને શરીરના આયુષ્યથી જીવાડી શકાય છે ? આ જીવાડી શકાય છે.

પરક્ષેત્રથી નથી અને સ્વ ક્ષેત્રે છું, એવું જે સ્વક્ષેત્રનું જીવન એનાથી જીવી શકે છે. આ

'जीजिये' કહ્યું ને ? 'कैसे जीजिये' કેમ જીવતર રાખવું એમ છે ને ? 'जीजिये' છે ને અર્થમાં ? છે. જિનાનો અર્થ એ કર્યો છે ને ? **'કેવી રીતે જીવન રહી શકે ?' 'એવી દશામાં કેવી રીતે જીવન રહી શકે ?'** બહુ ઝીણી વાત છે. કહે છે, ભગવાન આત્માનું હોવાપણું અસંખ્ય પ્રદેશની સ્વસત્તામાં છે અને એ એમ ન માનતાં પરક્ષેત્રની હયાતીને લઈને મારી હયાતી છે, તો પરક્ષેત્ર જ્યાં બદલાય ત્યાં હું બદલી જાઉં, હવે મારે જીવવું શી રીતે ? આહા..હા...! માટે પરક્ષેત્રથી ભિન્ન પડી, પર્યાયથી જુદો પડી પર્યાયનું ક્ષેત્ર કાઢી નાખું. પર્યાયનું ક્ષેત્ર કાઢી નાખતા પર્યાય વઈ જશે. સમજાણું કાંઈ ?

આવા બોલ માણસને બેસે નહિ ને બાઈયું, આદમી બિચારા હાંકે રાખે ગાડા. સામાયિક કરો ને પોષા કરો ને... એ.. '...' ! પછી આ બધું ચડાવી દે. પોષા ને પડિકમણા ને... એક ફેરી કહેતો, પેલો 'ચૂડા'નો હતો ને ? ભાઈ ! કોણ ? પંડિત કોણ ? બીજો એક કોઈક નહોતો ? હોંશિયાર હતો. 'ચૂડા'વાળો નહિ બીજો એક ? જાણપણાવાળો છે. 'રતિલાલ માસ્તર.' (સંવત) ૧૯૯૯મા સાંભળ્યું. કહે, મહારાજનું સાંભળીને માનીએ તો અપાસરા બંધ કરવા પડે. તે દિ' પહેલાં (સંવત) ૧૯૯૯મા આવતા. આપણે ત્યાં દરબાર ગઢમાં ઉતર્યા હતા ને ? તે દિ' આવતા. આ વાત ક્યાં બિચારાએ સાંભળી ન હોય જિંદગીમાં. વીતરાગ પરમાત્માએ શું કહ્યું અને કેવી હોવાપણે એની જીવની સત્તા છે, એવી સત્તાનું એણે સાંભળ્યું નથી. આહા..હા...! આ તો પરની દયા પાળી શકું. એટલે પરક્ષેત્રમાં જઈ શકું, પરદ્રવ્યમાં જઈ શકું. મૂઢ છો ? 'મૂળચંદભાઈ' ! ભારે આકરું આવું.

**શ્રોતા :–** અહિંસા પરમો ધર્મ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહિંસા પરમો ધર્મ, એ તો હિંસા ધર્મ છે. પરને બચાવી શકું અને પરને બચાવવાનો ભાવ રાગ, એ (રાગ) મારો એ તો આત્માની હિંસા છે. એનું જીવન જ્ઞાનજ્યોતિપણે છે. એને ઠેકાણે રાગને લઈને જીવ બચશે, મારો કે એનો (એ માન્યતા મૂઢ છે). સમજાણું કાંઈ ? માર્ગ તો એવો આકરો છે કે અત્યારે બધાને માખણ ચોપડીને ઊભા રહેવું એવો માર્ગ નથી આ. બધાને ખુશી રાખવા. જેની પાસે જાય એને જય નારાયણ ! ચોખા મૂકીને (કહે), તમે પણ સારા ને તમે પણ સારા. જાઓ !

**શ્રોતા :–** આપણે દુનિયામાં કોઈને ખરાબ શું કામ કહેવા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખરાબ તો પર્યાયમાં, વસ્તુમાં ખરાબ નથી. પણ પર્યાયમાં ખરાબ ન હોય તો આ દુઃખ ને સંસાર કોનો ? સમજાય છે કાંઈ ? સંસાર કોઈ પરનો નથી. એની માન્યતામાં પડ્યો છે એ સંસાર છે. આહા..હા...! બહુ કામ... વીતરાગ પરમેશ્વરે કહેલું તત્ત્વ અત્યારે આખું બધું જાણે આમ ડૂબાઈ ગયું. 'દેવીલાલજી' !

અહીં તો કહે છે, **'कैसे जीजिये। तातैं जीवतव्यताकी थिरता निमित्त सब, ज्ञेयाकार परिनामनिकौ**

**नास कीजिये।।'** જ્ઞાનમાં પરક્ષેત્રનો જે ખ્યાલ આવે છે એનો અભાવ કરીએ. અભાવ કરીએ તો અમે સ્વક્ષેત્રમાં રહીએ. એ તો પર્યાય છે. આહા..હા...! સમજાણું ? અરીસામાં.. અરીસો.. અરીસો.. પરક્ષેત્ર જણાય ઇ પરક્ષેત્ર નથી. ખરેખર પોતાની પર્યાયમાં પરક્ષેત્રનું જ્ઞાન છે. હવે એમ કહે છે કે અર..ર.ર..! આ તો પરક્ષેત્રનું જ્ઞાન થયું, પણ ઇ તારી પર્યાયનો ભાવ છે. હવે અમારે જીવવું શી રીતે ? પર્યાયમાં પરક્ષેત્રનું જ્ઞાન કાઢી નાખીએ તો અમે જીવીએ. મરી જઈશ, જીવશે ક્યાંથી ? સમજાણું કાંઈ ?

**'तातैं जीवतव्यताकी थिरता निमित्त सब'** જો પોતાને પોતાના ક્ષેત્રથી જીવવું હોય તો **'ज्ञेयाकार परिनामनिकौ नास कीजिये'** પરજ્ઞેયાકારે જે જ્ઞાન પરિણમે એને કાઢી નાખીએ. શું કાઢી નાખે ? એ તો જ્ઞાનનો પર્યાય છે. પર્યાયને કાઢી નાખીએ તો દ્રવ્ય પણ રહેશે નહિ. કહો, સમજાણું ? ઝીણી વાત છે ને. સ્યાદ્વાદનો અધિકાર.

**'सत्यवादी कहै भैया हूजे नांहि खेद खिन्न'** ધર્મી સમકિતી જૈન એમ કહે છે કે હે ભૈયા ! **'हूजे नांहि खेद खिन्न, ज्ञेयसौं विरचि ग्यान भिन्नमानि लीजिये।'** આ..હા..! એ જ્ઞેય આકારે જ્ઞાન થાય તો જ્ઞેયથી પણ ભિન્ન છે અને ખરેખર તો જ્ઞેયાકારે જ્ઞાન થયું એનાથી પણ ત્રિકાળી જ્ઞાન ભિન્ન છે. સમજાણું કાંઈ ? આહા..! કહો, 'વજુભાઈ' ! આવું ઝીણું છે આ. નવા માણસને તો એમ લાગે, આવો જૈનધર્મ હશે ? જૈનધર્મ તો વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા જાવી સમ્મેદશીખરની, શેત્રુંજયની. અરે..! ભાઈ ! એ તો બધી વિકલ્પની વૃત્તિઓ હો, પણ એ કંઈ વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? ઘણા એમ કહે ને, એવા ક્ષેત્રમાં જઈએ તો વાતાવરણ એવું દેખાય, શાંતિ ઊપજી જાય. ધૂડેય નથી, સાંભળને ! અહીં ક્ષેત્રથી થાય છે ? 'સોનગઢ'નું ક્ષેત્ર જુદું, આત્માનું ક્ષેત્ર જુદું. અરે..! 'સોનગઢ'નું ક્ષેત્ર તો ઠીક, પણ એ સંબંધી જ્ઞાનમાં આવ્યું કે સોનગઢ આવું છે ને પ્રતિમા આવી છે ને 'સીમંધર' ભગવાન આવા છે, એવું જે જ્ઞાનરૂપે પરિણમન થયું એ પણ એક સમયનું ક્ષેત્ર છે, એ ત્રિકાળી ક્ષેત્ર નથી. એ પર્યાયનું ક્ષેત્ર એ કાંઈ વસ્તુ છે ? સમજાણું કાંઈ ?

**'सत्यवादी कहै भैया हूजे नांहि खेद खिन्न'** તારી પર્યાયમાં પરક્ષેત્ર સંબંધી જ્ઞાન થાય છે, ખેદ ન કર, ખેદ ન કર. એ તો જ્ઞાનસ્વભાવમાં રહેલો આત્મા છે એમાં એ ક્ષેત્રનું જ્ઞાન થાય છે. આહા..હા..! **'ज्ञेयसौं विरचि ग्यान भिन्नमानि लीजिये।'** એ જ્ઞેય આકારને જુદાં પાડી, **'विरचि'** એટલે છૂટા પાડી, **'ग्यान भिन्नमानि लीजिये'** ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ તો એ ક્ષેત્રથી ભિન્ન છે. આ..હા..! આણે તો બહુ લીધું છે, પર્યાયનું ક્ષેત્ર જ ભિન્ન છે. સમજાણું કાંઈ ? ઇ પર્યાયનું ક્ષેત્ર એ જ પરક્ષેત્ર છે. સમજાણું કાંઈ ? આહા..હા...! જ્ઞેયાકાર પોતાની પર્યાયમાં થતો આકાર એ જ્ઞાન, એટલું ઇ ક્યાં

તત્ત્વ છે ? એ તો પર્યાયબુદ્ધિવાળો માને છે, મિથ્યાદૃષ્ટિ છે. એકાંત માને તો, હોં ! ત્રિકાળી દ્રવ્ય સહિત પર્યાયને માને તો પર્યાયમાં છે એ બરાબર છે. એ તો એનું જ્ઞાન છે. 'ज्ञेयसौं विरचि ग्यान भिन्नमानि लीजिये।' **'તમે વ્યાકુળ ન થાવ, જ્ઞેયથી ઉદાસીન થઈને જ્ઞાનને તેનાથી ભિન્ન માનો,...'**

**'ग्यानकी सकती साधि अनुभौ दसा अराधि,'** ભાઈ ! જુઓ ! અહીં શું કહે છે ? જ્ઞાનની શક્તિ જે પરક્ષેત્રથી ભિન્ન છે, સ્વક્ષેત્રની શક્તિ છે તેનું આરાધન કર. આહા..હા...! સમજાણું કાંઈ ? જ્ઞાનનું સ્વક્ષેત્ર જે છે, એને **'ग्यानकी सकती साधि अनुभौ दसा अराधि,'** ભગવાન આત્મા જ્ઞાનસત્તામાં પૂર્ણ છે એવી દૃષ્ટિ કરીને એને અનુસરીને અનુભવ કર. આનંદનો અનુભવ કરવો એ ધર્મ છે. આહા..હા..! વળી કહે કે અનુભૂતિથી ભિન્ન. 'દેવીલાલજી' ! તમે પ્રશ્ન કર્યો હતો ને ? અનુભૂતિથી ભિન્ન, અનુભૂતિથી ભન્ન, સાંભળને ! એ તો પર્યાય છે. ત્રિકાળ સત્‌નો આખો પોટલો, એકલો ત્રિકાળ એકરૂપ સત્‌.. સત્‌.. સત્‌.. સત્‌.. એ વસ્તુ તો પરિણમનની પર્યાયથી ભિન્ન છે. આહા..હા...! એક સમયની પર્યાયની સત્તાથી ત્રિકાળની સત્તા છે ? આ તો ભઈ જેને આત્માનું આરાધન કરવું હોય એની વાત છે. આ તો વીતરાગમાર્ગ એવો છે.

ભગવાન આત્મા જ્ઞાનભાવ.. અહીં ક્ષેત્રની વાત છે. **'ग्यानकी सकती साधि'** પોતાની શક્તિ ક્ષેત્રમાં છે તેટલી. **'अनुभौ दसा अराधि'** જ્યારે વસ્તુ ક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશમાં આત્મા એકરૂપ છે, એની દૃષ્ટિ કરતાં જ્ઞાનનો અને શાંતિનો અનુભવ થાય, એનું નામ અનુભવદશા આરાધી એમ કહેવામાં આવે છે. **'करमकौं त्यागिकैं'** એ પરજ્ઞેયાકાર ભાવને છોડીને અથવા પરક્ષેત્રના કાર્યને છોડીને. **'કર્મબંધનથી મુક્ત થઈને પરમાનંદમય અમૃતરસનું પાન કરો.'** **'परम रस पीजिये'** આહા..હા...! આત્મા નિર્વિકલ્પરસથી સ્વક્ષેત્રથી ભરેલો છે. એના સ્વક્ષેત્રમાં તો આનંદનો પાક છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એના અસંખ્ય પ્રદેશમાં સ્વક્ષેત્રમાં અસ્તિપણાનો સ્વીકાર થતાં એને અનુભવનો આનંદનો રસ આવે. પરક્ષેત્ર તો કાઢી નાખો પણ પરક્ષેત્ર સંબંધી પોતાની પર્યાય, એ દૃષ્ટિ છોડી દે, એમ કહે છે. સમજાણું કાંઈ ? વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. વીતરાગ... સમજાણું કાંઈ ?

એવો ભગવાન આત્મા પોતાના સ્વ અવગાહનમાં વ્યાપેલું તત્ત્વ, પરને અવગાહતું નથી. પરમાં ક્ષેત્રથી પ્રવેશ કરતું નથી. દ્રવ્યથી કરતું નથી, આ ક્ષેત્રથી કરતું નથી. એમ દષ્ટ કિરીને પોતાના સ્વક્ષેત્રની ત્રિકાળ શક્તિનું આરાધન કર તો અનુભવનું આરાધન (થશે). આહા..હા...! ત્યારે એને સમ્યગ્દર્શન થતાં આનંદનો સ્વાદ આવે. ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહા..હા...!

પર્યાય ભિન્ન છે ને એટલે કહ્યું ને કે દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. અલિંગગ્રહણનો વીસમો

બોલ. પર્યાયનો અનુભવ એ દ્રવ્યને સ્પર્શે તો દ્રવ્ય અને પર્યાય એક થઈ જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પ્રત્યભિજ્ઞાનનું કારણ એવો જે અર્થાવબોધ સામાન્ય તેને નહિ સ્પર્શતો એવો જે આત્મપર્યાય તે આત્મા છે. એમ છે વીસમો બોલ. અલિંગગ્રહણ. વીતરાગમાર્ગ અલૌકિક અચિંત્ય છે. એના જ્ઞાનમાં પણ આ ચીજ કેમ છે એમ ન આવે તો અંદર રુચિ ક્યાંથી થાય ? અને રુચિ વિના સ્થિરતા તો થાય જ નહિ. આહા..!

**'करमकौं त्यागिकैं परम रस पीजिये'** અર્થાત્ એ પરક્ષેત્રરૂપી કાર્ય, તેને છોડી સ્વક્ષેત્રના અંદરમાં અનુભવમાં આવી જા. પેલું છૂટીને તને આનંદ થશે, એમ કહે છે. બે ભંગ થયા. **'નવમા પક્ષનું સ્પષ્ટીકરણ અને ખંડન.'** હવે આ ત્રીજો બોલ શું છે ? આત્મા સ્વકાળે પોતાથી છે, પરના કાળથી નથી. અહીં તો સ્વકાળ એક સમયની પર્યાય છે ને અને પરની પર્યાય એક સમયની છે, રાગની કે શરીરની, ઇ પરકાળ છે અને આત્માની સમ્યગ્જ્ઞાન આદિની વર્તમાન અવસ્થા એ સ્વકાળે છે. તો સ્વકાળે આત્મા અસ્તિ છે અને પરકાળે નાસ્તિ છે. સમજાણું કાંઈ ? એથી આગળ જતાં સ્વકાળની એક સમયની પર્યાયથી જીવ નાસ્તિ છે અને ત્રિકાળની અસ્તિપણે સ્વકાળે અસ્તિ છે. યાદ રહેવું કઠણ પડે એમાં હવે આવો ધર્મ. ધર્મ તો એવો છે.

અપૂર્વ કોને કહે ? એક સમય પણ કોઈ દિ', અનંત કાળમાં પંચ મહાવ્રત પાળ્યા, મુનિ દિગંબર થયો પણ એક સમય પણ ધર્મ એણે કર્યો નથી. આહા..હા...! એક સમય પણ ધર્મ થાય (તો) સંસારનો નાશ થયા વિના રહે નહિ. એ ધર્મ કેવો હોય ? ભાઈ ! એ કંઈ દયા, દાનના વિકલ્પ એ ધર્મ ? એક સમયની પર્યાયમાં, એક સમયનો પર્યાય એને માનવો એ ધર્મ નથી. આહા..હા...! એ નિશ્ચયથી અનાત્મા છે. એક સમયનો પર્યાય છે એ વ્યવહાર આત્મા છે અને વ્યવહાર આત્મા એટલે નિશ્ચયથી અનાત્મા છે. ગજબની વાતું છે આ. આ તો પરમેશ્વરને પહોંચવાની વાતું છે.

**'નવમા પક્ષનું સ્પષ્ટકીરણ અને ખંડન.'** નવમો કળશ બોલાઈ ગયો હતો ? નથી બોલાણો.

**स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात**

**तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन्।।**

**स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां**

**त्यक्तार्थोऽपि न तुच्छतामभुवत्याकारकर्षी परान्।।९।।**

પરના આકાર છોડતો છતાં જ્ઞાનની પર્યાયમાં જે આકાર છે એને એ છોડતો નથી. સમજાણું કાંઈ ? આ દસમો.

स्पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्

सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः।

अस्तित्वं निजकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुनः

पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि।।१०।।

નાશ થવા છતાં. પરવસ્તુના સ્વકાળને અવલંબન કહ્યું છે, પરવસ્તુનો. પરવસ્તુનો સ્વકાળ છે ને ? એનું અહીં અવલંબન જ્ઞાનમાં જાણ્યું. છતાં એ પરવસ્તુ નાશ થતાં પણ મારી પર્યાય મારાથી છે એમ માનનાર નાશ થતો નથી. પરનો કાળ બદલાતા હું પણ ભેગો એને લઈને બદલાઈ ગયો (એમ નથી). આહા..હા...! સમય બદલાય છે ત્યારે બધું બદલાય છે ત્યારે, એવું આવે છે ને ? બધું બદલાય છે ત્યારે. બધું બદલાઈ જાય. ઇ માણસ નહિ. પૈસા જાય, આબરૂ જાય, શરીરમાં રોગ થાય, બાયડી મરી જાય, દીકરી રાંડે, દીકરો મરે, મકાન બળે, વિમાવાળો ભાંગે.

**શ્રોતા :–** એવું ગોઠવ્યું છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગોઠવ્યું અનાદિથી. દીકરાની વહુ મરે ત્યાં સુધી વાંધો નહિ, બીજી લાવે. પણ દીકરો મરે અને દીકરી રાંડે, દીકરી મરે તો વાંધો નહિ, આ તો રાંડે, એને રોકવી. આહા..હા...!

ક્યાંય નથી .. સાંભળને. પરથી એમાં તારે શું છે ? ઇ પરના અવલંબન કાળમાં સુખી માનતો અને એ જ્યાં ગયું ત્યાં .. હાય.. હાય...! અમે બદલાઈ ગયા, દુઃખી થઈ ગયા. મૂઢ છો. આહા..હા...! તારા સ્વકાળની પર્યાયમાં જે જાણવાની અવસ્થા હતી, પરના કાળને જાણી. એ બદલતાં તારી અવસ્થા બદલી એ તો તારા પોતાના પરિણમવાના કારણે બદલી છે. એ જ્ઞેય બદલ્યા માટે તારી અવસ્થા બદલી ગઈ છે (એમ નથી). આહા..હા...!

**कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड,...** મૂળ આ કાળમાં લીધું છે. વસ્તુ તો ચૌદ સિદ્ધ કરી છે. છે ને ઇ આવી ગયા. ક્ષેત્રમાં ગયું. આ પરાલંબન કાળે એમાં અંદર આવી ગયું.

**कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड,**

**जब देह नसैगी तबही जीव मरैगौ।**

**छायाकौसौ छल किधौं मायाकौसौ परपंच,**

**कायामैं समाइ फिरि कायाकौ न धरैगौ।।**

આ વૃક્ષ હોય ત્યાં સુધી છાયા. વૃક્ષ જાય એટલે છાયા (જતી રહે). એમ દેહ હોય ત્યાં સુધી આત્મા. દેહનો કાળ હોય ત્યાં સુધી આત્મા, એમ. એનો અર્થ જ ઇ થયો. કાળનો.

**धरामैं धाई, आपमैं मगन ह्वैकै आप सुद्ध करैगौ।** મૂળ તો એ જ વસ્તુ છે.?

**'कोऊ क्रूर कहै काया जीव दोऊ एक पिंड,'** શરીરની અવસ્થા તે જ જીવની અવસ્થા. અરે..! હું ઘરડો થઈ ગયો, હું જુવાન થઈ ગયો, હું બાળક છું. એ તો શરીરની અવસ્થા છે, એ તારી અવસ્થા ક્યાં આવી ? હું રોગ અવસ્થાવાળો છું, નિરોગ અવસ્થાવાળો છું, એ બધી અવસ્થા કાળને સૂચવે છે. પરકાળને લઈને હું છું. શરીર મજબૂત કાળે હોય ત્યારે મારે પુરુષાર્થની ઉગ્રતા હોય. શરીર નબળું પડે તો થઈ રહ્યું. એ દાખલો આવ્યો છે. .... પરદેશી રાજાનો દાખલો આપ્યો છે. મહારાજ ! શરીર અને આત્મા એક છે. કેમ ? કે શરીર જીર્ણ થાય તો આત્મા કાંઈ કામ કરી શકતો નથી.

શરીર હતું તો આત્માનું કામ ચાલતું. શરીર તે જ આત્મા છે. એમ પ્રશ્ન ચાલ્યો છે. પરદેશી રાજા. ત્યાં ચાલ્યું હતું ને ? (સંવત) ૧૯૮૯. એનો ઉત્તર આપ્યો છે. ભાઈ ! શરીર વીસ વર્ષનું નિરોગી હોય. પણ કાવડ જો કાચી હોય, કાવડ સમજ્યા ? ઉપાડવાની. આ પાણી... વાંસડો. વાંસમાં એક બાજુ પાણીના દેગડા મૂકે અને ઉપાડીને ચાલે. કાવડ. 'શ્રવણ' એના મા-બાપને જાત્રા કરાવી છે ને ? આંધળા હતા. એકમાં અહીં બેસાડ્યા. કાવડ કાચી હોય તો એનું કાવડથી કામ ન થાય. એથી કરીને આત્મા અંદર કાચો છે એમ છે નહિ. જીર્ણ થઈ ગયું. હાથમાં આમ પકડી શકે નહિ ને આમ થઈ જાય. એલો એક મોટો અલમસ્ત નહોતો ? શું કહેવાય ? ઝેંડો. બે મોટર આમ ચાલતી હોય તો હાથ રાખીને ઊભી રાખે. હાથ તૂટે નહિ અને મોટર ઊભી રહે. ગામો.. ગામો. આવ્યું છે, છાપામાં આવ્યું છે. છેવટે એવો રોગ થયો.. આમ બેઠો છે. આમ માખી (બેઠી હોય). આહા..હા..! એ તો જડની અવસ્થા છે. એથી આત્માની અવસ્થાને શું વાંધો આવ્યો ? સમજાય છે ? પણ અજ્ઞાની એમ માને.. આહા..હા..! શરીરની અવસ્થા બદલી માટે હું પણ બદલાઈ ગયો. આ એમ માને છે, શરીર સારું હોય તો ધર્મ સારો થાય. એમ માનનારા શરીરને જ આત્મા માને છે.

**શ્રોતા :–** કાન સરખા ન હોય તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ન સંભળાય એમાં શું થયું ? એને એના ધર્મમાં કોણ રોકે છે ? 'શરીર આદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્.' આવે છે, 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં. ધર્મનું સાધન છે. ધૂડેય નથી, સાંભળને ! શરીર વૃદ્ધ હોય કે યુવાન હોય કે બાળક હોય, એની સાથે આત્માને શું સંબંધ છે ? પણ એનામાં જોર હોય તો મને જોર રહે, એમ માનનારા શરીરને જ આત્મા માને છે. સારી ઇન્દ્રિયો હોય તો દયા પળે, આંખ સારી હોય તો દયા પળે, જોવાય આ જીવ છે કે નહિ. નાક સારું હોય તો ગંધ મારે છે કે નહિ એમ જોવાય. સડી ગયું છે કે નહિ, રસના સ્વાદમાં ફેર પડ્યો કે નહિ, એ જીભે

ચખાય. પાંચ ઇન્દ્રિયો સરખી ન હોય તો આત્મા શી રીતે દયા પાળી શકે ? ઇ હમણાં જ આવ્યું છે, હોં ! કોઠાઇમાં નાખ્યું છે. .... શરીર સારું હોય તો એની સાથે ધર્મનો સંબંધ છે. આજે જ હમણાં આવ્યું છે. 'જૈન સંદેશ'માં. ... કર્મનું રમકડું જીવ છે, એમ કહેતા હતા. પછી અહીં આવ્યા. કર્મનું રમકડું છે ? કર્મ તો જડ છે. જડ આત્માને વિકાર કરાવે ? એમ શરીર સારું હોય તો શરીર સાથે ધર્મનો સંબંધ છે. ધૂડેય નથી, સાંભળને ! સંબંધ માનનારા શરીરને જ આત્મા માને છે. આહા..હા...! વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

ભગવાન આનંદનો નાથ છે તેના પર નજર ન કરતાં શરીર ઉપર નજર કરીને ત્યાં રોકાય તે દુઃખી છે. શરીર મારું છે એવી મમતા કરે તે દુઃખી છે–તેમ જાણીને જ્ઞાની શરીરનો પ્રેમ છોડે છે. ભગવાન તારે સુખી થવું હોય તો શરીરની મમતા છોડ. ભગવાન કહે છે કે તું નિજ સત્તાએ પૂર્ણ છો. ભગવાન તને કેવો જોવે છે ?–કે તારી સત્તા વડે પરિપૂર્ણ દેખે છે. ભગવાન કહે છે કે તું વીતરાગ પરમાનંદ સુખ સ્વરૂપ છો ને શરીર દુઃખરૂપ છે માટે શરીરની મમતા છોડ ને નિજ શુદ્ધાત્માનું સેવન કર.

(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૦૨)

❁

પર્યાયમાં જે રાગાદિ થાય છે એ તારા ત્રિકાળી સ્વરૂપમાં નથી ને તારું ત્રિકાળી સ્વરૂપ તેમાં નથી તથા તેનાથી તારું ત્રિકાળી સ્વરૂપ પ્રાપ્ત થતું નથી. તેથી વસ્તુસ્વભાવની પ્રાપ્તિ માટે તે તારા નથી, તે પુદ્ગલના છે. પુણ્ય-પાપના ભાવ છે એ તારા અજ્ઞાનભાવે તારી પર્યાયમા ઉત્પન્ન થયેલાં છે પણ એ દુઃખનાં કારણ છે, તેથી હવે વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ અર્થે તેનાથી વિરમ ! હઠ ન કર ને તેનાથી વિરક્ત થા !

(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૦૩)

❁

**શ્રી સમયસાર, ગાથા–૧**
**પ્રવચન નં. ૫, તા.૨-૮-૧૯૬૬**
**[૧૬]**

('સમયસાર') એમાં જીવ-અજીવ અધિકાર. જીવ અધિકાર ઉપાડતાં 'કુંદકુંદાચાર્ય' પહેલી ગાથામાં મંગલિકપૂર્વક પ્રતિજ્ઞા કરે છે. ગાથા સૂત્રનો અવતાર કરતાં (મંગલિક કરે છે).

**'હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથની શરૂઆત આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે :–'** મંગળિક કરીને હું સમયસાર કહીશ, એમ પ્રતિજ્ઞા કરે છે.

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી-ભાષિત આ સમયપ્રાભૃત અહો ! ૧.**

જ્યારે ગાથાના પરમાણુરૂપે પરિણમવાનો એનો કાળ હતો ત્યારે એ શબ્દની ધ્વનિ અંદર વિકલ્પ આવ્યો પોતાને કારણે, એ વખતે આ ગાથા અંદર 'કુંદકુંદાચાર્ય'ને ધ્વનિમાં ઊઠી છે.

**वंदित्तु सव्विसद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**

પહેલાં થોડો અન્વયાર્થ લઈએ. શરૂઆત છે ને ! **'આચાર્ય કહે છે : હું...'** આચાર્ય એ વ્યક્તિ છે, એક આત્મા છે એમ ત્યાં સિદ્ધ કરે છે. કથન કરનાર અદ્ધરથી મફતલાલ નથી, એમ કહે છે. હું.. 'પ્રવચનસાર'માં આવ્યું ને ? ભાઈ ! હું વંદન કરનાર. જ્ઞાન, દર્શનસ્વરૂપે સ્વસંવેદનવાળો આત્મા, એ તીર્થંકરોને વંદન કરે છે. સમજાણું કાંઈ ? આ. આ સ્વસંવેદન કહ્યું ને ? સ્વસંવેદન પ્રત્યક્ષ. આ હું સ્વસંવેદન પ્રત્યક્ષ આત્મા જ્ઞાન, દર્શન સંપન્ન તે હું. અનંત તીર્થંકરોને ભૂત, વર્તમાન, ભાવિ, મહાવિદેહ બધાને સામાન્યને અને પ્રત્યેક પ્રત્યેક એક એક વ્યક્તિને લક્ષમાં લઈ, સામાન્ય-વિશેષ બેય પ્રકારે વંદન કરે છે.

એમ અહીં કહે છે કે **'હું ધ્રુવ,...'** સિદ્ધ ગતિ કેવી છે ? - કે ધ્રુવ. જુઓ ! ન્યાંથી પહેલો શબ્દ ઉપડ્યો છે. આમાં અન્વયાર્થમાં, હોં ! પાઠમાં **'वंदित्तु'**થી ઉપડ્યો છે. **'वंदित्तु'**માંથી

'અમૃતચંદ્રાચાર્યે' એ કાઢ્યું છે કે અમે સિદ્ધને અમારા આત્મામાં સ્થાપીએ છીએ, એ જ વંદન છે. એ '**वंदित्तु**'માંથી કાઢ્યું છે. અમારા આત્મામાં, એની પર્યાયમાં અલ્પજ્ઞતા અને રાગ હોવા છતાં અમે આત્મામાં સિદ્ધ ભગવાનને સ્થાપીએ છીએ અને શ્રોતાઓ '**वंदित्तु**' કહેતાં, હે શ્રોતા ! તમારા જ્ઞાનની દશામાં સિદ્ધને અમે સ્થાપીએ છીએ. એ '**वंदित्तु**'માંથી કાઢ્યું છે. એનો અર્થ કે આ સિદ્ધ પરમાત્મા જે છે એનો અમે અંતરમાં આદર કરીએ છીએ અને શ્રોતાઓને કહે છે, હે શ્રોતાઓ ! તમારા જ્ઞાનમાં પણ હું સ્થાપન કરું છે, એમ કહે છે, ભાઈ ! આહા..હા...!

જેને સિદ્ધ ભગવાન અંતરમાં સ્થપાણા, પરમેશ્વર પર્યાયમાં પધાર્યા. અમે પરમેશ્વરનો આદર કર્યો છે એટલે અમે આત્માની દશામાં એને સ્થાપીએ છે, એનો અમને આદર છે. અમને નિમિત્તનો, વિકલ્પનો, અલ્પજ્ઞતાનો આદર નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? આ તો મહા સિદ્ધાંત છે. અમે અને શ્રોતાઓને કહે છે કે સ્થાપીએ છીએ. બે બોલ '**वंदित्तु**'માંથી કાઢ્યા. મારા આત્મામાં અને તમારા આત્મામાં હું સિદ્ધ ભગવાનને સ્થાપુ છું. એ સિદ્ધ ભગવાન કેવા છે ? - કે ધ્રુવ છે. એનો અર્થ ટીકામાં આવશે.

અચળ છે. અસ્તિ કરી છે, પછી નાસ્તિ કરી છે. વિશ્રાંતિ છે ચાર ગતિના ભાવની. અનુપમ છે–એને કોઈ ઉપમા નથી. સમજાણું ? ધ્રુવ સામે ઇ અધ્રુવ નથી. અચળ સામે હવે એને નાશ થવું નથી. અનુપમ–ઉપમાવાળા પદાર્થો કરતાં આ અનુપમ સિદ્ધ ભગવાન છે. ટીકામાં બધું લેશે. '**એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને...**' 'ગતિને'માંથી ત્રિવર્ગ કાઢશે. ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ છે. એનાથી ગતિ તે અપવર્ગ છે, એમ કાઢશે. શબ્દોમાંથી કાઢ્યું છે. સમજાય છે કાંઈ ? '**પ્રાપ્ત થયેલ એવા સર્વ સિદ્ધોને...**' સર્વ સિદ્ધોને પાછું, હોં ! એક સિદ્ધ નથી. અનંત સિદ્ધ. ઓ..હો..! જ્યારથી વંદન કરે છે ત્યાં સુધીના જેટલા સિદ્ધ થયા, પછી પણ પાંચ-પચીસ વર્ષે જ્યારે શ્રોતા સાંભળે છે અને કહેવા માગે છે ત્યાં પણ જેટલા સિદ્ધ છે, એ સર્વ સિદ્ધોને '**નમસ્કાર કરી,...**' નમસ્કારના બે અર્થ કાઢશે. ભાવ અને દ્રવ્ય.

'**અહો ! શ્રુતકેવળીઓએ કહેલા...**' એમાંથી બે કાઢશે. શ્રુતકેવળીમાંથી બે કાઢશે. એક સર્વજ્ઞ અને એક શ્રુતકેવળી. અને એમાંથી ત્રીજું કાઢશે–આગમ કાઢશે. શ્રુત એટલે એટલે આ આગમ. કેવળીમાંથી બે કાઢશે. '**આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.**' 'કહીશ'માંથી બે કાઢશે. ભાવવચન અને દ્રવ્યવચન. પાઠમાંથી જ કાઢ્યું છે, હોં ! આચાર્યે મૂળ પાઠમાં જે ધ્વનિ છે ને, એની જ ટીકા (કરી છે). ટીકા તો એની જ હોય ને. ભેંસના આઉમાં દૂધ હોય એને બળુકી બાઈ અંગૂઠો મારીને કાઢે. આઉ સમજો છો ? આંચળમાં દૂધ હોય છે ને ? આંચળમાં. અંદરમાં છે ઇ કાઢે છે ને ? સમજાણું ? એ પણ દોહવાની એક કળા છે. આમ ન ખેંચે ઇ. આ અંગૂઠો રાખે અહીં અને

આંચળ રાખે વચમાં એટલે આ ભાગ એને દબાય. આમ નીકળે.

એમ આ ટીકા... સમજાય છે ? 'અમૃતચંદ્રાચાર્યે' પોતાના જ્ઞાન અને વીર્યના જોરના બળથી એમાં શું કહેવું છે એવી ટીકા કરી છે. અલૌકિક ટીકા ! આ ટીકામાં ભરતક્ષેત્રમાં અત્યારે ક્યાંય છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? એટલા આપણે શબ્દાર્થ કર્યા, હોં ! હવે એનો અર્થ.

**ટીકા :– 'અહીં (સંસ્કૃત ટીકામાં) 'अथ'** શબ્દ પડ્યો છે. **'अथ'. 'अथ'** એ મંગળિકપણાને સૂચવે છે. સાધકપણું નવું શરૂ થાય છે એમ સૂચવે છે. **'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.'** સમજાણું કાંઈ ? એનો અર્થ અંદરમાં ધ્વનિ એવો છે કે વસ્તુ સ્વરૂપનું શુદ્ધ સાધન શરૂ થાય છે, સાધકપણું, ત્યાંથી એની મંગળિક દશા શરૂ થાય છે. અથવા આ ટીકાકાર સાધકજીવ છે. મંગળિકપણું એની દશામાં પ્રગટેલું છે. એ નવું છે. અનાદિનું નહોતું. સમજાણું કાંઈ ? એથી ટીકાકાર ભગવાન 'અમૃતંચંદ્રાચાર્ય' **'अथ'** શબ્દ કહ્યો છે એ મંગળના અર્થે મંગળિક છે. એ સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ (સૂચવે છે). મંગળમાં બે અર્થ થાય છે ને ? 'મંગ' એટલે પવિત્રતા અને 'લ' એટલે પ્રાપ્તિ અથવા 'મં' એટલે પાપ અને 'ગળ' એટલે ગાળી નાખે. દરેકમાં અસ્તિ-નાસ્તિ બે બે ઊઠે છે. એમ આ માંગળિકમાં અશુદ્ધતાનો નાશ અને શુદ્ધતાની પ્રાપ્તિ. એમ એ પોતાના ભાવમાં સૂચવે છે. અમારો ભાવ શુદ્ધની પર્યાયની પ્રાપ્તિ મંગળિક છે, અશુદ્ધતાનો નાશ એ પણ એક મંગળિક છે. સમજાણું કાંઈ ?

**'ગ્રંથના આદિમાં...'** ભલે ઓલો પ્રથમ શબ્દ ન નાખ્યો આમાં. સમજ્યા ને ? પ્રથમનો અર્થ કર્યો છે ને આદિ. ઓલામાં–હિન્દીમાં પ્રથમ એટલે એમ કર્યું છે. પ્રથમ આવી ગયું. **'ગ્રંથના આદિમાં સર્વ સિદ્ધોને...'** આ શબ્દ પડ્યા છે, સર્વ સિદ્ધ. પરમાત્મદશા પ્રાપ્ત અનંત છે. કોઈ કહે એક છે. પરમાત્મા થાય પછી ચુલા જુદા શેના ? ચોકા જુદા (શેના) ? સંસારમાં ચોકા જુદા હોય. જુદી સત્તા (હોય) પણ મુક્ત થયા પછી જ્યોતમાં જ્યોત મિલાઈ, એમ નથી. સમજાણું ? ઘણા એમ કહે છે. એક મોટો મત છે ને ? મોટો મત છે. પૂર્ણ સિદ્ધ થયા પછી શું ? અમારે આ 'પાનાચંદ'ના બાપે પૂછ્યું હતું. 'બરવાળા'માં (સંવત) ૧૯૮૩ની સાલ, ૧૯૮૩. આ મોક્ષ થાય એમાં વળી જુદી સત્તા શું રહે ? એ વેદાંતમાં બહુ ચડી ગયેલા, બહુ ચડેલા. એનો બાપ. પાંચ-પાંચ કલાક, છ-છ કલાક ધ્યાનમાં રહે. ત્રણથી તે અગિયાર સુધી. આમ આઠ કલાક. ખોટું, હોં ! વસ્તુની કાંઈ ખબર ન મળે. કેમ સાચી વાત છે કે નહિ ? એ વેદાંતના .. ચડી ગયેલા. મસ્ત માણસ, મસ્ત, હોં ! મસ્ત. એના બાપ. દરકાર નહિ. છોકરાઓને કેમ થાશે, એની દરકાર નહિ. બસ, મસ્ત. પણ મૂળ તત્ત્વ મળેલ નહિ. અમારા ઉપર પ્રેમ ઘણો. પણ અહીં બહુ રહે નહિ. ઇ પૂછતાં હતા કે પણ જુદા ટોલા શું ? ભાઈ ! સિદ્ધ થાય ત્યાં ટોળા શું ? ટોળા સમજ્યાને ? જુદી સત્તા.

**શ્રોતા :–** એણે પૂછ્યું સિદ્ધને પછી પર્યાયનું શું કામ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ તો વળી સાધારણ. એ તો વળી આ ભાઈ કહેતા હતા. સિદ્ધ થાય તોપણ હજી પર્યાય લાગુ પડી ગઈ ? પર્યાય છોડી નહિ એણે ? એ વળી એમ પ્રશ્ન કરતાં હતા. એ વળી એક અહીં મોટા હતા. દાઢીવાળા ને બહુ ભાષણ આપે. સમજાણું ? ઇ કહે, સિદ્ધને પણ હજી પર્યાયે છોડી નહિ ? સિદ્ધને પણ. કહો, પર્યાય જાણે કોઈ લપ હશે. ભાષણ દે, હોં ! હજારો માણસમાં ભાષણ દે. ઘણા લાખોપતિ માણસ. આમ ત્યાગી બાવા જેવા લાગે. એ પૂછતાં હતા. જૈન દિગંબર. સમજાણું કાંઈ ?

અહીં કહે છે, સર્વ સિદ્ધો. એક એક સિદ્ધ અનાદિના અનંત સિદ્ધો છે. સત્તા શુદ્ધ અનંત છે. નિર્મળ થયેલી દરેક સત્તા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભિન્ન રાખે છે. સિદ્ધ થયા એટલે એક થાય છે એમ છે નહિ. એમ કરીને સર્વ સિદ્ધો કરીને અનંત સિદ્ધપણું પૃથક્ છે એ સિદ્ધ કર્યું છે. કોઈ એક કહેતા હોય તો ખોટું છે.

હવે **'वोच्छामि'**માંથી આ કાઢ્યું. **'ભાવ-દ્રવ્ય સ્તુતિથી...'** **'वोच्छामि'**ના બે (અર્થ) કાઢ્યા. ભાવ અંદર ક્ષયોપશમનો ભાવ શરૂ થયો છે. અંદર ભાવનમસ્કાર શરૂ થયો છે. સ્તુતિ. નિશ્ચયથી રાગરહિત આરાધ્યા-આરાધક તે હું જ છું, એવી નિર્વિકલ્પ નમસ્કાર દશા અંદર પ્રગટી છે એને ભાવસ્તુતિ કહે છે અને દ્રવ્ય–વાણી નીકળી. અસદ્ભૂત વ્યવહારનયે એમાં વાણી નીકળી. એવા ભાવ-દ્રવ્ય સ્તુતિથી. બે શબ્દ કાઢ્યા. **'वंदित्तु'**માંથી આ કાઢ્યું. આ **'वोच्छामि'**માંથી કાઢ્યું.

હવે, **'પોતાના આત્મામાં અને પરના આત્મામાં સ્થાપીને...'** એ **'वंदित्तु'**માંથી કાઢ્યું છે. આદર કરીએ છીએ, વંદન કરીએ છીએ. વંદન એટલે કે આમ. આહા..હા...! અમારી પર્યાય અલ્પ છે એમાં જરી રાગ (છે). આગળ કહેશે, મોહ નાશ માટે, કહે છે ને ? ભાઈ ! બે-બે બોલ છે, બે-બે બોલ, હોં ! સામે સામા. મારા ને પરના મોહના નાશ માટે. એ પણ અનાદિ શબ્દ વાપરશે. કારણ કે મુનિને અસ્થિરતાનો રાગ છે, એ અનાદિની છે, એ કંઈ નવી નથી. એટલે શબ્દ ભલે મોહ પડ્યો છે પણ મુનિને મોહ નથી. પણ ઓલો અસ્થિરતાનો મોહ છે એનો ધ્વનિ કરીને.. છે ને ? **'अनादि मोह प्रहणाणाय:'** એ શબ્દ છે. અનાદિના મોહના નાશ માટે. મારે પણ હજી અસાવધાનીનો થોડો ભાવ છે એના નાશ માટે અને શ્રોતાઓના અનાદિના મિથ્યાત્વ અને અજ્ઞાનના નાશને માટે. સમજાણું કાંઈ ?

અહીં **'પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને...'** દેખો ! પરના આત્મામાં સ્થાપીને, હોં ! અમે સિદ્ધ સમાન પર્યાયમાં સિદ્ધને સ્થાપીએ છીએ. આવી જેને અંતરમાં લક્ષ દશા થઈ તેને અલ્પજ્ઞ અને રાગનો આદર રહેતો નથી. એને સ્વભાવનો આદર રહે છે. શ્રોતાઓને પણ

કહે છે, શ્રોતાઓ ! અમારા શ્રોતા આવા હોય છે કે જેની પર્યાયમાં સિદ્ધને સમાડી શકે છે. સમાડતાં એનું લક્ષ શુદ્ધ ઉપર હોય છે. અલ્પજ્ઞ અને રાગનો એને આદર નથી. એને અમે સમયસાર કહેતાં કહેતાં એની એકાગ્રતા થશે અને એનો મોહ હણાઈ જશે અને પરમાત્મપદને પામશે, એમ કહે છે. 'થશે' એક જ વાત છે અહીં, ન થાય એ પ્રશ્ન છે જ નહિ. સમજાણું કાંઈ ? કહો, 'જયકુમારજી' ! પહેલી ગાથામાં આવી ગયા તમે. શરૂઆતની બે ગાથા. આમ ચાર દિ' થી થાય છે. ચાર દિ'થી વંચાય છે. આપણે શરૂ તો અગિયારથી કર્યું છે. ત્યાં બેય પોગી ગયા. આહા..હા...! પ્રભુ કહે છે, અરે..! સામા શ્રોતાની કેટલી યોગ્યતા કે તમે પાધરા એને સિદ્ધપણે સ્થાપો છો ? સાંભળને પ્રભુ ! અમારા શ્રોતાઓ તો એવા છે... એ છેલ્લે પાંચમીમાં કહેશે. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं**' પ્રમાણ કરજે, એવા અહીં લીધા છે. આહા..હા...!

આ તો અલૌકિક શાસ્ત્ર છે ! સમજાણું ? એમાં 'કુંદકુંદાચાર્ય' સાક્ષાત્ ભગવાનને મળેલા. ભરતક્ષેત્રના માનવી, મહાવિદેહક્ષેત્રની જાત્રા. આહા..હા...! સમજાણું કાંઈ ? સદેહે, હોં ! પાછા આહારક શરીર નહિ. ચૌદ પૂર્વ આહારક શરીર એ નહોતું. એવી લબ્ધિ જ હતી. સાક્ષાત્ ભગવાન સમવસરણમાં પરમાત્મા વર્તમાન બિરાજમાન છે, એ કાળે બિરાજમાન હતા. ત્યાં ભગવાન પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા.

અહો..! મારા આત્મામાં સિદ્ધપદને સ્થાપું છું. મહા મંગળિક કર્યું ! સમજાણું કાંઈ ? 'પ્રવચનસાર'માં આવે છે ને ? ભાઈ ! સ્વયંવર મંડપ, નથી આવતું ? સ્વયંવર. ત્રીજી ગાથા. સ્વયંવર. અમારી દીક્ષા સ્વયંવર (છે). મોક્ષલક્ષ્મીને ઉપાદેય કરીને અમે અમારી દીક્ષામાં સ્વયંવર માંડ્યો છે. 'પ્રવચનસાર'માં એમ લખ્યું છે. હે સિદ્ધો ! હે પરમાત્માઓ ! અમારા સ્વયંવર મંડપમાં પધારો ! લગ્ન કરવા જાય છે ને ? તો સારા મોટા માણસને સાથે લઈ જાય. કદાચિત્ ઓલો ખૂટે, છોડીનો બાપ પાંચ-દસ હજાર માગે (તો) મોટા માણસને દેવા પડે. આઠ વાગે કન્યા કેમ ન આવી ? એનું હોય છે ને ? શું કહેવાય ? હસ્તમેળાપનો ટાઈમ હોય. કેમ ન આવી ? કંઈ ગડબડ થઈ ? પાંચ મિનિટ (મોડી આવે) તો શેઠિયાને શંકા પડે. કેમ છે ? ત્યાં ખાનગી કોઈ કહે, કન્યાના બાપને દસ હજાર જોઈએ છે. અરે...! આ શું ? અંદર જાય. શું છે ? હાર કાઢીને આપે. હું સાથે (હોઉં) એની કન્યા (પાછી) ફરે નહિ. ઇ મોટાને પહેલાં લઈ જતા, ભાઈ ! હોં ! મોટાને લઈ જતા. આ બધી પહેલી રીત હતી. એવું થાતું પણ ખરું. ઓલા ખૂટે. ટાણે. ટાણે ક્યાં જાશે ? નહિતર એનું નાક જશે.

એમ કહે છે, હે નાથ ! અમારી સ્વયંવર દીક્ષા, અમારા મોક્ષના સાધનમાં આપને સિદ્ધને સાથે રાખ્યા છે, હોં ! સાથે રાખ્યા. અમારો મોક્ષ પ્રભુ ! ન ફરે. એમ કહે છે. આહા..હા...! સિદ્ધને

અહીં સ્થાપીએ છીએ. પણ ઉપર છે ને ? ઉપર છે તે અહીં સ્થાપીએ છીએ. અમે અહીં સ્થાપીને ન્યાં આવવાના છીએ. સમજાણું કાંઈ ? જુઓ તો ત્યાં ધ્વનિ એનો ! જંગલમાં બેઠા હશે ને જ્યારે આ ધ્વનિ ઊઠ્યો છે... આહા..હા..! પંડિતો ત્યાં કહેતા, પોન્નુર હિલમાં આ 'સમયસાર' આદિ લખાયેલા છે. પોન્નુર હિલ છે ને ? મદ્રાસથી એંસી માઈલ. આપણે બે વાર ગયા હતા ને ? ત્યાં આગળથી ભગવાન પાસે ગયા હતા. આઠ દિ'. ત્યાં તાડના લાખો ઝાડ છે. અત્યારે, હોં ! એ વખતે ત્યાં તાડ બહુ હતા. જોડે એક 'ધવલગિરી' છે, 'ધવલગિરી'. ન્યાંથી દેખાય છે. ત્યાં ધવલ, મહાધવલ લખાયેલા. જોડે જ છે. વ્યવહારના ન્યાં અને નિશ્ચયના ન્યાં. ત્યાં તે દિ' વાત કરી હતી. હતા તમે ? બીજી વાર નહોતા. બીજી વાર થઈ હતી. ત્યાં શંકરના દેવળ થઈ ગયા છે. ધવલગિરી છે મૂળ જૈનનું. આ ધવલ ગ્રંથ ત્યાં લખાયેલા. અત્યારે શંકરનું દેવળ છે. આ ખાલી છે.

અહીં કહે છે, ત્યાં આમ અંદરમાં ધ્વનિ ઊઠ્યો હશે. **'वंदित्तु'** અનંત સિદ્ધને અમારા અંતરમાં સ્થાપી, તમારા આત્માને સ્થાપીને અમે ભાવ-દ્રવ્ય સ્તુતિથી અંતર આનંદના નમસ્કાર દ્વારા અંતર નમીને અને વાણી, વિકલ્પ બધું ભેગું લઈને, અસદ્‌ભૂત વ્યવહારનય, એનાથી અમે નમસ્કાર કરી છીએ, સ્તુતિ કરીએ છીએ, સ્તુતિ.

**'આ સમય નામના પ્રાભૃતનું ભાવવચન...'** એટલે ક્ષયોપશમ **'દ્રવ્યવચન...'** એટલે વાણી. એનાથી **'પરિભાષણ શરૂ કરીએ છીએ...'** આ પરિભાષણમાંથી અર્થકાર કાઢશે. 'જયચંદ્રજી પંડિત'. પાઠમાં છે ને ? **'परिभाषणमुपक्रम्यते'** પરિભાષણનો અર્થ કરશે. સૂત્રમાં એવા ઘણા પાઠ, નામ છે. એમાં એક પરિભાષણ (છે). (એટલે કે) યથાસ્થાનમાં જે ભાવ જોઈએ ત્યાં તેને ગોઠવવા ઇ પરિભાષા સૂત્ર કહેવાય. એવું અમે પરિભાષણ શરૂ કરીએ છીએ. **'એમ શ્રી 'કુંદકુંદાચાર્ય' કહે છે.'** કહો, સમજાણું કાંઈ ? ભાવ-દ્રવ્યસ્તુતિથી... એક, બે (જોડકા) આવ્યા. (૧) પોતાના આત્મામાં અને પરમાં સ્થાપીને ઇ બે આવ્યા. અને (૨) ભાવવચન અને દ્રવ્યવચનથી ત્રણ આવ્યા. ડબલ ડબલ ભાવ. પછી આમ તો ધ્રુવ ને એમાં ડબલ ડબલ ઇ જુદી વાત છે. અને એક આવશે– ત્રિવર્ગ અને અપવર્ગ. એક આવશે, મારા અને તમારા મોહના પ્રાણાય. પાંચ ડબલ ભાવ કહ્યા છે અંદર. સમજાણું કાંઈ ? **'એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.'**

**'એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,...'** જુઓ ! સામે બે ઉપાડ્યા. સિદ્ધ ભગવાન કેવા છે ?–કે અમને આદર્શ છે. પડઘો.. પડઘો. પડઘો સમજ્યા ?–પ્રતિચ્છંદ. મોટા મકાનમાં બોલે ને ? તું સિદ્ધ. સામો અવાજ આવે, તું સિદ્ધ. એ પડઘો કહેવાય છે. પડઘો–પ્રતિઘાત. અવાજ આવે, તું સિદ્ધ. સામો અવાજ આવે કે તું સિદ્ધ. પ્રતિધ્વનિ. ઓલામાં આદર્શ શબ્દ મૂક્યો છે. હિન્દીમાં આ પ્રતિચ્છંદ શબ્દ છે ને ? એનો અર્થ ત્યાં પ્રતિચ્છંદના સ્થાને છે એટલે આદર્શ છે એમ લખ્યું છે. હિન્દીમાં. આદર્શ છે ને ઇ ? આદર્શ છે ને ? પ્રતિધ્વનિ.

હે ભગવાન ! તમે પૂર્ણાનંદ છો. સામો અવાજ (આવે છે), હે ભગવાન ! તમે પૂર્ણાનંદ છો. આહા..!

એ સિદ્ધ ભગવાન સાધ્ય જે આત્મા, તેના પ્રતિચ્છંદ–પડઘાને સ્થાને છે. **'જેમના સ્વરૂપનું...'** જેમના સ્વરૂપનું–સિદ્ધનું. જે સિદ્ધમાં નથી તે મારામાં નથી. જે સિદ્ધમાં છે તેટલું મારામાં છે. સમજાણું કાંઈ ? આદર્શ તરીકે છે. **'સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે.—જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો...'** સંસારી ભવ્ય જીવો, સંસારી ભવ્ય જીવો. સમજાણું કાંઈ ? પ્રતિચ્છંદના સ્થાને. એનો (અર્થ થયો) ભવ્ય. ભવ્ય ધ્યાન કરે છે ને ? બીજો કોણ કરે ? એમ કહે છે. અભવ્યને હોય નહિ. સિદ્ધ, તું સિદ્ધ. એનો ધ્વનિ અહીં ભવ્યમાં ઝીલાય છે, એમ કહે છે. અભવિને હોય નહિ. આહા..હા...! સમજાણું ?

**'તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** જુઓ ! ધ્યાન કરીને. તે સમાન. બે આવ્યું. એના સમાન હું છું, એના સમાન હું છું. એ તે કઈ દૃષ્ટિનું જોર કહે ? પણ અહીંયા રાગ છે ને ? અલ્પજ્ઞતા છે ને ?–નહિ, એ નહિ. સિદ્ધ સમાન હું છું. સમજાણું કાંઈ ? એમ સાધકજીવને શ્રોતાને (કહે છે). પોતે સાધક કહે છે, શ્રોતાઓ ! આ પ્રમાણે તમે નિર્ણય કરો. **'સિદ્ધ સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને, તેમના જેવા થઈ જાય છે...'** કોલકરાર થઈ જાય છે. ન થાય, એ અમારા ચોપડામાં નથી. સમજાણું કાંઈ ? **'તેમના જેવા થઈ જાય છે...'** કીધું ને ? પ્રતિસ્થાનનો અર્થ શું થયો ? આ ભગવાન છે, આ ભગવાન છે. એવા થઈ જાય છે. સમજાણું કાંઈ ? સિદ્ધ ભગવાન પૂર્ણ કેવળજ્ઞાન અનંત ચતુષ્ટય પ્રાપ્ત અને જેમાં અલ્પજ્ઞતા નથી, રાગાદિ નથી, તેવો જ હું છું. એવો હું છું, એમ ધર્માત્મા પોતાના આત્માને સિદ્ધ સમાન ધ્યાન કરી, એકાગ્ર થઈ અને તે સિદ્ધ સમાન ધ્યાન કરી સિદ્ધ થઈ જાય છે. પોતે પણ સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! મંગળિક તે પણ મંગળિક છે ને ગાથા !! એમાં 'કુંદકુંદાચાર્ય' (કહેનાર) !

**'અને ચારે ગતિઓથી વિલક્ષણ...'** 'ગતિ' શબ્દ છે ને ? **'પંચમગતિ મોક્ષ તેને પામે છે.'** ચાર ગતિથી વિલક્ષણ. જે ચારિ ગતિનું લક્ષણ અને સિદ્ધનું લક્ષણ જ વિલક્ષણ છે. કોઈ એની સાથે મેળ ખાય એવું નથી. સર્વાર્થસિદ્ધની ગતિ, એનાથી સિદ્ધ ગતિ વિલક્ષણ છે. સમજાણું ? જ્યાં સર્વાર્થસિદ્ધના દેવો (રહે છે) એની ઉપર ફક્ત બાર યોજન જ સિદ્ધ છે.

**શ્રોતા :–** ક્ષેત્રથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, પણ ઇ એકાવતારી, કેટલાક ચૌદ પૂર્વના ભણનાર છે. ત્યાં પણ. બાર યોજન છેટે (છે) પણ એને આ મનુષ્યપણું આવીને પ્રાપ્ત થાય એવું છે. ન્યાં આમ જઈને પ્રાપ્ત થાય એવું નથી.. આહા..હા...! સમજાણું કાંઈ ? ન્યાં જઈ, મનુષ્યપણું પામીને આ સિદ્ધ સમાન ધ્યાન કરશું ત્યારે અમે સિદ્ધ થશું. ન્યાં સિદ્ધના પાડોશી છે. નજીક છે, લ્યો, બહુ નજીક કહેવાય ઇ તો. એની પાસે નિગોદ રહે છે એ જુદા. જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં નિગોદ બિરાજે છે. નિગોદ

છે કે નહિ ? એના પેટમાં પણ નિગોદ છે. પંડિતજી ! આખા લોકમાં નિગોદ છે ને ! પણ એને ને એને શું સંબંધ ? આ તો સમકિતી જ્ઞાની છે. કેટલાક દેવ તો ચૌદ પૂર્વના ભણેલા છે. અહીંથી મુનિ થઈને ચૌદ પૂર્વ લઈ ગયા છે. તોપણ અમારે આંતરો અહીં બાર યોજન છે, ક્ષેત્રથી. ભાવથી આંતરું ઘણું છે. એ મનુષ્યપણાને પ્રાપ્ત થઈ સિદ્ધ જેવા ત્યાં ધ્યાન કરશું અને અમે સિદ્ધ થશું. સમજાણું કાંઈ ? અહીં તો પહેલેથી કહે છે કે ના, ના તમે સિદ્ધ સમાન નહિ, સિદ્ધ સમાન નહિ. તમે સાધારણ પ્રાણીને બિચારાને સિદ્ધ સમાન સ્થાપો છો ? પાધરા પહેલે ધડાકે ! કેટલાક એમ કહે છે. લ્યો, પાધરો આવો ઊંચો ઉપદેશ. આ શું કહે છે ? સાંભળનારાને કહે છે કે અમે તમારા આત્મામાં સ્થાપીએ છીએ, ના પાડીશ નહિ. વિકલ્પ કરીશ નહિ, નકાર કરીશ નહિ અને આમ કેમ છે એમ પ્રશ્ન ઊઠાવીશ નહિ. એમ કહે છે. 'ચીમનભાઈ' ! આ તો મોટા વીરપણાની સભામાં જવાની વાત છે. વીર બેઠા હોય એની સભામાં જાય તો કાંઈક શૂરવીરતા હોય તો જાય, નમાલા પામર ન્યાં જતા હશે ? એં..એં..એં.. ટેં.. ટેં.. ટેં.. (કરવાવાળા જતા હશે) ? કહો, સમજાણું આમાં ? આહા..!

કહે છે, '**પંચમગતિ મોક્ષ તેને પામે છે.**' એક જ વાત છે. '**वंदित्तु**' જેણે સિદ્ધના આદર કર્યા તે સિદ્ધના જેવા થઈ જાય, એમ કહે છે. જેણે '**वंदित्तु सव्विसद्धे**' સિદ્ધોને વંદ્યા એટલે અંદર સ્થાપ્યા એમ એનો અર્થ છે અહીં. આદર કર્યા પર્યાયમાં, અંદરમાં, હોં ! એ સિદ્ધ જ થઈ જાય છે. એ સિદ્ધ થયા વિના રહે નહિ. આહા..હા...! આ તે કાંઈ વાત કરે છે ! શું કહે છે ? ઉપડેલા ઉપડેલાની જ વાત કરે છે. પામર જેવી વાત (કરે) ? અમારે નહિ થાય, ભાઈસા'બ. પાંચમા આરાના પ્રાણી છીએ. પાંચમા આરાના પ્રાણીને કહે છે. કોને કહે છે આ ? ચોથા આરાને કહે છે ? કોને કહે છે ? પંડિતજી ! પાંચમા આરાને. આહા..હા...!

ભાઈ ! પણ પહેલી વાતે ? પહેલી વાતે સિદ્ધ ? પાધરા સિદ્ધ અમારા જ્ઞાનમાં સ્થાપું ? ભાઈસા'બ થોડા પાત્ર તો થવા દ્યો. અરે..! ભગવાન ! બાપુ ! તું તો પાત્ર છો, પ્રભુ ! તને પાત્રતાની કિંમત નથી. આત્મા પરમાત્મસ્વરૂપ છે. એની પર્યાયમાં પાત્રતા સિદ્ધને સ્થાપવાની પ્રગટ છે અને એ પ્રગટ કરવાને તું લાયક છો. ના ન પાડ, ના ન પાડ. આમ મોટી વાત કેમ અમને કરે ? એ તર્ક ન કર. અત્યારે જુઓને, રાડેરાડ પાડે છે. અરે..! અધ્યાત્મનો આવો ઉપદેશ ? ભાઈ ! સાંભળને. પામર થઈને તારે સાંભળવું છે ? પ્રભુતા કે દિ' પામીશ ? સમજાણું કાંઈ ?

પંચમગતિને પામશે. ઇ '**वंदित्तु**'માંથી ગતિ પ્રાપ્ત થઈ ગઈ, જાઓ ! ઇ સિદ્ધ તો ગતિને પ્રાપ્ત છે પણ જેણે વંદન કર્યા, જેણે આત્મામાં એનું સ્થાપન કર્યું એ સિદ્ધ થશે, ચોક્કસ થશે. આહા..હા...! એટલું તો '**वंदित्तु**'માંથી કાઢ્યું છે. સમજાણું કાંઈ ? સ્વયંભૂસ્તોત્રમાં કહ્યું, પ્રભુ ! આપને ગંઠી ... નહિ અમે. પંડિતજી ! આવે છે ને ઇ ? ગંઠી. .. કારણ કે રાગની એકતા છે એને

સિદ્ધપણું પર્યાયમાં કોઈ રીતે નહિ બેસે.

અહીં કહે છે કે અમે આદર કરીએ છીએ સિદ્ધનો અને વંદન કરીએ છીએ પૂર્ણાનંદ પ્રાપ્તને. સમજાણું કાંઈ ? અમારો આદર રાગમાં, વ્યવહાર વિકલ્પમાં, અલ્પજ્ઞમાં નથી. ઓ..હો..હો...! 'સમયસાર' શરૂ કરતાં સાંભળનાર અને પોતે કહેનાર, બેય અમે આ પ્રમાણે છીએ. અમારા સમજાતિઓ પણ સિદ્ધપદને જ પામશે, કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એટલું મહાન મંગળિક ! **'वंदित्तु सव्वसिद्धे'**. સ્થાપ્યા છે ભગવાનને તે ભગવાન થયા વિના રહેશે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આ ઓલું નથી કરતાં ? આ શું કહેવાય ? ક્યાંક જાય છે. કાળ, અકાળ હોય છે ને ? પસ્તાનું મૂકે છે ને ? પસ્તાનું. બહાર જાવું હોય, મંગળવાર કે એવો કોઈ વાર (હોય), આપણને બહુ ખબર નહિ, વાર ન હોય તો કહે, આજે નિકળાય. બે-ચાર કવાર હોય ને તો બીજે પસ્તાનું મૂકી આવે. મૂકી આવે. પછી જ્યારે આવવું હોય ત્યારે લઈ જાય.

એમ અત્યારે કેવળજ્ઞાનનો થોડો કવાર છે, પણ આ કાળે અમે સિદ્ધ ભગવાનને સ્થાપન કર્યા છે. અમે સ-વાર છે માટે જ્યારે અમુક ગતિને પામવાના, મનુષ્યભવ થશે ત્યારે અમે કેવળજ્ઞાન લઈને પૂર્ણ થઈ જશું. પણ અમે તો અત્યારથી સિદ્ધને સ્થાપીએ છીએ. પસ્તાનુ મૂક્યું છે અમે, એમ કહે છે. પસ્તાનું કહે છે ? તમારે હિન્દીમાં ચાલે છે ? પસ્તાનું મૂકે છે. પસ્તાનું મૂકે છે એમ અમારે કહે છે. બહાર જવું હોય. પ્રસ્થાન ઇ મૂકે છે. આમ જવું હોય પણ વાર ઠીક ન હોય તો પહેલું મૂકી આવે. પછી જાય. જઈ આવ્યા, એટલું શરૂ કરી દીધું. છે કે નહિ ? '...ભાઈ' ! એવું પ્રસ્થાન છે કે નહિ તમારે ? એમ આ પ્રસ્તાન મૂકે છે. અમે પસ્તાનું મૂક્યું છે, સિદ્ધપણાને સ્થાપ્યા છે. અમારી ગતિ ભલે આ કાળે સિદ્ધ નથી પણ અમે સિદ્ધ થવાના એ પસ્તાનું મૂક્યું છે. એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

હવે એ પંચમગતિ કેવી છે એના વિશેષણ (કહે છે). જેને વંદન કર્યું છે, જેને અહીં સ્થાપ્યા છે એ કેવા છે એનું જ્ઞાન કરીને સ્થાપ્યા છે, એમ કહે છે. એની ઓળખાણ કરીને સ્થાપ્યા છે, હોં ! ધ્રુવનો અર્થ છે. **'સ્વભાવભાવરૂપ છે...'** ધ્રુવનો અર્થ. **'स्वभावभावभूततया'** ઇ પહેલો શબ્દ છે. **'स्वभावभावभूततया'**. એ શબ્દ છે ને એમાં ? **'स्वभावभावभूततया'** ? અર્થમાં શું છે, અર્થમાં ? પેલામાં સ્વભાવથી ઉત્પન્ન થઈ છે એમ લખ્યું છે. પણ આ **'स्वभावभावभूततया'** (છે). શું કહે છે ? **'स्वभावभावभूततया'**. એ સ્વભાવભાવરૂપ જ છે. સિદ્ધગતિ સ્વભાવભાવરૂપ છે. સ્વભાવભાવ પર્યાયની વાત છે, હોં ! સિદ્ધગતિ સ્વભાવભાવરૂપ છે. અસ્તિથી સ્થાપન કર્યું. ધ્રુવ.. ધ્રુવ. કેમ ? સ્વભાવભાવરૂપ છે. સ્વભાવભાવરૂપ હોય તો ધ્રુવ જ રહે. સમજાણું કાંઈ ? જુઓ ! સિદ્ધગતિ મોક્ષગતિ સ્વભાવભાવભૂત છે. **'स्वभावभावभूततया'**. સમજાણું કાંઈ ?

પહેલાંમાં જરી આપણે અર્થફેર થઈ ગયો છે. હિન્દીમાં એમને એમ લખ્યું છે આણે પણ.

પાછા કાંઈ ફેરવે નહિ. આ દિલ્હીથી છપાવ્યું ને. જરીયે વાંચે નહિ. નવા છપાય પણ કાંઈ નક્કી તો કરવું જોઈએ કે આ શું છે. સમજ્યા ને ? પંચમગતિ સ્વભાવસે ઉત્પન્ન હુઈ હૈ ઇસલિયે ધ્રુવરૂપ કા અવલંબન કરતી હૈ. આપણે પહેલાં જે લખ્યું છે, 'જયચંદ્રજી' પંડિતે લખ્યું છે એ જ લખ્યું છે. સ્વભાવસે ઉત્પન્ન હુઈ હૈ. પણ અહીં એમ નથી. અહીં તો (સ્વભાવ)રૂપ હૈ. પહેલાંના અર્થ જે ભર્યા એ એમને એમ હાંકે રાખે છે. ધ્રુવ. સ્વભાવભાવરૂપ છે. વર્તમાન છે. ઉત્પન્ન થયું છે એમ નહિ. સિદ્ધની સ્વભાવભાવભૂત પર્યાય છે. જેમ દ્રવ્ય સ્વભાવ છે, જેમ ગુણ સ્વભાવ છે, એમ પર્યાય પણ સ્વભાવભાવરૂપ છે. સમજાણું કાંઈ ? જુઓ ! આ અસ્તિથી અસ્તિથી સિદ્ધ કર્યું છે. દ્રવ્ય-ગુણ તો અસ્તિ સ્વભાવરૂપ છે, પણ પર્યાય સ્વભાવરૂપ છે, સ્વભાવભાવરૂપ છે. પર્યાય સ્વભાવભાવરૂપ છે. પર્યાયને સાધારણ કરી નાખે છે ને ? પર્યાય એટલે શું ? ઇ પર્યાય સ્વભાવભાવરૂપ છે. સાંભળને ! તને શું ખબર પડે. આહા..! આવો એક સમયનો પર્યાય સ્વભાવરૂપ છે. સમજાણું કાંઈ ? પર્યાય એટલે શું ? પર્યાય એટલે કાંઈ નહિ. પર્યાય વસ્તુનું સ્વરૂપ છે અને સિદ્ધને જે પર્યાય પ્રગટી એ સ્વભાવભાવરૂપ વર્તમાન છે, સ્વભાવભાવરૂપ છે. ત્રણે સ્વભાવભાવરૂપ થઈ ગયા. દ્રવ્ય સ્વભાવભાવભૂત હતો, ગુણ સ્વભાવરૂપ હતા, પર્યાય સ્વભાવભાવરૂપ રહી. થઈ ગયા, ત્રણે એકાકાર થઈ ગયા. સમજાણું કાંઈ ? 'જ્ઞાનચંદજી !' ઓ..હો...! 'કુંદકુંદાચાર્ય'.. કેટલા ભાવ ભર્યા છે અંદર. 'અમૃતચંદ્રાચાર્ય' એનો ખુલાસો કરે. એના ગણધર હતા ઇ, તીર્થંકર જેવાના. પંચમકાળમાં 'કુંદકુંદાચાર્યે' તો પંચમકાળની અપેક્ષાએ તીર્થંકર જેવું કામ કર્યું છે અને 'અમૃતચંદ્રાચાર્યે' એના પેટ ખોલ્યા છે. એટલું બધું જો ન હોય તો એકદમ કાઢી શકાય નહિ. એટલી ટીકામાં અંતરના ઉત્સાહથી હોંશથી જેટલું એનું વીર્ય છે એટલી ટીકા કરી છે. સમજાણું કાંઈ ?

કહે છે ને, લગ્ન હોય ને ? ભાઈ ! સારા સગાંને લખે. તમારે આવ્યે મંડપની શોભા વધશે. લખે. તમારે પણ લખતા તો હશે. કોઈ દીકરી હોય, જમાઈ હોય, દૂર હોય ને દૂર પરદેશમાં. ભાઈના લગ્ન છે. તમારે આવ્યે મંડપની શોભા વધશે. અહીં કહે છે, પ્રભુ ! તમે અહીં પધારો ત્યારે અમારા સાધકની શોભા છે. પધારો, અહીં પધારો. પોતે પધરાવે છે, હોં ! અમારા મોક્ષમાર્ગની શોભા, પ્રભુ ! તમે અહીં અમારામાં બિરાજો, એમાં અમારી શોભા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'પ્રવચનસાર'માં (એમ લીધું છે), સ્વયંવર દીક્ષા લીધી છે. અમારો સ્વયંવર અમે પોતે વરીએ છીએ. અમારી મોક્ષને અને સાધકદશાને દીક્ષાને અમે વરીએ છીએ. કોઈ બીજા નથી. અમે સ્વયં વર છીએ, એમ કહે છે. મોક્ષલક્ષ્મીને અમે વરીએ છીએ. કન્યા સ્વયંવર પોતે વરે કે બીજો પાસ કરે તો વરે તો સ્વયંવર કહેવાય ? 'પ્રવચનસાર'માં આચાર્યે એમ લીધું છે. અમે સ્વયં વરીએ છીએ. અમારા શુદ્ધ સ્વરૂપને સાધન કરી અમારી સિદ્ધપદ દશા જ પર્યાયમાં સ્થાપી છે.

અમે સ્વયં પોતે સ્થાપન કરીએ છીએ અને સ્વયં પછી સિદ્ધને વરીએ છીએ. સમજાણું કાંઈ ? કોઈના આધારે, આશ્રયે, નિમિત્તથી, રાગથી એને આધારે અમારી મોક્ષગતિ નથી. અમારી દીક્ષા પણ એવી નથી. આહા..હા...! એ તો દિગંબર સંતો વાત કરે ઇ. સમજાય છે ?

**શ્રોતા :–** આટલી બધી વાત અમને તો આપના દ્વારા જાણવા મળે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ છે એમાંથી કહીએ છીએ. આમાં છે કે નહિ ? જુઓને ! આહા..હા...!

પંચમગતિ, જેને અમે અહીંયા સ્થાપી છે. ભગવાન'કુંદકુંદાચાર્ય'. અમારી પર્યાયમાં (સ્થાપી છે). મનુષ્યગતિ છે ને ? અમને મનુષ્યગતિ છે ?–ના, ગતિ-ફતિ રહેવા દે. 'જ્ઞાનચંદજી' ! મનુષ્યગતિને છોડી દે. સિદ્ધગતિ છે. સિદ્ધને સ્થાપ. સિદ્ધને અમે સ્થાપીએ છીએ ને તું શું કરવા ના પાડે છે ? તારા આત્માની જ એવી લાયકાત છે કે સિદ્ધ જેવો આત્મા છે, બાપુ ! ના ન પાડીશ, હોં ! હા પાડીને ઠરજે. ન્યાં પ્રમાણમાં ઈ કહે છે ને ? કહીશ. **'दाएज्ज पमाणं'** નહિ કરશે કે એમ વાત નહિ. **'छलं ण घेत्त्वं'** બોલવામાં અમારી કોઈ શબ્દોમાં ભૂલ પડે તો અમારું લક્ષ (ત્યાં નથી). અમારે તો અનુભવ પ્રમાણ છે. **'छलं ण घेत्त्वं'** દુર્જનવત્ એમ છે ને એમાં ? ભાઈ ! 'જયસેનાચાર્ય'માં. બહુ લખ્યું છે. આચાર્યે પણ કહ્યું છે ને ? પાંચમી છે ને ? **'छलं न घेतवं... तर्हि छलं न ग्राह्यं दुर्जनवत्'** 'જયસેનાચાર્યદેવ'ની સંસ્કૃત ટીકા છે. અમારો આશય વસ્તુનો અનુભવ અને આત્માની પૂર્ણ શક્તિની પ્રગટતા કેમ થાય એ અમે સ્થાપીએ. અનુભવની વાત સાધકની વાત કરીએ એમાં તારું લક્ષલ હોવું જોઈએ. આ વ્યાકરણમાં આમ ભૂલી ગયા ને ફલાણું આમ ભૂલી ગયા. કદાચિત્ તારો એનો ક્ષયોપશમ હોય અને તારા ખ્યાલમાં વાત આવે તો ન્યાં ઊભો રહીશ નહિ, કાઢીશ નહિ દુર્જનવત્ કે ભૂલ્યા. હવે ભૂલ્યા નથી, સાંભળને ! સમજાણું કાંઈ ?

એમ અહીંયા આચાર્ય કહે છે, ઓ..હો...! એક તો સિદ્ધની પર્યાય, એને સ્વભાવભૂતપણું. અન્યમતિ તો રાડ નાખી જાય. પર્યાય અને સ્વભાવભાવપણું. પર્યાયને જ હજી માને નહિ. અહીં તો કહે છે, પર્યાય સ્વભાવભાવભૂત. મંગળિક ન્યાંથી કર્યું પહેલું. **'अथ प्रथमत एव स्वभावभावभूततया'** સંસ્કૃત ટીકાનો પહેલો શબ્દ જ ન્યાંથી શરૂ થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ ? પર્યાય છે, સિદ્ધ એક પર્યાય છે. મોક્ષગતિ છે, પર્યાય છે. તો વળી પર્યાયને સ્વભાવપણું ? પર્યાય તો વિષમપણું હોય કાં અસ્થિરપણું હોય, કાં દુઃખરૂપ હોય. એક જણ નહોતો કહેતો ? ઓલો બિચારો કહેતો હતો. હજી સિદ્ધને પર્યાય વળગી રહી ? શું કહો છો તમે ? તમે આટલા વર્ષ થયા. શું કરો છો આ ? ઓલો એક પંડિત આવ્યો હતો. નહિ ? ઇ કહે, પર્યાયથી .. આટલો મોટો પંડિત. 'સવૈયા શાસ્ત્રી'. માણસ નરમ માણસ, હોં ! પણ વીસપંથીનો આગ્રહ ઘણો. સાંભળીને તો આ યોગ્યતા અને પર્યાયની વાત .... પણ તમે પંડિત છો ને. ... પછી આપણને મળ્યા હતા. નહિ ? ત્યાં આવ્યા હતા.

પર્યાય એક સમયની સ્વતંત્ર શુદ્ધ અને તે પોતાની યોગ્યતાથી થયેલી. આ પર્યાય અને યોગ્યતા.. તમે પર્યાયનું નવું... કાર્ય તો પર્યાયમાં છે. દ્રવ્ય ધ્રુવમાં કાર્ય કે દિ' હતું ? મોક્ષમાર્ગ પર્યાયમાં, સંસારમાર્ગ પર્યાયમાં, સિદ્ધપણું પર્યાયમાં. બધું છે પર્યાયમાં. એની પર્યાયની સ્વતંત્રાની ખબર નથી, ત્યાં શું થાય ?

અહીં તો ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' ધ્રુવ શબ્દમાંથી આ કાઢ્યું. સિદ્ધગતિ ધ્રુવ ? ધ્રુવ તો દ્રવ્ય-ગુણ હોય. સમજાણું ? તેથી પહેલો શબ્દ ભગવાન (કહે છે), **'वंदित्तु सव्वसिद्धे धुवम'** સિદ્ધ પર્યાય છે પણ ધ્રુવ છે. 'કુંદકુંદાચાર્યદેવે' ધ્રુવ કીધી. પણ ધ્રુવ તો પ્રભુ ! દ્રવ્ય-ગુણ હોય. સાંભળને ! એ પર્યાય સ્વભાવભાવભૂત છે માટે ધ્રુવ છે. સમજાણું કાંઈ ? વીતરાગી પરમાનંદની પરિણતિ પારિણામિકભાવની પર્યાય પૂરી થઈ. પારિણામિક જેવો એ દ્રવ્ય અને ગુણરૂપે હતો એવી એની પર્યાય જ્ઞાયકની પારિણામિકની પૂરી થઈ, એ સ્વભાવભૂત છે. આ...હા..હા...! રાડ નાખે એવું લાગે. એક આત્માને માનનારાને, પર્યાયને નહિ માનનારાને. એમાં વળી પર્યાય અનંત સિદ્ધોની એક એકની પર્યાય સ્વભાવભૂત. સર્વ સિદ્ધોને નાખ્યા અને પાછા ઇ સિદ્ધની એક-એક પર્યાય સ્વભાવભૂત. બાપુ ! એ વસ્તુ છે. સમજાણું કાંઈ ? આ..હા..!

**'કેવી છે પંચમગતિ ? સ્વભાવભાવરૂપ છે...'** **'स्वभावभावभूततया'** રૂપ છે એનું. ભગવાન આત્મા જેવો સિદ્ધસ્વરૂપે શક્તિમાં હતો એવી જ પર્યાયમાં વ્યક્તરૂપે સ્વભાવભૂત થઈ ગઈ. એને મોક્ષ ને એને સિદ્ધ ને એને ધ્રુવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આ પર્યાયને ધ્રુવ કીધી. આહા..હા..! એ તો એમ ને એમ રહેવાની છે ને. અહીં તો વર્તમાન સ્વભાવભૂત છે. એક સમયની પર્યાય સ્વભાવભૂત છે એમ સિદ્ધ કરવું છે. વળી રહેશે ઇ ભલે (રહે). સમજાણું કાંઈ ? આહા..હા...! વસ્તુની સ્થિતિ આમ છે, ભાઈ ! એ પોતે પરમાત્મા પૂર્ણાનંદસ્વરૂપ, એનું ધ્યાન કરતાં, સિદ્ધનું ધ્યાન કરતાં, સિદ્ધ જેવી પર્યાય થાય. સિદ્ધની સ્વભાવભૂત પર્યાય છે. તારી પણ ધ્યાન કરતાં પર્યાય સ્વભાવભાવભૂત થઈ જશે. સમજાણું કાંઈ ? કહો, સમજાય છે કે નહિ આમાં ? એય..! 'છોટાભાઈ' ! કોઈ દિ' ક્યાંય સાંભળવા મળ્યું ન હોય. એકેન્દ્રિયની દયા પાળો, સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો.. એ.. 'ભગવાનભાઈ' ! અરે..! ભગવાન ! બાપુ ! મૂળ વર છે કોણ એને તો જો. વર વિનાની જાન ? વર વિનાની જાન કહે છે ને ? દુલ્હા વિનાની. દુલ્હા વિના જોડી દીધી જાન. જાન કહે છે ? શું કહે છે ? બરાત. બરાત.. બરાત. અહીં તો વર પહેલો લીધો–સિદ્ધ ભગવાન. એવો તું પોતે છો, એમ કહે છે.

**'ધ્રુવપણાને અવલંબે છે.'** સ્વભાવભાવરૂપ છે તેથી. એમ કહ્યું ને ? **'स्वभावभावभूततया ध्रुवत्वमवलम्बमानाम'** આ..હા..હા..! ભગવાન સિદ્ધ પ્રભુ, જેના દ્રવ્ય અને ગુણ સ્વભાવ, સ્વભાવભૂતપણે ધ્રુવ છે એવો સિદ્ધ ભગવાનનો પર્યાય સ્વભાવભૂતપણાને લઈને ધ્રુવને અવલંબને

છે. સમજાણું કાંઈ ? કારણ આપીને સિદ્ધ કર્યું છે. **'स्वभावभावभूततया ध्रुवत्वमवलम्बमानाम'** ધ્રુવનું અવલંબન કેમ છે ? કે સ્વભાવભૂત છે માટે. આહા..હા...! સમજાણું કાંઈ ? એને ભરોંસા બાપા.. એને ચોસલે વાત બેસવી જોઈએ. સમજાણું કાંઈ ?

પહેલાં એક ફેરી દાખલો આપ્યો હતો. આવું તપેલું હોય ને ? પછી પાણી ભર્યું હોય. પછી એવડો એક લાકડાનો ડાટો કરીને એમાં અંદર નાખે તો પાણી બધું નીકળી જાય. તપેલા સમજો છો ને ? બર્તન. આટલું વાસણ હોય ને. મણ, બે મણ પાણી ભર્યું હોય. પછી એવડો પહોળો લાકડાનો ડાટો.. ડાટો સમજ્યા ? જેટલું વાસણ એટલો અંદર ડાટ–નાખે તો પાણી બધું નીકળી જાય. એમ તારી પર્યાયમાં સિદ્ધને અંદર નાખ (તો) આ બધો વિકાર અને અલ્પજ્ઞતા ટળી જશે. એમ કહે છે આમાં પહેલું. સમજાણું કાંઈ ? આહા..હા...!

આતો સિદ્ધાંત છે, મહામંત્ર છે. આ કંઈ કોઈ વાર્તા, કથા નથી. આ તો એક એક શબ્દમાં મહા આગમો પડ્યા છે. મોટા આગમો. એક-એક સિદ્ધ પર્યાય સ્થાપી સ્વભાવભૂત. દ્રવ્ય-ગુણ સ્વભાવ. પહેલો સ્વભાવ નહોતો, વિભાવ હતો તે ટળીને આ દશા થઈ છે. એ દશા એમને એમ રહે છે. એવા અનંતા સિદ્ધો છે. એથી અનંતગુણા બીજા આત્માઓ છે. અનંત કાળમાં જ્યારે આટલા અનંતા થયા એ થોડા કાળે સિદ્ધ થાય છે, અસંખ્ય સમયમાં સિદ્ધ થાય છે. અનંત કાળ ન જોઈએ સિદ્ધ થવાને. એટલા અનંતની સંખ્યા.. તું પણ ભળને, ભાઈ ! ચાલને ! તને અહીં નોતરું આપીએ છીએ, સાગમટે. સાગમટે સમજો છો ? બધાને. આવે છે ને ? **'मज्जन्तु'** એવો શબ્દ આવે છે. છેલ્લો શ્લોક. બધા આવો.

**मज्जन्तु निर्भरममी सममेव लोका**
**आलोकमुच्छलति शान्तरसे समस्ता:।**
**आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण**
**प्रोन्मग्न एष भगवानवबोधसिन्धु:।।३२।।**

.... જુઓ ! ઇ કહે છે, હોં ! સમજાણું ? **'આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા વિભ્રમરૂપી આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને (દૂર કરીને) પોતે સર્વાંગ પ્રગટ થયો છે; તેથી હવે આ સમસ્ત લોક તેના શાંત રસમાં એકીસાથે જ...'** દેખો ! સાગમટે નોતરું. આખી દુનિયા આવીને અહીં શાંતરસમાં આવી જાવ. **'मज्जन्तु निर्भरममी सममेव लोका'** જુઓને ! 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે), આવો, પ્રભુ ! બધા આવોને. શાંતરસમાં બધા ડૂબી જાઓને. એકીસાથેપાછું, હોં ! **'સમસ્ત લોક તેના શાંતરસમાં એકીસાથે જ અત્યંત મગ્ન થાઓ.'** આહા..હા..! **'કેવો છે શાંત રસ ? સમસ્ત લોક પર્યંત ઊછળી રહ્યો છે.'** એટલે લોકાલોકનું જ્ઞાન જેમાં થઈ જાય છે. એમાં આવો, પ્રભુ ! એમાં

આવો, આખી દુનિયા આવી જાઓ. ભગવાનની દીકરી પરણે છે. આવી જાવ બધા અહીંયાં. ભાઈસા'બ માંદા હોય ને ન આવે તો ? તો એને ઘરે રહ્યા. સમજાણું કાંઈ ? પણ અમે તો બધા લોકને કહીએ છીએ. આવો.. આવો અહીંયા. એ.. 'ન્યાલભાઈ' ! ભગવાનની દીકરી પરણે છે. આહા..હા...! પરિણતિ (પરણે છે).

કહે છે, સિદ્ધની પર્યાય સ્વભાવભાવરૂપ તેથી ધ્રુવને અવલંબે છે. કારણ આપ્યું. **'स्वभावभावभूततया ध्रुवत्वमवलम्बमानाम'** એ ધ્રુવનો પહેલો એટલો અર્થ કર્યો. સમજાણું કાંઈ ? આહા..હા...! મહા સિદ્ધનો વિનય કરીને.. આહા..હા..! જે ઉપર બિરાજે તેને પોતાની પર્યાયમાં સ્થાપીને–નીચે લાવીને. આહા..હા..! 'રામચંદ્રજી'ને નહોતું કર્યું ? ચંદ્રને ગુંજામાં નાખ્યો. એમ આ 'કુંદકુંદાચાર્ય' કહે છે, અમારી પર્યાયના ગુંજામાં અનંતા સિદ્ધને અહીં નાખ્યા છે, હોં ! આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાન મોટો. એના જેવો મોટો દુનિયામાં કોણ છે ? એના જેવો મોટો કોણ છે પણ ? જે મોટપ બીજાને આપે એની મોટપની વાત શું કરવી ? આહા..હા...! એવો ભગવાન, એનો આત્મા એને સિદ્ધપણાના ધ્રુવપણાને અવલંબે છે સ્વભાવભૂતપણાને લઈને. એવું સિદ્ધપણું જેને અંદર બેઠું એને સ્વભાવ ઉપર લક્ષ જઈ અસ્થિરતા અને અલ્પજ્ઞપણું ટળી, સર્વજ્ઞ ને સ્થિર વીતરાગ થઈ જશે. એમ કહે છે. કોલકરાર (કરીને) પોતે કહે છે, અમે સિદ્ધ થવાના. પાંચમો આરો જરી કાળ છે એટલે અત્યારે સ્વર્ગમાં જાશું, પણ ન્યાંથી મનુષ્ય થઈને સિદ્ધ થવાના, એમ પોકાર કરે છે. સમજાણું કાંઈ ?

**'ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવથી ધ્રુવ નથી,...'** અસ્તિ નાસ્તિ કરી. વાત અસ્તિથી ઉપાડી છે ધ્રુવ એટલે સ્વભાવપણું, બસ, એટલું પછી ખુલાસો કરવા (કહે છે). **'ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી,...'** પર નિમિત્તથી થાય એ કાંઈ સ્થિર રહે ? આ તો સ્વભાવપણારૂપે થઈને સ્વભાવભૂત દશા થઈ ગઈ એટલે ધ્રુવ રહી ગઈ. ચાર ગતિમાં તો ગમે તે સ્થિતિ હો, સ્વર્ગ આદિ હો. એ કંઈ અમર નથી. અમર તો ઘણો કાળ રહે છે માટે કહે છે. પછી તો પર્યાય પૂરી થાય ત્યાં થઈ રહ્યું. ઓ..હો..! ૧૮ સાગર, નહોતી વાત થઈ ? આઠમા દેવલોકની અઢાર સાગરોપમની સ્થિતિ અને મિથ્યાદૃષ્ટિ જીવ કોઈ પુણ્ય કરીને આવ્યો. સ્થિતિ પૂરી થઈ ગઈ. આહા..હા...! ક્યાં જઈશ ? અઢાર સાગરમાં ક્યાંય મરવું ભાસતું નહોતું. અસંખ્યાતા અબજ વર્ષ તો પલ્યોપમમાં જાય. એવા એવા દસ ક્રોડા ક્રોડીનું સાગરોપમ અને એવા અઢાર સાગર. ક્યાંય અંત ભાસતો નહોતો. આમ જ્યાં અંત ભાસ્યો.. હાય... હાય... હવે ? હવે શું ? જાઓ ક્યાંક. આ ક્યાં સ્વભાવભૂત ગતિ હતી ? એ પછા કેટલાક તિર્યંચમાં જાય. મનુષ્ય થાય... આહા.હા...! આઠમા દેવલોકનો દેવ આત્માના ભાન વિના ધ્રુવ સ્વરૂપ ચિદાનંદ એના ભાન વિના જાય ઢોરમાં પાછા. પશુ પંચેન્દ્રિય, હોં ! પંચેન્દ્રિય થાય, એકેન્દ્રિય ન થાય. આહા..હા...! ક્યાં ક્ષણમાં પહેલાં આઠમું

(દેવલોક) અને ક્યાં ક્ષણ પછી તિર્યંચ ! એ બધી અસ્થિર દશા છે. ચાર ગતિ પર નિમિત્તથી થતી હોવાથી સ્થિર ન હોય. એ અઢાર (સાગર) પણ પૂરા થઈ ગયા, એકત્રીસ પણ પૂરા થઈ ગયા. નવમી ગ્રૈવેયક. મિથ્યાદૃષ્ટિ અનંત વાર એકત્રીસ સાગરોપમે ગયો. આત્માના શુદ્ધ અંતર સચ્ચિદાનંદ પ્રભુના અંતર ભાન વિના એણે એવી ક્રિયાકાંડ અનંત વાર કરી. નવમી ગ્રૈવેયક એકત્રીસ સાગરે ગયો. અંત આવી ગયા એના. ગતિ છે ને ? એ ક્યાં વસ્તુ છે ? પરના નિમિત્તવાળી ગતિ પૂરી થઈ ગઈ. નવમી ગ્રૈવેયકવાળા માણસમાં આવે. હાય.. હાય.. બસ, થઈ રહ્યું ? ક્યાં ગયું બધું ? ગયું બધું. હતું કે દિ' શાશ્વત ? સમજાય છે કાંઈ ?

ચાર ગતિ પરના નિમિત્તથી ઉત્પન્ન થતી હોવાથી. રાજા, મહારાજા થયા હોય મોટા. ક્રોડ પૂર્વના આયુષ્યવાળા, લ્યોને. મહાવિદેહ ક્ષેત્રમાં અહીં હતા. અત્યારે ભગવાનનું કરોડ પૂર્વનું આયુષ્ય છે. 'સીમંધર' ભગવાન. અહીં ક્રોડ પૂર્વનું આયુષ્ય હતું. 'ઋષભદેવ'નું ચોરાસી લાખ પૂર્વનું, પણ એ વખતના બીજા ... ક્રોડ પૂર્વનું. ક્રોડ પૂર્વ. એક પૂર્વમાં સીત્તેર લાખ ક્રોડ અને છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એવા એવા ક્રોડ પૂર્વ. ઇ કેટલો કાળ પણ ? એ જ્યાં પૂરા થયા.. હાય.. હાય...! એ બધી મનુષ્યગતિ, દેવગતિ, નારકીગતિ અને પશુગતિ, એ '**પર નિમિત્તથી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે; ધ્રુવ વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.**' એમ કરીને ધ્રુવ શબ્દમાં ઘણું સમાડી દીધું છે. ધ્રુવ કરીને સિદ્ધ ભગવાનની સ્થિતિ બતાવી. બીજા શબ્દનું પછી આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ચૈતન્ય ચમત્કારિક ચીજ છે. ચૈતન્યદ્રવ્યમાંથી અનંત અનંત કાળથી પર્યાય ઉત્પન્ન થવા છતાં ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ ઉણપ કે હિણપ થતી નથી. નિગોદની અવસ્થામાં ઘણો અલ્પ વિકાસ રહેવાથી ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ વૃદ્ધિ થતી નથી. નિગોદની પર્યાય કરતાં નવ પૂર્વ તથા અગિયાર અંગના ઉઘાડની પર્યાય અનંતગણી છે અને તેના કરતાં પણ અનંતગણી કેવળજ્ઞાનની પર્યાય છે કે જે અનંતાનંત પદાર્થોને અનંતકાળ સુધી જાણે; એવડી મોટી પર્યાય થઈ છતાં ચૈતન્યદ્રવ્યમાં કિંચિત્‌માત્ર પણ ઘટાડો કે ઉણપ થાય છે એમ નથી; દ્રવ્ય ને ગુણ તો સદાય એવા ને એવા જ પરિપૂર્ણ રહે એવો ચૈતન્યજાદુગર છે, તેની શક્તિઓ ચમત્કારિક છે, ચૈતન્યનો ચમત્કાર આશ્ચર્યકારી જાદુગરી જેવો છે. ચૈતન્યના ચમત્કારનો મહિમા અપરંપાર છે. એવા ચમત્કારી ચૈતન્ય પ્રભુની પ્રતીતિ કરવી એ આ દુર્લભ માનવભવમાં એકમાત્ર કર્તવ્ય છે.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૧૦૩૭)**

## શ્રી સમયસાર, ગાથા-૮૭,
## પ્રવચન નં. ૧૬૪, તા. ૧૩-૬-૧૯૬૯
## [૧૭]

ઘણા દિવસથી હિન્દી ચાલે છે તો કોઈ ગુજરાતીવાળા સમજતા નથી. થોડો અભ્યાસ હિન્દીવાળાએ ગુજરાતી કરવો. એટલે આજ (ગુજરાતીમાં લઈએ છીએ.) જુઓ !

'સમયસાર' કર્તા-કર્મનો અધિકાર. ૮૭ ગાથા ઉપર કૌંસમાં છે ત્યાંથી ફરીને લઈએ છીએ. જુઓ ! **'(પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને એમ કહ્યું કેજે એવું માને તે મિથ્યાદષ્ટિ છે;...'** શું કહ્યું ? કે આત્મા પરદ્રવ્યની ક્રિયાને પોતાની છે એમ માને કે હું કરું છું તે માન્યતાને ભગવાને અજ્ઞાન કહ્યું છે. થોડી-થોડી ભાષા ખ્યાલમાં લઈ લેવી. કારણ કે સદાય પછી હિન્દી ચાલે નહિ. અહીં તો ગુજરાતીઓ ઘણા છે ને. **'(પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને....)'** આત્મા પરદ્રવ્યની કોઈપણ પર્યાયની ક્રિયા કરે તો પોતાની પણ પર્યાય કરે અને પરની પણ કરે, એવી બે ક્રિયાવાદીથી તે મિથ્યાદષ્ટિ અને અજ્ઞાની થાય છે, એમ કહ્યું.

**શ્રોતા :–** પોતાની ન કરે ને પરની કરે તો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ પોતાની પર્યાય પોતે કરે. પરની કરે કોણ ? પર પરની કરે. એમાં પ્રશ્ન ક્યાં છે ? પોતે કરે પરની અને પોતાની ન કરે તે થઈ ગઈ ને ? એમ ક્યાં છે ?

**શ્રોતા :–** પોતે કુટસ્થ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતે પણ કાર્ય વિનાનો ? પર્યાય વિનાનો ? પરની (પર્યાયને) કરે એટલો તો પાછો કર્તા થઈ ગયો ને ? પરનું કાર્ય થયું એટલું તો પરિણમન પાછું આવ્યું. એમ છે જ નહિ.

પ્રત્યેક દ્રવ્ય, પ્રત્યેક આત્મા, પ્રત્યેક એટલે ભિન્ન-ભિન્ન, આત્મા અને એક એક પરમાણુ, પોતપોતાની... પોતપોતાની એટલે અપની-અપની એટલું થોડું સમજી લેવું. નહિતર સદા હિન્દી નહિ ચાલે. અહીં પર્યુષણમાં તો એકલી ગુજરાતી ચાલશે. પર્યુષણમાં બહારથી ઘણા માણસો આવે છે ને ! ચારસો-પાંચસો ગુજરાતી માણસો (આવે છે). સમજાય છે કાંઈ ? દરેક આત્મા અને દરેક પરમાણુ પોતપોતાની વર્તમાન પર્યાયને–અવસ્થાને, બદલતી ક્રિયાને કરે છે, પરની કરે છે એમ માને તે અજ્ઞાન અને મિથ્યાત્વ છે. **'ત્યાં આશંકા ઊપજે છે-'** એમ જ્યારે આપે કહ્યું ત્યારે એમાં સમજવા માટે એક શંકા ઊપજે છે એને આશંકા કહે છે. સમજવા માટે શંકા ઊપજે એ આશંકા છે. તમારી વાત ખોટી છે એમ કહે તો એ શંકા કહેવાય, પણ તમારી વાત મને સમજવામાં આવતી

નથી. એને મારે સમજવી છે એને આશંકા કહેવામાં આવે છે. સમજાણું ?

**'ત્યાં આશંકા ઊપજે છે કે આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે ?'** ભગવાન ! અમારો પ્રશ્ન છે કે મિથ્યાત્વભાવ-વિપરીત શ્રદ્ધા, રાગ-દ્વેષ, અવ્રત, કષાય આદિ શું ચીજ છે ? એ વસ્તુ શું છે ? **'જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે...'** મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ, દયા-દાન આદિના ભાવ, એને જો જીવના પરિણામ કહેવામાં આવે **'તો પહેલાં રાગાદિ ભાવોને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા...'** તમે તો અત્યાર સુધી એમ કહેતા હતા કે પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, વિકલ્પ જે છે, વ્રત, તપ, શીલ, સંયમ વગેરે જે વિકલ્પ ઊઠે છે એ બધા પુદ્‌ગલના પરિણામ છે એમ આપે તો કહ્યું હતું.

**શ્રોતા :–** ... કહ્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, કહ્યું હતું ને. પહેલેથી કહ્યું હતું. અને એ તો પુણ્ય-પાપના અધિકારમાં કહ્યું છે. સમજાય છે કાંઈ ? એ તો ઘણે ઠેકાણે કહ્યું છે. આપણે તો આ સોળમી વાર ચાલે છે. સભામાં સોળમી વાર 'સમયસાર' ચાલે છે. પહેલેથી પૂરેપૂરું. સમજાણું કાંઈ ? સોળ-સોળ. આખું પહેલેથી પૂરું. પહેલેથી પૂરું સોળમી વાર ચાલે છે. આ કાંઈ પહેલાં-બહેલા નથી, સોળમી વાર પહેલેથી ચાલે છે.

અહીંયાં કહે છે, અહીં તો વિશેષ સ્પષ્ટીકરણ ચાલે છે. શિષ્યનો પ્રશ્ન છે કે મહારાજ ! આપ મિથ્યાશ્રદ્ધા, અવ્રત, પ્રમાદ, કષાય એ જે ભાવ છે એ ભાવને આપ શું કહો છો ? એ તે જીવના છે કે અજીવના છે ? જો તમે જીવના કહો તો પહેલાં એમ કહેતા આવ્યા છો કે એ તો પુદ્‌ગલના પરિણામ છે, એ તો પુદ્‌ગલ પરિણામ છે. મિથ્યાત્વ રાગ, દ્વેષ, દયા, દાન, વ્રત-પરિણામ એ બધા પુદ્‌ગલના પરિણામ છે એમ કહેતા આવ્યા છો અત્યાર સુધી. સમજાય છે કાંઈ ?

**'મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે ? જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં....'** તો પહેલાંમાં આ જીવ અધિકારાદિમાં. આ પહેલાં પણ બધું આવ્યું છે-૫૦ ગાથા. મિથ્યાત્વાદિ ભાવ, રાગાદિ ભાવોને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા. આપે તો દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ ઊઠે એ બધો જડ, અચેતન, પુદ્‌ગલ પરિણામ કહ્યા હતા. કહો, બરાબર છે ? એમ શિષ્યનો પ્રશ્ન છે. **'તે કથન સાથે વિરોધ આવે છે;...'** પુદ્‌ગલના પરિણામ કહ્યાં અને અત્યારે જો જીવના કહો તો પહેલાં કથન સાથે વિરોધ આવે છે. તમે મેળ શી રીતે કરો છો ? પહેલાં કહેતા હતા કે મિથ્યાત્વ..... આવ્યું ને ૫૦ ગાથામાં ? ૨૯ બોલનો ઉકરડો. મિથ્યાત્વ, રાગ, દ્વેષ, શુભ, અશુભ, અધ્યવસાય, પરિણામ, વિકલ્પ, દયા, દાન, સંયમ, લબ્ધિ, પરિણામ, ગુણસ્થાન ભાવ બધા પુદ્‌ગલના પરિણામ છે. ચૌદ માર્ગણા-ચૌદ માર્ગણા એ બધા પુદ્‌ગલના પરિણામ આપે તો કહ્યા હતા. સમજાણું કાંઈ ? અને જો એને રાગાદિ ભાવને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા, માટે જીવના પરિણામ કહો તો વિરોધ આવશે.

**'અને જો પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવે...'** મિથ્યાત્વને, રાગ-દ્વેષના ભાવને જડની દશા કહેવામાં આવે, જડના પરિણામ કહેવામાં આવે **'તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી...'** એ જીવના પરિણામ–જીવની સાથે તો કાંઈ સંબંધ નથી, તો તે પરિણામનું **'ફળ જીવ કેમ પામે ?'** મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જો જડના કહો તો જીવને તેનું ફળ દુઃખરૂપ કેમ આવે ? સમજાય છે કાંઈ ? કહો, આ તો સમજાય છે કે નહિ હવે ગુજરાતી ? બે પ્રકાર પૂછ્યા કે આ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ તે શું ચીજ છે ? એ જો જીવના પરિણામ કહો તો આપે પહેલાં તેને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા એની સાથે વિરોધ આવે છે. જો તેને પુદ્‌ગલના પરિણામ કહો તો એનું ફળ દુઃખ તો જીવને આવે છે. રાગ-દ્વેષ, મિથ્યાત્વભાવનું દુઃખ તો જીવને આવે છે. પુદ્‌ગલના પરિણામ જો હોય તો એને આત્માને કાંઈ સંબંધિત નથી, તો દુઃખનું ફળ એને આવે કેમ ? કહો, બરાબર છે ? પંડિતજી !

**'તેમનું ફળ જીવ કેમ પામે ? આ આશંકા દૂર કરવાને હવે ગાથા કહે છે :-)'** આ આશંકા દૂર કરવાને. શંકા નથી, પણ હું સમજી શક્યો નથી. મને સમજવામાં આવ્યું નથી. શું આપ કહેવા માગો છો ? ઘડિકમાં એમ કહો કે રાગ એ પુદ્‌ગલના પરિણામ, ઘડીકમાં કહો કે જીવના પરિણામ. આ તો શું કહો છો તમે ? ક્યાંય મારે મેળ ખાતો નથી. માટે મારે સમજવું છે. એમ સમજવા માટે આશંકા કરે તે દોષ નથી. એ તો સમજવા માગે છે. પણ તમે કહો છો તે મેળ વિનાનું છે, જૂઠું છે એમ નથી. આનો મેળ શી રીતે કરવો ? એમ શિષ્યનો પ્રશ્ન છે.

**मिच्छत्तं पुण दुविहं जीवमजीवं तहेव अण्णाणं।**
**अविरदि जोगो मोहो कोहादीया इमे भावा।।८७।।**

**મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને**
**અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભયપ્રકાર છે. ૮૭.**

એ ટીકા લઈએ. **'ટીકા :- મિથ્યાદર્શન,...'** ૮૭ની ટીકા. એ પ્રશ્ન સમજવા માટે એનો ઉત્તર આપે છે. **'મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે.'** શું કહે છે હવે ? એ કહેલાની વાત. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, અવિરતિ, કષાય, જોગ, મોહ, ક્રોધ. આદિ શબ્દ છે ને ! મૂળ પાઠમાં એ બધા છે. મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ, જોગ, મોહ અને ક્રોધ આદિ જે પ્રત્યેક ભાવ **'મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી...'** જીવ અને અજીવ વડે થતા હોવાથી તે અજીવ પણ છે અને જીવ પણ છે. હવે શું કહે છે ? આટલી વાત કરી. હવે એને દૃષ્ટાંત દ્વારા સિદ્ધ કરે છે.

**'તે દૃષ્ટાંતથી સમજાવવામાં આવે છે :- જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ (વર્ણરૂપ) ભાવો...'** ઘેરો સમજો છો ? આપણે ગુજરાતીમાં ગહન, ગહેરો. ગહરા. ગહરા. ઘેરો વાદળી. ગહરો લીલો એટલે ઘેરો વાદળી અને લીલો, પીળો એ વર્ણરૂપે **'કે જેઓ મોરના પોતાના સ્વભાવથી...'** દેખો ! મોરની પર્યાય છે મોરમાં એ. મોરના પીંછા મોરની છે ને એ ? ઘેરો વાદળી, લીલો આદિ. **'મોરના પોતાના સ્વભાવથી મોર વડે ભાવવામાં આવે છે (-બનાવાય છે,...)'** મોર વડે થાય છે. મોર વડે હોતા હૈ. લ્યો ! ગુજરાતી આવ્યું અને હિન્દી આવી ગયું એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ ? **'મોર વડે ભાવવામાં...'** અર્થાત્ બનાવવામાં અર્થાત્ મોર વડે થાય છે.

**'તેઓ મોર જ છે...'** બહાર મોર છે એનો જે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે એ તો મોર જ છે, એ કાંઈ દર્પણનો નથી. **'અને (દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા) ઘેરો વાદળી...'** અને દર્પણ છે એમાં જે મોર (દેખાય છે), અહીંયાં મોર (છે) એનો ઘેરો વાદળી આદિ મોર છે, પણ અહીંયાં જે ઘેરો વાદળી આદિ દેય છે એ અરિસાની સ્વચ્છતાના વિકારની અરિસાની અવસ્થા છે. એ મોરની નહિ, મોરને લઈને નહિ.

**શ્રોતા :–** ઇ વળી નવ વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ માટે તો સિદ્ધ કરવું છે. અરિસામાં જેમ ઘેરો વાદળી આદિ જે દેખાય છે એ શું કહે છે ? જુઓ ! **'(દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા) ઘેરો વાદળી,...'** એ ગહરો કીધો ઇ. **'લીલો, પીળો ઇત્યાદિ ભાવો કે જેઓ (દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી...'** દર્પણની સ્વચ્છતા છે એ તો. દર્પણની અવસ્થા છે. એ લીલી, પીળી જે દેખાય તે દર્પણની અવસ્થા છે, મોરમાં જે લીલી દેખાય એ મોરની અવસ્થા છે, બે ભિન્ન અવસ્થા છે. સમજાય છે કાંઈ ? **'(દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી...'** માત્રથી કેમ કહ્યું ? પરનું કારણ બિલકુલ નથી એમ કહે છે. **'(દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે તેઓ દર્પણ જ છે;...'** દર્પણને અહીંયા જીવની ઉપમા આપી છે, મોરને અજીવની ઉપમા આપી છે. સમજાય છે કાંઈ ? દર્પણને જીવની ઉપમા છે અને મોરને અજીવની ઉપમા છે. એ ઉપમાથી જીવ-અજીવ ભાવને અહીંયાં સિદ્ધ કરે છે.

**'(દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા) ઘેરો વાદળી, લીલો, પીળો ઇત્યાદિ ભાવો...'** પર્યાય. ભાવ શબ્દે અહીં પર્યાય છે. **'જેઓ (દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે...'** દર્પણ વડે બનાવાય છે. **'તેઓ દર્પણ જ છે;...'** દર્પણમાં જે લીલી આદિ અવસ્થા છે એ દર્પણ વડે થયેલી છે, મોર વડે નહિ. સમજાય છે કાંઈ ? દર્પણમાં સામે મોર દેખાય છે ને, દર્પણમાં અહીંયાં. એ દર્પણ વડે થયેલી અવસ્થા છે, મોર વડે નહિ. અરિસામાં મોર દેખાય છે–મોર, એ અરિસા વડે થયેલી અવસ્થા અરિસાની છે, મોર વડે થયેલી અવસ્થા નથી. મોર વડે મોરમાં થઈ છે.

**શ્રોતા :–** મોર નહિ હોતા તો કૈસે આકાર હોતા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કૈસે આકાર હોતા હૈ એનો અર્થ શું ? પોતાની પર્યાયમાં એવો આકાર થાય છે ત્યારે મોર છે, પણ મોર વડે અરિસાની અવસ્થા થઈ છે એમ બિલકુલ નથી.

**શ્રોતા :–** .. કામ નથી કરતા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કામ કરે છે, પોતાથી કામ કરે છે એમ કહે છે.

**શ્રોતા :–** એ પાછો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તેથી **'पुण'** શબ્દ મૂક્યો છે. જુઓને ! **'पुण'** શબ્દ પડ્યો છે ૮૭માં. **'मिच्छत्तं पुण'** એમ કે દ્વિ–ક્રિયાવાદીને સ્પષ્ટ કરવા માટે અમે આ કથન કરીએ છીએ. **'पुण'** શબ્દ પડ્યો છે ને ?

આત્મા પોતાના... દર્પણ. પેલું દૃષ્ટાંત છે. દર્પણ પોતાની અવસ્થાને મોરરૂપે જે દેખાય છે અંદર, એ દર્પણ વડે થયેલી ને બનેલી થાય છે, એ મોર વડે થયેલી નથી અને મોરમાં જે લીલી, પીળી, ઘેરો, વાદળી આદિ અવસ્થા છે એ મોર વડે થયેલી–મોર વડે બનેલી છે, એ અરીસા વડે બનેલી નથી. ગુજરાતી આવે પણ વસ્તુ તો ઝીણી હોય એ આવે કે નહિ ? બાયુંને તો પરિચય ન મળે, કાંઈ ન મળે. સામાયિક કરો, પોષા કરો. જય નમો અરિહંતાણં. જાવ. ઇચ્છામિ પડિક્કમણેન તત્સુત્રી કરણેન. ધૂળમાં નથી કાંઈ ત્યાં. ... લ્યો, કાઉત્સર્ગ કર્યો. ક્યાં કાઉત્સર્ગ હતું ? મિથ્યાત્વ હતું ત્યાં તો બધું. દેહની ક્રિયા હું કરું છું, આ હાથ હું આમ કરું છું, આમ શરીરને હું રાખું છું. એ બધું દેહની ક્રિયાનો મિથ્યાત્વ અભિમાન, મિથ્યાત્વભાવ છે.

**શ્રોતા :–** મોરકી તરહ હૈ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મોરની જેમ છે. સમજાય છે કાંઈ ? આહા..!

**'(દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી...'** વિકારમાત્રથીનો અર્થ કેમ ? કે મોરને કારણે બિલકુલ નહિ એમ કહે છે. દર્પણ પોતાની સ્વચ્છતાની વિશેષ અવસ્થા દ્વારા તે રીતે બનેલી અવસ્થા અરીસાથી છે–દર્પણથી છે, મોરથી બિલકુલ નથી. આમાં મોટા વાંધા ઊઠે. મોર ન હોય તો ત્યાં કેમ થાય ? અરે..! પણ ન હોય એનો પ્રશ્ન ક્યાં અહીંયાં રહે ?

**શ્રોતા :–** અહીં થાય અને મોર ન હોય એમ બને કોઈ દિવસ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ 'બનેલી' સાધારણ (અર્થ) નથી સમજતા ? હુઈ, થઈ. એવા થોડા થોડા શબ્દો તો પંડિત લોકો સમજે કે નહિ ? અમે તો ગુજરાતી-કાઠિયાવાડી છીએ. અમારી કાઠિયાવાડી ભાષા (છે). બનેલી, પોતાથી થયેલી. સમજાય છે કાંઈ ? આ તો કેટલા દિ'થી મહિનાથી, સવા મહિનાથી ચાલે છે હિન્દી. આજે તો ગુજરાતી કહે ચલાવો. અમે સમજતા નથી, એમ કહે છે. માટે અહીંયા આવે એણે થોડું (ગુજરાતી શીખી લેવું). 'કૈલાશચંદજી'એ લખ્યું હતું એકવાર. 'કૈલાશચંદજી'એ કે ભાઈ ! સ્વામીજી પાસે જવું હોય તો ગુજરાતી શીખીને જાવું. કેમકે

એમની ભાષા ગુજરાતી કાઠિયાવાડી છે. તો એમની ગુજરાતી ભાષામાં જે રીતે આવે એવું હિન્દીમાં ન આવે. માટે ગુજરાતી શીખવું. લેખ લખ્યો હતો.

**શ્રોતા** :– લખ્યું હતું, પણ કોઈ અમલ કરતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કોઈ અમલ કરતું નથી. એ તો મને ખ્યાલ છે. કારણ કે જેવી ગુજરાતીમાં સ્પષ્ટતા આવે એવી હિન્દીમાં ન આવી શકે. હિન્દીનો અભ્યાસ નહિ ને.

**શ્રોતા** :– ગુજરાતી શીખવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અમે શીખવીએ કે તમારી મેળે શીખો ? અહીંયાં હિન્દી અને ગુજરાતી શબ્દકોષ બનાવ્યો છે. હિન્દી અને ગુજરાતી નાનો શબ્દકોષ બનાવેલો છે. 'ચંદુભાઈ' પાસે છે. આપશે. આવ્યા છે ને ? હિન્દી અને ગુજરાતીનો શબ્દકોષ બનાવ્યો છે. કારણ કે અહીં તો હિન્દી બહુ આવે છે ને માણસ ? તો કાંઈ હંમેશા હિન્દી ચાલે ? અહીં તો ઘણા માણસો ગુજરાતી હોય છે. પર્યુષણમાં તો બિલકુલ હિન્દી નહિ ચાલે. અહીં પર્યુષણ આવે જે સ્થાનકવાસીના આઠ દિવસ, ત્યારે તો ઘણું માણસ બહારથી આવે છે. ગુજરાતી કાઠિયાવાડી ચાલે છે. ત્યારે તો સવાર અને બપોર ગુજરાતી જ ચાલે. સમજાણું કાંઈ ? થોડો અભ્યાસ કરવો. એવી વાત છે, ભાઈ !

કહે છે કે તેઓ દર્પણ છે. એ દૃષ્ટાંત આપ્યો. દૃષ્ટાંત સમજ્યા ? કે મોરની અવસ્સ્થમાં જે અવસ્થા છે એ મોર વડે થયેલી છે. લ્યો ! બનેલી છે, થયેલી છે, હુઈ હૈ, થાય છે એનાથી થાય છે અને અરિસાની અવસ્થામાં જે મોર દેખાય છે એ અરિસા વડે થયેલી છે. અરિસામાં મોર દેખાય છે એ અરિસા વડે થયેલી છે, મોર વડે નહિ. કહો, સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'તેવી જ રીતે...'** હવે આ તો દૃષ્ટાંત કીધો. મોર અને દર્પણનું દૃષ્ટાંત. મોરની અવસ્થા મોર દ્વારા બને છે. કહો, એમ તો સમજાય છે કે નહિ ? અને દર્પણની અવસ્થા દર્પણ દ્વારા થાય છે. દર્પણની અવસ્થા મોર દ્વારા થતી નથી અને મોરની અવસ્થા દર્પણ દ્વારા થતી નથી. બહુ સાદી ભાષા છે.

**શ્રોતા** :– મોરની અવસ્થા દર્પણ દ્વારા ન થાય એ તો અમને કબુલ છે પણ દર્પણની અવસ્થાનું શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એનો એ દર્પણ દ્વારા થાય છે, મોર દ્વારા બિલકુલ એક દોકડો થાતો નથી. ઘણા એમ કહે છે, હોં ! એમાં તકરાર કરે છે. દેખો ભાઈ ! માથે મોર છે તો એવી પર્યાય અરિસામાં આવે છે. મોર હટાવી લ્યો તો ક્યાંથી રહે ? પણ કોણ હટાવે, સાંભળ તો ખરો. મિથ્યા અભિમાન છે.

**શ્રોતા** :– મોરની જગ્યા બિલાડીનું દૃષ્ટાંત કેમ નહિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– બિલાડી હો. બિલાડી ભલે હો. તો બિલાડી લ્યો. બિલાડીની અવસ્થા

બિલાડીમાં છે અને બિલાડી જે દર્પણમાં દેખાય છે એ દર્પણની અવસ્થા છે. બિલાડી દર્પણમાં એવી દેખાય છે ને એ દર્પણની અવસ્થા છે. દર્પણની અવસ્થા દર્પણથી બનેલી છે, મિંદડીથી બનેલી નથી. મિંદડીમાં બહુ રંગ નથી એટલે દૃષ્ટાંત ન દીધું. આમાં તો લીલા ને પીળા ને ઘેરા રંગ છે ને ! માટે આ દૃષ્ટાંત આપ્યું છે.

**શ્રોતા :–** મિથ્યાત્વ, કષાય,..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, બધા દેવા છે ને. મિથ્યાદર્શન, અવ્રત, પ્રમાદ, કષાય. મોરમાં બધા છે ને ? મોરમાં બધાય રંગ છે. કહો, સમજાય છે કાંઈ ?

**'તેવી જ રીતે...'** મોર અને દર્પણના દૃષ્ટાંતની પેઠે **'મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો...'** મિથ્યાદર્શન દર્શનમોહની પર્યાય, અજ્ઞાન જ્ઞાનાવરણીની પર્યાય, અવિરતિ ચારિત્રમોહની પર્યાય. સમજ્યા ? **'ઇત્યાદિ...'** સામે લઈ લેવું. જોગ–એ જડની પર્યાય. અંદર નામકર્મની (પર્યાય). મોહ જડની પર્યાય, ક્રોધ, માન, માયા જડની પર્યાય. સામે પુદ્‌ગલમાં. **'અવિરતિ ઇત્યાદિ ભાવો...'** ભાવ શબ્દે પર્યાય છે આ. ભાવ શબ્દે પર્યાય છે આ. **'મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઇત્યાદિ ભાવો...'** એટલે પર્યાય. **'કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે...'** અજીવ વડે થાય છે. **'તેઓ અજીવ જ છે...'** શું કહ્યું ? પુદ્‌ગલમાં દર્શનમોહની જે અવસ્થા થઈ, એ પુદ્‌ગલમાં મિથ્યાદર્શન. પુદ્‌ગલમાં મિથ્યાદર્શન અવસ્થા, દર્શનમોહની અવસ્થા એ પુદ્‌ગલની મિથ્યાદર્શન અવસ્થા. **'અજ્ઞાન,...'** જ્ઞાનાવરણીનો ઉદય પુદ્‌ગલમાં થયો એ પુદ્‌ગલની અજ્ઞાન અવસ્થા–પુદ્‌ગલની અજ્ઞાન અવસ્થા.

**'અવિરતિ,...'** ચારિત્રમોહનો ઉદય પુદ્‌ગલની અવસ્થા થઈ એ અવિરતી જડની અવસ્થા. એમ જોગ. કંપન્ન થયું જડમાં. આકર્ષણ પુદ્‌ગલમાં (થયું). પુદ્‌ગલની અવસ્થા ત્યાં જોગ(ની થઈ) એ અજીવ અવસ્થા. એમ મોહ. મોહ કર્મનો ઉદય ત્યાં એ જડની અવસ્થા. ક્રોધાદિ- ક્રોધ, માન, માયા, લોભ એ કર્મનો ચારિત્રમોહનો ઉદય એ જડની અવસ્થા. **'ઇત્યાદિ ભાવો કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી...'** દેખો ! એ પુદ્‌ગલના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે થયું છે. એ અજીવ વડે દર્શનમોહની પર્યાય થઈ છે. આત્માએ મિથ્યાત્વભાવ કર્યો માટે દર્શનમોહની અવસ્થા થઈ છે એમ નથી.

**શ્રોતા :–** 'ગોમટસાર' ભણ્યા હોય એને કઠણ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કઠણ કાંઈ (નથી). બધું ગોમ્મટસાર પણ બરાબર છે. સમજાવે છે નિમિત્તથી.

અહીં તો કહે છે કે જીવે મિથ્યાત્વભાવ કર્યો (કે) રાગ મારો છે, હું દુઃખી છું, હું પરથી સુખી છું કે હું રાગનો કરનાર છું, હું પુણ્યની ક્રિયાનો કરવાવાળો છું, એવો જે મિથ્યાત્વભાવ એ

મિથ્યાત્વભાવ છે તો ત્યાં સામે દર્શનમોહની પર્યાય થાય છે એમ નથી. સમજાય છે કાંઈ ? એ તો **'અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી...'** પોતાના સમજ્યા ? અપના સમજીવ લેવું. પોતાનો એટલો પોતાનો-ખુદનો.

**'અજીવના પોતાના દ્રવ્યસ્વભાવ...'** દેખો ! એ તો દ્રવ્યસ્વભાવ, એ પુદ્ગલનો દ્રવ્યસ્વભાવ (છે). દર્શનમોહરૂપે પરિણમવું એ પુદ્ગલનો દ્રવ્યસ્વભાવ, ચારિત્રમોહરૂપે થવું એ પુદ્ગલનો દ્રવ્યસ્વભાવ, કંપન–જોગની અંદર શરીરની નામ કર્મની પ્રકૃતિરૂપે થવું એ જડનો દ્રવ્યસ્વભાવ, એ દ્રવ્યસ્વભાવથી–અજીવ વડે બને છે. પુદ્ગલની અવસ્થા જડમાં અજીવ વડે બને છે, આત્મા વડે બનતી નથી. આત્માએ રાગ કર્યો માટે ચારિત્રમોહની પર્યાય ત્યાં થઈ એમ નથી, ચારિત્રમોહની પર્યાયમાં દ્રવ્યસ્વભાવ–પુદ્ગલના દ્રવ્યસ્વભાવને લઈને ચારિત્રમોહની પર્યાય થઈ, અહીં રાગ કર્યો માટે ચારિત્રમોહની પર્યાય થઈ એમ નથી. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? સાંભળ્યું કોઈ દિ' ન મળે, વિચાર્યું ન મળે. એમનેમ ઓઘે આંધળેઆંધળે ચાલ્યે જાય. જીવ ને અજીવ બે જુદા છે. આમ કહે ખરા. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. આવે છે ને ? પચ્ચીસ મિથ્યાત્વમાં આવે છે. પચ્ચીસ મિથ્યાત્વ સ્થાનકવાસી સંપ્રદાયમાં (આવે છે).

કહે છે, જે દર્શનમોહની પર્યાય જડમાં થઈ તે દ્રવ્યના પુદ્ગલ સ્વભાવને લઈને થઈ. જીવે અહીંયાં મિથ્યાદર્શન અભિપ્રાય કર્યો માટે દર્શનમોહની પર્યાય થઈ એમ નથી. એમ જીવે અજ્ઞાન કર્યું–અજ્ઞાન–સ્વરૂપનું અજ્ઞાન (કર્યું) માટે જ્ઞાનાવરણીના પર્યાયપણે ઉદય આવ્યો ત્યાં જ્ઞાનાવરણીમાં-જડમાં, એમ નથી. એ જ્ઞાનાવરણીની પર્યાય પુદ્ગલ દ્રવ્યસ્વભાવને લઈને થઈ છે, જીવના અજ્ઞાનને લઈને નહિ.

એમ **'અવિરતિ...'** જીવે અત્યાગભાવ, સમ્યગ્દર્શનસહિત કે રહિત, જેટલું અંદર અત્યાગભાવનું પરિણમન જીવમાં છે માટે ત્યાં ચારિત્રમોહની પ્રકૃતિમાં અવિરતિ જડની પર્યાય થઈ એમ નથી. સમજાણું કાંઈ ? **'અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી...'** દેખો ! એ દ્રવ્યસ્વભાવ કીધો. એ વિકારી પર્યાય પણ દ્રવ્યનો સ્વભાવ કીધો, ભાઈ ! અહીં. એ દ્રવ્યનો સ્વભાવ, પુદ્ગલનો સ્વભાવ છે. દર્શનમોહરૂપે થવું એ પુદ્ગલ દ્રવ્યનો સ્વભાવ છે. ચારિત્રમોહપણે થવું એ પુદ્ગલનો છે તો સ્વભાવ છે. એ દ્રવ્યનો સ્વભાવ એ પર્યાયપણે તે સમયે પરિણમવું એવો એનો સ્વભાવ છે.

**શ્રોતા :–** સ્વભાવ છે તો પછી કોઈ દિવસ મટશે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સ્વભાવનો પ્રશ્ન (નથી). સ્પષ્ટ ભવનં સ્વભાવઃ. પોતાની પર્યાય પોતાથી થઈ માટે સ્વભાવ. વિકારી હો કે અવિકારી હો, એની સાથે સંબંધ છે નહિ અત્યારે. આહા..હા...! સ્પષ્ટ ભવનં. કીધું ને ? સ્પષ્ટ નામ પોતાના દ્રવ્યસ્વભાવ. સ્પષ્ટ ભવનમ્ એટલે. પરમાણુમાં પોતાના દ્રવ્યસ્વભાવને લઈને તે દર્શનમોહની પર્યાય થઈ છે, ચારિત્રમોહની પર્યાય થઈ

છે, ક્રોધ, માન, માયા, લોભની જડની પોતાના દ્રવ્યસ્વભાવને લઈને કર્મમાં પુદ્ગલના સ્વભાવને લઈને થઈ છે, જીવના ભાવને લઈને ત્યાં થઈ છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ ?

**'અને મિથ્યાદર્શન,...'** હવે જીવની વાત લીધી. જીવમાં જે મિથ્યા અભિપ્રાય જીવ કરે છે તે જીવની પર્યાય જીવ દ્વારા બનેલી છે, દર્શનમોહના ઉદય દ્વારા બનેલી છે એમ છે નહિ. સમજાય છે કાંઈ ? **'મિથ્યાદર્શન,...'** દયા, દાન, વ્રત, પરિણામ એ મારા હિતકર છે, એ પુણ્ય મારી ચીજ છે, મને લાભદાયક છે એવા જે મિથ્યાદર્શનના પરિણામ–એવા જે મિથ્યાદર્શનના પરિણામ એ જીવ વડે ભાવેલા છે–જીવ વડે થયેલ છે, એ દર્શનમોહ વડે થયેલ નથી. કહો, સમજાય છે કાંઈ ? **'મિથ્યાદર્શન, અજ્ઞાન,...'** જ્ઞાનાવરણીનો ઉદય, નિમિત્ત અને અહીંયાં અજ્ઞાન. પોતાના સ્વરૂપનું ભાન નહિ એ અજ્ઞાન જીવ વડે થયેલ છે, જીવે થયું છે, જીવે કર્યું છે. એ અજ્ઞાન જ્ઞાનાવરણીની પર્યાયને કારણે અજ્ઞાન છે એમ બિલકુલ નથી. કહો, સમજાણું ?

**શ્રોતા** :– બિલકુલ નહિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– બિલકુલ જરીયે નહિ. તેથી તો કહે છે, જુઓને !

**'ચૈતન્યના વિકારમાત્રથી...'** એમ શબ્દ છે ને ? માત્ર શબ્દ પડ્યો છે. ઓહો..! મિથ્યાદર્શનનો અભિપ્રાય જીવે પોતાની વિકારમાત્રની અવસ્થાથી કરેલ છે. નહિ કે દર્શનમોહનો ઉદય છે માટે અહીં વિકાર પરિણમે જીવ એમ છે નહિ. ઓહો..હો...! શીખવ્યું એવું બધાને, લ્યો ! દર્શનમોહનો ઉદય હોય તો મિથ્યાત્વ થાય. જુઓ ! સમજાણું કાંઈ ? ચારિત્રમોહનો ઉદય હોય તો રાગ થાય. વેદનો ઉદય હોય તો વેદની વાસના થાય. બધી જૂઠી વાત છે, બધી જૂઠી વાત છે.

એમાં એ હતું. જ્ઞાનાવરણી.. જ્ઞાનાવરણી. જ્ઞાનાવરણીમાં થાય ? અજ્ઞાન અજ્ઞાનને કારણે થાય. પોતાના સ્વરૂપમાં અજ્ઞાન પોતાનું પોતાને કારણે થાય. જ્ઞાનાવરણીને લઈને બિલકુલ નહિ. આહા..હા...! બહુ લીધું છે ને એ. ટેપ રેકોર્ડિંગ લીધું છે. સમજાણું કાંઈ ? એમાં આ બધું લીધું છે. એ જ્ઞાનાવરણીને કારણે થાય છે. છે કે નહિ આમાં ? ક્યાં છે ? છે આમાં ? કઈ આ ? પહેલી ? આ શું છે ? આ નહિ. આ 'તત્ત્વાર્થસૂત્ર' છે.

'વિભાવ ઔર બાત હૈ. યહ તો જ્ઞાનાવરણાદિ કર્મકા ઇસ પ્રકારકા ક્ષયોપશમ હૈ. તત્ કર્તમ ભાવસે આત્માકા જ્ઞાન અધિક વિકાસ હોતા હૈ. જિતના ઉદય હોતા હૈ ઉતના અજ્ઞાન રહતા હૈ. જિતના જ્ઞાનાવરણી કર્મકા ઉદય હોગા ઉતના હી અજ્ઞાન રહેગા. જિતના જ્ઞાનાવરણી કર્મકા ક્ષયોપશમ હોગા ઉતના જ્ઞાન રહેગા.' એય...! પંડિતજી ! નથી ? પછી 'રતનચંદજી' પૂછે છે. 'કાનજીસ્વામી' યહ કહતે હૈ, મહારાજ ! આ (સંવત) ૨૦૧૩ની સાલની વાત છે. બાર વર્ષ થયા. 'કાનજીસ્વામી યહ કહતે હૈં, મહારાજ ! જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહિ કરતે.' આત્મામાં જ્ઞાનાવરણી કર્મ કુછ કરતે નહિ, એમ કહે છે. અપની યોગ્યતા સે જ્ઞાનમેં કમી-બેસી હોતી હૈ એમ કહે છે એ

તો. ઇ જ આ ચાલે છે. વધ-ઘટ અમારી ભાષા. કમી-બેસી તમારી ભાષા. જ્ઞાનમાં ઓછા-વત્તાપણું થાય છે એ પોતાને કારણે થાય છે, કર્મને કારણે–જ્ઞાનાવરણીને કારણે બિલકુલ નથી. કહો, 'અપની યોગ્યતા સે હોતી હૈ. કાનજીસ્વામી યહ કહતે હૈં કિ જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહિ કરતે. તો મહારાજ ક્યા યહ ઠીક હૈ ?' 'વર્ણીજી' જવાબ આપે છે. 'યહ ઠીક હૈ ? આપ હી સમજો. કૈસે ઠીક હૈ ? કિ ઠીક નહીં હૈ. કોઈ ભી કહે ચાહે, હમ તો કહતે હૈં કિ અંગધારી ભી કહે તો ઠીક નહિ.' આ ટેપરેકોર્ડ઼ી છે. છપાણી હતી. બહાર આવી ગઈ.

**શ્રોતા :–** શિખરજી કે સમય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, શિખરજીના સમયે. બે વખત છપાણી.

**શ્રોતા :–**નિર્ણય ક્યા હુઆ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધી વાત જૂઠી છે. એવી વાત છે નહિ. એ વાત આપણે ચાલે છે અહીં.

**શ્રોતા :–**- દ્વિક્રિયાવાદીની વાત ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્વિક્રિયાવાદીની વાત ચાલે છે. એ ચર્ચા થઈ હતી અંદરમાં અમારે. નહિ, બિલકુલ નહિ. વિકાર અને જ્ઞાનની હિનતા તો પોતાથી થાય છે, પરથી બિલકુલ નહિ. એની સામે વિરોધ કર્યો છે. ટેપરેકોર્ડિંગમાં છે. એ અહીં કહે છે, જુઓ !

**'મિથ્યાદર્શન, અજ્ઞાન,...'** દેખો અજ્ઞાન. **'અવિરતિ...'** જીવની પર્યાય. **'ઇત્યાદિ ભાવો...'** ઇત્યાદિમાં લેવું જોગ, મોહ, ક્રોધાદિ. **'કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી..'** જુઓ ! ચૈતન્યના વિકારમાત્રથી **'જીવ વડે ભાવવામાં આવે છે...'** ભાવવા નામ બનાવાય છે. જીવ વડે બનાવાય છે, જીવ વડે હોતા હૈ–જીવ વડે થાય છે. **'તેઓ જીવ જ છે.'** કહો, પંડિતજી ! જ્ઞાનાવરણીનો ઉદય છે તો અહીં હીણી અવસ્થા થાય છે એમ બિલકુલ છે નહિ અને જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ થાય માટે અહીં ક્ષયોપશમ અવસ્થા થાય, એમ છે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! એ તો મોટી વિરૂદ્ધતા. બે દ્રવ્યની એક્તા છે ત્યાં તો હજી. રાગથી ભિન્નની તો વાત જ ક્યાં રહી ? સમજાણું કાંઈ ?

દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, આદિના પરિણામ એ તો શુભપુણ્ય. સ્થુળ પરિણામ, સ્થુળ પરિણામ છે એ તો. પોતાના સ્વભાવથી ભિન્ન છે. સમજાણું કાંઈ ? એને મોક્ષનું કારણ અજ્ઞાની માને છે. સંવર-નિર્જરાનું કારણ. વ્રત, તપ, નિયમ સંવર-નિર્જરાનું કારણ અજ્ઞાની માને છે. એ તો શુભભાવ છે, બંધનું કારણ છે. વ્રત, તપ, શીલ... સમજાણું કાંઈ ? એ શુભભાવ વિકલ્પ છે, રાગ છે, છે રાગ પોતાની પર્યાય–જીવની, જડની નહિ. એટલું અહીં સિદ્ધ કરવું છે. પણ અજ્ઞાની તો રાગની પર્યાય પરથી થાય એમ માને છે અને એ રાગથી ધર્મ થાય એમ માને છે એટલે ડબલ ભૂલ છે. સમજાય છે કાંઈ ?

અજીવ કર્મ છે, અજીવ તત્ત્વ, એને લઈને આસ્રવતત્ત્વ થયું. એટલે અજીવ ને આસ્રવ બે એક

થઈ ગયા. એને લઈને આસ્રવ થયો. પુણ્ય-પરિણામ આસ્રવ, એ અજીવને લઈને આસ્રવ. અજીવ અને આસ્રવ એક કરી દીધા. એ મિથ્યાત્વ ભ્રમ છે. અને પુણ્ય-પરિણામ આસ્રવ છે, એને લઈને ધર્મ થાય તો આસ્રવ ને સંવરને એક કરી દીધા. સમજાય છે કાંઈ ? આહા..હા...! બહુ સૂક્ષ્મ વાત. છે તો ઘણી સીધી અને સરળ પણ લોકોને મળી નથી ને આડે રસ્તે ચડી ગયા. એય..! 'દીપચંદજી' !

જુઓને ! પહેલાં જે મિથ્યાદર્શન કીધા હતા એ જડની પર્યાય. એ મોરમાં લાગુ પડે. અને આ મિથ્યાદર્શન એ દર્પણમાં લાગુ પડે. જેમ દર્પણની અવસ્થા દર્પણથી થયેલી છે, એમ જીવની મિથ્યાદર્શન, અજ્ઞાન, રાગ, દ્વેષ અવસ્થા જીવથી થયેલ છે, અજીવના કારણે બિલકુલ છે નહિ. મોરને કારણે દર્પણમાં અવસ્થા થતી નથી, એમ જીવની અવસ્થા કર્મના ઉદયને કારણે બિલકુલ થતી નથી. મોરનું દૃષ્ટાંત અજીવ છે, દર્પણનું દૃષ્ટાંત જીવની સાથે મેળવવું. જીવ અને મોહ. સમજાય છે કાંઈ ? અરે..! ભાવાર્થમાં તો પાછું રાગથી જુદો પાડવાનું કહે છે, હોં ! એકલો સ્વાદ આ મારો છે અને પરનો સ્વાદ નથી તો એ સ્વાદ મારો ત્યાં સુધી તો મિથ્યાત્વ છે. આ તો મિથ્યાત્વના નાશની વાત કરે છે. આગળ લઈ જાય છે વાત. સ્વાદ જુદો છે, આ જડનો સ્વાદ છે, અજીવ છે, તો તો પછી વિકાર મારો છે એમ થયું અંદર. વિકાર મારો છે ત્યાં સુધી તો મિથ્યાદર્શન છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ભારે અંતરની વાતું, ભાઈ !

આ તો વાસ્તવિક પદાર્થની દૃષ્ટિ છે. સમજાણું ? એ યથાર્થ સમજણ વિના–યથાર્થ જ્ઞાન વિના એને સ્વરૂપની રુચિ ન થાય અને સ્વરૂપની રુચિ વિના એનો અનુભવ, સમ્યગ્દર્શન અનુભવ નહિ થાય અને જ્યાં સુધી સમ્યગ્દર્શન અનુભવ નથી ત્યાં સુધી જરીએ ધર્મ નથી, જરીએ અંશે ધર્મ નથી. ચાહે તો પંચ મહાવ્રતની ક્રિયા ને અઠ્યાવીશ મૂળગુણ પાળીને મરી જાય, સુકાઈ જાય. ક્લિષ્યતામ્. આવે છે ને ? કિલષ્યતામ. મરી જાય, સુકાઈ જાય, ભૂક્કો થઈ જાય. શરીરને જીર્ણ કરીને. તપસ્યા ને વ્રત ને... તારું બધું રણમાં પોક મુકવા જેવી વાત છે. રણમાં પોક સમજ્યા ? અરણ્ય રુદન. અમારી કાઠિયાવાડી (ભાષામાં કહે છે) રણમાં પોક મૂકે. અરણ્ય રુદન. ત્યાં કોણ સાંભળે ?–કોઈ સાંભળે નહિ. આહા..હા...! એમ તારા પુણ્યના વિકલ્પથી તું ધર્મ માને તો ક્યાંથી થશે ? અહીં તો હજી તો પરથી મારામાં વિકાર (થાય એમ માને છે), જુઓ ! કર્મના ઉદયથી મને શુભભાવ થયો. એમ થયું ને એને ? શુભભાવ મારી પર્યાય પણ કર્મને કારણે થઈ. અજીવથી શુભભાવ થયો એમ માન્યું–આસ્રવ અને એ શુભભાવથી મને ધર્મ થયો એટલે ત્રણે ખીચડો કર્યો. અજીવથી પુણ્ય અને પુણ્યથી ધર્મ. શુભભાવથી ધર્મ. વ્રત, નિયમ એ શુભભાવ છે એનાથી ધર્મ એટલે અજીવથી આસ્રવ, આસ્રવથી સંવર.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો એમાં આવી ગયું. કહો, સમજાય છે કાંઈ ?

પહેલાં મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ કષાય આદિ જે ભાવ હતા એ જડની પર્યાય હતી, પુદ્‌ગલની. એ પુદ્‌ગલની છે પુદ્‌ગલમાં છે. જેમ મોરની પર્યાય મોરમાં છે. મોરની પર્યાય કાંઈ દર્પણને લઈને નથી અને દર્પણની પર્યાય દર્પણને લઈને છે. એમ મિથ્યાદર્શન અજ્ઞાન એ દર્પણની અવસ્થા છે. મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ, ક્રોધ, જોગ, મોહ ઇત્યાદિ પર્યાય. **'કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી...'** ચૈતન્યના વિશેષ વિકૃત માત્રથી. માત્રથી એમ કહે છે. નિમિત્ત બિલકુલ કાંઈ કરતું નથી, એમ કહે છે. જીવ દ્વારા. **'જીવ વડે...'** આત્મા વડે. આહા..હા...! દેખો અહીંયાં. **'ભાવવામાં આવે છે.'** જીવ વડે એ બનાવાય છે. જીવ વડે પર્યાય વિકારી બનાવાય છે. **'તેઓ જીવ જ છે.'** ઓહો..હો...! સમજાણું કાંઈ ? ૩૨૦ ગાથા ચાલી હતી. ૩૨૦ ગાથા છે ને ? 'સમયસાર'ની ચાલી હતી. 'રાજકોટ'.

**શ્રોતા :–** જુદાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જીવ વડે ભવાય છે. ત્યાં તો એવી વાત છે કે પોતાનો ભગવાન જે ધ્રુવ પરમ સ્વભાવ છે, પરમ પારિણામિકભાવ.. આજ આવી ગયું હતું પાનું, હાથમાં આવી ગયું. ૩૨૦ ગાથા છે ને ? 'જયસેનાચાર્ય'ની ટીકા, એનું ગુજરાતી બનાવ્યું. 'રાજકોટ'થી માગણી હતી. ઘણું સૂક્ષ્મ છે. 'રાજકોટ'ની માગણી હતી. તો પછી અહીંયાં માણસ મળ્યું નહિ. હિન્દીથી વાત નહિ કરી શકું. સંસ્કૃતમાંથી નહિ કહી શકું. ગુજરાતી હોય તો સ્પષ્ટ કરું. તો પછી ગુજરાતી બનાવ્યું ભાઈએ. ઘણું સૂક્ષ્મ છે. આઠ વ્યાખ્યાન થયા હતા.

એમાં તો ત્યાં સુધી કહ્યું છે, એમાં 'જયસેનાચાર્ય'ની ટીકા (છે). ભગવાન આત્મા જે પરમપારિણામિક ધ્રુવ સ્વભાવ છે, એમાં તો બંધ ભાવ નથી, મોક્ષ ભાવ નથી, મોક્ષમાર્ગની પર્યાય નથી, બંધના કારણરૂપ પર્યાય નથી. એ ચાર પર્યાયથી રહિત ધ્રુવ સ્વભાવ એ આત્મા છે, આત્મા છે. ધ્રુવ સ્વભાવ એ આત્મા છે એમ કીધું. ઉત્પાદ-વ્યય એ પરમાર્થ આત્મા નથી. ઉત્પાદ-વ્યય, મોક્ષની પર્યાય પણ ઉત્પાદ-વ્યય છે. મોક્ષમાર્ગની પર્યાય ઉત્પાદ-વ્યય છે. બંધ પણ ઉત્પાદ-વ્યય છે, બંધનો માર્ગ પણ ઉત્પાદ-વ્યય છે. એટલે સમય પર્યાય છે. એ પર્યાય રહિત એ ત્રિકાળી દ્રવ્ય છે તે જીવનું વાસ્તવિક ખરું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? છે ને એમાં છે હજી, હોં ! મૂળ તો ઓલામાં છે.

શુદ્ધ પારિણામિકભાવ બંધના કારણરૂપ જે ક્રિયા–રાગાદિ પરિણતિ તે રૂપ નથી, મોક્ષના કારણરૂપ ક્રિયા શુદ્ધભાવની પરિણતિ તે રૂપ પણ નથી. એમાં નથી. 'જયસેનાચાર્ય'ની ટીકાની વાત છે. ઘણી સૂક્ષ્મ વાત છે, ઘણું સૂક્ષ્મ છે. જુઓ ! સિદ્ધાંતમાં કહ્યું છે કે શુદ્ધ પારિણામિકભાવ નિષ્ક્રિય છે. ત્રિકાળ ભાવ, ધ્રુવ ભાવ નિષ્ક્રિય છે. એમાં મોક્ષની પર્યાયની ક્રિયા નથી, મોક્ષમાર્ગની ક્રિયા નથી, સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ, ધ્રુવ ચૈતન્ય છે એમાં એ છે નહિ. સમજાય છે ? પરમાર્થે જીવ

ઊપજતો પણ નથી અને મરતો પણ નથી અને બંધ ને મોક્ષ કરતો નથી–એમ શ્રી જિનવર 'પરમાત્મપ્રકાશ'માં કહે છે.

અહીં તો ભગવાન આત્મા, અહીં તો પરથી ભિન્ન બતાવે છે હજી તો. સમજાય છે કાંઈ ? પણ હજી પરથી ભિન્ન મારી પર્યાય મારાથી (થાય) અને એની પર્યાય એનાથી (થાય), એટલું નક્કી કરતાં ન આવડે એને વિકારી અને અવિકારી પર્યાયથી મારી ચીજ તદ્દન ભિન્ન છે (એ કેવી રીતે નક્કી કરે ?) ભિન્ન છે દ્રવ્યસ્વભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. નિષ્ક્રિય ધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય છે. મોક્ષ અને મોક્ષનો માર્ગ એ બધો સમ્યગ્દર્શનનો વિષય નથી. ઘણું સૂક્ષ્મ છે. ત્યાં તમારે 'લાલભાઈ' છે ને 'રાજકોટ'માં ? 'લાલચંદભાઈ'એ ઘણો સૂક્ષ્મ અભ્યાસ કર્યો છે, બહુ સૂક્ષ્મ. સૂક્ષ્મ-સૂક્ષ્મ માગે ત્યાં જઈએ તો. ઝીણામાં ઝીણી વાત લાવો. બોલો ભાઈ કઈ કઈ ગાથા (લેવી છે ?) તો લખે કે આ ગાથા.. આ ગાથા... બહુ અભ્યાસ. 'પરમાત્મપ્રકાશ'માંથી... ઘણા સૂક્ષ્મ અભ્યાસી, ઘણા આત્માર્થી, ઘણું અંતરમાં મંથન છે. ત્યાં વાંચે છે. એ આવ્યા હતા. રવિવાર આવે તો આવે. પરમદિવસે. કાલે શનિવાર છે. રવિવારે આવે તો આવે. આ રવિવારે. સૂક્ષ્મ માગે ત્યાં જઈએ તો. ૩૦૦ ઘર છે. આપણા ઘર થયા. શ્વેતાંબરમાંથી દિગંબર થયા.

અહીં કહે છે, ભગવાન ! દર્પણની અવસ્થા તો પોતાથી પોતા વડે પોતામાં ષટ્કારકથી થયેલી છે. એ મોરને લઈને બિલકુલ નથી. મોરની અવસ્થા દર્પણને લઈને બિલકુલ નથી. એ તો હજી લોકોને બેસે. ઠીક છે, ભાઈ ! એ તો હજી ઠીક લાગે. મોરની અવસ્થા દર્પણને લઈને નહિ, પણ જો મોર ન હોય તો દર્પણમાં અવસ્થા ન બને. તો મોર આવ્યો તો દર્પણની અવસ્થાનું પરિણમન એને લઈને થયું ? એના અસ્તિત્વને લઈને થયું ?–બિલકુલ નહિ. પોતાના તે પર્યાયના અસ્તિત્વને લઈને તે પરિણમન દર્પણમાં પોતાથી થયું છે, મોર છે માટે થયું છે, મોરનું અસ્તિત્વ સામે છે માટે થયું છે એ બિલકુલ જૂઠી વાત છે. મોરની પર્યાયનું સત્ સત્‌માં અને દર્પણની પર્યાયનું સત્ દર્પણમાં, એમ આત્માની પર્યાય–રાગ-દ્વેષ, મિથ્યા અભિપ્રાયની પર્યાય જીવમાં અને પુદ્ગલની પર્યાય જડમાં. જડની પર્યાયને લઈને કિંચિત્ મિથ્યાદર્શન અને અજ્ઞાન અને રાગ-દ્વેષ અહીં થાય છે એ બિલકુલ જૂઠી વાત છે.

**શ્રોતા** :– આપના ઉપદેશથી રાજકોટમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો હતો થાય છે. શું થાય છે ? પરથી ક્યાં થાય છે ? સમજાય છે કાંઈ ?

**શ્રોતા** :– ચરણાનુયોગમાં તો એવી રીતે જ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો નિમિત્તથી કથન છે. ચરણાનુયોગમાં નિમિત્તથી કથન છે, વસ્તુ એવી નથી. નિમિત્તથી કથન છે કે જ્ઞાન પોતાની પર્યાય હીણી કરે છે તેનો કર્તા જીવ છે, ત્યારે એક

નિમિત્ત ચીજ છે એનાથી થયું એમ વ્યવહારનયથી કથન છે, એટલે એમ છે નહિ. એમ લઈ લેવું બધામાં. એ તો આખો ગોમ્મટસારનો અધિકાર–કરણાનુયોગમાં અધિકાર જ એવા આવે. પણ તે અનુકૂળ છે ને એટલું નિમિત્ત ? એ અપેક્ષાએ. અનુકૂળનો અર્થ વ્યવહારે, હોં !

**શ્રોતા :–** એ સમયે એ એક જ વાત હતી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બીજા પક્ષ નહોતો. એક જ ચાલતો હતો. આહા..હા...!

**'ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે...'** ભાષા જુઓ ! જીવ દ્વારા મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો વિકલ્પ જીવ દ્વારા બનાવે છે, બને છે. જીવ દ્વારા થાય છે. તમારે બને છે એમ કહે. જીવ દ્વારા થાય છે. ભાવવાનો અર્થ જીવ દ્વારા થાય છે, કર્મ દ્વારા થાય છે એમ નથી. સમજાય છે કાંઈ ? **'તેઓ જીવ જ છે.'** આહા..હા...! તેઓ જીવ જ છે. ભારે ભાઈ ! જીવ છે. ઓલો અજ્ઞાની માને છે કે મારા વિકાર પરિણામ તો જડના કર્યા, માટે મારા નથી. અરે..! સાંભળ-સાંભળ. કઈ અપેક્ષાએ કહ્યું ? એ તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરાવવા, દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ સમ્યગ્દર્શન માટે. પુણ્ય, પાપ, દયા, દાન બધું અચેતન જડ. એ તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરવા માટે કહ્યું છે. સમજાય છે કાંઈ ?

અહીં કહે છે કે **'ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે...'** વિકારી પર્યાય થઈ છે, કર્મ દ્વારા વિકારી પર્યાય થઈ નથી. જુઓ ! કેટલી સ્પષ્ટતા છે આમાં તો ! આત્મામાં જેટલો વિકાર થાય અને જેટલું અજ્ઞાન થાય, જેટલો ક્રોધ, માન, માયા, લોભ, કપટ, વિકાર, દયા, દાન આદિ થાય એ જીવે કરેલો વિકાર છે, એમાં કર્મનો કાંઈ અધિકાર નથી. કર્મને લઈને બિલકુલ નથી એમ ભગવાન સિદ્ધ કરે છે. આહા..હા...! કહો, પંડિતજી ! શું કહ્યું ? તો કર્મ નકામા થઈ ગયા ?

**શ્રોતા :–** કર્મ જ્યાં છે ત્યાં પોતામાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતામાં છે ? કર્મ કર્મમાં રહ્યા, જડ જડમાં રહ્યું, ભગવાન ભગવાનમાં રહ્યો આત્મા. આત્મા મિથ્યાદર્શન, અજ્ઞાન, અવ્રત, ક્રોધ, માન, માયા, જોગ, કંપન એ જીવ દ્વારા થઈ છે પર્યાય, નહિ કે કર્મ દ્વારા એ પર્યાય થઈ છે. એક દ્રવ્યથી બીજા દ્રવ્યની પર્યાય થાય એવું ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા...!

**'જીવ જ છે.'** એક બાજુ કહે કે મોક્ષની પર્યાય એ જીવ નહિ. મોક્ષનો માર્ગ એ જીવ નહિ. એ કઈ અપેક્ષા ? એ તો પર્યાયનો અંશ છે એ ત્રિકાળી દ્રવ્યમાં નથી. ધ્રુવ ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્યબિંબ નિષ્ક્રિય જે ધ્રુવ, એમાં એક સમયની પર્યાયનો સર્વથા અભાવ છે. દ્રવ્યમાં એક સમયની પર્યાય–મોક્ષની, કેવળજ્ઞાનની, ધ્રુવ સ્વરૂપમાં સર્વથા અભાવ છે. એ વાત તો દ્રવ્યદૃષ્ટિ કરાવવા, સમ્યગ્દર્શનનો વિષય બતાવવા એ વાત કરી છે. સર્વથા કહો. શું છે ?

**શ્રોતા :–** સર્વથા ... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સર્વથા, કહો શું છે ? એ નય તો સર્વથા છે ને. આખા દ્રવ્યની વાત કરે તો દ્રવ્ય અને પર્યાયની, પણ દ્રવ્ય જે ધ્રુવ છે એ તો સર્વથા પર્યાયરહિત છે અને પર્યાય છે એ સર્વથા ધ્રુવરહિત છે. નહિતર બે સિદ્ધ શી થશે ? સમજાય છે કાંઈ ? એવો માર્ગ વીતરાગનો સમજ્યા વિના કલ્પનાથી વાતું કરે, પ્રરૂપણા કરે, ગોટા વળે આખા. વીતરાગમાર્ગથી ઊંધી આખી શૈલી ચાલે છે અને માને કે અમે કાંઈક ધર્મની કથા કરી. હોય મિથ્યાદર્શનની કથા, વિપરીત માન્યતાની કથા અને માને કે અમે ધર્મકથા કરી. આહા..હા...! ધર્મ છેદની, સમકિતદર્શનની છેદની કથા છે. પચીસ પ્રકારની કથા ચાલી છે. કેવું કહેવાય ? તરંગણી. સુદૃષ્ટિ તરંગીણી છે ને. સુદૃષ્ટિ તરંગીણી 'ટેકચંદજી'ની બનાવેલી. એમાં પચ્ચીસ પ્રકારની વિકથા કીધી છે. એમાં એક વિકથા એવી લીધી છે કે જેમાંથી સમકિતનો, શ્રદ્ધાનો નાશ થાય. આ રાગથી ધર્મ મનાવે, કર્મથી આસ્રવ થાય એમ મનાવે એ બધી દર્શનભ્રષ્ટ કથા છે. એ પ્રરૂપણા બધી સમકિતથી ભ્રષ્ટ કરનારી છે. એ વિકથા છે, એ ધર્મકથા નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? લ્યો ! બેય વાત કરી. દર્પણ અને મોર. મોરની અવસ્થા મોરમાં છે. દર્પણની અવસ્થામાં જે મોર દેખાય છે એ દર્પણની અવસ્થા છે, મોરને લઈને બિલકુલ નહિ.

**શ્રોતા :–** .. નિમિત્ત થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિમિત્તપણાનો અર્થ શું પણ ? એ તો છે. છે બીજી ચીજ. દર્પણમાં જે અગ્નિ દેખાય છે એ અગ્નિ નથી, એ તો દર્પણની અવસ્થા છે. હાથ લગાવો તો કાંઈ ઊનું થશે ? અગ્નિ અહીં છે. અગ્નિની અવસ્થા અગ્નિમાં છે અને દર્પણની અવસ્થા અગ્નિના જે પણે થયેલી છે એ તો દર્પણની પોતાની અવસ્થા છે, અગ્નિને કારણે એ અવસ્થા નથી. જ્વાળા આમ આમ દેખાય એ તો જડની અવસ્થા છે, દર્પણની અવસ્થા છે. ઊની છે ત્યાં ? ઊનાપણું છે ત્યાં ? દાઝી ન જાય હાથ અડાડે તો ત્યાં. અરિસાને હાથ અડાડે તો દાઝે ? એમ અરિસામાં બરફ દેખાય બરફ. તો ઠંડી થાય છે ? એ તો અરિસાની સ્વચ્છ અવસ્થા છે, એ બરફને લઈને નહિ. બરફની અવસ્થા બરફમાં અને અરિસાની અવસ્થા અરિસામાં. બેયની અવસ્થા ભિન્ન-ભિન્ન છે. એ અરિસા દ્વારા બરફની અવસ્થારૂપે અરિસો પરિણમ્યો છે, નહિ કે બરફ પરિણમ્યો છે. પરિણમ્યો સમજે ? એ રૂપે થયું છે. આહા..હા...! અરે..! હજી બે દ્રવ્ય વચ્ચેની ભિન્નતાની ખબર ન મળે એને આસ્રવ–વિકલ્પ, નાનામાં નાનો એક વિકલ્પ ઊઠે એનાથી ભગવાન ભિન્ન છે (એ વાત કેમ સમજાય !) તદ્દન ચિદાનંદમૂર્તિ આનંદકંદ નિર્મળાનંદ જેની દૃષ્ટિ કરવાથી સમ્યક્ થાય છે, એ ચીજ તો રાગથી બિલકુલ ભિન્ન ભિન્ન ને ભિન્ન સર્વથા છે. સર્વથા આત્યંતિક ભિન્ન છે. સમજાય છે કાંઈ ?

**'ભાવાર્થ :-...'** લ્યો, વખત થઈ રહ્યો છે. **'પુદ્‌ગલના પરમાણુઓ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે.'** જુઓ ! આઠ કર્મ છે ને આઠ, એ પુદ્‌ગલના પરમાણુઓ પૌદ્‌ગલિક

મિથ્યાદર્શનમોહ, ચારિત્રમોહરૂપે પરિણમે છે. પરિણમે છે એટલે થાય છે. **'તે કર્મનો વિપાક થતાં...'** તે કર્મનો વિપાક કર્મમાં, હોં ! પાક. **'જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વાદિ અજીવ છે;....'** સમજાય છે ? એ સ્વાદ જડનો છે, અજીવ છે. **'અને કર્મના નિમિત્તથી જીવ વિભાવરૂપ પરિણમે છે...'** દેખો ! ઉત્પાદ, એમાં જડમાં આવ્યો એ રીતે જીવ પોતે વિકારરૂપે પોતાથી પરિણમે છે. **'તે વિભાવ પરિણામો ચેતનના વિકાર છે...'** લ્યો ! બસ, એ જીવ પોતાના વિકાર-રાગ, દ્વેષ, મિથ્યાત્વ, કષાય, ક્રોધ આદિ થાય છે **'તેથી તેઓ જીવ છે.'** એ જીવના કરેલા જીવ (પરિણામ) છે, જડના કરેલા બિલકુલ નથી. એને વિશેષ જાણવાનો ખુલાસો આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

**સમ્યગ્દર્શનની પર્યાયમાં આખું દ્રવ્ય આવતું નથી પણ આખા દ્રવ્યની પ્રતીતિ આવે છે. જેને એક સમયની કેવળજ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય શું છે તે જાણવામાં આવ્યું છે તથા લોકાલોક શું છે તે જાણવામાં આવ્યું છે એવા ત્રિલોકી પરમાત્માએ દિવ્યધ્વનિમાં એમ કહ્યું કે ભગવાન આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી, રાગનો તો કર્તા નથી પણ નિર્મળ પરિણતિનો પણ કર્તા નથી. શુદ્ધનિશ્ચયનયથી ભગવાન આત્મા બંધ-મોક્ષથી રહિત છે એમ જિનેન્દ્રદેવ કહે છે.**

**(દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર, બોલ નં. ૪૧૮)**

❁

**અપૂર્ણતા ને અલ્પજ્ઞતાની માન્યતા હતી તેને હવે પૂર્ણ છું, શુદ્ધ ચું એમ નિર્વિકલ્પપણે સ્વીકાર ! જ્ઞાન-દર્શન આદિ અનંત શક્તિઓનો સમૂહ તું છો. ક્ષેત્ર ભલે થોડું હોય પણ સંખ્યાએ અને સ્વભાવે અપરિમિત ને અનંત છે. અનંત બેહદ જ્ઞાન ને પરમ આનંદ સ્વભાવી તું છો માટે બહારના ભભકાને તું ભૂલી જા ! વ્રત-તપ આદિના વિકલ્પને તું ભૂલી જા અને અલ્પજ્ઞતાને પણ તું ભૂલી જા. અરે ! ચાર જ્ઞાન પ્રગટ થયા હોય તોપણ તેને ભૂલી જા ને દષ્ટિ ત્રિકાળી ઉપર રાખ.**

**(દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર, બોલ નં. ૪૧૯)**

❁

## શ્રી સમાધિતંત્ર, શ્લોક–૬૫, ૬૬
## પ્રવચન નં. ૭૯, તા.૩-૭-૧૯૭૫
## [૧૮]

૬૫ ગાથા, 'સમાધિતંત્ર'.

**'તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ જાન.'** છ ઢાળા. **'મિથ્યાદૃષ્ટિ શરીરની ઉત્પત્તિને આત્માનો જન્મ માને છે...'** 'હું જન્મ્યો' એમ. **'અને શરીરના નાશને આત્માનો નાશ માને છે.'**

**વિશેષ :– 'શરીરમાં આત્મબુદ્ધિ હોવાથી તેને આવી ઊંધી માન્યતા હોય છે. પરના શરીર સંબંધી પણ તેને આવો જ ભ્રમ હોય છે. સ્ત્રી કે પુત્રના શરીરનો નાશ થતાં, તેના આત્માનો નાશ માની તે દુઃખી થાય છે.'** હાય.. હાય.. મારો દીકરો મરી ગયો એમ માને છે. શરીરનો નાશ થતાં જાણે આત્માનો નાશ (થઈ ગયો). આત્મા ક્યાંક ગયો એમ નહિ. અને રોવે છે તે એની સગવડતા જાય એને રોવે છે. એ મરીને નરકમાં ગયો કે ઢોરમાં ગયો, એની ક્યાં માણસોને પડી છે. આ..હા...! એનું શરીર હતું. કામકાજમાં, વેપારમાં, ધંધામાં મદદ થતી. એનું એને દુઃખ છે. મરી ગયો એટલે કે શરીર નાશ થયું. આત્મા ક્યાં ગયો ને કેમ રહ્યો છે એની એને પડી નથી. આહા..હા...! કારણ કે એને નજરમાં તો શરીર આવ્યું હતું. એનો આત્મા છે એ તો નજરમાં આવ્યો નહોતો, શરીર સાથે એનો સંબંધ માન્યો હતો. એ સંબંધ છૂટ્યો એટલે જાણે આત્માનો નાશ થઈ ગયો. આહા..હા...!

**'... જેમ કોઈ નવીન વસ્ત્ર પહેરે, કેટલોક કાળ તે રહે, તે પછી તેને છોડી કોઈ અન્ય નવીન વસ્ત્ર પહેરે, તેમ જીવ પણ નવીન શરીર ધારણ કરે, તે કેટલોક કાળ ધારણ કરી રહે પછી તેને પણ છોડી અન્ય નવીન શરીર ધારણ કરે છે.'** આહા..! એ કંઈ આત્મા જન્મે છે અને મરે છે એમ તો છે નહિ. ઇ તો શરીરનું નવું થવું અને એનું જવું એ તો શરીરની વાત છે. પણ પોતાનું અસ્તિત્વ ભિન્ન છે એની ખબર નથી, એથી એનું અસ્તિત્વ દૂર થતાં આત્મા મરી ગયો અને એનું અસ્તિત્વ–સંયોગ થાય તો આત્મા જન્મ્યો. આ..હા...!

**'માટે શરીર સંબંધની અપેક્ષાએ જન્માદિક છે,...'** આત્માને કંઈ જન્મ ને આત્માને મરણ છે નહિ, એ તો વસ્તુ અનાદિઅનંત છે. **'જીવ પોતે જન્માદિ રહિત નિત્ય છે,...'** જન્મ અને મરણ એ

વસ્તુ આત્માને ક્યાં છે ? ભલે એની પર્યાય પલટાય પણ વસ્તુ તરીકે તો નિત્ય છે. અને વર્તમાન પરિણામને પણ આશ્રય તો દ્રવ્યનો છે. ધ્રુવ એ તો નિત્ય છે. વર્તમાન પરિણામ છે એનો આધાર છે એ તો ધ્રુવ છે, એ તો નિત્ય છે. શરીર પલટતાં આત્મા પલટ્યો એમ નહિ, પર્યાય ભલે પલટે. પર્યાય પલટતાં વસ્તુ પલટે છે ? વસ્તુ તો નિત્ય રહે છે. આ..હા..! આવા અસ્તિત્વની શ્રદ્ધા અને રુચિ અંતરમાંથી થવી એનું નામ પ્રથમ ધર્મની દશા છે. બાકી બધી વાતું (છે).

બૌદ્ધને કીધું, કહું છું પછી એણે વિચાર્યું કે હું બીજાને ઉપદેશ દેવા રોકાઈશ તો મારી એકાંતતા (નહિ રહે). આપણે એકાંતમાં રહો. કહો, કેવળજ્ઞાન થયા પછી. અરે...!

**શ્રોતા :–** કેવળજ્ઞાન થયા પછી વિચાર આવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિચાર આવ્યો. પછી એનો એક ભગત હતો એણે કહ્યું, સાહેબ ! એવા ઘણા જીવો તૈયાર છે કે આપનો ઉપદેશ મળે એટલે તરત સમજી શકે એવા જીવો છે. પછી ઉપદેશ શરૂ કર્યો. ધર્મચક્ર ચલાવ્યું. કેવળજ્ઞાનીના આવા લખાણ આ 'જૈન પ્રકાશ'માં (આવ્યા છે). શું કરે છે આ તે કંઈ ? આહા..હા...!

જૈન પરમાત્મા સર્વજ્ઞસ્વરૂપી, પર્યાય, હોં ! એ ચીજ છે ક્યાં બીજે ? બૌદ્ધ ક્ષણિકવાદ, વેદાંત કૂટસ્થવાદ. એક ... એક વસ્તુ છે એનો નિર્ણય કરનાર તો પર્યાય છે. એ પર્યાયને જેણે માની નથી એ બધી વસ્તુ જૂઠી છે. કેમકે પર્યાયમાં જ કાર્ય થાય છે. હું ત્રિકાળ નિત્ય ધ્રુવ છું. મારું પૂર્ણ અસ્તિત્વ ધ્રુવ છે. એવું તો પર્યાયમાં જણાય અને નિર્ણય થાય છે. સમજાણું કાંઈ ? હવે એ જે ન માને અને શરીરને પલટે બધું પલટ્યું. એ આત્મા પણ પલટી ગયો. ભ્રમ છે અજ્ઞાનીને.

દેહ છૂટતાં જ્યાં જાય ત્યાં બધા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બીજા થઈ જાય છે. સંયોગી દ્રવ્ય બીજું, ક્ષેત્ર બીજું, એની પર્યાય પણ બીજી થઈ, ભાવ પણ એમ થયો કે આ હું છું, આ હું છું, રાગ હું છું, આ હું છું. અહીં હતો ત્યારે બીજા રાગાદિ (હતા), ન્યાં ઇ જાતના માન્યા. આ..હા..! એ તો એની દૃષ્ટિ, પર્યાયની દૃષ્ટિ પર્યાય ઉપર હતી એટલે એમ માન્યું હતું, વસ્તુ એમ નથી. પર્યાયની દૃષ્ટિ છોડી દ્રવ્યદૃષ્ટિથી જાણે. દ્રવ્યદૃષ્ટિને જાણનાર તો પર્યાય છે. પૂર્ણ છે એવો સ્વીકાર તો પર્યાય કરે છે. એવું જે નિત્ય દ્રવ્ય, પરિણામના પક્ષમાં આવવું અથવા તેનો ધ્રુવનો પક્ષ થવો, એ તો નિત્ય છે. એને જન્મવું કે મરવું નથી. અરે...! એને પર્યાયમાં પરિણમવું એ જ્યાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? પર્યાયમાં પરિણમન જે છે એ તો પર્યાયનું છે.

એક ઠેકાણે આવ્યું છે, 'ન્યાલભાઈ'માં કે પરિણામી અપરિણામી કહીએ તો પરિણામી પરિણામ. આવે છે. પરિણામ પોતે અપરિણામી ઉપર લક્ષ છે તેથી અપરિણામી પરિણામ (છે). 'ચેતનજી' ! છે ? આ બાજુ છે. વસ્તુસ્થિતિ છે. કારણ કે અપરિણામીને પરિણામે જ્યારે જાણ્યું ત્યારે અપરિણામી પરિણામ. 'ચંદુભાઈ' ! માર્ગ એવો છે. અને એ સર્વજ્ઞપંથમાં જ આવો માર્ગ

હોય, બીજે ક્યાંય ત્રણ કાળમાં હોય નહિ. આહા..હા...!

જુઓને ! જેની એક સમયની પર્યાય નિત્યને સ્વીકારે છે, એ સત્યાર્થ છે. એને જન્મ ક્યાં, મરણ ક્યાં, એને પર્યાયનું ઉપજવું ને વિણસવું એ ધ્રુવમાં ક્યાં છે ? સમજાણું ? '**જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે,...**' આ શબ્દની આ તો વ્યાખ્યા કરી. ધ્રુવ છે, એને જન્મ ને મરણ ને ક્યાં છે એમાં ? એ તો નિત્ય વસ્તુ ભગવાન છે અને તેને જ આત્મા કહ્યો છે. પર્યાયને વ્યવહાર આત્મા, અભૂતાર્થ આત્મા કહ્યો. આહા..હા...! પર્યાયને આત્મા અભૂતાર્થ, અસત્યાર્થ કહ્યો, ત્રિકાળની અપેક્ષાએ. પર્યાય એમ સ્વીકારે છે કે હું તો જન્મ-મરણ રહિત અને પરિણામની પરિણતિ રહિત એવી ચીજ છું. એ તો નિત્ય છે. 'સુજાનમલજી' !

**શ્રોતા :–** એક મ્યાનમાં બે તલવાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક મ્યાનમાં એક જ તલવાર. કહ્યું નહિ ?

'**જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે,...**' ખરેખર તો જીવતત્ત્વ જે નિશ્ચયજીવ છે, એ તત્ત્વાર્થમાં કહ્યું નહિ ? પહેલાં .... એ જીવ છે. વ્યવહાર નિશ્ચયને સ્વીકારે છે. આ..હા..! એ તો નિત્ય છે.

**શ્રોતા :–** અભૂતાર્થ ભૂતાર્થને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અભૂતાર્થ ભૂતાર્થને સ્વીકારે છે. અભૂતાર્થ કઈ અપેક્ષાએ ? ત્રિકાળની અપેક્ષાએ. વર્તમાન અપેક્ષાએ ભૂતાર્થ છે. આહા..હા...! ત્રિકાળ છે એની અપેક્ષાએ પર્યાયને ગૌણ કરીને અસત્ય ને અભૂતાર્થ કીધી છે. અભાવ કરીને અસત્ય (નથી કહી). ન હોય તો પછી નિર્ણય કર્યો કોણે ? આહા..હા...! કાર્ય ને નિર્ણય ને બધું પર્યાયમાં થાય છે. ધ્રુવ તો કૂટસ્થ છે, છે એમ ને એમ છે. આહા..હા...!

'પરમાત્મ પ્રકાશ'માં ન કહ્યું ? 'बंधो मोक्खो न जीवहि' બંધ અને મોક્ષ એ પરિણામ જીવને નથી. ઠીક, એમ કહ્યું ત્યાં. આહા..હા...! જીવ એને કહીએ કે જેને બંધ અને મોક્ષના પરિણામ નથી. આહા..હા...! બંધ અને મોક્ષના પરિણામ તો વ્યવહાર છે. ગૌણ કરીને એને મોક્ષના પરિણામ પણ નથી, અસત્યાર્થ કહ્યા અને છઠ્ઠી ગાથામાં તો એમ લીધું કે પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયો એમાં છે જ નહિ. એક સમયની દશા વસ્તુમાં ક્યાં ? દશા દશામાં છે.

એવો જે '**જીવ પોતે જન્માદિક રહિત નિત્ય છે,...**' આહા..હા...! સર્વજ્ઞસ્વભાવથી ભરેલું તત્ત્વ, એ જન્માદિથી રહિત નિત્ય છે. '**તો પણ મોહી જીવને ભૂત-ભવિષ્યનો વિચાર નહિ હોવાથી...**' કાયમ ટકતા તત્ત્વની ખબર નહિ હોવાથી. આહા..હા...! '**પર્યાયમાત્ર જ પોતાનું અસ્તિત્વ માની...**' એક સમયની અવસ્થા એ જ પોતાની હયાતી માની, '**પર્યાય સંબંધી કાર્યોમાં જ તત્પર રહ્યા કરે**

**છે.**' 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આપ્યું છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી આવૃત્તિ, પૃષ્ઠ-૪૭.' એમાં એનો વિસ્તાર આપ્યો છે.

**'જ્ઞાનીને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે.'** ધર્માત્માને સમ્યગ્દર્શન થતાં શરીર અને આત્માની જુદાઈનું ભાન છે. ચાહે તો એ લડાઈની ક્રિયામાં દેખાય છતાં પોતાનું અસ્તિત્વ દેહની આ ક્રિયાઓથી ભિન્ન છે, એવું તે ક્ષણે પણ ભાન છે. સમજાણું કાંઈ ? **'તેથી શરીરના નાશ વખતે તે વ્યાકુલ થતો નથી.'** શરીર બદલતાં છૂટવાને કાળે તે ખેદ પામતો નથી. આહા..હા...! કારણ કે બેનું ભેદજ્ઞાન કર્યું છે. તો ભેદજ્ઞાનમાં જુદો છું, એ તો અનુભવ છે. હવે શરીરનો નાશ થતાં એને ખેદ થાય એ રહ્યું નથી. આહા..હા...! કારણ કે એનાથી જુદો છું. જુદો છું અને એ જુદું થાય છે, એમાં ખેદ શો ? સમજાણું કાંઈ ?

**'કદાચિત્ અસ્થિરતાને લીધે અલ્પ વ્યાકુલતા થાય, પણ શ્રદ્ધા અને જ્ઞાનમાં તે એવો દૃઢ છે કે શરીરના નાશથી આત્માનો નાશ કદી માનતો નથી...'** બહુ સરસ ! શરીર છૂટતાં જરી આકુળતા થાય એ છૂટવાને કારણે નથી, નબળાઈને કારણે છે. નબળાઈને કારણે જરી આકુળતા થાય. એની સાથે આનંદ પણ સાથે છે. એ **'શરીરના નાશથી આત્માનો નાશ કદી માનતો નથી અને આકુળતાનો સ્વામી થતો નથી.'** લ્યો. મારામાં-સ્વરૂપમાં આકુળતા છે, એમ માનતો નથી. આહા..હા..! એ ૬૫ થઈ.

જેટલું કષાયનું અસ્તિત્વ છે એટલી આકુળતા છે. વસ્તુ અકષાય સ્વભાવીનો અનુભવ થયો એટલી તો આનંદ અને અનાકૂળતા પણ છે. બેય છે, પણ એ શરીર છૂટે છે માટે આકુળતા છે, એમ નથી. આહા..હા...! કેવળજ્ઞાન થાય ને શરીર છૂટે, લ્યો. છૂટે માટે દુઃખ છે ? એટલી આકુળતા છે ને ત્યાં. ફક્ત કમજોરીને લઈને. અજ્ઞાનીને આકુળતા થાય છે (એ એટલે થાય છે કે એને એમ લાગે છે કે) આ જાય છે, ઇ હું જાઉં છું, આ મરે એટલે હું મરું છું, શરીર જન્મે એટલે હું જન્મ્યો. નિત્યતાની એને ખબર નથી એટલે સંયોગ ઉપર એનું લક્ષમાં જોર જાય છે. ઇન્દ્રિયો પાંચ મળી તો કહે કે મને અવયવ મળ્યા, મને સાધન મળ્યા – એમ અજ્ઞાની માને છે. એ સાધન ન હોય તો હું જાણી શી રીતે શકું ?

**શ્રોતા :–** લાકડી ન હોય તો નથી ચલાતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લાકડી ચાલે છે લાકડીને લઈને. એક કોર છત્રી અને એક કોર બટુક. ચાલે છે ને, જોયું છે. એ કંઈ નથી. પરને ટેકે શરીર ચાલતું જ નથી.

**શ્રોતા :–** આપે જ કીધું, નજરે જોયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નજરે જોયું શું ? – કે આમ ચાલે છે. હાથ આમ બટુકનો ઝાલ્યો છે.

બટુકને ? એનું નામ શું છે ? ગરાસિયો. એક કોર છત્રી. સવારમાં આવે તો આમ અંદર દેખાય ને, બારીમાંથી. એ રજકણે રજકણ એના ક્ષેત્રાંતરના કાળના કારણે એને કોઈ પરની મદદ નથી. આહા..હા...!

**શ્રોતા :–** એક તરફ આત્માના પરિણમનને બીજાની જરૂર હોય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કંઈ છે જ નહિ ને. આહા..હા...! લાકડી પણ જે આમ ચાલે છે એ હાથ આમ ચાલ્યો માટે લાકડી એમ ચાલે છે, એમ નથી.

**શ્રોતા :–** દુનિયાથી જુદી જાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વસ્તુ આવી છે. વસ્તુની સ્થિતિ જ એવી છે, નહિતર બીજી સ્થિતિ સિદ્ધ થાય નહિ.

અનેક દ્રવ્યો છે એમ કહો તો અનેક અનેકપણે રહીને પોતાની પરિણતિ પોતામાં કરે છે. 'ચંદુભાઈ' ! પરની સાથે શું સંબંધ છે કાંઈ ? બાહ્ય પદાર્થ ભલે લોટે, ફરે આમ. બહિર્ લોટંતિ. પણ એને અંદરમાં ક્યાં પ્રવેશ છે ? ઓ..હો...! આવો માર્ગ છે. એણે આત્માને તુચ્છ કરી નાખ્યો. જેને સર્વજ્ઞદશા શું છે એક સમયની... આહા..હા...! ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એમ કહેવું એ પણ અસદ્ભૂત વ્યવહાર છે, પણ એ પર્યાયનું સામર્થ્ય એટલું છે. આહા..હા...! એક સમયની જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય જ પર અને સ્વ સંબંધીનું પોતાનું જ્ઞાન છે એ આત્મજ્ઞાન છે, આત્મજ્ઞ છે. આવો જેનો સ્વભાવ, એને અપૂર્ણ જ્ઞાની માનવો અને અપૂર્ણ જ્ઞાનવાળા જાણ્યા છે આત્માને... આહા..હા...! જેનો સ્વભાવ જ સર્વજ્ઞસ્વરૂપી.. સર્વજ્ઞસ્વરૂપી... જ્ઞાનનો સૂર્ય સ્વ-પરપ્રકાશનો પિંડ પ્રભુ, એને સર્વજ્ઞપણું તો સત્તામાં–શક્તિમાં–સ્વભાવમાં પડ્યું જ છે.

ઓલામાં ન આવ્યું ? 'પુણ્ય-પાપ અધિકાર'માં. સર્વજ્ઞાન, સર્વદર્શિ. છે તો એવો. આહા..હા...! 'પુણ્ય-પાપ અધિકાર'. ઓલા આવ્યા ત્યારે ગાથા ચાલતી હતી ને ? વાંધો ઊઠાવ્યો ઇ. કર્મને લઈને(થાય). અરે.. સાંભળ તો ખરો. સર્વજ્ઞ અને સર્વદર્શિ તો એવું એનું સ્વરૂપ જ છે. એ જ આત્મા અને એને આત્મા કહીએ. પણ એ પોતાના કર્મરજના અપરાધને (લઈને)... રજ શબ્દે ભલે ત્યાં રજકણ નથી લીધા. પોતાના વિકારની પર્યાયમાં પરિણમતા, પરલક્ષે પરિણમતા સર્વને જાણવું દેખવું એને રહ્યું નથી. છે તો એવો. આહા..હા..!

ચૈતન્યના તેજ ! જેના અંબાર, ચૈતન્યના તેજનો અંબાર. એવો પરિપૂર્ણ સ્વભાવી ભગવાન આત્મા, એની શક્તિ જ સર્વને દેખવું-જાણવું એવો સ્વભાવ છે. આહા..હા...! એવો આત્મા જેણે માન્યો નથી એણે આત્મા જ માન્યો નથી. સમજાણું કાંઈ ? આત્મા એટલે જ્ઞાન ને દર્શન એનો સ્વભાવ. સ્વભાવ એટલે પરિપૂર્ણ ભાવ. પરિપૂર્ણ ભાવ એટલે જેનો એકરૂપ જાણવું-દેખવું એવો સ્વભાવ. ચિદાનંદ એકસ્વભાવરૂપ આત્મતત્ત્વ, આવ્યું હતું ને ? ટીકામાં આવ્યું હતું. ચિદાનંદ

એકસ્વભાવ એવું નિજ આત્મતત્ત્વ. આ આત્મતત્ત્વ. પર્યાયને ક્યાં ગણી છે. ચિદાનંદ જ્ઞાનાનંદ એકસ્વભાવી નિજ આત્મા. એક સ્વભાવ પાછો, ભેદ નહિ. આહા..હા...! આવું સ્વરૂપ જ એનું જીવનું છે. એને જીવ કહીએ.

એમ કહે, બૌદ્ધે આમ કર્યું. ભગવાને તો બીજા બધા પ્રાણીની દયાનો પણ ઉપદેશ આપ્યો. ભારે ભઇ. આવા આવા લખાણ જૈનમાં (આવે છે). જૈનપ્રકાશ તો સર્વજ્ઞસ્વભાવી આત્માને જે સિદ્ધ કરીને સાબિત કરે અને પર્યાયમાં પ્રગટ કરે એ જૈનપ્રકાશ છે. આ જૈન. 'ચંદુભાઈ' ! છાપુ આ છે. છાપાને ક્યાં ખબર છે કે હું કોણ છું. છે ખબર ? એને જાણનારો છે એ તો સર્વજ્ઞ–સર્વદર્શિ સ્વભાવી છે. આહા..હા...!

અહીં કહે છે, શરીરનો નાશ થતાં જરી આકુળતા જ્ઞાનીને થાય. એ આકુળતા શરીરનો વિયોગ થાય છે એ કારણે નહિ, પણ નબળાઈને લઈને (થાય છે). નબળાઈ સ્વરૂપે જ્ઞાન એને જાણે. નબળાઈ આદરણીય નથી. છે એને જાણે તો ખરું ને. જ્ઞાન તો બરાબર જાણે. આવી અસ્તિત્વની સ્થિતિ પર્યાયમાં છે અને પૂર્ણ દ્રવ્યમાં જેવી અસ્તિત્વની સ્થિતિ છે, એમ બેયને જ્ઞાન તો જાણે. આહા..હા...! પોતાના વસ્તુના સ્વભાવમાં અસ્તિત્વની મોજૂદગી જેટલી જેવડી છે એને જાણે અને પર્યાયમાં જેટલી જ્ઞાનની અને રાગ આદિની મોજૂદગી છે એને જાણે. પરની સાથે શું સંબંધ છે ? આહા..હા...! સમજાણું કાંઈ ? ઇ ૬૫ (ગાથા) થઈ. ૬૬.

**रक्ते वस्त्रे यथाऽऽत्मानं न रक्तं मन्यते तथा।**

**रक्ते स्वदेहेप्यात्मानं न रक्तं मन्यते बुधः।।६६।।**

**રક્ત વસ્ત્રથી જે રીતે રક્ત ગણે ન શરીર**

**રક્ત દેહથી જ્ઞાનીજન રક્ત ન માને જીવ. ૬૬.**

**ટીકા :– 'જેમ લાલ વસ્ત્ર પહેરવા છતાં ડાહ્યો પુરુષ પોતાને (પોતાના શરીરને) લાલ માનતો નથી,...'** આહા..હા...! તે વખતે લાલનું જ્ઞાન થાય એ લાલનું જ્ઞાન નથી. લાલ વસ્ત્ર તો નથી, એમ શરીર લાલ કે ધોળું–ગોરું શરીર, એને જાણતું જ્ઞાન, એ રક્તને–લાલને જાણે છે એમ નથી. આબાળગોપાળ આવે છે ને ? ૧૭-૧૮ (ગાથા). ખરેખર તો એ જ્ઞાનની પર્યાય જ ઇ જાણે છે. કેમકે એના અસ્તિત્વમાં શરીર, લાલ કે રાગ અહીં તો નથી. અહીં જે છે એ તો સ્વ-પરને જાણવાની જ્ઞાનની દશાનું અસ્તિત્વ છે. એ પરને જાણવું એ પણ પર સંબંધી પોતાના સામર્થ્યને જાણવું (થાય છે), એમ છે. આહા..હા...! ભાઈ ! આ માર્ગ એવો છે. આ તો ધીરાના માર્ગ છે. હો..હા ને આ ને આ ને આ... ધમાધમ.. શું કીધું ? 'ચેતનજી' ! 'ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.' 'યશોવિજય'નું છે.

**'જેમ લાલ વસ્ત્ર પહેરવા છતાં ડાહ્યો પુરુષ પોતાને (પોતાના શરીરને) લાલ માનતો નથી, તેમ પોતાનો દેહ કુટુંબાદિથી લાલ થવા છતાં...'** કુટુંબ આદિથી લાલ એટલે એનો રંગ લાલ હોય. રાતો, ઘઉં વર્ણે શરીર હોય **'છતાં અંતરાત્મા આત્માને લાલ માનતો નથી.'** આહા..હા..! ઘઉં વર્ણે શરીર કે ગોરું શરીર એ તો બધી જડની અસ્તિત્વની દશા બતાવે છે. એથી હું લાલ છું, એમ માને ? લાલ કપડું છે માટે હું શરીર લાલ છું એમ માને ? એમ લાલ શરીર છે માટે હું લાલ છું એમ માને ? આહા..હા...! લાલ શરીર છે તે હું, એ મિથ્યાભ્રમ અસમાધિ છે.

લાલ શરીરને જાણનારનું અસ્તિત્વ લાલ શરીરના અસ્તિત્વથી એમાં નહિ રહેલું અસ્તિત્વ એ જુદું મારું અસ્તિત્વ છે. આહા..હા...! ગોરું શરીર, ગોરા જેવું શરીર. એ ગોરું શરીર (હોય તો) આત્મા ગોરો થઈ ગયો ?

**શ્રોતા :–** આત્મામાં રંગ જ ક્યાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રંગ ક્યાં છે. અરે..! ગોરાનું જ્ઞાન છે એ ગોરાને લઈને ક્યાં છે ? સમજાણું કાંઈ ? ગોરાને લઈને ગોરો તો નથી, પણ ગોરાનું જ્ઞાન છે એ ગોરાને લઈને નથી. આહા..હા...! એવું છે.

**'દેહ કુટુંબાદિ લાલ થવા છતાં...'** એમ નાખ્યું. શરીરમાં કંકૂ નાખ્યું. આ નથી નાખતા બધા હોળીમાં ? અંતરાત્મા આત્માને લાલ માનતો નથી. એ તો જડની દશા છે. કંકૂ તો ઠીક પણ એનો શરીરને રંગ (છે) એ તો જડની દશા છે. એના અસ્તિત્વમાં આત્માનું અસ્તિત્વ ક્યાં ? અને આત્માના અસ્તિત્વમાં લાલ રંગના અસ્તિત્વનું અસ્તિત્વ ક્યાં ? આહા..હા..! અરે...! એ લાલ રંગનું જ્ઞાન, એના જ્ઞાનના અસ્તિત્વમાં એ લાલ રંગનું શરીર એવું અસ્તિત્વ છે માટે અહીં જ્ઞાન થયું, એવું ક્યાં છે. આ..હા..હા...! માર્ગ એવો છે. અંતર્મુખનો માર્ગ બહિર્મુખથી માનીને લોકો (ભટકી રહ્યા છે). અને પર્યાયમાં અલ્પજ્ઞતાની રમતમાં એનો આખો સ્વભાવ વસ્તુ છે, જે એક સમયની પર્યાયમાં ચીજ આવતી નથી, એ ચીજ જે છે તે હું છું. એવડું જે અસ્તિત્વ–હયાતી છે (તે હું છું). વસ્તુના સ્વભાવની નિરાલંબ પર્યાયના અવલંબન વિનાની અથવા પર્યાયના અસ્તિત્વ વિનાની.. આહા..હા...! એવું જે અસ્તિત્વ, એ કંઈ લાલ રંગને લઈને નથી. તેમ લાલનું જ્ઞાન થયું માટે તેનું જ્ઞાનનું અસ્તિત્વ અહીંયા (છે એમ નથી). અહીં લાલનું જ્ઞાન થયું માટે લાલના અસ્તિત્વથી એનું જ્ઞાન થયું એમ નથી. એ તો જ્ઞાનના અસ્તિત્વથી જ્ઞાનનું અસ્તિત્વ પરને અને સ્વપને જાણવાનું પ્રગટ્યું છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

અરે..! એની જાતની શું કિંમત છે (એની દરકાર કરી નથી). 'શ્રીમદ્'માં આવે છે ને ? જિનવાણીનું માપ કરતાં પોતે મપાઈ જાય છે. આવે છે. 'માપવાથી નિજ મતિ મપાય છે.' એટલા એમના શબ્દો(માં) ઘણા ભાવ ! જિનવાણીનું માપ કરતાં... આહા..હા..! એટલે કે એના કહેલા

સ્વભાવનું માપ કરતાં માપવાની પર્યાય મપાઈ જાય છે, એની હદવાળી થઈ જાય છે. આહા..હા...! શું એની ભાવની શ્રેણી ધારા ! કથન શ્રેણી ભાષા લીધી પણ મૂળ તો ચૈતન્યની નિર્મળ શ્રેણી ધારા, શું એની તેજતા, એની પ્રભાવતા ! આ..હા..! એ પ્રભાવ બધો પ્રગટ્યો છે એ પરને જાણ્યું માટે પ્રગટ્યો છે એમ નહિ. જાણનારમાં જાણવામાંથી એ પર્યાય પ્રગટ્યો છે. આહા..હા...! ભગવાન આત્મા જાણનાર છે, એ જાણવાના સ્વભાવમાંથી જાણવાની પર્યાય (પ્રગટ થાય છે). સ્વ-પરને જાણવાની (પર્યાય), એ પરને જાણવાની એનો અર્થ એ તો પર સંબંધીનું પોતાનું જ્ઞાન (છે). આહા..હા..!

એવો જે ભગવાન આત્મા એ પોતે લાલ શરીર કે લાલ છું એમ કેમ માને ? અરે..! લાલ શરીર અને લાલનું જ્ઞાન થયું માટે લાલને લઈને જ્ઞાન થયું, એમ કેમ માને ? આહા..હા...! એ તો મારો સ્વભાવ જ જ્ઞાનસ્વભાવ છે. મારા સામર્થ્યને લઈને સ્વ-પર પ્રકાશનું સામર્થ્ય (છે). મારી હયાતીમાંથી તે હયાતી આવી છે. આહા..હા...! **'અંતરાત્મા આત્માને લાલ માનતો નથી.'**

**ભાવાર્થ :– 'જેમ પહેરેલા લાલ વસ્ત્રથી શરીર લાલ થતું નથી, તેમ પોતાનું શરીર કુંકુમાદિથી લાલ થતાં, આત્મા કાંઈ લાલ વર્ણનો થતો નથી.'** એ તો ઠીક. એ તો રક્તવર્ણ. શરીર જ રક્ત વર્ણે લાલ હોય. માણસ નથી કહેતાં ? એની માનું શરીર ઘઉં વર્ણે હતું તો એનું શરીર ઘઉં વર્ણ થયું. એમ કહે છે ને ? આહા..! એના પિતાજીનું શરીર ગોરું હતું તો ગોરું થયું. એક જ માને કૂંખે બે (બાળકો) થાય. થાય છે ને ? માં ઘઉં વર્ણે હોય તો ઓલાનું ઘઉં વર્ણે શરીર (થાય). તો કહે, માતાના જેવું શરીર (છે) એમ કહે અને પિતાજીનું ગૌર વર્ણે શરીર હોય તો એમાં ને એમાં ઉત્પન્ન થયેલો એ ગૌર વર્ણે શરીર થાય. પણ એ તો શરીરની પર્યાય થઈ, એથી આત્મા ક્યાં ગૌર વર્ણે થઈ ગયો ? આહા..હા..! એ તો જડની પર્યાય થઈ. એ જડની પર્યાયથી આત્મા જડ પર્યાયે ગોરો થઈ ગયો ? આહા..હા...! આવી વાત. સરળ ધારા. કેવળજ્ઞાનની ધર્માત્માની ધારામાં આ પ્રવાહ આવ્યો છે. એ અહીં આચાર્યો સમાધિનું તત્ત્વ જણાવવા બતાવે છે, ભાઈ ! હું મારાથી છું, મારું જ્ઞાન પણ પરને લઈને નહિ – એવી દશામાં એને શાંતિ અને સમાધિ થાય છે. સમજાણું કાંઈ ? એમાં એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રરૂપી સમાધિ થાય છે.

**'જેમ લાલ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે, તેમ લાલ વર્ણવાળું શરીર...'** જુઓ ! અહીં લાલ વર્ણ (લીધો). **'એમ આત્મા પણ ભિન્ન ભિન્ન છે.'** 'પરમાત્મ પ્રકાશ'માં નાખ્યું છે :

**रत्ते वत्थे जेम बुहु देहु ण मण्णइ रत्तु।**

**देहे रत्तिं णाणि तहैं अप्पु ण मण्णइं रत्तु।। (२-१७८)**

'પરમાત્મ પ્રકાશ'માં છે.

**'આત્મા રસ, વર્ણ, ગંધ અને સ્પર્શ રહિત છે,...'** નથી વર્ણ જીવને... છે ને ? ૫૦મી (ગાથા). ત્યાં તો હમણાં કહ્યું નહોતું ? 'નથી વિશુદ્ધ સંક્લેશ પરિણામ જેને.. મારા અનુભૂતિથી ભિન્ન છે.' કારણ કે દ્રવ્યથી તો ભિન્ન એ પછી. પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં જે અનુભૂતિ થઈ એનાથી પણ શુભ પરિણામથી ભિન્ન છે. આહા..હા...! હવે એ શુભ પરિણામ ભિન્ન થાય એનાથી ધર્મ થાય, લાભ થાય (એમ મનાવવું છે). ભારે ગડબડ, ભઈ ! ઊંડે ઊંડે મિથ્યાત્વના શલ્ય પડ્યા છે ને.

અહીં તો એ કીધું વિશુદ્ધ અને સંક્લેશ પરિણામ અનુભૂતિથી ભિન્ન છે. ચૌદ ગુણસ્થાનના ભાવ અનુભૂતિથી ભિન્ન છે. એથી તો ભિન્ન છે પણ લબ્ધિસ્થાન જે કીધું, એમ આવ્યું ને ? એનાથી અનુભૂતિ અભેદ છે એ ભિન્ન છે. આહા..હા...! શું સંતોની શૈલી ! શું રચના સિદ્ધાંતની ! શું સ્વભાવની રચનાને સિદ્ધ કરવાની યુક્તિ અને તર્ક !! આહા..હા...!

**શ્રોતા :–** યુક્તિ, આગમ અને અનુભવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું (આવી ગયું).

આત્મા રસ વિનાનો, રંગ વિનાનો, ગંધ વિનાનો. **'સ્પર્શ રહિત છે,...'** આહા..હા...! **'છતાં શરીર સાથે એકતાબુદ્ધિ હોવાને લીધે, અજ્ઞાની શરીરનો જેવો વર્ણ હોય તેવા વર્ણનો આત્માને (પોતાને) પણ માની રાગ-દ્વેષ કરે છે.'**

**'જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન છે.'** ધર્મીને રાગથી અને પરથી જ્ઞાનાનંદ સ્વભાવ ભિન્ન છે એવું ભાન છે, ભિન્ન છે એવું ભાન છે. **'તેથી તેને શરીરના કોઈ પણ વર્ણથી રાગ-દ્વેષ થતો નથી.'** હું શરીરે રૂપાળો, લોકો મને જોવે અને જોવા લાયક મારી શરીરની સ્થિતિ, નમણાઈ (છે), લોકોની આંખ ઠરે, એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ ? ભગવાનની ભક્તિનો વિકલ્પ આવે અને નિર્વિકલ્પ જ્ઞાન પણ વર્તે. ઓલામાં આવ્યું છે, સ્તુતિમાં નહોતું આવ્યું ? 'ઋષભદેવ'ની સ્તુતિ. પ્રભુ ! આ બે હાથ જોડીને પગે લાગે છે ને આપને, એમાંથી તો હું એમ માનું છું એક તો અનુભૂતિની પરિણતિ ત્યાં ઊભી છે અને એક વિકલ્પ ઊભો છે. ઇ બે (છે). એક વિકલ્પનું ફળ અનુકૂળ સંયોગ મળશે અને નિર્વિકલ્પ પરિણતિ તો ત્યાં વેદાય છે. એય...! ઋષભસ્તુતિમાં (આવ્યું હતું). 'ભોપાલ'માં કરી હતી, નહિ ? 'ભોપાલ'માં કરી હતી. પછી બીજી અહીં લીધી હતી, 'કોટા.. કોટા'માં લીધી હતી. ત્યાં લાવ્યા હતા. આ બે હાથ જોડાય છે માટે હું એમ માનું છું, પ્રભુ ! ધર્માત્માની દૃષ્ટિની નિર્મળતા તો છે, એનું ફળ ત્યાં નિર્મળતા છે; અને એક બીજો વિકલ્પ ઊઠે છે એનું ફળ સંયોગની અનુકૂળતા છે. સંયોગીભાવનું ફળ સંયોગ આવશે. સ્વભાવભાવનું ફળ ત્યાં આનંદ અને શાંતિ આવશે. સમજાણું કાંઈ ? સંયોગીભાવ કીધો છે ને ? ભક્તિ આદિનો ભાવ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નથી.

કહે છે, અજ્ઞાની શરીરનો જેવો વર્ણ હોય તેવા રંગનો આત્માને પણ માની બેસે છે અને પછી

રાગ-દ્વેષ કરે. આહા..! મારું સુંદર શરીર રૂપાળું. અરે..! તારા રૂપનું શું વાત કરવી ! ભાઈ ! તારું રૂપ તો અંતર છે. ભગવાનનું શરીર જોવા માટે ઇન્દ્ર હજાર નેત્ર કરે છે. એ જોવાનો વિકલ્પ છે એ દુઃખરૂપ છે. બહારથી તો આમ હરખ મનાવે, માને .... પ્રભુ તો એમ ને એમ છે. ઇન્દ્ર સમ્યગ્દૃષ્ટિ છે. આમ જોવે છે તો એ જાણે ખુશી થાય છે એમ માને પણ અંદરમાં રાગ થાય છે એ દુઃખ છે.

**શ્રોતા :–** વલણ થાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ રાગ પોતે છે ને. એ વલણ થયું એ પોતે રાગ છે. આહા..હા...! આમ તો હરખ મનાવે. ભગવાનનો જન્મ (થયો છે). મા-બાપ ભેગા થાય, સભા ભરાય. નાચ કરે છે ને ? શું કહેવાય ઇ ? તાંડવ... તાંડવ એમ કાંઈક ભાષા કહે છે. દેવો.. પણ એ ક્રિયા ઝાંઝર ને એની ક્રિયા જડ અને વાણીની નીકળે એના વખાણ એ પણ જડ. એમાં વિકલ્પ ઊઠ્યો છે એ પણ ખરેખર તો .... છે. દુઃખ છે. આહા..હા...! સહજાનંદ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ એ જીવની શુદ્ધિને કેમ મદદ કરે ? સમજાણું કાંઈ ? આ લોકોને નિમિત્તથી થાય અને વ્યવહાર શુભથી થાય અને ક્રમબદ્ધ નહિ. આ પાંચના વાંધા છે. આહા..હા...! તકરારું આ. ગામોગામ જ્યારે પ્રશ્ન ખાનગી ઊઠે તો એને આવા ઊઠે. બહારથી બહુ ન બોલી શકે. આ..હા..!

ધર્મીને–'**જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન છે તેથી તેને શરીરના કોઈ પણ વર્ણથી રાગ-દ્વેષ થતો નથી...**' ગોરો માટે ઠીક છે અને કાળું માટે ઠીક નહિ. કૂબડું શરીર કાળું હોય, શીતળાના ચાઠા નીકળે, શીતળા નીકળ્યા હોય પછી સૂકાય જાય તો એ ચાઠા રહે. એથી હું ખરાબ છું એમ માનતો નથી, તેમ એના ઉપર દ્વેષ થતો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહા..હા...! '**તેથી તેને શરીરના કોઈ પણ વર્ણથી રાગ-દ્વેષ થતો નથી અર્થાત્ પોતાનું કે પરનું સુંદર વર્ણવાળું શરીર જોઈને તે ખુશ થતો નથી...**' આહા..હા..! '**કે અણગમતા વર્ણવાળું શરીર જોઈને નાખુશ થતો નથી.**' શરીર બગડેલું હોય, ઇયળ પડે. આહા..હા...! એ તો શરીરની દશા છે. એથી એને દ્વેષ થતો નથી કે આમ કેમ ? પણ એ જડની અવસ્થા છે, જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞેયના બે ભાગ પાડવા કે આ ઠીક, આ ઠીક નથી, એવું છે નહિ. વૃત્તિ અસ્થિરતાની ઊઠે એ જુદી વસ્તુ છે. સમજાણું કાંઈ ? '**તે અણગમતા વર્ણવાળું શરીર જોઈને નાખુશ થતો નથી. તે જાણે છે કે રૂપ, રસ, ગંધ, વર્ણાદિ પુદ્ગલનો ધર્મ છે,...**' આ..હા...! 'રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સર્વે જાણ્યા પુદ્ગલ એક સ્વભાવ' '**તે જાણે છે કે રૂપ, રસ, ગંધ, વર્ણાદિ પુદ્ગલનો ધર્મ છે...**' ધર્મ એટલે સ્વભાવ. આત્માનો ધર્મ નથી–આત્માનો એ સ્વભાવ નથી. આ..હા..! '**આત્મા તો નિરંજન નિરાકાર...**' જડનો કોઈ આકાર નથી, '**અરૂપી અતીન્દ્રિય અને સ્વસંવેદનગમ્ય છે.**' આત્મા તો નિરંજન–અંજન–મેલ-બેલ વિનાની ચીજ છે. નિરાકાર, જેને શરીરનો આકાર નથી. અરૂપી છે. એ તો રૂપ વિનાની ચીજ છે. આહા..હા...! કર્મના સંબંધથી એને રૂપી કહો. એ તો સંબંધનું જ્ઞાન કરાવે છે. રૂપી તો રૂપી જ છે. 'પ્રવચનસાર'માં આવે

છે. અમૂર્તનો અમૂર્ત ગુણ છે. એમ કીધું છે કે અમૂર્તને મૂર્ત છે ? બેયને જુદા પાડ્યા નહિ ? દ્રવ્ય તરીકે ગણીને પછી મૂર્ત અને અમૂર્ત બે જુદા પાડ્યા છે. અમૂર્ત દ્રવ્યના અમૂર્ત ગુણ અને અમૂર્ત પર્યાય.

**'આત્મા તો નિરંજન નિરાકાર...'** નિરાકાર શબ્દે પ્રદેશત્વગુણને લઈને આકાર છે એનો અહીં નિષેધ નથી. આકાશ એ પણ આકારવાળી ચીજ છે. સર્વવ્યાપક ક્યાંય અંત નહિ, તો એને પણ પ્રદેશત્વગુણને લઈને આકાર છે. વસ્તુની સ્થિતિ જ કોઈ અલૌકિક છે ! આકાશ સર્વવ્યાપક, છતાં તેને આકાર છે, કહે છે. પરનો આકાર નહિ. આકાર એનું કદ આવું, કદ આવું છે. આહા..હા...! પ્રદેશત્વગુણને કારણે આવે છે કે નહિ ? અહીં તો શરીર ને વાણીનો આકાર, તે આકારે આકાર નથી. પણ પોતાનું કદ જેટલામાં છે તેટલો આકારવાળો તો એ છે. આહા..હા...! સર્વવ્યાપક આકાશને પણ આકાર છે. આ..હા..હા...! શું વાત આ તે !

**શ્રોતા :–** આકાશની હદ આવી ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હદ જ્ઞાનમાં આવી, ન્યાં હદ નથી. અણહદને અણહદે જાણી છે. આહા..હા..! એક વસ્તુનીસ્થિતિ તો જુઓ ! કેટલી આશ્ચર્યકારી વસ્તુ ! એક કોર અરૂપી આકાશ, અહીં અરૂપી ભગવાન. એને આકાર નથી એમ કહેવું, છતાં પ્રદેશત્વ ગુણને લઈને એને વ્યવંજનપર્યાયનો આકાર હોય છે. આહા..હા...! એના અસ્તિત્વમાં એ આકાર છે. શરીરના અસ્તિત્વનો આકાર એનામાં નથી. એ અપેક્ષાએ નિરાકાર કહ્યું. અરૂપી અતીન્દ્રિય. આહા..હા...! અને સ્વસંવેદનગમ્ય. એ તો પોતાના જ્ઞાનના પ્રત્યક્ષના અનુભવમાં ગમ્ય છે. પરોક્ષ રીતે પણ જણાય એવો નથી, એમ કહે છે. એનું સ્વરૂપ જ સ્વસંવેદનગમ્ય છે. એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. એ ૬૬ થઈ, ૬૭ લેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે.**

**(દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર, બોલ નં. ૪૧૪)**

## શ્રી સમયસાર, શ્લોક–૭૧ થી ૭૬
## પ્રવચન નં. ૧૯૨, તા.૫-૧૦-૧૯૭૬
## [૧૯]

'સમયસાર' 'કર્તા-કર્મ અધિકાર'. ૭૧મો શ્લોક છે. ૭૧. નીચે અર્થ. જુઓ ! કર્તા-કર્મની વાત ઘણી સૂક્ષ્મ છે.

**શ્લોકાર્થ :– 'જીવ મૂઢ (મોહી) છે...'** જીવ મોહસહિત છે એ પણ એક વ્યવહારનયનો પક્ષ છે. ભગવાન આત્મા પરમ પવિત્ર ચૈતન્યઘન, એ મોહસહિત છે અથવા રાગ ને દ્વેષના ભેદરૂપ મોહ, પરમાં સાવધાની, એ રૂપે છે, એ પર્યાયમાં છે. એ વ્યવહારનયનો પક્ષ છે. બીજો કહે, મૂઢ નથી. ભગવાન આત્મામાં મોહ છે જ નહિ. વસ્તુનું સ્વરૂપ જે છે, એમાં મોહ છે નહિ. એ નિશ્ચયનયનો પક્ષ છે. પણ એ બેય વિકલ્પ છે, એમ કહે છે. આહા..હા...!

**શ્રોતા :–** બેય વિકલ્પ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગ છે. આત્મા વસ્તુ...

'કર્તા-કર્મ અધિકાર' છે. મોહ છે એ મારામાં છે, એ એક વ્યવહારનયની અપેક્ષાએ છે. એનો તો પહેલેથી નિષેધ કરતાં આવ્યા છીએ, એમ કહે છે. એ તો કાલે આવી ગયું. હવે અહીંયાં તો આત્મામાં મોહ નથી, એ તો આનંદકંદ પ્રભુ, શુદ્ધ ચિદાત્મા પવિત્ર ધામ, એમાં મોહ નથી. મોહ નથી, એવો જે પક્ષ વિકલ્પથી કરવો, રાગ (કરવો), એ પણ બંધનું કારણ છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! વર્તમાનમાં તો જગતને આકરી પડે. હું મોહ નથી, એવો જે વિકલ્પ એ પુણ્ય છે, એ શુભભાવ છે. એ મારું કર્તવ્ય છે (એમ જે માને) એ મિથ્યાદૃષ્ટિ છે. કર્તા-કર્મ અધિકાર છે ને. ઉપર છે ને કર્તા-કર્મ ? આહા..હા...!

ભગવાન શુદ્ધ ચિદ્‌ઘન સહજાત્મસ્વરૂપ, એ મોહસહિત છે એ વ્યવહારનો પક્ષ છે, એનો તો અમે નિષેધ કરતાં આવ્યા છીએ, કહે છે. પણ મોહરહિત છે, વસ્તુ એવી છે, પણ મોહરહિત છે એવો વિકલ્પ–રાગ કરવો અને રાગનું કર્તવ્ય મારું એમ જાણવું, એનું નામ મિથ્યાત્વ છે. આહા..હા..હા...! આવી વાત છે. ઝીણી વાત, બાપુ ! જન્મ-મરણ રહિત થવાના રસ્તા જુદી જાતના છે. આ લોકો તો બહારથી આ કરો... હજી તો આ વિકલ્પ અંતરની વાત થઈ, પણ આ તો બહારથી પૂજા, ભક્તિ, વ્રત, તપ કરો. એ કરતાં તમને એમાંથી પુણ્યબંધ થશે અને પુણ્યબંધને

ગળ્યે તમને ભવિષ્યમાં કર્મનો ક્ષય થશે. આવી તો અત્યારે પ્રરૂપણા કરે છે. સમજાણું કાંઈ ? ઇ આજે આમાં આવ્યું છે. આ છે ને ? દિલ્હથી સમ્યગ્જ્ઞાન દીપિકા નીકળે છે ને ? 'જ્ઞાનમતિ' આર્જિકા છે ને ? જંબુદ્વિપ કરે છે. એમાં આવ્યું છે કે આ પ્રમાણે પુણ્ય કરતાં કરતાં પુણ્યના બળે કર્મનો ક્ષય ભવિષ્યમાં થશે. શું થાય પણ હવે ? એ પોતે બંધ છે. એમાં આવ્યું છે, હોં ! ક્યાંક છે ખરું. કચે ઠેકાણે છે ? ચિહ્ન કર્યું છે. પ્રશ્ન છે : મંદિર બનાને સે તો મહાન આરંભ હોતા હૈ. પ્રશ્ન (છે).

ઉત્તર :– ઐસી બાત નહીં. જિનપ્રતિમા, જિનમંદિર, વસ્તિકા, સ્વાધ્યાય ભવન આદિ બનવાનેવાલોં કો મહાન સાતિશય પુણ્ય કા બંધ હોતા હૈ ઔર પરંપરાસે વે લોક ઇસ પુણ્ય કે બલસે કર્મોકા ભી નાશ કર દેતે હૈં. એય..! ચારે અનુયોગની વાત કરે છે પણ આવી વાત છે. સમજાય છે કાંઈ ? દ્રવ્યાનુયોગમાં નાખે ત્યારે એમ નાખે કે શુદ્ધાત્માની પ્રાપ્તિ તો સમાધિથી થાય છે. આહા..હા..!

અહીં તો ત્યાં સુધી પરમાત્મા... 'કુંદકુંદાચાર્ય' એ પરમાત્મા જ છે ને ! મુનિ છે ને. કહે છે કે જીવ મોહી નથી. આત્મા પવિત્ર છે, પૂર્ણાનંદ સિદ્ધસ્વરૂપ જ છે, એમાં મોહ નથી. એ વાત સાચી છે, પણ મોહ નથી એવો જે વિકલ્પ ઊઠાવવો, પક્ષ કરવો એ રાગ છે. વ્યવહારના, દયા, દાનના રાગની વાત તો ક્યાંય સ્થૂળ રહી ગઈ. આહા..હા...! પણ હું એક ચૈતન્યમૂર્તિ મોહરહિત છું, એવો એક રાગના સંબંધનો વિકલ્પ ઊઠાવીને નિશ્ચયનયના પક્ષમાં ઊભા રહેવું એ પણ બંધનું કારણ છે. આહા..હા...! એવો બીજા નયનો પક્ષ છે.

**'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે...'** જુઓ ! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. એ તો જ્ઞાન–જ્ઞાતા સૂર્ય, એ ચૈતન્યસૂર્ય છે. એવા **'જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે.'** **'યઃ તત્ત્વવેદી च्युतपक्षपात:'** પણ સમ્યગ્દષ્ટિ જીવ, એ જ્ઞાનસ્વરૂપી ભગવાન તત્ત્વનો વેદનારો **'પક્ષપાતરહિત છે...'** એને હું મોહરિહત છું એવો વિકલ્પ પણ છે નહિ. આહા..હા...! આવી વાત લોકોને કઠણ પડે. વસ્તુ તો આ છે. અનંત સર્વજ્ઞો, સંતો 'કુંદકુંદાચાર્ય' મુનિઓ તો જગત પાસે આ પોકાર કરે છે. સમજાય છે કાંઈ ?

હું એક મોહરહિત છું, પવિત્ર છું, સિદ્ધસ્વરૂપ છું–એવી જે વિકલ્પની વૃત્તિ ઊઠાવવી એ પણ બંધનું કારણ છે અને એ કર્મ કર્તવ્ય મારું છે અને હું એનો કર્તા (છું), એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા...! એ અનંત સંસારમાં રખડનારો છે, એ જાતનો ઇ છે. 'પન્નાલાલજી' ! આ પ્રજ્ઞાની જુદી વાત છે. આહા..હા...! અરે..રે...! એણે ચોરાશીના અવતારમાં અનંત ભવ કરી કરીને અનંત વાર મુનિ પણ થયો, દિગંબર મુનિ અનંતવાર (થયો), અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા, હજારો રાણી છોડી, રાજા કે રાણીઓ છોડીને... અરે...! પણ એ બધા પંચ મહાવ્રતના પરિણામ તો વિકલ્પ અને રાગ છે. આહા.હા..! એ રાગથી કલ્યાણ માન્યું, એ મિથ્યાદષ્ટિ છે. એ તો

સ્થૂળ વાત થઈ ગઈ, અહીં તો સૂક્ષ્મ લે છે. હું એક આત્મા મોહરહિત છું. એ પંચ મહાવ્રતના વિકલ્પ છે એનાથી પણ હું તો રહિત છું. આહા..હા..! એવો રહિત છે ખરો, પણ રહિત છું એવો એક વિકલ્પ, રાગની વૃત્તિ ઊઠાવવી એ નયનો પક્ષ છે, એ બંધનું કારણ છે. આહા..હા...! એ જન્મ, જરા, મરણની સંતતિને વધારનાર છે.

જ્ઞાની બેય વિકલ્પના પક્ષને છોડી દઈને.. આહા..હા..! તત્ત્વવેદી. તત્ત્વ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે તેનો વેદનાર. ઓલો રાગ મારો છે, રાગનો પક્ષ છે ત્યારે તો રાગનું વેદન હતું. સમજાય છે કાંઈ ? આહા..હા...! આવી વાત (છે). તત્ત્વવેદી. તત્ત્વ એટલે ચૈતન્યસ્વરૂપ જે ભગવાન આત્મા, એનો જે વેદનારો–અનુભવનારો, એને સ્પર્શનારો એવો જે સમ્યગ્દૃષ્ટિ જીવ, એ પક્ષપાત રહિત છે. એને 'હું મોહરહિત છું' એવો વિકલ્પ પણ છે નહિ. 'રતનલાલજી' ! આવું આ ચૈતન્ય રત્ન છે. આહા..હા...! લોકોને વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર એવો ગળે વળગ્યો છે ને. એ વ્યવહારનો તો નિષેધ કર્યો છે, પણ આત્મા નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યઘન છું, એવો જે રાગનો વિકલ્પ ઊઠાવ્યો એનો પણ અહીં નિષેધ કરી દીધો છે. આહા..હા...!

તત્ત્વવેદી.. '**તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે...**' આહા..હા..! એ તો જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનસ્વરૂપને જ વેદે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? સમ્યગ્દૃષ્ટિ જીવ, એને ચૈતન્યસ્વરૂપ આત્મા જ્ઞાનસ્વરૂપ એની સન્મુખ થઈને એને એ વેદે છે. અમૂઢ છું એવા વિકલ્પને છોડી દ્યે છે. આહા..હા..! '**ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે.**' જોયું ? એ વિકલ્પવાળો નથી. હું નિશ્ચયથી શુદ્ધ ચૈતન્ય છું, અમૂઢ છું એવા વિકલ્પવાળું એ સ્વરૂપ નથી. એથી એ ચિત્સ્વરૂપ જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાનસ્વરૂપ થઈને વેદે છે. આહા..હા...! એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન કહેવાય છે. આવી વાત છે. આહા..હા...! લોકોને એવું લાગે કે બહાર આવું કરો, આવું કરો, આવું કરો. દસ દસ લાખના મંદિરો બનાવો, ગજરથ કાઢો, લાખો માણસોમાં રથ નીકળે ને પચાસ હજાર માણસ ચાલતું હોય એમાં હજાર હજાર માણસને આંતરે એક એક બેંડ વાજા, બીજે હજારે (બીજા બેંડ વાજા), એવા પચાસ બેંડવાજા પચાસ હજારમાં. કેટલી ધામધૂમ લાગે. ભાઈ ! એમાં કંઈ ધર્મ નથી, કહે છે. એ ક્રિયા તો પરની છે. એમાં કદાચિત્ જીવનો શુભભાવ હોય એ બંધનું કારણ છે. અહીં સુધી જાવું. 'તારાચંદજી' ! એ એક શ્લોક થયો. બીજો શ્લોગ–૭૨.

'**જીવ રાગી છે...**' એક કહે છે કે જીવ રાગી છે. રાગ એનો સ્વભાવ છે અને જીવ રાગવાળો છે, એ એક વ્યવહારનયનો પક્ષ છે. બીજો કહે છે કે '**જીવ રાગી નથી...**' એ તો વીતરાગમૂર્તિ પ્રભુ છે, એ રાગ નથી એના સ્વરૂપમાં રાગ નથી. એ નથી એવો જે એક વિકલ્પ ઊઠાવવો એ પણ રાગ બંધનું કારણ છે. આહા..હા...! અરે...! પ્રભુ ! 'દેવીલાલજી' ! આવો માર્ગ છે, ભાઈ ! રાગી નથી એવો એક બીજા નયનો પક્ષ છે, વિકલ્પ છે, રાગ છે.

**'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...'** આહા..હા...! હું અરાગી છું, એવો વિકલ્પ પણ છોડી દઈને તત્ત્વનું જે સ્વરૂપ છે તેને વેદે છે. આહા..હા...! એટલે હું રાગી નથી એવો જે વિકલ્પ છે એને છોડી દઈ. એ વિકલ્પ છે એ દુઃખરૂપ છે. હું રાગી નથી એવી વિકલ્પ વૃત્તિ પણ દુઃખરૂપ છે. આહા..હા...! એ દુઃખ વૃત્તિને છોડી દઈ અને ભગવાન ચૈતન્યતત્ત્વને જે આનંદ સ્વરૂપ છે તેને વેદે, એને અહીંયા ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આહા..હા...! છે કે નહિ એમાં ઇ ? શાસ્ત્રનું છે કે નહિ ? ઇ કહે છે કે સોનગઢનું છે. છપાણું છે સોનગઢમાં, પણ વસ્તુ કોની છે ?

**શ્રોતા :–** ગુજરાતી થયું છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગુજરાતી થયું છે, હિન્દી અહીંથી છપાણા છે. પાંચ-સાત હજાર પુસ્તક છપાણા. કેટલા છપાણા ? વધારે હશે. સમયસાર ઘણા છપાણા. દિગંબર શાસ્ત્રો તો અહીં ઘણા છપાય છે. એ માહ્યલું 'સમ્યગ્જ્ઞાન દીપિકા' છપાણું છે. આહા..હા...! એમાં એણે એ વાત કરી છે. બહુ સરસ. સમ્યગ્જ્ઞાન દીપિકામાં. વસ્તુ છ દ્રવ્ય છે, એનાથી ભિન્ન ભગવાન આત્મા સપ્તમ થઈ જાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા...! એ સમ્યગ્જ્ઞાન દીપિકાની દેન છે. છ દ્રવ્ય છે. અનંત આત્માઓ, અનંત રજકણો, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ–(એમ) છ વસ્તુ છે. સંખ્યાએ અનંત અને જાતિએ છ. એમાંથી હું એક આત્મા તે છ દ્રવ્યના વિકલ્પના પક્ષથી છૂટી, હું તો ભિન્ન સપ્તમ આત્મા છું. આહા..હા...! આનંદના વેદનમાં એને સાતમો આત્મા છથી ભિન્ન લાગે છે. સમજાણું કાંઈ ?

એવી સમયસારની ૪૯મી ગાથા છે. 'કુંદકુંદાચાર્ય'ની. એના અવ્યક્તના છ બોલ છે. એના પહેલાં બોલનો એવો અર્થ કર્યો છે. સ્વતંત્ર અર્થ કર્યો છે. સમ્યગ્જ્ઞાન દીપિકાએ. આહા..! છ દ્રવ્ય સ્વરૂપ લોક, છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય છે, વ્યક્ત છે, તેનાથી જીવ ભિન્ન અવ્યક્ત છે. એવો પાઠ છે. છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય છે. ૪૯ નો પહેલો બોલ–અવ્યક્તનો પહેલો બોલ. સમજાણું કાંઈ ? આહા..હા...! એક કોર રામ અને એક કોર ગામ. એક કોર ચૈતન્યપ્રભુ સાતમો ભિન્ન છે અને એક કોર આખું ગામ છ દ્રવ્ય છે. સમજાણું કાંઈ ? માર્ગ એવો (છે), ભાઈ ! એ માર્ગ બહાર આવ્યો તે લોકોને કઠે છે હવે. વ્યવહાર કરો, વ્યવહાર કરો. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે. ઘણું જ મિથ્યાત્વ શલ્ય છે, મિથ્યાત્વ શલ્ય છે. અનાદિનું છે ઇ છે.

અહીં તો કહે છે, જીવ રાગી નથી. વાત સાચી છે રાગ નથી. પણ રાગી નથી એવો અંદર વિકલ્પ ઊઠાવવો એ રાગ છે. ધર્મીજીવને ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના પક્ષપાત રહિત છે. એ તો તત્ત્વવેદી પક્ષપાત રહિત છે. **'તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.'** બે બોલ થયા. ત્રીજો.

**'જીવ દ્વેષી છે...'** છે ? ૭૩. અજ્ઞાની કહે છે, રાગવાળો, દ્વેષવાળો જીવ છે, દ્વેષવાળો જીવ છે.

પર્યાયમાં દ્વેષ છે. એથી વ્યવહારનયવાળો એમ કહે છે કે દ્વેષી જીવ છે. એવો પણ એક વિકલ્પ (છે). એનો તો અમે નિષેધ કરતાં આવ્યા જ છીએ, કહે છે. એ પહેલાંમાં આવી ગયું, જુઓ ! '**આ ગ્રંથમાં પ્રથમથી વ્યવહારનયને ગૌણ કરીને અને શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે.**' ભાવાર્થ. આહા..હા...! ગૌણ કરીને, વ્યવહારને તો ગૌણ કરીને જ કહેતા આવ્યા છીએ. હવે અહીં તો નિશ્ચયનો વિકલ્પ છે એને પણ ઊઠાવી લેવો છે. આવી વાતું આકરી બહુ, ભાઈ !

અરે..! ચોરાશીના અવતાર નરક ને નિગોદના.. ભાઈ ! વિચારવામાં આવે તો એને ખબર પડે. ભવનો ભય લાગી જાય એને. આહા..હા...! એકલો.. એકલો... એકલો.. કોઈ સહાય નથી. એ રાગની એકત્બુદ્ધિમાં, ભલે હું નિશ્ચય શુદ્ધ છું, અદ્વેષી છું એવો જે વિકલ્પ એના પક્ષમાં રહીને પણ એણે દુઃખને વદ્યું છે. મુનિ થયો, ત્યાગી થયો, હજારો રાણી છોડી, પંચ મહાવ્રત પાળ્યા પણ એ તો રાગ છે, વિકલ્પ છે. એનાથી પણ અહીંયાં હું અદ્વેષી છું. આહા..હા...! છે તો એવો જ તે. છતાં અદ્વેષી છું એવો વિકલ્પ, રાગ ઊઠાવવો એ દુઃખરૂપ છે. આહા..હા...! એને છોડીને, બે પક્ષપાતને છોડી દઈને તત્ત્વવેદી પક્ષપાત રહિત છે. એને ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે. જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા...!

સમ્યગ્દૃષ્ટિને વેદનમાં જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાનસ્વરૂપ વેદાય છે. એને આ અદ્વેષી છું, એવો વિકલ્પ પણ ત્યાં છૂટી જાય છે. એનાથી અદ્વેષી સ્વરૂપ વેદનમાં આવતું નથી. હું અદ્વેષી છું એવો જે વિકલ્પ, એનાથી અદ્વેષી સ્વરૂપ વેદનમાં આવતું નથી. આહા..! આવી વાતું એટલે માણસને નવું લાગે. એને નવું લાગે. નવું નથી, બાપુ ! આવો અનાદિનો માર્ગ છે, ભાઈ ! જૈન પરમેશ્વર અનંત તીર્થંકરો, અનંત સંતોએ, ગણધરોના ટોળામાં અને ઇન્દ્રોના સમક્ષમાં પ્રભુ આમ કહેતા હતા. ભગવાન પણ તે કહી રહ્યા છે. મહાવિદેહમાં ત્રિલોકનાથ ધર્મપિતા 'સીમંધર' ભગવાન છે. એની દિવ્યધ્વનિમાં આવેલી વાત. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા અને આઠ દિ' રહ્યા. આવીને આ વાત કરી છે. ભગવાન આમ કહે છે. સમજાણું કાંઈ ? અરે..રે..! બહારના ઝઘડા ક્યાં આમાં રહ્યા ? ભાઈ ! એ ૭૨ બોલ થયો. દ્વેષીનો ૭૩ થયો ને ? ૭૪.

'**જીવ કર્તા છે...**' છે ? ભાઈ ! શું કહે છે ? એક પક્ષવાળો–વ્યવહાર પક્ષવાળો કહે છે કે જીવ રાગનો, વ્યવહાર વિકલ્પ છે એનો કર્તા છે. આહા..હા...! જે વિકલ્પ–શુભરાગ ઊઠે છે એનો હું કર્તા છું, એવો વ્યવહારનયના વર્તમાનનયને જોનારો એનો એ પક્ષ છે. એ પણ રાગ છે. બીજો (પક્ષ).

'**જીવ કર્તા નથી...**' વિકલ્પ છે એનો કર્તા જીવ નથી. આહા..હા...! વિકલ્પ જે રાગ છે, આ તો અંદરમાં હું રાગનો કર્તા નથી, રાગ વિકલ્પ જે શુભભાવ છે, એનો હું કર્તા નથી. ઇ કર્તા નથી એ સ્વરૂપ બરાબર છે. પણ કર્તા નથી એવો જે વિકલ્પ ઊઠાવે છે એ દુઃખરૂપ છે. 'તારચંદજી' ! આવી વાતું છે આ. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા પરદ્રવ્યનો તો કર્તા છે જ નહિ, પણ અજ્ઞાનભાવે

રાગ જે થાય–દયા, દાન, વ્રત, ભક્તિ આદિ, હું રાગી છું, એ રાગનો કર્તા છું, એવી બુદ્ધિ છે એ વ્યવહારનયના પક્ષની અજ્ઞાન બુદ્ધિ છે.

અહીંયાથી બીજો પક્ષ લ્યે કે જીવ કર્તા નથી. કેમકે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા સ્વભાવિક વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન છે, એ વિભાવના રાગને કૃત્રિમને કેમ કરે ? 'પન્નાલાલજી' ! આ અલૌકિક બીજી વાતું છે, પૈસા-ફૈસાની વાતું નથી આ. આહા..હા..! ભગવાન ! આ તો ભગવાનના દરબારમાં જવાની વાતું છે. રાગનો હું કર્તા નથી, વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે એનો પણ હું કર્તા નથી, એવો પણ એક વિકલ્પનો પક્ષ છે. સમજાણું કાંઈ ? આ એની મેળાએ વાંચે તો કાંઈ સમજાય એવું નથી. 'પોપટભાઈ' ! ન્યાં પૈસામાં ગૂંચાઈ ગયા હોય એમાં આ વાંચે તો ક્યાં સમજાય ? 'પોપટભાઈ'ને ઓળખો છો ? મોટા ગૃહસ્થ છે. બે કરોડ રૂપિયા. દુનિયા કહે છે. ધૂડ.. ધૂડ. બે કરોડ રૂપિયા એમ કહે છે અને છ છોકરા છે. એનો 'હસમુખ' આ લાવ્યો છે ને. મશીન.. મશીન. પોણા ચાર લાખ. કોતરે છે ને ? એ મશીન એમના દીકરા લાવ્યા છે. ઇટાલીથી.

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દીકરા કેવા ? આ તો... અહીં તો રાગ એનો નથી તો દીકરો ક્યાંથી આવ્યો ?

હું એક રાગનો કર્તા નથી, એવો જે ભાવ, એવો જે વિકલ્પ, એ પણ એનો નથી. સમજાય છે કાંઈ ? બાપુ ! જન્મ-મરણ રહિત થવાનું સમ્યગ્દર્શન કોઈ અલૌકિક ચીજ છે, ભાઈ ! અને એના વિના જન્મ-મરણ રહિત થઈ શકશે નહિ. બાપુ ! લોકો ભલે રાજી થઈ જાય અને લોકોને રાજી કરે. વ્યવહારથી આમ થાય, બાપુ ! અંદરમાં નહિ ચાલે ન્યાં. આહા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે કે જીવ કર્તા નથી. શેનો ? પરનો તો નહિ, પણ રાગ જે અંદર થાય છે એનો એ કર્તા નથી. કર્તા નથી એ વાત સાચી છે, પણ કર્તા નથી એવી વૃત્તિ અંદર ઊઠાવવી, વિકલ્પ ઊઠાવવો એ દુઃખરૂપ છે. **'ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના પક્ષપાત છે.'** ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે ને. આહા..હા...! પ્રજ્ઞાસ્વરૂપ છે ને ઇ. જ્ઞાયકરસ સ્વરૂપ છે એ તો. એમાં આ કર્તા અને અકર્તાના વિકલ્પનો અભાવ કરી અને તત્ત્વ ચિત્સ્વરપૂ છે તેને જાણવું, વેદવું એનું નામ આત્માની પ્રાપ્તિ અને ધર્મ કહેવાય છે. આહા..હા...! ભાષા તો સાદી છે પણ ભાવ તો જે છે ઇ છે. આહા..હા..! અને એ ભાવ કર્યા વિના એના જન્મ-મરણ નહિ મટે, ભાઈ ! કોઈ સ્વર્ગ આદિ ભવ મળશે, પણ ત્યાં ક્લેશ છે. સમજાય છે કાંઈ ? આ કરોડોપતિ કે અબજોપતિ બધા દુઃખી છે. એ પૈસા તરફનું લક્ષ છે એ રાગ છે, ક્લેશ છે. આહા..હા..! એમ સ્વર્ગમાં પણ પુણ્યના ફળ તરીકે જાય છે ત્યાં એ ક્લેશ છે. ભગવાનના આનંદનો તેમાં અભાવ છે. આહા..હા...! દેવો પણ ક્લેશને–દુઃખને ભોગવે છે. સ્વયં દેવસ્વરૂપ ભગવાન, એને જાણ્યા વિના, એને અનુભવ્યા વિના દેવો પણ રાગને, ક્લેશને વેદે છે.

કહે છે કે જે ધર્મી છે એ બે પક્ષપાતથી રહિત છે. આહા..હા...! **'તત્ત્વવેદી પક્ષપાત રહિત છે તેને તો નિરંતર...'** જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપ (જ છે). રાગનો કર્તા છું એ નહિ અને રાગનો અકર્તા છું એવો વિકલ્પ પણ નહિ ત્યાં. આહા..હા..! બહુ માખણ વાત છે, ભાઈ ! શું થાય ? જે સ્વરૂપ હોય તે આવે. લોકો રાજી થાય અને લોકો ખુશી થાય એવી આ વાત નથી, આત્મા ખુશી થાય એવી વાત છે આ તો. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે આત્મા રાગનો કર્તા નથી એવો જે વિકલ્પ ઊઠાવવો, અંદરમાં ગયા વિના બહારમાં રહીને, આહા..હા..! હું રાગનો કર્તા (નથી), એની આ પંડિતોમાં મોટી ચર્ચા 'લલિતપુર'માં કરી. પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર નથી. અરે..! પ્રભુ ! શું કરે છે ? ભાઈ ! તમે હતા કે નહિ ? આ 'રમેશભાઈ'ને ત્યાં માર્યા હતા, દેરાસરમાં. કાંઈક બોલ્યા હશે. બોલવું ન જોઈએ. ખરેખર એવા વખતમાં બોલવું ન જોઈએ. વિરોધ કરવો ન જોઈએ. એની સામું ન જોવે. એ તો બિચારા એને જે બેઠું હોય એ કહે. વિરોધ કરવો અને એની સામે બોલવું એ ન્યાયનું નહિ. માર્યા હતા ખુબ. દેરાસરમાં. પંડિતો કહે, પરદ્રવ્યનો કર્તા છે. પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર નથી. અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ? ભગવાન ! તને આ ન શોભે, પ્રભુ ! એ ભગવાન છે, હોં ! પરમાત્મા છે. વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરવા જેવો નહિ. 'રતનલાલજી' ! એ વ્યક્તિ પ્રત્યે (દ્વેષ નહિ). પરમાત્મા છે, સાધર્મી છે. એનો આત્મા અને આ આત્મા એક જાત છે. પર્યયામાં ભૂલ ભલે હોય, એની વાત નહિ અત્યારે. પણ જેણે.. આહા..હા...!

હું રાગનો અકર્તા છું એવી જે વિકલ્પની વૃત્તિ પણ જેણે છેદી છે, એ તો આત્માને વેદે છે. એ તો પરના આત્માને આત્મા તરીકે જાણે છે. ભગવાન છે આત્મા. સાધર્મી છે. વસ્તુ તરીકે સાધર્મી છે. 'રતનલાલજી' ! પર્યાય તરીકે... આહા..હા...! કોઈ પ્રત્યે (દ્વેષ નહિ). તત્વેષુ મૈત્રી. કોઈ પ્રાણી પ્રત્યે વિરોધ ન હોય, ભાઈ ! વેર ન હોય. બધા આત્માઓ તત્વેષુ મૈત્રી છે. મિત્ર છે આત્મા. આ દ્રવ્ય સ્વભાવે. પર્યાયમાં ભૂલ છે. તો જેણે ભૂલ કાઢી નાખી છે, એ બીજાની ભૂલ શું કરવા જોવે ? એ તો આત્મા ભગવાન છે એમ જોવે. 'પન્નાલાલજી' ! આવી વાતું છે, ભગવાન ! આહા..હા...!

અહીં તો પ્રભુ કહે છે કે રાગનો, વ્યવહારના વિકલ્પનો અકર્તા છું, એવો પણ જે વિકલ્પ છે, પ્રભુ ! એ સંસાર છે, એ ઉદયભાવ છે, એ વિભાવભાવ છે, એ સંસારરૂપ છે. આહા..હા...! ભગવાન સંસારરૂપથી ભિન્ન છે. એવા અકર્તાબુદ્ધિના વિકલ્પથી છૂટીને... આહા..હા...! તત્ત્વવેદી ચૈતન્ય તત્ત્વ જે ભગવાન, એનો વેદનારો ધર્મી, તે તો ચિત્સ્વરૂપ તે ચિત્સ્વરૂપ જ છે. આહા..હા...! અધિકાર બહુ સારો આવી ગયો છે, 'રતનલાલજી' ! બરાબર તમે આવ્યા છો. અધિકાર માખણ આવ્યું છે. આહા..હા...! એ ૭૪ થઈ. ૭૫.

**'જીવ ભોક્તા છે...'** એક માને છે કે રાગનો જીવ ભોક્તા છે. વિકલ્પ જે ઊઠે છે એનો ભોક્તા

છે. એ વ્યવહારનયનો પક્ષ છે. વર્તમાન નયને જોનારાનો એ પક્ષ છે. એનો તો અમે નિષેધ કરતાં જ આવ્યા છીએ, કહે છે. આહા..હા...! **'એવો એક નયનો પક્ષ છે.'**

**'જીવ ભોક્તા નથી...'** ભગવાન આત્મા રાગનો ભોક્તા નથી, એ તો આનંદનો ભોક્તા છે, પ્રભુ ! આહા..હા...! એ રાગનો ભોક્તા નથી, એવો જે વિકલ્પ-રાગ છે એ પણ દુઃખરૂપ છે. હવે આવી વાતું માણસને કઠણ પડે ને. બહાર તો આવી ગઈ. સત્ય હતું એ. 'રતનલાલજી' ! આહા..હા...! ભાઈ ! આમ છે. તું પણ પ્રભુ છો, ભગવાન ! તારો વિરોધ ન કરાય, ભાઈ ! આત્માનો વિરોધ હોય નહિ. આહા..હા...! એક ક્ષણની ભૂલ છે. એ ભગવાન ભૂલ ટાળીને ભગવાન થશે. એવી એનામાં તાકાત છે. એક સમયનું અજ્ઞાન. વસ્તુ તો ત્રિકાળ આનંદકંદ છે. એક સમયની ભૂલ, હોં ! અનાદિઅનંત પ્રભુ પોતે. આહા..હા...! એમાં એક સમય, સેકંડનો અસંખ્યમો ભાગ. એક સમયની ભૂલ કે હું રાગનો ભોક્તા છું કે રાગનો ભોક્તા નથી. એ વિકલ્પની એક સમયની ભૂલ છે. ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પ્રભુ નિત્યાનંદ સહજાનંદ પ્રભુ, સહજ સ્વરૂપ, સ્વભાવિક જે ધ્રુવ સ્વરૂપ, સ્વભાવિક જે ધ્રુવ સ્વરૂપ , સ્વભાવિક જે અખંડ અભેદ સ્વરૂપ, એમાં તો હું રાગનો ભોક્તા નથી, એવા વિકલ્પને પણ અવકાશ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? 'દેવીલાલજી' ! આવું છે, ભગવાન ! ભાઈ !

મને તો એકવાર એવું થયું હતું કે આવી સત્ય વાત કહેતાં કોઈને દુઃખ થતું હોય તો પ્રભુ ! ક્ષમા કરજે. બે દિ' પહેલાં મેં કીધું હતું, હોં ! 'ચંદુભાઈ'ને કીધું હતું. પ્રભુ ! આ વાત આવી સત્ય છે. તને દુઃખ લાગતું હોય તો ક્ષમા કરજે, બાપુ ! તું પણ ભગવાન છો, ભાઈ ! રાત્રે એકદમ વિચાર આવતાં એવું થઈ ગયું અંદર. અરે..રે...! આવી સત્ય વાત કહેતાં જેને બીજી વાત બેઠી છે એને આ અસત્ય લાગે અને એમ કે અરે..રે..! અમે સાધુ છીએ અને એનો સત્કાર થાય છે અને આ કહે છે કે સાધુ આવા ન હોય. એવું તને દુઃખ લાગે, ભગવાન ! એ દુઃખ લગાડવાનો ભાવ અમારો નથી, પ્રભુ ! 'પન્નાલાલજી' ! ત્યાં સુધી થઈ ગયું, પ્રભુ ! ક્ષમા કરજે. આ વાતની સત્યતા બહાર આવી છે અને તને એમાં અસત્ય લાગે તો ક્ષમા કરજે, ભાઈ ! અમે એમાં નથી. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! કહો, શેઠ ! આ શેઠ છે. આહા..હા..!

પ્રભુ ! તું રાગનો અકર્તા છો એવો વિકલ્પ પણ તને શોભતો નથી, કહે છે. આહા..હા...! અને જીવ રાગનો ભોક્તા છે અને ભોક્તા નથી, એવો વિકલ્પ પણ પ્રભુ ! તને શોભતો નથી, નાથ ! તું નિર્લેપ અખંડાનંદનો નાથ પ્રભુ છો ને ! ભગવાન ! એ રાગનો ભોક્તા નથી, એવો જે વિકલ્પ પણ તને પ્રભુ ! ન શોભે. એ તારો શણગાર નહિ, એ તારી દશા નહિ.

**મુમુક્ષુ :–** 'કર વિચાર તો પામ..'

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિચાર તો પામ, વિકલ્પ નહિ. સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.

સમજે તે થાય. કર વિચાર તો. વિચાર નામ જ્ઞાન એનું કર તો પમાય. વિકલ્પ કર તો પમાય, એમ ત્યાં નથી કહ્યું. સમજાણું કાંઈ ? આહા..હા...! એમના ઘણા તત્ત્વો તો ઘણાં ઊંચા છે. એક આ બે તત્ત્વમાં જુદાઈ ન રહી. શ્વેતાંબર અને દિગંબરની, એટલી વાત અટકી ગઈ. છેલ્લે ખુલ્લી થઈ ગઈ. છેલ્લે તો ખુલ્લી કરી નાખી હતી, પણ એના પક્ષકારને એ વાત બેસવી કઠણ લાગે. જેને જે વાત બેઠી હોય એમાંથી છૂટવું, સંપ્રદાયમાંથી છૂટવું આકરી વાત ભારે. જેમાં પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષ પોષાણો હોય, કુટુંબની પરંપરા જેમાં અનાદિથી રસબોળ થઈ ગઈ હોય.. આહા..હા...! એને છોડવું, બાપુ ! આહા..! અરે..રે..! જન્મ-મરણના દુઃખને ન સહન કરવા હોય તો એને છોડવું પડશે, બાપુ ! જે સંપ્રદાયમાં જન્મ્યો તે જ સંપ્રદાય સાચો એમ માનીને સત્યને ન માન તો દુઃખી થઈશ, ભાઈ ! અને કોઈ વિપરીત શ્રદ્ધાથી દુઃખી થાય, એ પ્રાણી દુઃખી થશે.. એનો રાજીપો કેમ હોય ? બાપુ ! આહા..હા..! અરે..! વિપરીત માન્યતા.. પ્રભુ ! વર્તમાન દુઃખી અને ભવિષ્યમાં દુઃખી થશે. અરે..! એનો અનાદર કેમ કરાય ? પ્રભુ ! તિરસ્કાર ન હોય, એની દયા હોય. 'પન્નાલાલજી' ! આવી વાતું છે, બાપુ ! અહીં તો. કોઈ પણ વિપરીત માન્યતાથી દુઃખી થાય એ તે કંઈ રાજીપો છે ? એ ખુશી થવા જેવું છે ? આહા..હા...!

'શ્રીમદ્' તો કહે છે, કોઈ ક્રિયાજડ થઈ રહ્યા. રાગની ક્રિયામાં ધર્મ માનનારા અજ્ઞાનીઓ છે. કોઈ શુષ્કજ્ઞાનમાં. જ્ઞાનની વાતું કરે પણ જ્ઞાનની શ્રદ્ધા કરતો નથી. 'શુષ્કજ્ઞાનમાં કોઈ. વર્તે મોહાવેશમાં.' શુષ્કજ્ઞાનમાં એ તો જ્ઞાનમાં કહ્યું. 'કરૂણા ઉપજે જોઈ, માને માર્ગ મોક્ષનો, કરૂણા ઊપજે જોઈ.' આહા..હા...! રાગની ક્રિયામાં ધર્મ માને એવા વ્યવહારીઓ અને એકલા જ્ઞાનના જાણપણા કરીને જ્ઞાનનું પરિણમન શ્રદ્ધા, જ્ઞાન ન કરે, એને કહે છે કે કરૂણા ઉપજે જોઈ. 'માર્ગ માને મોક્ષનો' એમાં મોક્ષનો માર્ગ માને, ભાઈ ! જેમ પોતાને દુઃખ પ્રિયા નથી, એમ બીજાના દુઃખને ઠીક છે એમ કેમ માને એ ? સમજાય છે ? વિપરીત માન્યતાવાળો દુઃખી થાય... અરે..! બાપુ ! એ કાંઈ ખુશી છે ? આ..હા...! દુઃખના ડુંગરમાં ગોથા ખાશે, બાપુ ! એવા જીવની તો કરૂણા જોઈએ. તિરસ્કાર ન જોઈએ. આહા..હા...! આવો માર્ગ, પ્રભુ ! આ ભોક્તાની વાત કરી. એ ૭૫ થયો. ૭૬.

એક કહે છે કે **'જીવ જીવ છે...'** એ નિશ્ચયથી. છે ? જીવ છે. સચ્ચિદાનંદ પ્રભુ છે આત્મા. એ નિશ્ચયના વિકલ્પનો પક્ષ છે. બીજો કહે છે, **'જીવ જીવ નથી...'** પરની અપેક્ષાએ જીવ નથી. સ્વની અપેક્ષાએ છે. પરથી નથી. એ પણ એક વિકલ્પ છે, કહે છે. આહા..હા..! ક્યાં લઈ ગયા છે ! આહા..હા...!

સૂતરનો દોરો નથી હોતો ? સૂતરનો દોરો કરે છે ને ? ૧૬૦ નંબરનો. સૂતરનો પાતળો દોરો. ૧૨૦ નંબર, ૧૬૦ નંબર. આહા..હા...! બહુ પાતળો દોરો હોય. આ 'ઉજ્જૈન'માં મિલ હતી ને ? મિલ નથી ? વિનોદ મિલ. લાલચંદ શેઠ ને ? શું કહેવાય ? એક ફેરી પગલા કરવા લઈ ગયા હતા.

મહારાજ ! અહીં પધારો. પણ એ મિલમાં એક માણસ ઊભો હોય, બસ ! બાકી મિલ એની મેળાએ ચાલે. એ સૂતર નાખે, એના દોરા થાય, કપડા થાય. ક્યાંક જો દોરો તૂટી જાય (તો) એ માણસ ઊભો હોય ઇ આમ સાંધે. બસ, એટલું કરે. તૂટી જાય તો સંચો બંધ થઈ જાય. એની મેળાએ બધું કપડું તૈયાર થઈને બહાર નીકળે. આહા..હા...! એક પણ દોરો જો જરી તૂટ્યો અંદર તો સંચો બંધ થઈ જાય. એમ અહીંયા જો એક પણ વિકલ્પની વૃત્તિ જો રહેશે... આહા..હા...! ચૈતન્યસ્વરૂપનું તત્ત્વ–યંત્ર તને હાથ નહિ આવે. સમજાણું કાંઈ ? એના મિલમાં લઈ ગયા હતા. શેઠ ગુજરી ગયા. એને પણ ઘણી ભ્રમણા હતી. બ્રાહ્મણો પાસે જાપ કરાવતા. અમે એના મકાનમાં ઉતર્યા હતા. જ્યાં ઉતર્યા હતા ત્યાં જોડે બ્રાહ્મણ (હતો). કરે છે શું આ લોકો ? જાપ જપાવે છે. શેના જાપ ? આ બાજુ ઉતર્યા હતા ને. એની જોડે બરાબર બ્રાહ્મણ જાપ જપતો હતો. ભ્રમણા ઘણી હતી એની. આમ કરોડોપતિ કહેવાય પણ અંદર ભ્રમણાનો પાર ન મળે. અરે..રે..! આહા..હા...!

અહીં કહે છે, આ ભગવાન છે. જીવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ છે તો એવો. પણ જીવ છે, એવો જે વિકલ્પ ઊઠાવવો, વૃત્તિ ઊઠાવવી એ નિશ્ચયનયનો પક્ષ છે. એક નયનો પક્ષ છે કે જીવ નથી, પરની અપેક્ષાએ નથી. એ પણ એક વ્યવહારનો વિકલ્પ છે, પક્ષ છે. આહા..હા...! ક્યાં એને જાવું છે, ક્યાં એ અટક્યો છે. આવી વાત છે.

**'આમ ચિત્સ્વરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. તત્ત્વવેદી...'** તત્ત્વ નામ ચિત્સ્વરૂપ જ્ઞાનમૂર્તિનો વેદનાર, આહા..હા...! એને હું જીવ છું અને જીવ નથી, એ વિકલ્પને એ છોડી દે છે. આવો માર્ગ છે. 'ભગવાનજીભાઈ' ! પૈસાવાળાને તો ભારે આકરું પડે. કાલે નહોતું આવ્યું ? 'પરમાત્મપ્રકાશ'માં ૬૦મી ગાથા. પૂર્વના પુણ્યને લઈને વૈભવ મળે, વૈભવથી મદ થાય. અમે આમ છીએ, અમે આવા છીએ, અમે આવા છીએ. મદથી મતિ ભ્રષ્ટ થાય, મતિ ભ્રષ્ટ થઈને પાપથી નરક, નિગોદમાં ચાલ્યો જાય. 'પરમાત્મપ્રકાશ'ની બીજા અધિકારની ૬૦મી ગાથા. બે અધિકાર છે ને ? પહેલામાં ૧૨૩ છે અને બીજામાં ૨૧૪ ગાથા છે. 'પરમાત્મપ્રકાશ' સવારે વંચાય છે ને ? સવારમાં હતા ? 'પરમાત્મપ્રકાશ' વાંચ્યું. આહા..! અહીં તો કહે છે, પુણ્યના વૈભવથી મદ ચડે ને મદથી મતિ ભ્રષ્ટ થઈને રખડશે, કહે છે. આ કહે છે, પુણ્ય કરવાથી પુણ્યના બળે કર્મનો ક્ષય થશે. આવા છાપા. જૈનને નામે... બહુ ગજબ છે, બાપા ! સમજાણું કાંઈ ?

તત્ત્વવેદી તો જીવ છે અને જીવ નથી, બેયના વિકલ્પથી છૂટીને **'ચિત્સ્વરૂપ તે ચિત્સ્વરૂપ જ છે.'** આહા..હા..! કર્તા-કર્મ છે ને એટલે હું જીવ છું, જીવ છું, જીવ છું. આત્મા છું, સિદ્ધસ્વરૂપી છું, પૂર્ણાનંદ છું એવો પણ વિકલ્પ જે છે, વૃત્તિ ઊઠે છે રાગની, એ પણ દુઃખદાયક છે. આહા..હા...! એને છોડીને તત્ત્વવેદી–તત્ત્વ ચૈતન્ય છે તેનું વેદન કરનાર. રાગનું વેદન છોડીને, ભગવાન અરાગી આનંદના નાથનું વેદન કરતો, તે બેય પક્ષપાતથી રહિત છે. આહા..હા...! આવું ઝીણું પડે એટલે

માણસને... 'રતનલાલજી' ! ટીકા કરે. બિચારાને શું થાય ? બેસે નહિ. ધક્કો લાગે ને પોતાની માન્યતાને એટલે થાય, થાય. ભાઈ !

પ્રભુ ! આ દયાની વાત છે, નાથ ! આપણી દયાની આ વાત છે. આપણી એટલે આત્મા. આત્માની દયાની આ વાત છે. જેવો છે તેવો એને જાણવો અને અનુભવવો એ જીવની દયા કરી કહેવાય. પોતાની એણે દયા કરી. જેવડો અને જેવો છે તેવડો તેને માનવો, વિકલ્પથી રહિત, એણે જીવતા જીવને એવો માન્યો એ જીવની દયા કરી કે આવડો જ હું છું; પણ જેણે એવા જીવને રાગવાળો અને પુણ્યવાળો માન્યો એણે જીવતી જ્યોત ચૈતન્ય રાગથી ભિન્ન છે, તેનો અનાદિર કરીને જીવની હિંસા કરી. પોતાની. આહા..હા...! જેટલું અને જેવડું એનું સ્વરૂપ, વિકલ્પ વિનાનું, નિર્વિકલ્પ ચૈતન્યઘન ધ્રુવ, એવું ટકતું તત્ત્વ છે એટલા તત્ત્વને એ રીતે ન માનતાં એને રાગથી લાભ થાય અને રાગવાળો એમ માનવો, એ આખા જીવનનો એણે સંહાર કર્યો છે. આવો હું નહિ, હું તો રાગવાળો એવું એણે માન્યું. ચૈતન્યના તત્ત્વનો અનાદર કર્યો એટલે કે હિંસા કરી છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

કરોડપતિ અબજપતિ હોય એને કોઈ ગરીબ કહે તો એણે કરોડપતિનું સ્વરૂપ છે તેટલું જાણ્યું નહિ. સમજાણું કાંઈ ? આ શેઠિયા હતા ને ? શેઠિયા. 'દીપચંદજી શેઠિયા'. 'સરદાર શહેર'. એના મામા પાસે પૈસા ઘણા હતા. દસ કરોડ રૂપિયા. પછી કોઈએ બહાર એના મકાન ઉપર એવું લખ્યું કે આ શેઠની પાસે પૈસા નથી ને દિવાળું કાઢ્યું છે, એવું કાંઈક મકાન ઉપર લખ્યું. એટલે શેઠ કહે છે કે ભાઈ ! અહીં મારી દિવાલ ઉપર શું અંદર લખી જા ને. એથી કાંઈ હું છે તે વયો જઈશ ? મારી પાસે... તે દિ' દસ કરોડ, હોં ! તે દિ'. અત્યારે તો પૈસા વધી ગયા. ભાવ વધી ગયા ને. પૈસા તો છે એટલી સંખ્યા પણ... ઘણા પૈસા. એના મામા પાસે દસ કરોડ. અત્યારે તો ઘણા વધી ગયા. સોનું ઘણું સંગ્રહેલું. પછી એને કહ્યું, તું અહીં લખ પણ હું જે છું, મારી પાસે મૂડી છે એ મૂડીનો અભાવ તું લખ એટલે કંઈ થઈ જાય એવું છે ?

એમ ચૈતન્ય ભગવાન અનંત આનંદની મૂડીવાળો પ્રભુ... આહા..હા...! એને તું એમ માન કે હું રાગવાળો છું, શુદ્ધ ચૈતન્ય નહિ. એથી શુદ્ધ ચૈતન્યનો નાશ થઈ જાય છે ? તારી દૃષ્ટિમાં એનો નાશ થઈ જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાતું છે. આવા ઉપદેશ..! બાપુ ! માર્ગ તો આ છે, ભાઈ ! જન્મ-મરણના ફેરા ચોરાશીના, એક એક યોનિમાં અનંત વાર જન્મ્યો, ભાઈ ! મરતાં તારા દુ:ખને મરતાં તારી માં રોઈ, એ રોવાના આંસુ ભેગા કર તો દરિયા ભરાય એટલી વાર મર્યો છો તું, દુ:ખી થયો છો, ભાઈ ! 'અષ્ટપાહુડ'માં છે ઇ. તારા મરણના દુ:ખે તારી માં દુ:ખી થઈ છે. તું ૨૫ વર્ષનો મરી ગયો અને ઓલી માં પચાસ વર્ષની. એ દુ:ખી થઈને રોવે છે. એ રોવાના આંસુમાં એટલા ભવ તેં કર્યા છે કે એ આંસુના સ્વયંભૂરમણ સમુદ્ર ભરાય. બાપુ ! તારા દુ:ખને

જોઈ શક્યા નથી. એવા દુઃખ તેં વેદ્યા છે. હવે તારે કોની સામું જોવું છે ? બાપુ ! આહા..હા...! કોણ કેમ માને છે ને કોણ કેમ કહે છે, ઇ તારે શું કામ છે ? ભાઈ !

અહીં તો આચાર્ય એમ કહે છે, જીવ છું એવો જે વિકલ્પ ઊઠે તે પણ દુઃખરૂપ છે. આહા..હા...! કારણ કે જ્ઞાનસ્વરૂપ એ વિકલ્પ છે ક્યાં ? સમજાણું કાંઈ ? આહા..હા...! આ 'રણજીતસિંહ' 'જામનગર'માં ગુજરી ગયા ને ? ભાઈ ! દરબાર 'રણજીતસિંહ'. કરોડનો તાલુકો. એને કાંઈ દીકરો નહોતો. ભાઈનો દીકરો (હતો). ભાઈને દીકરો અહીં નહોતો અને 'રણજીતસિંહ' અહીં ગુજરી ગયા. તાર કર્યો, તાર. બાપુજી ગુજરી ગયા છે, આવ. એને ખબર પડી કે હવે રાજ મને મળશે. ભાઈનો દીકરો હતો, પોતાને દીકરો નહોતો. 'જામનગર' કરોડનો તાલુકો. એટલે રસ્તામાં એકદમ વિમાનમાં આવ્યા. મુંબઈથી અમદાવાદ. એમ જ થઈ ગયું કે હવે હું રાજા, હું રાજા. એ વિકલ્પ ઊઠ્યો, પણ રાજ મળ્યું ત્યારે વિકલ્પ છૂટી ગયો.

એમ વિકલ્પમાં પહેલાં હું પૂર્ણ શુદ્ધ છું, ચૈતન્ય છું, જીવ છું, એમ વિકલ્પ હો. પણ વિકલ્પ છૂટે ત્યારે રાજ મળે એવું છે. 'પન્નાલાલજી' ! આવી વાતું છે, બાપુ ! અહીં તો. લ્યો, ચાર થઈ ગયા ? એ ૭૬ થયો, ૭૭ આવશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

કોઈ પણ જીવ પોતાની હયાતી વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન...જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એક્તાબુદ્ધિથી જાણે છે-માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૧૧૪૩)

સાતમી નરકમાં પડ્યો પણ પોતાની મતિમાં આત્માને વસાવે છે. પંચેન્દ્રિયના ઉત્કૃષ્ટ દુઃખોનું એ સ્થાન છે છતાં આ દુઃખ તે હું નહીં, સંયોગ તે હું નહીં, વિકલ્પ તે હું નહીં, એક સમયની પર્યાયમાં પણ પર્યાયને વસાવતો નથી પણ એક સમયની પર્યાયમાં આખા દ્રવ્યને વસાવ્યું, જેણે પોતાની મતિમાં આત્માને વસાવ્યો તેની ગતિમાં તે પરમાત્મા જ થાય છે અને જેણે પોતાની મતિમાં પુણ્ય-પાપ વસાવ્યા તેને ચાર ગતિ જ મળે છે.

(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૧૧૪૪)

## શ્રી નિયમસાર, ગાથા-૧૬૭
## પ્રવચન નં. ૧૯૮, તા.૩૧-૭-૧૯૮૦
## [૨૦]

'નિયમસાર' ૨૮૨ કળશ. ૨૮૨ કળશ. અધિકાર એવો લેશે કે કેવળજ્ઞાન પોતાને જ જાણે છે. પછીની ગાથામાં લેશે કે કેવળજ્ઞાન બધાને જાણે છે. બેય વાત (લેશે). આહા..! એમાં મર્મ શું છે ? કે આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાનસ્વરૂપ પ્રત્યેક્ષ ક્ષણે, દરેક ક્ષણે જે ચીજ રાગાદિ થાય છે તેનો તો એ જાણનાર છે. આહા..હા...! કેમકે નવ તત્ત્વમાં રાગ, દ્વેષાદિ ભિન્ન તત્ત્વ છે. આત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાનનો પિંડ પ્રભુ, એ પોતાને જાણે છે અને રાગને જાણે છે, એ વ્યવહાર કહેશે, બાકી અહીંયા તો (કહે છે) પોતાને જ જાણે છે. આહા..હા...!

**'(નિશ્ચયથી) આત્મા સહજ પરમાત્માને,...'** સહજ પરમાત્મા એટલે પોતાનું સ્વરૂપ. સહજ પરમાત્મા એટલે પોતાનું પૂર્ણ સ્વરૂપ. **'આત્મા સહજ પરમાત્માને દેખે છે...'** આહા..હા...! એવી તાકાત છે. આત્મા માનવો એ કંઈ સાધારણ વાત નથી. અંતરમાં એની શક્તિ, આત્મા પોતાના પૂર્ણ પરમાત્મ સ્વરૂપને દેખે છે, જાણે છે. આહા..હા...! એ પ્રતીતિમાં આવવું, વિકલ્પ રહિત પ્રતીતિ થાય છે. આહા..હા...! **'કે જે પરમાત્મા એક છે.'** પોતે આત્મા સ્વરૂપ તો એક છે. ભલે ગુણ અનંત હો, છતાં વસ્તુ એક છે. આહા..હા...! **'વિશુદ્ધ છે,...'** નિર્મળ છે. વિશુદ્ધનો અર્થ શુભભાવના અર્થમાં પણ વિશુદ્ધ આવે છે અને શુદ્ધતાના અર્થમાં પણ વિશુદ્ધ આવે છે. વિશુદ્ધ શબ્દે અહીંયા નિર્મળ છે. આહા..! ભગવાન આત્મા છતી ચીજ છે, પોતાના અસ્તિત્વમાં બિરાજમાન છે એ વિશુદ્ધ છે, એક છે. ગુણભેદ આદિ નહિ, દ્રવ્ય એક છે. આહા..હા...! અને વિશુદ્ધ છે.

**'નિજ અંતઃશુદ્ધિનું રહેઠાણ હોવાથી...'** નિજ-પોતાની શુદ્ધિનું સ્થાન હોવાથી. પોતાની શુદ્ધિનું રહેવાનું એ સ્થાન છે. આહા..હા...! **'કેવળજ્ઞાન-દર્શનાદિ મહિમાનો ધરનાર છે,...'** આહા..હા...! આ વાત બેસાડવી, ભાઈ ! આ તો છદ્મસ્થ છે, છદ્મસ્થ. રાગ થાય છે તેને પણ કહે છે કે પ્રભુ ! તારો આત્મા તો પૂર્ણ છે ને ! આહા..હા...! અને ખરેખર તો તું પૂર્ણ આત્માને જુએ છે ને, પ્રભુ ! પોતાને છોડીને પરને દેખવું એ તો વ્યવહાર છે. એ વ્યવહાર કહેશે. વ્યવહાર છે, પણ નિશ્ચયથી તો પોતે પોતાના સ્વરૂપને દેખે છે. આહા..હા...! છદ્મસ્થને પણ એમ છે. એ કહ્યું ને ? આ..હા...! **'કેવળજ્ઞાન-દર્શનાદિ મહિમાનો ધરનાર છે,...'**

**'અત્યંત ધીર છે...'** શાશ્વત ધીર પ્રભુ છે. ધ્રુવ ધીર. આહા..! અંતરમાં એની દૃષ્ટિ કરવી એ જ પરમાત્મા છે. તું અંદર પરમાત્મા છો. એ કહ્યું ને ? **'આત્મા સહજ પરમાત્માને દેખે છે—કે જે પરમાત્મા એક છે,...'** તારું સ્વરૂપ પૂર્ણ છે. **'અંતઃશુદ્ધિનું રહેઠાણ હોવાથી...'** અંતર નિર્મળ શક્તિઓનો આવાસ–ઘર–રહેઠાણ છે. આહા..હા...! અનંત મહિમાનો ધરનાર છે. **'અત્યંત ધીર છે અને નિજ આત્મામાં અત્યંત અવિચળ હોવાથી...'** નિજ આત્મામાં. પરની વાત અહીંયા જરીયે નથી, પરને તો અડતો પણ નથી. પરમાં અને પોતામાં તો અત્યંત અભાવસ્વભાવસ્વરૂપ છે. આહા..હા...! આવું આત્માનું સ્વરૂપ છે. શુદ્ધોપયોગ અધિકાર છે ને ? શુદ્ધઉપયોગ.

પરમાત્મા અંદર તારામાં (છે). પૂર્ણ અનંત અનંત ગુણોનું રહેઠાણ (છે). આહા..હા...! અનંત ગુણોને રહેવાનું સ્થાન તું છો. રાગ અને પુણ્ય ને પર્યાયમાં રહેવાનું સ્થાન નથી. આહા..હા...! આવા આત્માને અંદર જોવો અને અનુભવ કરવો, એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા...! આકરી વાત છે. એકે એક વાત વીતરાગની તો આકરી છે. આ..હા...!

સવારમાં કહ્યું હતું ને કે શુભભાવ કરે તોપણ.. આહા..હા...! અત્યારે તો એ કહે છે કે શુભભાવથી શુદ્ધ થાય છે. પ્રભુ કહે છે કે શુભભાવ કરે અને શુદ્ધને ભૂલે એ નપુંસક છે. આહા..હા...! પ્રભુને ક્યાં દુનિયાની પડી છે. સંતોને ક્યાં પડી છે. દિગંબર સંતોને દુનિયાની કંઈ પડી નથી. દુનિયા કેમ માને, ન માને, સમતોલ રહે (કે ન રહો), વિષમ તર્ક ઊઠાવે, બધા સ્વતંત્ર છે. દિગંબર સંતોને જગતની કંઈ પડી નથી. નાગા તે બાદશાહથી આઘા. આ..હા...! બાદશાહની પણ જેને ગણતરી નથી. સત્યને જાહેર કરવામાં સંકોચ, હિનતા નથી. એ તો સ્વરૂપ આવું છે, એને તમે જાણો, માનો. છદ્મસ્થમાં ભલે રાગાદિ છે પણ એ ચીજ તારી નહિ. આહા..હા...! તું તો એને જાણનાર છો. એને જાણનાર કહેવું એ પણ વ્યવહાર છે. પોતામાં સ્વ અને પરને જાણવાની શક્તિ છે તો પોતાને જાણે છે. એ જ ક્ષણે રાગને પોતે પોતાની સત્તાથી પરની અપેક્ષા વિના, રાગની અપેક્ષા વિના રાગને પોતામાં જાણે. આહા..હા...! આવું સ્વરૂપ (છે).

**'અત્યંત અવિચળ હોવાથી સર્વદા અંતર્મગ્ન છે;...'** પ્રભુ સર્વદા ત્રણેકાળ દ્રવ્યસ્વભાવે અંતર્મગ્ન જ છે. વસ્તુ જે આત્મા છે, દ્રવ્યનું દ્રવ્ય, એ કદી રાગમાં, પુણ્યમાં આવ્યું જ નથી. આહા..હા...! સદાય અંતર્મગ્ન છે. અંતર આનંદ આદિ ગુણમાં મગ્ન છે. આવી ઝીણી વાત છે. માર્ગ બીજો નથી, ભાઈ ! તું તને તારી કિંમત કરતાં ન આવડે ત્યાં સુધી બધા મીંડા છે. આહા..હા...! તારી કિંમત, તારી ચીજ શું છે ? પરમાત્મા સ્વરૂપ જ તું છો. આ..હા...! સર્વ ગુણોને રહેવાનું સ્થાન છે, વિકારને રહેવાનું સ્થાન નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ રહેવાનું એ સ્થાન નથી. આહા..હા...! આકરું પડે. પુણ્યથી ધર્મ થાય, પુણ્ય ધર્મ થાય, પુણ્યથી પવિત્રતા થાય, બસ ! એ જ લેખો. લેખ આવે છે. જૈનમાં આવે છે ને ? જૈનમાં. એમાં એ જ લખ્યું છે. પુણ્યને લઈને ધર્મ થાય,

પુણ્યને લઈને પવિત્રતા થાય. આહા..હા...! અને એક ઠેકાણે આવે છે શાસ્ત્રમાં કે પુણ્યથી પવિત્રતા, પણ એ પુણ્ય એટલે પવિત્રતાની વાત છે. એ પુણ્યની શુભરાગની વાત નથી. આહા..હા...! પુણ્યને પવિત્રતા કીધી છે. પણ એ પોતાનો પવિત્ર સ્વભાવ, એને અહીંયા પુણ્યને પવિત્ર કહ્યું છે. શુભભાવ પુણ્યને પવિત્ર કહ્યું છે એમ નથી. એક બાજુ કહે કે શુભભાવ પોતાની ચીજથી દૂર છે. પોતાનું સ્વરૂપ પુરુષાર્થમય છે, રાગ એ નપુંસકપણું છે. આહા..હા...! ઓ..હો..હો...! બેસવું કઠણ પડે. જૈનધર્મ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ કહેલું વસ્તુનું સ્વરૂપ આવું છે. એમણે બનાવ્યું નથી. ચીજ બનાવી નથી. તેમ ભગવાન એ ચીજને અડતા નથી. પણ ચીજ કેવી છે એમ જાણવું, એ પણ વ્યવહાર છે. જાણવામાં (પોતે) મગ્ન છે. પોતાનું અને પર સંબંધી જે જ્ઞાન છે તેમાં મગ્ન છે. આહા..હા...!

**'સર્વદા અંતર્મગ્ન છે...'** ત્રણે કાળ ભગવાન આત્મા અંતર અનંત ગુણમાં નિમગ્ન છે. આ..હા..હા...! એ કર્મમાં તો આવ્યો નથી, પણ પુણ્યના શુભભાવમાં પણ આવ્યો નથી, એવો એનો ત્રિકાળ સ્વભાવ અંતર્મગ્ન છે. **'સ્વભાવથી મહાન...'** પોતાના સ્વભાવથી મહાન. માનવાનું તો આ છે. કરીને કરવાનું તો આ છે. બીજું જાણે, ન જાણે પણ આત્માને જાણ્યા વિના સમકિત થતું નથી. આહા...હા...! આત્મા આવો છે ઇ. અન્ય જે આત્મા કહે છે ઇ નહિ. સર્વજ્ઞ ભગવાને જેવો આત્મા કહ્યો, એનું જેવડું અસ્તિત્વ છે અને એ અસ્તિત્વની જે રીત છે, પોતામાં મગ્ન છે એ એની રીત છે, આહા..હા...! બહારમાં કદી આવતો નથી. રાગમાં દ્રવ્યસ્વભાવ કદી આવતો નથી. આહા..હા..! અને રાગને જાણવો એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા...! એ કહેશે. પછી ગાથામાં. જાણે. નિશ્ચયથી તો અંતર્મગ્ન છે. રાગનું જ્ઞાન થઈને મગ્ન તો અંતર્મગ્ન છે. આહા..હા...! આવું કદી સાંભળ્યું ન હોય અને બહારમાં ધર્મ થઈ જાય. દેવ-ગુરુની ભક્તિ (કરો), કાં દયા–દાન (કરો).. આહા..હા...!

પ્રભુ ! તારી કિંમત અલૌકિક છે. તું પરની ભક્તિ કરે છે એ પણ તારી ચીજ નહિ. આહા..હા...! ભગવાનની ભક્તિ કરે છે એ પણ તારી ચીજ નહિ. આહા..હા...! એ પણ વિકલ્પ છે. એ વિકલ્પનું પોતામાં પોતાથી જે જ્ઞાન થયું એ જ્ઞાનમાં આત્મા મગ્ન છે, વિકલ્પમાં મગ્ન નથી. ઓ..હો..હો..! અહીં પહોંચવું... દુનિયામાંથી નવરાશ નહિ. એ વિના ભવના અંત ન આવ્યા, પ્રભુ ! ચોરાશીના અવતાર અનંત અનંત અવતાર કર્યા, એ પોતામાં નિમગ્ન આત્માને જાણ્યો નહિ (તેથી થયા). કોઈ પણ રીતે પરાધીન અને પરથી પોતાનું અસ્તિત્વ જાણીને.. આહા.હા...! પર ઉપરથી કદી દૃષ્ટિ ઊઠાવી નહિ અને ઊઠાવવાનો પ્રયત્ન કર્યો નહિ. આહા..હા...! કરવાનું તો આ છે. ભગવાન સર્વસ્વ પોતામાં ગુણમાં રહેનારો અંતર્મગ્ન છે. આહા..! છે ને ?

**'અત્યંત ધીર છે અને નિજ આત્મામાં અત્યંત અવિચળ...'** સ્વરૂપમાં નિજ આત્મામાં અવિચળ

(છે). કદી પોતાના સ્વભાવમાંથી ખસતો નથી. આહા..હા..! **'અવિચળ હોવાથી સર્વદા અંતર્મગ્ન છે; સ્વભાવથી મહાન તે આત્મામાં....'** આ..હા..હા..! સ્વભાવથી મહાન. કોઈએ બનાવ્યો છે કે એને મહાન કહે છે તો મહાન છે એમ નથી. એ સહજ મહિમાવંત મહાન પદાર્થ જ છે. આહા..હા..! સહજ... છે ને ? **'સ્વભાવથી મહાન...'** સ્વભાવથી મહાન છે. પોતાના સ્વભાવથી, જ્ઞાન અને આનંદ, શાંતિ અને સ્વચ્છતા, વીતરાગતા આદિ પોતાના સ્વભાવની મહિમામાં મગ્ન છે. આહા..! એને લઈને મહાન છે. સ્વભાવથી મહાન છે. કોઈનું કરે કે કોઈને બનાવે તો એની મહિમા છે અને મહાન છે, એમ નથી. આહા..હા...! હવે આવું ઝીણું...

**'સ્વભાવથી મહાન એવા તે આત્મામાં વ્યવહારપ્રપંચ નથી જ....'** આવા ભગવાન આત્મામાં વ્યવહારપ્રપંચ છે જ નહિ. છે ને ? નીચે ખુલાસો કર્યો છે. કાલે થઈ ગયો હતો. પરને જાણે છે એટલો વ્યવહાર, એ પ્રપંચ પણ એમાં નથી, કહે છે. આહા..હા...! ***પરનું તો કરે નહિ, પરને જાણવું એવો વ્યવહારપ્રપંચ પણ એમાં નથી.*** આહા..હા...! કેટલું બહારથી હઠીને અંદરમાં જવું, જ્યાં ભગવાનનો આવાસ છે, આવાસ–રહેવાનું સ્થાન. બંગલો છે, બંગલો. પોતાનું સ્વરૂપમાં પોતામાં રહેવાનું સ્થાન છે. અસંખ્ય પ્રદેશી. આહા..હા...! ત્યાં જઈને (રહેવાનું છે). તેમાં **'વ્યવહાપ્રપંચ નથી જ...'** આહા..હા...!

કાલે નીચેનું વાંચ્યું હતું. નિશ્ચયથી છે, વ્યવહારથી જાણે છે, પણ એની કોઈ મહિમા નથી. પોતાને છોડીને ક્ષેત્રથી, ભાવથી, ગુણ એટલે ભાવ, પર્યાયથી, દ્રવ્યથી પોતામાંથી એક અંશ પણ દૂર થઈને પરના પ્રપંચમાં પડે એ વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા...! આવો આત્મા. વ્યવહારના રસવાળાને એકાંત લાગે. આજે વ્યવહારનું બહુ લખાણ આવ્યું છે. પુણ્યથી થાય, પુણ્યથી ભગવાન મળે, પુણ્યથી જ પવિત્રતા થાય, પુણ્ય જ, પુણ્ય જ આમ.. નવ પ્રકારના પુણ્ય કરો, તમારું કલ્યાણ થશે. આહા..હા...! અહીં તો કહે છે કે પુણ્યને જાણવું એ વ્યવહાર પ્રપંચ છે. આહા..હા..! એ તો પોતાનું જ્ઞાન અને સ્વ-પરપ્રકાશક જ્ઞાન પોતાનું સ્વરૂપ છે, એમાં મગ્ન છે. આહા..હા...! આકરું પડે.

**'સ્વભાવથી મહાન એવા તે આત્મામાં વ્યવહારપ્રપંચ...'** વિસ્તાર છે જ નહિ. એકરૂપ ચૈતન્યપ્રભુ... આહા..હા...! એમાં કોઈ ગુણભેદ આદિ વ્યવહાર છે જ નહિ, તો પરને જાણવું આદિ વ્યવહાર તો છે જ નહિ. એકરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન અનાદિ સત્તા, જેની સત્તામાં પરનો પ્રવેશ નથી અને પરની સત્તામાં પોતાનો પ્રવેશ નથી. આહા..હા..! એવો વ્યવહાર પ્રપંચ નથી. વ્યવહાર પ્રપંચનો વિસ્તાર જ નથી. આહા..હા...! છે કે નહિ અંદર ? આ..હા..! એનો અર્થ એવો નથી કે કેવળજ્ઞાની પરને નથી જાણતા તો છદ્મસ્થ પણ આ જાણે એ પરને ન જાણે, એમ નથી. પરને જાણે છે પરંતુ પરની અપેક્ષા નથી. આહા..હા...! નીચેનું કાલે ચાલી ગયું છે. કેવળી પરને ન જાણે તો નીચેવાળા પણ પરને ન જાણે. એ પરને જાણે તો પરને જાણવાની પોતાની શક્તિ છે. સ્વ-

પરપ્રકાશક શક્તિ પોતાની પોતાથી છે. પરને જાણવાની શક્તિથી આત્મામાં પરને જાણવાની શક્તિ છે, એમ નથી. સ્વ અને પર જાણવાની શક્તિ સ્વતઃ સહજ પોતાની મહિમા અને પોતાની મહાનતામાં એ છે. આહા..હા...! અને એ મહાનતા ઇ છે. પોતામાં રહેવું એ મહાનતા છે. આહા..હા...!

**'નિશ્ચયથી આત્મામાં લોકાકોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ.'** આહા..હા...! એક બાજુ એમ કહે છે અને બીજી બાજુ જાણવાનું કહે છે. નિશ્ચયથી.. આહા..હા...! આ બધી વાત સિદ્ધ કરવામાં આત્મા જ્ઞાન, દર્શનનો પિંડ છે (એમ કહેવું છે). જ્ઞાન જાણે, દેખે. પોતાને અને પરને વ્યવહારથી, પણ બીજા કોઈ પરને કરે (એ એનું સ્વરૂપ નથી). આહા..હા...! બહુ તો પરને જાણે એમ વ્યવહારથી કહો પણ વ્યવહારથી પરને હલાવે, ચલાવે ક્રિયા કરે એ વસ્તુમાં તો છે નહિ, પ્રભુ ! આહા..હા...! આકરું કામ છે. આ કાર્યકર્તાઓ બધું કાર્ય કરે એને આકરું ભારે લાગે.

ઘણા વર્ષ પહેલાં 'ઢેબરભાઈ' સાથે ચર્ચા થઈ હતી, લીમડા હેઠે. નિમિત્ત તો અમે થઈએ ને ? નિમિત્ત તો થઈએ ને ? નિમિત્ત હોય તો થાય ને ? આહા..હા...! નિમિત્ત હોય તો થાય તો જે સામી ચીજ છે એ પર્યાય વિનાની છે ? પોતાના કાર્ય વિનાની છે ? એ ચીજ દ્રવ્ય નકામું પડ્યું છે ? એના કાર્ય વિના નકામું પડ્યું છે ? કાર્ય તો પર્યાય છે. કોઈ પણ દ્રવ્ય કાર્ય વિના પડ્યું છે ? કાર્ય કહો કે પર્યાય કહો. આહા..હા...! નિમિત્ત શું  કરે ? નિમિત્ત કંઈ કરે નહિ. આહા..હા...! કહો, આ પુસ્તકને મૂક્યું એટલે... આહા..હા..! આકરી વાત છે, ભાઈ ! વીતરાગ, એ તો વીતરાગ છે.

પરમાત્મા કહે છે કે જેવો હું છું તેવો તું છો. અનાદિથી તું એવો છો. તને ભ્રમ છે કે અલ્પજ્ઞ છું, રાગી છું, પરને જાણવા રોકાઉં એ તને ભ્રમ છે. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ પ્રભુ, અનંત દર્શન, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એનો એ ઘર અને આવાસ છે. આહા..હા...! વસવાનો વાસ એ છે. આવાસ એટલે વસવાનો વાસ, રહેવાનો એ વાસ છે, પરને રહેવાનો એ વાસ નથી. રાગ પણ આત્મામાં રહે એવો વાસ નથી. આહા..હા...! આવો માર્ગ. પાછી ટીકા કરે કે તમે આવું કહો અને પછી આ જ્યાં ત્યાં શિબિર લગાવવી અને બીજાને સમજાવવું ને એ બધી ઉપાધિ શું કરવા કરો છો ? 'બાબુભાઈ' ! અરે...! પ્રભુ ! એ તો બનવા કાળે એ બને. કોઈ કર્તા નથી, ખરેખર તો જ્ઞાતા છે. પણ તે કાળે તે જડની પર્યાય અને તે પ્રકારે ભાષાની પર્યાયના કાળ છે તો ભાષા થાય છે. આહા..હા..! એક બાજુ કહે કે કોઈનું કાંઈ કરી શકે નહિ અને બીજી બાજુ તમારા માણસો જ્યાં ત્યાં ઉપદેશ દેવા ફરે છે. કાંઈ કરી શકે કે નહિ એમાં ? આહા..હા...!

**શ્રોતા :–** લોકોને માયાચારી જેવું લાગે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માયાચારી (નથી). આહા..હા...!

ભગવંત ! તારું સ્વરૂપ જ એવું છે, નાથ ! તું તને જાણે, પરને જાણે એ પર સંબંધી જાણે નહિ,

એ પોતાની શક્તિ સ્વ-પરપ્રકાશક છે તેને જાણે છે અને એ સ્વ-પરપ્રકાશક શક્તિ પોતામાં નિવાસ કરે છે. એકલું પરને જાણે એ વાત નથી. આહા..હા...! પુણ્ય અને પાપ, દયા ને દાન એનો તો આત્મા આવાસ છે જ નહિ, પણ પરને જાણવાનો ભાવ ત્રિકાળમાં, સ્વ-પરપ્રકાશક શક્તિના પિંડમાં એ પણ નથી. આહા..હા...!

**'(નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ.)'** આહા..હા...! ઓલો તો કહે, પુણ્ય કરો, પુણ્ય કરતાં કરતાં કલ્યાણ થઈ જશે. પુણ્ય કરો, દયા કરો, દાન કરો, કરતાં કરતાં કેવળ થઈ જશે. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. વ્યવહારથી નિશ્ચય થશે. અહીં તો કહે છે, વ્યવહારને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા...! વ્યવહાર જે આવે છે, વ્યવહાર રત્નત્રયના રાગને જાણે છે એમ કહેવું એ વ્યવહારપ્રપંચ છે. પોતાની સ્વપરપ્રકાશક શક્તિમાં જ દ્રવ્ય લીન છે. આહા..હા...! કઠણ વાત છે, ભાઈ ! દુનિયાથી જુદી જાત છે એટલે જુદી લાગે. આહા..હા...! **'(લોકાલોકને દેખવારૂપ વ્યવહારવિસ્તાર નથી જ.)'** હવે અહીંયાથી ઊલટું આવ્યું. ૧૬૭ ગાથા.

**मुत्तममुत्तं दव्वं चेयणमियरं सगं च सव्वं च।**
**पेच्छंतस्स दु णाणं पच्चक्खमणिंदियं होइ।।१६७।।**

**મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને**
**જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭.**

ટીકા :– **'આ કેવળજ્ઞાનના સ્વરૂપનું કથન છે. છ દ્રવ્યોમાં પુદ્‌ગલને મૂર્તપણું છે.'** ભગવાને છ દ્રવ્ય જોયા છે. એમાં પુદ્‌ગલને મૂર્તપણું છે. **'(બાકીના) પાંચને અમૂર્તપણું છે, જીવને જ ચેતનપણું છે, (બાકીનાં) પાંચને અચેતનપણું છે.'** આહા..હા...! એક ચૈતન્ય. મૂર્ત સામે એક ચેતન. ધર્માસ્તિકાય આદિ અમૂર્ત તો છે પણ અહીં તો મૂર્ત સામે એક ચૈતન્ય છે. આહા..હા...! અને જીવને જ્યારે ચેતનપણું છે અને પાંચને અચેતનપણું છે. **'ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન સ્વદ્રવ્યાદિ અશેષને (સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને) નિરંતર દેખનાર ભગવાન...'** લ્યો. પહેલાં ના પાડી, અહીં હા (પાડી) વ્યવહારથી. વ્યવહારથી વ્યવહાર છે, એ આદરણીય નથી. આહા..હા...!

કહે છે કે **'ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન સ્વદ્રવ્યાદિ અશેષને...'** જેટલા છે તેટલા બધા. **'(સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને) નિરંતર દેખનાર ભગવાન...'** જુઓ ! આહા..હા...! નિરંતર દેખનાર, એમ કહ્યું ને ? ઓલામાં કહ્યું હતું, નિરંતર અંદર રહેનાર છે. અંતર અવિચળ સર્વથા અંતર્મગ્ન છે. આહા..હા...! આ તો એક વ્યવહાર સિદ્ધ કરે છે. પરવસ્તુ છે એ પોતામાં જ્ઞાનની તાકાતમાં સ્વને જાણે છે, પરને જાણે છે એવો વ્યવહાર છે, વ્યવહાર નથી એમ નથી. આહા..હા...!

સમસ્તને **'નિરંતર દેખનાર...'** ભાષા જોઈ ? ઓલામાં વ્યવહારપ્રપંચ બિલકુલ નથી, એમ કહ્યું. અહીં કહ્યું, નિરંતર દેખનાર. વ્યવહાર લીધો ને ? વ્યવહાર. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક. છે તો પોતાને કારણે, પણ પરપ્રકાશકમાં પરની અપેક્ષા લીધી, તો પરને નિરંતર દેખે છે એમ કહ્યું. આહા..હા..! એક ધોરણ શું આમાં ? આ સાચું કે આ સાચું ? બેય એના સ્થાને સાચા છે. નિશ્ચય નિશ્ચયના સ્થાનમાં સત્ય છે. વ્યવહાર જાણવા લાયક છે એટલો વ્યવહાર છે એ પણ સત્ય છે. આહા..હા...! આવી વાત છે.

**શ્રોતા :–** પોતપોતાની અપેક્ષા બેય સાચા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અપેક્ષાએ. જાણે, જાણે. બિલકુલ ન જાણે તો કેવળજ્ઞાની લોકાલોકને જાણે છે એ પણ ખોટું પડે. લોકાલોકને જાણે એ છે તો અસદ્‌ભૂત વ્યવહાર. શું કહ્યું ? ભગવાનનું કેવળજ્ઞાન લોકાલોકને જાણે એ અસદ્‌ભૂત વ્યવહાર છે, જૂઠો વ્યવહાર છે, સદ્‌ભૂત વ્યવહાર નહિ. સદ્‌ભૂત વ્યવહાર તો એની પર્યાય–આત્માની પર્યાય, પર્યાય તે આત્મા, એ સદ્‌ભૂત વ્યવહાર. પરને જાણવું એ તો અસદ્‌ભૂત વ્યવહાર. પણ એ પણ છે, બિલકુલ કાઢી નાખે અને વ્યવહારથી પણ પરને જાણે નહિ, એકાંત લઈ જાય એને માટે આ વાત કરી છે. આહા..હા...! આવો માર્ગ.

**શ્રોતા :–** વ્યાપીને જાણે તો અસદ્‌ભૂત વ્યવહાર, વ્યાપ્યા વગર જાણે તો સદ્‌ભૂત વ્યવહાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરની સાથે સદ્‌ભૂત છે જ નહિ. પરની સાથે સદ્‌ભૂત છે જ નહિ. પરની સાથે અસદ્‌ભૂત વ્યવહાર. પોતાની પર્યાયને પોતામાં એ જાણે સદ્‌ભૂત વ્યવહાર છે. એ અગિયારમી ગાથા. વ્યવહાર બધોય અભૂતાર્થ છે. છે ? વ્યવહાર બધો અભૂતાર્થ છે. વ્યવહાર બધો નામ અધ્યાત્મને હિસાબે ચાર વ્યવહાર છે. એક અસદ્‌ભૂત ઉપચાર અને અનુપચાર, એક સદ્‌ભૂત ઉપચાર અને અનુપચાર. એટલે શું ? કે આત્મામાં જે રાગ થાય છે એ ખ્યાલમાં આવે છે તેનું નામ અસદ્‌ભૂત ઉપચાર કહેવાય છે. આવી લાંબી વાતું. વ્યવહાર અભૂતાર્થ છે, એમ પાઠમાં કહ્યું. અગિયારમી ગાથા, સમયસાર. વ્યવહાર બધો અભૂતાર્થ છે. આહા..હા...! વ્યવહાર બધો ત્યારે બધામાં એક વ્યવહાર ન થયો. અધ્યાતમના વ્યવહાર પણ ચાર છે. આગમના વ્યવહાર તો ઘણાં છે. નૈગમનય ને સંગ્રહનય ને એ બધા આગમનય. આ તો અધ્યાત્મનયમાં ભગવાન આત્મા બધા વ્યવહારથી ભિન્ન છે. એ વ્યવહાર ચાર પ્રકારના છે. એમાં રાગ આવે છે એ રાગ ખ્યાલમાં આવે છે, સ્થૂળ ઉપયોગ છે, ખ્યાલમાં આવે છે તે ઉપચાર વ્યવહાર કહ્યો, અસદ્‌ભૂત ઉપચાર. અસદ્‌ભૂત–આત્મામાં નથી. અસદ્‌ભૂત ઉપચાર; અને એ સમયે ઉપયોગ સૂક્ષ્મ નથી માટે રાગ ખ્યાલમાં ન આવે છતાં છે, એ અસદ્‌ભૂત અનુપચાર વ્યવહાર છે. આહા..હા...!

સદ્‌ભૂત વ્યવહારના બે ભેદ. જ્ઞાન રાગને જાણે એ સદ્‌ભૂત વ્યવહાર ઉપચાર. આત્મજ્ઞાન રાગને જાણે તે સદ્‌ભૂત જ્ઞાન પોતાનું, પરને જાણે એ સદ્‌ભૂત વ્યવહાર. એ ઉપચાર છે. પરને

જાણવું એ પણ સદ્‌ભૂત ઉપચાર છે અને જ્ઞાન તે આત્મા, (એવો ભેદ) તે સદ્‌ભૂત અનુપચાર વ્યવહાર છે. આહા..હા...! અગિયારમી ગાથામાં એ અર્થ ચાલ્યો હતો. વ્યવહાર બધોય અભૂતાર્થ છે, મૂળ પાઠ–ટીકા છે. બધોયનો અર્થ એમાં નથી. બધોનો અર્થ આ છે. પરને જાણે, અરે...! જ્ઞાન તે આત્મા એવો ભેદ તે પણ અભૂતાર્થ છે. જ્ઞાયક તે જ્ઞાયક છે. આહા..હા..! એ નિશ્ચય છે.

અહીંયા કહ્યું કે વ્યવહારનો પ્રપંચ એમાં નથી. **'ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન સ્વદ્રવ્યાદિ...'** પોતાના સ્વદ્રવ્ય સહિત. એકલું પર નહિ. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સહિત **'અશેષને...'** બીજાને પણ. સ્વદ્રવ્યાદિ અને અશેષ એટલે બીજા. **'સ્વ તેમ જ પર સમસ્ત દ્રવ્યોને...'** અશેષનો અર્થ પર લીધાં. આહા..હા...! આમાં કહેવું છે એટલું કે તારું સ્વરૂપ તો જાણન-દેખન છે, બસ ! કંઈ કરવું, કોઈનું કરવું, પરનું કરવું તો છે જ નહિ. આહા..હા...! પણ રાગનું કરવું પણ તારી ચીજમાં નથી. જ્ઞાન કરે કે જ્ઞાન જાણે ? આહા..! જાણન પાસે કરાવવું, બતાવવું, કરવું, ગોઠવવું એ તો મિથ્યા ભ્રાંતિ છે. આહા..હા...! આકરી વાત છે, ભાઈ !

સદ્‌ભૂત વ્યવહાર, જ્ઞાન તે આત્મા–એ સદ્‌ભૂત વ્યવહાર અનુપચાર. એ જ્ઞાન રાગને જાણે છે એ સદ્‌ભૂત ઉપચાર વ્યવહાર. રાગને જાણે છે, જે રાગ જણાય છે તે, અસદ્‌ભૂત ઉપચાર વ્યવહાર. અને જણાતો નથી અને છે, કારણ કે ઉપયોગ સ્થૂળ છે તો જણાતો નથી, સ્થૂળ રાગ જણાય છે, તો જે રાગ જણાતો નથી તે અસદ્‌ભૂત અનુપચાર વ્યવહાર. એ બન્ને આત્મામાં છે જ નહિ. અસદ્‌ભૂત વ્યવહાર ઉપચાર અને અનુપચાર આત્મામાં છે જ નહિ માટે અસદ્‌ભૂત કહ્યું અને આ સદ્‌ભૂત કહ્યું. ભલે રાગને જાણે પણ જ્ઞાન પોતામાં છે ને ? અને જ્ઞાન તે આત્મા, એ અનુપચાર સદ્‌ભૂત (વ્યવહાર થયો). આહા..હા...! આવી બધી વાતું. ઓલું તો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌઇન્દ્રિય.. એની દયા પાળવી, હિંસા ન કરવી અને આ મૂર્તિવાળાને મૂર્તિ બનાવવી ને ભક્તિ કરવી. એક જણ હમણાં લખે છે કે મૂર્તિની પ્રતિષ્ઠ હતી પણ આ બધું લાંબુ લપ પછી ગરી ગયું છે. એણે સાલ પણ આપી છે. અમુક સાલ પછી આમ હશે. હોય. વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર.. એમાં એ ક્યાં કરી શકે છે ?

નિશ્ચયથી તો પરમાત્માની પ્રતિમા પણ પધરાવી શકતો નથી. પરદ્રવ્યને શું કરે ? આહા..હા...! એ તો પ્રતિષ્ઠાની પર્યાય ત્યાં થવાવાળી થાય, તો આત્માને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત છે તો એનાથી થયું છે એમ નથી. બહુ આકરું કામ. એક કોર મૂર્તિપૂજા.. સ્વાહા.. ચોખા મૂકે. એ ક્રિયા આત્મા કરી શકતો નથી. આહા..હા...! એ તો કરી શકે નહિ પણ અંદર રાગ આવ્યો, એનો પણ જાણનાર રહે છે, કરનાર નથી થતો. આહા..હા..! અહીં પહોંચવું.

અહીં કહે છે કે એ વ્યવહાર છે. સ્વ ને પર દ્રવ્યોને નિરંતર દેખનાર ભગવાન. આહા..હા..! પહેલાં કહ્યું કે વ્યવહારનો પ્રપંચ દેખતા નથી. વ્યવહારનો એ પ્રપંચ છે, વ્યવહારનો વિસ્તાર છે.

અહીં કહે છે કે **'નિરંતર દેખનાર ભગવાન શ્રીમદ્ અર્હત્પરમેશ્વરનું જે ક્રમ, ઇન્દ્રિય અને વ્યવધાન રહિત,...'** એને જાણવામાં ક્રમ નથી. ભગવાન ભલે પરને જાણે, પણ ક્રમ નથી. એક પછી એક જાણે એમ નથી. એક સમયે આખો લોકાલોક જાણે. આહા..હા..! પહેલો લોક જાણે અને પછી અલોક જાણે, પહેલાં સ્વ જાણે અને પછી પર જાણે, એમ નહિ. આહા..હા...! ત્રિલોકના નાથ પરમાત્મા ત્યારે થયા કે ક્રમરહિત, ઇન્દ્રિયરહતિ, વ્યવધાન રહિત... આહા..હા...! એ ખુલાસો કરશે. ૨૮ પાને. વ્યવધાન.. દખલ નહિ, દખલ. કેવળજ્ઞાનમાં પરનું વ્યવધાન નામ ડખલ નથી. ૨૮ પાને નીચે છે. છે ? વ્યવધાન–આડ, આડ, પડદો, અંતર, આંતર, વિઘ્ન એવું નથી. છે ને ? આવું સાંભળવાનું મુશ્કેલ પડે. એક તો મળે નહિ મળે ત્યારે ઝીણું પડે. એને કર્યા વિના છૂટકો નથી, પ્રભુ ! ચોરાશીના અવતારમાં એણે દુઃખ વેઠ્યા છે, એ દુઃખના જોનારને આસુંની ધારા ચાલી છે. એવા દુઃખ એણે દેખ્યા છે, એવા દુઃખ ઓલાએ વેદ્યા છે. દુઃખના વેદનારને જોનારને આંખમાંથી ધારા ચાલી. આહા..હા...! જોઈ શકે નહિ એટલા દુઃખ. પ્રભુ ! અનંત કાળ થયો. મૂળ વસ્તુ અભેદ ચૈતન્ય, પરને જાણે એવો વ્યવહાર હો, પણ પોતાનું સ્થાન છોડીને પરમાં જાય છે એમ નથી. આ..હા..! પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચાર છોડીને પરમાં જાણવા જાય છે, એમ નથી. આહા..હા...!

**'વ્યવધાન વિનાનું, અતીન્દ્રિય સકળ-વિમળ...'** સર્વજ્ઞ ભગવાન અતીન્દ્રિય–ઇન્દ્રિય રહિત **'સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.'** બધું પ્રત્યક્ષ છે. મૂર્ત, અમૂર્ત સ્વદ્રવ્ય, પરદ્રવ્ય બધું પ્રત્યક્ષ છે. આહા..હા...! પરવસ્તુ પણ પ્રત્યક્ષ છે. પ્રવચનસારમાં બહુ લીધું છે. પ્રવચનસારમાં શરૂઆતમાં (છે). ભવિષ્યમાં પર્યાય થશે, વર્તમાન છે નહિ એ કેવળજ્ઞાનને પ્રત્યક્ષ છે. ત્યારે કોઈએ પ્રશ્ન કર્યો કે છે નહિ ને પ્રત્યક્ષ છે એ તો જૂઠ થયું. અરે...! જૂઠ નથી થયું, સાંભળ તો ખરો. એ તો માહાત્મ્ય થયું. ભવિષ્યની પર્યાય છે નહિ, અનંત કાળ પછી પર્યાય થશે, અત્યારે એમાં નથી, એને કેવળજ્ઞાન ભગવાન (જાણી લ્યે છે). અહીં કીધું ને ? **'સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.'** એને સકળ પ્રત્યક્ષ છે. આહા..હા...!

એક કોર ભગવાન વ્યવહારપ્રપંચ કહ્યું, એ તો પરની અપેક્ષાએ. આ જે જાણવાનો વ્યવહાર છે, એટલો સ્વ-પરપ્રકાશક. સ્વ-પરપ્રકાશક બે પ્રકારે છે. એક સ્વ-પરપ્રકાશક સ્વસ્વરૂપે છે અને એક સ્વ-પરપ્રકાશક પરની અપેક્ષા લેતાં પરપ્રકાશક છે. આહા..હા..! શું કહ્યું ? સ્વ-પરપ્રકાશક બે પ્રકારે છે. એક પોતાનું સ્વરૂપ સ્વ-પરપ્રકાશક નિશ્ચયથી છે, સ્વ-પરપ્રકાશક સ્વરૂપી છે અને એક સ્વને જાણે અને પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! આવી વાતું.

એ કહ્યું, **'અતીન્દ્રિય સકળ-વિમળ કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.'** શું સકળ પ્રત્યક્ષ છે ? પહેલી જે ચીજ કીધી ઇ. છ દ્રવ્યમાં પુદ્ગલદ્રવ્ય મૂર્તપણું, પાંચને અમૂર્તપણું પ્રત્યક્ષ, જીવને ચેતનપણું પ્રત્યક્ષ, પાંચને અચેતનપણું પ્રત્યક્ષ, ત્રિકાળ સંબંધી મૂર્ત-અમૂર્ત, ચેતન-અચેતન

સ્વદ્રવ્યાદિ અને અશેષ પરદ્રવ્યાદિ. બધું નિરંતર દેખનાર ભગવાનને પ્રત્યક્ષ છે. ભઈ, આ અભ્યાસ ન હોય એને આકરું લાગે, પણ વસ્તુ તો આ છે. આહા..હા...! અંદર ચૈતન્ય ભગવાન આ પરમાણુને અડ્યો પણ નથી. આ પરમાણુ, અનંત પરમાણુ દરેક સમયે એ પરમાણુની પર્યાય થાય છે. એ પર્યાયમાં આ આત્માનો અધિકાર બિલકુલ નથી. આ બોલવામાં, વાણી નીકળવામાં, લખવામાં આત્માનો બિલકુલ અધિકાર નથી. આહા..હા...! એવો માર્ગ છે.

પ્રભુ ! તું તો જ્ઞાન છો ને ! જ્ઞાન શું કરે ? જ્ઞાન તો જ્ઞાન કરે. તો એ તો કહ્યું, પરનું જ્ઞાન કરે એટલો વ્યવહાર ભલે રાખો. બાકી તો જ્ઞાન પોતે પોતામાં સમાયું છે. પરનું જ્ઞાન કરતાં વખતે જ્ઞાને કાંઈ પોતાનું સ્થાન છોડ્યું છે (એમ નથી). આહા..હા...! આવી જાતનો ધર્મ. માર્ગ તો એવો છે, ભાઈ ! અરે...! અનંત કાળથી કચરઘાણ (નીકળી ગયો છે). રસ્તામાં બાળક અમથું બેઠું હોય, એમાં ખટારો નીકળ્યો હોય, એના ઉપર ચાલી જાય, કચરઘાણ ! આહા..હા...! ભગવાન ! એને પણ તું જાણનારો છો. એ વ્યવહાર પણ એને જાણવાનો વ્યવહાર છે. બાકી જાણવું એ તો પોતામાં રહ્યું છે. જાણવાનું સ્થાન–આવાસ–ક્ષેત્ર પર નથી. આહા..હા...! આવી વાતું. આવો ધર્મ. ત્યાં સુધી આવ્યું.

**'એવી રીતે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસારમાં (૫૪મી ગાથા દ્વાર) કહ્યું છે કે :–'** એ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**આ તો સનાતન સ્યાદ્વાદ જૈનદર્શન છે. એને જેમ છે તેમ સમજવું જોઈએ. ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે તેની અપેક્ષાએ એક સમયની શુદ્ધ પર્યાયને પણ ભલે હેય કહે છે પણ બીજી બાજુ શુભરાગ આવે છે, હોય છે, એના નિમિત્તો દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો શુભરાગ હોય છે, ભગવાનની પ્રતિમાં હોય છે, એને ન માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. ભલે તેનાથી ધર્મ નથી પણ તેને ઉથાપે તો મિથ્યાદૃષ્ટિ છે. શુભરાગ હેય છે, દુઃખરૂપ છે પણ એ ભાવ હોય છે, તેના નિમિત્તો ભગવાનની પ્રતિમા આદિ હોય છે, તેનો નિષેધ કરે તો તે જૈનદર્શનને સમજ્યો નથી તેથી મિથ્યાદૃષ્ટિ છે.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૧૧૫૧)**

**આ આત્માને પરમાત્મા થવાની વાત અબજો રૂપિયા આપે તોપણ સાંભળવા મળે તેવી નથી. આ પરમાત્મતત્ત્વની વાત પૈસાની ચીજ જ નથી. આનું પૈસાથી મુલ્યાંકન થઈ શકે નહિ, બહારની ચીજથી મુલ્યાંકન થઈ શકે એવી આ ચીજ જ નથી.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૧૧૫૨)**

## શ્રી સમયસાર, પરિશિષ્ટ શ્લોક–૨૪૮-૨૫૦
## પ્રવચન નં. ૪૭૧, તા.૨૩-૯-૧૯૮૦
## [૨૧]

'સમયસાર' ચૌદ બોલ થઈ ગયા. કૌંસમાં આવ્યું ને? તત્-અતત્ એ બે ભંગ આવી ગયા, એક-અનેક બે ભંગ આવી ગયા, સત્-અસત્‌ના (બે ભંગ આવ્યા). સ્વપણે છે અને પરપણે નથી. એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના આઠ ભંગ અને નિત્ય-અનિત્યના બે ભંગ, એમ બધા મળીને ચૌદ ભંગ થયા. આ તત્ત્વની વાત એકદમ માલ છે. **'આ ચૌદ ભંગોમાં એમ બતાવ્યું કે–એકાંતથી જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે...'** એકાંત માનવાવાળાને એમ લાગે છે કે જ્ઞાનમાં પરચીજ જણાય છે તે પરને લઈને જણાય છે. એમ માનવાથી જ્ઞાનમાત્રનો નાશ થાય છે. સમજાય છે કાંઈ ? આહાહા..!

**'એકાંતથી જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે અને અનેકાંતથી આત્મા જીવતો રહે છે;...'** જીવતો એટલે અનુભવમાં પ્રગટ થાય છે. **'અર્થાત્ એકાંતથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી, સ્વરૂપમાં પરિણમતો નથી,...'** એકાંત કોને કહેવું અને અનેકાંત કોને કહેવું એ ચૌદ ભંગમાં બધું આવી ગયું. હવે એના કળશ આવશે. **'અને અનેકાંતથી તે વાસ્તવિક સ્વરૂપે સમજાય છે, સ્વરૂપમાં પરિણમે છે.'**

**'અહીં નીચે પ્રમાણે (૧૪ ભંગોના કળશરૂપે) ૧૪ કાવ્યો પણ કહેવામાં આવે છે :– (પ્રથમ પહેલા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :–)'** ૨૪૮.

**बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्**
**विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।**
**यत्तत्तत्तदि स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-**
**र्दूरोन्मग्नधनस्वभावभरतः पूर्णं समुन्मज्जति।।२४८।।**

એકલું માખણ છે. જૈનદર્શનનું રહસ્ય છે. આહાહા..!

**શ્લોકાર્થ :– 'बाह्य-अर्थैः परिपीतम्' 'બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે પી જવામાં આવેલું...'** શું કહ્યું ? છે ? શેઠ ! શ્લોક આવ્યો ? **'બાહ્ય પદાર્થો વડે...'** પોતાનું સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ અનંત ગુણ સ્વરૂપી છે એમ નહિ માનીને બાહ્ય પદાર્થોથી જ હું છું, બાહ્ય પદાર્થનું મને જ્ઞાન થાય છે તો તેનાથી

હું છું એ **'વડે સમસ્તપણે પી જવામાં આવેલું...'**

**'उज्झित-निज-प्रव्यक्ति-रिक्तीभवत्' 'પોતાની વ્યક્તિને (-પ્રગટતાને) છોડી દેવાથી...'** આહાહા..! પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન પરજ્ઞેયથી છે, પરનું જ્ઞાન કરવાથી જાણે કે પરરૂપથી આત્મા છે એમ માનીને પોતાના આત્માને છોડી દીધો. આહાહા..! આવી વાત. આ શ્લોક છે. આચાર્ય 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ મહામુનિ ભાવલિંગી સંત જેમણે ટીકા બનાવી. 'કુંદકુંદાચાર્યદેવ' ના શાસ્ત્રો 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય' આહાહા..! એ સિવાય 'તત્ત્વાર્થસાર', 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' (શાસ્ત્રો રચ્યા). એક એકમાં ગંભીર તત્ત્વ, એક એક શબ્દમાં ઊંડાણના ભાવ ભર્યા છે.

એ કહે છે, બધા **'બાહ્ય પદાર્થો વડે...'** પોતાનું સ્વરૂપ પરને જાણે છે તો બાહ્ય પદાર્થ વડે પી ગયો (અર્થાત્) એ બાહ્ય પદાર્થથી જ હું છું (એમ માન્યું). આહાહા..! પોતાનું જ્ઞાનસ્વરૂપ પરને જાણે છે તો પરવસ્તુ આખા આત્માને પી ગઈ. પરવસ્તુ પી ગઈ. આહાહા..! છે? **'બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે પી જવામાં આવેલું પોતાની વ્યક્તિને (-પ્રગટતાને) છોડી દેવાથી...'** હું આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું, પરને જાણવા છતાં હું મારી શક્તિથી ભિન્ન નથી. પરને જાણવું અને સ્વને જાણવું એ મારો સ્વભાવ છે. પરને લઈને પરને જાણે છે એમ નથી. આહાહા..! આવી વાત.

'અમૃતચંદ્રાચાર્ય' 'કુંદકુંદાચાર્યદેવ' પછી એક હજાર વર્ષે ટીકા કરી. ટીકા કરનાર કોઈ થયું નહિ એવી ચીજ છે. એ બન્ને ભાવલિંગી સંત છે. આહાહા..! 'કુંદકુંદાચાર્યદેવ' પણ છઠ્ઠે-સાતમે આનંદમાં ઝુલનારા સંત છે, એને સંત કહીએ. એની ટીકા કરનારા 'અમૃતચંદ્રાચાર્યદેવ' પણ છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલનારા (સંત છે). સમ્યગ્દર્શન તો છે જ પણ એ ઉપરાંત છઠ્ઠી-સાતમી ભૂમિકામાં હજારો વાર એક દિવસમાં આવે છે. એનું નામ ભાવલિંગી સંત કહેવામાં આવે છે.

એ ભાવલિંગી સંત કહે છે, પ્રભુ! પરને જાણતા જાણે તારું આખું જ્ઞાન પરમાં ચાલ્યું ગયું (એમ માન્યું). તારા જ્ઞાનસ્વભાવથી તું રિક્ત-ખાલી થઈ ગયો. આહાહા..! છે? **'સમસ્તપણે પરરૂપમાં જ વિશ્રાંત (અર્થાત્ પરરૂપ ઉપર જ આધાર રાખતું)...'** આહાહા..! શાસ્ત્ર, વાણી, મન, કુટુંબ-કબીલા, આ બધી ચીજો ઉપર તું આધાર રાખે છે કે તેનું જ્ઞાન થયું તે તેના આધારે થયું. એમ માની **'પશુ...'** આહાહા..! પશુ કહ્યો. પશુને જેમ ઘાસ અને ચુરમાના ભેદની ખબર નથી, તેમ અજ્ઞાનીને પરને જાણવું એ મારો સ્વભાવ છે, પરને જાણવાથી હું પરમાં ચાલ્યો (નથી) ગયો, એમ ખબર નથી. આહાહા..! અરે..રે...! મૂળ વાત સમજ્યા વિના અનંતકાળ ભટકવામાં ગયો. ભટક્યો.. ભટક્યો. આહાહા..!

એ કહે છે, **'(પર ઉપર જ આધાર રાખતું...)'** અજ્ઞાની તો જ્ઞાન થવામાં પર ઉપર આધાર રાખે છે. પરચીજ હોય – પુસ્તક હોય, શાસ્ત્ર હોય, વાણી હોય ભગવાન હોય તો મને જ્ઞાન થાય,

પરવસ્તુ હોય તો મને જ્ઞાન થાય... આહાહા..! એમ અજ્ઞાની માને છે. ભાષા તો સાદી છે ને ? શેઠ ! તમે કહ્યું હતું કે બે ચોપડી ભણવાવાળો પણ સમજી શકે. વાત તો એવી છે. સાદી ભાષા છે. આહાહા..!

**શ્રોતા :–** એક હજાર વર્ષમાં ટીકા કરનાર કોઈ ન મળ્યું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અલૌકિક શાસ્ત્ર છે. શાસ્ત્ર અલૌકિક છે તેથી તેની ટીકા કરવાનું સાધારણ પ્રાણીનું કામ નહિ. આહા..!

**શ્રોતા :–** એક હજાર વર્ષ પછી આપે એનું ઉદ્‌ઘાટન કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાત્રે કહ્યું હતું ને ? ભાઈ ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! એક તત્ત્વ બીજા તત્ત્વને અડતું નથી, સ્પર્શતું નથી અને એક દ્રવ્યમાં ઉત્પાદ્-વ્યય-ધ્રુવ થાય છે. નવી પર્યાય ઊપજે, જૂની વ્યય થાય અને ધ્રુવ રહે તેમાં એક એક પર્યાયને બીજી પર્યાયનો આધાર નથી. ઉત્પાદને ધ્રુવ દ્રવ્યનો આધાર નથી. આહાહા..! અને તે ઉત્પાદ પણ દરેક દ્રવ્યમાં ક્રમસર થાય છે. એક પછી એક, એક પછી એક ક્રમસર, આઘુપાછું નહિ. આહાહા..! ગજબ વાત છે.

દરેક દ્રવ્યની પર્યાય સમયે સમયે પોતાથી ષટ્કારકના પરિણમનથી થાય છે. દરેક દ્રવ્યની પર્યાય પરથી થતી નથી. પોતાના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણથી થાય છે. કર્તા- પર્યાય કરનાર, પર્યાય કાર્ય, કર્મ એટલે કાર્ય, પર્યાય કરણ એટલે સાધન, પર્યાયનું પર્યાય સાધન, પર્યાયનું સાધન દ્રવ્ય નહિ. અર..ર..ર..! આહાહા..! પર્યાયનું કર્મ તો સાધન નહિ, પર્યાયનું પરદ્રવ્ય તો સાધન નહિ પણ પર્યાયનું દ્રવ્ય સાધન નહિ. અરે..! આ વાત કેમ પચે? કર્તા, કર્મ, કરણ ત્રણ થયા. સંપ્રદાન–દરેક દ્રવ્ય પોતાની પર્યાયને કરીને પોતામાં રાખે છે. દાતા પણ આત્મા અને પાત્ર પણ આત્મા. એ પર્યાય જે ઉત્પન્ન થઈ તે પાત્ર અને એ પર્યાય રાખી તે દાતાએ આપી. દેનાર અને લેનાર એક જ સમયની પર્યાય છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન!

અપાદાન–દરેક દ્રવ્યની પર્યાય તે જ સમયે ક્રમસરમાં પર્યાયના આધારે પર્યાય થઈ છે. પર્યાય અપાદાન–પર્યાયથી પર્યાય થઈ છે એ અપાદાન. પર્યાયથી પર્યાય છે, એ અપાદાન. દ્રવ્યથી નહિ, નિમિત્તથી નહિ, સંયોગથી નહિ. આહાહા..! અને એ પર્યાયનો આધાર પર્યાય છે. પર્યાયનો આધાર સ્વદ્રવ્ય નથી તો પરદ્રવ્ય ભગવાન આદિનો આધાર તો ક્યાં રહ્યો? આહાહા..! ગજબ વાત છે.

અહીંયા એ કહે છે, અજ્ઞાની સંપૂર્ણપણે પોતાને પરરૂપ જ માને છે. ભગવાનના વચન મળે તો મને જ્ઞાન થાય, ભગવાનના દર્શન થાય તો મને આત્માનું ભાન થાય, એમ પર ઉપર જ પોતાનું બધું અર્પણ કરી દીધું. પોતાની સ્વતંત્ર ચીજ છે તેને છોડી દીધી. પશુ (કહ્યો), શેઠ ! પશુ છે ને ?

**'પશોઃ જ્ઞાનં' 'પશુનું જ્ઞાન (–તિર્યંચ જેવા એકાંતવાદીનું જ્ઞાન)...'** આહાહા..! એને પશુ કહ્યો.

મને પરથી જ્ઞાન થાય છે, આ શાસ્ત્રના પાનાથી મને જ્ઞાન થાય છે, એમ માનનારાને પશુ કહ્યો. મુનિને કંઈ દરકાર નથી. નાગા બાદશાહથી આઘા. એને બાદશાહની પણ દરકાર નથી. સમાજમાં બે ભાગ પડી જશે કે નહિ, તેની પણ તેમને દરકાર નથી. આહાહા..! પશુતુલ્ય. પશુ તો છે નહિ. પશુતુલ્ય–પશુવત્. એકાંતવાદીઓનું જ્ઞાન, પરથી જ મને જ્ઞાન થાય છે તેમ માનનારા પશુવત્–પશુ છે. **'નાશ પામે છે;...'** આહાહા..! મને પરથી જ્ઞાન થાય છે એમ માની નાશ પામે છે.

**'स्याद्वादिनः'** સ્યાદ્વાદી એટલે ધર્મી અનેકાંતવાદી, વીતરાગમાર્ગના રહસ્યને જાણનારા, સ્યાત્ એટલે અપેક્ષાથી કથન જાણનારા. **'સ્યાદ્વાદીનું જ્ઞાન તો, જે તત્ છે તે સ્વરૂપથી તત્ છે...'** આહાહા..! પોતાના સ્વરૂપથી છે. પરને જાણે છે તો એ જ્ઞાન પરથી નથી. પરને જાણવા છતાં એ જ્ઞાન પરથી નથી, પોતાનું જ્ઞાન પોતાથી છે અને જ્ઞેય જ્ઞેયથી છે. જ્ઞેય જ્ઞાનમાં જણાયું તો જ્ઞેયથી જ્ઞાન થયું એમ કદી નથી. આહાહા..! છેલ્લે તો આ 'અમૃતચંદ્રાચાર્યદેવ' જેવાએ બે-બે વાર, ત્રણ-ત્રણ વાર કહીને શ્લોક બનાવ્યા, એમાં માલ છે. આહાહા..!

સ્યાદ્વાદી ધર્મી જીવ, **'જે તત્ છે તે સ્વરૂપથી તત્ છે...'** હું પરને જાણું છું તો એ જ્ઞાન પરથી નથી. પરને જાણું છું એ જ્ઞાન મારા સ્વથી છે. એમ સ્વના તત્ત્વથી તત્ત્વ માનીને **'(દરેક તત્ત્વને–વસ્તુને સ્વરૂપથી તત્પણું છે) એવી માન્યતાને લીધે,...'** **'दूर-उन्मग्न-घन-स्वभाव-भरतः'** આહાહા..! **'दूर-उन्मग्न'** **'અત્યંત પ્રગટ થયેલા...'** આહાહા..! **'दूर'** નો અર્થ અત્યંત કર્યો, **'उन्मग्न'** નો અર્થ પ્રગટ થયેલા કર્યો. **'घन'** **'જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી...'** જ્ઞાનનો ઘન પ્રભુ, હું તો જ્ઞાનનો ઘન છું. પરને જાણું છું એ પરથી નહિ, પરનું જ્ઞાન નહિ, મારા જ્ઞાનમાં પર અને સ્વને જાણવાનો સ્વભાવ છે એવા જ્ઞાનઘનરૂપ હું છું. એનું નામ જ્ઞાની અને સમ્યગ્દષ્ટિ–ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! બહુ શરતું, શરતું બહુ. આહાહા..!

**'અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી, સંપૂર્ણ ઉદિત (–પ્રગટ) થાય છે.'** હું તો મારા જ્ઞાનથી જ સ્વ અને પરને જાણું છું. પરને કારણે પરને જાણ્યું અને પરને કારણે જ્ઞાન થયું તે જ્ઞાન મેં છોડી દીધું એમ નથી. આહાહા..! આવું છે. સાંભળવા મળવું મુશ્કેલ, બાપુ !

**ભાવાર્થ :– 'કોઈ સર્વથા એકાંતી તો એમ માને છે કે–ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે...'** છે ? શું કહ્યું ? કે આ ઘડિયાળ છે ને ઘડિયાળ, ઘડિયાળથી ઘડિયાળનું જ્ઞાન થાય છે. અહીં ઘડિયાળનું જ્ઞાન થાય છે ને ! એ ઘડિયાળથી ઘડિયાળનું જ્ઞાન થાય છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! પરનું જ્ઞાન મારામાં થાય છે એ પરથી થાય છે એમ અજ્ઞાની મૂઢ માને છે. ગજબ વાત છે. આહાહા..! એકાંતવાદી એમ માને છે કે **'ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે...'** ઘડો છે ને ઘડો. ઘડા પાસે બેઠો તો અહીંયા ઘડાનું જ્ઞાન થયું તો અજ્ઞાની માને છે કે ઘડો છે તો ઘડાનું જ્ઞાન થયું, બીજાનું જ્ઞાન કેમ ન થયું ? બીજું જ્ઞાન કેમ ન થયું ? પટનું, વસ્ત્રનું, આહારનું, પાણીનું, સ્ત્રીનું (જ્ઞાન

કેમ ન થયું) ? ઘડાનું જ્ઞાન જ મારામાં થયું તો એ ઘડો છે તો ઘડાથી મારામાં જ્ઞાન થયું, એમ અજ્ઞાની માને છે. આહાહા..!

**'માટે જ્ઞાન સર્વ પ્રકારે જ્ઞેયો પર જ આધાર રાખે છે.'** છે ? ભાષા બહુ સાદી છે. **'માટે જ્ઞાન...'** જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન **'સર્વ પ્રકારે...'** ચારે બાજુથી જ્ઞેયો પર જ આધાર રાખે છે. આહાહા..! મને અનુકૂળ જ્ઞેય મળે તો મને જ્ઞાન થાય, અનુકૂળ બાહ્ય સાધન મને મળી જાય તો મને જ્ઞાન થાય એમ એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ પરથી પોતાના જ્ઞાનને માનીને પોતાના જ્ઞાનનો નાશ કરે છે. આહાહા..! આવી વાત ક્યારે નીકળે ? કો'ક વખતે નીકળે.

**'આવું માનનાર એકાંતવાદીના જ્ઞાનને તો જ્ઞેયો પી ગયાં,...'** જ્ઞેય જણાયા તો તેને લઈને મને જ્ઞાન થયું તો આ જ્ઞાનને તો જ્ઞેય પી ગયું. આહાહા..! પોતાનું જ્ઞાન ભિન્ન રહ્યું નહિ. **'જ્ઞાન પોતે કાંઈ ન રહ્યું.'** અજ્ઞાની અનાદિથી એમ માને છે. પણ એ વિચાર પણ કોઈ દિ' કર્યા નથી. આહાહા..!

**'સ્યાદ્વાદી...'** ધર્મી–સમકિતી તો એમ માને છે કે **'જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ જ (–જ્ઞાનસ્વરૂપ જ) છે,...'** પરને જાણવા છતાં હું મને જાણું છું. એ પરને જાણવું થયું તે પરને કારણે થયું નથી. આહાહા..! પરનું જ્ઞાન કરવામાં પણ મારું તત્સ્વરૂપ છે તે તત્સ્વરૂપ જ હું છું, જે સ્વરૂપે હું છું તે સ્વરૂપે જ હું છું. પરને જાણવા છતાં હું તો મારા સ્વરૂપમાં જ છું. પર સ્વરૂપથી મારું સ્વરૂપ છે એમ નથી. અરે..! આવી વાતું. 'અમૃતચંદ્રાચાર્ય' આહાહા..! હજાર વર્ષ પહેલાં ટીકા કરે છે. ભાવલિંગી સંત. ઓહોહો...!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી અને પર્યાય ક્રમબદ્ધ થાય છે અને દરેક દ્રવ્યમાં જે સમયે જે પર્યાય થઈ તે પર્યાયનો આધાર પોતાનું દ્રવ્ય પણ નથી, આવી વાત પ્રભુ! વીતરાગ સિવાય ક્યાંય નથી. આહાહા..! દુનિયાને ક્યાં પડી છે કે મારું શું થશે? આહાહા..! એ કહે છે.

**'સ્યાદ્વાદી એમ માને છે કે–જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ જ છે,...'** હું પરને જાણું છું છતાં હું તત્સ્વરૂપ છું. પરને કારણે મને પરનું જ્ઞાન થયું એમ નથી. પરનું જ્ઞાન પરથી થયું એમ નથી. મારા જ્ઞાનનો સ્વભાવ પરને અને સ્વને જાણવાનો છે તો મારાથી જાણ્યું છે. આહાહા..! આવી વાત ક્યાં (છે) ? બેસવી કઠણ પડે. આ રૂપિયાનો રસ, ધૂળનો રસ, સ્ત્રી, કુટુંબ-પરિવાર, દીકરા-દીકરી, આહાહા..! આમ છોકરા હોય તો માથે હાથ ફેરવે, આમ માથે હાથ ફેરવે, ચુંબન કરે. આહાહા..! અહીં કહે છે, પ્રભુ! તું શું કરે છે એની તને ખબર છે? તારું જ્ઞાન પરને અડ્યું જ નથી. તારો આત્મા પરને અડ્યો જ નથી. એવી ચીજ તારામાં છે. આહાહા..!

**'આવી યથાર્થ અનેકાંત સમજણને લીધે સ્યાદ્વાદીને જ્ઞાન (અર્થાત્ જ્ઞાનસ્વરૂપ આત્મા) પ્રગટ પ્રકાશે છે.'** ધર્મીને તો જ્ઞાન જ્ઞાનથી થયું છે, એ જ્ઞેયથી જ્ઞાન થયું નથી એવું જ્ઞાન પ્રગટ–પ્રસિદ્ધ

થાય છે. ઓહોહો..! જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞાનનો પિંડ એ સાંભળવાથી પણ જ્ઞાન પ્રગટ થતું નથી. અરે..રે...! ગજબ વાત છે. શાસ્ત્રથી પણ એ જ્ઞાન પ્રગટ થતું નથી. કેમકે પરપદાર્થ છે. આહાહા..! **'જ્ઞાનપણાને છોડતું નથી.'** ધર્મી તો જાણે છે કે મારું જ્ઞાન મને જાણે છે અને પરને પણ પોતામાં રહીને જાણે છે. પરને કારણે મને પરનું જ્ઞાન થાય છે એમ તેઓ માનતા નથી. આહાહા..! એક એક વાતને પહોંચવું.

**'પ્રગટ પ્રકાશે છે.'** ધર્મીને તો જ્ઞાનસ્વરૂપ જ હું છું, મારા કારણે જ મારું જ્ઞાન પ્રગટ થયું છે. પરને જાણવાનું જ્ઞાન થયું તે મારે કારણે પ્રગટ થયું છે, પરને કારણે પ્રગટ થયું છે એમ નથી. થોડું આકરું પડે છે, પ્રભુ ! પણ આ વસ્તુ આવી છે. પર્યુષણના દિવસોમાં આવી માખણ જેવી વાત કદી સાંભળી નથી તો એ રસ્તે તો જાય ક્યાંથી ? જે વાત સાંભળી નથી તો એ રસ્તે જાય ક્યાંથી ? આહાહા..! એક બોલ થયો.

**'આ પ્રમાણે સ્વરૂપથી તત્‌પણાનો ભંગ કહ્યો.'** પોતાના સ્વરૂપથી તત્‌ છે. પરને જાણવા છતાં તે પોતાના સ્વરૂપથી જાણે છે. પરને જાણ્યું માટે પરને કારણે અહીં પોતાનું જ્ઞાન થયું એમ નથી. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' તો છેલ્લા શ્લોકમાં કહે છે કે હે જીવો ! આ ટીકા મેં બનાવી છે એમ ન માનો, એમ નહિ માનતા. આહાહા..! અને આ ટીકા સાંભળવાથી તમને જે જ્ઞાન થાય છે તે સાંભળવાથી થાય છે તેમ ન માનો. આહાહા..! ગજબ વાત છે. આખી દુનિયા ડોલમડોલા થઈ ગઈ છે. આહાહા..!

છેલ્લા શ્લોકમાં એમ કહે છે, આહાહા..! આ ટીકા મેં બનાવી એમ નહિ માનતા. કેમકે એ તો શબ્દની જડની પર્યાય છે. શાસ્ત્ર છે તે જડની પર્યાય છે. આહાહા..! પરથી મને જ્ઞાન થયું એમ ન માનો. મારાથી વાણી નીકળી અને ટીકા થઈ એમ નહિ માનો અને એ વાણીથી તમને જ્ઞાન થયું તેમ ન માનો. એમ મોહથી ન નાચો, એમ છે. મોહથી–મિથ્યાત્વથી ન નાચો, નાથ! આહાહા..! આવી વાત ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની વાણી છે. આહાહા..! બીજો ભંગ–૨૪૯ શ્લોક.

**विश्वं ज्ञानमिति प्रतर्क्य दष्ट्वा स्वतत्त्वाशया**
**भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छन्दमाचेष्टते।**
**यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुन-**
**र्विश्वाद्भिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत्।।२४९।।**

**શ્લોકાર્થ :– 'પશુ...'** પશુ કહીને બોલાવ્યો છે. અરે..! જેમ પશુને કંઈ વિવેક નથી કે ઘાસ શું છે અને ચુરમું શું છે ? ચુરમું કહે છે ને ? ચુરમું. ઘાસ હોય ને ? શું કહેવાય ઘાસના લાંબા ? પડછા. એમાં ચુરમું ભેગું કરીને ખાય છે. ચુરમુ અને ઘાસ જુદા છે એમ માનતા નથી. એમ પરદ્રવ્ય

અને મારી ચીજ તદ્દન ભિન્ન છે એમ માનતો નથી. પરદ્રવ્યથી મારામાં કાંઈક થાય છે. હું મારા ગામમાં હતો ત્યારે આ જ્ઞાન ક્યાં હતું? અહીં સાંભળવાથી આ જ્ઞાન થાય છે એમ પ્રત્યક્ષ દેખાય છે અને તમે ના પાડો છો? તું ભગવાનને કહે કે પ્રભુ! તમે કેમ ના પાડો છો ? આહાહા..! શાસ્ત્રના કરોડો શ્લોકના ઢગલા પડ્યા હોય તેને વંદન કરવાથી અહીંયા જ્ઞાન થાય છે, એમ ત્રણકાળમાં નથી. વંદન કરવાથી તો શુભરાગ થાય. પોતાના સ્વભાવને છોડીને પરદ્રવ્યને નમવું એ શુભરાગ છે. આહાહા..! આકરી વાત છે.

એક બાજુ કહે કે સત્શ્રવણ કરો. ગુરુગમથી સત્ સમજો. કારણ કે એ નિમિત્તથી કથન તો આવે છે પણ એમ બને છે એમ નથી. બને છે તો પોતાની જ્ઞાનની પર્યાયની યોગ્યતા છે તો ત્યાં ઉત્પન્ન થાય છે. નિમિત્તથી, વાણીથી અને ગુરુગમથી (જ્ઞાન થાય છે તેમ નથી). આહાહા..! છતાં એમ પણ આવે કે પોતાને જ્ઞાન થવામાં જે ભગવાન, વાણી આદિ નિમિત્ત છે તેમનો ઉપકાર પણ ભૂલવો નહિ. આવ્યું ને ? 'નિયમસાર'. આહાહા..!

અહીં કહે છે, પશુ! પશુ શબ્દથી બોલાવ્યો છે. છે ? પહેલો શબ્દ, પશુ છે ? **'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...'** **'विश्वं ज्ञानम् इति प्रतर्क्य'** **'વિશ્વ જ્ઞાન છે એટલે (અર્થાત્ સર્વ જ્ઞેયપદાર્થો આત્મા છે) એમ વિચારીને...'** આહાહા..! આ મારા જ્ઞાનમાં જે જણાય છે તે બધી ચીજ જ્ઞાન છે અને તેનાથી જ મને જ્ઞાન થાય છે **'એમ વિચારીને સર્વને (સમસ્ત વિશ્વને) નિજતત્ત્વની આશાથી દેખીને...'** સમસ્ત વિશ્વ. આહાહા..! દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ આવી ગયા, સર્વજ્ઞ ભગવાન પણ આવી ગયા. આહાહા..! 'નટુલાલજી' ! આવી વાત છે, ભગવાન ! ન્યાં કદી સાંભળી નથી.

**શ્રોતા :–** અમે સાંભળવા માટે આવ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત તો સાચી છે. આહાહા..! આ વાત એને એકાંત કરીને ઉડાવી દે છે, પ્રભુ ! આહાહા..! 'કૈલાસચંદજી' એ તો કહ્યું છે કે સોનગઢનું તત્ત્વ નિશ્ચયતમ છે. નિશ્ચયતર પણ નહિ, એકલું નિશ્ચય નહિ, નિશ્ચયતર નહિ, નિશ્ચયતમ છે. એમ માસિકમાં આવ્યું છે. એને શું કહેવું છે એ તો ઠીક પણ આપણે તો આ બરાબર સમજી લેવું કે વાત તો નિશ્ચયતમ છે. આહાહા..!

**'પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, વિશ્વ જ્ઞાન છે (અર્થાત્ સર્વ જ્ઞેયપદાર્થો આત્મા છે)...'** સર્વ જાણવાલાયક છે તેનાથી મને જ્ઞાન થાય છે **'એમ વિચારીને સર્વને (–સમસ્ત વિશ્વને) નિજતત્ત્વની આશાથી દેખીને...'** વિશ્વમય થઈને એ તો પરરૂપ જ થઈ ગયો. મને પરથી જ્ઞાન થયું તે પરરૂપ થઈ ગયો, પોતે તો ખોવાઈ ગયો. આહાહા..! **'पशुः इव स्वच्छन्दम् आचेष्टते'** બે વાર પશુ લીધું. પહેલાં પશુ એકાંતવાદી કહ્યું પછી પશુની જેમ (કહ્યું). **'पशुः इव स्वच्छन्दम् आचेष्टते'** **'ઢોરની માફક સ્વચ્છંદપણે ચેષ્ટા કરે છે–વર્તે છે;...'** પરથી જ મને જ્ઞાન થાય છે એવો સ્વચ્છંદી

પશુની માફક વર્તે છે. આહાહા..! આવી વાત. સંતો પંચ મહાવ્રતધારી ભાવલિંગી અજ્ઞાનીને પશુ કહે છે. પશુ કહીને એમ કહે છે કે એને છોડી દે, પ્રભુ! એ તારી ચીજ નથી, તું પરથી નથી. તારા તત્ત્વથી તારું તત્ત્વ છે, પર જ્ઞેયતત્ત્વથી તારું જ્ઞાન નથી. અમે તો જ્ઞેય છીએ. ભગવાન અને શાસ્ત્ર એમ કહે છે કે અમે તો તારા જ્ઞાનના જ્ઞેય છીએ. તારું જ્ઞાન મારામાં નથી અને મારાથી તને જ્ઞાન થાય છે એમ નથી. આહાહા..!

હવે તો માણસ સાંભળવા આવે છે. 'મુંબઈ'માં, શેઠના ગામમાં પણ પંદર હજાર માણસ આવેલા. શેઠની આબરૂ મોટી છે અને શેઠને પ્રેમ છે. પંદર-પંદર હજાર માણસ, પણ વાત આ. 'ભીંડ'ના હતા ને ? શું નામ ? 'નંદલાલજી' 'ભીંડ'ના. એ (સંવત) ૧૯૯૯ની સાલમાં અહીં આવ્યા હતા. અહીં 'સમયસાર' વાંચતા હતા. તે દિ' એટલા માણસો નહોતા. ૧૫૦ જણા હતા. ઓહોહો..! આ 'સમયસાર' ના વાંચનમાં ૧૫૦ માણસ! અમે તો 'સમયસાર' લઈને બેસીએ તો ૨-૩ જણા બેસે, એમ કહેતા હતા. અત્યારે તો હજારો માણસ (સાંભળે છે). તેઓ એટલા ભાગ્યશાળી છે કે જેમને કાને આ વાત પડે છે. આહાહા..!

'સોગાની' લખી ગયા છે, 'ન્યાલચંદ્રજી સોગાની' 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' માં (લખે છે), અહીંના સમજનારા, સાંભળનારા બહુભાગ માણસો મોક્ષમાં જશે, એમ લખ્યું છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'. આહા..! આ ચીજ... આ ચીજ.. આહાહા..! અમૃતસ્વરૂપ ભગવાન ત્રણલોકના નાથ આ વાત જગત પાસે પ્રસિદ્ધ કરે છે. એમણે એમ લખ્યું છે કે 'સોનગઢ' ના આ વાત સાંભળનારા બહુભાગ મોક્ષ જશે. બહુભાગ લખ્યું છે. તેને પ્રેમ છે, રસ છે અને અંદર રસથી સાંભળે છે તો આગળ રસ વધી જશે તો સર્વજ્ઞપણું પામીને મોક્ષ પામશે. આહાહા..!

નિજ તત્ત્વની આશાથી દેખીને **'વિશ્વમય થઈને ઢોરની માફક સ્વચ્છંદપણે ચેષ્ટા કરે છે–વર્તે છે...'** આહાહા..! મને પરથી જ્ઞાન થયું, મને પરથી થયું (એમ માને છે). આહાહા..! **'અને સ્યાદ્વાદદર્શી તો (-સ્યાદ્‌વાદનો દેખનાર તો), ધર્મી જીવ તો તેમ માને છે કે, જે તત્ છે તે પરરૂપથી તત્ નથી...'** મારામાં જે જ્ઞાન થાય છે તે પરથી થતું નથી. આહાહા..! શબ્દને સાંભળવાથી પણ જ્ઞાન થાય છે એમ નથી. એમ ધર્મી અતત્ માને છે. આહાહા..! અતત્–તે જ્ઞેય મારામાં નથી અને જ્ઞેયને કારણે મારામાં જ્ઞાન થતું નથી. આહાહા..! છે? **'પરરૂપથી તત્ નથી...'** હું તત્ રૂપે છું, પરરૂપથી નથી.

**'(અર્થાત્ દરેક તત્ત્વને સ્વરૂપથી તત્પણું હોવા છતાં પરરૂપથી અતત્પણું છે)...'** સ્વરૂપથી છે અને પરરૂપથી નથી. આહાહા..! અરે..રે..! આવી વાતું. **'એમ માનતો હોવાથી...'** આહાહા..! **'विश्वात् भिन्नम् अविश्व-विश्वघटितं' 'વિશ્વથી ભિન્ન એવા...'** બધી ચીજથી ભગવાન તો ભિન્ન છે. રાગ, દયા, દાન, વ્રતના પરિણામથી માંડીને ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરથી પણ હું ભિન્ન છું.

વિશ્વથી ભિન્ન છું એમ કીધું ને? વિશ્વમાં બધું આવી ગયું. આહાહા..! **'વિશ્વથી (–વિશ્વના નિમિત્તથી) રચાયેલું હોવા છતાં વિશ્વરૂપ નહિ એવા...'** શું કહે છે? **'(–વિશ્વના નિમિત્તથી) રચાયેલું હોવા છતાં (અર્થાત્ સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં...)'** એમ. જ્ઞાનમાં જ્ઞેયના આકાર જણાય છે. આહાહા..! વિશ્વના નિમિત્તથી અર્થાત્ બીજી ચીજ છે. પોતામાં જ્ઞાન થાય છે તે નિમિત્તથી નહિ. પોતામાં જ્ઞાન પોતાથી થાય છે.

**'(–વિશ્વના નિમિત્તથી) રચાયેલું હોવા છતાં વિશ્વરૂપ નહિ એવા...'** પરને જાણે છે છતાં પરરૂપ નહિ થનારા. આહાહા..! આત્મા ભગવાન પરને જાણે છે છતાં પરરૂપ થતો નથી. **'સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં...'** જુઓ! સમસ્ત જ્ઞેય – સ્ત્રી, કુટુંબ-પરિવાર, પૈસો-લક્ષ્મી, દેવ-ગુરુ-શાસ્ત્ર... આહાહા..! એ બધા જ્ઞેયરૂપ છે. એ **'સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં...'** એ જ્ઞેયને જાણનારી પર્યાય પોતામાં થવા છતાં. આહાહા..! **'વિશ્વરૂપ નહિ એવા (અર્થાત્ સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં સમસ્ત જ્ઞેયવસ્તુથી ભિન્ન એવા)...'** જાણવાની ચીજથી હું ભિન્ન છું. એમ **'પોતાના નિજતત્ત્વને સ્પર્શે છે–અનુભવે છે.'** આહાહા..! પરને જાણવા છતાં હું પરરૂપ થઈને જાણું છું, એમ નથી. હું મારામાં મારે કારણે સ્વપરપ્રકાશક (શક્તિને) કારણે સ્વને અને પરને મારે કારણે મારામાં જાણું છું. આહાહા..! એકલું માખણ ભર્યું છે. 'કથા સાંભળી ફુટ્યા કાન' એવું આવે છે ને ? 'તોપણ ન આવ્યું હરિનું ભાન'. આહાહા..! એ અન્યમતિમાં આવે છે. 'કથા સાંભળી ફુટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન' અન્યમાં (આવે છે). બ્રહ્મ નામ આત્મા. 'કથા સાંભળી ફુટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મ જ્ઞાન.' પરમાંથી કંઈ આવે છે? આહાહા..!

**'પોતાના નિજતત્ત્વને સ્પર્શે છે–અનુભવે છે.'** ધર્મી પરને જાણવા છતાં હું મારા જ્ઞાનથી જાણું છું, હું પરને કારણે પરને જાણું છું એમ નહિ, એમ પોતાના જ્ઞાનને સ્પર્શ કરીને પોતાના જ્ઞાનને અનુભવે છે. પરને કદી સ્પર્શતો નથી. આહાહા..!

**ભાવાર્થ :– 'એકાંતવાદી એમ માને છે કે...'** એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ, જેને પહેલાં પશુ કહ્યો હતો ને? એ. કે **'વિશ્વ (–સમસ્ત વસ્તુઓ) જ્ઞાનરૂપ અર્થાત્ પોતારૂપ છે.'** આખી દુનિયા મારા જ્ઞાનરૂપે છે. મારા જ્ઞાનમાં બધું જણાય છે તો હું તે જ્ઞાનરૂપ જ છું. **'આ રીતે પોતાને અને વિશ્વને અભિન્ન માનીને,...'** નિજ નામ પોતાને અને વિશ્વ નામ પર. વિકલ્પથી માંડીને દેવ-ગુરુ-શાસ્ત્ર. આખા **'વિશ્વને અભિન્ન માનીને,...'** આત્મામાં તેને એકરૂપ માને છે. તેનાથી મારામાં કાંઈક લાભ થાય છે. આહાહા..!

**'પોતાને વિશ્વમય માનીને, એકાંતવાદી, ઢોરની જેમ હેય-ઉપાદેયના વિવેક વિના...'** પરનું જાણવું થવા છતાં પર વસ્તુ હેય છે અને પર સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં થયું છે તે જ ઉપાદેય છે. આહાહા..! 'મધુભાઈ'! આવું ન્યાં ક્યાં છે? ન્યાં ધૂળ છે. લાખો રૂપિયા પેદા કરે છે. ધૂળમાં.

**શ્રોતા :–** ખરું ભેગા કરવાનું અહીં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ છે, દુકાન જ આ છે. આહાહા..!

વીતરાગ ત્રિલોકનાથ કહે છે કે **'હેય-ઉપાદેયના વિવેક વિના...'** કઈ ચીજ છોડવાલાયક છે અને કઈ ચીજ આદરવા લાયક છે તેના વિવેક વિના **'સર્વત્ર સ્વચ્છંદપણે પ્રવર્તે છે.'** બસ ! મને પરથી જ લાભ થાય છે. મને મારાથી પણ લાભ થાય છે અને મને પરથી પણ લાભ થાય છે એમ સ્વચ્છંદપૂર્વક પ્રવૃત્તિ કરે છે. આહાહા..! અને એ પરને લક્ષમાં રાખીને પોતાની જિંદગી કાઢે છે પણ પોતાનું સ્વરૂપ તેનાથી ભિન્ન છે અને પરને જાણવું એ પણ મારો સ્વભાવ છે, પરને કારણે એમ નથી, એમ નહિ માનીને વિશ્વમાં પોતાની જિંદગી કાઢી નાખે છે. આહાહા..! આવી વાત છે.

મેં તો કીધું હતું, મારા ભાગીદાર ફઈના દીકરા ભાઈ હતા. તેમને પણ (સંવત) ૧૯૬૪ની સાલમાં કહ્યું હતું, કેટલા વર્ષ થયા ? ૭૨ વર્ષ પહેલાં ૧૮ વર્ષની ઉંમર હતી ત્યારે પણ કહ્યું હતું. અમે તો શાસ્ત્ર વાંચતા હતા, પૂર્વના સંસ્કાર હતા, ભગવાન પાસેથી આવ્યા છીએ. આહાહા..! શાસ્ત્ર વાંચતા હતા. અમારા ફઈના દીકરા ભાગીદાર હતા. એમ ને એમ આખો દિ' લઢા.. લઢા (લે). અરે..! પ્રભુ! તું શું કરે છે ? તારે ક્યાં જાવું છે ? આખો દિ' આ ગામમાં સાધુ આવે તો સાંભળવાનો વખત મળે નહિ, દર્શન કરવાનો વખત મળે નહિ. તે દિ' તો એ માનતા હતા ને ? તેને પણ સાધુ માનતા હતા ને ! તે દિ' તો વસ્ત્રસહિતને સાધુ માનતા હતા. એમાં હતા ને! આહાહા..! એને સાંભળે નહિ અને રાત્રે આઠ વાગે જાય. સવારમાં આઠ વાગે સાધુ આવ્યા હોય તોપણ આખો દિ' સામું જોવે નહિ. આહાર-પાણી વ્હોરાવવા પણ પોતે ન આવે. હું દુકાન છોડીને બધાને આહાર-પાણી (આપતો). એ બધું તો મિથ્યાત્વ હતું, પણ એ વખતે તો તેને માનતા હતા ને ! આહાહા..! પિતાજીનો ધર્મ એ હતો ને! આહાહા..!

અહીં કહે છે, **'તે જ વસ્તુ પરના સ્વરૂપથી અતત્સ્વરૂપ છે;...'** **'સ્યાદ્વાદી તો એમ માને છે કે–જે વસ્તુ પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ છે,...'** આત્મા **'તે જ વસ્તુ પરના સ્વરૂપથી અતત્સ્વરૂપ છે;...'** પરથી નથી. આહાહા..! વાણીથી જ્ઞાન થતું જ નથી. આહાહા..! વાણીથી આત્મા અતત્ છે, પોતાના જ્ઞાનથી તત્ છે. આહાહા..!

**શ્રોતા :–** જ્ઞાન પોતાથી થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં જ્ઞાન જ્ઞાનથી થાય છે. આહાહા..! દુનિયા ગાંડી પાગલ કહે કે આ શું કહે છે ? પ્રભુ ! સાંભળ તો ખરો. વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. 'સીમંધરસ્વામી' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. આહાહા..! એમની આ વાણી છે. 'કુંદકુંદાચાર્યદેવ' ત્યાં ગયા હતા અને ત્યાંથી લાવ્યા. આહાહા..!

કહે છે, **'પર જ્ઞેયોના આકારે થવા છતાં તેમનાથી ભિન્ન છે.'** એમ જ્ઞાની માને છે. આહાહા..!

જ્ઞાની, પરનું જાણવું થતું હોવા છતાં હું પરથી ભિન્ન છું. એ પરનું જાણપણું થવા છતાં એ પરને કારણે થતું નથી. પરનું જાણપણું થવું એ પણ મારા સ્વભાવથી મારાથી મારામાં થાય છે. કેમકે મારું જ્ઞાન જ સ્વપરપ્રકાશક છે. **'આ પ્રમાણે પરરૂપથી અતત્‌પણાનો ભંગ કહ્યો.'** બે ભંગ થયા. ચૌદમાંથી બે થયા. એકદમ લઈ લઈએ છીએ કારણે પહેલાં ઘણી વાર આવી ગયું છે. ત્રીજા ભંગનો કળશ–૨૫૦.

**बाह्यार्थग्रणस्वभावभरतो विष्वग्विचित्रोल्लस-**
**ज्ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुटयन्पशुर्नश्यति।**
**एकद्रव्यतया सदाप्युदितया भेदभ्रमं ध्वंसय-**
**न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्।।२५०।।**

આ એકનો કળશ છે. પહેલાં તત્-અતત્‌નો હતો. પહેલો શ્લોક તત્‌નો હતો. હું તત્ છું, પરથી નથી. બીજો અતત્ છું. પરથી હું નથી. હવે આમાં કહે છે, હું તો એકરૂપ છું. આહાહા..! વસ્તુ તરીકે એકરૂપ છું. ભલે.. આહાહા..! પછી પર્યાય તરીકે અનેકરૂપ છું એવું જ્ઞાન પણ કરે છે. પર્યાયથી અનેકરૂપ છું, ગુણથી અનેકરૂપ છું પણ ગુણ-પર્યાયના પિંડથી હું એકરૂપ છું. પહેલાં એક માને છે. 'નિયમસાર'માં તો ત્યાં સુધી કહ્યું કે જે કોઈ પ્રાણી પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણને વિચારે છે તે વિકલ્પ અને રાગ છે અને પરાધીન છે. અર..ર...! આવી વાત. એ વાત અહીંયા એમ કહે છે, પર્યાય પોતાની છે એમ કહે છે. જ્ઞાન કરાવે છે. ત્યાં તો દૃષ્ટિનો વિષય બતાવવો છે તો એમ કહ્યું કે દ્રવ્ય–આત્મા, ગુણ–જ્ઞાન અને પર્યાય ત્રણનો વિચાર કરવાથી તો રાગ ઉત્પન્ન થાય છે. તેને છોડીને એકરૂપ ચિદાનંદ પ્રભુ ત્રિકાળી ભગવાન એકરૂપ છું એમ અંતરદૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એ વાત કરે છે.

**'પશુ...'** આહાહા..! **'અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...'** **'बाह्य-अर्थग्रण-स्वभाव-भरतः'** **'બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવાના (જ્ઞાનના) સ્વભાવની અતિશયતાને લીધે,...'** એ તો સ્વભાવની વિશેષતા છે. પોતાના જ્ઞાનસ્વભાવની ખાસ વિશેષતા છે કે પરને જાણે છતાં અનેકરૂપ થઈ જાય છે એમ નથી. પરને જાણવા છતાં પોતાનું એકપણું છૂટી જાય છે એમ નથી. આહાહા..!

**'विष्वग्-विचित्र-उल्लसत्-ज्ञेयाकार-विशीर्ण-शक्तिः'** **'ચારે તરફ (સર્વત્ર) પ્રગટ થતા અનેક પ્રકારના જ્ઞેયાકારોથી...'** આહાહા..! ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન પણ જ્ઞેય છે, એ પોતાનો આત્મા નહિ. આહાહા..! **'જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ણ થઈ ગઈ છે...'** પોતાના જ્ઞાનમાં પરવસ્તુ જણાય છે તો અજ્ઞાની એમ માને છે કે પરને કારણે મારું જ્ઞાન અનેકરૂપ થઈ ગયું, પરને કારણે મારું જ્ઞાન અનેકરૂપ થઈ ગયું. **'(અર્થાત્ અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતાં જ્ઞાનની શક્તિને છિન્નભિન્ન-ખંડખંડરૂપ–થઈ જતી માનીને)...'** અરે..! હું પરને બહુ જાણું છું તો મારું જ્ઞાન ખંડખંડ

થઈ જાય છે એમ અજ્ઞાની માને છે.

**'अमितः त्रुटयन्' 'સમસ્તપણે તૂટી જતો ખંડખંડરૂપ અનેક થતો થકો નાશ પામે છે;...'** આહાહા..! એકરૂપ વસ્તુ છે એમાં અનેકપણાનો ખ્યાલ આવે છે તો મારા એકપણાનો નાશ થઈ જાય છે એમ અજ્ઞાની માને છે. એની પણ ક્યાં ખબર છે. આહાહા..! આત્મા જ્ઞાનસ્વભાવી અનંતરૂપ એકરૂપ, ગુણ-પર્યાયથી અભેદ એકરૂપ છે. પરને જાણવા છતાં પણ અનેકરૂપ થઈ જતો નથી.

એ કહે છે, **'ચારે તરફ (સર્વત્ર) પ્રગટ થતા અનેક જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ષ થઈ ગઈ છે એવો થઈને (અર્થાત્ અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતાં જ્ઞાનની શક્તિને છિન્નભિન્ન-ખંડખંડરૂપ-અનેકરૂપ-થઈ જતો થકો) સમસ્તપણે તૂટી જતો થકો...'** આહાહા..! મારી વસ્તુ ખંડખંડરૂપ થઈ ગઈ. પરને જાણવાથી **'(અનેકરૂપ થઈ જતો થકો) નાશ પામે છે;...'** પોતાની વસ્તુનો નાશ કરી નાખે છે. આહાહા..! આવી વાત કાને પડવી મુશ્કેલ. આહાહા..! **'નાશ પામે છે;...'** એમ અજ્ઞાની માને છે.

**'अनेकान्तवित्' 'અને અનેકાંતનો જાણનાર,...'** ધર્મીજીવ. આહાહા..! **'सदा अपि उदितया एक-द्रव्यतया' 'સદાય ઉદિત (-પ્રકાશમાન) એકદ્રવ્યપણાને લીધે...'** હું પરને અને સ્વને જાણું છું છતાં હું તો એકરૂપ જ છું. એકરૂપપણું છોડીને અનેકરૂપ થઈ ગયો એમ નથી. આહાહા..! **'અનેકાંતનો જાણનાર,...'** ધર્મીજીવ. અનેકાંત એટલે અનેક અંત એટલે ધર્મ. આહાહા..! એકપણે પણ છું અને અનેકપણે પણ છું પણ એકપણું પોતાને કારણે છે, કોઈ પરને કારણે એકપણું છે એમ નથી. એકપણું રાખવા માટે અનેક જ્ઞેયાકાર જે પોતામાં થાય છે તેનો નાશ કરે છે. શું કહ્યું ? પોતામાં એકપણું માનવા માટે અજ્ઞાનીને જ્ઞાનમાં જે અનેક જ્ઞેય જણાય છે તો એમ માને છે કે અરે..રે..! હું તો ખંડખંડ અનેક થઈ ગયો. એમ માની પરને જાણવાના પોતાના જ્ઞાનને છોડી દે છે અને હું એકરૂપ છું એમ અજ્ઞાની માનતો થકો પોતાના સ્વરૂપનો નાશ કરે છે. આહાહા..! કઈ જાતની વ્યાખ્યા ? બીજી બધી વાતો ઘણીવાર સાંભળી, આ વાત (સાંભળી નથી). આહાહા..!

આ એકનો ભંગ છે. એ એમ માને છે કે પરને જાણતાં હું અનેક થઈ ગયો, પણ પરને જાણવું અને સ્વને જાણવું એ તો પોતાની એકરૂપ શક્તિમાં છે, એકરૂપ રહીને જાણે છે. પરને જાણે છે માટે અનેક થઈ જાય છે એમ નથી. આહાહા..! આવી બધી વાતું. **'નાશ પામે છે;...' '(ખંડખંડરૂપ-અનેકરૂપ-થઈ જતો થકો) નાશ પામે છે; અનેકાંતનો જાણનાર...'** ધર્મીજીવ. આહાહા..! અનેક અંતના જાણનાર ધર્મી **'सदा अपि उदितया एक-द्रव्यतया' 'સદાય ઉદિત (-પ્રકાશમાન) એકદ્રવ્યપણાને લીધે...'** મારું દ્રવ્ય તો એકરૂપ છે. હું ભલે અનેકને જાણું છું પણ એ તો મારી પર્યાયમાં મારી જાણવાની તાકાત છે. હું તો એકરૂપ જ છું. આહાહા..! એમ ધર્મીજીવ

પોતાને એકરૂપ જાણીને પોતાને જીવંત રાખે છે અને અજ્ઞાની પોતામાં એકરૂપપણું રાખવા માટે, જ્ઞેયનો આકાર થવો એ મારો સ્વભાવ છે એમ નહિ માનતો જ્ઞેયના આકારોને છોડતો થકો તુચ્છ થાય છે. આહાહા..! કેવી ભાષા? પેલું તો વ્રત પાળો, ભક્તિ કરો, શાસ્ત્ર બનાવો, મંદિર બનાવો, ભક્તિ કરો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, દસલક્ષણીમાં દસ દસ અપવાસ કરો. પ્રભુ! એ હોય છે પણ એ બધો શુભભાવ છે, પુણ્યભાવ છે, ધર્મ નહિ. આહાહા..!

અહીંયા તો એ કહે છે, અનેકાંતવાદી જીવ, આહાહા..! **'એકદ્રવ્યપણાને લીધે ભેદના ભ્રમને નષ્ટ કરતો થકો...'** પરને જાણવાથી ભલે ભેદ થાય છે પણ હું તો એકરૂપ જ્ઞાનરૂપ છું. **'(અર્થાત્ જ્ઞેયોના ભેદે જ્ઞાનમાં સર્વથા ભેદ પડી જાય છે એવા ભ્રમનો નાશ કરતો થકો), જે એક છે (–સર્વથા અનેક નથી)...'** સ્વરૂપથી એક છું **'અને જેનું અનુભવન નિર્બાધ છે એવા જ્ઞાનને દેખે છે–અનુભવે છે.'** એ ત્રીજો ભંગ થયો.

**ભાવાર્થ :– 'જ્ઞાન છે તે જ્ઞેયોના આકારે પરિણમવાથી અનેક દેખાય છે, તેથી સર્વથા એકાંતવાદી તે જ્ઞાનને સર્વથા અનેક–ખંડખંડરૂપ–દેખતો થકો જ્ઞાનમય એવા પોતાનો નાશ કરે છે; અને સ્યાદ્વાદી તો જ્ઞાનને, જ્ઞેયાકાર થવા છતાં, સદા ઉદયમાન દ્રવ્યપણા વડે એક દેખે છે.'** અનેક પરને જાણવા છતાં હું તો એકરૂપ છું. વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યા જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે ! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઉતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને ! અને સ્વર્ગની અનૂકૂળતામાં પડ્યો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે મારે આમ છે ને તેમ છે–તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો ! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને ! ભાઈ ! આના વિન બીજો કોઈ સુખનો માર્ગ નથી.**

**(દ્રવ્યદષ્ટિ જિનેશ્વર - પર્યાયદષ્ટિ વિનશ્વર, બોલ નં. ૪૭૭)**

## શ્રી યોગસાર, ગાથા–૩૨ થી ૩૪, પ્રવચન નં. ૧૩, તા.૨૦-૬-૧૯૬૬ [૨૨]

પુણ્ય-પાપ સંસાર છે, એમ બતાવે છે. એના પહેલાં ૩૧ (ગાથામાં) આવ્યું હતું ને? વ્યવહાર ચારિત્ર નિરર્થક છે, એટલું કહ્યું હતું. આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર વિના એકલા એ વ્યવહાર તપ એ બધા અકૃતાર્થ છે. એ કંઈ કાર્ય નથી, નિરર્થક છે, એમ ૩૧માં કહ્યું હતું. આમાં આગળ છે, એના પહેલાં ૩૦માં પણ નિશ્ચય-વ્યવહાર સાથે કહ્યા હતા. જ્યાં નિર્મળ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ હોય ત્યાં વ્રતાદિ નિમિત્તરૂપે હોય છે, સાથે હોય છે એમ ત્યાં ૩૦માં સિદ્ધ કર્યું છે. ૨૯માં એમ કહ્યું હતું કે વ્રતાદિ મોક્ષમાર્ગ નથી, એમ કહ્યું હતું. મોક્ષમાર્ગ નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિના પરિણામ એ મોક્ષમાર્ગ નથી, એમ કહ્યું હતું. સમજાણું? ૨૮માં શું કહ્યું હતું? ૨૮માં **'ત્રિલોકપૂજ્ય જિન આત્મા જ છે.'** આ આત્મા જ ત્રણલોકમાં આત્માને આદરણીય અને મોક્ષનું કારણ છે. પછી એ કહ્યું કે એ સિવાયના વ્રતાદિ બધાં નિરર્થક છે. નિરર્થક એટલે મોક્ષમાર્ગ નથી એટલું ૨૯માં કહ્યું. ૩૦માં બે સાથે હતા. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, અનુભવ અને વ્રતાદિના પરિણામ સાથે હતા. ૩૧માં કહ્યું કે એ વ્યવહાર ચારિત્ર અકૃતાર્થ છે. અકૃતાર્થ એટલે અકાર્ય છે, એમાં કાંઈ કાર્ય નથી. એટલું કહીને હવે એનું ફળ અહીં ૩૨માં બતાવે છે.

**पुण्णि पावइ सग्ग जिउ पावइ णरयणिवासु।**
**वे छंडिवि अप्पा मुणइ तउ लब्भइ सिववासु।।३२।।**

જીવ પુણ્યથી તો સ્વર્ગ પામે. વ્યવહાર વ્રતાદિથી સ્વર્ગ પામે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રતાદિના પરિણામ, શીલ, સંયમ એ બધા ભાવ સ્વર્ગનું કારણ છે એટલે કે સંસારનું કારણ છે એમ કહ્યું. અને **'पावइ णरयणिवास'** પાપથી નરકમાં નિવાસ થાય છે, નરકમાં જાય છે. એ સંસાર (છે). બેય સંસાર છે. પાપથી નરકમાં અને પુણ્યથી સ્વર્ગમાં (જાય)–બેય સંસાર છે, એમાં ક્યાંય આત્મા આવ્યો નહિ, એમાં ક્યાંય મોક્ષ ન આવ્યો. સમજાણું કાંઈ? એ સંસાર બધો દુઃખરૂપ જ છે. સંસાર વળી સુખરૂપ કેવો? લોકોને વ્યવહારથી એમ લાગે કે આ પુણ્ય કર્યા (તો) સ્વર્ગ મળ્યું, આ શેઠાઈ મળી, પૈસા મળ્યા. એ બેય છે તો સંસાર, બેય ભાવે મુક્તિ નથી એમ ચોખ્ખી વાત કરી નાખી. ક્રમે ક્રમે લેતાં (કહી દીધું). સંસાર મીઠો છે ? સંસાર એટલે ઝેર. ભગવાન

આત્મા અને મુક્તિ એટલે અમૃત. એને માટે અહીંયાં ખુલાસો કર્યો છે.

**'छंडिवि अप्पा मुणइ'** દેખો!શુભ-અશુભ ભાવ છોડીને, રુચિ છોડીને, આશ્રય છોડીને **'अप्पा मुणइ'** આત્માને અનુભવે. આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપને અનુભવે, એના સન્મુખ થઈને એનો આશ્રય લઈ અને એનો અનુભવ કરે તો **'लब्भइ सिववासु'**. લ્યો! ઓલું નરકવાસુ હતું, નિવાસ. આમાં શિવવાસ (કહ્યું). મોક્ષપર્યાયને પામે, નિર્મળ અવસ્થાને પામે. કહો, **'लब्भइ सिववासु'**. શિવમહેલમાં વાસ આવે, એમ કહ્યું. શિવરૂપી મહેલ આત્માની મુક્તદશા. પરમાનંદરૂપી દશા. એ પુણ્ય-પાપને છોડીને આત્માનો અનુભવ કરે તો મુક્તિ પામે. પુણ્યની ક્રિયાકાંડથી કંઈ મુક્તિ-બુક્તિ નથી. છતાં એને બતાવ્યું ખરું કે નિશ્ચય હોય ત્યાં આવો વ્યવહાર હોય છે સાથે બતાવવા કારણે, પણ પહેલો વ્યવહાર હોય અને પછી નિશ્ચય હોય, એમ નથી કહ્યું કાંઈ. સમજાણું કાંઈ? એકલો વ્યવહાર તો નિરર્થક કહ્યો, અકૃતાર્થ કહ્યો. એમાં કાંઈ ખોટું કરે છે ? સંસારનું કારણ છે. અહીંયાં સંસાર સીધો બતાવ્યો. એકલો વ્યવહાર દયા, દાન, વ્રતાદિના પરિણામ (એ સંસાર છે). (પહેલાં) નિમિત્ત તરીકે કહ્યું હતું, નિશ્ચય હોય તો. આત્માનો શ્રદ્ધા સ્વભાવ આદિ નિર્મળ પર્યાય પ્રગટ્યો તો ઓલા વ્યવહારને નિમિત્ત તરીકે કહેવાય, પણ એકલો વ્યવહાર તો સંસારનું જ કારણ છે. એ છે તો એકલું બંધનું કારણ. નિશ્ચય સાથે રહેલો વ્યવહાર, પણ એને નિમિત્ત તરીકે કહીને, શુદ્ધિની વૃદ્ધિ આગળ થઈ છઠ્ઠી ભૂમિકાએ હતી તેથી કહ્યું કે એ બે હોય તો મુક્તિને પામે, એમ કહ્યું હતું. બેથી થાય છે એમ કહેવાય છે ને ! થાય છે તો એકથી, પણ આનાથી થાય એમ કહેવામાં આવે. કહો, સમજાણું આમાં ? મોટા વાંધા આમાં, લ્યો! ઓલો કહે, નહિ. ચોથેથી સાતમા સુધી તો વ્યવહાર રત્નત્રય જ હોય, અહીં કહે કે વ્યવહાર રત્નત્રય બંધનું કારણ (છે), એકલા હોય તો એને નિરર્થક કહેવામાં આવે છે. નિમિત્ત પણ નહિ, નિમિત્ત પણ નહિ. ઉપાદાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, સ્વઆશ્રય ચૈતન્યનો અનુભવ હોય તો એવા ભાવને નિમિત્ત તરીકે કહેવાય. નૈમિત્તિક હોય તો નિમિત્ત કહેવાય ને ! વસ્તુ ન હોય ને નિમિત્ત કોને કહેવું ?

અહીં નિમિત્તનું ફળ કીધું. એકલું નિમિત્ત હોય–દયા, દાન, વ્રતાદિ, પૂજા, ભક્તિના પરિણામ (હોય) તો સ્વર્ગમાં જાય અને આ પાપના પરિણામ–હિંસા, જૂઠું, ચોરી (હોય તો) નરકમાં જાય. આ બેય છોડે તો શિવમહેલમાં જાય. કહો, સમજાણું? બેય કર્મ સંસાર ભ્રમણનું કારણ છે. લ્યો ઇ વાતમાં ઠીક લખે છે. પુણ્યકર્મ.. છે ને? આપણે પુણ્ય અધિકારમાં આવે છે. **'શાતા વેદનીય, શુભ આયુષ્ય, શુભ નામ અને ઉચ્ચ ગોત્ર છે, એનો બંધ પ્રાણીમાત્ર ઉપર દયાભાવ,..'** દયાભાવથી કરે છે. શાતાવેદનીયનો બંધ, શુભ આયુષ્ય, શુભ નામ, ઉચ્ચ ગોત્ર એ આપણે પુણ્ય અધિકારમાં આવે છે. એ દયાભાવ, આહાર, ઔષધ, અભય અને વિદ્યા દાન, એ ચાર પ્રકારનું દાન આપે તો શાતા વેદનીય આદિ બાંધે છે. શાતા વેદનીય, શુભ આયુ એ.

**'શ્રાવક અને મુનિનું વ્યવહાર ચારિત્ર..'** એ શ્રાવક અને મુનિના વ્યવહાર ચારિત્ર પણ પુણ્યબંધનું કારણ છે. ઇ વાતમાં ઠીક-ઠીક ખુલાસો કર્યો છે. નિમિત્ત આવે ત્યાં વળી જરી ગોટો વાળે છે. નિમિત્ત મેળવવું એવું આવે છે. સમજાણું ? જુઓ ! અહીં તો કહે છે કે **'ક્ષમાભાવ, સંતોષ, સંતોષપૂર્વકનો આરંભ, અલ્પ મમત્વ, કોમળતા, સમભાવે કષ્ટસહન, મન વચન કાયાનું સરળ કપટરહિત વર્તન, પરગુણપ્રશંસા, આત્મદોષોની નિંદા, નિરભિમાનતા આદિ શુભ ભાવોથી થાય છે.'** એ બધા શુભભાવથી થાય છે અને શુભભાવ સ્વર્ગનું કારણ છે. જુઓ! આમાં તો ક્ષમાને નાખ્યું. ક્ષમા કરું છું, એવો વિકલ્પ છે ને? બધો શુભભાવ લીધો છે. સમજાણું? સંતોષ, સંતોષપૂર્વક આરંભ અથવા અલ્પ આરંભ, મંદ રાગ એ બધા શુભભાવ છે. એનાથી શાતા વેદનીય આદિ બંધાય. શુભ આયુ કીધું ને માથે ?

અશાતાવેદનીય એ અશુભભાવથી બંધાય. અશાતાવેદનીય, અશુભ આયુ, અશુભ નામ, નીચ ગોત્ર, જ્ઞાનાવરણીય ચાર કર્મ, એ પાપકર્મ. **'તેમનો બંધ જ્ઞાનના સાધનમાં વિઘ્ન કરવાથી,...'** જ્ઞાનમાં વિઘ્ન કરવાથી, **'દુઃખિત અને શોકાકુળ થવાથી,..'** શોક કરવાથી **'રુદન કરવાથી, બીજાને કષ્ટ પહોંચાડવાથી, પરનો ઘાત કરવાથી સાચા દેવ-ગુરુ-ધર્મની નિંદા કરવાથી, તીવ્ર કષાય કરવાથી, અન્યાયપૂર્વક આરંભ કરવાથી, ઘણી મૂર્ચ્છા (મમતા) રાખવાથી, કપટપૂર્વક આચરણ કરવાથી,..'** કપટથી આચરણ અને વર્તન કરવાથી. કહો, સમજાણું? **'મન-વચન-કાયાને વક્ર રાખવાથી, ઝઘડા કરવાથી,...'** એ બધી વાત નાખી (છે), શાસ્ત્રમાં હોય ને ? **'પરનિંદા અને આત્મપ્રશંસાથી, અભિમાન કરવાથી, દાનાદિમાં વિઘ્ન નાખવાથી, બીજાનું બૂરું ચિંતવવાથી, કઠોર અને અસત્ય વચનથી અને પાંચ પાપોમાં વર્તન કરવાથી થાય છે.'** લ્યો ! શું એનાથી થાય ? અશાતા વેદનીય બંધાય, અશુભ આયુ બંધાય, અશુભ નામ બંધાય અને નીચ ગોત્ર બંધાય. બંધાય, અબંધ થાય નહિ. સમજાણું કાંઈ ?

**'વ્રત, તપ, શીલ, સંયમના પાલનમાં શુભ રાગ થાય છે,...'** લ્યો! છે ને? મોક્ષનું કારણ એક શુદ્ધ ઉપયોગ છે, બીજું કોઈ કારણ નથી. એક સીઢી નાખી છે પણ મેળ નથી. આ બાજુમાં સીઢી નાખી છે. વ્યવહારને સીઢી (તરીકે) રાખી છે. **'જેમ મેડી ઉપર પહોંચ્યા પછી પગથિયાને કોણ યાદ કરે છે? પગથિયાં તો ઉપર આવવા માટે નિમિત્ત હતાં.'** એ અહીં સીઢી-ફીઢી છે જ નહિ. એ તો એક છે ખરું, એટલી વાત. ન્યાં નિમિત્ત આવી ગયું. ત્યાં ગોટો વાળ્યો. સીઢી-ફીઢી નથી, એ તો એક છે એટલી વાત. એને છોડીને અને તે પણ અહીં નિશ્ચય હોય છે ત્યારે એવો વ્યવહાર હોય છે અને એ પણ એના વિનાનો હોય છે. સમજાણું? વ્યવહાર વિનાનો નિશ્ચય હોય છે. આત્માને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ (પ્રગટ્યા એ) વ્યવહાર વિનાના હોય છે. વ્યવહાર છે માટે અહીં આવે છે, એમ નથી. સીઢી-ફીઢી નથી. કહો, સમજાણું? 'સમયસાર'નો થોડો આધાર આપ્યો છે. શુભકર્મને સુશીલ કેમ

કહીએ? એમ. એ સમયસારના પાઠની વાત છે. બન્ને જીવને બાંધે છે, અશુભ અને શુભ બેય બાંધે. એ તો 'સમયસાર'ની ગાથા આપી.

૩૩. **'નિશ્ચય ચારિત્ર જ મોક્ષનું કારણ છે.'** લ્યો! આત્માને આશ્રયે વીતરાગતા પ્રગટ થાય એ એક જ મોક્ષનું કારણ છે. વ્યવહાર ચારિત્ર તે બંધનું કારણ છે. અત્યારે આ મોટા વાંધા, ઝઘડા (ચાલે છે). ઓલો કહે, વ્યવહાર ચારિત્ર પહેલો મોક્ષનો માર્ગ છે. પંચમહાવ્રત 'કુંદકુંદાચાર્યે' શું કરવા પાળ્યા? એમ કહે છે. ક્યાં પાળ્યા હતા ?–હતા, નિમિત્તરૂપે હતા એને બંધનું કારણ જાણીને એ હેય જાણતા (હતા). ખરેખર તો આત્મા **'वउतउ संजमुसील जिय इय सव्वइ ववारु'** લ્યો! એ બધો વ્યવહાર છે. **'सव्वइ ववारु मोक्ख कारण एक्क मुणि जो तइलोयु सारु'** દેખો! એ વ્યવહાર મોક્ષનું કારણ નથી એમ સિદ્ધ કરે છે. છે ને એમાં? શબ્દ છે?

**'હે જીવ! વ્રત,..'** પંચમહાવ્રત, બાર વ્રત. **'તપ,..'** પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય વગેરે. સજ્જાય આદિ બધું, હોં! **'સંયમ,...'** છ કાય જીવને ન મારવા આદિ. **'શીલ,...'** કષાય મંદ અથવા શરીરનું બ્રહ્મચર્ય. **'એ બધું વ્યવહાર ચારિત્ર છે.'** એમ કરીને એને મોક્ષનું કારણ ન કહ્યું. એક વ્યવહાર છે, એમ કહ્યું. એ વ્યવહાર ચારિત્ર છે, એમ કહ્યું.

**'मोक्ख कारण एक्क'** લ્યો! **'મોક્ષનું કારણ એક નિશ્ચય ચારિત્રને જાણો.'** વ્યવહારને મોક્ષનું કારણ ન કહ્યું. શું વાંચતા હશે? આમાં મોટા ઝઘડા (ચાલે છે). 'સોનગઢ' એકાંત કરે છે, 'સોનગઢ' એકાંત કરે છે. વ્યવહારથી કાંઈ લાભ ન થાય એમ માને છે, એમ ઇ કહે છે. આ આચાર્ય શું કહે છે? **'वउतउ संजमुसील जिय इय सव्वइ ववारु'** એમ કહ્યું કે એ વ્યવહાર છે. છે એમ કીધું, પણ મોક્ષનું કારણ તો નિશ્ચય આત્માનો આશ્રય કરવો તે જ છે. સમજાણું? ત્રણલોકમાં સાર વસ્તુ હોય તો મોક્ષનું કારણ એક નિશ્ચય ચારિત્ર જાણો. ભગવાન આત્મા, એનું સમ્યગ્દર્શન, એનું સમ્યગ્જ્ઞાન તો છે જ. અહીં તો ઉત્કૃષ્ટ વાત લેવી છે ને ? એ સહિત સ્વરૂપમાં આશ્રય કરીને સ્થિરતા, વીતરાગતા, નિર્વિકલ્પ શાંતિની ઉગ્રતા (પ્રગટે) એ નિશ્ચય ચારિત્ર એ ત્રણલોકમાં સાર છે. સાર જ વીતરાગતા છે. ચારિત્ર સાર છે. કહો, સમજાણું ? એ મોક્ષનું કારણ તો એક નિશ્ચય આત્માનું ચારિત્ર છે. વ્યવહાર ચારિત્ર છે એમ સિદ્ધ કર્યું પણ મોક્ષનું કારણ નથી. એક કીધું. **'मोक्ख कारण एक्क'**, બે નહિ. આ 'ટોડરમલ' પણ એમ કહે છે. મોક્ષકારણ બે નથી. બેનું કથન છે. બે માને કે મોક્ષમાર્ગ બે છે અને બેય ઉપાદેય માને તો ભ્રમ છે, ભ્રમણા છે, એમ કીધું. ત્યારે ઓલા કહે, બે સરખા ન માને એને ભ્રમણા છે. લ્યો, આમાં ક્યાં અથડામણ થઈ ? 'ટોડરમલ'ની સાથે વિરોધ અને જે વાત કાળલબ્ધિની એને ઠીક પડે એ વળી 'ટોડરમલ'માંથી લ્યે. જુઓ ! કાળલબ્ધિ કાંઈ વસ્તુ નથી (એમ કહ્યું છે). અરે..! કઈ અપેક્ષાએ કહેવા માગે છે ? કાળલબ્ધિ તો બરાબર જે સમયે જે પર્યાય કાળનો છે તે તો ત્યારે જ છે. સમજાણું? પણ તે કોઈ નવી ચીજ નથી. એ તો સ્વભાવનો

પુરુષાર્થ કર્યો તે સમયે કાળલબ્ધિ પાકી છે, આ કાળ પાક્યો એમ જાણ્યું છે, બસ! એ વાત લીધી અને આ વાત છોડી દીધી.

'ટોડરમલજી' કહે છે, વ્યવહાર અને નિશ્ચય બે માર્ગ છે? કથન છે, બે માર્ગ નથી. તેમ બેય ઉપાદેય નથી. બેય આદરણીય નથી. આદરણીય તો એક જ છે, ખરેખર માર્ગ તો એક જ છે. ઇ અહીં કહે છે, જુઓ! આ શાસ્ત્રમાં શું આધાર છે ? યોગીન્દ્રદેવનો **'मोक्ख कारण एक्क'** આત્માની પવિત્ર વીતરાગ દશા અને કેવળજ્ઞાન, એને પામવાને એક જ કારણ–આત્માના આશ્રયથી જ ચારિત્ર પ્રગટ થાય. વ્યવહાર વ્રત, નિયમના, વિનય, ભક્તિ આદિના ભાવ તો પરાશ્રિત ભાવ છે. પરાશ્રિત ભાવ વ્યવહાર છે એમ કીધું, સિદ્ધ કર્યું, હોય છે. પૂર્ણ વીતરાગ ન હોય (ત્યાં) એવો વ્યવહાર હોય છે, પણ એ વ્યવહાર (હેય છે). બીજી ભાષાએ કહ્યું કે ત્રણલોકમાં સાર આ છે, ઓલો વ્યવહાર સાર નથી, એમ કહ્યું. હેં ?

**શ્રોતા :–** અનાદિકાળથી વ્યવહારમાં ઊભો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઊભો છે, ઊભો રાખીએ નહિ. છે તે જણાવ્યો. પડખે ઊભો રાખ્યો, એમ કહે છે. બે-ત્રણ બોલથી તો ચાલ્યું આવે છે. ૨૮ (ગાથાથી) ચાલ્યું નથી આવ્યું ? કીધા ને ? આ ક્રમ લીધો ને ? ૩૦માં એકસાથે કહ્યું, ૩૧માં નિરર્થક કહ્યું, ૩૨માં ફળ કહ્યું. ઓલામાં નિરર્થક કહ્યું હતું, આમાં ફળ કહ્યું, છે એનું ફળ સંસાર છે. સમજાય છે ? જુઓ ! ક્રમસર બધું લીધું છે, બરાબર લીધું છે. ૨૮માં એમ લીધું, ત્રિલોકપૂજ્ય આત્મા લીધો હતો, પછી ૨૯માં ન્યાંથી એમ લીધું કે એ વ્યવહાર મોક્ષમાર્ગ નથી. મિથ્યાદષ્ટિના વ્રતાદિ મોક્ષમાર્ગ નથી, એમ કહ્યું હતું. નથી એટલેથી અટકાવ્યું નહિ, કેમકે જ્યાં સુધી આત્માનો અનુભવ ન કરે ત્યાં સુધી આ બધાં મોક્ષમાર્ગ નથી એમ કહીને ૩૦માં એમ કહ્યું કે બે સાથે હોય છે, વાત સિદ્ધ કરી. આત્મા પોતાનું સ્વરૂપ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિથી સાધે છે ત્યારે એવો સંયુક્ત વ્યવહાર સાથે હોય છે, એમ કરીને જ્ઞાન કરાવ્યું. પછી અહીં ઊડાડી દીધું. એકલો વ્યવહાર (નિરર્થક છે). આ નિશ્ચય હોય તો એને નિમિત્તપણું લાગુ પડે છે, નહિતર તો એકલો વ્યવહાર અકૃતાર્થ છે, કાંઈ કાર્ય કરતું નથી. આત્માનું કાંઈ કાર્ય કરતું નથી, એમ. ત્યારે કરે છે શું ?–કે સંસાર. ૩૨માં ખુલાસો કર્યો. હેં ?

**શ્રોતા :–** હોય છે એમ ઊભો રાખ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઊભો રાખ્યો છે (એટલે) જણાવ્યો છે, એમ. ઊભો રાખ્યો એટલે? છે એમ જણાવ્યું. ઊભો રાખ્યો એટલે છે, એમ. (એની) કિંમત નહિ, એ છે એને જણાવ્યો. વ્યવહારે અનુકૂળતા, વ્યવહારે અનુકૂળતા, હોં! નિશ્ચયથી પ્રતિકૂળ છે. વ્યવહારે અનુકૂળ (એવા) કષાયની મંદતા, શુભરાગના એવા ભાવ હોય છે, બરાબર સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય પણ વ્યવહાર છે. એ વિનય હોતો નથી? નિશ્ચય હોય ત્યાં એવો વિનય, સજ્ઝાય, શાસ્ત્રની સ્વાધ્યાય, એવો ભાવ

હોય છે પણ એનું ફળ પુણ્યબંધ છે, સ્વર્ગ ફળ છે. સમકિતીને એનું ફળ સ્વર્ગ છે, એમ કહે છે.

**શ્રોતા :–** મોક્ષનું કારણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી, કીધું ને ! **'मोक्ख कारण एक्क'** આ સાર છે, ત્રણલોકમાં સાર છે. (વ્યવહાર) ત્રણલોકમાં સાર છે જ નહિ. આહાહા..!

આ તો 'યોગસાર' છે. 'યોગસાર' એટલે સ્વરૂપની એકાગ્રતાના જોડાણનો સાર, મોક્ષમાર્ગનો સાર. મોક્ષમાર્ગ આ એક જ છે, એમ કહ્યું. આ 'યોગસાર'. સમજાણું કાંઈ? 'યોગસાર' એટલે આત્મા શુદ્ધ પરમાનંદની મૂર્તિ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ એક જ 'યોગસાર' (છે). 'યોગસાર' એક જ મોક્ષનો માર્ગ છે. આ 'યોગસાર'માં ઇ કહેવાણું. સમજાણું કાંઈ? ઠીક, થોડો થોડો અર્થ એણે કર્યો છે.

**'ત્રણલોકમાં સાર વસ્તુ મોક્ષ છે જ્યાં આત્મા પોતાનો સ્વભાવ પૂર્ણપણે પ્રગટ કરી લે છે, કર્મબંધથી મુક્ત થઈ જાય છે, પરમાનંદનો નિત્ય ભોગ કરે છે. શું મોક્ષનો ઉપાય પણ ત્રણલોકમાં સાર છે?'** એમ. મોક્ષ સાર કીધો ને? તો એનો ઉપાય પણ ત્રણલોકમાં સાર છે. ઉપાય કોણ ?–કે ચારિત્ર. ચારિત્ર એટલે દર્શન, જ્ઞાનસહિત સ્વરૂપમાં રમણતા તે. ઓલા કહે, ચારિત્ર એટલે આ વ્રતાદિ ચારિત્ર. એ નહિ. સમજાણું? **'એ ઉપાય પણ પોતાના જ શુદ્ધાત્માનું સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન અને તેમાં જ આચરણ છે. નિશ્ચય રત્નત્રયરૂપ સ્વસમય, સ્વરૂપ સંવેદન અથવા આત્માનુભવ છે.'** ત્રણની એક વ્યાખ્યા. આત્માના સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ નિશ્ચય રત્નત્રય કહો, સ્વસ્વરૂપ સંવેદન કહો કે આત્માનો અનુભવ કહો.

**'આ જ એક એવો નિયમરૂપ ઉપાય છે.'** દેખો! એકમાંથી કાઢ્યું. **'આ જ એક એવો નિયમરૂપ ઉપાય છે, જેવું કાર્ય કે સાધ્ય હોય છે તેવું જ તેનું કારણ અથવા સાધન હોય છે.'** કાર્ય નિર્મળ તો એનું સાધન પણ નિર્મળ. ઓલા વ્રતાદિ છે એ તો મલિનભાવ છે. સમજાણું? સાધન મલિન અને સાધ્ય નિર્મળ, એ કાંઈ યથાર્થ ઉપાય નથી. સમજાણું? **'એક એવો નિયમરૂપ ઉપાય..'** પરમ પવિત્ર મોક્ષદશા, એનું કારણ પણ પવિત્રતાના પરિણામ નિશ્ચય સ્વસંવેદન, નિશ્ચય રત્નત્રય એ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. કહો, સમજાણું?

**'વ્યવહાર ચારિત્ર કરવામાં આવે છે તે માત્ર વ્યવહાર છે, નિમિત્ત છે. જો કોઈ વ્યવહાર ચારિત્ર જ પાળે તો ભ્રમ છે. તે નિર્વાણનું સાધન કરતો નથી.'** એકલા પંચ મહાવ્રતાદિ પાળે, અઠ્યાવીસ મૂળગુણ પાળે, બાળવ્રત પાળે તો એનાથી મુક્તિ નથી. (મુક્તિ માને તો) ભ્રમ છે. 'ટોડરમલજી'એ એવું નાખ્યું. નિર્વાણનું સાધન છે નહિ. લ્યો! **'મન-વચન-કાયાની ક્રિયાને મોક્ષનો ઉપાય ન જાણ.'** હમણાં મોટી ચર્ચા આવી છે. એ..ઇ..! દેવાનુપ્રિયા. આ મન-વચન-કાયાની ક્રિયાથી મોક્ષ નથી, એમ અહીં 'સોનગઢ'વાળાએ લખ્યું છે ને? ઓલા ૨૧ ઉત્તરમાં. તો કહે, નહિ. ખોટી

વાત છે. મન-વચન-કાયાની ક્રિયા મોક્ષમાર્ગ છે. ક્રિયા હજી, હોં! ઓલા પરિણામ ને યોગ નહિ. આહાહા..! મન-વચન-કાયા યોગઃ. એની ક્રિયા તે યોગ કહ્યો છે, પણ યોગ એટલે કંપન થાય છે એ. અંદર કંપન થાય એ યોગ છે. ઓલી બહારની ક્રિયા તો નિમિત્ત છે. મન, વચન ને કાયાના પુદ્‌ગલો તો જડ છે, એમાં પ્રદેશ કંપે છે તે યોગ છે અને એ યોગ બંધનું કારણ છે. એ યોગ બંધનું કારણ છે, એ કંઈ મોક્ષનું કારણ નથી. જુઓ! અહીં ચોખ્ખું લીધું, જોયું? આ 'શીતલપ્રસાદજી'ને ઊડાડે. એણે પણ વાંચ્યું નહોતું ને? પોતાને આખો ઊડાડ્યો એનું એને ભાન ન મળે. આહાહા..!

**'વ્યવહાર ચારિત્રને વ્યવહાર માત્ર સમજ.'** છે ને? **'નિશ્ચય ચારિત્ર વિના તેનાથી મોક્ષમાર્ગમાં કોઈ લાભ નથી. મુનિનો કે શ્રાવકનો વ્યવહાર સંયમ બરાબર રીતે શાસ્ત્રાનુસાર પાળીને પણ એવો અહંકાર ન કર કે હું મુનિ છું,...'** વ્યવહારથી પાંચ મહાવ્રત પાળીને કહે, હું મુનિ છું. વ્યવહારથી પાળીએ છીએ, હું મુનિ છું, હું ક્ષુલ્લક છું. એ વ્યવહારનું અભિમાન છે, એમ કહે છે. પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળે, બાર વ્રત પાળે તો કહે કે અમે શ્રાવક છીએ, અમે મુનિ છીએ, અમે બ્રહ્મચારી છીએ, ધર્માત્મા ગૃહસ્થ છીએ.

**'એમ કરવાથી તેના વેશ અને વ્યવહારમાં જ મુનિપણું અથવા ગૃહસ્થપણું માની લીધું તે ઠીક નથી.'** વ્યવહારનું પાળવું એ તો અભિમાન છે, મિથ્યાત્વ છે, રાગ છે એમ કહે છે. રાગ પાળે અને એમ કહેવું કે અમે મુનિ છીએ. રાગ એ મુનિપણું છે? વ્યવહારના વ્રતાદિ મુનિપણું છે? બંધનું કારણ છે. શું કહેવું? એ ધૂળનું કારણ છે. આ નિશ્ચય વસ્તુ નથી તો એકલો વ્યવહાર બંધનું કારણ છે, એમ માનવું જોઈએ. બાર વ્રત પાળે, પંચમહાવ્રત પાળે.. સમજ્યા ને? આગમ પ્રમાણે શુભ ક્રિયા આદિ કરે અને માને કે અમે સાધુ છીએ, શ્રાવક છીએ તો મૂઢ છો, કહે છે. વ્યવહારની ક્રિયામાં મુનિપણું, શ્રાવકપણું ક્યાંથી આવ્યું? સમજાણું? એ તો પુણ્યબંધનું કારણ છે.

**'શુદ્ધાત્માનુભવ જ મુનિપણું છે, તે જ શ્રાવકપણું છે, તે જ જિનધર્મ છે એમ સમજીને જ્ઞાનીએ શરીરાશ્રિત ક્રિયામાં અહંકાર ન કરવો જોઈએ.'** કેટલાક અર્થ તો ઠીક કર્યા છે.

**શ્રોતા :–** ચોથા ગુણસ્થાને અનુભવ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, થાય છે ને, શ્રાવકને અનુભવ થાય છે. એ તો પહેલાં જ લખે છે.

આત્માના સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ રૂપ અનુભવ, એક જ મોક્ષનો માર્ગ ચોથેથી શરૂ થાય છે. જેટલા વ્યવહારના વિકલ્પો આ બધા હોય, એ તો વાત કરી, એ હોય છે. પૂર્ણ નથી તો હોય. પણ એમાં અહંકાર કરવો કે આ મારા, અભિમાન કર્યું કે અમે કરીએ છીએ, વિકારને અમે કરીએ છીએ એમ માનવું તો નિર્વિકારી ચીજ તો આખી રહી ગઈ. સમજાણું? અહંકાર ન કરવો. 'ભાવપાહુડ'નો દાખલો મૂક્યો છે. હેં?

**શ્રોતા :–** નિશ્ચયની આંગળી ઝાલીને ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ આંગળી ઝાલીને ચાલતો નથી. નિશ્ચય છે તો વ્યવહાર છે એમ નથી અને વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી. બેય સ્વતંત્ર છે. વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી. સ્વાશ્રયપણું ભિન્ન છે, પરાશ્રયપણું ભિન્ન (છે). બેય ચીજ સ્વતંત્ર છે. આંગળી ઝાલીને લાવે ને? જુદેજુદા (છે) એમાં આંગળી ઝાલે કોણ ?

ખરેખર તો આત્મા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન થયું એટલે સમ્યગ્દૃષ્ટિ આ વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર છે ખરો, જેમ પરદ્રવ્ય છે એમ એ છે પણ એનાથી મુક્ત છે, એ મારામાં નથી. આહાહા..! પોતામાં નથી એને કરીને માનવું કે અમે આ મુનિ ને શ્રાવક છીએ (એ) મિથ્યાદૃષ્ટિ છે, એમ અહીં તો કહે છે. સમજાણું કે નહિ? જે પોતાના સ્વરૂપમાં નથી, સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્ય છે. એની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પણ નિર્મળ છે. એમાં વ્યવહાર વ્રતાદિના જે રત્નત્રય કર્યા એ એમાં તો નથી. સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ તો આત્મા ઉપર છે, રાગ વ્યવહાર ઉપર (દૃષ્ટિ) છે ? આ તો વ્યવહાર ઉપર દૃષ્ટિ છે. વ્યવહાર આચરણ એ અમારી ક્રિયા, અમે સાધુ. અમને સાધુ માનો. અમે મનાવીએ. અઠ્યાવીસ મૂળગુણ પાળે. ઇ પાળે તો, અત્યારે તો અઠ્યાવીસ મૂળગુણ પણ નથી. આ તો અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, પંચમહાવ્રત હોય, બાર વ્રત હોય તો કહે, અમે મુનિ છીએ. એ મૂઢ છે. વ્યવહારમાં મુનિપણું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એ તો રાગની ક્રિયા છે. રાગની ક્રિયામાં મુનિપણું, શ્રાવકપણું, સમકિતપણું, મોક્ષનો માર્ગ ક્યાંથી આવ્યો?

**'जीवविमुक्को सबओ दंसणमुक्को य होई चलसवओ'** દાખલો આપ્યો. ઓલી કોર છેલ્લી ગાથા છે. **'જીવ રહિત શરીર મડદું છે.'** 'ભાવપાહુડ'નો 'મોક્ષ અધિકાર' છે. 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, જીવ રહિત તો બધા મડદાં છે, શરીર. એમ સમ્યગ્દર્શન આત્માના ભાન વિના જીવનું જીવન જ નથી, એ મડદાં છે. આત્મા શુદ્ધ અખંડાનંદની પ્રતીત, અનુભવ વિના એ તારા શુભ આચરણની ક્રિયાઓ બધા મડદાં છે. એમાં જીવન નથી, એમ અહીં તો કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**जीवविमुक्को सबओ दंसणमुक्को य होई चलसवओ ।**

**सवओ लोयअपुज्जो लोउत्तरयम्मि चलसवओ।।१४३।।**

શું કીધું? જેમ જીવ વિનાનું શરીર જે અપૂજ્ય છે, મડદાં છે, એમ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ એના સમ્યગ્દર્શન, જ્ઞાન વિના એ વ્યવહાર વ્રતાદિ બધાં મડદાં છે અને એ પૂજ્ય છે નહિ. જીવ વિનાનું મડદું જેમ પૂજ્ય નથી, એમ સમ્યગ્દર્શન વિનાના એકલા વ્રતાદિ, તપાદિ ક્રિયાકાંડ એ બધાં મડદાં છે, એ લોકમાં અપૂજ્ય છે. આહાહા..! ભારે કરી, ભાઈ!

**'મડદું લોકમાં માનનીય ગણાતું નથી,...'** શું કહે છે? ભગવાન આત્માનું જીવન–કારણ પ્રભુ, કારણજીવ, એનો આશ્રય લીધા વિના, એની દૃષ્ટિ-જ્ઞાન-ચારિત્ર કર્યા વિના એકલા વ્રત, પંચ

મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ આદિ આગમ પ્રમાણે પાળે તોય એ બધાં માનનીય નથી. આહાહા..!

**શ્રોતા :–** આનો અર્થ તો સ્પષ્ટ છે જ ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ સ્પષ્ટતાથી માને ત્યારે ને? તમારી પાસે ચોપડી નથી? આ શાસ્ત્રનો આધાર છે. એ 'ભાવપાહુડ'ની ૧૪૩મી ગાથા. 'કુંદકુંદાચાર્યદેવ'નું 'ભાવપાહુડ'. જુઓ! ગાથા આપી છે ને? આમાં તો ન્યાય, ભાવ શું મૂક્યો? ભાઈ! કે જ્યાં આત્મસ્વભાવ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર શુદ્ધતા નથી ત્યાં એકલા વ્રત, નિયમ આદિ બધાં મડદાં, અમાન્ય, અપૂજ્ય છે, મડદાં છે. સમજાણું કાંઈ? એ ગાથાઓ છે. 'ભાવપાહુડ' ૧૪૩.

**'આગે સમ્યગ્દર્શનકા નિરૂપણ કરતે હૈં. પહિલે કહતે હૈં કિ સમ્યગ્દર્શનરહિત પ્રાણી ચલતા હુઆ મૃતક હૈ.'** ચાલતાં મડદાં છે. ચૈતન્યપ્રાણ, ભાવપ્રાણ, આનંદપ્રાણ જેના આત્માના છે એવા પ્રાણની પ્રતીત, જ્ઞાન ને રમણતા પ્રગટ કરી છે એ જીવતો જીવ છે. આહાહા..! સમજાણું કાંઈ? તેથી ૪૭ શક્તિમાં જીવત્વ શક્તિ પહેલી લીધી છે ને ! જીવતર શક્તિ ભગવાન આત્મામાં છે. ચૈતન્ય, દર્શન, જ્ઞાન, સુખ, સત્તા પ્રાણ એવા પ્રાણનો સ્વીકાર થઈને શુદ્ધ ચૈતન્ય શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ્યા છે એને અહીંયાં જીવતો જીવ કહેવાય છે. એ વિનાના એકલા પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણનું પાલન, બાર વ્રતના વિકલ્પ, શરીરનું બ્રહ્મચર્ય પાળવું એવા બધા શુભભાવને તો, (જેમ) જીવ વિનાનું શરીર એમ ચૈતન્ય શુદ્ધ નિશ્ચય વિનાનું એ મડદું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'जीवविमुक्को सबओ' 'લોકમેં જીવરહિત શરીર કો શબ કહતે હૈં, મૃતક યા મુરદા કહતે હૈં, વૈસે હી સમ્યગ્દર્શનરહિત પુરુષ ચાલતા મડદાં છે.'** ચાલતા મડદાં. ઓલા મડદાં ઉપાડીને ચાલે, આમ. ઠાઠડી, ઠાઠડી કહે છે ને? અહીં તો એ સિદ્ધ કરવું છે કે **'મૃતક તો લોકમેં અપૂજ્ય હૈ, અગ્નિસે જલાયા જાતા હૈ...'** આહાહા..! **'પૃથ્વીમેં ગાડ દિયા જાતા હૈ ઔર દર્શનરહિત ચલતા હુઆ મુરદા લોકોત્તર જો મુનિ–સમ્યગ્દષ્ટિ ઉનમેં અપૂજ્ય હૈ, વે ઉનકો વંદનાદિ નહીં કરતે હૈં.'** એકલા વ્યવહાર વ્રતાદિના પાળનારને ધર્માત્મા વંદન કરવા લાયક માનતા નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કીધું આ?

**'મુનિવેશ ધારણ કરતાં હૈ તો ભી ઉસે સંઘકે બાહર રખતે હૈં...'** જેને સમ્યગ્દર્શનનું ભાન નથી, આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિનું ભાન નથી, એવા સમ્યગ્દર્શનના જીવન વિનાના એકલા પાંચ મહાવ્રત ને બાર વ્રતાદિ કે એને યોગ્ય જે ક્ષુલ્લકપણાના ભાવ લ્યોને, એ પાળતા હોય તો એ બધા મડદાં છે, જૈનશાસનના સ્તંભમાં મળતા નથી, જૈનશાસનના સ્તંભમાં મળતા નથી. ન્યાં તો જીવતા જીવ મળે છે. આહાહા..! એવા મડદાં એમાં હાથ આવતા નથી. ભેગા મળતાં નથી. સમજાણું કાંઈ? બે ગાથા મૂકી છે, હોં!

ज तारयाण चंदो मयराओ मयउलाण सव्वाणं।

अहिओ त सम्मत्तो रिसिसावयदुविधम्माणं।।१४४।।

દેખો! શ્રાવક અને મુનિમાં મુખ્ય ધર્મ તો સમ્યગ્દર્શન છે. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અખંડાનંદકંદ, એનું અંતર અનુભવનું સમ્યગ્દર્શન એ શ્રાવક અને મુનિના ધર્મમાં મુખ્ય તો આ છે. સમજાણું કાંઈ? **'મુનિ અને શ્રાવક બન્નેના ધર્મમાં સમ્યગ્દર્શન શોભે છે.'** લ્યો! સમજાણું?

આત્મા પરમ પવિત્ર પ્રભુ, શુદ્ધ ભાવથી ભરેલો પદાર્થ, શુદ્ધભાવથી ભરેલો ભગવાન, એની શુદ્ધ સ્વભાવની દૃષ્ટિનો અનુભવ, એની દૃષ્ટિ, એનું આત્માનું જ્ઞાન અને એમાં રમણતા અથવા દર્શન અને જ્ઞાન, બેની અહીંયાં મુખ્યતા લીધી છે. એવા આત્મ શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન, એ વિનાના જીવો એકલા પંચમહાવ્રત પાળતા હોય, બાર વ્રત પાળતા હોય, બ્રહ્મચર્ય પાળતા હોય, દયા પાળતા હોય, દાન કરોડોના કરતાં હોય એ બધા ભાવ મડદાં છે. આહાહા..! સમજાણું કાંઈ ? એ બધો રાગ ભાગ છે, મરી ગયેલા મડદાં છે. 'રતનલાલજી'! ભારે વાત, ભાઈ ! આહાહા..!

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વરે પૂર્ણાનંદ અનંત ગુણનો પિંડ પ્રભુ જોયો છે, એમાં એ પુણ્ય-પાપના વિકાર વિનાનો આત્મા છે. શરીરની ક્રિયા વિનાનો આત્મા છે. એવા આત્માને, પૂર્ણ શુદ્ધ સ્વરૂપના ભાવને અંતર દર્શન ને જ્ઞાન દ્વારા જે અનુભવે અને પ્રતીત કરે એને અહીંયાં શ્રાવક અને મુનિ કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન વિના આત્મા શુદ્ધભાવના ભાન વિના, શુદ્ધ શ્રદ્ધાના જ્ઞાન વિના એકલા પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, બાર વ્રત, દયા, દાન, ભક્તિ આદિની ક્રિયાકાંડ, પૂજા, શ્રાવકના છ આવે છે ને ? ષટ્ કર્તવ્ય. એ બધા નિરર્થક, નિરર્થક મડદાં છે. આહાહા..! સમજાણું કાંઈ ?

વીતરાગ પરમેશ્વરના માર્ગમાં આત્મા વીતરાગસ્વરૂપ પરમાનંદમૂર્તિ, એની વીતરાગી દૃષ્ટિ, અંદર નિર્વિકલ્પ વીતરાગી જ્ઞાન, એના જીવનને જીવન કહેવામાં આવે છે. એ જીવને જીવતો જીવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ઓલા પૈસાવાળા પણ મડદાં હશે ? આ વકીલો-બકીલો પણ ?

**શ્રોતા** :– એના બાપ-દાદા પણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એના બાપ-દાદા નહિ. બાપ-દાદામાં ક્યાં તમારા જેવી તેવડ હતી? માણેકચંદ ભાઈની. એ..ઇ...! બાપ-દાદા નહિ. એ વકીલાતનું ભણતર એ બધાં મડદાં (છે), એમ કહે છે. 'માણેકચંદભાઈ'માં ક્યાં વકીલાત હતી? એ.. 'હરિભાઈ'! તમારા બાપ પાસે કેટલા પૈસા હતા ? અને અત્યારે પચાસ લાખ કે સાંઈઠ લાખ થઈ ગયા. હરિભાઈ! કેશુભાઈ વખતે ક્યાં ધૂળ પણ એને લઈને થયું શું ? મડદાં છે બધા, મડદાં. સાચી વાત છે ?

ભગવાન આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે પવિત્ર આત્મા અનંત શુદ્ધભાવથી ભરેલો ભગવાન જોયો આત્મા, એવા શુદ્ધભાવની અંતર શ્રદ્ધા-જ્ઞાન, એ જીવના જીવન છે. એવા જીવના જીવન વિના લક્ષ્મીથી મોટા માનીને જીવે એ તો બધાં મરી ગયેલા મડદાં છે. એ તો મડદાં પણ પંચ મહાવ્રત, દયા, દાન, વ્રત, ભક્તિ, જાવજીવનું શરીરનું બ્રહ્મચર્ય, સમજાણું કાંઈ? એવા ભાવવાળા, પણ આ શુદ્ધભાવની શ્રદ્ધા, જ્ઞાન વિનાના એ બધાં મડદાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** આકરી દવા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આકરી દવા છે, કહે છે. આકરો રોગ હોય તો ઇંજેક્શન એવું મોટું લાંબું આપે છે. જોયું છે? ગળે ન ઉતરે તો મોટું આવું ચડાવે ? શું કહેવાય તમારે ? ગ્લુકોઝનો આવડો બાટલો ચડાવે. એમ ભગવાન આ બાટલો ચડાવે છે. ઇંજેક્શન મૂકે છે, માળા! મરી ગયો છો તું ?

ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડલો પ્રભુ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત ગુણની ખાણ એવો આત્મા, એની તને અંતર્મુખ થઈને સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન નથી અને તને પુણ્યના, દયા, દાન, વ્રતના પરિણામથી અમારા જીવન (છે) અને અમે કાંઈક કરીએ છીએ, મરી ગયેલો મડદું છો. કોણ તને જીવ કહે? આહાહા..! ભારે વાત, ભાઈ !

**શ્રોતા :–** મડદાંને જીવતા કરે એવી આ દવા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મડદાં મરીને બીજે ભવે થાય ત્યારે જીવતા થાય. એ ભવે થાય? એ શુભભાવ મડદાંમાંથી જીવ ન થાય, એમ અહીં કહે છે. સમજાણું? ભારે વાત.

ભાઈ! આમાં તો એમ સિદ્ધ કર્યું.. સમજાણું? કે એક આત્માનો શુદ્ધ સ્વભાવ, એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાના પરિણામ એ શુભભાવ (છે), એ વિનાના આત્માની અંતર નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન, આત્માની શાંતિ એ એક જ ધર્મ અને એ જ મોક્ષનું કારણ છે. એ ન હોય અને એકલા વ્રતાદિ, બાળ બ્રહ્મચર્ય આદિ આવા ભાવ પાળે તો કહે છે કે અમાનનીય છે, અપૂજનીય છે, મડદાં છે, સંતોથી તે કાઢી નાખવા લાયક છે. મડદાં ઘરમાં રખાય નહિ, કાઢી નાખ. સમજાણું કાંઈ? સમજાણું આમાં?

આ વીતરાગ પરમેશ્વરની વાત છે, આ કાંઈ કોઈના ઘરની વાત નથી. સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર, જેણે એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા એની વાણીમાં આવ્યું, પરમાત્માની વાણીમાં (આવ્યું). કહો, સમજાણું આમાં ? અનંત તીર્થંકરો થયા, વર્તમાન મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન તીર્થંકર બિરાજે છે. એની વાણીમાં આ આવે છે, એ આવ્યું છે. અરે..! ચૈતન્યની જાતને તેં ઢંઢોળીને જગાડ્યો નહિ અને એકલા વિકલ્પની દયા, દાન, વ્રતના પરિણામને તેં રાખ્યા, મડદું છો, કહે છે. આહાહા..! કહો, 'પ્રવીણભાઈ'! શું કહે ? લાકડ્યું મારતા હશે કાંઇ? સમજ્યા ?

ત્રણલોકમાં સાર હોય તો ઇ છે, ઓલો સાર નથી. ઓહોહો..! એમાં તો કેટલાય ન્યાય આપ્યા. ત્રણલોકમાં પૂજ્ય છે ને, ભાઈ! એની અપેક્ષાએ કાઢ્યું, ૩૩ મી ગાથા. ત્રણલોક–સાર. આત્મા શુદ્ધ અખંડાનંદ પ્રભુ, એની દૃષ્ટિ અંદર અનુભવ, જ્ઞાન અને એમાં રમણતા–ચારિત્ર, એ ત્રણલોકમાં સાર અને પૂજ્ય છે. એ વિનાનું આ ભાન વિનાના એકલા વ્રતાદિ, એકલા તપાદિ ક્રિયાકાંડના શુભભાવ એ બધાં જૈનશાસનને માન્ય નથી, એ અપૂજનીય મડદાં છે, એ કાઢી નાખવા લાયક છે, એ જીવમાં ભેળવવા લાયક નથી. પણ એ રાગ–મડદાં ચૈતન્યમાં ભળી શકે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'શશીભાઈ'! ભારે વાતું આકરી કહે છે.

આ સમજે, કેમ ન સમજી શકે ? સમજી શકે, એની પોતાની ઘરની ચીજ છે ઘરમાં છે. ઘરમાં છે ત્યાં ઘરમાં સહજ સાધન વડે પ્રાપ્ત થાય છે, એને કોઈ બીજાની મદદની જરૂર નથી. અહીં તો વિકલ્પ થાય–રાગ એની પણ એને જરૂર નથી એટલો તો સ્વાધીન અને સ્વતંત્ર છે. ઇ કહે કે મને સમજાય નહિ. આ બધું ઊંધું અનાદિનું સમજાય. સમજાણું કાંઈ ? એ સાર છે ને, એમાં દાખલો આપ્યો છે. હવે ૩૪મી ગાથા.

૩૪મી ગાથા. **'પોતા વડે પોતાનું ધ્યાન કરો.'** જુઓ! એ વ્યવહાર વ્રતાદિના વિકલ્પો, દયા, દાન એ બધો શુભરાગ છે. એનાથી આત્માનું જીવન જીવાતું નથી. ત્યારે પોતા વડે પોતાનું ધ્યાન કરો. ભગવાન ચૈતન્ય પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો એવો અંદર આત્મા આનંદમૂર્તિ, આત્માનું આત્માથી ધ્યાન કરો, રાગ-બાગને લક્ષમાંથી છોડી દ્યો. સમજાણું કાંઈ ? એ મડદાંને છોડી દ્યો, કહે છે. એ મડદાં જીવતા નહિ થાય. એ જીવતો જીવ હશે એ જીવતો થાશે.

**अप्पा अप्पइ जो मुणइ जो परभाव चएइ।**
**सो पावइ सिवपुरिगमणु जिणवर एउ भणेइ।।३४।।**

દેખો! **'जिणवर एउ भणेइ'** જિનવર વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનવર એમ ભણે છે નામ કહે છે કે **'जो अप्पइ अप्पा मुणइ'** આત્મા આત્માને જાણે. ભગવાન આત્મા શુદ્ધ આનંદભાવથી ભરેલો, એને શુદ્ધભાવથી આત્માને જાણે, સમજાણું કાંઈ ? અને **'परभाव चएइ'** જે વ્યવહાર કહ્યો હતો–મડદાં. સ્વભાવનો આશ્રય લઈ આત્મા નિર્વિકલ્પ શુદ્ધ છે, પરમાનંદ છે એનો આશ્રય લઈ શુદ્ધભાવથી આત્માને જાણે ત્યારે અંતર્મુખ થતાં એ વિકલ્પો જે વ્યવહારના છે એ છોડે. એ મડદાં છે, આત્માને અંતર સાધકમાં બિલકુલ સહાયક નથી. સમજાણું કાંઈ? આ તો 'યોગસાર' છે ને! 'યોગસાર' છે ! મોક્ષમાર્ગનો સાર ! યોગ એટલે આત્મામાં જોડાણ. આત્મામાં જોડાણ, એનો સાર. સમજાણું કાંઈ?

**'अप्पा अप्पइ जो मुणइ' 'જે પરભાવને છોડી દે છે...'** શુભ-અશુભ ભાવ, વિકાર એને દૃષ્ટિમાંથી છોડી દે છે અને **'जो अप्पइ अप्पा मुणइ' 'અને જે પોતા વડે જ પોતાના આત્માનો**

**અનુભવ કરે છે,...'** આહાહા..! શુભભાવ, પહેલો ધર્મ થાય અને પછી આ ધર્મ થાય એમ નથી કહ્યું. એ શુભભાવ છોડ્યે આત્માનો અનુભવ કરે તો ધર્મ થાય. એને રાખીને થાય? આહાહા..! ભારે વાતું જગતને આકરી (પડે). વીતરાગ પરમેશ્વરની વીતરાગી વાતું. રાગના લોભિયાને વીતરાગની વાત આકરી પડે. આહાહા..!

**શ્રોતા :–** એને રુચે નહીં. શુભભાવ છાંયો લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છાંયો જ છે આ, તડકો ક્યાં હતો? પુણ્ય અને પાપ બેય તડકા છે. ભગવાન આત્મા શાંત શીતળરસથી ભરેલો, એ પુણ્ય-પાપના બેય ભાવ તાપ છે, અગ્નિ છે, ઝેર છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? 'સમાધિશતક'નો દાખલો (આપ્યો) છે. તડકે ઊભો (રહે) ઇ કરતાં છાંયે ઊભો છે ને! કહો, સમજાણું? ઊભો છે પણ જે શુદ્ધભાવમાં રહ્યો છે એ જ પંથ છે. એ ન્યાં છાંયે ઊભો અને પુણ્યમાં ઊભો માટે પંથ છે, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ઓહોહો! અનંતકાળનો જન્મ-મરણનો ભાવ, એના મટાડવાનો ભાવ તો કાંઈક અપૂર્વ જ હોય ને ! અહો..! અનાદિકાળના.. અનાદિ.. અનાદિ.. અનાદિ.. અનાદિ.. ક્યાંય નજરું નાખ્યા નજરું પોગે નહિ, નજરને અંત આવે નહિ એટલો અનાદિ.. અનાદિ.. અનાદિ.. અનાદિ.. અનાદિ.. રખડીને થોથાં ઊડી ગયા એના, ભવ કરી કરીને. અનંતા અનંતા અનંતા અનંતા અનંતાને અનંતા ગુણો તોય અનંતા. એટલા ભવો કર્યા, ભાઈ! આત્માના ભાન વિના. એક સમ્યગ્દર્શન વિના આવા ભવ કર્યા. એમાં વ્રત, નિયમ, તપ પાળીને નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો, એ તો શુભભાવ હતો. સમજાણું કાંઈ?

આચાર્ય ફરમાવે છે, **'अप्पा अप्पइ जो मुणइ जो परभाव चएइ'** જોયું? વ્યવહારને છોડીને. વ્યવહારને છોડીને આત્માનો અનુભવ કરે. **'सो पावइ सिवपुरिगमणु'** લ્યો! **'તે જ મોક્ષનગરમાં પહોંચી જાય છે.'** એ મોક્ષનગરી, પરમાત્મા સિદ્ધ ભગવાન, ણમો સિદ્ધાણં. એ સિદ્ધપદને (પામે છે). એ આત્માના શુદ્ધભાવનો અનુભવ કરે, પરભાવ–પુણ્ય-પાપના ભાવને અંતરથી છોડે, સ્વરૂપમાં સ્થિર થાય એ મુક્તિપુરીને પામે. એમ **'શ્રી જિનેન્દ્રદેવે આ કહ્યું છે.'** દેખો! આચાર્યને નાખવું પડ્યું, ભઈ! આ અમે નથી કહેતા, ભગવાન આમ કહે છે.

ત્રણલોકના નાથ ઇન્દ્રોના પૂજ્ય પુરુષ સમવસરણમાં–ધર્મસભામાં ભગવાન એમ દિવ્યધ્વનિમાં કહેતા હતા. આહાહા..! ભાઈ! તું ધીરો થા, ધીરો થા. તારા સ્વરૂપમાં અંદર અનંત આનંદ પડ્યો છે. તારા સ્વભાવમાં અનંતા આનંદના સાગર ડોલે છે. આહાહા..! એવા સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનથી જીવને સ્થિરતા (થતાં) અલ્પકાળમાં મુક્તિનગરી એને મળશે. આ વ્યવહાર છોડ તો મળશે, એમ કહે છે. એ વ્યવહાર વડે, એની મદદ વડે આગળ મુક્તિએ જવાશે એમ છે નહિ. એમ જિનવર, જિનવર જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર તીર્થંકરદેવ એમ **'भणेइ'**, એમ

**'भणेइ'**. **`भणेइ'** એટલે એમ પ્રરૂપે છે, એમ કહે છે. લ્યો! આચાર્યે એમ દાખલો આપ્યો.

'યોગીન્દ્રદેવ' પણ સિદ્ધ ભગવાનને એમ કહે છે, 'કુંદકુંદાચાર્યદેવ'ની જેમ. ભગવાન આમ કહે છે. ત્રણલોકના નાથ ઇન્દ્રોની સમક્ષ, ગણધરોની હાજરીમાં, ભગવાનની વાણીમાં એમ આવ્યું હતું કે આ આત્મા પરમાનંદની મૂર્તિ છે. એને પુણ્ય-પાપના ભાવ થાય એમાંથી દૃષ્ટિને છોડ. છોડી દે એને, છોડીને સ્વરૂપમાં સ્થિર થા (તો) અલ્પકાળમાં મુક્તિ થશે, બીજો કોઈ ઉપાય નથી. એ પુણ્યભાવ તને મદદ કરે, એમ નથી. અટકાવનારા વચમાં આવે છે એમ કહે છે, માટે છોડ. આહાહા..! આવી વાતું જગતને બેસવી કઠણ ભાઈ!. સમજાણું ?

આત્માને આત્મા દ્વારા, એમ છે ને? **'अप्पा अप्पइ'** છે ને? આત્મા આત્મા દ્વારા. એટલે શું? ભગવાન આત્મા અનંત આનંદ અને શુદ્ધ ચૈતન્યની મૂર્તિ, એને આત્મા આત્મા દ્વારા. આત્મા દ્વારા એટલે ઓલા વ્યવહાર દ્વારા નહિ. દયા, દાન, વ્રત, કષાયના મંદ (પરિણામ) એ આત્મા નથી, એ તો અણાત્મા, આસ્રવતત્ત્વ છે. આત્મા આત્માને દ્વારા. ભગવાન આત્મા પોતાના નિર્વિકલ્પ રાગરહિત શ્રદ્ધા, જ્ઞાન દ્વારા પરભાવ છોડીને. એ દયા, દાન, વ્રતના પરિણામ એ બંધના કારણ છે. એને છોડીને જિનવર એમ ભણે છે, તો તે શિવપુરને પામે છે. નહિતર મોક્ષમાં જાતો નથી. ચાર ગતિમાં રખડશે, પહેલું કીધું હતું ઇ. ૩૩માં કહ્યું હતું ને કે પુણ્યથી સ્વર્ગમાં, પાપથી નરકમાં અને બે છોડે તો શિવવાસમાં (જાય). એ શિવવાસની આ વ્યાખ્યા વિશેષ કરી. કહો, સમજાણું કાંઈ?

'લાખ વાતની વાત એક નિશ્ચય ઉર આણો' 'છ ઢાળા'માં આવે છે કે નહિ? ભગવાન આત્મા, એનું નિધાન ચૈતન્યરત્નાકર પ્રભુ આત્મા છે. એમાં અનંતા રત્નો આનંદ અને શાંતિના ભર્યા છે. ભગવાન જાણે, એની ધૂળમાં ભર્યું એને દેખાય અને આ દેખાય નહિ. કહો, 'હરિભાઈ'! પાંચ, દસ લાખ રૂપિયા, પચાસ લાખ થાય ત્યાં તો આહા..હા...! હું પહોળો ને શેરી સાંકડી.

**શ્રોતા :–** કોઈ દિ' જોયા ન હોય પછી એમ જ થાય ને!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાંય જોયા નથી. આખી દુનિયા દેખાય, એમાં તારે બાપને શું આવ્યું ? સમજાણું કાંઈ ? એ.. 'મોહનભાઈ'! ઓલા પૈસાવાળા બધા છે ને ? કહે છે ને ? વાળા છે ને બધા? કેટલા વાળા ? પૈસાવાળા, છોકરાવાળા, બાયડીવાળા, આબરૂવાળા, મકાનવાળા, ફલાણા કેટલા વાળા વળગ્યા એને? એક વાળો હોય તો ખાઈ જાય. ઓલો આવે છે ને પગમાં વાળો ? કેટલા વાળા?

અહીં તો કહે છે, ભગવાન રાગ વિનાનો, દેહ વિનાનો, મન વિનાનો, વાણી વિનાનો. વાળો નથી, એ તો વિનાનો છે. સમજાણું કાંઈ? એવા આત્માની – સ્વભાવની આત્મા દ્વારા શ્રદ્ધા અને સ્વભાવની સ્થિરતા કર, અલ્પકાળમાં મુક્તિ થાય એ પંથ મોક્ષનો છે. વચમાં વ્યવહાર આવે એને છોડતો જા, છોડતો જા, આદરતો જા નહિ. એની મદદ લેતો આગળ વધ, એમ નહિ. એમ કહે છે,

જોયું? આહા..! પછી ઘણી વાત (લીધી છે). લ્યો, ઇ ૩૪ (ગાથા પૂરી) થઈ.

હવે, વ્યવહારમાં નવ પદાર્થનું જ્ઞાન હોય છે, એમ કહે છે. આ એકની વાત કરીને, આત્માની ! આત્મા અનંત ગુણનો પિંડ, એનું ભાન, એની શ્રદ્ધા, એનું જ્ઞાન એ મોક્ષનો માર્ગ. હવે એવા સ્થાનમાં એને ભગવાને છ દ્રવ્ય કહ્યા. છ દ્રવ્ય ભગવાને કહ્યા. અનંત આત્મા, અનંતા પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. એના પેટાભેદ નવ. એ નવ તત્ત્વ વ્યવહારરૂપે છે એનું એણે જ્ઞાન કરવું જોઈએ. કારણ કે વીતરાગમાર્ગ સિવાય આવા નવ તત્ત્વો અન્યમાં હોતા નથી. સમજાણું કાંઈ? જુઓ! એ ગાથામાં એમ કહે છે, હોં! **'વ્યવહારમાં નવ પદાર્થનું જ્ઞાન આવશ્યક છે.'** એટલે હોય છે. પ્રયત્નથી, કીધું છે ને? પ્રયત્નથી જાણજે. એનું કારણ છે કે આત્માના જ્ઞાનનો એક સમયનો પર્યાય એ છ દ્રવ્યને જાણવાની તાકાત રાખે છે. છ દ્રવ્ય ભગવાને જે કીધાં, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ. પરમાણુ આ રજકણ, પોઈંટ, આ ધૂળ. એથી અસંખ્ય કાળાણુ આદિ. એ બધાને (જાણે એવી) આત્માના ગુણની એક પર્યાય તાકાત રાખે છે. પરસન્મુખવાળી એક પર્યાય તાકાત રાખે છે. આ એને પર્યાયનું જ્ઞાન યથાર્થ થવા, એને નવ તત્ત્વનું જ્ઞાન બરાબર હોવું જોઈએ. એમાંથી તારવીને એકલું આત્માનું જ્ઞાન કરે એનું નામ મોક્ષમાર્ગ છે. એ માટે આ નવ તત્ત્વની વ્યાખ્યા કરશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**નિશ્ચયથી પરમ ઉપેક્ષા સંયમવાળા મુનિને શુદ્ધાત્માની આરાધના સિવાયનું બધું ય અણાચાર છે. શાસ્ત્રસ્વાધ્યાય-ભક્તિ-વ્રત-તપ-વ્યવહારરત્નત્રયનો રાગ આદિ બધો શુભરાગ તે અમાચાર છે. એ બધા શુભરાગની ઉપેક્ષા છે–અપેક્ષા નથી એવા પરમ ઉપેક્ષા સંયમવાળા મુનિને અતીન્દ્રિય આનંદના વેદન સિવાયનું બધું ય અણાચાર છે. શુદ્ધાત્માની આરાધના, શુદ્ધાત્માની ઉપાસના, સન્મુખતા, એકાગ્રતા સિવાયનું બધુંય એટલે વ્યવહારરત્નત્રયનો બધો ય શુભરાગ તે અણાચાર છે. ભગવંત પરમાત્મસ્વરૂપ જ તું છો, પણ એ વાત કેમ બેસે ? કુંદકુંદ આચાર્ય મહારાજ એમ કહે છે કે શુદ્ધાત્મા સિવાયનો બધોય રાગ એટલે કે અમારા તરફનો રાગ એ બધો ય અણાચાર છે. પ્રભુ અણાચાર ભાવ એ તારું સ્વરૂપ નથી, એના પડકેથી ખસી જા. તારી સેવા સિવાયનું બધું અણાચાર છે. નિજ શુદ્ધાત્માની સન્મુખતા જ એક આચાર છે, એક જ પ્રતિક્રમણ છે.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૭૪૧)**

**શ્રી સમયસાર, ગાથા–૭૫**
**પ્રવચન નં. ૧૦૩, તા.૧૩-૧૦-૧૯૬૧**
**[૨૩]**

આ 'સમયસાર'નો કર્તા-કર્મ અધિકાર ચાલે છે. એમાં આ ૭૫મી ગાથા. શિષ્યે ગુરુને આકાંક્ષાથી પ્રશ્ન કર્યો છે, પ્રભુ ! આ જ્ઞાની થયો અથવા જ્ઞાનસ્વરૂપ થયો, એ ક્યા લક્ષણે ઓળખાય છે ? એ ૭૫મી ગાથાનો ઉપોદ્‌ઘાત છે. આ આત્મા જ્ઞાનસ્વરૂપ થયો અથવા જ્ઞાની થયો, અનાદિથી રાગ વિકલ્પ આદિથી એકતા માનીને જે અજ્ઞાની થતો હતો. ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદ જેનો તદાત્મ્ય સ્વભાવ છે. જ્ઞાન અને આનંદ. એ આત્મવસ્તુ.. વસ્તુ આદિ અંત વિનાની, એમાં જ્ઞાન અને આનંદ આદિ તદાત્મ્ય સ્વભાવ છે. એવા તદાત્મ્ય સ્વભાવવાન આત્માને ભૂલીને અનિત્ય તદાત્મ્ય પુણ્ય-પાપ, દયા-દાન, કામ-ક્રોધ, વિકાર અને એક સમય પણ તદાત્મ્ય નથી એવા શરીર, વાણી, કર્મ આદિ એનું કાર્ય મારું અને હું તેમાં પ્રવર્તનાર, એવી ભ્રાંતિ છે, ભ્રમણા છે એ દુઃખદાયક દૃષ્ટિ અને ચોરાશીના અવતારનું મૂળ કારણ ઇ છે. સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા સત્.. સત્.. સત્.. સત્.. સત્.. સત્.. સત્.. અને સત્‌ની સાથે જ્ઞાન સત્, આનંદ સત્. એવો ત્રિકાળ ચિદાનંદ પ્રભુ આત્માને અનાદિકાળથી ભૂલીને પુણ્ય-પાપના વિકલ્પ નામ વૃત્તિ ઊઠે છે, એ જ મારું કર્તવ્ય અને હું પ્રવર્તનાર અને એમાં હું જોડાનાર અને એ જ મારું કાર્ય અને કામ (છે), (આવી બુદ્ધિ છે) ત્યાં સુધી જ્ઞાનાનંદ આનંદ તદાત્મ્ય સ્વભાવનો અનાદર કરે છે અને ક્ષણિક વિકાર ઉપાધિભાવનો આદર કરે છે ત્યાં સુધી તે દુઃખદૃષ્ટિવંત મિથ્યાદૃષ્ટિવંત ચોરાશીમાં પરિભ્રમણ કરનારો છે.

હવે જ્ઞાની કઈ રીતે ઓળખાય ? અને જ્ઞાની કેવા હોય ? બેય વાત અહીંયાં આવી છે. જુઓ ! પરમાર્થે કર્તા નથી. કોનો ? કુંભાર વ્યાપક અર્થાત્ પ્રસરનાર અને ઘડાની પર્યાય વ્યાપ્ય અથવા એ વ્યાપકનું કાર્ય, જેમ ઘડા અને કુંભાર વચ્ચે નથી. કુંભાર વિસ્તરીને–પ્રસરીને ઘડાની પર્યાય બનાવે અને ઘડાની પર્યાય એનું વ્યાપ્ય–કાર્ય અને કુંભાર એનો પ્રવર્તનાર કર્તા, એમ કદી હોતું નથી. એમ પુદ્‌ગલ પરિણામ–દયા, દાન, કામ, ક્રોધ, પુણ્ય-પાપના ભાવ વ્યાપ્ય–કાર્ય અને આત્મ સ્વભાવ એનો કર્તા, એવા વ્યાપ્ય-વ્યાપકભાવનો સ્વરૂપમાં અભાવ છે. સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા વિકારનું કાર્ય મારું અને હું વિકારમાં પ્રસરનાર હું છું, એવો કર્તા-કર્મનો સંબંધ પરમાર્થે નથી, પરમાર્થે કર્તા નથી. ત્યાં સુધી આવ્યું છે. સમજાય છે કાંઈ ? ભારે ઝીણી વાત, ભાઈ ! જગતને...

પ્રભુ ! પણ તું કેવો છો ? એક પદાર્થ છે ને ! વસ્તુ છે ને વસ્તુ. તો વસ્તુ છે તો છે એની આદિ–અંત નથી એવી એ ચીજ છે અને એનો સ્વભાવ પણ આદિ–અંત નથી એવો ત્રિકાળ તદાત્મ્ય શક્તિ ને સ્વભાવ ને સ્વરૂપ છે. આવી દૃષ્ટિ થઈ ત્યારે વિકારી પુણ્ય-પાપની પર્યાય મારું કર્તવ્ય મારું કાર્ય અને હું કર્તા એવી દૃષ્ટિ રહેતી નથી. કેમકે એમ થઈ શકતું નથી. વસ્તુસ્વભાવની દૃષ્ટિમાં સ્વભાવ–કર્તા દ્રવ્ય અને વિકાર પર્યાય કાર્ય, એમ થઈ શકતું નથી. એમાં તો નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ પોતાનું વ્યાપ્ય નામ અવસ્થા નામ કાર્ય નામ કર્મ અને ભગવાન આત્મા દ્રવ્યસ્વભાવ એનો કર્તા છે. સમજાય છે કાંઈ ? આવી વાત છે. આ રજકણ ને શરીર ને આની વાત તો ક્યાં કરવી ! આ પદાર્થ તો ક્યાંય બહાર એને કારણે પરિણમે છે.

અહીં તો શુભરાગ–દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિ, પૂજા એવા જે વિકલ્પ નામ રાગનો અંશ ઉત્પન્ન થાય છે એ આત્મા, કુંભાર અને ઘડાની જેમ કર્તા-કર્મ નથી, એમ વિકારનું કાર્ય પોતાનું અને આત્મા કર્તા એમ કોઈ દિ' સિદ્ધ થતું નથી. સમજાય છે કાંઈ ? પરંતુ.... ત્યારે હવે છે શું ? છે શું ? આમ નથી તો છે શું ?

**'(માત્ર) પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...'** શું કહે છે ? જે રાગ–દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, અશુભભાવ આદિ થયા એ પુદ્‌ગલપરિણામ છે. એના જ્ઞાનને એને જાણવાનું કાર્ય આત્મા કરે છે. રાગ–દયા, દાનની વૃત્તિ ઉત્પન્ન થઈ એના જ્ઞાનને.. એના જ્ઞાનને એટલે શું ? એ તો નિમિત્તથી કથન છે. એ સંબંધી પોતાનું સ્વપરપ્રકાશક કાર્યરૂપ કાર્ય, કાર્યરૂપ કર્તવ્ય, એના જ્ઞાનને એનું એ નિમિત્ત થયા રાગ-દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ (આદિ). પોતાનો સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું, પોતાનું સ્વનું જ્ઞાન થયું, એમ રાગનું પણ સ્વપરપ્રકાશક જ્ઞાનમાં પોતામાં એ નિમિત્ત સંબંધી જ્ઞાન થયું, પોતામાં પોતાને કારણે થયું ત્યારે વ્યવહાર રત્નત્રયના રાગને પોતાના જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? અરે..! તારું પરિણમન કેવું છે, જો તો ખરો !

ભગવાન વસ્તુસ્વરૂપ ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ, સત્.. સત્.. સત્... સત્.. સત્.. સત્.. કાયમ રહેનારી ચીજ, એમાં જ્ઞાન અને આનંદ સ્વભાવને કરનારું દ્રવ્ય અને વિકારી પરિણામ કાર્ય, એમ ત્રણકાળમાં બનતું નથી. એ વિકારી ભાવ થાય છે તે સંબંધી પોતાનું જ્ઞાન પોતાનું કાર્ય કરે છે. એ જ્ઞાનનું કાર્ય પોતાનું અને કરનારું દ્રવ્ય. સમજાય છે કાંઈ ?

**'પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતાં...'** શું કહે છે ? જે રાગાદિ વ્યવહાર વિકલ્પ શુભ રાગાદિ થયા, તેને નિજ જ્ઞાનમાં, એ જ્ઞાનને આત્મામાં કર્મરૂપે કરતો થકો, પોતાના

કાર્યરૂપે કરતો થકો,. પુદ્‌ગલ રાગાદિ વ્યવહારરત્નત્રયને કાર્યરૂપે નહિ કરતો થકો, પરંતુ એ સંબંધી પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન, એના કાર્યરૂપ આત્મા કર્તા થયો થકો, સમજાય છે કાંઈ ? **'પુદ્‌ગલપરિણાના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતાં એવા પોતાના આત્માને જાણે છે.'** અહીં સુધી આવ્યું છે. ચાહે તો એ રાગ પોતાના જ્ઞાનમાં જણાય છે એ ખરેખર તો પોતાનું જ્ઞાન જ છે. જ્ઞાયક સ્વભાવ તરફનું ભાન થયું તો જેમ જ્ઞાયકના જ્ઞાનરૂપી કાર્ય થયું, તે જ સમયે એમાં રાગ સંબંધી પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાનનો કર્તા થયો થકો કાર્યરૂપ કરે છે, પણ રાગને અને વ્યવહાર રત્નત્રયને કર્તા થઈને કાર્ય કરે, એવી વસ્તુમાં સ્વભાવમાં શક્તિ નથી. સમજાય છે કાંઈ ? એ અજ્ઞાનરૂપ પર્યાય ઉત્પન્ન કરે તો અજ્ઞાનમાં તાકાત છે, સ્વભાવમાં તાકાત નથી. સમજાય છે કાંઈ ?

**'પોતાના આત્માને જાણે છે.'** પાછી ભાષા શું લીધી છે ? પુદ્‌ગલપરિણામ–વ્યવહાર રત્નત્રય, દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિનો, પ્રેમનો, શ્રદ્ધાનો વિકલ્પ આદિ એ રાગનું પોતા સંબંધી જ્ઞાનમાં નિમિત્ત થયું થકું, એ જ્ઞાનના પર્યાયને આત્માનું કાર્ય કરતો થકો આત્મા પોતાને જાણે છે. રાગને જાણે છે એમ કહેવું એ પણ એક વ્યવહાર–અસદ્‌ભૂત વ્યવહાર છે. સમજાય છે કાંઈ ? '..ભાઈ' ! આ ચીજ.. બાકી લેવા કે દેવા કાંઈ કોઈની સાથે. ધૂડમાં પણ સંબંધ નથી. મફતનો માનીને બેસે. કાંઈ લેવા ને દેવા. એને રાગ થાય એનો પણ પરમાર્થે સંબંધ સ્વભાવમાં નથી, છે જ નહિ ભગવાન આત્મામાં. શું રાગની ખાણ આત્મા છે કે શાંતિ અને આનંદનું નિધાન છે ? સમજાય છે કાંઈ ? જેને શાંતિ જોઈએ, સુખ જોઈએ તો એ સુખ ક્યાં છે ? પરમાં સુખ છે ? કે પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે એમાં સુખ છે ? પોતાના સ્વભાવમાં સુખ, સુખરૂપ, સુખ, સુખસ્વરૂપ તદાત્મ્ય સંબંધ છે. સુખ નામની શક્તિથી શક્તિવાન તદાત્મ્ય સ્વભાવ સંબંધ છે. એમ દૃષ્ટિ કરવાથી રાગ આવ્યો એના જ્ઞાનનું કાર્ય કરતો આત્મા પોતાને જાણે છે. સમજાય છે કાંઈ ? આનું નામ સમ્યગ્જ્ઞાન, આનું નામ સમ્યગ્દર્શન, આનું નામ ધર્મ. ભારે ધર્મની વ્યાખ્યા, ભાઈ ! સમજાય છે કાંઈ ?

ધર્મ કોઈ બહારથી આવતો નથી અને ધર્મ કોઈ બહારમાં નથી. ભગવાન આત્મા ધર્મ નામ આનંદ અને જ્ઞાનને ધરનાર ધર્મી, જ્ઞાન અને આનંદને ધરનાર ચૈતન્યધાતુને ધરનારો, ચૈતન્યસ્વભાવરૂપ ધાતુનો ધરનારો આત્મા છું, એવી દૃષ્ટિ થયા પછી રાગ આવ્યો તેના જ્ઞાન સંબંધી પોતાનું કાર્ય કરતો થકો આત્મા પોતાને જાણે છે, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમજાય છે કાંઈ ? જ્ઞાન શબ્દે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે. અહીંયા તો રાગનો અભાવ બતાવવો છે. પણ જ્ઞાન પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અર્થાત્ પુદ્‌ગલ પરિણામ જણાયા, એ સ્વભાવ સન્મુખથી જણાય છે. એમાં રુચિ થઈ, સ્વસંવેદનજ્ઞાન થયું, રમણતા થઈ. આવા પોતાના નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જ્ઞાન પરિણામ પોતામાં કાર્ય કરતાં થકા, તેનો આત્મા કર્તા છે અને તેને જાણનારો આત્મા છે. પોતાની નિર્વિકલ્પ પર્યાય થઈ તેને જાણનારો આત્મા છે. સમજાય છે

કાંઈ ? આહા..હા...! આવી ચીજની ખબર નહિ, સમજણ કરે નહિ, સંભાળ કરે નહિ અને માને કે અમને ધર્મ થઈ ગયો. આમ જ અનાદિકાળથી ચાલ્યું આવે છે. ચોરાશીના અવતારમાં દિગંબર જૈન સાધુ થઈને બાહ્ય નગ્ન લિંગ ધારણ કરીને પણ, એ રાગની ક્રિયા મારું કર્તવ્ય છે અને મને રાગથી લાભ થાય છે, એ રાગ વ્યાપ્ય અને આત્મા વ્યાપક માનનારો અજ્ઞાની મૂઢ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ ? દેહની ક્રિયા તો ક્યાંય રહી ગઈ. આ તો માટી જડ છે, અજીવ માંસ હાડકા ચામડા છે, એની પર્યાય–એનું કાર્ય તો પરમાણુથી થાય છે.

કહે છે, **'તે આત્મા (કર્મ-નોકર્મથી) અત્યંત ભિન્ન...'** તે આત્મા. કર્મ નામ પુણ્ય-પાપના પરિણામ, કર્મ નામ જડકર્મની અવસ્થા, નોકર્મ–શરીર, વાણી આદિની પર્યાય. તેનાથી **'અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.' 'જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.'** કહો, સમજાય છે કાંઈ ? લ્યો આ જ્ઞાન. આ જ્ઞાન અને આ જ્ઞાની. આ ધર્મ અને આ ધર્મી. ધર્મી આત્મા પોતાનો ધર્મ જ્ઞાન અને આનંદ, શાંતિનું પરિણમન કરનાર. એ સમયે વિકાર વ્યવહાર રત્નત્રય હો, તેનું જ્ઞાન પણ પોતા સંબંધી જ્ઞાન કરતાં થયું. આવા જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્રના પરિણામ કરનારો આત્મા જ્ઞાની છે. આ લક્ષણ બતાવ્યું. બતાવ્યુંને શું કહે છે ? બતાયા. બતાયા કહે છે ? હિન્દી નથી આવડતું. ગુજરાતી છો ? સમજાય છે કાંઈ ?

હવે વાતને જરી છંછેડે છે. 'અમૃતચંદ્રાચાર્ય' બહુ સ્પષ્ટ કરે છે. જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે અર્થાત્ શરીર, વાણી, મનની પર્યાય અને પુણ્ય-પાપની વિકારી પર્યાય, જે પુદ્ગલનું વ્યાપ્યરૂપ કાર્ય છે અને પુદ્ગલ એનું વ્યાપક છે, તે સંબંધી પોતાનું જ્ઞાન કરતો થકો અને જ્ઞાનનો કરનારો–પ્રવર્તનાર થયો થકો, એ જ્ઞાનને પોતાનું કાર્ય કરતો થકો તે આત્મા જ્ઞાની છે. સમજાય છે કાંઈ ? અહીં તો હજી ભેદથી સમજાવે છે ને કે આ કર્તા અને આ કાર્ય. એમ થાય છે ને ? થાય છે. કર્તા આ છે અને કર્મ આ છે એવો ભેદ નહિ, પણ અહીંયા થાય છે. શું થાય છે ? રાગાદિ દયા, દાનનો વિકલ્પ વિકાર–વિકૃત વૃત્તિ ઊઠે, એ વિકારનું જ્ઞાન મારું છે, તેનું જ્ઞાન મારું છે, વિકાર મારો નથી અને એ જ્ઞાન મારાથી થાય છે, રાગથી નહિ. આવા શ્રદ્ધા અને જ્ઞાનનું કાર્ય કરતો આત્મા જ્ઞાની છે. જ્ઞાનસ્વરૂપ થયો આ જ્ઞાનીનું લક્ષણ અને ચિહ્ન છે. શું કોઈ કોઈની પાસેથી લઈ શકે છે ? કોઈ લઈ શકે છે ? પોતાની ચીજ પોતામાં લક્ષ કરીને સમજે નહિ અને ધમાલ ધમાલ કરે કે અમને ધર્મ થઈ ગયો. જાઓ ! સ્વતંત્ર છે. પ્રભુ ! અનાદિથી તારી ચીજ પરાધીન થઈ ગઈ છે. એ પરાધીનતા તેં બનાવી છે અને એ પરાધીનતા તારે કારણે છોડવાની છે. બીજું કોઈ કારણ નથી.

કહે છે, આવો થયો થકો જ્ઞાની છે. **'પુદ્ગલ પરિણામનું જ્ઞાન...'** સ્પષ્ટ કરે છે. **'આત્માનું કાર્ય કઈ રીતે છે...'** એના કાર્યનો નિષેધ કરી દીધો. રાગનું, પુણ્યનું, દયા, દાનના રાગાદિનું કાર્ય મારું નહિ, હું તો એનું જ્ઞાન કરનારો છું. જ્ઞાતા થઈને પોતાના જ્ઞાનમાં એનું જ્ઞાન સ્વપરપ્રકાશક સાથે

થઈ જાય છે. ખરેખર તો સમયે સમયે જ્ઞાનની દશા જ એવી થાય છે કે જેવો જ્ઞાયક છે અને જે પ્રકારનો રાગ છે, એ સંબંધી સ્વપરપ્રકાશકનું સામર્થ્ય વ્યક્ત કરતો થકો, આત્મા કર્તા થઈને પરિણમન કરે છે. સમજાય છે કાંઈ ? રાગનું જ્ઞાન બીજું અને આત્માનું જ્ઞાન બીજું એવા જ્ઞાનમાં બે ભાગ નથી. સમજાય છે કાંઈ ? અને રાગને જાણવામાં બીજો ઉપયોગ કરવો પડે અને આત્માને જાણવામાં બીજો (ઉપયોગ કરવો પડે એમ નથી). એ તો આત્મા વસ્તુ સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ (છે), એવા રાગ નામ વિકલ્પથી પૃથક્ નામ રૂપીથી પૃથક્ થઈને પોતાનો જ્ઞાતા-દૃષ્ટા સહજાનંદ પ્રભુ આત્માની દૃષ્ટિ કરી તો પોતાનું જ્ઞાન પણ થયું અને એવું જ સામર્થ્ય જ્ઞાનમાં પ્રગટ થઈને એક સમયમાં (પર્યાય) થાય છે કે પોતામાં જે પ્રકારનો રાગ, જે પ્રકારનો દ્વેષ, જે પ્રકારનો ક્રોધ થાય છે તે પ્રકારનું જ્ઞાન પરિણમન કરીને કાર્યરૂપે આત્મા થાય છે. સમજાય છે કાંઈ ? ઝીણું બહુ પણ, ભાઈ !

પ્રભુ ! તું કેટલો ઝીણો છો, જોને ! ઇન્દ્રિયથી પકડી શકે છે ? આ તો માટી છે, ધૂડ છે. દયા, દાનનો શુભરાગ ઉત્પન્ન થાય છે એ પણ સ્થૂળ છે અને સ્થૂળનું વ્યાપ્ય અને વ્યાપક તો જડ સાથે છે. આવી તારી ચીજ પડી છે. આવા જ્ઞાનસ્વભાવનું ભાન થયું તો જ્ઞાની થયો. તો પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન વર્તમાન કાર્યરૂપ થયું, એમાં રાગાદિ વ્યવહાર આદિ નિમિત્ત છે તેનું જ્ઞાન પણ સાથે જ થાય છે. આગળ-પાછળ (નથી). સ્વનું જ્ઞાન પહેલાં થાય અને પરનું જ્ઞાન પછી થાય એમ નથી. સમજાય છે કાંઈ ? અને પર છે તો જ્ઞાનનું આવું સામર્થ્ય વ્યક્ત થાય છે એમ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ પ્રભુ પ્રકાશનો પૂંજ, પ્રભુ પ્રકાશનો પૂંજ ચૈતન્ય છે. ચૈતન્યપ્રકાશનો પૂંજ છે એવી દૃષ્ટિ થઈ તો ચૈતન્ય પોતે.. પોતે કહે છે ? સ્વયં. ચૈતન્ય સ્વયં જ જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્રનું કાર્ય કરતો થકો પરને જાણતો થકો પરને વ્યાપ્ય કર્યા વિના પરનું જ્ઞાન કરે એવી જ પર્યાય પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ ? એ જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની કહ્યો. હવે 'અમૃતચંદ્રાચાર્ય' જરી વિશેષ સ્પષ્ટી કરણ કરે છે.

ભગવાન ! તારી ચીજનું કાર્ય શું, એ બતાવ્યું. હવે એમ કેમ કહ્યું કે પોતાની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પર્યાય–અવસ્થા–હાલતનું કાર્ય કરનારો એ થયો. કઈ રીતે ? **'(પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...)'** અથવા વ્યવહાર રત્નત્રય દયા, દાનનો રાગ ઉત્પન્ન થાય છે એનું જ્ઞાન **'(આત્માનું કાર્ય કઈ રીતે છે...)'** એ પુદ્‌ગલ જે જે ક્ષણે જે પ્રકારનો રાગ થયો, તે પ્રકારનું પોતાનું જ્ઞાન પોતાથી થયું. એ પુદ્‌ગલકર્મનું જ્ઞાન આત્માનું કાર્ય કઈ રીતે છે **'(તે સમજાવે છે :–)'** સમજાય છે કાંઈ ? પહેલાં પ્રશ્ન શું છે એ સમજાયો ? પહેલાં પ્રશ્ન શું છે ?

પુદ્‌ગલપરિણામનું જ્ઞાન અર્થાત્ શુભ વિકલ્પ ઊઠે છે. જડ વાણી તો જ્ઞાનમાં ખ્યાલમાં આવી

જાય છે. એનું અહીંયા વિશેષ સ્પષ્ટીકરણ નથી. વિશેષ (સ્પષ્ટીકરણ તો એ છે કે) શુભરાગ થયો, ભૂમિકા પ્રમાણે ચોથે, પાંચમે, છઠ્ઠી ભૂમિકા–ગુણસ્થાન પ્રમાણે જે પ્રકારનો રાગ, જે પ્રકારના શુભભાવની વ્યક્તતા થઈ, એ રાગનું જ્ઞાન કરતો થકો, એ રાગ પુદ્‌ગલપરિણામ છે, તેનું જ્ઞાન કરતો થકો પોતાના જ્ઞાનનું કાર્ય કઈ રીતે છે ? આત્મા પોતાના જ્ઞાનનું કાર્ય કઈ રીતે કરે છે ? એનો ઉત્તર આપે છે, એ સમજાવે છે.

**'પરમાર્થ...'** જુઓ ! પહેલાંમાં આવ્યું હતું, ભાઈ ! ઓલામાં આવ્યું હતું. **'પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્ય-વ્યાપકપણાનો) સદ્‌ભાવ હોવાથી...'** શરૂઆતમાં. હવે અહીં પરમાર્થ આત્મા લ્યે છે. ચોથી લીટી છે. **'પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્ય-વ્યાપકપણાનો) સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...'** એમ અહીંયા લીધું.

**'પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...'**અર્થાત્ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (કહીને) સમજાવે છે. જ્ઞાન તો પોતાનું છે. જેવો રાગ થયો, વ્યવહાર થયો, વિકલ્પ થયો એનું એવું જ બરાબર જ્ઞાન કરતો થકો, **'જ્ઞાનને અને પુદ્‌ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવો અભાવ હોવાથી...'** શું કહે છે ? શાંતિથી સમજવાની ચીજ છે આ તો. પરમાર્થથી પુદ્‌ગલપરિણામ જે વ્યવહાર રત્નત્રય, દયા, દાનના વિકલ્પ ઊઠ્યા એના જ્ઞાનને, એનું પોતાના આત્મામાં જ્ઞાન થયું, રાગનું જ્ઞાન પોતામાં પોતાને કારણે થયું એવા જ્ઞાનને. સમજાય છે કાંઈ ? અને પુદ્‌ગલને અર્થાત્ વ્યવહાર રત્નત્રય જડ જે અચેતન રાગ, તેને. દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, એ પુદ્‌ગલ (છે). પહેલાં પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા, અહીંયા એને પુદ્‌ગલ કહી દીધા. પહેલાં તો પુદ્‌ગલપરિણામ કહ્યું હતું, હવે અહીં અભેદથી પુદ્‌ગલ કહી દીધા. સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપથી જાગૃત થયો તો પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (અર્થાત્) દયા, દાન, રાગ આદિ વ્યવહારના જ્ઞાનને, એ જ્ઞાનરૂપી કાર્ય અને પુદ્‌ગલને એ વ્યવહાર રાગાદિ પરિણામ, **'ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી...'** ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક અર્થાત્ ઘટ અવસ્થા અને (કુંભાર) વિસ્તાર પામનાર વ્યાપક, તેનો અભાવ છે. સમજ્યા ? ઘડો અને કુંભાર. કુંભાર વ્યાપક–વિસ્તાર પામનાર અને ઘટ એનું વ્યાપ્ય, તેનો અભાવ છે. એમ ભગવાન આત્મા, રાગ અને વિકાર સંબંધી જ્ઞાન પોતાનું છે. એ જ્ઞાનરૂપી કાર્યને અને પુદ્‌ગલને–રાગને, ઘડા અને કુંભારની જેમ. એ રાગ છે એ ઘડો છે અને આત્માના જ્ઞાનપરિણામ એ કુંભાર, એમ નથી. સમજાય છે કાંઈ ? ઘડા અને કુંભારની જેમ અવસ્થા અને અવસ્થાયીપણું નથી. ઘટ અવસ્થા અને કુંભાર અવસ્થાયી, ઘટ પર્યાય અને કુંભાર પર્યાયવાન જેમ નથી, તેમ રાગાદિ પરિણામ અને આત્માનું રાગ સંબંધીનું જ્ઞાન, એ જ્ઞાનને અને પુદ્‌ગલને, ઘટ કુંભારની જેમ

વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે. એ વિકારી પરિણામ વ્યાપ્ય અને જ્ઞાન તેનું વ્યાપક એમ નથી. આહા..હા...!

કેટલી સંધિ છે ! રાગ અને રાગને કરનાર જ્ઞાનની સંધિ છે. એ સંધિમાં બુદ્ધિનો પ્રવેશ કરીને જ્યાં રાગ અને આત્મા જુદા પડી ગયા, તો કહે છે કે એ પુદ્ગલપરિણામ અને જ્ઞાન, પુદ્ગલપરિણામનું જ્ઞાન અને પુદ્ગલને. પહેલાં જે પુદ્ગલપરિણામ કહ્યા હતા, એને હવે પુદ્ગલ કહી દીધા. સમજાણું અહીંયા ? પુદ્ગલ–રાગ, દ્વેષ, દયા, દાન જે પુદ્ગલપરિણામ, તેનું પોતામાં પોતાને કારણે જ્ઞાન થયું એ જ્ઞાનને અને પુદ્ગલપરિણામ શબ્દે પુદ્ગલને, ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકપણું નથી. એ વિકાર પોતાની વ્યાપ્ય અવસ્થા અને જ્ઞાન તેમાં વ્યાપનાર, એવો સંબંધ નથી. ભારે ઝીણી વાત છે. ૭૫-૭૬-૭૭-૭૮-૭૯ ગાથાઓ કર્તા-કર્મનો નિચોડ છે. સમજાય છે આમાં ? શું કહ્યું ?

ખરેખર પોતાના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ થયા તે વ્યાપક અને રાગ-દ્વેષ વ્યાપ્ય, એમ નથી. કઈ રીતે ?– ઘટ અને કુંભારની જેમ. કુંભાર વિસ્તાર પામનાર અને ઘટ એનો વિસ્તાર નામ વ્યાપ્ય નથી, એમ ભગવાન આત્માનું જ્ઞાન વિસ્તાર પામનાર અને વિસ્તાર પામનાર–વ્યાપ્ય વ્યવહાર રત્નત્રય, એમ નથી. સમજાય છે કાંઈ ? ભારે ઝીણું, ભાઈ !

(જ્ઞાનને અને) **'પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ...'** છે. આ..હા..! વ્યવહાર રત્નત્રય આત્માની પર્યાયમાં વ્યાપ્ય થઈ જાય અને આત્મા તેનો વ્યાપક થાય અથવા આત્માની જે જ્ઞાનપર્યાય થઈ એ કર્તા થાય અને રાગ-દ્વેષના પરિણામ કર્મ થાય, એમ નથી.

**શ્રોતા :–** પરિણામ બંનેમાં વ્યાપ્ત છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેયમાં પરિણામની વ્યાપ્તિ નથી. બસ, રાગની વ્યાપ્તિ જડ સાથે. જ્ઞાનની સાથે રાગની નહિ અને રાગની સાથે જ્ઞાનની નહિ. પરિણામની, હોં ! પોતાના જ્ઞાનના જે પરિણામ થયા, તેની સાથે રાગની વ્યાપ્તિ નામ કાર્ય નહિ અથવા એ જ્ઞાનની અવસ્થા નહિ. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઊઠ્યો એ જ્ઞાનની અવસ્થા નહિ, એ જડની અવસ્થા છે. એ સંબંધીનું જ્ઞાન થાય છે તે આત્માની અવસ્થા છે.

જે તદાત્મ્ય છે એ તો ત્રિકાળની વાત છે અને એના પરિણામ થયા તે આત્માના તદાત્મ્ય પરિણામ પર્યાયમાં થયા. તદાત્મ્ય જ્ઞાનપરિણામ થયા તેમાં પુદ્ગલપરિણામનું પોતાના કાર્યમાં નિમિત્ત હો, પણ છતાં એ વ્યાપ્ય અને આત્માના જ્ઞાનના પરિણામ વ્યાપક છે અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ કર્તા છે અને વ્યવહાર રત્નત્રય એનું કર્તવ્ય છે–કાર્ય છે એમ નથી. સમજાય છે કાંઈ ? હજી સાંભળવા મળે નહિ, કે દિ' નક્કી કરે ? અને ક્યાં જોવે ? એમ ને એમ અનંત કાળથી ચાલ્યો આવે છે. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો એ જાણપણાના જ્ઞાનની

વાત કરી. નવમી ગ્રૈવેયક જાય એવા શુભ પરિણામની ક્રિયા અનંત વાર કરી. શું છે એમાં ? એ તારી ચીજ જ નથી ને ! એ તો પુદ્‌ગલ છે. સમજાય છે કાંઈ ?

કહે છે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને એટલે વિકાર પરિણામને, અહીં નિર્વિકારી પરિણામને અને આ વિકાર પરિણામમાં વ્યાપ્યવ્યાપકપણું નથી, બેમાં કર્તા-કર્મપણું નથી, બેમાં પર્યાય-પર્યાયવાનપણું નથી. સમજાય છે કાંઈ ? **'વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...'** પોતાની જ્ઞાનપર્યાય જે જ્ઞાતાપણાનું ભાન થઈને થઈ, એમાં ભલે વ્યવહાર રત્નત્રય નિમિત્ત થાય પણ પોતાની જ્ઞાનપર્યાય કર્તા થઈ અને રાગની પર્યાય કાર્ય થઈ, એમ નથી. કોઈ કહે કે દ્રવ્ય એનું કર્તા નહિ. ભાઈ ! ગુણ કર્તા નહિ, પણ નિર્મળ પર્યાય તો કર્તા થાય છે કે નહિ ? પર્યાય. કેમ ?–કે આત્મા કર્તા થઈને જ્ઞાનપર્યાયનો કાર્ય કરે છે. તો જ્ઞાનની નિર્મળ પર્યાય કર્તા અને રાગ એનું કર્મ, એમ છે નહિ. સમજાય છે કાંઈ ?

**'કર્તાકર્મપણાની અસિદ્ધિ છે અને જેમ ઘડાને અને માટીને...'** પહેલાં ઘડા અને કુંભાર સાથેનું દૃષ્ટાંત આપીને નિષેધ કર્યો. હવે ઘડા અને માટીમાં **'વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ...'** (અર્થાત્) માટી વ્યાપક નામ રચનારી છે અને ઘડો રચાય છે. માટીથી ઘડો રચાય છે, કુંભારથી નહિ. માટીમાં પરિણમવાની–ઘડારૂપે થવાની તાકાત છે, કુંભારમાં એવી કોઈ તાકાત નથી. ભારે દૃષ્ટાંત, ભાઈ ! દૃષ્ટાંત હજી તો કઠણ પડે. સમજાય છે કાંઈ ?

લખાણ લખે ને, અક્ષર. તો કહે છે, એ અક્ષરરૂપી પર્યાય એ કાર્ય અને એનો કર્તા એ પુદ્‌ગલ પરમાણુ છે, કલમ પણ નહિ. અક્ષર જે લખાય છે એની પર્યાય વ્યાપ્ય અને વ્યાપક તેના પરમાણુ છે, કલમ નહિ. આહા..હા...! ભારે વાત, ભાઈ ! ગાંડા કહે એવું લાગે છે, હોં ! ગાંડાઓ તો ગાંડા જ કહે ને. ગાંડા સમજો છો ? પાગલ. ગાંડા અમારી કાઠિયાવાડી ભાષા છે. ઘેલા, પાગલ. પાગલ લોકો જ્ઞાનીને પણ પાગલ કહે એવી ચીજ છે.

કહે છે, એ અક્ષરમાં જે જે પર્યાય–અવસ્થા થાય છે એ વ્યાપ્ય–અવસ્થા થઈ, સ્વયં વ્યાપ્ય થઈ. કોની ?–વ્યાપક પરમાણુની; અને સ્વયં પરમાણુ એ વ્યાપ્ય અવસ્થામાં વ્યાપક થયા. એમ ભગવાન આત્મા સ્વયં વ્યાપક થઈને રાગની પર્યાય કરે એમ ત્રણકાળમાં નથી અને રાગ વ્યવહાર રત્નત્રયની પર્યાય આત્મામાં સ્વયં વ્યાપ્ય થઈ જાય એમ નથી. નિશ્ચય અને વ્યવહારની એટલી સંધિ લેવી છે. ઝઘડા. બીજા શાસ્ત્રમાં બહુ આવે ને કે વ્યવહાર સાધન છે અને વ્યવહાર કારણ છે, વ્યવહાર હેતુ છે. એ તો નિમિત્ત જ્ઞાનમાં થયું. એ તો જ્ઞાન થયું એમાં નિમિત્ત પડ્યું. જ્ઞાન થયું એમાં નિમિત્ત થયું એનો અર્થ પોતાનું જ્ઞાન પોતાથી સ્વપરપ્રકાશક કાર્યમાં કાર્યરૂપ પરિણમ્યું ત્યારે એને નિમિત્ત કહેવાયું. સમજાય છે કાંઈ ?

નિશ્ચય મોક્ષમાર્ગ, પોતાનો નિર્વિકલ્પ પ્રભુ આત્મા, એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાની દશા

થઈ તો વ્યવહાર રત્નત્રયના વિકલ્પ એ જ્ઞાનમાં નિમિત્ત થયા, સ્વપરપ્રકાશક કાર્યમાં નિમિત્ત થયું, કર્તા નહિ, તેમ જ્ઞાનનું કાર્ય પોતાથી થયું તો એ જ્ઞાનપર્યાય કરનારી–રચનારી અને એણે રાગને રચ્યો, એમ પણ નથી. સમજાય છે કાંઈ ? ભારે વાત, ભાઈ ! આ જૈન સર્વજ્ઞનું વિજ્ઞાનનું વિજ્ઞાન. વિજ્ઞાનમાંથી ક્યું વિજ્ઞાન યથાર્થ છે એ કહે છે. તને આ વાત અનંત કાળમાં કદી રુચિ નહિ, ગોઠી નહિ.

કહે છે કે **'જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવ...'** ઘટ વ્યાપ્ય નામ દશા છે અને માટી દશાવાન છે–વ્યાપક છે. તેનો **'સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...'** ઘટને અને માટીને. **'તેમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...'** શું કહે છે ? ભગવાન આત્મા, પોતાના જ્ઞાનપરિણામ–શ્રદ્ધા-ચારિત્ર પરિણામરૂપ જ્ઞાન થયું, એ પરિણામ નામ પર્યાય એ પોતાનું કાર્ય–પોતાની પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એવો સંબંધ છે. ઘડાને અને માટીને સંબંધ છે, તેવો આત્માને નિર્વિકારી પર્યાય સાથે સંબંધ છે. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પોતાનું વ્યાપ્ય, આત્મા તેનો વ્યાપક. આત્મા વિસ્તાર પામનાર અને વિસ્તાર પામીને પર્યાય તેનું વ્યાપ્ય–કાર્ય થયું. સમજાય છે કાંઈ ?

**'આત્મપરિણામ...'** જેમ પેલા ઘટપરિણામ અને માટીમાં વ્યાપ્યવ્યાપકનો સદ્‌ભાવ છે, એમ ભગવાન આત્માના પરિણામ. પરિણામ શબ્દે મોક્ષના માર્ગની નિર્વિકલ્પ દશા. અહીંયા આને આત્મપરિણામ કહે છે. વિકારી પરિણામ એ આત્મપરિણામ નહિ, એ જડના પરિણામ છે. આત્મપરિણામ અને આત્મા. નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રપર્યાય થઈ એ આત્મપરિણામ અને આત્મા. આત્મા વ્યાપક વિસ્તાર પામનાર છે અને પર્યાય વ્યાપ્ય છે, એવા વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. આત્મા રચનાર અને પોતાની નિર્મળ જ્ઞાનપર્યાય–કાર્યનો રચનાર છે, એ એનું કાર્ય છે. શું કરે ? લોકોએ એવું માની રાખ્યું છે... સાંભળે તો કહે, એ... નિશ્ચય, એ.. નિશ્ચય. વ્યવહારનો લોપ થઈ જાય છે. તો સાંભળવાનો કંટાળો આવે છે. જૈનધર્મ શું છે એનો નાશ કરી નાખ્યો. અરે..! પ્રભુ ! જૈનધર્મ એટલે શું કોઈ સંપ્રદાય છે ?

વસ્તુ સ્વરૂપ વીતરાગ વિજ્ઞાનઘન આત્મા છે, વસ્તુ વીતરાગ વિજ્ઞાનઘન. નિર્દોષતા અને આનંદ પ્રગટ કરવાની અભિલાષા છે, તો એમાં ત્રણ સિદ્ધાંત નક્કી થયા. નિર્દોષ અને આનંદની પર્યાય પ્રગટ કરવાની અભિલાષા. એની વર્તમાન પર્યાયમાં દુઃખ... સમજ્યા ? સદોષતા છે. હવે જેને આનંદ અને જ્ઞાનની નિર્દોષ પર્યાય પ્રગટ કરવી છે તો વર્તમાન પર્યાયમાં સદોષતા છે. નિર્દોષતા ક્યાંથી આવશે ? નિર્દોષતાનું ઘર તો દ્રવ્યસ્વભાવ છે. વસ્તુ સ્વભાવ નિર્દોષ અને વીતરાગ આનંદનું ઘર છે, એવી દૃષ્ટિ થતાં વીતરાગી નિર્દોષ આનંદની પર્યાય વ્યાપ્ય થઈ, આત્મા તેનો વ્યાપક થયો. સદોષ પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક, એમ છે નહિ. આત્મા તો નહિ પણ જ્ઞાનપરિણામ વ્યાપક

અને (સદોષ) પર્યાય તેની વ્યાપ્ય, એમ પણ નથી. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** પણ અમારે કરવું શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ શું કહેવાય છે ? આ માંડી છે શેની ? આ સિંધૂડો શેનો ગવાય છે ? એક જણ કહેતો હતો, સિંધૂડો ગાઈ રહ્યો ને પછી બીજો કહે, સિંધૂડાનો રાગ ગાવ. પણ આ ગવાઈ ગયો સિંધૂડાનો રાગ. ઓલાને ખબર ન મળે કે આ સિંધૂડો શું હશે ? સિંધૂડાનો ગાવ. દેશી રાગ છે ને ? સિંધૂડો રાગ આવે છે. એ રાગ બોલે તો વરસાદ વરસે. સિંધૂડો ગાવ, સિંધુડો. આ સિંધૂડો ગવાઈ ગયો અને વરસાદ આવી ગયો, તને ભાન ક્યાં છે ! એ સિંધૂડો દેશી હોય છે. આવે છે ને ? નરસિંહ મહેતાના વખતમાં આવે છે. મલ્હાર રાગ. એક સિંધૂડો આવે છે. આ કર્તા-કાર્યની કોની વાત ચાલે છે ? શું કરવું ? કે આત્મા કર્તા થઈને પોતાની દૃષ્ટિ સ્વભાવ ઉપર રાખી એ નિર્મળ પર્યાયનું કાર્ય કરવું એ કરવું, અને એ કર્તવ્ય છે. સમજાય છે કાંઈ ?

જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ પ્રકાશનો પૂંજ આત્મા, એની દૃષ્ટિ કરી અંતરમાં દૃષ્ટિ કરી. આત્મા પ્રવર્તનાર વ્યાપક અને નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એનું વ્યાપ્ય–નિશ્ચયથી કરવા યોગ્ય આ છે. સમજાય છે કાંઈ ? 'નિયમસાર'માં આવે છે ને ? **'जं कज्जं तं णियमं'** કરવા યોગ્ય કર્તવ્ય આ છે. બીજું કરી શું શકે છે ? રાગ કરે એ તો અજ્ઞાન ભાવે છે. એ તો અનાદિથી પરિભ્રમણ ચોરાશીના અવતારમાં કરી રહ્યો છે. મોટો રાજા હો, શેઠિયા હો, ભિખારી હો. અજ્ઞાની બધા ભિખારી પામર છે. સમજાય છે કાંઈ ? રાગના કણને પોતાપણે સ્વીકારનાર ભિખારી પામર છે. જેને ભિખારીપણું નાશ કરવું હોય એણે (એમ નિશ્ચય કરવો કે) રાગની પર્યાય મારી ચીજમાં છે જ નહિ. હું તો રાગને જાણનારો, રાગ છે તો રાગને જાણનારો એમ નહિ અને રાગ મારું કાર્ય છે અને હું એનો કર્તા છું એમ પણ નથી, એવી અંતર દૃષ્ટિ કરવી એ જ કાર્ય કરવાનું છે. આ શેની વાત ચાલે છે ?

કોઈનું કાંઈક કરવું, દયા પાળવી, કોઈને સહાય કરવી, કોઈને પૈસા આપવાના હોય તો એમાં સૂઝ પડે. આમાં ક્યાં સૂઝ પડે ? ક્યાંય નજર નાખે સૂઝ પડે નહિ. સમજાય છે કાંઈ ? એક કહેતો હતો કે આમ બહાર જોઈએ તો બહારનું દેખાય અને આંખ વીંચીએ તો અંધારું દેખાય છે, પણ પ્રભુ ! અંધારુ કઈ ભૂમિમાં દેખાય છે ? શું અંધારુ અંધારામાં દેખાય છે ? જ્ઞાનની સત્તા ભૂમિમાં આ અંધારુ છે એમ દેખાય છે. પ્રકાશની સત્તામાં અંધારુ દેખાય છે. અંધારાની સત્તામાં અંધારુ દેખાતું નથી. ખબર નહિ, કોઈ દિ' વિચાર કર્યો નથી, એ પંથે ચાલ્યો નથી. પછી કહે, અમારે કરવું શું ? આ શું કહે છે ત્યારે ?

તારે શુદ્ધિનો રસ્તો પકડવો હોય, શુદ્ધિ કહો, મોક્ષ કહો, નિર્દોષ થવાનો (માર્ગ કહો), દ્રવ્યસ્વભાવ અખંડાનંદ પ્રભુ પ્રકાશનો પૂંજ છે એની દૃષ્ટિ કર, તારી પર્યાયમાં નિર્મળતા થશે. એ કાર્ય તારું અને એનો કરનારો તું. બસ, બાકી બધું તો જ્ઞાનમાં નિમિત્તમાત્ર ચીજ છે, કંઈ સંબંધમાત્ર

નથી; અને એ રાગ આવ્યો તો રાગ કર્તા થયો અને જ્ઞાનનું કાર્ય આત્મામાં થયું એમ પણ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ ? જેવો રાગ થાય છે એવું એ પ્રકારનું જ્ઞાન થયું ને ? તો રાગનું કંઈ સામર્થ્ય છે ? એણે કંઈક તો કર્યું ને જ્ઞાનના સામર્થ્યની ક્રિયા (કરી કે નહિ) ?–બિલકુલ નહિ. તો જે પ્રકારનો રાગ, જે પ્રકારનો ક્રોધ, જે પ્રકારનો માન થાય તે જ પ્રકારનું અહીં જ્ઞાન થાય છે, પણ એ પ્રકારનું જ્ઞાન સમ્યક્ થાય છે કે મિથ્યાજ્ઞાન છે ? એ જ પ્રકારનું જ્ઞાન સ્વપરપ્રકાશની પર્યાય પ્રગટ થવી એ પોતાનું કાર્ય છે, પણ એ રાગનું કાર્ય છે કે રાગ વ્યાપક છે કે વ્યાપ્ય છે એમ નથી.

**'અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. આત્મદ્રવ્ય...'** જુઓ, હવે. એમાં આવ્યું હતું. **'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...'** છે, એમ આવ્યું હતું. તેથી **'પુદ્ગલપરિણામનો કર્તા છે અને પુદ્ગલ પરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.'** એ સિદ્ધાંત અહીંયા ગુલાંટ ખાયને લે છે.

**'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** શું કહે છે ? આત્મદ્રવ્ય–વસ્તુ. વસ્તુ ઉપર દૃષ્ટિ પડી કે જ્ઞાયમકમૂર્તિ (છે). આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને–કર્તા થઈને **'આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...'** સ્વતંત્ર કેમ લીધું ? એ સમયે આવો વ્યવહાર રત્નત્રયનો રાગ થયો તો એનું જ્ઞાન થવામાં કંઈક સામર્થ્યપણું છે કે નહિ ? પોતાની જ્ઞાનની ક્રિયામાં–કર્તૃત્વમાં એનું કંઈક સહાયકપણું છે કે નહિ ? વ્યવહાર રત્નત્રયનું નિમિત્ત અહીંયાં કંઈક સહાયક છે કે નહિ ? આત્મદ્રવ્ય સ્વતંત્રપણે... સમજાય છે કાંઈ ? **'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** વ્યવહાર આવ્યો તો એની જરી મદદ મળી તો આત્મા એનું જ્ઞાન કરનારો થયો એમ નથી. કેટલી ટીકા (સ્પષ્ટ કરી છે) ! સમજાય છે કાંઈ ?

**'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** પેલામાં પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી, એમ કહ્યું હતું. **'આત્મપરિણામનો....'** અર્થાત્ નિર્મળ નિર્વિકારી પરિણામનો અર્થાત્ વ્યવહાર **'પુદ્ગલપરિણાના જ્ઞાનનો કર્તા છે...'** વ્યવહાર જે વિકલ્પ છે એના જ્ઞાનનો કર્તા છે, પણ દ્રવ્ય સ્વતંત્રપણે જ્ઞાનનો કર્તા છે. વ્યવહાર છે તો કાર્યનો કર્તા આત્મા છે, એમ છે જ નહિ. સમજાય છે કાંઈ ? આત્મદ્રવ્ય સ્વતંત્રપણે વ્યવહાર જે પુદ્ગલપરિણામના જ્ઞાનનો, દ્રવ્ય સ્વતંત્ર થઈને કર્તા થાય છે. બિલકુલ કોઈની વાસના કે કોઈની ગંધ એમાં છે નહિ. સમજાય છે કાંઈ ?

**'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** વ્યાપક નામ કર્તા હોવાથી **'આત્મપરિણામ...'** પુદ્ગલ વ્યવહારના જે પરિણામ હતા તેનું પોતામાં જ્ઞાન કરવામાં, તેનું પોતાનું જ્ઞાન કરવામાં આત્મદ્રવ્ય સ્વતંત્રપણે જ્ઞાનનો કર્તા થાય છે. ઓ..હો..હો...! **'પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...'** પુદ્ગલપરિણામ રાગ છે ને ! પણ આત્મદ્રવ્ય સ્વતંત્રપણે આત્મપરિણામનો કર્તા છે. નિમિત્ત પહેલાં

કહ્યું હતું એટલે કોઈને વળી નિમિત્ત ઘૂસી જાય કે એનું સહાયકપણું છે, એમ નથી. સમજાય છે કાંઈ ? પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો, પણ એ જ્ઞાનનો આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી. પોતાની જ્ઞાનની પર્યાયનો આત્મા સ્વતંત્રપણે કર્તા થઈને વ્યાપ્યપણે પરિણમે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આવું જ વસ્તુનું સત્ય સ્વરૂપ છે. સત્ય છે એ સત્ય પરમેશ્વર છે. આવા સત્ય પરમેશ્વરનો આદર કર્યા વિના, અસત્યનો આદર કરનારને સત્ય પરમેશ્વરની શક્તિની વ્યક્તતા થતી નથી. સમજાય છે કાંઈ ?

**'અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...'** અર્થાત્ વ્યવહાર રત્નત્રય વિકલ્પ આદિ ઊઠ્યા, રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના, એનું જ્ઞાન, **'તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...'** તે જ્ઞાન, તે વ્યાપક વડે નામ સ્વતંત્ર વ્યાપક થનારો આત્મા તેમાં સ્વયં વ્યાપ્ય હોવાથી, પર્યાય સ્વયં વ્યાપ્ય થવાથી કાર્ય છે. ભાષા ભારે. કર્તા વ્યાપકપણે થયો, વ્યવહારનું જ્ઞાન કરનારો સ્વતંત્રપણે કાર્ય કરનારો થયો અને તે જ્ઞાન સ્વયં વ્યાપ્ય હોવાથી, સ્વયં વ્યાપ્ય હોવાથી. સ્વયં વ્યાપ્યનો અર્થ ? એ રાગાદિ છે તો એનું જ્ઞાન થયું, માટે તેની મદદથી વ્યાપ્ય થયું એમ નથી. સ્વયં વ્યાપ્ય થવાથી આત્માનું વ્યવહાર રત્નત્રયનું જ્ઞાન, જે પોતાનું સ્વતંત્રપણે કાર્ય થયું એ વ્યાપક આત્મા અને નિર્વિકારી પરિણામનું જ્ઞાન, સ્વયં આત્માના વ્યાપકનું વ્યાપ્ય થયું, સ્વયં વ્યાપ્ય થયું. પેલામાં સ્વતંત્ર કહ્યું હતું અહીંયા સ્વયં વ્યાપ્ય થયું એમ કહ્યું. **'આત્મદ્રવ્ય સ્વયં વ્યાપક હોવાથી...'** કારણ આપ્યું હતું. **'આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...'** એ કર્તા કહ્યો. પુદ્‌ગપરિણામનું જ્ઞાન એ વ્યાપકથી સ્વયં વ્યાપ્ય થતું હોવાથી. નિર્મળ જ્ઞાનની પર્યાય થઈ એ સ્વયં વ્યાપકની વ્યાપ્ય થઈ છે–સ્વયં વ્યાપકની વ્યાપ્ય થઈ છે. રાગને કારણે વ્યાપ્ય થઈ છે, કોઈ નિમત્તને કારણે થઈ છે એમ નથી. બધો ખુલાસો થઈ ગયો ?

વાણી, દિવ્યધ્વનિ છે તો અહીં જ્ઞાનનું કાર્ય થાય છે કે નહિ ? એક જણ કહેતો હતો, અરે..! ભગવાનની દિવ્યધ્વનિથી જ્ઞાન નથી થતું (એમ કહેનારને) જીભ નહિ મળે. વાત પણ સાચી છે, હોં ! અશરીરિને પછી જીભ ક્યાં છે ! અર..ર..ર...! એમ કહેતો હતો, ભગવાનની વાણીથી જ્ઞાન નથી થતું ? અરે..! સાંભળ તો ખરો, પ્રભુ ! એ વાણી સાંભળવાનો વિકલ્પ આવ્યો એનાથી જ્ઞાન નથી થતું. નહિતર વિકલ્પ કર્તા અને જ્ઞાનની પર્યાય વ્યાપ્ય–કાર્ય થાય અથવા કાર્ય અને પેલું વ્યાપક અને આ કર્મ, એમ છે નહિ. વિકલ્પ થયો વ્યાપક–કર્તા અને જ્ઞાનપર્યાય એ વ્યાપ્ય, એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ ? વાણી તો ક્યાંય બહાર રહી ગઈ. સ્વયંસિદ્ધતા પર્યાયની, દ્રવ્ય-ગુણની અકૃત્રિમ પડી છે, એવા અકૃત્રિમ દ્રવ્ય-ગુણ છે, એવા અકૃત્રિમનો આશ્રય લઈને જે પર્યાય સ્વયં વ્યાપ્ય થઈ છે. સ્વતંત્રપણે આત્મા વ્યાપક થયો–કર્તા થયો તો જ્ઞાન સ્વયં વ્યાપ્ય થઈને કર્મ થયું–જ્ઞાન સ્વયં વ્યાપ્ય થઈને કર્મ થયું, કર્મ નામ કાર્ય થયું. તારું નિર્મળ કાર્ય સ્વયં વ્યાપ્ય

થઈને થાય છે, બીજો કોઈ (કરનાર) નથી. આહા..હા..! આટલી સ્પષ્ટતા આવ્યા પછી બીજું જોઈએ શું ? તોપણ હજી કહે કે આમ થાય ને તેમ થાય. રાગ થાય છે, પુણ્ય થાય છે, કષાયની મંદતા થાય છે. એ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં કંઈક તો, કંઈક તો મદદ કરે છે શું કરે ? દુઃખનું કારણ સુખના કાર્યમાં મદદ કરે ?

**શ્રોતા :–** મદદ કરે તો સદા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સદા ત્રિકાળ રહે. ત્રિકાળ પરાધીનતા અને દુઃખરૂપ દશા રહે. સમજાય છે કાંઈ ? ભારે ગાથાઓ. અલૌકિક વાત.

**'પુદ્‌ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. વળી આ રીતે (જ્ઞાતા પુદ્‌ગલપિણાનું જ્ઞાન કરે છે તેથી)...'** દેખો ! હજી એક વાત રહી ગઈ છે. આ રીતે જ્ઞાતા–જાણનારો ભગવાન, પોતાના પરિણામ પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે. વ્યવહારનું જ્ઞાન કરે છે ને, જ્ઞાન કરે છે. પોતે સ્વતંત્ર વ્યાપક થઈને. સ્વતંત્ર કર્તા થઈને અને સ્વયં પર્યાય વ્યાપ્ય થઈને. એમાં એ પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે... સમજ્યા ? **'(જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...'** કેમકે જ્ઞાનમાં એ નિમિત્ત થયું ને ? એનું જ્ઞાન કર્યું ને ? તો પુદ્‌ગલપરિણામ વ્યાપ્ય છે કે નહિ ?–ના, એ તો પોતાની પર્યાય જ વ્યાપ્ય છે. નિર્મળ પર્યાય વ્યાપ્ય છે, વિકારી પર્યાય વ્યાપ્ય નથી. તો આ શું (કહે છે) ? એનું જ્ઞાન, એનું જ્ઞાન (એમ કહે છે). એ તો સમજાવે છે. જ્ઞાન એનું ક્યાં છે ?

'પુદ્‌ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. વળી આ રીતે (જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી...' કે પોતાના પરિણામ કરે છે અને પોતાના પરિણામમાં એ વ્યવહાર રત્નત્રય પુદ્‌ગલ નિમિત્ત થયું તો વ્યવહાર રત્નત્રય પોતાનું વ્યાપ્ય થયું, પોતાનું કાર્ય થયું, પોતાની અવસ્થા થઈ, એમ નથી. સમજાય છે કાંઈ ? **'કારણ કે પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં...'** દેખો ! પુદ્‌ગલ નામ વ્યવહાર રત્નત્રયનો રાગ એ પુદ્‌ગલ અને શરીર, વાણી, કર્મ બધું. **'અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં...'** રાગ એ તો વ્યવહાર જ્ઞેય છે અને તેને જાણનારો જ્ઞાયક, એ સંબંધ પણ વ્યવહારમાત્ર હોવા છતાં. કહ્યું હતું ને વ્યવહારમાત્ર. વ્યવહારમાત્રમાં વળી જોડી દે છે. વ્યવહારમાત્ર તો એમ છે કે પોતાનો જ્ઞાયકભાવ આત્મા પોતાના પરિણામ વ્યાપક થઈને કરે છે અને જ્ઞાનની પર્યાય સ્વયં થઈ. એ જ્ઞાયક અને રાગાદિ એનું જ્ઞેય, એટલો વ્યવહારમાત્ર હોવા છતાં **'પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...'** દેખો ! એ વ્યવહાર વિકલ્પ જ્ઞાનનું નિમિત્ત છે. **'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.'** એવું જ્ઞાન જ જ્ઞાતાનું વ્યાપ્ય છે, પણ જ્ઞાતાનું કાર્ય રાગ નથી. સમજાય છે કાંઈ ? સમજાય છે કે નહિ ? 'જેચંદભાઈ' ! બહુ ઝીણું આમાં છે.

દુકાન જેવું નથી. બે જણા લઈને સાકર આપી ને દુકાન લીધી, એવું હશે આ ?

બાપુ ! આ ચીજ એણે કોઈ દિ' અંતર સ્વતઃસિદ્ધ પ્રભુ, દ્રવ્યથી સ્વતઃસિદ્ધ, શક્તિથી સ્વતંઃસિદ્ધ અને નિર્મળ પર્યાયથી સ્વતઃસિદ્ધ. રાગની સહાય નહિ, ભગવાનની વાણીની સહાય નહિ, અંદર ઉત્પન્ન થયેલા વ્યવહાર રત્નત્રયની સહાય નહિ અને એનું જ્ઞાન કર્યું માટે વ્યવહાર રત્નત્રય આત્માનું વ્યાપ્ય થઈ જાય એમ ત્રણકાળમાં નથી. એનું જ્ઞાન જે થયું તે આત્માનું વ્યાપ્ય નામ કાર્ય છે. **'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. (માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે).'** એ જ્ઞાનદશા, જે શ્રદ્ધા, ચારિત્ર પર્યાય દ્રવ્યને આશ્રયે થઈ તે જ જ્ઞાતાનું કાર્ય છે. આ કર્તા-કર્મ. શુદ્ધ પર્યાય એ વ્યાપ્ય છે, કર્મ છે, કાર્ય છે, દશા છે, પરિણામ છે, આત્મજન્ય છે, એ વ્યવહારજન્ય નથી.

શિષ્યએ પ્રશ્ન કર્યો હતો એનો ઉત્તર આપ્યો. પ્રભુ ! જ્ઞાનીને કઈ રીતે ઓળખવા ? આવી દૃષ્ટિ થઈને પોતાની જ્ઞાનની પર્યાયમાં વ્યાપ્ય અને વ્યાપક થાય અને રાગને જાણવા છતાં રાગ વ્યાપ્ય-વ્યાપક ન થાય એવું જ્ઞાનીનું લક્ષણ છે તેનાથી ઓળખાય છે, બીજું એનું કોઈ વિપરીત લક્ષણ નથી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો, ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્યસ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્યસ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળદશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ ને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ, આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા હોય. હજુ આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત પ્રગટ ઊર્ધ્વતા થાય.**

**(દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર - પર્યાયદૃષ્ટિ વિનશ્વર, બોલ નં. ૮૩૨)**

**શ્રી સમયસાર, ગાથા–૩૦૮-૩૧૧**
**પ્રવચન નં. ૩૮૩, તા. ૩-૨-૧૯૮૦**
**[૨૪]**

'સમયસાર' ૩૦૮ ગાથા ફરીને લઈએ. માણસ નવા આવ્યા છે. **'પ્રથમ તો જીવ...'** આત્મા. ક્રમબદ્ધમાં જાણનારને પહેલો લીધો છે. જણાય છે અજીવ ને જીવ પણ જાણનારને પહેલો લીધો છે. 'સર્વવિશુદ્ધ' છે ને? **'પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** જીવમાં ક્રમબદ્ધ જે સમયે જે પરિણામ થવાના તે ક્રમસર તે જ આવવાના, તે જ થવાના એવો એનો સ્વભાવ છે. **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે.'** ભલે કહે કે પોતાના પરિણામથી ક્રમસર ઊપજે પણ એ પરિણામ તે જીવ જ છે. જીવના (પરિણામ) છે તે જીવ જ છે, અત્યારે એ સિદ્ધ કરવું છે. પરિણામ અને પરિણામી ભિન્ન એ અત્યારે સિદ્ધ નથી કરવું.

ક્રમબદ્ધ બહુ ઝીણી વસ્તુ (છે). દરેક દ્રવ્યમાં, દરેક સમયે જે પર્યાય થવાની તે થવાની, એને જિનેન્દ્ર પણ ફેરવી શકે નહિ. પોતાની પર્યાય જે સમયે જે થાય તેને આઘી-પાછી જિનેન્દ્ર પણ કરી શકે નહિ. કેમકે વસ્તુનો સ્વભાવ જ એ છે. ક્રમસર, નંબરવાર જે પર્યાયનો નંબર આવે તે જ પર્યાય તે આવે. નંબરવાર–એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ એમ જે સમયે જેની પર્યાય આવવાની છે તે નંબરવારમાં આવે. આડી-અવળી પર્યાય કરવા જાય તો થાય નહિ, માન્યતા એની ફેરફાર થઈ જાય. આહાહા..! ઇ કહેશે કે અજ્ઞાન કોઈ ગહન વિષય છે કે આવી ચીજમાં પણ જ્યારે અંદર કર્તાપણું માને છે, એને (કર્તાપણું) છે એ કોઈ અજ્ઞાનનો ગહન વિષય છે. બાકી તો આત્મા તેનો જે સમય છે તે સમયની પર્યાયમાં તે પ્રકારની પર્યાયે ઊપજતો થકો જીવ છે. બીજાની પર્યાયે ઊપજતો થકો એ તો છે જ નહિ, પોતાની પર્યાય પણ ક્રમસરમાં નંબરવાર આવે એ આવવાની. જેનો નંબર એ પર્યાયમાં આવવાનો એ જ આવવાની. આહાહા..! પણ એવી પ્રતીતિ કરનારને જ્ઞાયકભાવ સત્ સ્વરૂપ જે ત્રિકાળી સત્ સત્તા (છે) તેના ઉપર એની દૃષ્ટિ જો હોય તો તે ક્રમસર પરિણામ થાય તેનો તે જાણનાર થાય.

પર્યાયનો નિર્ણય પર્યાયથી થાય નહિ. જે સમયે જે પર્યાય થવાની તે થાય, પણ એનો નિર્ણય પર્યાયને લક્ષે ન થાય. એનો નિર્ણય, અનુભવ જ્ઞાયક જે સત્તા ત્રિકાળી છે તેના સત્તાના સ્વીકારમાં દૃષ્ટિ જતાં ક્રમબદ્ધનો નિર્ણય એને અકર્તાપણે આવે છે. એટલે કે તે પર્યાય થાય છે તેનો પણ કર્તા નથી. થાય છે તેને શું કરવું? થાય છે તેને શું કરવું? છે, છે એને શું કરવું? આહાહા..!

એટલે પહેલો જીવ ક્રમસર, નંબરવાર, **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો હોવાથી જીવ જ છે.'** એને પરિણામ ઊપજવામાં પરદ્રવ્યની કોઈ અપેક્ષા છે જ નહિ. જીવના નંબરવાર પરિણામ ઊપજવામાં બીજા કોઈ દ્રવ્યની અપેક્ષા છે જ નહિ, પહેલું એ સિદ્ધ કરે છે. પછી સિદ્ધ તો બીજું કરવું છે કે અજીવનું કર્મ એનું નથી. વાત તો એ સિદ્ધ કરવી છે, પણ પહેલો એના જ પરિણામનો પોતે તે સમયના પરિણામ ઊપજે તે જીવ છે, તે જીવ છે. તે તે પરિણામ તે તે સમયે ઊપજે છે તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે તેથી તે જીવ છે. આડીઅવળી કરવા જાય તો એ જીવ નથી. તેમ પર્યાયનો ક્રમબદ્ધનો (નિર્ણય) પર્યાયને લક્ષે કરવા જાય તોપણ તે જીવ નથી. આહાહા..! ત્રિકાળી જીવ જે સ્વભાવ છે તેની દૃષ્ટિ કરતાં જે નંબરવાર પર્યાય આવે તેને તે જાણનાર છે. આવી આકરી વાતું છે.

**'અજીવ નથી;...'** એ પરિણામ જે આવે તે અજીવ નથી. ભલે અશુદ્ધ હો પણ તેનો જાણનાર તરીકે જાણવાનો પર્યાય પણ સાથે ઊભો થાય છે તેને અજીવની અપેક્ષા નથી. તેમ ખરેખર તો અશુદ્ધ પરિણામ જે ઊપજે છે અને એનો જે જીવ જ્ઞાયકપણે જે નિર્ણય કરીને જ્ઞાન થાય છે તે જ્ઞાનમાં પણ એ અશુદ્ધ પરિણામની અપેક્ષા નથી. આહાહા..! આવી વસ્તુ છે.

**'એવી રીતે અજીવ પણ...'** જેમ જીવ કહ્યો એમ અજીવ પણ. શરીર, કર્મ, પરમાણુઓ, બહારની બધી પુદ્‌ગલની ચીજો એ **'અજીવ પણ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...'** એ પણ નંબરવાર પરિણામ આવે તેનાથી તે ઊપજે છે, તેથી તે અજીવ છે. એ પરિણામને જીવની કોઈ અપેક્ષા નથી. કર્મબંધન જે થાય છે તે અહીં રાગ છે માટે કર્મબંધનની પર્યાય થાય છે એવી અપેક્ષા નથી. કર્મબંધન વખતે પણ તે પરમાણુની પર્યાય અજીવની કર્મપણે થવાને લાયકથી થઈ છે, તેથી તે અજીવ છે. જીવના રાગની અપેક્ષા થઈ માટે અહીં કર્મબંધન થયું એવી અપેક્ષા નથી. આહાહા..!

એક બાજુ એમ કહેવાય કે જ્ઞાનાવરણીય આદિ છ કારણે બંધાય. આવે છે કે નહિ? જ્ઞાનનો નિહ્નવ કરે, ઓળવે, જ્ઞાન વિપરીત કરે એવા ભાવથી જ્ઞાનાવરણીય બંધાય, એમ આવે. અહીં કહે છે કે ઇ જ્ઞાનાવરણીય જે બંધાય છે એ અજીવ પોતાના તે સમયના તે પરિણામથી ઊપજતો થકો કર્મ થાય છે. જોડે રાગ છે કે મિથ્યાત્વ છે માટે આ કર્મની પર્યાય એમ થાય છે એમ નથી. એ પરમાણુના એ સમયના પરિણામ નંબરવાર આવ્યા (છે). જેમ પહેલાં નંબરનો... છોકરાઓને કહે, પહેલો નંબર?–કે હા. બીજો, ત્રીજો, ચોથો નંબરવાર, આહાહા..! એમ ટિકિટ લેવા જાય ત્યાં પણ નંબરવાર ઊભા હોય છે ને આમ? એને ક્રમસર મળે છે. અહીં તો અત્યારે તો દૂધ લેવા જાય છે તો એને હારમાં ક્રમસર પહેલો, બીજો (હોય) તેને તે મળે, આડો-અવળો થઈને ત્રીજા નંબરનો પહેલે નંબર ઘુસી જાય તો માર પડે માથે.

એમ આ અજીવમાં પણ ક્રમબદ્ધ પોતાના પરિણામ તે જ સમયે, તે જ જાત, તે જ જાતના

પરિણામ જે થયા તે જ જાતના થવાના તે થયા. તેથી તે પરિણામે અજીવ ઊપજતો થકો એ અજીવ છે. ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે ઇ. આહાહા..! કર્મબંધ થાય એને જીવના રાગની અપેક્ષા નથી, કહે છે. એ તો એનો પર્યાયનો કાળ છે. પરમાણુઓનો કર્મપણે પરિણમવાની પર્યાયનો નંબરવાર પરમાણુમાં છે, તેથી તે તે જ્ઞાનાવરણીય આદિ બંધાય છે. આમ કહે, છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય, છ પ્રકારે દર્શનાવરણીય બંધાય, અગિયાર પ્રકારે વેદનીય બંધાય. આવે છે ને બોલ? આહાહા..! એ તો નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવ્યું છે. બાકી તો તે સમયે અજીવના પરિણામ તે જ જાતના, તે જ પ્રકારના, તે જ કાળે, તે જ પર્યાય થવાની હતી. આહાહા..!

એ પ્રશ્ન થયો હતો. જીવ રાગ ન કરે તો ત્યાં કર્મબંધન ક્યાં બંધાય છે? એટલો ફેર પડે છે કે નહિ? એ પ્રશ્ન થયો હતો. 'રાજકોટ' (સંવત) ૨૦૦૬ની સાલ. ખબર છે? ખબર નહિ હોય. 'મૂળશંકરે' પ્રશ્ન કર્યો હતો. ૨૦૦૬ સાલ, મંદિર વખતે. એમ કે આત્મા રાગ ન કરે તો ત્યાં બંધાય નહિ. એટલી અપેક્ષા છે કે નહિ? પણ ઇ અપેક્ષા ત્યાં છે જ નહિ. ન કરે, કરવાનો પ્રશ્ન જ નથી. એ સમયે પરમાણુની પર્યાય ક્રમપણે થવાની તે થઈ, થવાની તે થાશે જ, એને રાગની અપેક્ષા નથી. આહાહા..! જ્યારે કર્મરૂપે પર્યાય થાય છે પછી એનો પ્રશ્ન શું? કે રાગ ન કરે તો ન થાત એ પ્રશ્ન જ નથી, એ વાત જ તદ્દન અસત્ય ને જૂઠી છે. આહાહા..! એ જે સમયે કર્મની પર્યાય જે પ્રકારે થવાની તે થાય છે તેથી તેને અજીવ કહેવામાં આવે છે. **'અજીવ પણ...'** પણ એટલે પહેલો જીવ કીધો છે માટે **'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી;...'** જીવની અપેક્ષા એને બિલકુલ નથી એમ કહે છે. આહાહા..!

**'કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને...'** સોનું જે છે એ કુંડળ ને વીંટી આદિથી ઊપજે છે. તે **'આદિ પરિણામો સાથે તે (સુવર્ણ) તાદાત્મ્ય છે...'** અત્યારે તે પરિણામને તે દ્રવ્યથી તાદાત્મ્ય સિદ્ધ કરવા છે. પરિણામી પરિણામપણે આવતો નથી, થતો નથી અને પરિણામ પરિણામથી થાય છે એ વાત અત્યારે સિદ્ધ નથી કરવી. અત્યારે તો એ પરિણામ તાદાત્મ્ય (છે). કેમકે સુવર્ણના જે પરિણામ કંકણ આદિ થાય એ પરિણામ સુવર્ણથી તાદાત્મ્ય (છે). તાદાત્મ્ય નામ તદ્ સ્વરૂપ, તદ્ સ્વરૂપ. તાદાત્મ્ય તદ્ સ્વરૂપ જ છે એ તો. આહાહા..! એ કંકણ આદિની પર્યાય સોના સ્વરૂપ જ છે, સોનું તે રૂપે તાદાત્મ્ય છે. આહાહા..! એ કંકણ આદિ થયા એમાં સોનીનો અધિકાર નથી. સોની છે માટે કંકણ થયું કે અંતર નીચે... શું કીધું? લોઢાની એરણ, એરણ છે માટે ત્યાં સોનાનો દાગીનો થયો એવી એને અપેક્ષા છે જ નહિ. આહાહા..! તે સમયે તે સોનાના પરિણામનો નંબરવાર કંકણ થવાનો નંબર હતો માટે થયો છે. તેથી તે પરિણામ સોના સાથે તાદાત્મ્ય છે. પર સાથે નહિ એમ સિદ્ધ કરવા તાદાત્મ્ય છે એમ કીધું, નહિતર તાદાત્મ્ય નથી.

પરિણામ ને પરિણામી પણ ભિન્ન છે, પણ પરથી થયા નથી અને પરની અપેક્ષા રાખીને એ પરિણામ થયા નથી. આહાહા..! સોની છે, હથોડો છે, એરણ છે તેથી દાગીનો થયો એમ નથી. તે કાળે તે પરિણામ સોનાના પરિણામ થવાનો તે જ પરિણામ થવાનો કાળ (હતો), તેથી તે પરિણામ તે સોના સાથે તાદાત્મ્ય છે, તદ્રૂપે જ છે. આહાહા..! સોનાના કંકણ સોનારૂપે જ છે. આહાહા..!

**'તેમ સર્વ દ્રવ્યોને...'** એની પેઠે સર્વ દ્રવ્યોને–જીવ કે અજીવ, પરમાણુ કે ધર્માસ્તિ, કર્મનું બંધન કે જીવના પરિણામનો. **'સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** દરેક દ્રવ્યને તેની પર્યાય સાથે તે દ્રવ્ય નંબરવાર આવે અને તેની સાથે તાદાત્મ્ય છે. આહાહા..! પરની સાથે કાંઈ એની અપેક્ષા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. આહાહા..! પાણી ઠંડુ છે, અગ્નિ આવીને ઊનું થાય છે. એ અગ્નિ એને અડતી નથી. અગ્નિથી ઊનું થયું નથી, અગ્નિને લઈને એ પાણી ઊનું થયું નથી. એ પાણીના ઉષ્ણપણે થવાના પરિણામને પાણી સાથે તાદાત્મ્ય છે, એ અગ્નિથી તાદાત્મ્ય છે નહિ. આહાહા..! **'સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'**

**'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** હવે શું કહે છે? કે ઊપજવાનું કાર્ય તો કરે છે તો ભેગું બીજાનું પણ ઊપજવાનું કાર્ય કરે એમાં શું વાંધો?–કે ના. **'પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** પરિણમનથી, **'પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે,...'** આહાહા..! કર્મ સાથે કાંઈ સંબંધ નથી. **'કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** અજીવની સાથે કાર્યકારણભાવ (અર્થાત્) જીવ કારણ અને અજીવની પર્યાય કાર્ય. આહાહા..! સોનીએ વીંટી ઘડી કે કુંડળ કર્યું એ વાત સિદ્ધ થતી નથી. આહાહા..! અને સત્ છે તેને હેતુ નથી. છતાં અહીંયાં દ્રવ્યને તાદાત્મ્ય સાથે સંબંધ કીધો. એ તો તાદાત્મ્ય સાથે સંબંધ કીધો; પણ દ્રવ્યથી ઉત્પન્ન થાય છે, પોતાના પરિણામ ઊપજે છે એમ અહીંયાં સિદ્ધ કર્યું, એટલું તો અહીં સિદ્ધ કર્યું છે. આહાહા..! તદ્દન વીતરાગભાવ છે. આહાહા..! જગતના બધા પદાર્થોથી ઉદાસ થઈ સ્વ પરિણામનો કર્તા રહે એ વીતરાગપણાનું તાત્પર્ય છે. આહાહા..!

કોઈપણ પરને સુધારી શકે કે બગાડી શકે કે વ્યવસ્થાપક વ્યવસ્થા કરી શકે એમ બનતું નથી. હોંશિયાર વ્યવસ્થાપક હોય તો તેની વ્યવસ્થા બરાબર થાય એમ નથી. આહાહા..! આવું છે. શિક્ષણ શિબિર. ગુરુ–ભણાવવાવાળો બીજાને–શિષ્યને શીખવે. કહે છે કે એથી એને પર્યાય ન્યાં થઈ છે એમ નથી. અરે..! અરે..! અને અત્યારે અહીંયાં સાંભળતા પણ શબ્દ કાને પડે છે તેથી તેને તે પ્રકારનું જ્ઞાન ઊપજે છે એમ નથી. આહાહા..! ગજબ વાત છે. ઘરે હતા ત્યારે આ પરિણામ નહોતા, અહીં પરિણામ થાય છે. પરિણામ આવવાનો ફેર પડ્યો નહિ? દુકાને બેઠો હોય એ પરિણામ જુદા અને મંદિરે જાય ત્યાં પરિણામ જુદા થાય. એટલી કોઈ પરની અસર છે કે નહિ? આહાહા..!

**શ્રોતા :–** આપ ના પાડો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ છે જ નહિ, વસ્તુના સ્વરૂપમાં જ એ નથી. જ્યાં જ્યાં જે જે દ્રવ્યો હોય ત્યાં ત્યાં તેના પરિણામ તેનાથી ઊપજેલા છે, એ મંદિરથી ઊપજ્યા નથી. ભગવાનના દર્શન થયા માટે શુભભાવ થયો એમ નથી એમ કહે છે. આહાહા..! તે પરિણામને ઉત્પન્ન થવાનો કાળ જ છે, ત્યારે એ સામી ચીજ છે એને નિમિત્ત કહો. નિમિત્ત એટલે કે બીજી ચીજ છે એટલું જ્ઞાન કરવા (કહો). એનાથી થાય છે, ભગવાનના દર્શનથી શુભભાવ થાય છે, એમ નથી. આહાહા..! આવી વાતું (એટલે) લોકો તો પછી કહે જ ને 'સોનગઢ'નું એકાંત છે. પેલું તો શિક્ષણ શિબિર(માં) શીખો, આમ કરો, આ કરો, દુનિયાને મદદ કરો, એક બીજા સંપીને રહો, સંપીને રહો, એકબીજાને સહાયક થાવ. અહીં કહે છે કે સહાયક-ફહાયક કોઈ થઈ શકતું નથી. આહાહા..! એકબીજા સાથે સંપ કરી શકતા નથી. ભિન્ન ભિન્ન છે. આહાહા..!

એ કહે છે, **'આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** એટલે કાર્ય તો કરે જ છે, કહે છે. જીવ પોતાના પરિણામે ઊપજે તો છે. **'તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી.'** ભલે પોતાનું ઊપજવાનું કાર્ય કરે પણ તેને પર સાથે કાર્યકારણનો સંબંધ થતો નથી. **'કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે...'** સર્વ દ્રવ્યોને, સર્વ પદાર્થ, છ દ્રવ્યને, અનંતને... અનંત અનંતપણે ત્યારે રહી શકે કે પોતપોતાની પર્યાયમાં તાદાત્મ્ય હોય તો જ તે રહી શકે, નહિતર અનંતપણું ન રહે. આહાહા..! અનંત આત્માઓ, અનંત પરમાણુઓ એ ક્યારે રહી શકે?–કે જેને પરની અપેક્ષા વિના પોતાના પરિણામ પોતાથી થાય અને પોતાથી ટકે ત્યારે તે અનંતપણું અનંતપણે રહી શકે. એક દ્રવ્ય પણ બીજા દ્રવ્યને કાંઈ કરે તો એ બીજાને કરે, ત્રીજો ત્રીજાને કરે એમ કરીને અનંત દ્રવ્યો બધા પોતાના ભિન્ન અસ્તિત્વને ગુમાવી બેસે. આહાહા..! બહુ આકરી વાત !

**'કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...'** એટલે? બીજા દ્રવ્યના પરિણામ ઉત્પન્ન થવાને લાયક અને બીજા દ્રવ્ય એને ઉત્પાદ કરનાર, એમ છે નહિ. ઉત્પાદ્ય એટલે થવાને લાયક, ઉત્પાદક (એટલે) એને કરનાર, એવા ભાવનો અભાવ છે. આહાહા..! ઉત્પાદ્ય અને ઉત્પાદકભાવનો અભાવ છે. આહાહા..! 'જયસેનાચાર્ય' ની ટીકામાં લખ્યું છે કે કોઈ પણ એક ભાવ જો પૂરો સમજે તો બધા ભાવ બરાબર સમજે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે, કોઈ પણ એક બોલ બરાબર સમજે, જેમ છે તેમ પર્યાય સમજે, જેમ છે તેમ દ્રવ્ય સમજે, જેમ છે તેમ ગુણ સમજે, એક ભાવ બરાબર સમજે તો એને બધા ભાવ સમજવામાં સરખા આવી જાય, એવું 'જયસેનાચાર્ય' ની ટીકામાં છે. આહાહા..!

**'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...'** નામ ઉત્પન્ન થવાની યોગ્યતા અને ઉત્પાદક–ઉત્પન્ન કરનારો, કાર્ય ને કારણ (તેનો) અભાવ છે. ઉત્પાદ્ય તે કાર્ય અને ઉત્પાદક તે

કારણ. એનો... છે? **'અભાવ છે. તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...'** ઉત્પાદ્ય એટલે કાર્ય. ઉત્પાદક એટલે કારણ. ઉત્પન્ન કરનારું કારણ, ઉત્પાદ્ય એટલે ઉત્પન્ન થયેલું કાર્ય. ઉત્પન્ન થયેલું કાર્ય અને ઉત્પાદક કરનારો. એવો કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. ઉત્પાદ્ય શબ્દે કાર્ય અને ઉત્પાદક શબ્દે કારણ. આહાહા..!

**'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...'** એક જીવ કાર્ય ને બીજો જીવ એનું કારણ એનો અભાવ છે. અજીવ કાર્ય ને જીવ એનું કારણ એનો અભાવ છે. અજીવ કારણ અને જીવ કાર્ય એનો અભાવ છે. આહાહા..! **'(કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...'** ઉત્પાદ્ય એટલે કાર્ય, ઉત્પાદક એટલે કારણ. **'તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને...'** સિદ્ધ તો આ કરવું છે. **'જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;...'** અજીવને જીવનું કાર્ય એમ સિદ્ધ થતું નથી. અજીવનું કાર્ય જીવનું કાર્ય છે એમ સિદ્ધ થતું નથી. અજીવને જીવનું કર્મપણું, કર્મપણું એટલે કાર્ય, અજીવને જીવનું કાર્યપણું, અજીવને જીવનું કાર્યપણું સિદ્ધ થતું નથી. આહાહા..! એટલા બધા અજીવો છે એટલે એ શબ્દ વાપર્યો છે. આમ દેખનારો એક ને દેખાય અનંત પદાર્થ. તો એ અજીવનું કાર્ય જીવનું કારણ એમ સિદ્ધ થતું નથી. આહાહા..! છે?

**'અજીવને જીવનું કર્મપણું...'** અજીવને જીવનું કાર્યપણું. આહાહા..! અજીવનું કાર્ય જીવનું છે એમ સિદ્ધ થતું નથી. આહાહા..! પાણી ઊનું થાય, ટાઢું મટીને ઊનું થાય એ અગ્નિથી ઊનું થયું નથી, અગ્નિ પાણીને અડી નથી, પાણીને અગ્નિ અડી જ નથી. પાણીનું કાર્ય અને અગ્નિ કારણ, પાણી ઊનું (થયું) એ કાર્ય, અગ્નિ કારણ એમ સિદ્ધ થતું નથી અથવા કાર્ય ઉષ્ણતા અને જીવ આવીને અગ્નિનો સંયોગ કરાવીને ઊનું થયું એમ જીવને અજીવનું કાર્ય સિદ્ધ થતું નથી. જીવને અજીવનું કાર્ય સિદ્ધ થતું નથી.. આહાહા..! આખો દિ' આ બધા કર્યા કરે છે ને?

**શ્રોતા :–** વકીલ ને ડૉક્ટર તો બહુ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વકીલ ને ડૉકટર કરે અભિમાન ! ઇંજેક્શન લગાવીએ, આ કરીએ ને ફલાણું કરીએ. વકીલ દલીલ કરે. આહાહા..!

અજીવનું કોઈ પણ સમયનું કાર્ય અજીવને સમયે થાય. તેમાં જીવનું કાર્યપણું–કર્મપણું બિલકુલ નથી. આહાહા..! સિદ્ધ તો એમ કર્યું છે, જોયું? **'અજીવને જીવનું કર્મપણું...'** અજીવનું કાર્ય જીવ કાર્ય કરે એ સિદ્ધ થતું નથી. આહાહા..! આ કોટ પહેરે છે ને ટોપી ઓઢે છે એ ક્રિયા અજીવના કાર્ય છે, એ જીવ કરતો નથી. અજીવનું કર્મ, જીવનું કાર્ય છે તેમ સિદ્ધ થતું નથી. આહાહા..! સરવાળે પાછી વાત ઇ લીધી છે. જીવનું કાર્ય અજીવ કરે એ વાત નથી, પણ અજીવનું કાર્ય જીવ કરે એ વાત સિદ્ધ થતી નથી. કારણ કે જીવ હોંશિયાર માણસ બહુ ગણાય ને ! અને બધું જે વ્યવસ્થિત કામ કરવું હોય તો બરાબર કરે. આહાહા..!

સોઈમાં આમ બરાબર ધ્યાન રાખીને દોરો પોરવવો હોય, દોરાને પાતળો ઝીણો કરી પછી ખેંચે. કહે છે, (એની) સત્તા ભિન્ન છે, જ્ઞાયક સત્તા ભિન્ન છે. જડના કાર્ય વિનાનું કાર્ય છે, જડનું કાર્ય જીવનું નથી. જીવ સ્વતંત્ર ભિન્ન સત્તા છે એવા અહમ્‌પણાની સત્તાની શ્રદ્ધા એને થતી નથી. આહાહા..! ક્ષણે અને પળે અજીવ બદલતું જાય, લુગડું બદલે, આંખ બદલે, શરીર બદલે એ બદલવામાં પણ મારું ધ્યાન ન રહ્યું માટે બદલાણું, ખાવાનું ધ્યાન ન રહ્યું માટે આમ થયું. ક્ષણે ને પળે પરના કાર્યના કારણનો જીવમાં અભાવ છે. અજીવના કાર્યમાં જીવના કાર્યનો અભાવ છે. શબ્દ જોયો? **'અજીવને જીવનું કર્મપણું...'** અજીવનું કાર્ય એ જીવનું કાર્ય સિદ્ધ થતું નથી. અજીવનું કાર્ય તે જીવનું કાર્ય સિદ્ધ થતું નથી. એ શબ્દનો એ અર્થ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક જ સિદ્ધાંત ગજબ કરે છે ને ! આખા દુનિયાને વહેંચી નાખ્યું. દરેક દ્રવ્ય પોતપોતાની પર્યાયને કરે અને એ પર્યાય તાદાત્મ્ય દ્રવ્ય સાથે ભલે હો. બસ ! બાકી પરની સાથે એનો કાંઈ (સંબંધ નથી). શબ્દ તો અહીં અજીવનું કાર્ય જીવ કરે નહિ એમ કીધું છે, પણ બીજા જીવનું કાર્ય પણ બીજો જીવ કરે એમેય નથી. આ આમ વધારે લીધું કારણ કે અજીવ બહુ ઘણા છે, જીવ કરતાં અનંતગુણા અજીવ છે. આહા..! અને અનંતગુણા અજીવના કાર્ય સમયે સમયે ભિન્ન ભિન્ન થતાં ભાળતા, મારી વ્યવસ્થા છે માટે આ ભિન્ન ભિન્ન થાય છે, મારું લક્ષ બરાબર ત્યાં છે માટે તે વ્યવસ્થિત જડના કાર્ય (થાય) છે એમ માનનારને અહીં જૂઠા ઠરાવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અજીવને જીવનું કર્મપણું...'** જીવનું કર્મપણું અજીવને એમ નથી લીધું, પણ અજીવનું કાર્ય જીવને સિદ્ધ થતું નથી. આહાહા..! છે કે નહિ અંદર? જુઓને! આહાહા..! હવે અહીં કહે કે પરની દયા પાળો. જીવ પરની દયા પાળી શકતો નથી. જીવને દયાના ભાવ આવે એ પણ રાગ અને જીવની પોતાની હિંસા છે. આહાહા..! પરની (દયા) કરી શકતો તો નથી, પણ પર જીવની દયાનો ભાવ આવે તો કહે છે કે એ પણ રાગ છે. પણ અહીં તો એ સિદ્ધ નથી કરવું, પણ એની ગૌણતામાં આ બધું આવી જાય છે. અજીવનું કર્મ જીવનું નથી એટલું અહીં સિદ્ધ કરવું છે. કેમકે જાજા અજીવ છે, બધા આમ અનંતગુણા દેખાવમાં આવે અને જ્યાં હોય ત્યાં એને સવારમાં ઊઠે મોઢામાં સાફ કરે. શું આવે છે ઇ? સજાયો. કહે છે કે એ કાર્ય જીવનું નથી એમ સિદ્ધ કરે છે.

**શ્રોતા :–** જીવનું નથી પણ સજાયાનું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સજાયાનું પણ નથી. અહીં તો અજીવનું કાર્ય જીવ(નું) નથી એટલું સિદ્ધ કરવું છે પણ એમાં બધા ભાગ આવી જાય છે. આહાહા..! સજાયો એ વાળને ખેંચતો નથી, વાળને અડતોય નથી અને વાળ છૂટા પડે છે. આહાહા..! હવે આખો દિ' આ ધંધામાં તો 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' એ ગાડુ ચાલતું હોય અને નીચે ઠુંઠે, પાછળ કુતરુ નીચે ઊભું હોય તો એને પેલું ઠુંઠું અડતું હોય (તો માને કે) એને લઈને

ગાડું ચાલે છે. એમ આ દુકાને બેઠો... નોકર વ્યવસ્થિત કામ કરી શકે નહિ એવું હું બરાબર વ્યવસ્થિત કામ કરી શકું. ઘરાકને સાચવી શકું છું, લઈ-દઈ શકું છું. આહાહા..! એવા અજીવના કામને, અજીવની પર્યાયને જીવ કારણ થઈને કરે એ સિદ્ધ થતું નથી. આહાહા..! આ બધા કારખાના ચલાવે છે. આમ ચાંપ દાબે ત્યાં ચાલે, ચાંપ આમ કરે ત્યાં બંધ થઈ જાય, લ્યો! આહાહા..!

આ વાત સિદ્ધ કરીને સિદ્ધ આટલું કરવું છે. જીવનું જીવ કાર્ય કરે પણ જીવ અજીવનું ન કરે એ સિદ્ધ કરવું છે. આમ અજીવ કર્તા ને જીવનું કર્મ–એમ નહિ, પણ જીવ કર્તા અને અજીવનું કર્મ એ કોઈ રીતે સિદ્ધ થતું નથી. આહા..! કારણ કે વધારે તો આખું ચાલે ઇ જ છે ને માટે (એમ કહ્યું છે). આખો દિ' હાથ, પગ હલે, આમ હલાવવા, આમ હલાવે. ખાવા વખતે પણ રોટલીને આંગળા આમ આમ કરે, બટકા ભરે, બટકા કરે એ અજીવનું કાર્ય, જીવનું કાર્ય સિદ્ધ થતું નથી. આહાહા..! આંગળાને જેમ વાળવા હોય તો વળે, શાકને અડે. શું કહેવાય પેલું? ચટણી. ચટણીને લે ત્યારે આમ લે, શાકને લે ત્યારે આમ લે, રોટલી લેતા આમ કટકા કરે, રોટલાના કટકા આમ કરે, એને તોડે. એ અજીવની પર્યાયનું કર્મ એટલે કાર્ય તે તે સમયે તે પર્યાય તે અજીવમાં થતી તેનું કર્મ જીવને સિદ્ધ થતું નથી. આહાહા..! આવી વાત છે. એકાંત છે એમ કરીને કાઢી નાખે. માણસ એકાંત છે, અનેકાંત જોઈએ. કથંચિત્ નિશ્ચયથી કરી શકે નહિ, વ્યવહારથી કરી શકે.

**શ્રોતા :–** વ્યવહારથી એમ કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહેવાય ઇ તો બોલાય. એમાં છે શું? બોલે તે કોણ બોલે છે? બોલે છે બીજો. આત્મા ક્યાં બોલે છે? આહાહા..! વીતરાગ માર્ગ સિવાય ક્યાંય બીજે સત્ છે જ નહિ. પરમાત્મા ત્રિલોકનાથ... આહાહા..! મુનિને એ દરકાર નથી. મુનિ તો ભગવાન કરીને બોલાવી (કહે છે કે) પ્રભુ! તારું કાર્ય અજીવનું નથી, હોં! આહાહા..! ભગવાન! અજીવ અનંતા આ જે દેખાય છે, પરમાણુ, હોઠ, શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી, દાળ, ભાત, શાક, લુગડા, કપડા, દાગીના, મકાન... આહાહા..! તેના તે તે સમયનું તે કાર્ય અજીવનું કર્મ એટલે કાર્ય, જીવનું નથી. આહાહા..!

**શ્રોતા :–** જીવ પોતાનામાં પોતાનો પર્યાય ગમે તેમ કરી શકે, પરમાં ન કરી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગમે તેમ નહિ, એ પર્યાય આવે તે જ કરી શકે. ગમે તેમ નહિ. જે સમયની એ પર્યાય આવે તે જ રૂપે પરિણમે.

**શ્રોતા :–** એના ઉપર જોર કેમ નથી આપતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ આવી ગયું અંદર. સર્વ દ્રવ્ય આવ્યું ને? '**સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.**' પોતપોતાના પરિણામ સાથે (તાદાત્મ્ય છે), પરની સાથે કાંઈ સંબંધ નથી. એ પહેલું સામાન્ય આવી ગયું અને આ હવે અજીવનું (કાર્ય) ઘણું છે, આખો દિ' અજીવનું ખાવું, પીવું, બોલવું, ચાલવું, પુસ્તક લખવું, દાગીના દેવું, લેવું, ઘરાક, માલ આવ્યો, માલ દીધો ને

માલ રાખ્યો ને આટલો રાખ્યો ને આટલો દીધો ને આટલો... એ..ઇ..! 'શાંતિભાઈ'! જવેરાતમાં આટલી જવેરાત વેચાણી ને આટલા કામ કરનારા પચ્ચીસ જણા છે ને એનાથી આટલા દાગીના સાફ થયા ને આટલા પૈસા ગયા ને એટલા પેદા થયા. આહાહા..! બહુ આકરું કામ.

અહીં આ શબ્દ લેવો છે. **'અજીવને જીવનું કર્મપણું...'** આહાહા..! સમજાય છે કાંઈ? પરમાણુથી માંડીને સ્કંધ. રોટલી, દાળ, ભાત, શાક, હાથ, દાઢ, જીભ કોઈ પણ જડનું કાર્ય જીવનું સિદ્ધ થતું નથી. કેમકે અજીવમાં તે તે સમયે તે પર્યાય તેમાં ઉત્પન્ન થાય છે. આહાહા..! તેથી અજીવને જીવનું કાર્યપણું (સિદ્ધ થતું નથી). વજન અહીં આપ્યું છે. આ બધું કહ્યું બધું. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કરે નહિ, એમ વાત તો બધી આવી, પણ વધારે વજન અહીં આપ્યું છે. કારણ કે આ બહારમાં બધે અજીવની ચીજમાં ક્ષણે ક્ષણે એને અભિમાન થાય છે. આહા..! લખવામાં, બોલવામાં, ખાવામાં, પીવામાં, વહેંચવામાં, માલ લાવવામાં. એ..ઇ..! 'કાંતિભાઈ'! જંગલમાંથી લાકડા લાવવામાં. આહાહા..! આનું આ કર્યું ને આનું આ કર્યું ને આનું આ કર્યું. આહાહા..! આ તો ઠરી ગયેલાની વાતું છે, બાપુ!

તું તારા પરિણામમાં રહે. એ પરિણામની સાથે તાદાત્મ્ય તારે છે. બીજાના પરિણામ સાથે તાદાત્મ્ય નથી તેથી તે પરિણામનું કાર્ય તારું નથી. એ અજીવનું કાર્ય જીવનું નથી. આહાહા..! સરવાળો અહીં લીધો. પહેલું સર્વ દ્રવ્યોનું લઈને છેવટે અજીવ બહુ છે (અને) આખો દિ' એની નજરું ત્યાં જ જાય છે. આહાહા..! શ્વાસ લઈ શકું છું, શ્વાસ મુકી શકું છું, શ્વાસ રોકી શકું છું. આહાહા..! એવા અજીવના કાર્યને જીવનું કાર્યપણું સિદ્ધ થતું નથી. આહાહા..! પાંચ મિનિટની વાર છે ને હજી? પોણા નવમાં પાંચ (થઈ છે). આહાહા..!

**'અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...'** આહાહા..! ટીકા તે ટીકા છે. **'કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...'** પરનું કાર્ય જીવની અપેક્ષા વિના, એમ જીવનું કાર્ય પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે–અપેક્ષા જ નથી કે આ છે માટે આ થયું એવી અપેક્ષા જ નથી. આહાહા..! આ લાકડી એની મેળાએ કેમ ઊંચી થતી નથી? કહે છે, એની મેળાએ ઊંચી થાય છે. એ ઊંચીનું કર્મ જીવનું કાર્ય નથી. આહાહા..! એ સમયનું અજીવનું કર્મ જીવનું નથી. જીવે તે લાકડીને ઊંચી કરી નથી. આહાહા..! આવી વાત છે.

**શ્રોતા :–** જીવને ભાવ શક્તિ વિનાનો ઠરાવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભાવ શક્તિવાળો ઠરાવ્યો. અનંતી ભાવ શક્તિ (છે). પરનું કાર્ય નહિ ને એનો જ્ઞાતા-દૃષ્ટા (રહે) એવી અનંતી શક્તિ છે. અનંત અનંત આત્માથી વિરુદ્ધ અનંત અજીવો, એ અનંત અનંતગુણા અજીવના કર્મને–કાર્યને નહિ કરતો તે કાળે તેને જાણતો, દેખતો અનંત સામર્થ્યવાળો ભગવાન છે. જાણવા-દેખવાવાળો અનંત સામર્થ્યવાળો છે. પરના કામ કરવાના

સામર્થ્યવાળો નથી. પરના કાર્ય માટે પાંગળો છે, પણ પર અને સ્વને જાણવા માટે... આહાહા..! અનંતો પુરુષાર્થ છે, અનંતો પુરુષાર્થી છે.

અહીં સરવાળો તો લીધોને? **'(-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...'** જડનું કાર્ય જીવની અપેક્ષા વિના થાય છે. આ હાથ હાલે છે એ આત્માની અપેક્ષા વિના હાથ હાલે છે. આહાહા..! 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણા પ્રમાણ.' અહીં કહે છે કે પરની દયાનું કાર્ય જીવનું છે જ નહિ. ઇ પર જીવનું કાર્ય આનું છે જ નહિ. આહાહા..! એનું શરીર જે નભ્યું ને ટક્યું, તેં કાંઈ મદદ કરી માટે ટક્યું છે એમ છે જ નહિ. આહાહા..! એકબીજા સંપથી રહી શકે તો શાંતિ રહે, એકબીજાને સહાયક થાય તો શાંતિ રહે. ઇ અહીં છે જ નહિ એમ કહે છે. આહાહા..! શાંતિ તો પોતાથી પોતામાં રહે છે. પરનું કાર્ય મારું નથી. આહાહા..! મારું તો જાણવા-દેખવાનું કાર્ય છે. એ જાણવા-દેખવાના પરિણામ સાથે તાદાત્મ્ય છું. જાણવા-દેખવાના કાર્યનો કર્તા છું એટલું અહીં સિદ્ધ કરવું છે, પણ પરની સાથે કાંઈ સંબંધ નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી બહેનશ્રીનાં વચનામૃત, ૨૩૬-૨૩૭
## પ્રવચન નં. ૯૨, તા.૧૨-૯-૧૯૭૮
## [૨૫]

૨૩૬. છે ને ?

**'મલિનતા ટકતી નથી...'** ઘણી ઝીણી વાત છે, ભાઈ ! આત્મામાં જે વિકૃત પર્યાય–શુભાશુભભાવ થાય છે, તે મલિન છે, તે ટકતા નથી, હંમેશા નથી રહેતા. આહા..હા..! શરીર-વાણી-મનની તો શું વાત કરવી ! એ તો પરવસ્તુ છે, પણ અંદરમાં ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, તેની વર્તમાન પર્યાય નામ અવસ્થામાં પરલક્ષી, વિકૃતભાવ, શુભ-અશુભભાવ થાય, તે મલિન છે. આહા..હા..! અને એ મલિનતા હંમેશા ટકતી નથી.

**'મલિનતા ટકતી નથી...'** એક વાત. આહા..હા..! અંદર ભગવાન આત્મા તો નિત્ય નિર્મળાનંદ ધ્રુવ ટકી રહ્યો છે. અરે..રે..! આવી વાતું હવે. ધર્મને ક્યાં લોકોએ (માની લીધો છે). નિર્મળ, ચૈતન્ય દ્રવ્યસ્વરૂપ વસ્તુ જે છે, એ તો નિર્મળ અને હંમેશા–કાયમ ધ્રુવપણે ટકી રહી છે. આહા..હા..! અને મલિનતા જે છે એ ટકતી નથી, ક્ષણવાર રહીને નાશ થઈ જાય છે. આહા..હા..!

**'અને મલિનતા ગમતી નથી,...'** આ કોની વાત છે ? જેને અંદરમાં જ્ઞાનાનંદ સ્વભાવ તરફની ઝંખના થઈ છે, હું ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ, નિર્મળાનંદ (છું) એવી અવ્યક્તપણે પણ જેને જિજ્ઞાસા થઈ છે, તેને મલિનતા રુચતી નથી. આહા..હા..! આવી વાતું છે. પુસ્તકો વાંચી વાંચીને પુસ્તકના પત્રો તો ઘણા આવે છે. લોકો એવા રાજી થાય છે.. એવા રાજી થાય છે... આ પુસ્તક આવું !

**શ્રોતા :–** બીજી આવૃત્તિમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બીજી આવૃત્તિ પણ ક્યાંથી બીજી આવૃત્તિ? આ વસ્તુ છે. હવે બીજી વાર કાંઈ... આની ને આની બીજી આવૃત્તિ થાય પણ કાંઈ... એ તો વચનો નીકળ્યા ઇ નીકળ્યા. આમાં બધું પૂરું આવી ગયું છે. આહા..હા..!

ત્રણ ચીજ (છે). એક પરદ્રવ્ય–શરીર, કર્મ, લક્ષ્મી આદિ પરદ્રવ્ય. એ તો પોતાની પર્યાયમાં પણ નથી. પર્યાય એટલે અવસ્થા–હાલત. અને હાલતમાં પુણ્ય અને પાપના મલિન ભાવ થાય, પણ ટકતા નથી. એક સમય રહે છે. અને જેને જ્ઞાનાનંદ સ્વભાવ તરફની જિજ્ઞાસા થઈ છે... આહા..હા..! તેને મલિનભાવ રુચતા નથી. આહા..હા..! આવી વાત બીજે ક્યાં છે ? કઠણ વાત છે.

**શ્રોતા :–** પુણ્ય તો અધર્મી કરતાં ધર્મીને વધારે થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વૃત્તિનો પ્રશ્ન નથી, એની રુચિ નથી. સમજાણું કાંઈ ? શુદ્ધ ઉપયોગ થાય છે, તેમાં પુણ્યનો અનુભાગ વધે છે, પણ રુચિ નથી. આહા..હા..! આકરી વાતું, ભાઈ ! પરમસત્ય ચીજ કોઈ એવી છે. આહા..હા..! આજે એક ઠેકાણેથી પત્ર આવ્યો છે. અરે..! અમે આત્મધર્મ વાંચીને, ચૈતન્યના નૂરનું પૂર વાંચીને તો અમને અંદર કંઈક થઈ ગયું. અંદર ચૈતન્યના નૂરના તેજનું પૂર. પૂર સમજ્યા ? જેમ પાણીનો પ્રવાહ વહે છે તેમ આ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ચૈતન્યના તેજના નૂરનું પૂર... આહા..હા..! એ તો નિર્મળ અને ટકતી ચીજ છે. સમજાણું કાંઈ ? ભાઈ! માર્ગ બાપા ! ઝીણી વાત બહુ. અત્યારે તો બહારનું એવું થઈ ગયું છે. અરે...! ભાઈ !

આહા..હા..! હવે લોકોને રુચે છે, ગોઠે છે. ભાઈ ! માર્ગ તો આ છે. ભલે મોંઘુ પડે, પણ બાપુ ! એને કર્યે જ છૂટકો જ ભાઈ તારે. આહા..હા..! અને એ ચીજ છે ને ! ધ્રુવ... ધ્રુવ ભગવાન, આ ટકતી ચીજ છે તે નિર્મળ છે. પુણ્ય અને પાપના દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ ટકતા નથી અને રુચતા નથી. આહા..હા..! કોને ?–જેને અંતરમાં જાવું છે એને. સમજાણું કાંઈ ? આહા..હા..! આવી વાતું હવે.

મૂળ ચીજ જ આ છે. કેમ ?–કે મોક્ષના પૂર્ણાનંદની પ્રાપ્તિનું કારણ ચારિત્ર, અને ચારિત્રનું પહેલું કારણ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન વગર ચારિત્ર હોતું નથી અને સમ્યગ્દર્શનનું કારણ, એ ત્રિકાળી નિત્ય નિર્મળાનંદ, પ્રભુ ! એ સમ્યગ્દર્શનનું કારણ છે. આહા..હા..!

પર્યાયમાં મલિનતા છે પણ ટકતી ચીજ નથી પ્રભુ ! આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા... 'યોગસાર'માં તો એમ લીધું છે, ભાઈ ! આત્માને ઉપયોગ લક્ષણવાળો કેમ કહ્યો ? આત્મા અનંતગુણવાળો છે, એમ કેમ ન કહ્યું ? જડ અનાત્મ ગુણવાળો છે એમ કેમ ન કહ્યું ? તો (સમયસાર ગાથા–૨૪મા) એમ કહ્યું કે, **'सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं'** સર્વજ્ઞ ભગવાન, પરમેશ્વર, ત્રિલોકનાથે એમ કહ્યું, પ્રભુ ! **'उवओगलक्खणो'** ઉપયોગ જાણવું-દેખવું તે લક્ષણ છે. એ ગુણ તો અનંત છે, તો અનંત ગુણને એક એક ગુણથી પકડવામાં કાળ ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ ? ઉપયોગ જે છે, જાણન-દેખન વેપાર ઉપયોગ, એ ચૈતન્યનું લક્ષણ છે. આહા..હા..! **'उवओगलक्खणो णिच्चं'** એમ શબ્દ છે ને ? આહા..હા..!

જે જાણન-દેખન, ઉપયોગ સ્વભાવ સ્વરૂપ નિત્ય છે, પણ તેનો નિર્ણય કરનારી પર્યાય તે અનિત્ય છે. આહા..હા..! ખરું લક્ષણ આ છે. જાણન-દેખન જે પર્યાયમાં દેખાય છે, તેનાથી આત્મા લક્ષ કરવા લાયક છે. આહા..હા..! જાણન-દેખન ઉપયોગ સ્વને જાણે છે, લક્ષ એટલે દ્રવ્યને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? તો એ લક્ષણ, જેનું લક્ષ્ય કરવું છે તે ચીજ નિત્ય છે. આહા..હા..! નિત્ય ઉપર દૃષ્ટિ કરતાં સત્યદર્શન, સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીડી ઉત્પન્ન થાય છે. આહા..હા..!

કહે છે કે પર્યાયમાં જે મલિનતા દેખાય છે, જેને આત્માની શોધ કરતાં કરતાં... આહા..હા..! આ શું ચીજ છે ? તેવી શોધ કરનારને શુભ અને અશુભભાવ ટકતા નથી એમ દેખાય અને રુચતા નથી એમ દેખાય છે. સમજાણું કાંઈ ? પૈસા-બૈસાની વાત અહીં નથી. પૈસા તો ધૂળ ક્યાંય બહાર રહી ગયા.

**શ્રોતા :–** મુનિરાજ કાંઈ પૈસાની વાત કરે ? એ તો વેપારી હોય એ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પૈસા પણ હતા કે દિ'? પૈસાનો તો ચૈતન્યમાં અભાવ છે. અહીં તો ભાવ છે તેની વાત કરે છે. પૈસા, શરીર, કર્મ એ તો સ્વદ્રવ્યમાં, જેમ એક આંગળીમાં બીજી આંગળીનો અભાવ છે, એમ ભગવાન આત્મા પોતાપણે અસ્તિ છે, સ્વથી મોજૂદ છે અને પરપદાર્થથી અભાવસ્વરૂપ છે. આહા..હા..! એની વાત અહીંયા કરી જ નથી. ફક્ત એની પર્યાયમાં મલિનતાનું અસ્તિત્વ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ઘણી ઝીણી વાત છે, પણ મુદ્દાની રકમ છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્યના નૂરનું પૂર. ચૈતન્યના તેજનો ગાંઠડો, પ્રભુ! પૂર... આહા..હા..! એ તો નિર્મળ અને ટકતી ચીજ છે. પુણ્ય અને પાપની શુભ-અશુભની વૃત્તિઓ જે ઊઠે છે, એ તો મલિન છે, ટકતી નથી, રુચિકર નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું. ચોરાશીના અવતાર કરીને, ભાઈ ! આહા..હા..! મોટા શેઠિયાઓ અબજોપતિ, એ મરીને ઢોર થાય, ભાઈ ! આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..! કેમ કે માંસ આદિ ન હોય અને સમ્યગ્દર્શન–ધર્મ–એની તો ખબર પણ નથી. અરે..રે..! એમાં આત્માની વાત વીતરાગ કહે છે એ સાંભળવાનો ટાઈમ પણ ચોવીસ કલાકમાં ચાર કલાક, પાંચ કલાક લ્યે નહીં... આહા..હા..! એની ગતિ શું હોય? ભાઈ! બાવીસ કલાક, એકવીસ કલાક આ પાપ. આ રળ્યા ને આ કમાણા ને ફલાણું. આહા..હા..!

એ કહે છે કે પ્રભુ! સાંભળને એકવાર ! તારા અસ્તિત્વમાં ત્રિકાળી હોવાપણું એ ત્રિકાળી ચીજ છે અને તારી વર્તમાન દશામાં શુભ અને અશુભરાગ ઉત્પન્ન થાય છે એ મલિન છે, ટકતી ચીજ નથી. એક ક્ષણ રહીને બીજે ક્ષણે નાશ થઈ જાય છે; અને તેની રુચિ નથી, રુચતી નથી, દુઃખ-દુઃખ (લાગે છે). આ તો જેને અંતરમાં જાવું છે એની વાત છે. આહા..હા..!

એ **'મલિનતા ગમતી નથી, માટે મલિનતા વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ.'** આહા..હા..! ત્રણ ટૂકડામાં (વાત કરી છે). મલિનતા ટકતી નથી, મલિનતા રુચતી નથી, એ કારણે મલિનતા વસ્તુનો સ્વભાવ નથી. લોજિકથી, ન્યાયથી એને પકડે. આહા..હા..! વીતરાગમાર્ગ (આવો છે). **'વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ.'**

શુભ-અશુભભાવ, ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ હોય કે ચાહે

તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હોય એ ભાવ કાયમ રહેનારી ચીજ નથી, એક સમય ટકે છે. તો ટકનારી ચીજ એ નથી. આહા..હા..! અને એ રુચતી નથી. કેમ કે જેને અંદર જવું છે એને એ રુચતી નથી. આહા..હા..! અને તેથી એ પુણ્ય અને પાપના મલિન ભાવ વસ્તુનો સ્વભાવ નથી. ત્રણ સિદ્ધાંત થયા. આહા..હા..! સમજાણું કાંઈ?

લોકોને વાંચીને એટલો પ્રમોદ આવે છે. કેટલાકના એવા કાગળ આવે છે. બીજી આવૃત્તિ હવે બહેન બોલે તો છાપજો, એમ લખ્યું છે. આહા..હા..! લોકો તો બિચારા.. આ વસ્તુ એવી આવી ગઈ છે. આહા..હા..! બિચારાએ લખ્યું છે, સાદિ ભાષા, સરળ ભાષા અને એકદમ તત્ત્વ (આવી ગયું છે). સમજાણું કાંઈ ? શું કહ્યું ?

ભગવાન જ્ઞાયક ચૈતન્ય છે એ તો ત્રિકાળી ધ્રુવ છે એ હવે કહેશે અને પર્યાયમાં મલિનભાવ, શુભ-અશુભ લાગણી–વૃત્તિઓ ઊઠે છે, એ ટકતી નથી, મલિન ચીજ છે અને એમાં રહેવું ગમતું નથી. આહા..હા..! એ કારણે એ રુચતી નથી. એ કારણે એ પુણ્ય-પાપના મલિનભાવ વસ્તુનો સ્વભાવ હોઈ શકે નહિ. આહા..હા..! આકરું કામ. અંદર એને કંઈ પડી નથી કે અરે..! હું અહીંથી ક્યાં જઈશ ?

૨૩૭ મો બોલ. મોટો છે.

**'હે આત્મા !'** સંબોધન કર્યું છે. **'હે આત્મા ! તારે જો વિભાવથી છૂટી...'** પહેલાં મલિનતાની વાત કરી. એ મલિનતાના ભાવથી છુટી **'મુક્તદશા પ્રાપ્ત કરવી હોય...'** તારા આત્માની શાંતિ, આનંદ (પ્રાપ્ત કરવા હોય અને) દુઃખની પર્યાયથી મુક્ત થવું હોય તો... આહા..હા..! એ મલિનપર્યાય દુઃખરૂપ છે. એનાથી મુક્તિ ઇચ્છે છે, આહા..હા..! **'વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય...'** આહા..હા..! અહીં તો એ લીધું છે કે **'વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત...'** એટલે વિભાવનો વ્યય અને પરમાનંદરૂપી મુક્તિનો ઉત્પાદ. આહા..હા..! આવો માર્ગ પ્રભુનો છે, ભાઈ!

**'તો ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર.'** આહા..હા..! વસ્તુ જે કાયમની ચીજ અંદર એકરૂપ પડી છે એમાં પર્યાય અને ગુણ-ગુણીનો ભેદ પણ નથી. આહા..હા..! આ શું (વસ્તુ છે) ? ધ્રુવ અનંત ગુણનો એકરૂપ, પ્રભુ! એક સ્વરૂપ... આહા..હા..! એનું જે અભેદ સ્વરૂપ છે એને ગ્રહણ કર, એના ઉપર દૃષ્ટિ લગાવ. આહા..હા..! રાગને ગ્રહણ કર્યો છે એ તો મલિન છે, નહિ ટકનારી ચીજ છે અને અરુચિકર છે; તો ભગવાન આત્મા ટકતી ચીજ નિત્ય ચૈતન્યપૂર નૂર અંદર છે. આહા..હા..! ચૈતન્યના તેજથી ભરેલું પૂર છે, તેને ગ્રહણ કર. આ વાત..! અર્થાત્ એ ચૈતન્ય જ્ઞાયક નિર્મળાનંદ પ્રભુ, એની દૃષ્ટિ કર. આહા..હા..! એને ધ્યેય બનાવ. 'વિષયકુરુ' તારી વર્તમાન શ્રદ્ધાનો વિષય એને બનાવ. આહા..હા..! આવી વાતું હવે. સમજાણું કાંઈ ?

**'ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર.'** આદર કર. આહા..હા..! **'દ્રવ્યદૃષ્ટિ...'** એ દ્રવ્ય નામ

વસ્તુ જે ત્રિકાળી ભગવાન છે, એની દૃષ્ટિ **'સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી...'** આહા..હા..! **'સર્વ પ્રકારની પર્યાયને...'** અવસ્થાને **'દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે;...'** દૃષ્ટિ, વર્તમાન પર્યાય. બીજી પર્યાયને દૂર કરીને. આહા..હા..! આ તો મંત્રો છે, પ્રભુ! આ કાંઈ કોઈ વાર્તા-કથા નથી. આહા..હા..! એ અનાદિકાળથી દુઃખી... દુઃખી... દુઃખી (છે). આહા..હા..!

ફાંસીએ ચઢાવે અને જીવ ન જાય ત્યાં સુધી ચાર-ચાર, છ-છ કલાક સુધી આમને આમ (લટકાવી રાખે), એ કેવી પીડા હશે, ભાઈ ! સમજાણું કાંઈ ? અમે 'રાજકોટ' હતા. કેદીઓએ નામ સાંભળ્યું. નામ તો બહુ બહાર આવ્યું છે એટલે કેદીઓએ પણ સાંભળ્યું કે મહારાજ અહીંયા છે, અમારે દર્શન કરવા છે. જેલ-જેલમાં. હવે એને દર્શન શી રીતે થાય ? ઉપરથી હુકમ ન આવે ત્યાં સુધી. 'અમદાવાદ'થી એના જેલના મોટા અગ્રેસરનો હુકમ આવ્યો કે મહારાજ છે, એના મારે દર્શન કરવા છે. એ જેલમાં આવે, અમને ભલે બહાર ન કાઢો. આહા..હા..! અમે ગયા. માણસો બહાર આવ્યા. જેલના લોકો દર્શનને ઇચ્છે છે. અમે ગયા. આહા..હા...! એ લોકોને એવો રિવાજ હોય છે. મોટી જેલ હોય એટલે મોટા બે દરવાજા હોય. વચ્ચે ત્રણ-ચાર હાથનું છેટું હોય. એક દરવાજો અહીં, એક દરવાજો અહીં. એટલે આ દરવાજો ખુલે ત્યારે આ દરવાજો બંધ રાખે અને એ દરવાજો અંદર જવા માટે ખુલે ત્યારે આ દરવાજો બંધ કરી દે, નહિતર કોઈ કેદી (ભાગી જાય). એમ ઉઘાડીને ગયા. આહા..હા..! મોટો એનો જેલર હતો એ બિચારો બોલતો. અરે..! બિચારાએ આવેશમાં બધા પાપ કર્યા અને આ જેલ છે. એમ બિચારા કહેતા.

એને કહ્યું, ભાઈ! એમાં લખેલું, હોં ! અજ્ઞાનથી દુઃખ ઉત્પન્ન થાય છે. જેલમાં લખ્યું છે. મારે તો બીજું કહેવું છે. બહાર નીકળ્યા પછી એનો મોટો જેલર હતો, એણે એમ કહ્યું કે અમે અહીં ફાંસી દઈએ છીએ. એ બતાવ્યું. ઉપર ગયા. ખૂનીને અહીં લાવીએ અને પછી એને ટોપી પહેરાવીએ અને પછી દોરડું બાંધીએ અને પગ બાંધીએ, પાછળ હાથ બાંધીએ, આમાં લઈ જઈએ, આ ઠેકાણે ઊભા રાખીએ. પછી દોરડું બાંધીને માથે લટકાવે. નીચેથી લાકડું લઈ લઈએ–ખેંચી લઈએ. પગ બાંધેલા, હાથ બાંધેલા તેથી આખો ધ્રૂજે. એ બે-ચાર કલાક ધ્રૂજે. આહા..હા..! પછી દેહ છૂટી જાય. આહા..હા..! એવું અનંતવાર થયું છે, હોં ! અરે..! પ્રભુ ! તું ભૂલી ગયો, પ્રભુ ! આહા..હા..! એ વખતે એને ચિતાર આપતો.

એક તો ખૂની કેદમાં હતો. એને ફાંસી દેવાની હતી. ૨૦-૨૫ વર્ષની ઉંમરનો હતો. એણે એક છોકરીને કાપી નાખી હતી, મારી નાખી હતી. અંદર પડ્યો હતો. હું ત્યાંથી નીકળ્યો, બિચારો મને પગે લાગ્યો, પણ ફાંસીનું નક્કી થઈ ગયેલું. જુવાન માણસ હતો. એણે પછી કહ્યું કે જુઓ આ પ્રમાણે આને ફાંસી દેવાની છે. આહા..હા..! ફાંસી સમજ્યા ? આહા..હા..! એક ખૂની માણસ તો એવો આવ્યો કે રાત્રે ભજન કર્યું. આમ જાણે કે આ બધું.. બે-ત્રણ કલાક થોડીવાર સૂઈ ગયો.

સવારે ફાંસી દેવાની છે. આહા..હા..! પણ પેલો હિંમત રાખતો હતો, પણ જ્યાં અંદર ગયા અને બાંધ્યો. ધ્રૂજે... ધ્રૂજે... ધ્રૂજે... ધ્રૂજે... ધ્રૂજે... આહા..હા..! પછી જે બારણામાંથી નાખ્યો હોય ત્યાં ન કાઢવો, અંદર બીજું બારણું હોય ત્યાંથી મડદાને કાઢે. આહા..હા..!

એમ અનાદિથી રાગની એક્તાની ફાંસી એને વળગી છે. એ દુઃખી થઈને જીવે છે, હોં ! આહા..હા..! એને ખબર નથી. એ દયા-દાનનો, રાગાદિ હોય, એ રાગ મારો સ્વભાવ છે (એમ માની લીધું છે). પહેલાં તો એ કહ્યું કે મલિનતા છે એ ટકતી નથી, રુચતી નથી માટે વસ્તુનો સ્વભાવ નથી. આહા..હા..! એમાં જેને પ્રેમ છે... આહા..હા..! ભગવાન અખંડાનંદ પ્રભુને એણે ફાંસી આપી છે. આહા..હા..! એ ફાંસીથી છૂટવું હોય તો...

**'વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર. દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી...'** સર્વ પ્રકારની (એટલે) વર્તમાન પર્યાય તો (સ્વરૂપને) ગ્રહણ કરે છે, એ પર્યાયને દૂર રાખીને એમ નહિ. સમજાણું કાંઈ ? શું કીધું ? આ તમારા એ સ્ટીલના ચોપડા નથી. આ તો બીજી જાતનો ચોપડો છે. આહા..હા..!

ભગવાન અનંત આનંદની મૂર્તિ દ્રવ્ય વસ્તુ, એની દૃષ્ટિ કરવાથી **'સર્વ પ્રકારની પર્યાયને...'** વર્તમાન સિવાય (બધી પર્યાયોને) **'દૂર રાખી...'**. વર્તમાન પર્યાય તો ત્યાં એને ગ્રહણ કરે છે. આહા..હા..! આવી વાતું ક્યાં (સાંભળવા મળે) ! સમજાણું કાંઈ ? પહેલાં તો દ્રવ્યદૃષ્ટિ કહ્યું ને ! તો દૃષ્ટિ એ પર્યાય છે. દ્રવ્યની દૃષ્ટિ એ પર્યાય છે. આહા..હા..! ભાઈ ! આ તો અધ્યાત્મની અનમોલ ચીજ છે. આહા..હા..! દ્રવ્યદૃષ્ટિ જ્ઞાયક ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ, જે એકરૂપ અભેદ છે, જે પર્યાયમાં પણ ભેદરૂપ થઈ આવતો નથી... આહા..હા..! એ દૃષ્ટિ **'સર્વ પ્રકારની પર્યાયને...'** વ્યંજનપર્યાય કહો કે બીજા અનંતગુણની પર્યાય કહો, બધાને **'દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે;...'** એ દૃષ્ટિ. દૃષ્ટિ છે પર્યાય. આહા..હા..!

**'એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે;...'** એકરૂપ જ્ઞાતાદૃષ્ટા, સામાન્ય નામ સદૃશ્ય સ્વરૂપ, જેમાં ભેદ નથી, જેમાં પરિણમવું નથી, જેમાં કોઈ પર્યાય નથી, એ પર્યાય તેને ગ્રહણ કરે, દ્રવ્યદૃષ્ટિ એને ગ્રહણ કરે. દ્રવ્યદૃષ્ટિ છે તો પર્યાય. આહા..હા..! એ પર્યાય દ્રવ્યને ગ્રહણ કરે, પણ બીજી બધી પર્યાયોને દૂર કરીને. આહા..હા..! આવી વાતું છે, હવે આમાં ક્યાં. આ દુનિયાની હોંશ અને હરખમાં એ મરી ગયો છે. આહા..હા..!

જેનું ચૈતન્યનું નૂર અને તેજનું પૂર, પ્રભુ ! એનો અનાદર કરીને પરમાં હોંશ અને હરખ કરે, એ તો જીવનો અનાદર કરે છે. આહા..હા..! એ જીવની–પોતાની હિંસા કરે છે. હું આવો જ્ઞાતા, અનંત ગુણનો પિંડ ધ્રુવ સામાન્ય, એ નહિ (અને) ફક્ત પુણ્ય અને પાપના પ્રેમમાં આ હું, એ ચૈતન્યના સામાન્ય સ્વરૂપનો એણે અનાદર કર્યો. એણે સામાન્ય નથી એમ માન્યું. એ નથી માન્યું

એ હિંસા છે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..!

(સંવત) ૧૯૮૪ની સાલમાં એકવાર અમે 'રાણપુર' હતા. પછી એક હરિજન-ઢેઢ ખાટલો ભરતો હતો. સાધારણ ગરીબ માણસ હતો. આમ અપાસરાની સામે વોરાની શેરી હતી. પછી એને ખાવાનું ટાણું આવ્યો તો બેઠો, ત્યાં કાળી-કૂબડી એવી એની બાયડી આવી અને એક છાશની એક દોણી લાવી અને બાજરાનો રોટલો. છોકરો, છોકરી અને બાયડીને બધા બેઠા, પણ જાણે ચક્રવર્તીનું રાજ હોય એમ જમવા બેઠા. આહા..હા..! બધા એમ કહે આપણો પરિવાર, આપણે આ. અરે..રે..! શું કરે છે ? કીધું આ. આ સંવત ૧૯૮૪ની સાલની વાત છે. અપાસરાની સામે. અરે..રે..! શું કરે છે આ ? એમ આ બાયડી, છોકરા, કુટુંબ ને એમાં નોકર, મુનિમ, પાંચ પચાસ લાખ પેદા કરાવતો હોય એવા બધા ભેગા બેસે અને દિવાળીના દિવસ હોય. ધડાક્યા અને ફડાક્યા. આહા..હા..! એ હરખના હડકે બેઠો, પ્રભુ ! તેં તારા ચૈતન્યનું ખૂન કરી નાખ્યું, નાથ! આહા..હા..! આનંદનો સાગર છે તેનો તેં નકાર કર્યો અને આમાં મને સુખ છે એનો તેં હકાર કર્યો. આહા..હા..! ધર્મીની દૃષ્ટિ... આહા..હા..! પર્યાયનો નકાર કરી... આહા..હા..! એ તો બોલવાનું અપેક્ષાએ છે અને ત્રિકાળી જ્ઞાયકનો હકાર કરે છે. એ જીવતા જીવને જીવતો રાખ્યો એણે. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..!

**'સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે;...'** દૃષ્ટિ- વર્તમાન પર્યાય ભૂત, ભવિષ્યની પર્યાય અને બીજી પર્યાયને દૂર કરી, પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જે પ્રવાહ વસ્તુ પડી છે એને જ ગ્રહણ કરે છે. **'દ્રવ્યદૃષ્ટિના વિષયમાં...'** એ વસ્તુની દૃષ્ટિ જે છે એ દૃષ્ટિના વિષયમાં, એ દૃષ્ટિના ધ્યેયમાં **'ગુણભેદ પણ હોતા નથી.'** પહેલાં પર્યાયને દૂર કરી એમ કહ્યું, હવે એમાં ગુણભેદ પણ નથી (એમ કહે છે). આવી વાતું છે, ભાઈ ! અહો..! જગતના ભાગ્ય કે આવી ચીજ બહાર આવી ગઈ. આહા..હા..! થોડા શબ્દમાં... સમજાણું કાંઈ ?

**'દ્રવ્યદૃષ્ટિના વિષયમાં...'** ત્રિકાળી જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિમાં ગુણભેદ પણ નથી કે આ આત્મા દ્રવ્ય છે અને એમાં અનંત ગુણ છે, એવો ભેદ પણ નથી. આહા..હા..! **'આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કર.'** મુક્તિ મેળવવી હોય, સંસારના દુઃખની પીડાનો નાશ કરવો હોય તો આ કર, પ્રભુ! એ સિવાય કોઈ ઉપાય નથી. આહા..હા..! સમજાય છે કાંઈ ? **'આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કર.'** આહા..હા..! પહેલાં કરવા લાયક હોય તો આ છે, બાકી બધી વાતું છે. આહા..હા..!

વસ્તુ છે ને ? તો કાયમ રહેનારી ચીજ છે કે નહિ ? અનુત્પન્ન–ઉત્પન્ન થઈ નથી, નાશ થઈ નથી એવી ચીજ છે એ તો. એની પર્યાય પલટે છે, એમાં અહીંયા જે રાગ-દ્વેષના ભાવ કહ્યા, એ તો નહિ ટકનારી ચીજ છે. હવે જ્યારે ટકતી ચીજ ઉપર તારી દૃષ્ટિ કરવી હોય, વિભાવથી મુક્ત થઈને પૂર્ણ આનંદ પ્રાપ્ત કરવો હોય તો પ્રથમ દૃષ્ટિ દ્રવ્ય ઉપર દે, જેમાં અનંત અનંત ગુણના રતનના

ભંડાર ભર્યા છે. એવો ગુણભેદ પણ જેની દૃષ્ટિમાં નથી. આહા..હા..! આવું ક્યાં? સર્વજ્ઞ પરમાત્મા... આહા..હા..!

બારોટ હોય છે ને બારોટ ? બારોટ નથી બારોટ ? એના બાપની વાતું કરે. તારા બાપ આઠ પેઢીએ અહીં હતા, 'પાટણ'માં આમ હતા, વાવ કરાવી હતી, પચાસ હજાર ખર્ચ્યા હતા. ફલાણું-ઢીકણું એ સાંભળે ત્યાં. વયાવચા. આ બારોટ કહે ને શું કહે છે ? ભાઠ. મોટા ગૃહસ્થ હોય છે. લાખોપતિ મોટા ભાઠ હોય છે. 'રાણપુર' જોયા હતા ને. એક ભાવસારને ત્યાં આવતા. લાખોપતિ. જુઓ તો મોટા નાગર જેવા. એ ભાવસાર સાથે વાંચતા હતા. ખત્રી-ખત્રી. ઓલા ખત્રી નહિ ત્યાં? છે ને 'પોપટ ખત્રી' ! આપણે અહીં આવે છે, ત્યાં પણ આવે છે. એનું ઘર અપાસરાની આગળ છે ત્યાં એ એકવાર આવ્યા હતા. પણ ઓલા નાગર જેવા અને રૂપાળા અને શરીર મોટા. પણ બધા એના ઓલા બારોટ–ભાઠ ખરાને, સાંભળવા બેસે.

અહીં તારા સર્વજ્ઞ બારોટ છે, તારા ઇતિહાસની વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? તારો ઇતિહાસ તો એ છે કે મલિનતાના દુઃખમાં તેં અનંતકાળ ગાળ્યો, પ્રભુ ! આહા..હા..! હવે તો નિર્મળાનંદ પ્રભુ! આહા..હા..! જે વસ્તુનો સ્વભાવ છે. પુણ્ય-પાપના ભાવ તો વસ્તુનો સ્વભાવ નથી કેમ કે મલિન, અરુચિકર અને નાશવાન છે. આહા..હા..! અવિનાશી ભગવાન અંદર એની દૃષ્ટિ કર, પર્યાય અને ગુણના ભેદની દૃષ્ટિ છોડી દે. આહા..હા..! વિભાવથી તો છોડી દે પણ પર્યાય અને ગુણભેદની દૃષ્ટિ છોડી દે. અરે..! આવી વાતું છે આ. આહા..હા..!

**'આવી દૃષ્ટિ સાથે...'** હવે જ્ઞાન લીધું. શું કીધું એ ? કે એવી દ્રવ્ય સ્વરૂપની દૃષ્ટિ થઈ, તેની સાથે **'વર્તતું જ્ઞાન...'** તેની **'સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા વિદ્યમાન ગુણો...'** એ વસ્તુમાં રહેલા વિદ્યમાન ગુણોને પણ જ્ઞાન જાણે છે. દૃષ્ટિના વિષયમાં ગુણભેદ નથી. સમજાણું કાંઈ ? આવી વાત છે, ભાઈ ! 'સમ્યગ્દર્શન' દૃષ્ટિ જે છે એ તો ત્રિકાળ સામાન્યને જ સ્વીકારે છે. ત્યારે હવે અંદર ગુણભેદ છે, પર્યાય છે. તો કહે છે, એ દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું, એ જ્ઞાન.. આહા..હા..! વસ્તુમાં વિદ્યમાન ગુણો, અનંત અનંત ગુણો, પર્યાયો–એની અવસ્થાઓ, **'અભેદ તેમ જ ભેદને,...'** અભેદને પણ જ્ઞાન જાણે છે અને ગુણભેદ અને પર્યાયને પણ જ્ઞાન જાણે. સમજણું કાંઈ ? આહા..હા..!

દૃષ્ટિ અભેદ દ્રવ્ય ઉપર છે, એમાં કોઈ ગુણભેદ પણ નથી અને પર્યાયભેદ પણ નથી, પણ એ દૃષ્ટિ સમ્યક્ થઈ, તેની સાથે સમ્યગ્જ્ઞાનની દશા થઈ, એ ગુણભેદને પણ જાણે, પર્યાયને પણ જાણે... આહા..હા..! અભેદ અને ભેદ બન્નેને જાણે. **'વિવિધ પ્રકારે જાણે છે.'** આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું. હવે આમાં ક્યાં ક્યાંય... માર્ગ આ છે, ભાઈ!

વસ્તુ જે એકરૂપ સામાન્ય, અભેદ છે એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે, પણ સમ્યગ્દર્શનનો વિષય તો એકલો અભેદ જ છે, બસ. પણ સમ્યગ્દર્શનની સાથે જે સમ્યગ્જ્ઞાન

ઉત્પન્ન થયું, એ જ્ઞાન તો આત્મામાં અનંત ગુણ છે એને પણ જાણે, પર્યાયને પણ જાણે, અભેદને પણ જાણે, ભેદને પણ જાણે. આહા..હા..! સમજાણું કાંઈ ? આવી વાતું હવે સાંભળવા મળે નહિ, બિચારા શું કરે ? આહા..!

**'લક્ષણ,...'** જાણે. આહા..હા..! ચૈતન્ય ઉપયોગ લક્ષણ છે, જડ અનુપયોગ લક્ષણ છે, આહા..હા..! એવું જ્ઞાન જાણે છે. જ્ઞાન લક્ષણને જાણે. દૃષ્ટિ લક્ષણને નથી દેખતી, દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે. આહા..હા..! દૃષ્ટિ–શ્રદ્ધા–સમ્યગ્દર્શન છે એ તો અભેદ ધ્રુવ ઉપર અંદર પડી છે, ધ્રુવને ગ્રહણ કરીને ત્યાં એકાકાર છે. આહા..હા..! એની સાથે જ્ઞાન થયું, એ જ્ઞાન અનંત ગુણના ભેદને પણ જાણે, પર્યાયને જાણે, અભેદને જાણે, ભેદને પણ જાણે. આહા..હા..! **'વિવિધ પ્રકારે જાણે છે.'** એ તો જ્ઞાનનો સ્વભાવ છે. આવો ઉપદેશ હવે. આમાં ઘરેથી કોઈ સાંભળવા ન આવ્યું હોય અને પૂછે કે શું કીધું ?–કોણ જાણે શું કહેતા હતા કાંઈક, આનું-તેનું. સામાન્ય ઉપર દૃષ્ટિ કરવી, પછી સામાન્ય સાથે જ્ઞાન થાય. ગુણભેદને દૃષ્ટિ દેખે નહિ, પણ જ્ઞાન બધાને જાણે. બૈરા-બૈરા કદાચ સાંભળવા ન આવ્યા હોય. શું સાંભળ્યું? કોણ જાણે કાંઈક કહેતા હતા અંદર. આમ છે અને તેમ છે. અરે..! ભાઈ! સાંભળ, ભાઈ! આહા..હા..!

અરે..રે..! દુનિયાની હોંશમાં તારી જિંદગી પાપમાં ગઈ, નાથ ! અરે..! આહા..હા..! 'હોંશિડા મત હોંશ ન કીજીએ.' એક સજ્જાય આવે છે. અમે તે દિ' સજ્જાય વાંચેલી ને. (સંવત) ૧૯૬૬-૬૭ની સાલની વાત છે. તમારા જન્મ પહેલાંની વાત છે. દુકાન ઉપર સ્વાધ્યાય (કરતા). ચાર સજ્જાયમાળા. શ્વેતાંબરની, હોં ! એક-એક સ્વાધ્યાયમાળામાં બસ્સો-અઢીસો સજ્જાય. એક-એક સજ્જાયમાં દસ પંદર શ્લોક. દુકાન ઉપર એવી ચાર મંગાવી હતી. વાંચતા હતા એમાં આ આવ્યું, 'હોંશિડા મત હોંશ ન કીજે.' એ હોંશિડા ! પરમા હોંશ ન કર, નાથ ! તારું ખૂન થઈ જાય છે. આહા..હા..! દીકરો જન્મ્યો અને મારો વારસો રહેશે, પૈસા મળ્યા અને હું આબરુદાર ગણાઈશ. અરે..! શેની હોંશ તને આવે છે ? પ્રભુ ! એય..! ભાઈ ! શું છે આ ? આ તો બધા તમારા મીંડા મૂકાય છે. આહા..હા..!

અહીં કહે છે, જ્ઞાન છે એ લક્ષણને પણ જાણે. દૃષ્ટિ તો લક્ષણને નથી દેખતી, દૃષ્ટિ તો અભેદ ઉપર છે. આહા..હા..! દૃષ્ટિની સાથે જે સમ્યગ્જ્ઞાન થયું, એ લક્ષણને જાણે. 'ઉપયોગ લક્ષણ જીવ.' અનંત ગુણથી જીવને ઓળખવો એ નહિ. કારણ કે અનંત-અનંત ગુણ છે, એમાં સામાન્ય અનંત ગુણ, વિશેષ અનંત ગુણ (છે). આહા..હા..! તો એની ઓળખાણ કરવામાં 'ઉપયોગ લક્ષણ જીવો' બસ. આહા..હા..! એ જાણન-દેખન જે ઉપયોગલક્ષણ છે એ આત્મા. એવું સમ્યગ્જ્ઞાન લક્ષણને પણ જાણે, આહા..હા..! અભેદને પણ જાણે, લક્ષને પણ જાણે. અરે..અરે..! આવી વાતું છે.

**'પ્રયોજન ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે...'** લક્ષણ ને પ્રયોજન આદિથી ગુણમાં

ભિન્નતા છે. જ્ઞાનનો લક્ષણ ઉપયોગ, શ્રદ્ધાની પ્રતીત વગેરે દરેક ગુણના લક્ષણ ભિન્ન છે. સમજાણું કાંઈ ? પ્રયોજન ભિન્ન છે. જ્ઞાનને જાણવું, શ્રદ્ધામાં પ્રતીત કરવી, સ્થિરતામાં રમણતા કરવી વગેરે. **'ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે...'** ભગવાન આત્મા એકરૂપ દ્રવ્યદૃષ્ટિએ હોવા છતાં એમાં અનંત ગુણ છે. આહા..હા..! તો અનંત ગુણોમાં લક્ષણ અને પ્રયોજન આદિથી ભિન્નતા છે. દરેક ગુણના લક્ષણ અને પ્રયોજનની ભિન્નતા છે. આહા..હા..! આવી વાતું ક્યાં ? આમાં નવરા ક્યાં ?

અહીં તો તેથી કહ્યું ને કે જેને વિભાવથી છૂટવું હોય અને પોતાની મુક્તિ–આનંદની પ્રાપ્તિ કરવી હોય, દુઃખથી છૂટવું હોય અને સુખની પ્રાપ્તિ કરવી હોય તો એણે પહેલાં અભેદની દૃષ્ટિ કરવી. આહા..હા..! બધા ભેદને લક્ષમાંથી છોડીને. આહા..હા..! પણ સાથે જે જ્ઞાન થયું, એનું લક્ષણ જુદી ચીજ છે. જ્ઞાન તો સ્વ અભેદને પણ જાણે, ભેદને પણ જાણે, પ્રયોજન આદિ ગુણના ભેદ જાણે. વસ્તુ અપેક્ષાએ અભેદ છે **'એમ જ્ઞાન જાણે છે.'** ગુણભેદની અપેક્ષાએ ગુણ ભિન્ન છે એમ જાણે. વસ્તુ અપેક્ષાએ અભેદ છે. આહા..હા..! આવી વાતું.

**''આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ.'...'** એ જ્ઞાન જાણે. સમ્યગ્દર્શનપર્યાય પ્રગટી એ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય તો દ્રવ્ય સામાન્ય અભેદ ધ્રુવ છે, પણ સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાન જાણે છે કે **'આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ.'** સમ્યગ્દર્શન પર્યાય થઈ એ જ્ઞાન જાણે. આહા..હા..! અરે..રે..! દુનિયાને ત્યાંથી હઠવું પડશે, ભાઈ ! ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ છે ત્યાં જાવું પડશે, ભાઈ! અંતરમાં અંતરાત્મા, અંતરમાં અંતરાત્મા (બિરાજે છે). બાહ્યમાં રાગ અને પર્યાય, એને છોડી દઈને... આહા..હા..! અભેદ અંતરઆત્માને પકડવો... આહા..હા..! એ તો દૃષ્ટિનો વિષય એકલો અભેદ જ છે. છતાં દૃષ્ટિની સાથે જે જ્ઞાન સમ્યક્ થયું, એ જ્ઞાન આ પર્યાય પ્રગટ થઈ તેને પણ જાણે. સમ્યક્ પ્રગટ થયું, શાંતિ પ્રગટી એમ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ ? કેમ કે જ્ઞાનનો તો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. આહા..હા..! દૃષ્ટિનો એ સ્વભાવ નથી. આહા..હા..! દૃષ્ટિનો અભેદ સ્વભાવ અને જ્ઞાનના ભેદ-અભેદ સ્વભાવ બધાને જાણવું, આ તો એક ગુણની આ (પર્યાય) અને બીજા ગુણની પર્યાય આ. આહા..હા..!

પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે જે આ વસ્તુ જોઈ, એનું વર્ણન વાણી દ્વારા આવ્યું. જાણ્યું એથી તો અનંતમા ભાગે આવ્યું. આહા..હા..! વાણી દ્વારા કેટલું આવે ? અંદર અરૂપી ભગવાન (છે). એમાં એ આવ્યું કે પ્રભુ ! દ્રવ્યદૃષ્ટિ કર તું જો તારે મુક્તિ અને દુઃખથી છુટવું હોય તો. એ દૃષ્ટિના વિષયમાં તો એકલો અભેદ જ છે પણ જે સમ્યગ્દર્શન થયું, પર્યાય ઉત્પન્ન થઈ, અનંત ગુણ છે એમ સાથે જ્ઞાન જાણે છે. આહા..હા..! આવું કાંઈ 'જયપુર' ફયપુરમાં ક્યાંય સાંભળવા મળે એવું નથી. હેરાન-હેરાનના બધા રસ્તા છે. ઝવેરાતના, હીરાના, માણેક ને ઢીકણા. અરે..! પ્રભુ ! એ તારો હીરલો માણેક અંદર. ચૈતન્યરૂપી હીરલો, જેના અનંતા ગુણના પાસા પડ્યા,

પ્રભુ ! એ દૃષ્ટિ તો અનંત ગુણના પાસાને પણ ન દેખે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ હીરો હોય છે ને હીરો ? એમાં પાસા હોય છે ને ? પહેલ-પહેલ.

એંશી હજારનો હીરો એકવાર જોયો હતો. 'રાજકોટ' લાવ્યા હતા. એંશી હજારનો હીરો. આટલી ડાબલી હતી. મખમલનું ઓલું. એંશી હજારનો હીરો. અંદર પહેલમાં જરી નિર્મળતા ઓછી હતી. નહિતર તો એની કીંમત મોટી. ભાઈ લાવ્યા હતા એક વાર બતાવવા લાવ્યા હતા. આહા..હા..!

આ હીરલો ભગવાન ! અનંત ગુણના પાસાથી, શરીરથી ભિન્ન બિરાજે છે. એની ડબ્બી હોય, મખમલની ડબ્બી હોય. ડાબલી કહે છે. એમાં ખાડો હોય, એમાં હીરો મૂક્યો હોય. માથે ડબ્બી સરખી દબાય. એમ આ ભગવાન આત્મા શરીર અને કર્મના રજકણ, એના ખાડામાં ભગવાન ભિન્ન બિરાજે છે. આહા..હા..! એની મોજૂદગી ત્રિકાળી એકરૂપ છે. પહેલાં એની દૃષ્ટિ કર. એ વિના તારા જન્મ-મરણનો અંત નહિ આવે, ભાઈ ! વ્રત, તપ, કરોડો-અબજો રૂપિયાના દાનની લાખ ક્રિયા કરને તું, એનાથી કોઈ ભવનો અંત નથી. એ રાગ એ તો સંસાર છે. શુભરાગ એ સંસાર છે. આ..હા..હા..! ગજબ વાત છે !

જ્ઞાન **'આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ. આ સમ્યગ્દર્શન થયું,...'** એમ જાણે. છે ? જ્ઞાન જાણે. સમ્યગ્દર્શન (ન જાણે). આ સમ્યગ્દર્શન થયું એમ જ્ઞાન જાણે. **'આ મુનિદશા થઈ,...'** અંતરમાં આનંદની ધારા વહી. આહા..હા..! જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતાનો અનુભવ કરતાં કરતાં... આ..હા..! ભગવાન થઈ ગયો. મુનિદશા થઈ ગઈ. આહા..હા..! અંતરમાં જ્ઞાતાદૃષ્ટાના ધ્રુવ પ્રવાહમાં રમતાં રમતાં... આ..હા..હા..! મુનિદશા થઈ એમ જ્ઞાન જાણે. સમ્યગ્દર્શનનો વિષય, મુનિદશા અને સમકિતની પર્યાય, સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શનની પર્યાય નથી. અરે..! આવી વાતું. સમજાણું કાંઈ ? સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શનની પર્યાય નથી. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય અભેદ ચિદાનંદ પ્રભુ ! આહા..હા..! જે શરીર, લક્ષ્મીથી તો ભિન્ન, રાગથી ભિન્ન, પર્યાયથી ભિન્ન, ગુણભેદથી ભિન્ન. આહા..હા..! અહીં સુધી જાવું એને. વસ્તુની સ્થિતિ જ એવી છે. આહા..હા..! આવી દૃષ્ટિ થતાં જે દૃષ્ટિ ઉત્પન્ન થઈ એને સમ્યગ્દર્શન ન જાણે, પણ સાથે જ્ઞાન થયું એ જાણે. અરે..અરે..! આવી વાત છે. સમજાણું કાંઈ ?

**'આ મુનિદશા થઈ, આ કેવળજ્ઞાન થયું...'** એ જ્ઞાન જાણે. **'એમ બધી મહિમાવંત...'** એમ બધી મહિમાવંત પર્યાયો, સમ્યગ્દર્શન, મુનિદશા, કેવળજ્ઞાન **'એમ બધી મહિમાવંત પર્યાયોને તેમ જ અન્ય સર્વ પર્યાયોને જ્ઞાન જાણે છે.'** આહા..હા..! અનંત ગુણની અનંતી પર્યાય એક સમયે (છે) એ બધાને જ્ઞાન જાણે છે. આવી વાત છે. **'આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ (સામાન્ય સિવાય) કોઇ પ્રકારમાં રોકાતી નથી.'** આવી પર્યાયમાં દૃષ્ટિ નથી રોકાતી. આહા..હા..! જ્ઞાનમાં બધું જણાય છે છતાં દૃષ્ટિ તો સામાન્ય ઉપર જ પડી છે, બસ. આહા..હા..! આ સામાન્ય શું ને વિશેષ શું ? ક્યાંય

એના ચોપડામાં આવ્યું ન હોય, વાડામાં ક્યાંય ન મળે. સામાન્ય નામ એકરૂપ રહેનારી ચીજ અંદર ત્રિકાળ, તેને અહીં સામાન્ય અને દૃષ્ટિનો વિષય કહે છે. ભાષા તો સાદી છે. આહા..હા..! અરે..રે..! એણે કદી દરકાર કરી નહિ. એની પોતાની દયા ન આવી. આ માણસ નથી કહેતા કે છ'કાયની દયા પાળો, પણ છ'કાયમાં તું એક છો કે નહિ ? આહા..હા..! તારી દયા તું પાળ તો ખરો પહેલા.

**શ્રોતા :–** બીજાની તો પળાય જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બીજાની તો ક્યાં વાત. રાગ ન હોય એટલે પછી પરની સહેજે દયા પળાય જાય. આ 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં આવી ગયું ને? સવારમાં આપણે આવ્યું હતું. 'જીવ રખમ' જીવ રક્ષા કરી શકતો નથી, પણ સહેજે રાગનો અભાવ અને સ્વભાવ સન્મુખની દશા (થાય), ત્યાં પરની દયા સહેજે પળી(પળાય) જાય છે. એને પાળવી પડતી નથી. આહા..હા..! આવી વાતું. શું કરે ?

**'આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ (સામાન્ય સિવાય) કોઈ પ્રકારમાં રોકાતી નથી.'** આહા..હા..! દૃષ્ટિમાં તો ત્રિકાળી જ્ઞાયકભાવ જે પડ્યો છે એ કાયમ રહે છે, પછી સાથે જ્ઞાન થયું એ બધાને જાણે. સમજાણું કાંઈ ? **'સાધક આત્માને ભૂમિકા પ્રમાણે...'** ચોથી, પાંચમી, છઠ્ઠી ભૂમિકા અનુસાર **'દેવ-ગુરુના મહિમાના...'** વિકલ્પ આવે છે. દેવ-ગુરુની મહિમાનો વિકલ્પ આવે છે. ઓલા ભાઈ ગયા લાગે છે ? તારણપંથી હતા એ. એણે જરી પ્રશ્ન કર્યો હતો. ઓલું આવ્યું હતું ને ? ભાઈ ! સમ્યગ્દૃષ્ટિને જ વ્યવહાર પૂજા, પ્રતિમાની ભક્તિનો વિકલ્પ હોય છે.

સમ્યગ્દર્શન થયું... અમારે સંપ્રદાયમાં એક પ્રશ્ન થયો હતો. એક સ્થાનકવાસીના શેઠ હતા. એ કહે કે ભાઈ ! મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધી પ્રતિમાની પૂજા છે, પણ સમ્યગ્દર્શન થયું પછી ભગવાનની પ્રતિમાની પૂજા નથી. તો મેં એને કહ્યું, એને નહિ પણ બીજાને કહ્યું. એ તો અભિમાની હતા. જુઓ ભાઈ ! સમ્યગ્દર્શન થયું, ત્રિકાળી જ્ઞાયકના ભાન સાથે જ્ઞાન થયું. આ આવ્યું ને જ્ઞાન, ભાવશ્રુત. ભાવશ્રુતજ્ઞાન થયું, એના બે ભેદ. એક નિશ્ચય અને વ્યવહાર. શ્રુતજ્ઞાનના બે નય : નિશ્ચય અને વ્યવહાર. તો જેને વ્યવહારનય છે... સમ્યગ્દર્શન પ્રગટ્યું એને નિશ્ચય અને વ્યવહારનય છે અને એ વ્યવહારનયવાળાને પ્રતિમાજી સામે જ્ઞેયનું નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, ભેદ એ નિક્ષેપ છે એ જ્ઞાનનો વિષય છે. એ વ્યવહારનયનો વિષય છે. તો એને જ પ્રતિમા યથાર્થ છે. છે વ્યવહાર પણ એને રાગ આવે છે તો આવો જ આવે છે.

એકદમ આત્માનું ધ્યાન કરીને નિર્વિકલ્પ થઈને અંતર્મૂહુર્તમાં કેવળજ્ઞાન પામે એને તો કોઈ વ્યવહાર નથી. એ વ્યવહાર છે પણ અંદર આત્માનું ધ્યાન અને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, હજી કેવળજ્ઞાન થયું નથી, લાખો વર્ષ રહેવાના છે, તો એને ત્રણ લોકના નાથની પ્રતિમા 'જિન પ્રતિમા જિન સારખી'નો શુભભાવ આવ્યા વગર રહેશે નહિ. વ્યવહાર છે અને વ્યવહારનો વિષય એ છે. વિશેષ કહેશે.... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

## પાઠકોની નોંધ માટે